*બિસ્મેહી સુબ્હાનહુ તઆલા*

# તેહઝીબે
# આલે મોહંમદ ﷺ

**–: લેખક :–**

**આઅલમુલ ઓલમાએ વલ મુજતહેદીન,**
**રઈસુલ મુતકલ્લેમીન વલ મુહદ્દેસીન**
**અલ્લામા મજલીસી (ર.અ.)**

**-: ગુજરાતી તરજૂમો :-**

**(૧) મૌલાના રીઝવાનઅલી પલસાણીયા**
**(૨) મરહુમ અનવરઅલી સુણસરા**
**(૩) મોહસીનઅલી (મેતા)**

**-: સંપાદક :-**

**મોહસીનઅલી (મેતા)**

**પ્રથમ આવૃત્તિઃ ૧૫ માહે રમઝાન ૧૪૪૧ મે-૨૦૨૦**

**–: પ્રકાશક :–**

**Zainabiyah Islamic Library**
**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 9898369089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# સંપાદકની કલમે

અલ્લાહના નામથી જે મહાન દયાળું અને કૃપાળું છે.

તમામ તારીફ એ અલ્લાહ સુબ્હાનહુ તઆલા માટે જેણે આ દુનિયાનું સર્જન કર્યું. તથા એક લાખ પયગમ્બરોને માર્ગદર્શન માટે મોકલ્યા. તેમાં આખરી રસુલ હઝરત મોહંમદ મુસ્તુફા સ.ને આ દુનિયામાં સમસ્ત માનવજાત માટે અખ્લાકના નમુના બનાવીને મોકલ્યા. અલ્લાહના આ આખરી રસુલ સ. એવી ૧૨ (બાર) માસુમ હસ્તીઓ (આલે મોહંમદ સ.)ને મુકતા ગયા જેમનું જીવન કયામત સુધીના લોકો માટે નમુનારૂપ બન્યું. આ પુસ્તકમાં માસુમીન અ. (મોહંમદ સ. અને આલે મોહંમદ સ.)ના કથનો, માર્ગદર્શન તથા જીવન પ્રસંગોનું વર્ણન છે. જે સમગ્ર માનવ સમુદાય માટે પ્રેરણારૂપ છે.

**અલ્લામા મોહંમદ બાકિર મજલીસી (અ.ર.)**ની કિતાબ **હિલ્યતુન મુત્તકીન** ૧૪(ચૌદ) વિભાગોમાં ઈસ્લામની તેહઝીબનું માર્ગદર્શન આપતી અમૂલ્ય અરબી કિતાબ છે. જેનો ઉર્દૂ અનુંવાદ **તેઝીબુલ ઈસ્લામ**ના નામથી પ્રકાશિત થએલ. **ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા** દ્વારા **ઈસ્લામી સંસ્કાર** સીરીઝના નામથી **૧૯૯૪**માં આ કિતાબનો એક ભાગ **શિષ્ટાચાર**ના નામથી પ્રકાશિત કરેલ. જે મરહુમ અનવરઅલી જી. સુણસરા તથા મૌલાના રીઝવાનઅલી પલસાણીયા (મેતા)એ અનુંવાદ કરેલ. ત્યાર બાદ અન્ય આઠ ભાગનો અનુંવાદ **સદાચાર, ભાઈચારો, સફાઈ અને ઘર**ના નામથી પ્રકાશિત કરવામાં આવેલ. તે જનાબ અનવરઅલીભાઈના ઈંતેકાલ બાદ મૌલાના રીઝવાનઅલી સાહેબે કરેલ. બાકીના પાંચ ભાગ ખુદાની કોઈ મસ્લેહતથી પ્રકાશિત થઈ શકેલ નહિ. આ દરમિયાન તેહઝીબુલ ઈસ્લામની ભરોસા પાત્ર હદીસોનું ઉર્દૂ સંકલન તેહઝીબે આલે મોહંમદ સ. મારી નજરે પડી. ત્યારથી આ કિતાબ ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો. ઈસ્લામી સંસ્કાર સીરીઝમાં જે ભાગ પ્રકાશિત થએલ તેનો અનુંવાદ તેહઝીબે આલે મોહંમદ સ.માં ઉપયોગમાં લીધો.



https://downloadshiabooks.com/

અલ્લાહનો લાખ લાખ શુક્ર કે આ કિતાબના સંકલન-અનુંવાદ અને કંપોઝીંગ માટે તક આપી. સૌ પ્રથમ નોકરીમાંથી નિવૃત થવાના લીધે કામ કરવાની મોકળાશ મળી. કામ ચાલું હતું તે દરમિયાન કોરોના કોવીડ-૧૯ના લોક ડાઉનના કારણે ઘર બહારની બધી જ પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ. જેથી આ કામને વેગ મળ્યો. વધારામાં માહે રમઝાન મુબારકની શરૂંઆત થઈ. જેના લીધે રૂહાની તાકાતમાં ઔર વધારો થયો. માહે મુબારકમાં સવારની આહ્લાદક પળોનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો. આમ અલ્લાહ સુબ્હાનહુ તઆલાએ આ કિતાબ પૂરી કરવા માટે આ બધા સંજોગો ઊભા કર્યા.

જગતભરમાં ઈસ્લામી વિચારસરણી ફેલાઈ રહી છે. ઈસ્લામના ઊચ્ચ આદર્શો તરફ આકર્ષાઈને પશ્ચિમની સંસ્કૃતિ ઈસ્લામ ધર્મને બહોળી સંખ્યામાં અપનાવી રહી છે. કારણ માત્ર એ જ છે કે ઈસ્લામ ધર્મ એ અલ્લાહે પસંદ કરેલો, સમગ્ર વિશ્વના લોકો માટેનો, વિશ્વ શાંતિનો મહાન ધર્મ છે. જેને હઝરત મોહંમદ પયગમ્બર સ.ના અખ્લાક થકી સંપૂર્ણ કરવામાં આવેલ છે.

જન્મથી મરણ સુધી કરવાના દરેક કાર્યોની છણાવટ ઈસ્લામ ધર્મમાં જોવા મળે છે. એટલું જ નહિ સદીઓ પહેલાં ઈસ્લામમાં એવી ઘણી બાબતો રજૂ થએલી છે જે આજ દિન સુધી સંશોધન થયા વિનાની છે. ઈસ્લામના માર્ગ ચિંધકો પયગમ્બરો અને ઈમામોએ ઊચ્ચારેલી વાણીનું સંશોધન કરવા માટે વર્તમાન વૈજ્ઞાનિકો આગળ આવે અને ઈસ્લામના જ્ઞાન સાગરને ઉલેચે. તેમાંથી પ્રાપ્ત થતા કિંમતી ઝવેરાતો જગતના ચરણોમાં ભેટ ધરે.

તેહઝીબે આલે મોહંમદ સ. એ ચૌદ વિભાગમાં છે. જેમાં અખ્લાકના ચૌદ અલગ અલગ વિષયોની ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-૧, પોશાકઃ આ વિભાગમાં ઈસ્લામમાં પુરૂષો અને સ્ત્રીઓના જાએઝ-નાજાએઝ પોશાક, પોશાક પહેરવાના આદાબ તથા પગરખા-મોજા પહેરવાના આદાબ વિષે ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-૨, શારીરિક શૃંગારઃ આ વિભાગમાં કુદરતી કિંમતી પથ્થરોની ફઝીલત, તેના ફાયદા, સોના-ચાંદીના ઘરેણા, સુરમો લગાવવા,



https://downloadshiabooks.com/

અરીસો જોવા, અને કેશ કલપ(ખિઝાબ) કરવાના આદાબનું વર્ણન કરવામાં આવ્યું છે.

વિભાગ-૩, જમવાના આદાબઃ આ વિભાગમાં જમવાનો સમય, જમતી વખતના-બાદના આદાબ, જમવા સમયની દુઆઓ, શાકભાજી અને ફળફળાદીના ફાયદા, મહેમાનગતિ અને પાણી પીવાના આદાબની ચર્ચા છે.

વિભાગ-૪, લગ્ન જીવનઃ આ વિભાગમાં શાદીની ફઝીલત, આદાબ, પતિ-પત્નીના હકો, મા-બાપના હકો, સંતાન પ્રાપ્તિ માટેની દુઆઓ, ઓલાદની તરબિયત, તથા સમાગમના આદાબની ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-૫, શારીરિક સ્વચ્છતાઃ આ વિભાગમાં દાતણ કરવાની ફઝીલત, માથાના વાળ તથા દાઢી-મૂંછ રાખવા વિષે, નખ અને વાળ કાપવા વિષયની માહિતિ આપવામાં આવી છે.

વિભાગ-૬, ખુશ્બુઃ જીવનમાં ખુશ્બુનું મહત્ત્વ, ખુશ્બુની વસ્તુઓનો ઉપયોગ, ધૂપની ફઝીલત, શરીર પર તેલની માલીશના આદાબનું વર્ણન છે.

વિભાગ-૭, ગુસ્લ(સ્નાન)ઃ આ વિભાગમાં ગુસ્લ કરવાના તથા હમામના આદાબ, વાજીબ તથા સુન્નત ગુસ્લોનું બયાન છે.

વિભાગ-૮, આ વિભાગમાં સૂવાના આદાબ, સૂતી વખતની દુઆઓ, રાતની ઈબાદત, તથા સ્વપ્નની તાબીર ઉપરાંત કુદરતી હાજતના આદાબનું વર્ણન કરવમાં આવ્યું છે.

વિભાગ-૯, આરોગ્યઃ આ વિભાગમાં બીમારીમાં સબ્ર, બીમારીઓના ઈલાજ તથા ઈલાજના પ્રકારો, દુઆઓ, દવાઓ, ખાકેશીફાની ફઝીલત, તથા જાદુ-ટોણાથી બચવાની દુઆઓ વિષે ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-૧૦, ભાઈચારોઃ આ વિભાગમાં કુટુંબીજનો, સગાવહાલા, પાડોશી, મિત્રો, મોમીનો, નોકરો, નિરાધારો, યતિમો સાથે ભાઈચારો રાખવા તેમની મદદ કરવા, મુલાકાત કરવાનું વર્ણન છે. ઉપરાંત ઝૂલ્મ



https://downloadshiabooks.com/

કરનારાઓ, કાફિરો તથા વિરોધીઓ સાથે કઈ જાતનું વર્તન કરવું તેનું વર્ણન છે.

વિભાગ-૧૧, શિષ્ટાચારઃ આ વિભાગમાં લોકો સાથેની મુલાકાત, વાતચીત વખતે શિષ્ટાચાર રાખવા વિષે, ઉપરાંત મજલીસ-મહેફિલોમાં ઉઠવા-બેસવાના આદાબ, વિદ્વાનો-અનુંભવી લોકો સાથે મશ્વેરો કરવા, પત્ર લખવાના આદાબની ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-૧૨, ઘરઃ ઘરની બાંધણી, રંગ-રોગાન, ઘરમાં રોશની, ઈબાદત કરવી, ઘર આંગણે પશું-પક્ષીઓ પાળવાની ફઝીલત, તથા ઘરેથી બહાર નીકળતી વખતના આદાબની ચર્ચા છે.

વિભાગ-૧૩, સવારીના જાનવર તથા હલાલ રોજીઃ આ વિભાગમાં સવારીના જાનવરોના હક્કો, સવારીના આદાબ, તથા પશુ પાલન, ખેતીવાડી અને વેપાર દ્વારા હલાલ રોજી મેળવવાની ફઝીલતનું વર્ણન છે.

વિભાગ-૧૪, સફરઃ આ વિભાગમાં સફર માટે ગુસ્લ, નમાઝ, દુઆઓ, નેક-બદ દિવસો, સદકાની ફઝીલત, સફરના સાથી અને સફરનું ભાતું વગેરે પર ચર્ચા કરવામાં આવી છે.

અંતે અલ્લાહ સુબ્હાનહુ તઆલાને એ જ દુઆ કે અઈમ્મએ માસુમીન અ.મે ચીંધેલા માર્ગે ચાલવાની તથા અમલ કરવાની અમને તથા સૌને તૌફિક આપે.

ઈલાહી આમીન. સંપાદક

# ઈલ્તેમાસે દુઆ



https://downloadshiabooks.com/

# ઉર્દૂ પ્રકાશકના બે બોલ

કિતાબ **તેહઝીબે આલે મોહંમદ સ.** એક ઈલ્મી અમૂલ્ય ભેટ અમો અમારા વાંચકોને એ ઉમ્મીદ સાથે આપીએ છીએ કે તેઓ અમારી આ ઈલ્મી નજરાણાનો ભરપૂર ફાયદો ઉઠાવશે. આ કિતાબ **અલ્લામા મોહંમદ બાકિર મજલીસી (અ.ર.)**ની મશહુર કિતાબોમાંની એક કિતાબ છે. અલ્લામા મજલીસી (અ.ર.) એ ખ્યાતનામ આલીમ છે જેમની લખેલી અને સંપાદન કરેલી કિતાબો થકી ઈસ્લામી તાઅલીમાતનો ફેલાવો કરવામાં ખૂબ જ મદદ મળી છે. આપ ઈલ્મી અને મઝહબી કિતાબોના લેખક અને સંપાદક હતા. કેટલાક ઓલમા તો અલ્લામા મજલીસી (અ.ર.)ની ઈસ્લામી ખિદમતોને મોઅજીઝો કહીને તેમને જબરદસ્ત સરાહના કરી છે. આ કિતાબનું અસલ નામ **હિલ્યતુલ મુત્તકીન** હતું. સૌ પ્રથમ અલ્લામા મકબુલ અહમદ દેહલવી (અ.ર.) એ ઉર્દૂ અનુવાદ કર્યો. તેનું નામ આપ્યું **તેહઝીબુલ ઈસ્લામ.** માશાઅલ્લાહ આ કિતાબને પણ ખૂબ જ પ્રસિધ્ધિ મળી. અમારી દ્રષ્ટિએ લેખક અને અનુવાદકની નેક નિયત અને ખુલુસતાના કારણે આ કિતાબ ખૂબ જ મશહુર બની. જો કે આ લખાણ અને તરજુમાને ઘણો સમય પસાર થયો છે. તેમાં કેટલીક કમજોર રિવાયતો પણ હતી. જેના લીધે મઝહબે હક્ક પર ટીકા ટિપ્પણીની ગુંજાઈશ બાકી હતી. બીજુ એ કે તરજુમાની ઢબ પણ પૂરાણી હતી. અમોએ જ્યારે તેનો અભ્યાસ કર્યો તો કેટલીક એવી રિવાયતો અમારી નજરમાં આવી જેને દૂર કરવી જરૂરી હતી.



https://downloadshiabooks.com/

એ એટલું જ સાચું છે કે, અલ્લામા મીજલીસી (અ.ર.) એ જમાનામાં રિવાયતોના સંગ્રહ અને સંપાદન કર્યું હતું કે કાગળ અને કલમની ઉપ્લબ્ધી ઘણી જ મુશ્કેલ હતી. અમો તેમના આ મહાન એહસાન બદલ તેમનો ખૂબ જ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અમો કેટલાક નિખાલસ સાથીઓને આ અતિ મહત્ત્વની બાબત પર ચર્ચા કરી. તો તેઓ અમારા આ કામની સરાહના કરી. તેમણે અમારી પાસે એ ઉમ્મીદ પણ રાખી કે આ કિતાબમાં મતલબ વિનાની અને કમજોર તથા બિનજરૂરી રિવાયતોને દૂર કરવામાં આવે. જેથી અમો આ બાબતે ફાઝીલ, જલીલુલ કદ્ર અલ્લામા આબીદ અસ્કરી સાહેબને વિનંતી કરી કે તેઓ આ કિતાબનો નવેસરથી અનુંવાદ કરે તથા સાફ અને સ્પષ્ટ મતલબવાળા લખાણને તૈયાર કરે. અલ્લાહનો લાખ લાખ શુક્ર છે કે અલ્લામા અસ્કરી સાહેબે તદ્દન સરળ અને સાદો તરજુમો પેશ કર્યો.

આ કિતાબનું નામ **તેહઝીબે આલે મોહંમદ સ.** સુચન કરવામાં આવ્યું. કારણ કે મોટા ભાગની હદીસો અને રિવાયતો અઈમ્મએ માસુમીન અ.થી નકલ થએલી છે. એમાં કોઈ શક નથી કે ઈસ્લામી અને કુરઆની તેહઝીબને જીંદા રાખનાર અને કયામત સુધી લોકો સુધી પહોંચાડનાર અહલેબૈતે અત્હાર અ. છે.

આ કિતાબ ચૌદ વિભાગમાં વહેંચાએલી છે. જાણે આ કિતાબ ચૌદ માસુમીન અ.ની પાકો-પાકીઝા સીરત અને તાઅલીમાતનો તરજૂમો અને નમૂનો છે. અમને ઉમ્મીદ છે કે અમારી આ કોશીશ સૌથી પહેલાં તો હઝરતે ઈમામે ઝમાન



https://downloadshiabooks.com/

અ.ના બારગાહે ઈમામતમાં કબૂલિયત પામશે. સાથે સાથે મોઅમીનો પણ તેને પસંદ કરશે.

**તેહઝીબે આલે મોહંમદ સ.** એક જ્ઞાન સભર કિતાબ છે. સાથે સાથે જીવન ઘડતર માટેની અમૂલ્ય ભેટ પણ છે. તેને વાંચી આપણે દુનિયા અને આખેરતમાં ભરપૂર ફાયદો મેળવી શકીએ છીએ. દુઆ છે કે ખુદાવંદે કરીમ અમારી આ દીની તથા ઈલ્મી કોશીશોને કબૂલ ફરમાવે. આમીન.

દુઆગીર, રીયાઝહુસૈન જાફરી.(લાહોર)

# અર્પણ

**★ જેમના થકી ઈસ્લામની તેહઝીબ મળી એ અંબિયાઓ અને માસુમીન અ.ને,**

**★ જેઓએ અમલ કરી ઈસ્લામની તેહઝીબને જીવંત રાખી એ દીનના રહેબરોને,**

**★ જેઓ મીમ્બરો-મેહરાબ પરથી ઈસ્લામી તેહઝીબનું સતત માર્ગદર્શન આપતા રહ્યા એ ઓલમાઓને,**

**★ જેઓ અલ્લાહની ખુશી ખાતર ઈસ્લામની તેહઝીબ પર અમલ કરે છે એ તમામ મોઅમીન મોઅમેનાતને.**



https://downloadshiabooks.com/

# અનુક્રમણિકા
## તેહઝીબે આલે મોહંમદ સ.


**વિભાગ-૧ પોશાક  પાનું- ૧૩**

૧. પોશાકના આદબ તથા ઉમદા પોશાક પહેરવાની ફઝીલત
૨. હરામ પોશાક પહેરવાની મનાઈ વિષે
૩. સુતરાઉ કપડા પહેરવા વિષે
૪. રંગીન કપડા પહેરવા બાબત
૫. કપડા પહેરવાના આદાબ
૬. સ્ત્રીઓ અને કાફિરોનો પોશાક પહેરવાની
૭. અમામો(પાઘડી) બાંધવાના આદાબ
૮. સલવાર(પાયજામો) પહેરવાના આદાબ
૯. નવા કપડા પહેરવાના આદાબ
૧૦. રોજીંદા કપડા પહેરવાના આદાબ
૧૧. જોડા(પગરખા) અને મોજાના રંગ વિષે
૧૨. પગરખા અને મોજા પહેરવાના આદાબ

**વિભાગ-૨ શારીરિક શૃંગાર  પાનું- ૪૨**

૧૩. વીંટી (અંગુઠી) પહેરવાના આદાબ
૧૪. વીંટી કઈ વસ્તુંની હોવી જોઈએ?
૧૫. અકીકની ફઝીલત
૧૬. યાકુત, ઝબરજદ (પોખરાજ) અને ઝોમોરદની ફઝીલત
૧૭. ફિરોઝાની ફઝીલત
૧૮. દુર્રે નજફ, બિલ્લોર હદીદે ચીની વગેરેની ફઝીલત




https://downloadshiabooks.com/

૧૯. નગીના પર લખાણ
૨૦. સોના-ચાંદીના ઘરેણા પહેરવાના આદાબ
૨૧. સુરમો લગાવવાના આદાબ
૨૨. અરીસો જોવાના આદાબ
૨૩. સ્ત્રી-પુરૂષોને કેશ કલપ (ખિઝાબ) કરવાની ફઝીલત
૨૪. કેશ કલપ(ખિઝાબ) કરવાના આદાબ

**વિભાગ-૩: જમવાના આદાબ પાનું- ૭૭**
૨૫. સોના-ચાંદીના વાસણોના ઉપયોગ વિષે
૨૬. ભોજનનું પ્રમાણ અને સ્વાદિષ્ટ ભોજન આરોગવા વિષે
૨૭. જમવાનો સમય
૨૮. જમવાના આદાબ
૨૯. જમવાના સમયની દુઆઓ
૩૦. જમ્યા પછીના આદાબ
૩૧. ખાવા-પીવાની ચીજ વસ્તુઓની ફઝીલત
૩૨. શાકભાજી તથા ફળફળાદીની ફઝીલત
૩૩. મહેમાનનવાઝી (પરોણાગત)ની ફઝીલત
૩૪. ખિલાલ(દાંત સાફ)કરવાની ફઝીલત
૩૫. પાણીની ફઝીલત અને તેના પ્રકાર
૩૬. પાણી પીવાના આદાબ

**વિભાગ-૪: લગ્ન જીવન પાનું- ૧૪૫**
૩૭. શાદી કરવાની ફઝીલત અને તેના આદાબ
૩૮. સ્ત્રીઓના પ્રકાર
૩૯. નિકાહના આદાબ



https://downloadshiabooks.com/

૪૦. પતિ-પત્નીના હક્કો
૪૧. સંતાન પ્રાપ્તિની દુઆઓ અને ફઝીલત
૪૨. સગર્ભા દરમિયાન રાખવાની કાળજી
૪૩. અકીકા અને માથાનું મૂંડન કરવાના આદાબ
૪૪. ખત્ના અને કાન વીંધવાના આદાબ
૪૫. બાળકને દૂધ પીવડાવવાના અને પાલનપોષણના આદાબ
૪૬. ઓલાદ પર મા-બાપના હક્ક
૪૭. સમાગમના આદાબ
૪૮. શાદીની પહેલી રાત

**વિભાગ-૫: શારીરિક સ્વચ્છતા પાનું- ૨૦૬**
૪૯. દાતણ કરવાની ફઝીલત
૫૦. માથા અને નાકના વાળ કપાવવાની તથા મૂંછો કતરાવવાની ફઝીલત અને આદાબ
૫૧. માથાના વાળ રાખવાના આદાબ
૫૨. દાઢી વધારવાની ફઝીલત
૫૩. સફેદ વાળની ફઝીલત
૫૪. નખ કાપવાની ફઝીલત અને આદાબ
૫૫. વાળ ઓળવાની ફઝીલત અને આદાબ

**વિભાગ-૬: ખુશ્બુ પાનું- ૨૨૪**
૫૬. ધરતી પર ખુશ્બુની ઉત્પત્તિ
૫૭. ખુશ્બુની ફઝીલત અને આદાબ
૫૮. કસ્તૂરી, અંબર અને કેસરની ફઝીલત



https://downloadshiabooks.com/

૫૯. શરીર પર તેલની માલીશ કરવાની ફઝીલત અને ફાયદા
૬૦. ધૂપની ફઝીલત અને ફાયદા
૬૧. ફૂલોની ફઝીલત અને આદાબ

**વિભાગ-૭: ગુસ્લ(સ્નાન) પાનું- ૨૪૦**
૬૨. સ્નાનની ફઝીલત અને આદાબ
૬૩. સ્નાનગૃહમાં જવાના આદાબ
૬૪. સુન્નત તથા વાજીબ ગુસ્લ

**વિભાગ-૮: શયન પાનું- ૨૫૧**
૬૫. સૂવાના આદાબ
૬૬. સૂવાની જગ્યા અને સૂતાં પહેલાના આદાબ
૬૭. સૂતી વખતે પઢવાની દુઆઓ.
૬૮. ઊંઘમાં ડર લાગો અને સ્વપ્નો જોવા.
૬૯. રાતના છેલ્લા પહોરમાં જાગવા વિષે.
૭૦. સૂવાની હાલતમાં દુઆઓ.
૭૧. સ્વપ્નની તાબીર (સ્વપ્ન ફળ)
૭૨. ઊંઘવા જાગવાના આદાબ
૭૩. કુદરતી હાજત (શૌચ)

**વિભાગ-૯: આરોગ્ય પાનું- ૨૮૫**
૭૪. બીમારીમાં સબ્ર કરવાનો સવાબ
૭૫. નશ્તર લગાવવાના આદાબ
૭૬. ઈલાજના પ્રકાર



https://downloadshiabooks.com/

૭૭. તાવના પ્રકાર અને તેના ઈલાજ
૭૮.દુઆઓ અને ફાયદાકારક દવાઓ
૭૯. માથાનો દુ:ખાવો, શરદી, વગેરેનો ઈલાજ
૮૦. આંખ અને ગળાની બીમારીનો ઈલાજ
૮૧. હાથ-પગ ફાટવા તથા ગડ-ગુમડનો ઈલાજ
૮૨. પેટની બીમારીઓ, ખાંસીનો ઈલાજ
૮૩. લકવો, મસા અને પેશાબની બીમારીનો ઈલાજ
૮૪. જાદુ-ટોણા, બલાઓથી બચવાની દુઆઓ
૮૫. ખાકેશીફાના ફાયદા

**વિભાગ-૧૦: ભાઈચારો  પાનું- ૩૩૬**
૮૬. સગાવહાલા અને નોકરો સાથે વર્તન
૮૭. પાડોશી, કુટુંબીજનો અને યતિમોના હકકો
૮૮. મિત્રો અને મોમીન બંધુઓના હકકો
૮૯. મોમીનોના પરસ્પર હકકો
૯૦. મોમીનોને મદદ કરવી
૯૧. બીમાર મોમીનોની મુલાકાત
૯૨. લાચાર મોમીનોની મદદ
૯૩. નિરાધાર લોકો સાથે વર્તન
૯૪. મોમીનોના હકકોનું ધ્યાન રાખવું
૯૫. ઝૂલ્મ કરનારાઓ સાથે વર્તન
૯૬. કાફિર અને વિરોધીઓ સાથે વર્તન
૯૭. જીવતાઓ પર મુર્દાઓના હકકો

**વિભાગ-૧૧: શિષ્ટાચાર  પાનું- ૪૦૪**



https://downloadshiabooks.com/

૦૯૮. સલામનો મહિમા
૦૯૯. મુસાફેહા અને બગલગીરના આદાબ
૧૦૦. મજલીસ-મહેફિલમાં બેસવાના આદાબ
૧૦૧. મહેમાન ગતિ
૧૦૨. સોબત તેવી અસર
૧૦૩. છીંક આવે ત્યારે
૧૦૪. હસી-મજાકની મર્યાદા
૧૦૫. પડોશી અને સાથીદારો સાથે વર્તન
૧૦૬. મજલીસ-મહેફિલમાં અલ્લાહની યાદ
૧૦૭. ચૌદ માસુમીન અ.ની ફઝીલતનો ઝીક્ર
૧૦૮. મોમીનો સાથે મશ્વેરો કરવો
૧૦૯. પત્ર લખવાના આદાબ.

**વિભાગ-૧૨: ઘર પાનું- ૪૪૪**

૧૧૦. મોકળાશવાળું ઘર,
૧૧૧. ઊંચી ઈમારતો નિંદાને પાત્ર,
૧૧૨. ઘરમાં ચિતરામણ અને નકશીકામની મનાઈ,
૧૧૩. ઘરમાં ગાલીચા પાથરવાના આદાબ,
૧૧૪. ઘરમાં ઈબાદત કરવાનો સવાબ,
૧૧૫. ઘર આંગણે જાનવરો પાળવા,
૧૧૬. ઘર આંગણે પશુંઓ પાળવા,
૧૧૭. જાનવરો સાથે વર્તન,
૧૧૮. કૂતરાને ઘરમાં રાખવાની મનાઈ,
૧૧૯. ઘરમાં રોશની કરવા વિષે,
૧૨૦. ઘરને લગતા કેટલાક અખ્લાક,



https://downloadshiabooks.com/

૧૨૧. ઘરેથી બહાર નીકળતી વખતના આદાબ.

**વિભાગ-૧૩: હલાલ રોજી  પાનું- ૪૭૭**

૧૨૨. સવારીના જાનવરની વિશિષ્ઠતાઓ
૧૨૩. ચોપગા જાનવરોના હક્કો
૧૨૪. ઝીન અને લગામના આદાબ
૧૨૫. સવારીના આદાબ અને દુઆઓ
૧૨૬. પગપાળા ચાલવાના આદાબ
૧૨૭. સૌથી સારો ધંધો પશું પાલન
૧૨૮. પશુંપાલનના આદાબ
૧૨૯. જાનવરોની ઈબાદત
૧૩૦. વેપાર અને હલાલ રોઝીની ફઝીલત
૧૩૧. વેપાર કરવાના આદાબ
૧૩૨. ખેતી કરવાની ફઝીલત
૧૩૩. ખેતી કરવાના આદાબ

**વિભાગ-૧૪: સફર  પાનું- ૫૧૬**

૧૩૪. સફર માટે નેક-બદ દિવસો
૧૩૫. સફર માટે સદકા અને ખેરાત
૧૩૬. સફર સમયે ગુસ્લ, નમાઝ અને દુઆઓ
૧૩૭. સફરની રવાનગીના આદાબ
૧૩૮. સફરનું ભાથું
૧૩૯. સફરના સાથી
૧૪૦. સફરના અન્ય આદાબ
૧૪૧. પગપાળા સફરના આદાબ



https://downloadshiabooks.com/

૧૪૨. સફરમાં પઢવાની દુઆઓ
૧૪૩. સમુદ્રમાં સફર કરવાના આદાબ
૧૪૪. સફરથી પરત ફરનાર સાથે વર્તન
૧૪૫. કેટલીક જરૂરી નસીહતો

## ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા

### ઉપલબ્ધ કિતાબો

(૧) દાતણ કરવાના આદાબ (સચિત્ર)
(૨) જમવાના આદાબ (સચિત્ર)
(૩) વઝુ-નમાઝ અને તયમ્મુમ-ગુસ્લના આદાબ (સચિત્ર)
(૪) ગુસ્લ-કફન-દફનના આદાબ (સચિત્ર)
(૫) તહારતુન્નિસા (સચિત્ર)
(૬) ભાઈચારો (ઈસ્લામી સંસ્કાર)
(૭) સફાઈ (ઈસ્લામી સંસ્કાર)
(૮) ઘર (ઈસ્લામી સંસ્કાર)
(૯) તારીખુશ્ શીઆ (ઈતિહાસ)
(૧૦) મજાલિસે શમીમ (મજલીસે હુસૈન અ.)
(૧૧) નમાઝે શબ (ફઝીલત અને ફાયદા)
(૧૨) તેહઝીબે આલે મોહંમદ (સ.)
(૧૩) ચૌદ માસૂમીન અ.નું જીવન ઝરમર (ચાર્ટ)


**—: પ્રકાશક :—**

# Zainabiyah Islamic Library

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**




https://downloadshiabooks.com/

# વિભાગ-૧ પોશાક

૧. પોશાકના આદબ તથા ઉમદા પોશાક પહેરવાની ફઝીલત
૨. હરામ પોશાક પહેરવાની મનાઈ વિષે
૩. સુતરાઉ કપડા પહેરવા વિષે
૪. રંગીન કપડા પહેરવા બાબત
૫. કપડા પહેરવાના આદાબ
૬. સ્ત્રીઓ અને કાફિરોનો પોશાક પહેરવાની
૭. અમામો(પાઘડી) બાંધવાના આદાબ
૮. સલવાર(પાયજામો) પહેરવાના આદાબ
૯. નવા કપડા પહેરવાના આદાબ
૧૦. રોજીંદા કપડા પહેરવાના આદાબ
૧૧. જોડા(પગરખા) અને મોજાના રંગ વિષે
૧૨. પગરખા અને મોજા પહેરવાના આદાબ

*—: પ્રકાશક :—*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧ પોશાક

## પ્રકરણ ૧.
## પોશાકના આદાબ તથા ઉમદા પોશાક પહેરવાની ફઝીલત

પોતાની માલી હાલત મુજબ સારો, પાકો-પાકીઝા અને ઉમદા પોશાક પહેરવો એ પયગમ્બરોની સુન્નત છે. તેનાથી અલ્લાહ તઆલા ખુશ થાય છે. અગર હલાલ તરીકાથી ઉમદા પોશાક ન પ્રાપ્ત થઈ શકે તો જે પણ પોશાક હોય તેના પર સંતોષ માનવો જોઈએ. એવું ના બને કે મોંઘા શાહી (ઘમંડી) પોશાક ઈન્સાનને પાક પરવરદિગારની ઈબાદતથી દૂર કરી દે. અગર અલ્લાહ તઆલા કોઈની રોજી અતિશય વધારી દે તો બહેતર એ છે કે પોતાની હાલત મુજબ ખાય-પીએ અને પોશાક પહેરે. ઈચ્છિત એ છે કે પોતાના ઈમાની ભાઈઓ સાથે ભલાઈ અને ઉપકાર કરે. અગર કોઈની રોજીમાં ઘટાડો થાય તો તેના માટે જરૂરી છે કે તેના પર જ સંતોષ માને. હલાલ અને શકવાળી વસ્તુંઓથી પોતાને બચાવીને રાખે.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

“ ખુદા તઆલા જ્યારે કોઈ બંદાને નેઅમત (બક્ષિસ-ઈનામ) આપે અને તે બક્ષિસની અસર તે બંદા પર જાહેર થાય તો તેને અલ્લાહ તઆલાનો દોસ્ત ગણવામાં આવે છે. કયામતના દિવસે તેની ગણતરી અલ્લાહનો આભાર વ્યક્ત કરનારામાં થાય



https://downloadshiabooks.com/

છે. તેથી વિરૂધ્ધ અગર અલ્લાહ તઆલા કોઈ બંદાને નેઅમત આપે અને તે બંદા પર તે નેઅમતની કોઈ અસર જાહેર ન થાય તો તેને અલ્લાહ તઆલાનો દુશમન ગણવામાં આવે છે. તથા કયામતના દિવસે તેની ગણતરી અલ્લાહની બક્ષિસનો ઈન્કાર કરવાવાળાઓમાં (કાફિરમાં) થશે.''

હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ. ફરમાવે છે કે,

''મોમીનના માટે જરૂરી છે કે તે પોતાના દીની બિરાદરોની સામે સારો તથા સ્વચ્છ પોશાક પહેરીને જાય. જેવી રીતે કોઈ અજનબી લોકોની સામે શ્રેષ્ઠ પોશાક પહેરીને જાય છે. જેથી તેનું વ્યક્તિત્ત્વ ખીલી ઊઠે. લોકો તેને ઈજ્જતની નજરે જૂએ.''

હઝરત ઈમામ રઝા અ. ઉનાળામાં ચટાઈ પર અને શિયાળામાં કંતાન (શેણીયા) ઉપર બેસતા હતા. ઘરમાં જાડા સુતરાઉ કપડાં પહેરતા હતા અને જ્યારે આપ બહાર જતા ત્યારે ખુદાની નેઅમત જાહેર કરવા માટે ઉમદા કપડા પહેરતા હતા.

ઈ.જાફરે સાદિક અ. ફરમાવે છે,

''ખુદાવંદે કરીમ સુશોભન તથા તેની નેઅમતને જાહેર કરનારને દોસ્ત રાખે છે. પોતાને ઉમદા પોશાકથી સુશોભિત ન કરીને બદહાલતમાં રહેનારને ખુદા પસંદ કરતો નથી. ખુદા એ વાતને પસંદ કરે છે કે, પોતાના બંદાને આપેલી નેઅમતને બંદો એ રીતે જાહેર કરે કે, બંદો ઉમદા પોશાક પહેરે, ખુશ્બું લગાવે, મકાનને શણગારે, આંગણાને કૂડા-કચરાથી સાફ રાખે, સૂરજ આથમે તે પહેલાં રોશની કરે, તેનાથી તંગદસ્તી દૂર થાય છે અને રોઝીમાં વધારો થાય છે.''



https://downloadshiabooks.com/

હ.અમીરૂલ મોમેનીન અ.થી નકલ છેકે,

"ખુદાએ એક એવા સમૂહને પેદા કરેલ છે જેઓના પર અલ્લાહની રહેમત હોવા છતાં રોઝી તંગ કરેલ છે. તેઓના દિલોમાંથી દુનિયાની મોહબ્બત લઈ લીધી છે. તેઓના દિલો આખેરત (પરલોક) તરફ કેન્દ્રિત છે. તેઓ તંગ રોઝી અને દુનિયાના અણગમાઓથી સબ્ર કરે છે. તેઓ ખુદાની અવિનાશી બક્ષિસોની તમન્ના કરે છે. તેઓ પોતાની જાનો ખુદાની રાહમાં આપી દીધી છે. તેઓ શહાદતને ઝંખે છે. તેઓ આખેરતમાં પહોંચશે તો ખુદા તેઓથી રાજી હશે. આ સઘળા દુનિયાવાસીઓ મૃત્યું પામશે એ જ કારણે તેઓ પરલોકનું ભાતું એકઠું કરે છે. તેઓ સોનું-રૂપુ એકઠું નથી કરતા. તેઓ સાદો પોશાક પહેરે છે. જીવવા જેટલું ખાઈને સંતોષ માને છે. અગર કંઈ બચે છે તો ખુદાની રાહમાં આપી દે છે. જેથી તેમની આખેરતનું ભાથું તૈયાર થાય. તેઓ નેક લોકો સાથે અલ્લાહની ખુશી માટે દોસ્તી કરે છે. તથા બદ લોકોથી નફરત કરે છે. તેઓ રાહે હિદાયતના ચિરાગ અને આખેરતની નેઅમતોથી માલામાલ છે."

યુસુફ બીન ઈબ્રાહીમથી રિવાયત છે કે,

"હું એક વખત હઝરત અબી અબ્દિલ્લાહ અલયહિસ્સલામની સેવામાં પોશાક ખઝ (ખઝ એ દરિયાઈ જાનવર છે. માછલીની જેમ પાક અને હલાલ છે.) પહેરીને ગયો." ખઝનો પોશાક પહેરવા બાબતે હઝરતને પૂછ્યું. હઝરતે જવાબ આપ્યો કે, "કોઈ વાંધો નથી. કેમ કે હઝરત



https://downloadshiabooks.com/

ઈમામ હુસૈન અ. શહીદ થયા ત્યારે આપે પોશાક ખઝ પહેર્યો હતો.''

જે સમયે હ. અમીરૂલ મોમેમીન (અ.)મે હ.અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસને નહેરવાનના ખારજીઓ સાથે વાતચીત કરવા મોકલ્યા ત્યારે તેઓ ઉમદામાં ઉમદા પોશાકમાં હતા. બહુ જ ઊંચા પ્રકારની ખુશ્બું લગાવેલી હતી. ઊંચી કિંમતના ઘોડા પર સવાર હતા. જ્યારે તેઓ ખારજીઓ પાસે પહોંચ્યા ત્યારે ખારજીઓએ તેમને પૂછ્યું, ''તમે નેક અને ભલા માણસ હોવા છતાં ઝાલીમો અને બદકારોનો પોશાક કેમ પહેર્યો છે? આવા કિંમતી ઘોડા પર કેમ સવાર છો?'' હઝરત અબ્દુલ્લા ઈબ્ને અબ્બાસ (રઝી.)મે કુરઆને મજીદની આ આયત પઢી જેનો અર્થ છે કે,

(અય મોહંમદ!) કહી દો કે, અલ્લાહે એ ઝીનત (શણગાર)ને હરામ કરેલ છે, જે અલ્લાહની ઈતાઅત કરવાથી રોકે. પાક છે તે રોઝી જેને અલ્લાહે પોતાના ખાસ બંદાઓ માટે જમીનમાંથી પેદા કરી છે.

હુઝુરે પાક સ.થી નકલ છે કે,

''ઉમદા કપડા પહેરો અને શણગાર કરો તે ખુદાને પસંદ છે. ખુદા ઝીનત કરવાવાળાઓને દોસ્ત રાખે છે શરત એ છે કે તે હલાલ રીતથી હોય.''

એક વખતે સુફિયાન સુરી (સુફિઓના આલીમ) મસ્જીદુલ હરામમાં આવ્યો. તેણે ઈમામ જાફરે સાદિક અ.ને ઉમદા અને કિંમતી પોશાકમાં જોયા તો તેના દોસ્તોને કહેવા લાગ્યો કે, ''હું



https://downloadshiabooks.com/

ઈમામની પાસે જઈને આ ઉમદા પોશાક પહેરવાની બાબતમાં ઠપકો આપી શરમિંદા કરૂં છું.'' તે હઝરતની પાસે આવ્યો અને કહ્યું,

''અય ફરઝંદે રસુલ સ., ખુદાની કસમ, હઝરત મોહંમદ પયગમ્બર સ.મે ન ક્યારેય આવા ઉમદા પોશાક પહેર્યો છે કે ન કદીએ તેમના બાપદાદાઓ પહેરેલ છે.''

ઈમામ અ.મે જવાબમાં ફરમાવ્યું કે,

''હઝરત રસુલેખુદા સ.ના જમાનામાં માણસો કંગાલિયતમાં જીવતા હતા. આ જમાનો ધનાઢ્યનો છે. નેક માણસો ખુદાની બક્ષિસને વાપરવા માટે વધારે હકદાર છે.'' ત્યાર બાદ ઈમામ અ. કુરઆનની ઉપરની આયત પઢ્યા. પછી ફરમાવ્યું કે, ''જે બક્ષિસો અલ્લાહની છે તેને વાપરવા માટે અમે વધારે હકદાર છીએ. પણ અય સુરી, આ પોશાક જે તું જોઈ રહ્યો છે, તે ફક્ત દુનિયાની ઈજ્જત માટે જ પહેર્યો છે. પછી તે ઉમદા પોશાકને એક છેડેથી ઊંચો કરીને દેખાડ્યો તો તેની નીચે જાડો પોશાક હતો.'' પછી ફરમાવ્યું કે,

''આ જાડો પોશાક મારા નફસ માટે છે અને આ ઉમદા પોશાક જાહેરી ઈજ્જત માટે છે.'' ત્યાર બાદ હઝરતે હાથ લંબાવીને સુફિયાન સુરી નો ઝભ્ભો ખેંચી લીધો. તેણે ઝભ્ભાની નીચે ઉમદા પોશાક પહેર્યો હતો. આપે ફરમાવ્યું,

''અય સુફિયાન! તારા પર અફસોસ છે કે આ અંદરનો કિંમતી પોશાક તારા નફસને રાજી રાખવા માટે પહેર્યો છે અને



https://downloadshiabooks.com/

આ જૂની પૂરાણી ગોદડી ફક્ત માણસોને છેતરવા માટે પહેરેલ છે.''

અબ્દુલ્લા ઈબ્ને હિલાલનું બયાન છે કે,

''હું ઈમામ અલી રઝા અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે, લોકોને એવા માણસો સારા લાગે છે જેઓ સ્વાદ વગરનું ફિક્કું ભોજન લેતા હોય, જાડા કપડાં પહેરી તૂટી ફૂટી જીંદગી જીવતા હોય. '' આપે કહ્યું,

''અય અબ્દુલ્લાહ, તું નથી જાણતો કે, હઝરત યુસુફ અ. પયગમ્બર હતા અને પયગમ્બરના પુત્ર પણ હતા. તેઓ દીબા (એક જાતનું બારીક રેશમ)નો ઝભ્ભો પહેરતા હતા. તેમાં સોનાના તાર વણેલા હતા. તેઓ ફિરઔનના દરબારમાં બેસતા અને ઈન્સાફ કરતા હતા. પણ માણસોને તેમના પોશાકથી કંઈ કામ ન હતું. તેઓ તો એ જ ચાહતા હતા કે હઝરત યુસુફ અ. દરબારમાં ઈન્સાફ કરે. માટે માણસોમાં એવા ગુણ હોવા જોઈએ કે તે સત્યવાદી હોય, વચન પાલન હોય અને ઈન્સાફ કરનાર હોય. બાકી અલ્લાહે હલાલને કોઈના ઉપર હરામ નથી કર્યું. તથા હરામ ચાહે થોડુંક હોય યા વધારે તે હરામ જ છે.''

**હ.રસુલેખુદા સ. જણાવે છે કે,**

**''અલ્લાહ તઆલા પુત્રની સરખામણીમાં પુત્રીઓ પર વધારે મહેરબાન છે. જો કોઈ પુરૂષ પોતાના સગાવહાલાઓમાંથી કોઈ મહેરમ સ્ત્રીને જાએઝ રીતથી ખુશ કરશે તો અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે ખુશ કરશે.''**



https://downloadshiabooks.com/

# પ્રકરણ ૨.
# હરામ પોશાક પહેરવાની મનાઈ

પુરૂષો માટે શુધ્ધ રેશમી અને સોનાના તારવાળો પોશાક પહેરવો હરામ છે. એ જ રીતે મુરદાર જાનવરના ચામડાનો પોશાક ઉપયોગમાં ન લેવો જોઈએ. કેમ કે તે હરામ છે. આપણા ફોકહાએ કિરામનો સામૂહિક મત એ છે કે તે જાનવરોના ચામડાનો ઉપયોગ ન કરવામાં આવે જે જાનવર ઈસ્લામી તરીકાથી ઝબહ કરવામાં ન આવ્યું હોય. એ જ રીતે હરામ ગોશતવાળા જાનવરોના તમામ અવયવો હરામ છે. તેને કોઈ પણ રીતે ઉપયોગમાં ન લેવામાં આવે. નમાઝના સમયે પણ તેનો ઉપયોગ બિલકુલ ન કરવો જોઈએ.

સારૂં એ છે કે, નાબાલિગ બાળકોના વાલીઓએ પણ બાળકોને સોનું કે રેશમ પહેરવાની મનાઈ કરે.

(નોંધઃ રેશમી પોશાકથી મતલબ જે સિર્ફ રેશમથી બનાવેલો હોય.)

હ.રસુલે ખુદા સ. હ.અલી અ. ને કહ્યું,

"અય અલી, સોનાની વિંટી હાથમાં ન પહેરો કારણ કે જન્નતમાં તે તમારો શણગાર બનશે. એ જ રીતે રેશમનો પોશાક પણ ન પહેરો. તે પણ જન્નતમાં તમારો પોશાક બનશે. રેશમી પોશાક ન પહેરો કેમ કે, અલ્લાહ તઆલા તેના કારણે શરીરને જહન્નમની આગમાં બાળશે."



https://downloadshiabooks.com/

કેટલાકે હ.ઈમામ જાફરે સાદિક (અ.)ને સવાલ કર્યો કે "શું જાએઝ છે કે અમે અમારી સ્ત્રીઓને સોનું પહેરાવીએ?" આપે જવાબમાં કહ્યું, "હા, પોતાની સ્ત્રીઓ અને નોકરાણીઓને સોનું પહેરાવો. પરંતું નાબાલિગ દિકરાઓને ન પહેરાવો."

ઈમામ અ. મે ફરમાવ્યું કે,

"મારા પિતા હઝરત મોહંમદ બાકિર અ. પોતાની ઓરતો અને બાલબચ્ચાઓને સોના ચાંદીના ઘરેણાં પહેરાવતા હતાં. તેમાં કોઈ હરજ નથી. (બનવા જોગ છે અહિં બાલ બચ્ચાઓમાં નાની દીકરીઓ હોય.) નાબાલિગ દિકરાઓને સોનાના ઘરેણાં ન પહેરાવે."

## પ્રકરણ ૩.
## સુતરાઉ કપડા પહેરવા વિષે

સૌથી શ્રેષ્ઠ સુતરાઉનો પોશાક છે. ત્યાર પછી ખાદીના કપડા ઉત્તમ છે. પરંતું ઊનના કપડા બારે માસ તથા કાયમી પહેરવા પસંદ કરવા લાયક નથી. (મકરૂહ છે.) અન્ય કોઈ કપડા ન હોય ત્યારે યા શરદીના કારણે ઊનના કપડાં પહેરવા ખરાબ નથી. પરંતું ફાયદાકારક છે.

હ.અમીરૂલ મોમેનીન અ. ફરમાવે છે કે,

"સુતરાઉ પોશાક પહેરો કારણ કે તે હ.રસુલેખુદા સ. અને અમે અહલેબૈત અ.નો પોશાક છે. હ.રસુલેખુદા સ. કારણવગર ઊનના કપડાં પહેરતા ન હતા."



https://downloadshiabooks.com/

હુસૈન ઈબ્ને કશીર કહે છે કે,

''હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને જાડા કપડા પહેરેલા જોયા તો મેં નમ્રતાથી અરજ કરી કે, આપના ઉપર કુરબાન થઈ જાઉં! આપ તો ઊનના કપડા પહેરવા મકરૂહ માનો છો.'' હઝરતે કહ્યું,

''મારા પિતા શ્રી અને દાદા હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ. ઊનના કપડા પહેરતા હતા. પરંતું જ્યારે નમાઝ પઢવા જતા ત્યારે જાડા સુતરાઉ કપડાં પહેરતા હતા. અમે પણ તેમનું અનુસરણ કરીએ છીએ.''

હઝરત રસુલેખુદા સ.મે ફરમાવ્યું,

''પાંચ કામોને હું મરતાં દમ સુધી ત્યજીશ નહિ.

(૧) જમીન પર બેસીને નોકરોની સાથે ભોજન લેવાનું,

(૨) ઝૂલ વગર ખચ્ચર પર સવાર થવાનું,

(૩) બકરીને પોતાના હાથથી દોહવાવાનું,

(૪) બાળકોને સલામ કરવાનું,

(૫) ઊની કપડા પહેરવાનું.''

ઉપરના બધા જ કથનોનો ટૂંકમાં ખૂલાસો એ કે, મોમીન ઊનનો પોશાક (શાલ, જાકીટ વગેરે..) બીજાઓના પર બડાઈ મારવા કે ઘમંડ માટે પહેરે તો તે ધિક્કારને પાત્ર છે. ખાસ કારણોસર યા ગરીબીના લીધે યા શરદીના કારણે પહેરે તો કોઈ હરજ નથી.

હ.અબુઝર ગફ્ફારીએ હઝરત રસુલેખુદા સ.થી નકલ કરતાં કહે છે કે,

''આખર જમાનામાં એક એવો સમુહ પેદા થશે જે ગરમીમાં ઊનના કપડાં પહેરશે. તેઓ એમ માનશે કે ઊનના પોશાક



https://downloadshiabooks.com/

પહેરવાના લીધે અમે બીજાઓથી શ્રેષ્ઠ છીએ. પરંતું તે લોકો પર આકાશ અને જમીનના ફરિશ્તાઓ લાનત કરશે.''

## પ્રકરણ ૪.
## રંગીન કપડા પહેરવા વિષે

સફેદ રંગનો પોશાક સૌથી શ્રેષ્ઠ છે. ત્યાર પછી આછા રંગનો પીળો, આસમાની રંગનો પોશાક સારો છે. ઘેરા લાલ રંગનો પોશાક પહેરવો મકરૂહ છે ખાસ કરીને નમાઝમાં. મોજા, પાઘડી અને અબા (ખભાથી લઈને પગની પાની સુધી પહેરવામાં આવતો પોશાક) સિવાય કાળા રંગના કપડાં પહેરવા સખત મકરૂહ છે. પાઘડી અને અબા પણ કાળા રંગની પહેરવામાં ન આવે તો બહેતર છે. (અઈમ્મએ માસુમીન અ.નો ગમ જાહેર કરવા કાળા કપડાં પહેરવામાં કોઈ હરજ નથી.)

હ.રસુલેખુદા સ.નું કથન છે કે,

''સફેદ રંગનો પોશાક પહેરો. સફેદ રંગ બધા જ રંગોમાં ખૂબસુરત અને શ્રેષ્ઠ છે. મુરદાઓને પણ સફેદ રંગનું કફન પહેરાવો.''

હ.ઈ.જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''હઝરત અમીરૂલ મોમેનીન અ. મોટા ભાગે સફેદ રંગનો પોશાક પહેરતા હતા.''

હફઝ મોઅઝ્ઝીનનું બયાન છે કે,



https://downloadshiabooks.com/

"મેં હઝરત ઈમામ જાફરે સાદિક અ. ને રસુલેખુદા સ.ની કબર અને મીમ્બર વચ્ચે નમાઝ પઢતા જોયા. તે વખતે આપ અ. બેહીના રંગ જેવો આછા પીળા રંગનો (ક્રિમ કલરનો)પોશાક પહેરેલો હતો."

હસન બીન ઝરારાહથી નકલ છે કે,

"મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર અ.ને પીળા રંગની અબા (ચાદર)પહેરીને ઘરમાંથી બહાર નીકળતા જોયા છે."

યુનુસથી નકલ છે કે,

"મેં હ. ઈમામ રઝા અ.ને આસમાની(વાદળી) રંગની ચાદર ઓઢેલા જોયા."

મોહંમદ બીન અલી અ. થી નકલ છે કે,

"મેં હ. ઈમામ મુસીએ કાઝીમ અ. ને મસુરી રંગના કપડા પહેરેલા જોયા."

અબુલ ઓલાથી નકલ છે કે,

"મેં હ. ઈ. જાફરે સાદિક અ. ને લીલી યમની ચાદર ઓઢેલા જોયા."

## પ્રકરણ ૫.
## કપડા પહેરવાના આદાબ

વધુ પડતા નીચા કપડા પહેરવા, વધુ પડતી લાંબી બોંયો રાખવી તથા ઘમંડમાં જમીન પર ઘસડાતા હોય તેવા કપડા પહેરવા મકરૂહ તથા નિંદાને પાત્ર છે.



https://downloadshiabooks.com/

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"હ. અમીરૂલ મોઅમેનીન અ. બજારમાંથી એક અશરફી (એક તોલા વજનના સોનાના સિક્કા)માં ત્રણ કપડા ખરીદ્યા. (૧) ઘુંટણ સુધીનું પહેરણ (૨) લુંગી અડધી પીંડલી સુધી તથા (૩) રીદા (ચાદર) આગળના ભાગે છાતી સુધી પાછળ કમરથી ઘણી નીચે સુધી હતી. પછી આકાશ તરફ હાથ ઊંચા કરી આ બક્ષીશના બદલામાં અલ્લાહ તઆલાના ખૂબ જ વખાણ કરીને ઘરે પાછા ફર્યા."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"કપડાનો જે ભાગ એડીથી નીચે સુધી પહોંચે તે દોઝખની આગમાં છે."

હ.ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

અલ્લાહે હ. રસુલે ખુદા સ.ને કહ્યું, કે

**"વ સેયાબક ફતહ્હીર"**

(પોતાના કપડોને પાક કરો.)

હ. રસુલે ખુદા સ.ના કપડા પાક-પાકીઝા રહેતા હતા. પણ ઉપરના ફરમાનનો અર્થ એ છે કે તમારા કપડોને ઊંચા રાખો કે તે નજાસતથી ખરડાય નહિ. (બીજી જગ્યાએ તેનો અર્થ એ લીધો છે કે તમારા કપડા ઊંચા લઈને ચાલો કે જમીન ઉપર ઘસડાય નહિ.)

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

"હ.રસુલે ખુદા સ. એક માણસને વસિયત કરી કે ખબરદાર! પાયજામો (પાટલુંન, લેઘો વગેરે...) અને પહેરણ



https://downloadshiabooks.com/

લાંબુ ન રાખો તે અભિમાનીની નિશાની છે. અલ્લાહ તઆલા અભિમાનીને દોસ્ત નથી રાખતો.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. કપડા પહેરતી વખતે બોંયોને ખેંચીને જોતા હતા. આંગળીઓથી જેટલી બોંયો લાંબી થઈ જતી તેને કાપી નાખતા હતા.

હ. રસુલે ખુદા સ. હ.અબુઝરને કહ્યું કે,

''જે માણસ ઘમંડથી પોતાના કપડા જમીન ઉપર ઘસેડતાં ચાલે છે તેની પર અલ્લાહ તઆલાની કૃપા વૃષ્ટિ (રહેમનજર) થતી નથી. પુરૂષનો પાયજામો અડધી પીંડલી સુધી હોવો જોઈએ. ઘુંટી સુધી પણ જાએઝ છે. તે કરતાં વધુ લાંબો ઘમંડીની નિશાની સમજવામાં આવશે. ઘમંડી માણસનું ઠેકાણું દોઝખની આગ છે.''

## પ્રકરણ ૬.
## સ્ત્રીઓ અને કાફિરોના પોશાક વિષે

સ્ત્રીઓ માટેનો ખાસ પોશાક જેમ કે, રૂમાલી (સ્કાર્ફ), નકાબ, બુરખો, ઓઢણી (ચાદર), બ્રા(**BRASIOURS**), ફોક, વગેરે, પુરૂષો માટે હરામ છે. તેવી જ રીતે પુરૂષોનો ખાસ પોશાક જેમ કે, ટોપી, અમામો (પાઘડી), કબા (આગળનો ભાગ ખૂલ્લો હોય તેવું શરીર ઢાંકે તે પોશાક) ખમીસ, વગેરે સ્ત્રીઓએ પહેરવું હરામ છે. કાફિરોનો પોશાક જેમ કે અંગ્રેજી ટોપા, જનોઈ, યા



https://downloadshiabooks.com/

એ દોરી યા જંજીર જે કમરમાં બાંધવામાં આવે છે વગેરે સ્ત્રીઓએ યા પુરૂષોએ પહેરવું બિલ્કુલ જાએઝ નથી.

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''સ્ત્રીઓએ પુરૂષો જેવો દેખાવ કરવો યોગ્ય નથી. કેમ કે, હ.રસુલેખુદા સ. સ્ત્રીઓ પુરૂષો જેવો અને પુરૂષો સ્ત્રીઓ જેવો દેખાવ કરે છે તેને ધિક્કારેલ છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.નું કથન છે કે,

''ખુદા તઆલાએ પોતાના પયગમ્બરોમાંથી એક પયગમ્બર પર સંદેશો મોકલાવ્યો કે, મોમીનોને કહો કે મારા દુશ્મન જેવો ખોરાક ખાય નહિ, મારા દુશ્મનો જેવો પોશાક પહેરે નહિ. તથા મારા દુશ્મનો જેવા રીત-રિવાજો અપનાવે નહિ. નહિતર તે પણ મારા દુશ્મન જેવો થઈ જશે.''

## પ્રકરણ ૭.
## અમામો(પાઘડી) બાંધવાના આદાબ

માથે અમામો (પાઘડી) બાંધવી સુન્નત છે. તહતુલ હનક (પાઘડીના એક છેડાને ગળામાંથી વીંટાળી આગળના ભાગમાં નાખવો) બાંધવું મુસ્તહબ છે. શેખ શહીદ (અ.ર.) એ ફરમાવેલ છે કે,

''ઊભા ઊભા અમામો બાંધવો સુન્નત છે.''

હ.રસુલેખુદા સ. જણાવેલ છે કે,



https://downloadshiabooks.com/

"અમામો એ અરબોનો તાજ છે. જો તેઓ અમામો બાંધવાનું છોડી દેશે તો ખુદા તઆલા તેમની ઈજજત બરબાદ કરશે."

હ.ઈમામ અલી રઝા એથી નકલ છે કે,

"હ.રસુલેખુદા સ.મે અમામો બાંધ્યો. અમામાનો એક છેડો આગળના ભાગે નાખ્યો તથા બીજો છેડો પાછળના ભાગે નાખ્યો. હઝરત જીબ્રઈલે પણ તેમજ કર્યું."

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

"બદરના દિવસે ફરિશ્તાઓના માથા પર સફેદ અમામો હતો. તેનો એક છેડો ખૂલ્લો હતો."

અમામો માથે બાંધતી વખતે આ દુઆ પઢે,

**"અલ્લાહના નામથી શરૂં કરૂં છું. અય અલ્લાહ! મારૂં નામ બુલંદ કર, મારી પ્રતિષ્ઠામાં વધારો કર, તારી ઈજજતનો વાસ્તો મારી ઈજજતમાં વધારો કર, તારા કરમથી તારી મખ્લુક(સૃષ્ટિ)માં મારા સન્માનમાં વધારો કર, અય અલ્લાહ! કરામત, ઈજજત અને કબૂલિય્યતનો તાજ મને પહેરાવ."**

હઝરત રસુલે ખુદા સ. પાસે વિવિધ પ્રકારની કેટલીયે ટોપીઓ હતી, જે તેઓ પહેરતા હતા.

**હઝરત મોહંમદ બાકિર અ. ફરમાવ્યું કે,**
**"નખ કાપવાનો હુકમ એટલા માટે છે કે નખ જ્યારે વધી જાય છે ત્યારે શયતાનને ગંદકી ફેલાવવાની તક મળે છે અને ભૂલકણો સ્વભાવ બને છે."**



https://downloadshiabooks.com/

## પ્રકરણ ૮.
## સલવાર(પાયજામો) પહેરવાના આદાબ

ફિકહુર્રેઝાથી નકલ છે કે,

"પાયજામો બેસીને પહેરો. ઊભા ઊભા ન પહેરો કે તે હલાકત કે બીમારીનું કારણ બની શકે છે. ગમ, રંજ પણ થઈ શકે છે."

પાયજામો પહેરતી વખતે આ દુઆ પઢો,

**"અલ્લાહના નામથી શરૂં કરૂં છું. યા અલ્લાહ! મારી શરમગાહ છૂપાવ, કયામતના મેદાનમાં મારી બદનામી ન થાય, મને પરહેઝગારીની તૌફિક અતા કર, ઈમાનની શોભાથી વંચિત ન કર."**

મકારેમુલ અખ્લાકમાં છે કે, પાયજામો પહેરતી વખતે નીચેની દુઆ પઢવામાં આવે.

**"યા અલ્લાહ! મારી શરમગાહ છૂપાવ, મને ભય મુક્ત કર, મને પરહેઝગારીની તૌફિક અતા કર, જેથી શયતાન મને કામવાસનામાં ફસાવીને દોષનો ભાગીદાર ન બનાવે. તેને દરેક રીતે મારાથી દૂર રાખ કે મારા માટે જાળ ન પાથરી શકે, જેથી હું તારા મનાઈના હુકમો પર અમલ કરીને બદ આમાલ અને બદનામ ના થાઉં."**

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

"પયગમ્બરો પાયજામાથી પહેલા પહેરણ પહેરતા હતા."



https://downloadshiabooks.com/

બીજી રિવાયતમાં છે કે, "ઊભા ઊભા અને કિબ્લા તરફ મોંઢુ કરીને તથા લોકોની તરફ ચહેરો કરીને પાયજામો ન પહેરો."

## પ્રકરણ ૯.
## નવા કપડા પહેરવાના આદાબ

ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે, નવા કપડા પહેરે તો આ દુઆ પઢે,

**"યા અલ્લાહ! આ પોશાક મારા માટે કામિયાબી, પરહેઝગારી અને બરકતવંત નસીબ કર, યા અલ્લાહ! જ્યાં સુધી હું આ પોશાક પહેરતો રહું તારી ઈબાદત ખૂબીઓની સાથે કરૂં, તારી ફરમાબરદારી કરતો રહું, તારી નેઅમતોનો શુક્રિયા અદા કરતો રહું, સઘળા વખાણ એ અલ્લાહ માટે છે જેણે મને આ પોશાક નસીબ કર્યો કે જેના લીધે મારી શર્મગાહ પણ છૂપાય છે અને લોકોમાં મારી ઈજ્જત અને શોભા પણ વધે છે."**

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસ નવા કપડા પહેરતી વખતે કોરા વાસણમાં પાણી લઈને ૩૨ (બત્રીસ) વખત **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** તે પાણી પર પઢે અને તે પોશાક પર છાંટે તો જ્યાં સુધી તે પોશાકનો તાર તાર પણ બાકી રહેશે રોઝી બરાબર મળતી રહેશે."



https://downloadshiabooks.com/

બીજી હદીસમાં તે જ હઝરતથી નકલ છે કે, ''નવા કપડા પહેરતી વખતે **'લા ઈલાહ ઈલ્લલ્લાહ મોહંમદુર રસુલુલ્લાહ'** પઢતા રહો. જેથી તમામ આફતોથી નજાત મેળવો. તથા જ્યાં સુધી તે કપડાનો એક તાર બાકી પણ રહેશે સમય ખુશીથી પસાર થઈ જશે.''

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

''જ્યારે તેઓ નવા કપડા પહેરતા તો તેને જમણી તરફ રાખતા અને પાણીનું વાસણ મંગાવી તેના પર **'સુરએ કુલ્હો વલ્લાહો અહદ, આયતુલ કુરસી અને સુરએ કુલ અય્યોહલ કાફેરૂન'** દસ દસ વખત પઢતા હતા. પછી તે પાણી કપડો પર છાંટી દેતા હતા અને કહેતા હતા કે, ''જે માણસ આવું કરશે તો જ્યાં સુધી આ પોશાકનો એક તાર પણ બાકી રહેશે તેની રોઝીમાં વધારો થતો રહેશે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''જ્યારે ખુદાતઆલા કોઈને નવો પોશાક નસીબ કરે અને તે પોશાક પહેરે તો સારૂં એ છે કે વઝુ કરી બે રકાત નમાઝ પઢે. દરેક રકાતમાં **'સુરએ હમ્દ, આયતુલ કુરસી, સુરએ કુલ્હો વલ્લાહ અને સુરએ ઈન્ના અન્ઝલ્ના'** પઢે. નમાઝ બાદ અલ્લાહ તઆલાનો શુક્રિયા અદા કરે કે તેણે શર્મગાહ છૂપાવી, લોકોની નજરમાં ઈજજત અતા કરી. ઘણી વાર **'લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમ'** પઢે. આ શુક્રિયાનું પરિણામ એ હશે કે જ્યાં સુધી આ પોશાક પોતાના શરીર પર હશે ત્યાં સુધી કોઈ મુસીબતમાં સપડાશે નહિ. દરેક



https://downloadshiabooks.com/

તારના બદલામાં સત્તાર (અલ્લાહ તઆલા) એક ફરિશ્તો પેદા કરશે જે તેની સ્તુતિ કરશે, તેના માટે ઈસ્તિગ્ફાર અને રહેમતની દુઆ કરશે.''

હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.થી નકલ છે કે,

''જે કોઈ નવા કપડા પહેરવા ચાહે તો એક વાસણમાં પાણી લઈને ૩૬ (છત્રીસ) વખત **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** પઢે. જ્યારે **'તનઝ્ઝલુલ મલાએકતો'** સુધી પહોંચે ત્યારે થોડુંક પાણી કપડા પર છાંટે. પછી તે પોશાક પહેરી શુક્રિયાની બે રકાત પઢી આ દુઆ પઢે,

**'સઘળા વખાણ અલ્લાહના માટે છે જેણે મને એવી વસ્તું નસીબ કરી કે લોકોની વચ્ચે તેના લીધે શોભાસ્પદ બન્યો છું, શર્મગાહ પણ છૂપાઈ છે અને તેનાથી જ અલ્લાહની ઈબાદત કરૂં છું.'**

પછી અલ્લાહ તઆલાનો શુક્રિયા અદા કરે તો તે પોશાક જૂનો થાય ત્યાં સુધી સતત રોઝીમાં વધારો થતો રહેશે.''

## પ્રકરણ-૧૦
## રોજીંદા કપડા પહેરવાના આદાબ

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''આપ સ. રાત યા દિવસના કોઈ પણ સમયે ઊઘાડા શરીરે રહેવાની મનાઈ ફરમાવી છે.''



https://downloadshiabooks.com/

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

"જે સમયે પુરૂષ શરીર નગ્ન(ઉઘાડું) કરે છે ત્યારે શયતાન તેને વસવસામાં નાખે છે. (ગુનામાં ફસાવે છે.)" પછી કહ્યું કે, "જ્યારે તમે કપડા ઉતારો ત્યારે **'બિસ્મિલ્લાહ'** કહેવાનું રાખો. જેથી તે કપડાં જીન્નાત ન પહેરે. અગર **'બિસ્મિલ્લાહ'** નહિ કહો તો જીન્નાત સવાર સુધી તે કપડા પહેરશે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"મુસલમાન સ્ત્રીઓ માટે એવો નકાબ(ચહેરો ઢાંકવાની ચાદર) અને પહેરણ જાએઝ નથી જેમાં શરીર દેખાતું હોય."

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

"જનાબે ફાતેમા ઝહરા સ.નો મકનો (માથા અને ચહેરાને ઢાંકવાની મોટી ચાદર) એટલો વિશાળ હતો કે, આપના અડધા હાથ સુધી પહોંચતો હતો. સૌ સ્ત્રીઓ માટે ઈચ્છનીય છે કે તે એવો મકના બનાવે." (તેનાથી ઈમામ અ.નો મકસદ છે કે સ્ત્રીઓનો પરદો સાચા અર્થમાં પરદો હોવો જોઈએ.

હ.ઈમામ મુસા કાઝીમ અ.ને કોઈએ સવાલ કર્યો કે,

"અગર કોઈ ૧૦ (દસ) જોડ કપડા રાખે તો શું તે ઈસરાફ(દુર્વ્યય) છે?" આપે જવાબમાં કહ્યું, "ના, પોશાકની સાચવણી માટે આ સારૂં છે. ઈસરાફ એવી હાલતમાં કહેવાશે કે જરૂરતના સમયે તેનો ઉપયોગ કરવામાં ના આવે."

ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

"મૂલ્યવાન સુંદર કપડા પહેરવાથી દુશ્મનો ઝલીલ (અપમાનિત) થાય છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''ઊજળા, સ્વચ્છ કપડા પહેરવાથી રંજ અને ગમ દૂર થાય છે અને નમાઝ પણ કબૂલ થાય છે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો તો તેણે જોયું કે ઈમામ અ.ના પહેરણના ગળાના ભાગમાં થીંગડું મારેલું હતું. આવેલ માણસ બહુ જ આશ્ચર્યની સાથે એકીટશે આ થીંગડાને જોઈ રહ્યો હતો. આપે કહ્યું,

''આ રીતે કેમ જૂએ છે?'' તેણે કહ્યું,

''મને આ થીંગડાને જોઈ નવાઈ લાગે છે.'' એક કિતાબ ઈમામ અ.ની આગળ પડી હતી. આપે કહ્યું,

આ વાંચી લે. તેમાં લખ્યું હતું કે,

(૧) જેનામાં હયા-શરમ નથી, તેનામાં ઈમાન નથી.

(૨) જેને આવકનો અંદાજ નથી, તે કયારેય માલદાર નથી થઈ શકતો.

(૩) જેની પાસે જુના કપડાં ન હોય, તેના નવા કપડાં નથી રહી શકતા.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.મે ફરમાવ્યું કે,

''હું મારા પોશાકમાં એટલા બધા થીંગડા લગાવરાવ્યા હતા કે થીંગડા લગાવવાવાળાથી મને શરમ આવતી હતી.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જે માણસ પોતાના પોશાકમાં થીંગડા લગાવે, પોતાના જૂતા-જોડાઓને સોંધવરાવે તથા પોતાના ઘર માટે ખરીદેલ સામાન ખુદ જાતે ઉઠાવીને પોતાના ઘેર લઈ જાય તો ઘમંડથી બચશે. (તેનામાં ઘમંડ નહિ આવે.)''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૧૧
## જોડા(પગરખાં) પહેરવા વિષે

પગરખા(બૂટ, ચંપલ, સ્લીપર, સેન્ડલ, મોજડી વગેરે)ના રંગોમાં સૌથી શ્રેષ્ઠ પીળા રંગ(**Light Brown, Cream Color**)ના છે. ત્યાર પછી સફેદ રંગના. મોજાઓમાં સૌથી ઉત્તમ કાળા રંગના મોજા છે. સફરની હાલતમાં સૌથી બહેતર લાલ રંગના મોજા છે. જે સફર સિવાયની હાલતમાં, ઘરમાં મકરૂહ છે.

સુન્નત છે કે, "પગરખાની એડી અને પંજાનો ભાગ ઊચો હોય અને વચ્ચેનો ભાગ ખાલી હોય. જેથી પગનું આખું તળીયું જમીન પર ન રહે. ચપ્પલ, સ્લીપર દરેક માટે આ જ હુકમ છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

"સારા પગરખા પહેરવાથી શરીરને કોઈ તકલીફ પડતી નથી. વઝુ-નમાઝ પરિપૂર્ણ થાય છે."

બીજી એક હદીસમાં છે કે,

"જે કોઈ એમ ઈચ્છે કે ઉંમરમાં વધારો થાય તો સવારે નાશતો કરે, ઉત્તમ પગરખા પહેરે, પોશાક વજનમાં તદ્દન હળવો પહેરે. ઘરવાળાઓ સાથે નરમીથી વર્તે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"જેણે સૌથી પહેલાં પગરખા પહેર્યા તે હઝરત ઈબ્રાહીમ અ. હતા."

હદીસમાં છે કે, "કાળા પગરખા ન પહેરો તે આંખોની રોશનીને કમજોર કરે છે, જાતીય શક્તિમાં સુસ્તી પેદા કરે છે,



https://downloadshiabooks.com/

રંજ અને ગમ પેદા કરે છે. પીળા રંગના પગરખા પહેરવા જોઈએ, તે આંખની રોશનીમાં વધારો કરે છે.''

''કાળા રંગના પગરખા પહેરવા એ ઘમંડની નિશાની છે. જે કાળા રંગના પગરખા પહેરશે તે કયામતના દિવસે ઝાલીમોમાં ગણતરી થશે.''

હઝરત ઈમામ મોહંમદ બાકીર અ.થી નકલ છે કે,

''જો કોઈ પીળા રંગના પગરખા પહેરશે તો તે જયાં સુધી પગમાં રહેશે ખુશખુશાલ રહેશે. કેમ કે અલ્લાહ તઆલાએ સુરએ બકરહમાં બની ઈસરાઈલની ગાય વિષે જણાવેલ છે કે ઘેરા પીળા રંગની ગાય જોવાવાળાઓને ખુશી નસીબ થાય.''

સુદીર સર્રાફ એક વાર ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં સફેદ પગરખા પહેરીને ગયો. હઝરતે કહ્યું,

''અય સુદીર! તું જાણી જોઈને સફેદ પગરખા પહેર્યા છે કે એમ જ?'' પછી કહ્યું, જે માણસ બજારમાં જઈ સફેદ પગરખા ખરીદશે તો તે જૂના થાય તે પહેલાં તેને એવી જગ્યાએથી માલ મળશે જેની તેને કોઈ કલ્પના પણ નહિ હોય.

સુદીરથી રિવાયત છે કે, ''તે પગરખા જૂના થયા પણ ન હતા કે ૧૦૦ અશરફી (નાણું) એવી જગ્યાએથી પ્રાપ્ત થઈ જેની મને કોઈ કલ્પના પણ ન હતી.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''મોજા પહેરવાથી આંખોનું તેજ વધે છે.''

બીજી એક હદીસમાં છે કે,

''મોજા પહેરવાથી ફેફસાંની બીમારી તથા ખરાબ મોતથી બચાવે છે.''



https://downloadshiabooks.com/

એક માણસે ઈમામ જાફરે સાદિક એને સફરમાં લાલ મોજા પહેરેલા જોયા તો વિનંતી કરી કે, ''આપે આ લાલ મોજા કેમ પહેર્યા છે?'' હઝરતે જવાબમાં કહ્યું,
''મેં સફર માટે લાલ મોજા પહેર્યા છે. કીચડવાળા પાણી માટે ઠીક છે. ઘર પર તો કાળા રંગના મોજાથી શ્રેષ્ઠ કોઈ મોજા નથી.''

## પ્રકરણ-૧૨
## પગરખા-મોજા પહેરવાના આદાબ

ઈમામ મોહંમદ બાકિર અ. તથા ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''પગરખા પહેરવાની શરૂંઆત જમણા પગથી કરવી જોઈએ તથા ઉતારતી વખતે પહેલાં ડાબા પગના પગરખા ઉતારવા જોઈએ.'' એ પણ ફરમાવ્યું કે, ''જે કોઈ એક પગે પગરખા પહેરીને રસ્તા પર ચાલશે અને બીજો પગ પગરખા વગરનો હશે તો શયતાન તેના પર કબ્જો જમાવશે તથા તે પાગલ થઈ જશે.''

યાકુબ સર્રાજથી નકલ છે કે,

''હું એક દિવસ હુઝુર સ.ની સાથે સાથે જઈ રહ્યો હતો કે હુઝુર સ.ના પગરખાની એકક દોરી તૂટી ગઈ. હુઝુર સ. ઉઘાડા પગે રસ્તો પસાર કરવા લાગ્યા. એટલામાં અબ્દુલ્લા બિન યાકુબની મુલાકાત થઈ. તેણે પોતાના પગરખાની દોરી ખોલી હુઝુર સ. પાસે લાવ્યો. આપે તેને સ્વીકાર્યા નહિ.'' આપે કહ્યું,



https://downloadshiabooks.com/

"મુસીબતવાળા માટે જરૂરી છે કે મુસીબત પર સબર કરે."

અબ્દુર્રહેમાન બિન અબી અબ્દિલ્લાહથી રિવાયત છે કે,

"હું હઝરત સ.ની સાથે એક માણસને મળવા ગયો. જયારે હઝરત સ. તેની પાસે પહોંચ્યા તો પગમાંથી પગરખા કાઢયા અને ફરમાવ્યું કે, બેસતી વખતે પગરખા પગમાંથી કાઢી દો કે તેનાથી પગને રાહત પહોંચે છે."

"હઝરત રસુલેખુદા સ.મે એક પગે પગરખું પહેરી રસ્તામાં નીકળવાની તથા ઊભા ઊભા જૂતા પહેરવાની મનાઈ કરી છે." (જાહેર છે કે, જેમાં પગરખાની દોરી બાંધવામાં આવતી હોય તેવા પગરખા ઊભા ઊભા પહેરવા મકરૂહ છે.)

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે, **"ત્રણ કામ એવા છે જે તેને કોઈ અંજામ આપે તો ડર છે કે તે પાગલ થઈ જાય."**

(૧) કબ્રસ્તાનમાં જાજરૂં કરવું.

(૨) એક મોજો પહેરીને રસ્તા પર ચાલવું.

(૩) મકાનમાં એકલા સૂવું.

ફિકહ અર-રઝામાં નકલ છે કે, "જ્યારે કોઈ મોજા યા પગરખા પહેરે તો જમણા પગથી શરૂંઆત કરે અને આ દુઆ પઢે."

**'અલ્લાહના નામથી શરૂં કરૂં છું, અલ્લાની ઝાત પર ભરોસો છે, સઘળા વખાણ અલ્લાહના માટે છે. યા અલ્લાહ! દુનિયા અને આખેરતમાં મારા કદમ ઈમાન પર અડગ રાખ, જે દિવસે લોકોના પગ ડગ મગે ત્યારે મારા કદમ સ્થિર કર. યા અલ્લાહ! મને દરેક પ્રકારની આફતો, તકલીફો અને ઈજાઓથી મહેફૂઝ રાખ.'**



https://downloadshiabooks.com/

"મોજા યા પગરખા ઉતારે તો પહેલાં ડાબા પગથી શરૂં કરે." ઉતારતી વખતે આ દુઆ પઢે.

**'યા અલ્લાહ! મારા પળેપળના પાછલા અને આગલા ગમને દૂર કર, ઈમાનની ઝીનતથી મને બાકાત ન રાખ.'**


## તમારું બાળક દાતણ કરતું નથી?

*દાતણ માટે તમારા બાળકને લડવાની જરૂર નથી.*
*તેને જબરદસ્તી દાતણ ના આપો.*
**તેને આપી દો**

## દાતણ કરવાના આદાબ

*આશ્ચર્યની વચ્ચે તમે તેને દાતણ કરતું જોઈ શકશો.*
**રંગીન-સચિત્ર બાળકની ભાષામાં દાતણની વાત કરતું પુસ્તક એટલે**
દાતણ કરવાના આદાબ

**પ્રાપ્તિ સ્થાનઃ**
**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા.**
**Cell: 91- 98983 69089 mohak_110@yahoo.co.in**




https://downloadshiabooks.com/

# વિભાગ-૨ શારીરિક શૃંગાર

૧૩. વીંટી (અંગુઠી) પહેરવાના આદાબ
૧૪. વીંટી કઈ વસ્તુંની હોવી જોઈએ?
૧૫. અકીકની ફઝીલત
૧૬. ઝબરજદ (પોખરાજ) અને ઝોમોરદની ફઝીલત
૧૭. ફિરોઝાની ફઝીલત
૧૮. દુર્રે નજફ, બિલ્લોરની ફઝીલત
૧૯. હદીદે ચીની વગેરે પત્થરોની ફઝીલત
૨૦. નંગ (પત્થર) પર કેવું લખાણ કરાવવું?
૨૧. સોના-ચાંદીના ઘરેણા પહેરવાના આદાબ
૨૨. અરીસો જોવાના આદાબ
૨૩. સ્ત્રી-પુરૂષોને કલપ (ખિઝાબ) કરવાના આદાબ
૨૪. ખિઝાબ કરવાની ફઝીલત

**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૨ શારીરિક શૃંગાર

## પ્રકરણ ૧૩
## વીંટી (અંગુઠી) પહેરવાના આદાબ

પુરૂષ અને સ્ત્રી બંને માટે સુન્નત છે કે વીંટી જમણા હાથમાં પહેરે. કેટલીક હદીસમાં ડાબા હાથમાં વીંટી પહેરવાની પરવાનગી છે. અગર વીંટી પર કોઈ પવિત્ર નક્શ યા મુબારક રત્ન (નગ) હોય તો જાજરૂંમાં જતાં પહેલાં વીંટી કાઢી દેવી જોઈએ.

હ.ઈમામ અલી રઝા અ. જણાવે છે કે,

''વીંટી ચાહે જમણા હાથમાં પહેરો યા ડાબા હાથમાં.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''હ.રસુલેખુદા સ. જમણા હાથે વીંટી પહેરતા હતા.''

જનાબ સલમાન ફારસી (રઝી.) થી રિવાયત છે કે,

હ.રસુલેખુદા સ.મે હ.અમીરૂલ મોઅમેનીન અ.ને ફરમાવ્યું,

''યા અલી! વીંટી જમણા હાથે પહેરો. જેથી તમારો સમાવેશ મુકર્રબીન (ખાસ બંદા)માં થઈ જાય.'' સવાલ કર્યો,

મુકર્રબીન કોણ છે? ફરમાવ્યું ,

''જીબ્રઈલ અને મીકાઈલ.'' ફરી સવાલ કર્યો,

''કેવી વીંટી પહેરૂં?'' જવાબ મળ્યો.



https://downloadshiabooks.com/

"**લાલ અકીકની.** કેમ કે લાલ અકીક ખુદાની વહદાનિયત, મારી નબુવ્વત, તમારા માટે મારા વસી હોવાનો, તમારી ઓલાદ માટે ઈમામત, તમારા દોસ્તોના માટે જન્નત અને તમારા શીઆઓ અને બેટાઓ(તેમની ઓલાદ) માટે જન્નતુલ ફિરદૌસનો એકરાર કર્યો છે."

હ.ઈમામ મુસા કાઝીમ અ.ને સવાલ કરવામાં આવ્યો કે,

"અમીરૂલ મોઅમેનીન અ. જમણા હાથમાં વીંટી કેમ પહેરતા હતા?" જવાબ મળ્યો,

"એટલા માટે આપ **પેશવાએ અસ્હાબુલ યમીન** છે. જેમનું નામાએ આમાલ જમણા હાથમાં આપવામાં આવશે. બીજું એ કે હ.રસુલેખુદા સ. જમણા હાથે વીંટી પહેરતા હતા. **અમારા શીઆઓને ઓળખવા માટેની છ (૬)નિશાનીઓ છે.**

(૧) જમણા હાથમાં વીંટી પહેરવી.

(૨) ફઝીલતના સમયે નમાઝે પંજગાના પઢવી.

(૩) ઝકાત આપવી.

(૪) પોતાનો માલ પોતાના મોમીન ભાઈઓમાં વહેંચવો.

(૫) લોકોને નેકીનો હુકમ કરવો.

(૬) લોકોને બદીથી મનાઈ કરવી."

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

"જમણા હાથે વીંટી પહેરવી એ પયગમ્બરોની સુન્નત છે."

હ.અમીરૂલ મોઅમેનીન અ.મે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"જે માણસ ડાબા હાથમાં એવી વીંટી પહેરે જેની પર ખુદાનું નામ કોતરેલું હોય તો જરૂરી છે કે, સંડાસમાં જતાં પહેલાં તેને ઉતારી લે."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"હ.રસુલેખુદા સ. અંગુઠા તથા પહેલી અને બીજી આંગળીમાં વીંટી પહેરવી મનાઈ કરેલી છે."

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

આંગળીના મૂળ સુધી વીંટી પહેરવી જોઈએ.

ફિકહુર રઝામાં છે કે વીંટી પહેરતી વખતે આ દુઆ પઢે.

**હે અલ્લાહ ! ઈમાનની નિશાનીઓને મારી ઓળખાણ કરાર આપ. મારો અંજામ ખેરીયતની સાથે કર. આખેરતમાં પણ મારો અંજામ ખેર હોય. નિઃશંષય તું ઝબરદસ્ત સાહેબે હિકમત અને કરમ છે.**

## પ્રકરણ-૧૪
## વીંટી કઈ વસ્તુંની હોવી જોઈએ?

સુન્નત છે કે, વીંટીં ચાંદીની હોય. પુરૂષો માટે સોનાની વીંટી પહેરવી હરામ છે. લોખંડ, સ્ટીલ અને પીત્તળની વીંટી સ્ત્રી-પુરૂષ બંને માટે મકરૂહ છે.

હ.રસુલેખુદા સ.મે હ.અમીરૂલ મોઅમેનીન અ.ને ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''અય અલી! સોનાની વીંટી ના પહેરો. કેમ કે તે આખેરતમાં તમારી શોભા છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''ચાંદી સિવાય અન્ય કોઈ ધાતુની વીંટી ના પહેરો. કેમ કે હ.રસુલેખુદા સ.મે ફરમાવ્યું છે કે, જે હાથમાં લોઢાની વીંટી હોય તે હાથ પાક નથી.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હ.રસુલેખુદા સ.ની વીંટી ચાંદીની હતી. તેના પર નગીનો ન હતો. પરંતું તેના બદલે **'મોહંમદુર રસુલુલ્લાહ'** લખેલું હતું.''

## પ્રકરણ-૧૫
## અકીકની ફઝીલત

હ.અમીરૂલ મોઅમેનીન અ. ચાર વીંટીઓ પહેરતા હતા.

પહેલી યાકુતની સૌંદર્ય અને પ્રતિષ્ઠા માટે,

બીજી ફિરોઝાની કામિયાબી અને મદદ માટે,

ત્રીજી હદીદે ચીનીની કુવ્વત માટે,

ચોથી અકીકની દુશ્મનો અને બલાઓથી બચવા માટે.

હઝરત અલી ઈબ્ને મુસર્રઝા અ.થી નકલ છે કે,

''અકીક ગરીબાઈ અને મોહતાજીને દૂર કરે છે તથા નિફાક (ગમગીની)ને દૂર કરે છે.''

બીજી એક હદીસમાં એ જ હઝરત અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ અકીકની વીંટી પહેરીને ચિઠ્ઠી નાખશે તો તેનો પૂરો ભાગ નીકળશે.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''અકીકની વીંટી પહેરવી એ ખુશ કિસ્મતી છે. જે માણસ અકીકની અંગુઠી પહેરે તો ઉમ્મીદ છે કે તેનું પરિણામ સારૂં આવશે.''

રબીઆ રાઝીથી નકલ છે કે,

''મેં ઈમામ ઝયનુલ આબેદીન અ.ને અકીકની વીંટી પહેરેલા જોયા. મેં પૂછયું મૌલા! આ કયો નગીન(નગ) છે? ફરમાવ્યું, અકીકે રૂમી છે.''

હ.રસુલેખુદા સ.મે ફરમાવ્યું,

''જે માણસ અકીકની વીંટી પહેરશે, તેની હાજતો પૂરી થશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''સફરમાં અકીકની અંગુઠી સલામતી અર્પે છે.''

આપ અ. બીજી એક હદીસમાં ફરમાવે છે કે,

''જે માણસ અકીકની વીંટી પહેરશે, તે પરેશાન નહિ થાય, તેનું પરિણામ સારૂં આવશે.''

એક હાકીમે કોઈ ગુનેગારની ગીરફતારી માટે સિપાહીઓ મોકલ્યા. પયગમ્બર સ.મે તેના સગાઓને બોલાવીને ફરમાવ્યું કે, ''અકીકની અંગુઠી તેને મોકલી આપો.'' હુકમનો અમલ કરવામાં આવ્યો. તે બેગુનાહ છૂટી ગયો.

હ.રસુલેખુદા સને કોઈએ ફરિયાદ કરી કે,

''મારો માલ રસ્તામાં લૂંટાઈ ગયો છે.'' આપે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''તું અકીકની વીંટી કેમ નથી પહેરતો? તે દરેક બલાઓથી માણસને બચાવે છે.''

બીજી એક હદીસમાં હુઝુર સ.થી નકલ છે કે,

''જે માણસ અકીકની વીંટી પહેરશે, જ્યાં સુધી તેના હાથમાં વીંટી રહેશે, ત્યાં સુધી તેને કોઈ રંજ નહિ પહોંચે.''

હ.રસુલેખુદા સ.ની એક હદીસમાં છે કે,

''અકીકની અંગુઠી પહેરો. કેમ કે, પત્થરોમાં આ પહેલો પત્થર છે જેણે અલ્લાહની વહદાનિયત (એકત્ત્વ), મારી નબુવ્વત અને અલી અ.ની ઈમામતનો એકરાર કર્યો છે.''

વહ્હાનથી નકલ છે કે,

''હું માસુમ અ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે, હું વીંટી પર કયા પ્રકારનો નગીનો(નગ) લગાવું?'' ઈમામે ફરમાવ્યું,

''તું પીળા, લાલ અને સફેદ અકીકથી કેમ ગાફીલ છે? આ ત્રણેય પહાડ જન્નતમાંના છે. તેમાંથી લાલ અકીકનો પહાડ હ.રસુલેખુદા સ.ના ઘર પર છાયો કરનાર છે. પીળા અકીકનો પહાડ જનાબે ફાતેમા સ.ના ઘર પર છાયો કરનાર છે. તથા સફેદ અકીકનો પહાડ હ.અમીરૂલ મોઅમેનીન અ.ના ઘર પર છાયો કરનાર છે. આ ત્રણેય ઘર એક જ જગ્યાએ છે. ત્રણેય પહાડોની નીચે નહેરો વહે છે. જેનું પાણી બરફ કરતાં વધુ ઠંડું, મધથી વધારે મીઠું અને દૂધથી વધારે સફેદ છે. આ ત્રણેય નહેરો કૌસરમાંથી નીકળી છે. એક જ જગ્યાએ એકઠી થાય છે. તેનું પાણી આલે મોહંમદ સ. અને શીઆને આલે મોહંમદ સ.સિવાય કોઈને મળશે નહિ. આ ત્રણે પહાડ ખુદા તઆલાની તસ્બીહ,



https://downloadshiabooks.com/

તકદીસ(પાકીઝગી), અને હમ્દો સના કરતા રહે છે. અગર શીઆને આલે મોહંમદ સ.માંથી કોઈ પણ ત્રણેય અકીકોમાંથી કોઈ પણ અકીક હાથમાં પહેરશે તો તેના માટે શ્રેષ્ઠ હશે. તેની રોઝીમાં વધારો થશે. બલાઓથી બચશે. જેના જેનાથી ઈન્સાનને ડર, ખતરો હશે તે સૌથી મહેફૂઝ રહેશે. ચાહે બાદશાહનો ઝૂલ્મ હોય યા અન્ય કંઈ પણ.''

એક માણસને ઈમામ મોહંમદ બાકિર અ.ની પાસે લઈ જવામાં આવ્યો કે તેને બહુજ કોરડા લાગેલા હતા. હઝરતે કહ્યું,

''તેની અકીકની વીંટી ક્યાં છે? અગર તે અકીકની વીંટી તેની પાસે હોત તો તે કોરડા ન ખાતો.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જેટલા હાથ દુઆ માટે આસમાન તરફ ઉઠે છે, તેમાંથી જે હાથમાં અકીકની વીંટી હોય ખુદા તે હાથથી વધારે કોઈને દોસ્ત નથી રાખતો.''

હ.ઈમામ હુસૈન અ.થી નકલ છે કે,

''જ્યારે હઝરત મુસા અ. કોહે તૂર પર ખુદા તઆલાથી મુનાજાત કરી તો જમીન તરફ નજર કરી. હક તઆલાએ તેમના ચહેરા મુબારકના નૂરથી અકીકને પેદા કર્યો.'' પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે,

''મને મારા પવિત્ર જાતની કસમ છે કે, હું જહન્નમની આગથી તે હાથને અઝાબ નહિ કરૂં જેમાં અકીકની અંગુઠી હોય. એ શરતે કે હ.અલી ઈબ્ને અબીતાલીબને દોસ્ત રાખતો હોય.''

જનાબે જીબ્રઈલ અ. હ.રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,



https://downloadshiabooks.com/

''યા રસુલુલ્લાહ! પરવરદિગારે આલમ આપને સલામ કહી ફરમાવ્યું છે કે, વીંટી જમણા હાથે પહેરો. જેમાં અકીકનું નંગ હોય. પોતાના કાકાના દિકરા ભાઈ હ.અલી ઈબ્ને અબી તાલીબ અ.ને કહી દો કે તેઓ પણ જમણા હાથે અંગુઠી પહેરે જેમાં અકીક લાગેલો હોય.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.મે પૂછ્યું,

''યા હઝરત! અકીક કેવો હોય?'' ફરમાવ્યું,

''તે યમનમાં એક પહાડ છે જેણે અલ્લાહની વહદાનિયતની, મારી નબુવ્વતની, તમારી અને તમારી ઓલાદની ઈમામતની, તમારા શીઆઓ માટે જન્નતની તથા તમારા દુશ્મનો માટે જહન્નમનો ઈકરાર કર્યો છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''એ માણસ જેણે અકીકની વીંટી પહેરી છે તેની ફુરાદા નમાઝ, તે માણસ જેણે અકીક સિવાય અન્ય કોઈ નંગની વીંટી પહેરી હોય તેની જમાતની નમાઝ કરતાં ચાલીસ દરજ્જા અફઝલ છે.''

સુલેમાન આઅમશ જણાવે છે કે,

''હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં મન્સુર અબ્બાસીના મકાનમાં હાજર હતો. સીપાઈઓ એક માણસને બહાર લાવ્યા, જેને કોરડા મારવામાં આવ્યા હતા.'' હઝરતે ફરમાવ્યું,

''અય સુલેમાન! જૂઓ તો ખરા કે તેની વીંટી પર કયુ નંગ છે?'' મે જણાવ્યું,

''યબ્ન રસુલિલ્લાહ! અકીક તો નથી'' જ. ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''અય સુલેમાન! અગર અકીકની વીંટી હોત તો આ કોરડા ન ખાતો.'' મેં અરજ કરી, વિશેષ ફરમાવો.'' ઈમામે ફરમાવ્યું,

''અય સુલેમાન! અકીકની વીંટી હાથ કપાવવાથી બચાવે છે. જે હાથમાં અકીકની વીંટી હોય તેને અલ્લાહ દોસ્ત રાખે છે. તેની તરફ દુઆ માટે ફેલાવવામાં આવે. મેં વિનંતી કરી, હજું સંતોષ નથી થયો.'' આપે ફરમાવ્યું,

મને આશ્ચર્ય છે કે,

''જે હાથમાં અકીકની વીંટી હોય અને તે ધન-દોલતથી ખાલી રહે! મે અરજ કરી કંઈક વિશેષ ફરમાવો.'' આપે ફરમાવ્યું,

''અકીક દરેક બલાઓથી માણસને મહેફૂઝ રાખે છે.'' મે અરજ કરી, ''યબ્ન રસુલિલ્લાહ! હજું પણ કંઈક ફરમાવો.'' ફરમાવ્યું,

''અકીક તંગદસ્તીથી બચાવે છે.''

રિવાયતમાં છે કે,

''અકીકની અંગુઠી પહેરીને બે રકાત નમાઝ પઢવી એ હજાર રકાતોથી શ્રેષ્ઠ છે જે અકીક વગર પઢવામાં આવે.''

## પ્રકરણ-૧૬

## યાકુત, ઝબરજદ અને ઝોમુર્રદની ફઝીલત

હ.ઈમામ અલી મુસર્રઝા અ.થી નકલ છે કે,

''યાકુતની વીંટી પહેરવાથી પરેશાની દૂર થાય છે.''



https://downloadshiabooks.com/

હ.ઈમામ જાફરે સાદિક અ.થી રિવાયત છે કે,

"યાકુત અને ઝબરજદ (હીરા પન્ના, પોખરાજ)ની વીંટી જમણા હાથે પહેરવી સુન્નત છે."

હ.ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

"ઝોમુર્રદની વીંટી પહેરવાથી મુશ્કિલો આસાન થઈ જાય છે."

હ.ઈમામ રઝા અ.મે ઝબરજદની વીંટી માટે પણ આ શબ્દો કહ્યા છે. આ પણ ફરમાવ્યું છે કે,

"ઝોમુર્રદની વીંટી હાથમાં પહેરવાથી ભીખારીમાંથી અમીરીમાં ફેરવાય છે." આ પણ ફરમાવ્યું કે, "જે માણસ લાલ યાકુતની વીંટી પહેરશે તો કદી ભીખારી નહિ હશે."

## પ્રકરણ-૧૭
## ફિરોઝાની ફઝીલત

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"જે માણસ ફિરોઝાની વીંટી પહેરશે મોહતાજ થશે નહિ."

હસન ઈબ્ને અલીઈબ્ને મેહરાનથી નકલ છે કે,

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં ગયો. મેં હઝરતની મુબારક હાથમાં એક વીંટી જોઈ. તેના પર ફિરોઝાનું નંગ હતું અને તેના પર **'લિલ્લાહુલ મુલ્ક'** શબ્દો કોતરેલા હતા. હું તેની તરફ એકીટશે જોઈ રહ્યો હતો. હઝરતે ફરમાવ્યું કે,

"શું જૂએ છે?" મેં અરજ કરી,



https://downloadshiabooks.com/

''હ.અમીરૂલ મોઅમેનીન અ.ની વીંટી ફિરોઝાની હતી અને તેના પર **'લિલ્લાહુલ મુલ્ક'** કોતરેલું હતું.'' આપે ફરમાવ્યું,

''તેને ઓળખે છે?'' મેં અરજ કરી કે,

''નહિ.'' ફરમાવ્યું,

''આ એ જ વીંટી છે અને આ નંગ જીબ્રઈલે અમીન હ.રસુલેખુદા સ.ના માટે જન્નતમાંથી ભેટ લાવ્યા હતા. આં હઝરત સ.મે તે વીંટી હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ને અર્પણ કરી હતી. એટલા સુધી કે એક પછી એક અમારા સુધી પહોંચી.''

અલી ઈબ્ને મોહંમદ ઝમીરી કહે છે,

હું જાફર ઈબ્ને મોહંમદની દીકરી સાથે શાદી કરી. મને તેની સાથે અતિ મોહબ્બત હતી. પરંતું તેને કોઈ ઓલાદ થતી ન હતી. હું ઈમામ અલી નકી અ.ની સેવામાં હાજર થઈ પોતાનો મકસદ જણાવ્યો. હઝરત મુસ્કુરાયા. પછી ફરમાવ્યું કે,

''ફિરોઝાની અંગુઠી લે. તેના પર **'રબ્બે લા તઝર્ની ફર્દન વ અન્ત ખયરૂલ વારેસીન.'** કોતરાવી લે. ઈમામ અ.ના હુકમ મુજબ અમલ કરવામાં આવ્યો. એક વરસ પણ પુરૂં થયું ન હતું કે, તેણીથી એક દિકરો પેદા થયો.''

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

પરવરદિગારે આલમ આદેશ ફરમાવે છે કે, ''જે હાથમાં અકીક અને ફિરોઝાની વીંટી હોય અને તે મારી સમક્ષ દુઆ માટે હાથ ફેલાવે તો મને શરમ આવે છે. હું તેને ના ઉમ્મીદ કરતો નથી.''

**''કપડાનો જે ભાગ એડીથી નીચે સુધી પહોંચે તે દોઝખની આગમાં છે.'' હ.ઈમામ જાફરે સાદિક અ.**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૮
# દુર્રેનજફ, બિલ્લોર, હદીદે ચીની વગેરની ફઝીલત

હ.મુફઝઝલ ઈબ્ને ઉમરૂથી નકલ છે કે,

એક દિવસ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં દુર્રેનજફની વીંટી પહેરીને ગયો. હઝરતે ફરમાવ્યું,

"અય મુફઝઝલ! આ નગીનાને જોવાથી મોમીન અને મોમેનાતને ખુશી પ્રાપ્ત થાય છે. તેમની આંખોનું દર્દ દૂર થાય છે. મને દરેક મોમીનના માટે એ વાત પસંદ છે કે, પાંચ પ્રકારની અંગુઠીઓ હાથમાં પહેરે.

(૧) **'ચાકુતની વીંટી,'** સૌથી શ્રેષ્ઠ છે.

(૨) **'અકીકની વીંટી,'** ખુદાએ તઆલા, અમો અહલેબૈત અ.ના માટે ખુલુસતા રાખનાર નગીનો છે.

(૩) **'ફિરોઝાની વીંટી,'** જે આંખોને કુવ્વત અર્પે છે, છાતીને પહોળી કરે છે. દિલને કુવ્વત પહોંચાડે છે. મોમીન બંદો કોઈ માટે તેને પહેરીને જાય તો તેની હાજત પૂરી થાય છે.

(૪) **'હદીદે ચીની,'** હું એ વાત પસંદ નથી કરતો કે આ વીંટી હર પળે પહેરી રાખે. પરંતું અગર કોઈ માણસના દુષ્કૃત્યનો ડર હોય અને તેની મુલાકાતે જાય ત્યારે તે પહેરીને જાય, જેથી તેની ચાલથી મહેફૂઝ રહે. હદીદે ચીની શયતાનને દૂર કરે છે. તેથી તેને પાસે રાખવો જોઈએ.

(૫) **'દુર્રેનજફની વીંટી,'** આ પત્થરને ખુદા તઆલા નજફે અશરફમાં પેદા કરેલ છે. જે માણસ આ વીંટી પહેરે અને તેની પર જેટલીવાર નજર કરે, ખુદાવંદે આલમ તેની દરેક નજર પર



https://downloadshiabooks.com/

ઝિયારત, હજ-ઉમરાહનો સવાબ તેના નામાએ આમાલમાં લખે છે. તેનો સવાબ અંબિયા અને નેક લોકોના સવાબ બરાબર હશે. અગર ખુદા તઆલા અમારા શીઆઓ પર રહેમ ન કરી હોત તો એક એક નગીનાની મોટી કિંમત હોતી. પરંતું ખુદા તઆલા તેમના માટે આ નગીના સસ્તા કરેલ છે કે અમીર-ગરીબ બધા જ લોકો તેને પહેરી શકે.''

અબુ તાહીર કહે છે,

આ હદીસ હું ઈમામ હસન અસ્કરી અ.ની સેવામાં પેશ કરી. તો આપે આદેશ ફરમાવ્યો કે, આ હદીસ મારા દાદા હ.ઈમામ જાફરે સાદિક અ.ની છે. મેં વિનંતી કરી તો આપે જણાવ્યું કે,

''લાલ અકીકથી કોઈ પત્થર શ્રેષ્ઠ નથી. તેની ફઝીલત વધારે છે.'' જેમ કે મારા માનનીય પિતા શ્રીએ ખબર આપી છે કે, હ. આદમ અ.મે સૌથી પહેલાં જે નંગની વીંટી પહેરી તે અકીકની વીંટી હતી. હ.રસુલેખુદા સ.મે અર્શે આઅલા પર આ શબ્દો લખેલા જોયા હતા.

**'અનલ્લાહો લાએલાહ ઈલ્લા અના વહ્દી વ મોહંમદુન સફ્વતી મીન ખલ્કી અય્યત્તહુ બે અખીહે અલીય્યીંવ વ નસર્તોહુ બેહી વ બે ફાતેમત, વલ હસને વલ હુસૈન અ..'**

(હું ખુદા છું. મારા સિવાય કોઈ જ ઈબાદતને લાયક નથી. મોહંમદ સ. મારી મખ્લુકમાંથી મારા પસંદ કરાએલા છે. જેમની મદદ મેં અલી અ., ફાતેમા સ. હસન અ. અને હુસૈન અ. મારફતે કરી છે.)

જયારે હ. આદમ અ.અલ્લાહે મનાઈ કરેલા ઝાડનું ફળ ખાધું. જેના લીધે તેમને જમીન પર મોકલવામાં આવ્યા. ત્યારે આ મુબારક કલેમાતના વસીલાથી ખુદા પાસે દુઆ માંગી તો ખુદા તઆલાએ તેમની દુઆ કબૂલ કરી અને હ.આદમ અ.



https://downloadshiabooks.com/

ચાંદીની વીંટી બનાવી લાલ અકીક (તેના પર ઉપર જણાવેલ મુબારક કલેમાત કોતરાવ્યા) જડાવીને જમણા હાથે પહેરી. ત્યારથી આ સુન્નત ચાલું થઈ. આદમે અવલાદમાં જેટલા લોકો પરહેઝગાર છે તે બધા જ તેના પર અમલ કરે છે.

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"બિલ્લોરનો નગીનો બહુજ સારો છે."

હ.હુસૈન ઈબ્ને અબ્દુલ્લાહથી નકલ છે કે,

હું ઈમામ અલી નકી અ.ને સવાલ કર્યો કે,

"ઝમઝમના કૂવામાંથી જે પત્થર નીકળે છે તેને વીંટીમાં લગાવી પહેરવા યોગ્ય છે?" આપે ફરમાવ્યું,

"હા. પરંતું જો તે વીંટી ડાબા હાથે પહેરેલ હોય તો જાજરૂં વખતે ઉતારી દેવી જોઈએ."

## પ્રકરણ-૧૯
## નગીના પર લખાણ

જ્યારે હ. ઈબ્રાહીમ અ.ને આગમાં નાખવા માટે ગોફણમાં બેસાડ્યા તો જીબ્રઈલ અ.ને ગુસ્સો આવ્યો. હક તઆલાએ જીબ્રઈલને વહી કરી કે તને ગુસ્સો કેમ આવ્યો? જીબ્રઈલે અરજ કરી,

"અય પરવરદિગાર! જનાબે ઈબ્રાહીમ અ. તારા ખલીલ (દોસ્ત) છે. તેના સિવાય બીજો કોઈ નથી જે તારી વહદાનિયતને



https://downloadshiabooks.com/

માનતો હોય. તું આપણા અને તેમના દુશ્મનોને તેમના પર હાવી કરી દીધેલ છે.'' પરવરદિગાર તરફથી વહી આવી કે,

''ચૂપ રહે, મુઆમલાતમાં જલ્દી તે માણસ કરે છે જે તારી જેમ કમજોર બંદો હોય અને તક હાથમાંથી નીકળી જવાનો ડર હોય. ઈબ્રાહીમ મારો બંદો છે. અમે જ્યારે ચાહીએ તેને છોડાવી શકીએ છીએ.'' જીબ્રઈલ ત્યાંથી સંતોષ થઈ જનાબે ઈબ્રાહીમ અ. પાસે જઈને પૂછ્યું કે,

''કોઈ મદદની જરૂરત છે?'' જ.ઈબ્રાહીમ અ.મે ફરમાવ્યું,

''મદદની જરૂરત છે. પણ તારાથી નહિ.'' તે જ વખતે અલ્લાહ તઆલાએ ઝોમુર્રદની વીંટી તેમના માટે મોકલાવી. તેના પર નીચેના છ કલેમા કોતરાવેલા હતા.

(૧) **'લાએલાહ ઈલ્લલ્લાહ'** (અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી.)

(૨) **'મોહંમદુર રસુલુલ્લાહ'** (હ.મોહંમદ સ.અલ્લાહના રસુલ છે.)

(૩) **'વ લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ'** (અલ્લાહના વસીલા સિવાય કોઈ ચીજમાં શક્તિ કે તાકાત નથી.)

(૪) **'ફવ્વઝતો અમ્રી એલલ્લાહ'** (હું મારો કારોબાર અલ્લાહના હવાલે કરી દીધો.)

(૫) **'અસ્નદ્તો ઝહ્રી એલલ્લાહ'** (મારો સંપૂર્ણ ભરોસો અલ્લાહ પર છે.)

(૬) **હસ્બેયલ્લાહ.** (અલ્લાહ મારા માટે કાફી છે.)

પછ વહી ફરમાવી કે, આ અંગુઠીને હાથમાં પહેરી લો. આગ તમારા માટે ઠંડી થઈ જશે. તેની ઠંડક તમને કોઈ ઈજા પહોંચાડી શકશે નહિ.



https://downloadshiabooks.com/

હઝરત સુલેમાન અ.ની વીંટીના નગીના પર આ મુજબ લખાણ કોતરાવેલું હતું.

**'સુબ્હાનહુ મન્ અલ્જમલ્ જીન્ન બે કલેમાતેહ.'**

(પાક પાકીઝા તે ખુદા છે જે જીન્નાતની જીભને પોતાના શબ્દો થકી બંધ કરી છે.)

હઝરત ઈસા અ.ની વીંટીના નગીના પર આ મુજબ કોતરાવેલ હતું જે ઈન્જીલમાંથી લેવામાં આવ્યું હતું.

**'તુબા લે અબ્દીન ઝોકેરલ્લાહો મિન અજ્લેહી વ વયલુલ લે અબ્દીન નોસેયલ્લાહો મિન અજ્લેહ.'**

( ખુશ હાલ એ બંદાનો જેના લીધે લોકો અલ્લાહને યાદ કરે. બદ હાલ એ બંદાનો જેના કારણે લોકો અલ્લાહને ભૂલી જાય.)

હ.રસુલેખુદા સ.ની વીંટીના નગીના પર આ મુજબ કોતરાવેલ હતું.

**'લાએલાહ ઈલ્લલ્લાહ, મોહંમદુર રસુલુલ્લાહ.'**

(અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી. હ.મોહંમદ સ.અલ્લાહના રસુલ છે.)

જનાબે અમીર અ.ના નગીના પરનું લખાણ આ મુજબ હતું.

**'લિલ્લાહિલ મુલ્ક'** (હકિકી સલ્તનત અલ્લાહની છે.)

હ.ઈમામ હસન અ.ના નગીના પરનું લખાણ આ મુજબ હતું.

**'અલ્ ઈઝઝતો લિલ્લાહ'** (હકીકી ઈઝઝત અલ્લાહની છે.)

હ.ઈમામ હુસૈન અ.ના નગીના પરનું લખાણ આ મુજબ હતું.

**'ઈન્નલ્લાહ બાલેગો અમ્રેહ.'**

(કોઈ જ શક નથી કે ખુદા પોતાના હુકમને પૂરો કરવાવાળો છે.)

હ.ઈમામ ઝયનુલ આબેદીન અ. તથા ઈમામ મોહંમદ બાકિર અ. હ.ઈમામ હુસૈન અ.ની વીંટી પહેરતા હતા.



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ.ના નગીના પરનું લખાણ આ મુજબ હતું.

**'અલ્લાહો વલીય્યે વ ઈસ્મતી મિન ખલ્કેહ.'**

( અલ્લાહ મારો માલિક છે. તે જ પોતાની મખ્લુકાતથી મને બચાવવાવાળો છે.)

ઈમામ મુસા કાઝીમ અ.ની વીંટીના નગીના પરનું લખાણ આ મુજબ હતું.

**'હસ્બેયલ્લાહો'** (અલ્લાહ મારા માટે કાફી છે.)

અહીં સુધી બયાન ફરમાવીને હ.ઈમામ અલી રઝા અ.મે પોતાનો હાથ આગળ કરી બતાવ્યો તો આપે પોતાના મોહતરમ પિતાની વીંટી પહેરેલી હતી.

એક રિવાયતમાં છે કે, ઈમામ જાફરે સાદિક અ.ની વીંટીના નગીના પર આ મુજબ લખાણ હતું.

**'અલ્લાહુમ્મ અન્ત ષેકતી ફકેની શર્રે ખલ્કેક'** હતું.

(યા અલ્લાહ! મારો ભરોસો તારા પર છે. તું જ મને પોતાની મખ્લુકના દુષ્કૃત્યથી મહેફૂઝ રાખ.)

હ.ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે, હ.ઈમામ જાફરે સાદિક અ.ના નગીના પર લખાણ હતું,

**અન્ત ષેકતી ફાઅસીમ્ની મેનન નાસ.**

(મારો સંપૂર્ણ ભરોસો તું જ છે. મને લોકોના દુષ્કૃત્યોથી મહેફૂઝ રાખ.)

હ.ઈમામ મુસા કાઝીમ અ.ના નગીના પર લખાણ હતું, **'હસ્બેયલ્લાહ.'** તેની નીચે ફૂલ બનાવ્યું હતું અને ઉપર ચાંદ દોરેલો હતો.

એક હદીસમાં છે કે, ઈમામ અલી રઝા અ.ના નગીના પર લખાણ હતું,



https://downloadshiabooks.com/

**‘માશા અલ્લાહો લા કુવ્વતા ઈલ્લા બિલ્લાહ.’**

(જે ખુદા ચાહે છે તે જ થાય છે. ખુદા સિવાય કોઈમાં તાકાત નથી.)

હ.ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે, ઈમામ ઝયનુલ આબેદીન અ.ના નગીના પર લખાણ હતું,

**ખઝીયુંવ વ શકીયુન કાતેલો હુસૈન ઈબ્ને અલી અ.**

(હુસૈન ઈબ્ને અલી અ.ના કાતીલ દુન્યા અને દીન બંનેમાં બદબખ્ત છે.)

અબ્દુલ્લાહ ઈબ્ને સનાન કહે છે કે, હ.ઈમામ જાફરે સાદિક અ.મે હ.રસુલેખુદા સ.ની વીંટી મને બતાવી. તેનો નગીનો કાળો હતો. જેના પર બે લીટીમાં આ મુજબ લખાણ હતું,

**‘મોહંમદુર રસુલુલ્લાહ, સ્વલલ્લાહો અલયહે વ આલેહ.’** (મોહંમદ સ. અલ્લાહના રસુલ છે. તેમના પર અને તેમની ઓલાદ પર અલ્લાહની રહેમત નાઝીલ થાય.)

હ.રસુલેખુદા સ. વીંટી પર કોઈ જાનવરની તસ્વીર કોતરવાની મનાઈ કરેલી છે.

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, જે માણસ પોતાની વીંટી પર

**‘માશાઅલ્લાહો લા કુવ્વતા ઈલ્લા બિલ્લાહે અસ્તગ્ફેરૂલ્લાહ’** (જે ખુદા ચાહે છે તે થાય છે. ખુદા સિવાય કોઈમાં તાકાત નથી. હું ખુદા પાસે ગુનાહોની માફી ચાહું છું.)

લખાવે અતિ તંગદસ્તીથી મહેફૂઝ રહેશે.

એક હદીસમાં હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે, જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની વીંટી ચાંદીની હતી. તેના પર લખાણ હતું, **‘નેઅમલ કાદેરૂલ્લાહ.’** (સૌથી શ્રેષ્ઠ તાકતવર છે.)

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે, જે માણસ કુરઆને મજીદની કોઈ આયત અંગુઠી પર લખાવશે તે બક્ષાઈ જશે.



https://downloadshiabooks.com/

ઈબ્ને તાઉસ અ.ર. હ.ઈમામ અલી નકી અ.ના ખાદીમ સાફીના ઉચ્ચારેલા શબ્દો કાસીમ ઈબ્ને અલીથી નકલ કરેલ છે કે,

હું ઈમામ અલી નકી અ.થી તેમના માનવંત પિતાની ઝિયારત માટે રજા માગી, તો આપ અ. જણાવ્યું કે,

અકીકની વીંટી લેતા જાઓ. જેમાં પીળા રંગનો નગીનો હોય. તેમાં એક બાજું

**'માશાઅલ્લાહો લા કુવ્વતા ઈલ્લા બિલ્લાહ'**

તથા બીજી બાજું **'મોહંમદંવ વ અલીયુન'** લખેલું હોય. આ વીંટી પાસે હોવાથી ચોર, ડાકુ અને દુશ્મનોના ત્રાસથી તું અમાનમાં મળશે. સલામત રહીશ, એટલું જ નહિ ઈમાનની સાથે પાછો ફરીશ. સાફી કહે છે કે,

હઝરતના જણાવ્યા મુજબની વીંટી શોધી. હઝરતની વિદાય લઈ હું રવાના થયો. થોડી વાર થઈ હતી કે હઝરતે કોઈને મોકલીને મને પાછો બોલાવી લીધો. હું હાજર થયો તો આપ અ. ફરમાવ્યું,

અય સાફી! ફિરોજાની અંગુઠી પણ લેતા જાઓ. તુસ અને નેશાપુરની વચ્ચે એક સિંહ મળશે. જે કાફલાને રોકશે. તો તેની સામે જઈ આ અંગુઠી બતાવીને કહેશો કે મારા મૌલાનો હુકમ છે કે રસ્તો છોડી દો.

આ ફિરોઝાની એક બાજું **'લિલ્લાહુલ મુલ્ક'** હોવું જોઈએ. બીજી બાજું **'અલ મુલ્કો લિલ્લાહિલ વાહેદિલ કહહાર.'** (સલ્તનત ખુદાએ વાહિદ  અને કહહારની છે.) કેમ કે જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ની વીંટી ફિરોઝાની હતી. તેના પર **'લિલ્લાહુલ મુલ્ક'** લખેલું હતું. જાહેરી ખિલાફત પ્રાપ્ત થઈ તો



https://downloadshiabooks.com/

આપે **'અલ મુલ્કો લિલ્લાહિલ વાહેદિલ કહહાર'** લખાવ્યું. આવો નગીનો જાનવરોના ભયથી સલામત રાખે છે. લડાઈઓમાં વિજય અને મદદ મેળવવાનું કારણ બને છે.

સાફી કહે છે, હું સફરમાં ગયો. ખુદા ગવાહ છે. જ્યાં હઝરતે કહ્યું હતું ત્યાં જ સિંહ મળ્યો. મેં હઝરતના જણાવ્યા મુજબ અમલ કર્યો તો શેર ચાલ્યો ગયો.

ઝિયારતથી પાછા ફરીને તમામ વિગતોનું બયાન હઝરતને કર્યું. હઝરતે ફરમાવ્યું,

''એક વાત તમે કહેવાની ભૂલી ગયા. અગર તું કહે તો હું બયાન કરૂં.'' મેં કહ્યું,

''શાયદ હું ભૂલી ગયો છું.'' આપ અ.મે ફરમાવ્યું,

''એક રાતના તું ઈમામ અલી રઝા અ.ના રોઝાની બાજુંમાં તું સૂતો હતો. જીન્નાતોનું એક ટોળું કબરે મુબારકની ઝિયારત માટે આવ્યું હતું. તેઓ તારા હાથમાં નગીન જોઈને તેના પરનું લખાણ વાંચ્યું, તારી વીંટી હાથમાંથી નીકાળી પોતાના બીમાર સાથી માટે લઈ ગયા. તેને પાણીમાં નાખી. તે પાણી બીમારને પીવરાવ્યું. તે બીમાર સાજો થઈ ગયો. પછી અંગુઠી પાછી લાવ્યો. તે તારા જમણા હાથના બદલે ડાબા હાથમાં પહેરાવી ગયો. તું જાગ્યો તો તને બહું જ નવાઈ લાગી. તેનું કોઈ કારણ તને જાણવા ન મળ્યું. પરંતું તારા માથા પાસેથી એક યાકુત મળ્યો. જે તારી પાસે છે. તેને બજારમાં લઈ જા તે ૮૦ અશરફીમાં વેચાશે. યાકુત જે તારા માટે ભેટ લાવ્યા હતા.''

સાફી કહે છે કે,

''હું તે યાકુત બજારમાં લઈ ગયો અને ૮૦ અશરફીમાં વેચી દીધો.''



https://downloadshiabooks.com/

સૈયદ ઈબ્ને તાઉસથી રિવાયત છે કે,

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે, "મને મુલ્કે જરીરહના હાકિમનો ભય છે. દુશ્મનોએ તેને મારા વિરૂધ્ધ ભડકાવેલ છે. મને એ વાતનો ડર છે કે, ક્યાંક તે મને કતલ ન કરી દે." હઝરતે ફરમાવ્યું કે,

"તું હદીદે ચીનીની એક અંગુઠી બનાવી લે. નગીનાની એક બાજું ત્રણ લીટીઓમાં નીચેના વાક્યો કોતરાવી લે."

પહેલી લીટીમાં **'અઉઝો બે જલાલિલ્લાહ.'**

(હું ખુદાની બુઝુર્ગીની પનાહ માગું છું.)

બીજી લીટીમાં **'અઉઝો બે કલેમાતિલ્લાહ.'**

(હું ખુદાના કલેમાતની પનાહ માગું છું.)

ત્રીજી લીટીમાં **'અઉઝો બે રસુલિલ્લાહ.'**

(હું ખુદાના રસુલની પનાહ માગું છું.)

નગીનાના પાછળના ભાગે બે લીટીમાં નીચેના વાક્યો કોતરાવી લે.

પહેલી લીટીમાં **'આમન્તો બિલ્લાહે વ કોતોબેહ.'**

(હું ખુદા અને તેની કિતાબો પર ઈમાન લાવ્યો છું.)

બીજી લીટીમાં **'ઈન્ની વાસેકુન બિલ્લાહે વ રોસોલેહ.'**

(મારો ભરોસો ખુદ અલ્લાહ અને તેના રસુલ પર છે.)

નગીનાની આજું બાજું **'અશ્હદો અન લાએલાહ ઈલ્લલ્લાહો મુખ્લેસા.'**

(હું નિખાલસ નિયતથી આ વાતની સાક્ષી આપું છું કે, ખુદા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી.)

આ અંગુઠી હાથમાં પહેરવાથી દરેક મુશ્કિલ આસાન થઈ જશે. ખાસ કરીને ઝાલીમના ડરથી.



https://downloadshiabooks.com/

આ અંગુઠી બાંધવાથી સ્ત્રીઓના હમલની તકલીફો આસાન થઈ જશે. તથા બદનજરની અસર થશે નહિ. આ નગીનાની હિફાજત કરવી જરૂરી છે. નજાસત તેના પર ના લાગે. જાજરૂ કે બાથરૂમમાં તેને ના લઈ જાય. કેમ કે તેના પર અલ્લાહના ભેદો છે. અહલેબૈત અ.ના શીઆઓ જેઓ દુશ્મનોથી ડરે છે તેઓ માટે જરૂરી છે કે, આ અંગુઠીને પોતાના જાનના જોખમે સાચવે. પોતાના દુશ્મનોથી છૂપાવે. આ ભેદો ભરોસાપાત્ર માણસો સિવાય કોઈને ના જણાવે. રાવીનું બયાન છે કે હું પોતે આનો અનુંભવ કર્યો છે. આ રીતે જ અનુભવ્યું છે.

## પ્રકરણ-૨૦
## સોના-ચાંદીના ઘરેણા પહેરવાના આદાબ

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

"ના બાલિગ બચ્ચાઓ માટે સોનાના ઝવેરાત પહેરવા જાએઝ છે?" ફરમાવ્યું,

"હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ. પોતાની ઓરતોને અને બચ્ચાઓને ઝવેરાત પહેરાવતા હતા."

ઈમામ રઝા અ.થી નકલ છે કે,

"જીબ્રઈલે અમીન જે ઝુલ્ફિકાર હ.રસુલેખુદા સ.ના માટે લાવ્યા હતા તેનું મ્યાન તથા હાથો વગેરે ચાંદીથી બનેલા હતા."

એ જ ઈમામ અ.થી નકલ છે કે,

"સોના-ચાંદીથી તલવારને સજાવવામાં કોઈ વાંધો નથી."



https://downloadshiabooks.com/

એક હદીસમાં છે કે,

''કુરઆને મજીદ અને તલવારને સોના-ચાંદીથી સજાવવામાં કોઈ વાંધો નથી.''

ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે, સ્ત્રીઓએ હંમેશા ઝવેરાત પહેરવું જોઈએ.

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''સ્ત્રીઓને ઝવેરાત વગર ખાલી રાખવી ઠીક નથી. કમ સે કમ ગળામાં એક અછોડો (ચેન) હોય. એ પણ મુનાસીબ નથી કે, તેમના હાથ મહેદીંથી ખાલી હોય. ચાહે ગમે તેટલી ઉંમરની વૃધ્ધા હોય.''

## પ્રકરણ-૨૧
## સુરમો લગાવવાના આદાબ

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હ.રસુલેખુદા સ. સૂતી વખતે એકી સંખ્યામાં (એક-ત્રણ-પાંચ) સુરમો બંને આંખોમાં આંજતા હતા.''

હસન બીન ઝોયમથી નકલ છે કે,

હું એક દિવસ ઈમામ અલી રઝા અ.ની સેવામાં હાજર થયો.આપે મને લોઢાની સળી અને હાડકામાંથી બનાવેલી સુરમાદાની બતાવીને ફરમાવ્યું કે

''આ ઈમામ મુસા કાઝીમ અ.ની છે. તું આ સળીથી સુરમો લગાવી લે.'' તેથી હું આપ અ.નો હુકમ બજાવી લાવ્યો.



https://downloadshiabooks.com/

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

"સુરમો લગાવવાથી મોંમાં સુગંધ પેદા થાય છે. આંખોની પલક(પાંપણો) મજબૂત થાય છે."

એક અન્ય હદીસમાં છે કે,

"સુરમો લગાવવાથી નવી પાંપણો પેદા થાય છે. આંખોનું તેજ વધે છે. લાંબો સજદો કરવામાં મદદરૂપ થાય છે."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"સૂતાં પહેલાં સુરમો લગાવવાથી ચહેરા પર રોનક આવે છે."

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"સૂતી વખતે સુરમો લગાવવાથી આંખોમાં પાણી નથી ઉતરતું."

હ.ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

"જેમની આંખો કમજોર થઈ ગઈ હોય તેમના માટે જરૂરી છે કે સૂતી વખતે ચાર સળી જમણી આંખમાં અને ત્રણ સળી સુરમો ડાબી આંખોમાં આંજન કરે."

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

"દાતણ જરૂર કરો. તેનાથી આંખોમાં રોશની વધે છે. એ જ રીતે સુરમો લગાવવો જરૂરી છે કે તેનાથી મોંમાં ખુશ્બુ પેદા થાય છે. કેમ કે દાતણ કરવાથી કફ છૂટો પડે છે. તેનાથી મગજ અને આંખમાંનું વધારાનું પાણી નીકળી જાય છે. આ જ કારણે આંખોની રોશની વધે છે. સુરમો લગાવવાથી આંખોનું વધારાનું પાણી રોકાઈ જાય છે. જે મોંઢા વાટે નીકળી જાય છે. તેના કારણે મોંમાં ખુશ્બું પેદા થાય છે."

ફિકહુર્રઝામાં નકલ છે કે,



https://downloadshiabooks.com/

''સુરમો લગાવવાનો ઈરાદો કરો તો સળી જમણા હાથમાં લઈ સુરમાદાનીમાં નાખો. પછી **'બિસ્મિલ્લાહ'** કહે. ત્યાર બાદ આંખોમાં સ્સુરમો આંજવાનો ઈરાદો કરે તો આ દુઆ પઢે.''

(યા અલ્લાહ! મારી આંખો નૂરાની કર, એટલું જ નહિ તેમાં એવું નૂર પેદા કર જેથી મને તારો હક નજરે દેખાય. મને હક રસ્તાની હિદાયત ફરમા, નેક રસ્તા પર ચાલવાની તૌફિક આપ. યા અલ્લાહ! દુનિયા અને આખેરત બંનેમાં મારા માટે નૂર અને રોશની કર.)

## પ્રકરણ-૨૨
## અરીસો જોવાના આદાબ

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે, હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

'' કોઈ જવાન એવી નિયતથી અતિશય અરીસામાં જૂએ કે ખુદાએ પોતાને જે ખૂબસુરતી આપી છે તેમાં કોઈ જ ખામી રાખી નથી. તેના કારણે અલ્લાહની હમ્દો સના (સ્તુતિ)વધારેમાં વધારે કરે, તો ખુદા વંદે આલમ તેના માટે જન્નત વાજીબ કરે છે.''

હ.રસુલેખુદા સ. અરીસામાં જોતા જતા હતા અને મસ્તક મુબારકના વાળોમાં તથા દાઢી મુબારકમાં કાંસકો ફેરવતા જતા હતા. પોતાની પત્નીઓ અને સાથીઓને હુકમ આપતા હતા કે,

''શૃંગાર કરો. કેમ કે ખુદા એ વાતને પસંદ કરે છે કે તેનો બંદો પોતાના ઈમાની ભાઈની મુલાકાત લે અને તેના માટે શૃંગાર કરે અને હર પળે પોતાને સુશોભિત રાખે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''અગર કોઈ અરીસો જવા ચાહે તો આ દુઆ પઢે.''

**(સઘળા વખાણ એ અલ્લાહના માટે છે જેણે મને પેદા કર્યો અને મારૂં સ્વરૂપ બહેતરમાં બહેતર કર્યું. તેણે મારી સુરત એવી બનાવી છે કે તેનાથી શ્રેષ્ઠ થઈ શકતી ન હતી. તેણે મને અવી ચીજોથી સુશોભિત કર્યો છે કે મારા સિવાય બીજા કોઈમાં આ ચીજો હોતી તો તેને ઐબ(ખામી) સમજી લેતો. વધુમાં તેણે મને ઈસ્લામની ઈજ્જત બક્ષી.)**

એક અન્ય રિવાયતમાં છે કે,

હ.રસુલેખુદા સ.મે હ.અલી અ.ને ફરમાવ્યું કે,

''અય અલી! જ્યારે તમે અરીસો જૂઓ તો આ દુઆ પઢો.''

**(યા અલ્લાહ! જેવી રીતે તું મારી રૂપ ખૂબસુરત બનાવ્યું છે તેવી રીતે મારી સીરત અને જે ચીજો તું આપી છે તેને પણ ખૂબસુરત બનાવી દે.)**

## પ્રકરણ-૨૩

## કેશ કલપ (ખિઝાબ) કરવાની ફઝીલત

પુરૂષો માટે માથા અને દાઢીના વાળનો કલપ કરવો(વાળ રંગવા) સુન્નત છે. જયારે સ્ત્રીઓ માટે માથાના વાળનો કલપ કરવો તથા હાથ-પગમાં મહેંદી લગાવવી સુન્નત છે.

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

**ચાર વસ્તુંઓ પયગમ્બરોની સુન્નત છે.**

(૧) ખુશ્બું લગાવવી.

(૨) પત્નીના હક્કો અદા કરવા.



https://downloadshiabooks.com/

(૩) મહેંદીનો કલપ કરવો.

(૪) મહેંદી લગાવવી.

**ખિઝાબ કરવાના ૧૪ ફાયદા છે.**

(૧) કાનની બહેરાશ દૂર થાય છે.

(૨) આંખોની રોશનીમાં વધારો થાય છે.

(૩) નાકની ખુશ્કી દૂર થાય છે.

(૪) મોંમાં ખુશ્બુ પેદા થાય છે.

(૫) જડબા મજબૂત થાય છે.

(૬) બગલની દુર્ગંધ દૂર થાય છે.

(૭) શયતાની વસવસો ઓછો થઈ જાય છે.

(૮) ફરિશ્તાઓ ખુશ થાય છે.

(૯) મોમીનો ખુશ થાય છે.

(૧૦) કાફિરોને ઈર્ષા થાય છે.

(૧૧) શૃંગારનો શૃંગાર છે.

(૧૨) ખુશ્બુની ખુશ્બુ છે.

(૧૩) કબરના અઝાબથી છૂટકારો મળે છે.

(૧૪) કબરના ફરિશ્તા મુન્કિરો નકિર એહતેરામ કરે છે.

એક હદીસમાં છે કે,

''સફેદ વાળને રંગી લો. યહુદીઓની જેમ ન બનો.''

હસન ઈબ્ને જહીમ ફરમાવે છે કે,

હું ઈમામ અલી રઝા અ.ની સેવામાં પહોંચ્યો. જોયું તો ઈમામ અ. પોતાની દાઢી મુબારક કલપ (ખિઝાબ) કરેલ છે. મને આદેશ કર્યો કે,

''ખિઝાબ કરવાનો ખૂબ જ સવાબ છે. ખાસ કરીને પુરૂષ દાઢીને કાળો કલપ કરે તેનાથી પત્ની વધારે આકર્ષાય છે. ઘણી



https://downloadshiabooks.com/

સ્ત્રીઓ એટલા માટે સંયમ ગુમાવી દે છે કે પોતાનો પતિ તેણી માટે ખિઝાબ થકી સુશોભિત નથી કરતો.'' મેં અરજ કરી કે,

''હું સાંભળ્યું છે કે મહેંદી લગાવવાથી વાળ જલદી સફેદ થઈ જાય છે.'' ઈમામ અ.મે ફરમાવ્યું,

''મહેંદી લગાવ્યા વિના આપોઆપ તેના કરતાં પણ વહેલા સફેદ થઈ જાય છે.''

એક હદીસમાં છે કે,

એક માણસ હ.રસુલેખુદા સ. પાસે આવ્યો. આપ સ.મે જોયું તો તેની દાઢીના થોડાક વાળ સફેદ છે. ફરમાવ્યું કે,

''સફેદ વાળ નૂર છે.'' પછી કહ્યું,

''મુસલમાનોમાંથી કોઈની દાઢીમાં એક વાળ પણ સફેદ હોય તો તે કયામતના દિવસે તેના માટે નૂર(તેજ-પ્રકાશ) હશે.''

પછી તે માણસ મહેંદીનો ખિજાબ કરીને હઝરત સ.ની પાસે આવ્યો તો આપે ફરમાવ્યું કે,

''હવે નૂરનું નૂર (તેજોમય પ્રકાશ) છે અને ઈસ્લામનો ઈસ્લામ.'' પછી તે માણસ ચાલ્યો ગયો અને કાળા રંગનો ખિઝાબ કરીને આવ્યો. તો આપ સ.મે ફરમાવ્યું કે,

''હવે નૂર પણ છે અને ઈસ્લામ પણ છે. ઈમાન પણ છે. સ્ત્રીઓ માટે મોહબ્બતમાં વધારો થવાનું કારણ પણ છે. કાફિરોને ડરાવવા અને ભય બતાવવા માટે શ્રેષ્ઠ છે.''

કોઈએ ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,

''માથા અને દાઢીનો ખિઝાબ કરવો સુન્નત છે?'' આપે ફરમાવ્યું.



https://downloadshiabooks.com/

હા, પરંતું હઝરત અમીરૂલ મોઅમેનીન અ. એટલા માટે ખિઝાબ કરતા ન હતા કે હઝરત રસુલેખુદા સ.મે હ.અલી અ.ને ફરમાવ્યું હતું કે,

''અય અલી! તમારી દાઢીના વાળ તમારા સર મુબારકના લોહીથી ખિઝાબ થશે. આપ તે ખિઝાબનો ઈન્તેજાર કરો. પરંતું હ.ઈમામ હુસૈન અ. અને હ.ઈમામ મોહંમદ બાકિર અ. બંને ખિઝાબ કરતા હતા.''

મોટા ભાગની હદીસોમાં છે હ.રસુલેખુદા સ. ખિઝાબ કરતા હતા.

હ.ઈમામ જાફરે સાદિક અ. એક માણસને હમામ (બાથરૂમ)માંથી નીકળતો જોયો કે તેના હાથોમાં મહેંદી લગાવેલી હતી. હઝરતે આદેશ કર્યો કે,

''શું તું ઈચ્છે છે કે ખુદા તને આવી હાલતમાં કયામતના દિવસે ઉઠાવે?'' તેણે કહ્યું,

''નહિ. પરંતું ખુદાની કસમ, હું હદીસ સાંભળી છે કે, જે માણસ હમામ જાય તેના માટે જરૂરી છે કે, હમામમાં ગયો છે તેની કોઈ નિશાની તેનામાં હોય. હું તે નિશાની મહેંદીને સમજ્યો છું.'' હઝરતે ફરમાવ્યું કે,

તેનો મતલબ એ છે કે અગર કોઈ માણસ હમામમાંથી સહી સલામત પરત ફરે તો આ નેઅમત બદલ શુક્રની બે રકાત નમાઝ પઢે. આ હમામમાંથી સહી સલામત પાછા ફરવાની નિશાની છે.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું,

આખર જમાનાની જે નિશાનીઓ બતાવવામાં આવી છે તેમાં આ પણ છે કે, બની અબ્બાસીના પુરૂષોમાં સ્ત્રીઓની ખસલતો



https://downloadshiabooks.com/

જોવામાં આવશે. એટલે કે તેઓ હાથ-પગમાં મહેંદી લગાવશે તથા સ્ત્રીઓની માફક માથે કાંસકો ફેરવી પટ્ટી પાડશે.''

અબી અસ્સબાહથી નકલ છે કે,

હું ઈમામ મોહંમદ બાકિર અ.ના મુબારક હાથમાં મહેંદીની અસર જોઈ. તે એટલો આછો રંગ હતો જે કયારેક હાથમાં દવા લગાવવાના કારણે, મહેંદી મસળવાના કારણે રહી જાય છે.

હઝરત રસુલેખુદા સ.મે તમામ સ્ત્રીઓને મહેંદી લગાવવાનો હુકમ કર્યો છે. ચાહે સુહાગન હોય યા વિધવા. સુહાગનો માટે જરૂરી છે કે પોતાના પતિઓ માટે શુશોભિત કરવાની નિયત કરે અને વિધવાઓ એ નિયતથી મહેંદી લગાવે કે પોતાના હાથ પુરૂષોના હાથના જેવા ના લાગે.

## પ્રકરણ-૨૪

## કેશ કલપ (ખિઝાબ) કરવાના આદાબ

હ.ઈમામ જાફરે સાદિક અ.મે ફરમાવ્યું કે,

''મહેંદીનો ખિઝાબ કરવાથી ચહેરાની રોનક વધે છે. પરંતું વાળની સફેદીમાં જલદી વધારો થાય છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. મહેંદીના લાલ રંગનો ખિઝાબ કરતા હતા.

બીજી એક હદીસમાં ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"મહેંદીના ખિઝાબથી દુર્ગંધ દૂર થાય છે. ચહેરા પર રોનકમાં વધારો થાય છે. મોંમાં ખુશ્બુ પેદા થાય છે. ઓલાદ ખૂબસુરત થાય છે."

ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

"જે સ્ત્રીના માસિક ઋતુસ્ત્રાવ (હયઝ)ના દિવસો પૂરા થઈ ગયા હોય તો મહેંદીનો ખિઝાબ કરવાથી ફરી હયઝ શરૂં થાય છે."

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"અલ્લાહ તઆલાની નજરમાં સૌથી શ્રેષ્ઠ ખિઝાબ કાળા રંગનો છે."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"હઝરત રસુલેખુદા સ.મે સ્ત્રોઅને એ વાતની છૂટ આપી છે કે, પોતાના માથાના વાળને ખિઝાબ થકી કાળા રાખે."

**હ.રસુલેખુદા સ. જણાવે છે કે,**

**"અલ્લાહ તઆલા પુત્રની સરખામણીમાં પુત્રીઓ પર વધારે મહેરબાન છે. જો કોઈ પુરૂષ પોતાના સગાવહાલાઓમાંથી કોઈ મહેરમ સ્ત્રીને જાએઝ રીતથી ખુશ કરશે તો અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે ખુશ કરશે."**



https://downloadshiabooks.com/

# વિભાગ-૩: જમવાના આદાબ

૨૫. સોના-ચાંદીના વાસણોના ઉપયોગ વિષે
૨૬. ભોજનનું પ્રમાણ અને સ્વાદિષ્ટ ભોજન આરોગવા વિષે
૨૭. જમવાનો સમય
૨૮. જમવાના આદાબ
૨૯. જમવાના સમયની દુઆઓ
૩૦. જમ્યા પછીના આદાબ
૩૧. ખાવા-પીવાની ચીજ વસ્તુઓની ફઝીલત
૩૨. શાકભાજી તથા ફળફળાદીની ફઝીલત
૩૩. મહેમાનનવાઝી (પરોણાગત)ની ફઝીલત
૩૪. ખિલાલ(દાંત સાફ)કરવાની ફઝીલત
૩૫. પાણીની ફઝીલત અને તેના પ્રકાર
૩૬. પાણી પીવાના આદાબ

*—: પ્રકાશક :—*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૩ જમવાના આદાબ

## પ્રકરણ-૨૫
## સોના-ચાંદીના વાસણો વિષે

સોના ચાંદીના વાસણોમાં ખાવું પીવું જાએઝ નથી. ખાવા પીવા સિવાય અન્ય કામમાં પણ ઉપયોગમાં ન લે તો બહેતર છે. સજાવટ માટે પણ સોના ચાંદીના વાસણોના ઉપયોગમાં ન લે. તેનાથી પણ પરહેઝ કરે, દૂર રહે. અમુક ઓલમાઓની નજરમાં સોના-ચાંદીના વાસણોથી વઝુ કરવું બાતિલ છે.

સુરમાદાની, અત્તરદાની, અગરબત્તીનું સ્ટેન્ડ, ચલમ, ફાનસ, કુરઆનમજીદ અને કિતાબો રાખવાના ખાના, અરીસાની ફ્રેમ, જેડીયો (લાકડી) યા પેન પણ સોના-ચાંદીના ન હોવા જોઈએ. તેનાથી પરહેઝ જરૂરી છે. હુક્કા(ચલમ)નું મોં જે મોંઢામાં રાખવામાં આવે છે તે બિલકુલ સોના-ચાંદીનું ના હોવું જોઈએ.

સોના-ચાંદીની કલાઈ (ઢોળ) વાળા વાસણોમાં ખાવું પીવું મકરૂહ છે. અગર તેમાં ખાવામાં આવે તો સોના ચાંદીને મોં ન લગાવે.

એવા વાસણો જેમાં દારૂની નજાસત ઉતરી શકે તેમ ન હોય જેમ કે, કાચ યા તાંબા-પીત્તળ યા ધાતુના વાસણોને ધોવાથી પાક થઈ શકે છે. એ જ રીતે ચીની માટીના વાસણો જેમાં નજાસત ઉતરી શકતી નથી તે પણ પાક થઈ શકે છે. પરંતું કાચી માટીના વાસણો જે કુંભારો બનાવે છે તે વાસણો દારૂની નજાસતથી નાપાક થઈ જાય તો કુર પાણીમાં ડૂબાડવાથી પાક



https://downloadshiabooks.com/

થઈ શકે છે. શરત એ છે કે, પાણીમાં એટલી વાર સુધી રાખવામાં આવે કે પાણી અરસ-પરસ થઈ જાય. આવા વાસણોનો ઉપયોગ કરવામાં પરહેઝ કરે.

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"જે લોકો દુનિયામાં સોના-ચાંદીના વાસણોમાં ખાશે-પીશે તેઓ આખેરતમાં જન્નતમાં તેવા વાસણોથી મહેરૂમ(બાકાત) રહેશે."

મોહંમદ બીન ઈસ્માઈલ બીન યુરયઅથી નકલ છે કે,

"હું ઈમામ અલી રઝા અ.ને સોના-ચાંદીના વાસણોના બારામાં સવાલ કર્યો તો હઝરતે નફરત જાહેર કરી." મેં વિનંતી કરી કે,

"અમને તો એવી રિવાયત મળી છે કે, ઈમામ મુસા કાઝીમ અ.ની પાસે એક અરીસો હતો. જેના પર ચાંદી ચડાવેલી હતી." હઝરતે ફરમાવ્યું, "એવું નથી. પરંતું તેની આજું બાજું એક ચાંદીનો ગોળ પટ્ટો હતો. અલ્હમ્દો લિલ્લાહ તે અરીસો આજે પણ મારી પાસે મોજુદ છે."

હ.ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

"સોના-ચાંદીના વાસણો એ લોકોની પાસે હોવા જોઈએ જેને આખેરતનું યકિન ના હોય."

અમરૂ બીન અબી મકદામથી નકલ છે કે,

"એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ને પાણી પીવરાવવા માટે એક વાસણ લાવ્યો જેમાં ચાંદીનો એક ટૂકડો લગાવેલો હતો. મેં જોયું કે હઝરતે પોતાના દાંત મુબારકથી તેને વાસણથી અલગ કરી દીધો."



https://downloadshiabooks.com/

યુરયાઅ બીન ઉમરૂથી નકલ છે કે,
"હું ઈમામ મોહંમદ તકી અ.ની સેવામાં ગયો તો જોયું કે, હઝરત કાળા પ્યાલામાં ખાવા ખાઈ રહ્યા હતા. જેની વચ્ચે પીળા રંગથી સુરએ કુલ્હો વલ્લાહ નકશ હતો."

## પ્રકરણ-૨૬
## ભોજનનું પ્રમાણ અને સ્વાદ

અહલેબૈત અ.ની હદીસોમાં સ્વાદિષ્ટ ભોજન આરોગવું તથા અન્યોને ખવરાવવું તથા સફાઈ અને તેનું આયોજન કરવું પસંદ કરવા લાયક છે. સ્વાદિષ્ટ ભોજન પોતાના માટે હરામ કરી લેવું એ યોગ્ય નથી. પરંતું એ જરૂરી છે કે આ ભોજન હલાલ હોય. એટલું ભોજન ના આરોગે કે અલ્લાહની ઈબાદત થઈ ના શકે. પશુંઓની જેમ આખો દિવસ ખાવા-પીવા પાછળ પડી ના જાય. પરંતું ખાવા-પીવાનો અસલ મકસદ એ સમજે કે ઈબાદત માટે શક્તિ મેળવી શકે. એ પણ જરૂરી છે કે એટલો બગાડ પણ ના કરે જેને વ્યય (ફુજુલ) કહી શકાય. કેમ કે **ખુદા ફુજુલ ખર્ચ કરનારને દોસ્ત રાખતો નથી.**

હ.ઈમામ જાફરે સાદિક અ. મોટા ભાગે ઉમદા રોટીઓ, સ્વાદિષ્ઠ ખીર અને હલવો લોકોને ખવરાવતા હતા. ફરમાવતા હતા કે,

"જયારે ખુદા તઆલા અમને ભરપૂર આપે છે તો અમે પણ લોકોને ખૂલ્લા દિલથી  લોકોને ખવરાવીએ છીએ. જયારે કોઈ



https://downloadshiabooks.com/

વખતે થોડુંક મળે તો અમે પણ તે જ રીતે લોકો સાથે વર્તીએ છીએ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**''ખુદા તઆલા કયામતના દિવસે મોમીનો પાસે ત્રણ વસ્તુંઓનો હિસાબ લેશે નહિ.''**

(૧) જે ભોજન તેણે આરોગ્યું હોય.

(૨) તે કપડા જે પોતે પહેર્યા હોય.

(૩) તે પરહેઝગાર પત્નીની ઈચ્છા પૂરી કરી તેણીને હરામથી મહેફૂઝ રાખી હોય. (પત્નીના જાએઝ ખર્ચ ઉઠાવ્યા હોય.)

અબુ ખાલીદ કાહેલીનું બયાન છે કે,

હું હ.ઈમામ મોહંમદ બાકિર અ.ની સેવામાં હાજર થયો. હઝરત બપોરનું ખાણું મંગાવ્યું મને પણ તેમાં સામેલ કર્યો. હું આના પહેલાં ક્યારેય આટલું ઉમદા ખાણું ખાયું ન હતું. હઝરતે ફરમાવ્યું,

''ખાવાનું કેવું હતું?'' મેં કહ્યું,

''કુરબાન થાઉં હું આટલું ઉમદા ખાણું ક્યારેય ખાયું નથી. પરંતું મને કુરઆનની એ આયત યાદ છે કે,''

**'સુમ્મ લતુસ્ અલુન્ન યવ્ મએઝીન અનીન નઈમ.'**

(પછી તે દિવસે તમને અલ્લાહની આપેલી નેઅમત વિષે જરૂર જરૂર સવાલ કરવામાં આવશે.)

હઝરતે ફરમાવ્યું, ''આ આયતમાં નેઅમતનો મતલબ આ બે નેઅમતો છે. (૧) શીઆ મઝહબ અને (૨) વિલાયતે અહલેબૈત અ. આ બંને નેઅમત વિષે કયામતના દિવસે તમને જરૂર જરૂર સવાલ કરવામાં આવશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''અલ્લાહ તઆલાનો કરમ એવો નથી કે મોમીનોથી તેના તે ખાવા-પીવાની ચીજ વસ્તુંઓથી સવાલ સવાલ કરે જે દુનિયામાં તેના માટે હલાલ કરવામાં આવી છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''ઉમદા ખાણું પકાવો. પોતાના દોસ્ત બિરાદરોને બોલાવો. તેમની સાથે ખાઓ અને ખવરાવો.''

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''કોઈ પણ વસ્તું પેટ ભરીને ખાવાથી સફેદ દાગ થાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''આ ત્રણ આદતો જેનામાં હોય ખુદા તઆલા તેને દુશ્મન ગણશે.''

(૧) રાત્રી જાગરણ ન હોય છતાં દિવસે સૂવું.

(૨) મોકા વગર (સંજોગો ન હોય છતાં) હસવું.

(૩) પેટ ભરેલું હોવા છતાં ખાવા ખાવું.

હદીસમાં છે કે,

અબુ હજીફા હ.ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો, તેનું પેટ એટલું ભરેલું હતું કે ઓડકાર પર ઓડકાર આવતા હતા. ઈમામે ફરમાવ્યું કે,

''ઓડકાર રોકી દે. જે માણસ દુનિયામાં પેટ ભરીને ખાશે, તે કયામતના દિવસે સૌથી વધારે ભૂખ્યો રહેશે.'' હઝરતની આ નસીહત બાદ જનાબે હઝીફા મરતાં દમ સુધી પેટ ભરીને ખાવા ન ખાધું.

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

હઝરત ઈસા અ. કોઈ શહેરમાં પહોંચ્યા. એક સ્ત્રી અને એક પુરૂષ બૂમો પાડી પાડીને આપસમાં લડી રહ્યા હતા. લડાઈનું કારણ જાણ્યું તો પુરૂષે જવાબમાં કહ્યું,

''આ મારી પત્ની છે. જે નેક અને પાક છે. તેનામાં કોઈ અયબ નથી. પરંતું મને પસંદ નથી. હું તેનાથી અલગ થવા માગું છું.'' હઝરતે ફરમાવ્યું,

''તેનું કારણ શું છે તે જણાવ.'' તેણે કહ્યું,

''આ હજું ઘરડી નથી થઈ છતાં તેના ચહેરાની રોનક જતી રહી છે.'' હઝરત ઈસા અ. તેણીને કહ્યું,

''શું તું ઈચ્છે છે કે, તારા ચહેરાની રોનક પાછી આવે?'' તેણી કહ્યું,

''કેમ નહિ?'' હઝરતે ફરમાવ્યું,

''જયારે તું ખાવા ખાય તો પેટ ભરીને ખાવા ન ખા. કેમ કે વધું પડતો ખોરાક જઠરમાં ઉછાળા મારે છે અને ચહેરાની રોનક બગાડી દે છે.'' તેણીએ હઝરતે બતાવ્યા મુજબ અમલ કર્યો. થોડાક દિવસોમાં તેનો ચહેરો અસલના જેવો થઈ ગયો. તેનો પતિ પણ તેનાથી મોહબ્બત કરવા લાગ્યો.

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''અગર લોકો ભોજન આરોગવામાં મધ્યમ માર્ગ અખત્યાર કરે તો તેઓ હંમેશા તંદુરસ્ત રહે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

**''પાંચ આદતોના કારણે કોઢ અને સફેદ દાગ થાય છે.''**

(૧) જુમ્આ અને બુધના દિવસે નૂરો(વાળ દૂર કરવાનો પાવડર) લગાવવો.



https://downloadshiabooks.com/

(૨) તડકાથી ગરમ થએલા પાણીથી વઝુ યા ગુસ્લ કરવું.

(૩) જનાબતની હાલતમાં ખાવા ખાવું.

(૪) હયઝની હાલતમાં પત્નીથી સમાગમ કરવું.

(૫) પેટ ભરેલું હોવા છતાં કંઈક ખાવું.

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''ઈન્સાનને ના છૂટકે એટલું તો ખાવું જ પડે છે જેનાથી શરીરમાં શક્તિ બાકી રહે. તો જ્યારે ખાવા ખાય, પેટના એક (તૃતિયાંશ) ભાગ જેટલું ખાય. એક (તૃતિયાંશ) ભાગ પાણી માટે અને એક (તૃતિયાંશ) ભાગ શ્વાસ લેવા માટે બાકી રાખે. પોતાના શરીરને મોટું કરવાની કોશીશ ના કરે.'' આ પણ કહ્યું કે,

''જે માણસ પેટ ભરેલું હોવા છતાં ખાશે તો તે જરૂર ફિત્ના ફસાદ પેદા કરશે. તાવ સિવાય અચાનક કોઈક તકલીફ ઊભી થાય છે. તો દરેક પ્રકારની પીડા અને બીમારી વધું પડતા ખાવાના કારણે જ થાય છે.''

હઝરત ઈસા અ.મે ફરમાવ્યું કે,

''અય બની ઈસરાઈલ! તમને ભૂખ ના લાગે ત્યાં સુધી કંઈ જ પણ ના ખાઓ. જ્યારે ભૂખ લાગે અને ખાવા બેસો તો પેટ ભરીને ના ખાઓ. કેમ કે અગર પેટ ભરીને ખાશો તો તમારી ગરદનો મોટી-જાડી થઈ જશે. તમારા બાવડા જાડા થઈ જશે.(ફૂલી જશે.) તમે તમારા ખુદાને ભૂલી જશો.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જે માણસ વધારે પડતું ખાવા ખાઈ લે પછી કહે કે ખાવાના લીધે તકલીફ પહોંચી તો નેઅમતને ઠુકરાવવાવાળાઓમાં તેનો સમાવેશ થશે.''



https://downloadshiabooks.com/

એક દિવસ હઝરત રસુલેખુદા સ.ની સામે દૂધ અને મધ લાવવામાં આવ્યું. હઝરતે તેમાંથી થોડુંક પીને જમીન પર રાખી દીધું. લોકોએ વિનંતી કરી,

"યા રસુલુલ્લાહ સ.! શું આ આપને પસંદ ના પડ્યું?" આપે ફરમાવ્યું,

"ના, હું ખુદાની સામે નમ્રતા અને હાજત તલબ કરૂં છું."

હ.અમીરૂલ મોઅમેનીન અ.ની સામે ખુશ્બુદાર, સ્વાદિષ્ઠ અને ઉમદા ફાલુદા તૈયાર કરી તેમની સામે રાખવામાં આવ્યો. હઝરતે તેમાંથી થોડોક ચાખ્યો. પછી ફરમાવ્યું,

"આ વસ્તુંઓ ખાવી હરામ નથી પરંતું હું એ નથી ઈચ્છતો કે, જે વસ્તુંઓની મને આદત નથી હું તેની આદત પાડું."

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવ્યું કે,

"જે વસ્તું હઝરત રસુલેખુદા સ.મે ખાધી નથી તેને હું ક્યારેય ખાઈશ નહિ."

એ જ હઝરતથી નકલ છે કે,

"આ ઉમ્મત ઈતર લોકો જેવું ખાણું નહિ ખાય તેમજ ઈતર લોકોના જેવો પોશાક નહિ પહેરે ત્યાં સુધી ખયરો બરકત થતી રહેશે. ઈતર કોમની જેમ વર્તશે તો ખુદા તઆલા તેમને અપમાનિત અને તુચ્છ કરી દેશે."

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"સૌથી સારો ખોરાક સીરકો છે. તથા કોઈ નેઅમત કોઈ અલ્લાહના બંદાની સામે આવે અને તેને પસંદ ના કરે અને ના ચાખે તે જ અસરાફ (વ્યય) છે."



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૨૭
## જમવાનો સમય

મુસ્તહબ છે કે, સવારનો નાસ્તો સૂર્યોદય પહેલાં (પરોઢિયે) કરવો જોઈએ. પછી દિવસભર કંઈ જ ન ખાય. રાત્રે ઈશાની નમાઝ બાદ જમે. કોળીયો નાનો લે અને ચાવીને ખાય. જમતી વેળા બીજાના ચહેરા તરફ નજર ના કરે. વધું પડતું ગરમ ખાવા ન ખાય. ગરમ ખોરાકને ફૂંક મારીને ઠંડો ન કરે પરંતું એમ જ રહેવા દે જયાં સુધી આપ મેળે ઠંડો ન થઈ જાય. ત્યાર બાદ જ ખાય. રોટલીને ચાકૂ કે છૂરીથી ના કાપે. હાડકાને તદ્દન સાફ ના કરે. જે પણ વસ્તું ખાય તેને ઓછામાં ઓછી ત્રણ આંગળીઓથી પકડે. એક જ થાળ કે વાસણમાં એકથી વધું માણસો ખાતા હોય તો દરેક પોત પોતાની સામેથી જ ખાય. બીજાઓની આગળ હાથ ના નાખે. વાસણને સાફ કરી દે અને આંગળીઓ ચાટી લે. જનાબતની હાલતમાં ખાવું પીવું મકરૂહ છે. પરંતું વઝુ કરી લે યા હાથ મોં ધોઈ કોગળા કર્યા બાદ ખાય તો વાંધો નથી. તેનાથી નફરત થોડી ઓછી થાય છે.

હદીસમાં છે કે,

"અગર કોઈ માણસ જનાબતની હાલતમાં વઝુ કર્યા વગર યા હાથ મોં ધોયા વગર ખાવા ખાય તો સફેદ દાગ થવાનો ભય રહેલો છે."

એક અન્ય હદીસમાં છે કે,

શહાબના ભત્રીજાએ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ પેટની તકલીફ અને ઓડકાર આવવાની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''સવાર-સાંજ ખાવા ખાઓ. દિવસભર કંઈ જ ન ખાઓ. કેમ કે, ખુદા વંદે આલમ જન્નતના ખાણાનો મહિમા બતાવતાં કહે છે કે, જન્નતવાળાઓને તેમની રોજી સવાર-સાંજ બંને સમયે તૈયાર મળશે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''પયગમ્બરો સાંજનું ખાણું ઈશાની નમાઝ બાદ ખાતા હતા. તમે પણ તે આદતને ના છોડો. કેમ કે તે આદતને છોડી દેવાથી શારીરિક બીમારીઓ થશે.

હ.ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''રાત્રે ખાણાને છોડી ના દો. ભલે પછી સૂકી રોટલીનો એક ટૂકડો જ કેમ ના હોય. કેમ કે તેનાથી શરીરમાં શક્તિ પેદા થાય છે. તથા સંભોગ શક્તિમાં પણ વધારો થાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''માણસના શરીરમાં **'અશા'** નામની એક નસ છે. જે કોઈ માણસ રાત્રિ ભોજન લેતો નથી તેને આ નસ બદદુઆ આપે છે કે ખુદા તને એવી રીતે ભૂખ્યો રાખે જેવી રીતે તેં મને ભૂખ્યો રાખ્યો. ખુદા તને એવી રીતે તરસ્યો રાખે જેવી રીતે તું મને તરસ્યો રાખ્યો. એટલા માટે જરૂરી છે કે રાત્રિનું ભોજન તર્ક ન કરે. ચાહે એક રોટલીનો ટૂકડો અને એક ઘૂંટ પાણી જ કેમ ન હોય.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''મોમીન માટે સવારના સમયે યોગ્ય નથી કે કંઈ પણ ખાધા વિના ઘરની બહાર નીકળે. કેમ કે સવારના કંઈક ખાઈને જવાથી ઈજજતમાં વધારો થાય છે.''

અન્ય એક હદીસમાં ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

"જ્યારે તમે કોઈ હાજત માટે જવા ચાહો તો રોટીનો એક ટૂકડો નમકની સાથે ખાઈને જાઓ. તેનાથી એક તો ઈજજત વધશે. બીજું એ કે તે હાજત જલદી પૂરી થશે. કામમાં કામિયાબી મળશે."

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

"ગરમ ખોરાકને ઠંડો થવા દેવો જોઈએ. કેમ કે હ.રસુલેખુદા સ.ની પાસે ગરમ ખાણું લાવવામાં આવતું હતું તો હ.રસુલેખુદા સ. ફરમાવતા હતા કે તેને ઠંડું થવા દો. ખુદા તઆલા અમારા ખાણાને અંગાર નથી બનાવ્યું. ઠંડું ખાવામાં બરકત થાય છે."

સુલેમાન બિન ખાલીદથી નકલ છે કે,

ઉનાળામાં હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. હઝરતની સામે એક નોકર ખાણાનો થાળ લાવ્યો. જેમાં થોડીક રોટલીઓ, એક વાડકો સરીદ (રોટીના ટૂકડાઓને સુરવામાં પલાડીને બનાવવામાં આવતી વાનગી) અને બીજો વાડકો ગોશતનો હતો. હઝરતે હાથ નાખ્યો કે તરત જ પાછો ખેંચી લીધો. પછી ફરમાવ્યું કે,

"જહન્નમની આગથી અલ્લાહની પનાહ માંગું છું. ઈન્સાન આ ગરમીને સહન નથી કરી શકતો તો જહન્નમની આગને કેવી રીતે સહન કરી શકશે? આ વાત વારંવાર કરતા રહ્યા ત્યાં સુધી કે ખોરાક ઠંડો થઈ ગયો. ત્યાર પછી આપ જમ્યા. હું પણ હઝરતની સાથે ખાધું."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

**"ત્રણ જગ્યાઓ પર ફૂંક મારવી મકરૂહ છે."**

(૧) દુઆઓ પઢીને બીજા પર ફૂંક મારવી,



https://downloadshiabooks.com/

(૨) ભોજનની વાનગીઓમાં,

(૩) સજદાની જગા પર.

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''તમારામાંથી કોઈ માણસ જમવા બેસે તો (સમુહમાં જમતી વેળા) જરૂરી છે કે, પોતાના આગળથી ખાય.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. બધી જ આંગળીઓથી જમતા હતા. તથા ફરમાવતા હતા કે,

''જે માણસ જમવાના વાસણને આંગળીઓથી સાફ કરીને ચાટી જશે તો ફરિશ્તા તેના પર દુરૂદ મોકલશે. તેના માટે રોઝી બહોળી થવાની દુઆઓ માંગશે. તથા કેટલાય ગણી નેકીઓ તેના નામએ આમાલમાં લખશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.મે ફરમાવ્યું કે,

''હઝરત અલી અ. જમતી વેળા ગુલામોની જેમ ઘુંટણીએ બેસતા હતા. હાથ જમીન પર રાખતા હતા. કોઈ પણ વસ્તું ત્રણ આંગળીઓથી પકડીને ખાતા હતા. ઘમંડીઓ અને ઝાલીમોની જેમ બે આંગળીઓથી કદી ખાતા ન હતા.''

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''જયારે કોઈ માણસ જમી લે ત્યાર બાદ પોતાની આંગળીઓને ચાટી લે તો ખુદા તઆલા તેની રોઝીમાં વધારો કરશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હઝરત રસુલેખુદા સ. એંઠા હાથ (ખોરાક લાગેલો હોય તેવા હાથ) રૂમાલ યા કપડાથી સાફ કરવાને મકરૂહ સમજતા હતા. એટલું જ નહિ પરંતું તેને જમવાનું અપમાન સમજતા હતા. પોતાનો હાથ જાતે ચૂસી લેતા હતા.''



https://downloadshiabooks.com/

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

"કોઈ માણસ એમ ઈચ્છતો હોય કે ખોરાકથી તેને કોઈ નુકશાન ના થાય તો તેના માટે જરૂરી છે કે જ્યાં સુધી જઠરમાં ખોરાક પડેલો હોય અને ક્કડીને ભૂખ ના લાગે ત્યાં સુધી કંઈ જ ના ખાય, જયારે જમવાનું શરૂં કરે તો **'બિસ્મિલ્લાહ'** પઢે, ખોરાકને બરાબર ચાવે, થોડીક ભૂખ બાકી હોય હાથ ઉઠાવી લે."

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ.થી નકલ છે કે,

"હાડકાને પૂરેપુરી સાફ ના કરો. કેમ કે તેમાં જીન્નાતોનો પણ ભાગ હોય છે. અગર તમે હાડકા પૂરેપૂરા સાફ કરી દેશો તો તેઓ તમારા ઘરમાંથી તેનાથી પણ સારી વસ્તું લઈ જશે."

હ.ઈમામ હસન અ.થી નકલ છે કે,

"જમવાના બારામાં બાર કાર્યોની જાણકારી મેળવવી દરેક મુસલમાન માટે જરૂરી છે. તેમાંથી ચાર વાજીબ છે. ચાર મુસ્તહબ છે તથા ચાર આદાબ છે."

**ચાર વાજીબાતઃ**

(૧) નેઅમત આપનારને ઓળખવો.

(૨) એમ સમજવું કે આ નેઅમતો અલ્લાહ તઆલા તરફથી છે. તેણે જે કંઈ આપ્યું તેના પર રાજી રહેવું.

(૩) બિસ્મિલ્લાહ કહેવું.

(૪) ખુદાતઆલાનો શુક્ર અદા કરવો.

**ચાર મુસ્તહબાતઃ**

(૧) જમતાં પહેલા હાથ ધોવા.

(૨) ડાબી તરફ વધારે ભાર આપીને બેસવું.

(૩) ઓછામાં ઓછી ત્રણ આંગળીઓથી ખાવા ખાવું.



https://downloadshiabooks.com/

(૪) આંગળીઓ ચાટી જવી.

**ચાર આદાબઃ**

(૧) પોતાની આગળથી જ ખાવા ખાય.

(૨) નાના નાના કોળીએથી જમે.

(૩) ખૂબ ચાવીને જમે.

(૪) જમતી વેળાએ લોકોના ચહેરાઓ તરફ ઓછું જોવું.

હ.અમીરૂલ મોઅમેનીન અ. હ.ઈમામ હુસૈન અ.ને ફરમાવ્યું,

''અગર તમે ચાહતા હોવ તો હું તમને ચાર એવી ખાસિયતો જણાવું કે જેનાથી તમારે દાકતરોની કયારેય મુલાકાત ના લેવી પડે.'' ફરમાવ્યું, ''જરૂર! જરૂર!''

(૧) કકડીને ભૂખ ના લાગે ત્યાં સુધી ખાવા ના ખાઓ.

(૨) થોડીક ભૂખ બાકી હોય ત્યારે જમવાનું બંધ કરો.

(૩) ચાવતી વેળા ધીમે ધીમે ચાવો.

(૪) સૂતા પહેલાં જાજરૂ જરૂર જાઓ.

હ.રસુલેખુદા સ. જમવાનું શરૂં કરતા તો **'બિસ્મિલ્લાહ'** કહેતા હતા. બીજા કોઈની સામેથી કોઈ વસ્તું લેતા ન હતા. મહેમાનોથી પહેલાં પોતે જમવાનું શરૂં કરતા હતા. અંગુઠો, તેની બાજુંવાળી આંગળી તથા વચલી આંગળી ખાતા હતા. કયારે કયારેક ચોથી આંગળી સામેલ કરી જમતા હતા. કયારેક બધી જ આંગળીઓથી જમતા હતા. પરંતું બે આંગળીઓથી કયારેય જમતા ન હતા. પરંતું ફરમાવતા હતા કે,

''બે આંગળીઓથી શયતાન ખાય છે.''



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૨૮
# જમવાના આદાબ

સુન્નત છે કે જે કંઈ ખાય જમણા હાથે ખાય. જમતી વેળાએ બંને ઘુંટણ વાળીને (તશહુદની હાલતમાં બેસે છે તે રીતે)બેસે. કોઈ પણ વસ્તું સૂવાની હાલતમાં ના ખાય. પરંતું ડાબા હાથે ભાર આપીને બેસવામાં કોઈ વાંધો નથી. પલોઠી વાળીને બેસવું મકરૂહ છે. પગ પર પગ ચઢાવીને બેસે તો તેનાથી પણ બદતર છે. એકલા એકલા કોઈ વસ્તું ખાવી મકરૂહ છે. નોકર-ચાકરો સાથે જમીન પર બેસીને ખાવા ખાવું સુન્નત છે. રસ્તામાં ચાલતાં ચાલતાં કંઈક ખાવું મકરૂહ છે. જમતા પહેલા અને જમ્યા બાદ હાથ ધોવા સુન્નત છે. એ પણ સુન્નત છે કે જમતાં પહેલાં હાથ ધોવામાં આવે તેને રૂમાલથી લૂંછવા ન જોઈએ. હાથ ધોવામાં ધ્યાનમાં રાખવું જોઈએ કે, જમતાં પહેલાં મેજબાને સૌ પહેલાં હાથ ધોવા જોઈએ. ત્યાર પછી તેમની જમણી બાજું જે માણસો હોય તે ક્રમવાર ધૂએ.

જમ્યા બાદ પહેલાં એ માણસના હાથ ધોવરાવવામાં આવે જે મેજબાનની ડાબી બાજું હોય. એ જ રીતે ક્રમવાર બાકીનાના હાથ ધોવરાવવામાં આવે. છેલ્લે મેજબાનના હાથ ધોવરાવવામાં આવે.

સુન્નત છે કે, એક જ થાળમાં બધાના હાથ ધોવરાવવામાં આવે. પાણીને ફેંકી દેવામાં આવે.

ઓલમાઓનું કહેવું છે કે,

"જે જગ્યાએ હરામ વસ્તું ખાવમાં આવે યા હરામ કામ કરવામાં આવે તે મહેફિલમાં કોઈ વસ્તું ખાવી હરામ છે. ત્યાં



https://downloadshiabooks.com/

સુધી કે તે સમુહના દસ્તરખાન પર બેસવું પણ હરામ છે. જેઓ મુસલમાનોની ગીબત કરતા હોય અને તે જ પ્રમાણ કોઈ હરામ કામ થતા હોય.''

''જમવાની શરૂંઆતમાં અને અંતમાં નમક ખાવું સુન્નત છે.''

ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

**હ.રસુલેખુદા સ.મે ત્રણ માણસો પર લાનત કરી છે.**

(૧) જે એકલો બેસીને ખાવા ખાય.

(૨) જે એકલો સફર કરે.

(૩) જે એકલો મકાનમાં સૂએ.

હદીસમાં છે કે,

**જો જમવામાં ચાર બાબતો હોય તો સંપૂર્ણ આદાબની પૂર્તિ થાય છે.**

(૧) હલાલ ખાણું હોય.

(૨) જમવાવાળા વધારે હોય.

(૩) જમતાં પહેલાં અલ્લાહનું નામ લેવામાં આવે.

(૪) જમ્યા બાદ અલ્લાહના વખાણ કરવામાં આવે.

હદીસમાં છે કે, ઈમામ રઝા અ.ની સામે જ્યારે દસ્તરખાન પાથરવામાં આવતું હતું તો હઝરત એક ખાલી વાસણ મંગાવતા. સ્વાદિષ્ટ મિષ્ઠાનોમાંથી થોડું થોડું લેતા અને ફરમાવતા હતા કે,

''આ ગરીબો તથા ભીખારીઓને આપી દો.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

હઝરત યાકુબ અ.ને પોતાના દિકરાથી એટલા માટે જુદા થવું પડ્યું કે, એક દિવસ આપ એક તંદુરસ્ત બકરો ઝબહ કરી તેના કબાબ બનાવ્યા. એક નેક માણસ અને રોઝેદાર પોતાના પાડોશમાં રહેતો હતો. તેણે કબાબની ખુશ્બું સૂંઘી. પરંતું



https://downloadshiabooks.com/

હ.યાકુબ અ. એ વાતથી ગફલતમાં રહ્યા કે તે નેક ઈન્સાનને ખાવાનું આપે. તે જ રાત્રે હ.જીબ્રઈલ આવીને ખબર આપી કે ખુદાના તરફથી આપના પર બલા આવવાની છે. તેના માટે આપ તૈયાર રહેજો. તે જ રાત્રે જનાબ યુસુફ અ.મે સ્વપ્ન જોયું. (તેનું શું પરિણામ આવ્યું તેનાથી સૌ પરિચિત છે જ.) ત્યાર પછી હ.યાકુબ અ.મે હુકમ કર્યો કે,

"સવારના સમયે તેમના નોકરો અને ગુલામો પોતાના ઘરથી ત્રણ ત્રણ માઈલ સુધી જાહેરાત કરતા હતા કે જેણે સવારના ખાણાની જરૂરત હોય તેઓ હ.યાકુબ અ.ના દસ્તરખાન પર આવી જાય. એ જ રીતે રાત્રે પણ જાહેરાત કરતા હતા."

હદીસમાં છે કે,

"જે સમયે દસ્તરખાન બીછાવવામાં આવે તે સમયે જે સવાલી(માગણ) આવે તેને ખાલી ના ફેરવવામાં આવે."

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"જે માણસ એવા દસ્તરખાન યા ટેબલ પર બેસે જ્યાં લોકો બેસીને શરાબ પીતા હોય, તે મલઉન છે. ફિટકારને લાયક છે."

હ.રસુલેખુદા સ.મે કોઈ પણ મજબૂરી વગર ડાબા હાથથી જમવાની મનાઈ કરેલી છે. સિવાય જેના જમણા હાથમાં કોઈ તકલીફ હોય.

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"હ.રસુલેખુદા સ. આખર દમ સુધી જમણા યા ડાબા પડખાને ટેકાવીને કોઈ વસ્તું ખાધી નથી. એટલું જ નહિ પરવરદિગાર માટે એવી નમ્રતા અને આજીજી કરતા હતા કે કોઈ પણ ખાવાની વસ્તું તેમની સામે લાવવામાં આવે તો ગુલામોની જેમ બેસીને ખાતા હતા."



https://downloadshiabooks.com/

હ.રસુલેખુદા સ.મે હ.અલી અ.ને ફરમાવ્યું કે,

''અય અલી! જમતા પહેલાં નમક ખાઓ. જે માણસ જમતાં પહેલાં તથા અંતમાં નમક ખાશે તો ખુદા તઆલા તેને ૭૦ પ્રકારની બલાઓથી દૂર રાખશે. જેમાંથી એક નાનામાં નાની કોઢની બીમારી છે.''

ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''નમકમાં સીત્તેર પ્રકારની બીમારીઓની શીફા છે.અગર લોકોને નમકના ફાયદાઓની જાણકારી હોત તો તેઓ નમક સિવાય બીજા કોઈથી ઈલાજ ન કરતા.'' આ પણ ફરમાવ્યું કે,

''અલ્લાહ તઆલાએ હ.મુસા અ. પર વહી મોકલી કે, તમે તમારી કૌમને હુકમ આપી દો કે, તેઓ જમતાં પહેલાં અને જમ્યા બાદ નમક ખાય. અગર આ હુકમની પર અમલ નહિ કરે તો તેઓ બલાઓમાં ફસાઈ જશે. ત્યારે તેઓને અહેસાસ થશે કે પોતાના પર ફિટકાર કરે.''

એ જ ઈમામ અ.થી નકલ છે કે,

હઝરત રસુલેખુદા સ.ને નમાઝની હાલતમાં વિંછીએ ડંખ માર્યો. નમાઝ પૂરી કરીને કહ્યું,

''તારા પર ખુદાની લાનત થાય. તું ના નેકને છોડે છે ના બદકારને. બંનેને એક જ જેવી તકલીફ પહોંચાડે છે. પછી પીસેલું નમક મંગાવી જયાં વિંછીએ ડંખ માર્યો હતો ત્યાં માલીશ કરી.'' તેના પછી ફરમાવ્યું કે,

''અગર લોકોને નમકના ફાયદાની જાણકારી થઈ જાય તો ઝેર ઉતારવા માટે કોઈના મોહતાજ ના રહે.''

તે જ હઝરતથી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ જમવાના પહેલા કોળીયા પર નમક ભભરાવી દે તેને દોલતમંદી પ્રાપ્ત થાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જમતા પહેલાં હાથ ધૂઓ તો તેને રૂમાલથી તેને સાફ ના કરો. કેમ કે જ્યાં સુધી હાથમાં તરી રહે છે ત્યાં સુધી જમવામાં બરકત રહે છે.'' આ પણ ફરમાવ્યું કે,

''જમ્યા બાદ હાથ ધોઈને ચહેરા પર ફેરવવા જોઈએ. તેનાથી ચહેરા પરના કાળા દાઘ દૂર થાય છે તથા રોઝીમાં વધારો થાય છે.''

મુફઝઝલ ઈબ્ને ઉમરથી નકલ છે કે,

''હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં આંખો દુઃખવાની ફરિયાદ કરી.'' તો આપે ફરમાવ્યું કે,

''જમ્યા બાદ જ્યારે હાથ ધૂઓ તો ભીના હાથ આંખોના ભંવાં અને પાંપણો પર ફેરવો અને ત્રણ વખત આ મુજબ પઢો.''

**'અલ્હમ્દો લિલ્લાહિલ મોહસેનિલ મુજમેલિલ મુન્એમિલ મુફઝઝલ.'**

(સઘળા વખાણ અલ્લાહના માટે છે. જે નેકી કરવાવાળો, ખૂબસુરત બનાવવાવાળો અને મુફઝઝલને ઈનામ આપવાવાળો છે.)

મુફઝઝલના બદલે પોતાનું નામ લે.

મુફઝઝલનું બયાન છે કે,

''જ્યારથી મેં આ હદીસ પર અમલ કર્યો છે ત્યાર પછી ક્યારેય આંખો દુઃખવા આવી નથી.''

હ.ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

''હ.રસુલેખુદા સ. જમ્યા બાદ મુબારક હાથ ધોતા તો કોંગળા પણ કરી લેતા હતા.''

ફઝલ ઈબ્ને યુનુસથી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''હ.ઈમામ મુસા કાઝીમ અ. મારા ઘેર પધાર્યા. જ્યારે જમવાનું આવ્યું તો હું એક રૂમાલ એટલા માટે મંગાવ્યો કે હઝરત અ.ના ખોળામાં રાખવામાં આવે.'' આપે તેને કબૂલ ના કર્યો. ફરમાવ્યું કે,

''આ ગેરકૌમનો તરીકો છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જમ્યા બાદ હાથ ધોઈને ભીના હાથ પાંપણો પર ફેરવો. જેનાથી આંખોના દુ:ખાવાથી રાહત મળે.''

''હ.રસુલેખુદા સ. જમ્યા બાદ હાથ ધોતા તો ભંવરો પર ફેરવતા હતા.'' પછી આ દુઆ પઢતા હતા.

**'અલ્હમ્દો લિલ્લાહિલ લઝી હદાના વઅતાઅના વ સકાના વ કુલ્લ બલાઈન સાલેહીન અવ્લાના.'**

(સઘળા વખાણ એ અલ્લાહના માટે છે જેણે અમને હિદાયત કરી, ખાવા ખવરાવ્યું, પાણી પીવરાવ્યું, તથા દરેક નેક ઈમ્તેહાનથી અમને અજમાવ્યા.)

હદીસમાં છે કે,

''હ.રસુલેખુદા સ. જમતી વેળા પોતાની બાજુએથી જ જમતા હતા. તશહુદની હાલતમાં જે રીતે બેસવામાં આવે છે તે રીતે બેસતા હતા. જમણા પગની પીઠનો ભાગ ડાબા પગના તળીયાની પાસ પાસે રાખતા.'' તથા ફરમાવતા હતા કે,

''હું બંદો છું અને બંદાઓની જેમ ખાવા ખાઉં છું. તથા બંદાઓની જેમ બેસું છું.''

હદીસમાં છે કે,

''જે કોઈ એમ ઈચ્છતો હોય કે ઘરમાં બરકત વધારે થાય, તો જમવાના પહેલાં હાથ ધૂએ.'' આ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''જમતાં પહેલાં અને જમ્યા બાદ હાથ ધોવા એ ગરીબી દૂર કરે છે. શરીરના ઘણા દર્દો દૂર થઈ જાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હું એક દિવસ સફ્ફાહના દરબારમાં (જે ખોલફાએ બની અબ્બાસીમાંથી હતો) એવા સમયે પહોંચ્યો કે દસ્તરખાન બીછાવવામાં આવ્યું હતું. તેણે મારો હાથ પકડીને પોતાની તરફ એ રીતે ખેંચ્યો કે મારો પગ દસ્તરખાન પર પડ્યો. મને એટલો આઘાત લાગ્યો કે ખુદા જ બહેતર જાણે છે. કારણ કે આ કુફ્રાને નેઅમત છે. (નેઅમતને ઠુકરાવવી.)''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવતા હતા કે,

''દસ્તરખાન પર વધુ સમય સુધી બેસો. કેમ કે જેટલો સમય દસ્તરખાન પર બેસવામાં પસાર થયો હશે તે તમારી ઉમ્રમાં ગણતરી થશે નહિ.''

હ.રસુલેખુદા સ. થી નકલ છે કે,

''જ્યારે જમવા બેસો ત્યારે મોજા અને પગરખાં ઉતારી દો. આ બહેતર સુન્નત છે. પગોને રાહત પણ પહોંચે છે.''

હદીસોમાં છે કે,

''ઈન્સાન અને જાનવરમાં એક મુખ્ય ફરક આ પણ છે કે, ઈન્સાન કોઈ પણ વસ્તું ખાય છે તો તે હાથથી ખાય છે. આપે પણ હાથથી ખાવું જોઈએ.''

હ.રસુલેખુદા સ. જ્યારે સમુહમાં જમતા હતા તો મહેમાનોને હુકમ કરતા કે તેઓ સૌથી પહેલાં જમવાનું શરૂં કરે અને સૌથી છેલ્લે ખતમ કરે. જેથી દરેક વસ્તું બીજા લોકોથી વધું ખાય.

સમાઆહ ઈબ્ને મેહરાનથી નકલ છે કે,



https://downloadshiabooks.com/

હ.ઈમામ જાફરે સાદિક અ.ને પૂછવામાં આવ્યું કે, ''અગર નમાઝનો સમય આવી પહોંચે અને અને જમવાનો સમય પણ હોય તો પહેલાં શાની શરૂંઆત કરવી જોઈએ?'' જવાબમાં ઈમામ અ.મે ફરમાવ્યું,

અગર નમાઝનો અવ્વલ સમય હોય તો પહેલાં જમી લો. અગર અવ્વલ સમયનો થોડોક સમય પસાર થઈ જાય અને એ વાતનો ડર હોય કે જમવા રહીશ તો ફઝીલતનો સમય નીકળી જશે. તો પહેલાં નમાઝ પઢી લો.''

## પ્રકરણ-૨૯
## જમવાના સમયની દુઆઓ

હદીસમાં છે કે,

''જ્યારે દસ્તરખાન બીછાવવામાં આવે ત્યારે **'બિસ્મિલ્લાહ'** કહો અને જ્યારે જમવાની શરૂંઆત કરવામાં આવે તો કહો, **'બિસ્મિલ્લાહે અલા અવ્વલેહી વ આખેરેહિ.'** જ્યારે દસ્તરખાન ઉઠાવવામાં આવે તો કહો, **'અલ્હમ્દો લિલ્લાહ'** કહો.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''જે માણસ જમવાની શરૂંઆતમાં અલ્લાહનું નામ લે અને અંતમાં અલ્લાહની તાઅરીફ કરે તો તેને જમવાના બારામાં કોઈ સવાલ કરવામાં નહિ આવે.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''જે મુસલમાન ભાઈ જમવા માટે કોળીયો હાથમાં લેતી વખતે કહે, **'બિસ્મિલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.'** (અલ્લાહના નામથી શરૂં કરૂં છું તથા સઘળા વખાણ અલ્લાહના માટે છે જે તમામ દુનિયાઓનો પરવરદિગાર છે.)

તો કોળીયો મોમાં પહોંચે તે પહેલા ખુદા તઆલા તેના ગુનાહોને બક્ષી દેશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જ્યારે જમવાનું શરૂં કરો તો અલ્લાહનું નામ લો. જમી લીધા પછી કહો, **'અલ્હમ્દો લિલ્લાહિલ લઝી યુત્એમો વ લા યુત્અમ.'** (સઘળા વખાણ અલ્લાહના માટે છે. જે બીજાઓને ખવરાવે છે અને ખુદ ખાતો નથી.)''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

એક દિવસ જનાબે અમીરૂલ મોઅમેનીન અ.મે ફરમાવ્યું કે,

''જો કોઈ **'બિસ્મિલ્લાહ'** કહીને જમે તો હું તેનો જામીન છું તેના જમવાથી તેને કોઈ તકલીફ નહિ પહોંચે. ઈબ્ને કવ્વાએ અરજ કરી, રાત્રે જમતી વખતે હું **'બિસ્મિલ્લાહ'** કહ્યું હતું છતાં મને તકલીફ થઈ. હઝરતે ફરમાવ્યું, તું ઘણી જાતની વાનગીઓ આરોગી હતી તેમાંથી તું કોઈના પર **'બિસ્મિલ્લાહ'** કહી હતી અને કોઈના પર કહી ન હતી.''

એક વ્યક્તિએ ઈમામ જાફરે સાદિક અ.ને અરજ કરી કે,

''મને ફલાણી વસ્તું ખાવાથી તકલીફ થઈ.'' હઝરતે ફરમાવ્યું,

''તું **'બિસ્મિલ્લાહ'** નથી કહેતો.'' તેણે કહ્યું,

''કહું છું છતાં પણ મને તકલીફ થાય છે.'' હઝરતે કહ્યું,



https://downloadshiabooks.com/

''જમતી વેળાએ તું વાતો કરે છે. પછી ફરી **'બિસ્મિલ્લાહ'** કહે છે?'' તેણે કહ્યું, ''નહિ.'' હઝરતે ફરમાવ્યું, ''તકલીફ થવાનું આ જ કારણ છે. તું વાતો પૂરી કરે પછી ફરી જમવાનો ઈરાદો કરે તો પહેલાં **'બિસ્મિલ્લાહ'** કહેવાનું રાખ.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''ખાવા ખાતી વેળાએ અલ્લાહને યાદ કરો અને વધુ પડતી વાતો કરો નહિ. કેમ કે આ નેઅમત અલ્લાહ તરફથી ભેટ છે. તમારા પર વાજીબ છે કે, નેઅમતનો ઉપભોગ કરતી વેળા અલ્લાહતઆલાને શુક્ર અને હમ્દની સાથે યાદ કરો.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે કોઈ ખાણું ખાતી વખતે આ શબ્દો કહેશે તો હું તેનો જામીન છું કે, કોઈ ખાણું તેને તકલીફ નહિ કરે.''

**'અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક બે ઈસ્મેક ખયરલ અસ્માએ મીલ્ અલ્ અર્ઝે વસ્સમાઅ, અર્ રહમાનિર રહીમીલ્ લઝી લા યઝુર્રો મઅહુ વાઅ.'**

(યા અલ્લાહ હું તારાથી સવાલ કરૂં છું, તારા નામનો વાસ્તો આપીને જે તમામ નામોથી બહેતર છે. જેનાથી જમીન અને આસમાન પૂર છે. તું રહેમાન અને રહીમ છે. તારા નામની સાથે કોઈ વીર્દ નુકશાન પહોંચાડતું નથી.)

## પ્રકરણ-૩૦

## જમ્યા બાદના આદાબ

હ.ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''જમ્યા બાદ તરત જ ચત્તા(સીધા) સૂઈ જાઓ અને જમણો પગ ડાબા પગ પર રાખી લો.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''દસ્તરખાન પરથી જે કંઈ જમીન પર પડી જાય તેને ખાઈ લો. તેના ખાવાથી ખુદા તમામ બીમારીઓથી શીફા આપે છે. ખાસ કરીને એવા લોકોને જેના મારફતે તેઓ શીફા ઈચ્છતા હોય.''

કોઈકે હ.ઈમામ જાઅફરે સાદિક અ.ને પેટ દુ:ખવાની ફરિયાદ કરી. આપ અ.મે ફરમાવ્યું,

''જે કંઈ દસ્તરખાન પરથી જમીન પર પડે તેને ખાઈ લો.''

હઝરત ઈમામ રઝા અ.થી નકલ છે કે,

''કોઈ માણસ ઘરમાં ખાવા ખાતો હોય અને ખાવામાંથી કંઈક જમીન પર પડી જાય તો જરૂરી છે કે તેને વીણી લેવામાં આવે. અગર જંગલમાં ખાવા ખાતો હોય તો જમીન પર પડેલા ટૂકડા પક્ષીઓ અને જાનવરો માટે એમ જ રહેવા દે.''

બીજી એક હદીસમાં છે કે,

''દસ્તરખાન પર પડી ગએલી વસ્તું ખાવાથી ખાનારની તથા તેની નસલની સાતમી પેઢી સુધીની ગરીબાઈ દૂર કરે છે.''

અન્ય એક રિવાયતમાં છે કે,

''દસ્તરખાન પર વેરાએલા કણો જે માણસ ખાશે તે પાગલપણા, કોઢ, સફેદ દાગ અને કમળાથી મહેફૂઝ રહેશે.''

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

''દસ્તરખાન પરના ટૂકડા હુરોની મહેર છે.''

એક હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''ખજૂર યા રોટીનો ટૂકડો જમીન પર પડેલો જૂએ અને તેને પાક કરીને ખાઈ લે તો તે પેટમાં પહોંચે તે પહેલાં જન્નત તેના માટે લખી દેવામાં આવશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''મોમીનનું એંઠું ખાવા ખાવું યા પાણી પીવું એ સીત્તેર બીમારીઓની દવા છે.''

અલ્લાહ તઆલાએ નહરે સરસારના રહેવાસીઓને એટલી બધી નેઅમત આપી હતી કે, ''ઘઉંની સોજી તૈયાર કરીને તેની રોટીઓ પકાવતા હતા. તે રોટીઓને એક કચરામાં નાખી દેતા હતા. એટલા સુધી કે આવી રોટલીઓનો એક પહાડ બની ગયો. એક દિવસ અચાનક એક પરહેઝગાર માણસ ત્યાંથી પસાર થયો. તેણે એક સ્ત્રીને રોટલીથી તેના બાળકના પાયખાનાની નજાસતને સાફ કરતી જોઈ.'' તે માણસે સ્ત્રીને કહ્યું,

''અલ્લાહથી ડરો અને જે નેઅમત અલ્લાહે આપી છે તેને જાણી જોઈને બરબાદ ના કરો.'' તે સ્ત્રીએ આ પરહેઝગાર માણસને કહ્યું,

''શું તું અમને દુષ્કાળથી ડરાવે છે? જ્યાં સુધી અમારી આ નહેર વહે છે ત્યાં સુધી અમને દુષ્કાળની કોઈ પરવા નથી.''

અલ્લાહ તઆલાને આ શબ્દો સાંભળીને ગુસ્સો આવ્યો. આકાશમાંથી વરસાદ બંધ થઈ ગયો. જમીનમાં એક તણખું પણ ના ઊગ્યું. ત્યાં સુધી કે તે લોકો એ જ રોટલીઓના મોહતાજ થઈ ગયા જેનાથી પાયખાનું સાફ કરતા હતા. આપસમાં તોળી તોળીને તેને વહેંચણી કરવા લાગ્યા.

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

પોતે પોતાના નોકરોને હંમેશા કહેતા હતા કે, ''અગર જમતી વખતે હું તમારી સામે આવીને ઊભો રહું તો તમારા માટે જરૂરી છે કે, જ્યાં સુધી જમી ના રહો ત્યાં સુધી મારા સન્માન માટે ઊભા ના થાઓ.'' મોટા ભાગે એવું બનતું હતું કે,

''આપ અ. કોઈને બૂમ પાડી હોય અને કોઈ એમ કહી દે કે તે ખાવા ખાઈ રહ્યો છે તો આપ એ ફરમાવતા હતા કે, ખાવા ખાઈ લેવા દો. ખાવા ખાતું હોય તેનાથી આપ કોઈ કામ લેતા ન હતા.''

## પ્રકરણ-૩૧
## ખાવા-પીવાની ચીજ વસ્તુંઓની ફઝીલત

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

''રોટીની ઈજ્જત કરો. કેમ કે, અર્શથી ફર્શ (આકાશથી જમીન) સુધી ઘણા ફરિશ્તા અને જમીનવાસીઓની મહેનત બાદ તમારા માટે રોટલી તૈયાર થઈ છે.''

ત્યાર પછી ફરમાવ્યું કે,

''એક દિવસ હઝરત દાનિયાલ અ. એક નાવિક પાસે આવ્યા અને એક રોટલી મજૂરી પેટે તેને આપી કે મને પાર ઉતારી દે.નાવિકે તે રોટી તેમની સામે લોકોના પગોમાં એવી રીતે ફેંકી દીધી કે રોટલી પગ તળે ચગદાઈ ગઈ.''

પછી કહ્યું કે,

''હું આ રોટીને શું કરું?''

હઝરત દાનિયાલ અ. માથું આસમાન તરફ કરી વિનંતી કરી,



https://downloadshiabooks.com/

''પરવરદિગારે આલમ! તું રોટીની ઈજજત કર. તેં જોયું કે આ માણસે રોટલીની સાથે કેવું વર્તન કર્યું? તેં સાંભળ્યું કે તેણે શું કહ્યું?''

''ખુદાવંદે આલમે આસમાનને હુકમ કર્યો કે, 'વરસાદ ના વરસે' અને જમીનને હુકમ કર્યો કે, 'ઘાસ ના ઊગે.' ત્યાં સુધી લોકોની એ હાલત થઈ કે ભૂખના માર્યા એક બીજાને ખાવા લાગ્યા.''

બે સ્ત્રીઓની વાત છે કે બંનેને એક એક બાળક હતું. એક સ્ત્રીએ કહ્યું, આજે આપણે મારા બાળકને ખાઈએ. આવતી કાલે આપણે બંને તારા બાળકને ખાઈશું. જયારે બીજી સ્ત્રીનો બાળક ખાવાનો વારો આવ્યો તો તેણીએ ઈન્કાર કરી દીધો. આ બાબતે મોટો ઝઘડો થયો. તેના ન્યાય માટે તેઓ હઝરત દાનિયાલ અ.ની સેવામાં હાજર થયા. હઝરતે તેમને કહ્યું,

''શું પરિસ્થિતિ આટલે સુધી પહોંચી છે?'' તેણીઓએ કહ્યું,

''હા.''

હઝરત દાનિયાલ અ. દુઆ માટે આસમાન તરફ હાથ ઉઠાવીને અરજ કરી,

''હે પરવરદિગાર! હવે ફરી તારો ફઝલ અને રહેમત અતા કર, પેલા નાવિકના ગુનાહના કારણે આ માસુમ બચ્ચાઓ પર અઝાબ ના ઉતાર.'' અલ્લાહ તઆલાએ આસમાનને હુકમ કર્યો કે,

''મારી મખ્લુક માટે તે ઘાસચારો ઊગાડ જે આ મુદ્દત દરમિયાન તેઓને નસીબ નહોતો થયો. કેમ કે મને આ નાની વયના બાળક પર રહેમ આવી છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''રોટલીને સાલનના પ્યાલા નીચે ના રાખો.''

અન્ય એક હદીસમાં ફરમાવ્યું કે,

''રોટીની ઈજજત કરો.'' લોકોએ પૂછ્યું?

''રોટલીની ઈજજત કેવી રીતે કરવામાં આવે?'' આપે ફરમાવ્યું,

''જેવી રોટલી તમારી સામે આવે તેને તમે ખાવાની શરૂં કરી દો. કોઈ વસ્તુંની રાહ ના જૂઓ.''

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''જાનવરોની જેમ રોટલીને સુંઘો નહિ. કેમ કે રોટલી એટલી બરકતવાળી વસ્તું છે કે તેના લીધે તમે નમાઝ પઢો છો, રોટલીના લીધે તમે રોઝા રાખી રાખો છો અને રોટલીના કારણથી તમે હજજે બયતુલ્લાહ અદા કરો છો.''

''અય અલ્લાહ! રોટીમાં અમારા માટે બરકત અતા કર. રોટીને અમારાથી જુદી ના કર. કેમ કે રોટી નહિ હોય તો અમારાથી નમાઝ થઈ શકશે નહિ, ના રોઝા, ના તારી કોઈ ઈબાદત.''

અન્ય એક હદીસમાં ફરમાવ્યું કે,

''જયારે ગોશ્ત અને રોટલી બંને એક સાથે તમારી પાસે મુકવામાં આવે તો શરૂંઆત રોટલીથી કરો. રોટલી થકી ભૂખને મીટાવો. ત્યાર પછી ગોશ્ત ખાઓ.''

હઝરત ઈમામ રઝા અ.થી નકલ છે કે,

હઝરત રસુલેખુદા સ.મે ફરમાવ્યું, ''નાની નાની રોટલીઓ પકાવો. કેમ કે તેમાં દરેક લોકો માટે બરકત છે.''

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''ઘઉની રોટલી પર જવની રોટલીની ફઝીલત એટલી છે જેટલી ફઝીલત અમો અહલેબૈત અ.ની તમામ લોકો પર. એકેય પયગમ્બર એવા નથી આવ્યા જે જવની રોટલી યા જવનું પાણી પીવાવાળાઓ માટે દુઆ ન કરી હોય. અગર કોઈ માણસ જવનું પાણી યા જવની રોટલી ખાશે તેના પેટમાં કોઈ તકલીફ બાકી નથી રહી શકતી. જવની રોટલી યા જવમાંથી બનાવેલી ખાવાની કોઈ પણ વસ્તું પયગમ્બરો અને નેક લોકો માટે કુવ્વત છે. પયગમ્બરોને અલ્લાહતઆલા જવની રોટલી થકી જ શક્તિ આપી છે. એ પણ ફરમાવ્યું કે ક્ષય (ટી.બી.)ના રોગી માટે ચાવલ અને જવની રોટીથી બહેતર કોઈ ખોરાક નથી.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

'ઝાડા(જુલાબ)ની બીમારીવાળા અને ક્ષયના રોગીમાટે જવની રોટીથી બહેતર કોઈ વસ્તું નથી. આ રોટીનો ગુણ એ પણ છે કે, દરેક પ્રકારના દર્દ શરીરમાંથી દૂર કરી દે છે.''

હદીસમાં છે કે,

''હઝરત રસુલુલ્લાહ સ. જ્યાં સુધી દુનિયામાં રહ્યા જવની રોટી ખાતા રહ્યા.''

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

''સત્તુ (ઘઉં શેકીને ખાંડવામાં આવે છે. તેમાંથી મિષ્ટાન બનાવવામાં આવે છે. રાબ યા સોજી) શ્રેષ્ઠ ખોરાક છે. ભૂખ્યા લોકોનું તેનાથી પેટ ભરાય છે. ભર પેટે કોઈ તેને ખાય તો તેનું ખાવાનું હજમ થઈ જાય છે.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''સત્તુ એ ખુદાતઆલાની વહી મુજબ તૈયાર કરવામાં આવેલું છે. તેના કારણે ગોશતમાં વધારો થાય છે. હાડકાઓને



https://downloadshiabooks.com/

મજબૂત કરે છે. પયગમ્બરોનો પણ તે જ ખોરાક છે. સૂકુ સત્તુ ખાવાથી સફેદ દાગ નષ્ટ થઈ જાય છે. ઝયતુનના તેલમાં મેળવીને ખાવાથી શરીર હૃષ્ટપુષ્ઠ બને છે. હાડકા મજબૂત થાય છે. ચહેરો સૌંદર્યતાથી ખીલી ઊઠે છે. સંભોગ શક્તિ વધે છે. અગર સૂકા સત્તુની ત્રણ ફાકી સવારે નરણા કોઠે ખાવામાં આવે તો કફ અને પિત્ત દૂર નાબૂદ થાય છે.''

એક અન્ય હદીસમાં ઈમામ અ.મે ફરમાવ્યું છે કે,

''સત્તું ૭૦ બીમારીઓને નાબૂદ કરે છે. જે માણસ ચાલીસ દિવસ સુધી સવારના સત્તુ ખાય તો તેના બંને ખભાઓ (બાવડા) મજબૂત થઈ જશે.''

અન્ય એક હદીસમાં છે કે,

''સત્તુ વધુ પડતી તરસને દૂર કરે છે. જઠરને શક્તિ અર્પે છે. પિત્તને ઘટાડે છે. જઠરને સાફ કરે છે. ૭૦ પ્રકારની બીમારીઓ માટે તેમાં શીફા છે. લોહીની તીવ્રતા (હાઈ બ્લડ પ્રેશર)ને દૂર કરે છે.''

હઝરત ઈમામ મોહંમદ તકી અ.થી નકલ છે કે,

''જે સ્ત્રીને માસિક ઋતુસ્ત્રાવ બંધ ન થતો હોય તો તેને સત્તુ પીવરાવો. લોહી બંધ થઈ જશે. ''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે જે વસ્તુંઓ સાથે રોટી ખાવામાં આવે છે તેમાં સૌથી શ્રેષ્ઠ ગોશ્ત છે. ખુદાતઆલા જન્નતના મહિમામાં ફરમાવ્યું છે કે,

**'વ લહ્મ તયરીમ મીમ મા યશ્તહુન.'**

(તમે જે પ્રકારના ચાહશો તે પક્ષીઓના ગોશ્ત ખાવા મળશે.)

હ. ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ગોશ્ત ખાવાથી શરીરનો ગોશ્ત વધે છે. જે માણસ ચાલીસ દિવસ સુધી ગોશ્ત ન ખાય તે ખરાબ સ્વાભાવ (શંકાશીલ, વહેમી)નો બની જાય છે. જો કોઈ દુરાચારી થઈ જાય તો તેના કાનમાં અઝાન કહેવી જોઈએ. આ પણ ફરમાવ્યું કે, અગર કોઈને ચાલીસ દિવસમાં ગોશ્ત નસીબ ના થાય તો તેણે ખુદા પર ભરોસો કરી કર્ઝ લઈને પણ ગોશ્ત ખાય. તેનું કર્ઝ ખુદા અદા કરશે.''

એક માણસ હઝરત ઈમામ અલી રઝા અ.ની સેવામાં અરજ કરી કે,

''મારા ઘરવાળા ઘેટાનું ગોશ્ત નથી ખાતા. કહે છે કે, તેનાથી વાયુ (ગેસ) થાય છે. તેના લીધે માથાનો દુઃખાવો તથા અન્ય દર્દો થાય છે.'' હઝરતે ફરમાવ્યું કે,

''અગર ખુદાતઆલા ઘેટાના ગોશ્તથી વધારે અન્ય કોઈ ગોશ્તને બહેતર જાણતા હોત તો ઘેટાને હઝરત ઈસ્માઈલ અ.ની કુરબાનીના બદલામાં પસંદ ના કરતા.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''પક્ષીઓ અને ગાયનો ગોશ્ત બાલખરવાની બીમારીને દૂર કરે છે.''

પછી ફરમાવ્યું કે,

''ગાયનું દૂધ દવા છે. તેના ઘીથી શીફા મળે છે. તેના ગોશ્તથી બીમારી નાશ પામે છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''ચકોરનો ગોશ્ત ખાવાથી પીંડલીઓ મજબૂત થાય છે અને તાવ જતો રહે છે.''

ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''કાળા રંગના હરણનો ગોશ્ત ખાવામાં કોઈ વાંધો નથી. પરંતું મસા તથા કમરના દરદ માટે ફાયદાકારક છે. સંભોગ શક્તિમાં વધારો કરે છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''ભેંસનો ગોશ્ત, દૂધ અને ઘી ખાવામાં કોઈ હરજ નથી.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

**''ત્રણ વસ્તુંઓ શરીરને ખરાબ કરી દે છે. મોટા ભાગે એવું બને છે કે માણસ તેના લીધે મૃત્યું પામે છે.''**

(૧) છાંયડામાં સૂકાવેલો દુર્ગંધ મારતો ગોશ્ત ખાવાથી.

(૨) પેટ ભરેલું હોય તેવા સંજોગોમાં સ્નાન કરવું.

(૩) ઘરડી સ્ત્રી સાથે સંભોગ કરવો.

તે જ હઝરતથી નકલ છે કે,

**''ત્રણ વસ્તુંઓ એવી છે જે ખાવામાં નથી આવતી આમ છતાં શરીરને જાડું બનાવે છે.''**

(૧) સુતરાઉ કપડાં પહેરવાં.

(૨) ખુશ્બુ સુંઘવી.

(૩) નૂરો લગાવવો.

**ત્રણ વસ્તુંઓ ખાવામાં આવે છે પણ શરીરને દુબળું બનાવે છે.**

(૧) સૂકાવેલો ગોશ્ત.

(૨) પનીર.

(૩) ખજૂરની કલીઓ.

**બે વસ્તુંઓ એવી છે જે ફાયદો જ ફાયદો કરે છે.**

(૧) હુંફાળું પાણી.

(૨) દાડમ.

**બે વસ્તુંઓ એવી છે નુકશાન જ નુકશાન કરે છે.**



https://downloadshiabooks.com/

(૧) સૂકાવેલો ગોશ્ત.

(૨) પનીર.

હઝરત રસુલેખુદા સ. પાયાનો ગોશ્ત પસંદ કરતા હતા. અને રાન (જાંઘ)ના ગોશ્તથી નફરત કરતા હતા. કેમ કે તે મૂત્ર પિંડની નજીક છે.

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''દૂધમાં પકાવેલો ગોશ્ત પયગમ્બરોનો ખાસ ખોરાક છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''અગર કોઈ મુસલમાન વૃધ્ધ થઈ જાય તો તેના માટે જરૂરી છે કે, ગોશ્તને દૂધમાં પકાવીને ખાય.''

હઝરત રસુલેખુદા સ.ને બધા ફળોમાં દાડમ વધારે પસંદ હતા.

ઘણી હદિસોમાં સુરવાવાળા ગોશ્તની તાઅરીફ કરવામાં આવી છે. જેમાં રોટલીને તોડી સુરવાવાળા ગોશ્તમાં ભીંજવી દેવામાં આવે છે. ભરોસાપાત્ર હદિસોમાં કબાબની તાઅરીફ પણ કરવામાં આવી છે. તે કમજોરી અને તાવને ભગાડી દે છે. તથા (શરીરના) રંગને લાલ બનાવી દે છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''તમારે હરીસા (ગોશ્તને બાફવાથી બાકી રહેલ પાણીમાં ગોશ્ત તથા ઘઉંના લોટને દૂધમાં પકાવવામાં આવે છે.) ખાવો જોઈએ. તે ચાલીસ દિવસની ઈબાદતની શક્તિ ધરાવે છે. હરીસા એ ખાણું છે જે અલ્લાહતઆલાએ હઝરત રસુલેખુદા સ. પર નાઝીલ કર્યું હતું.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''પયગમ્બરોમાંથી કોઈક પયગમ્બરે શારીરિક કમજોરી તથા સંભોગ શક્તિની કમીની ફરિયાદ કરી તો અલ્લાહ તઆલાએ વહી કરી કે હરીસા ખાઓ.''

હારૂન ઈબ્ને મુફીકથી નકલ છે કે,

એક દિવસે ઈમામ મુસા કાઝીમ એ મે મને બોલાવ્યો. હું હઝરતની સાથે જમ્યો પણ ખરો. હઝરતના દસ્તરખાન પર હલવો (મીઠી ચીજવસ્તું) ખૂબ જ હતો. હું હલવાની અતિશયતા માટે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તો હઝરતે ફરમાવ્યું કે,

''અમે અને અમારા ચાહવાવાળા મીઠાશમાંથી પેદા થએલા છીએ. આ કારણથી અમને હલવલ-મીઠાશ વધારે પસંદ છે.''

અબ્દુલ આલાથી નકલ છે કે,

એક દિવસ મને હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સાથે જમવાનો મોકો મળ્યો. હઝરતની સામે ચીકન બીરયાની પેશ કરવામાં આવી. જેમાં ખજૂર અને તેલ ભરેલું હતું.

યુનુસ ઈબ્ને યાકુબ અ.થી નકલ છે કે,

અમે મદીનામાં હતા કે ઈમામ જાફરે સાદિક અ. કોઈની મારફતે સમાચાર મોકલાવ્યા કે, ''અમારા માટે થોડોક ફાલુદા તૈયાર કરી મોકલવામાં આવે.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જે માણસ રાતના સમયે મછલી ખાય ત્યાર બાદ ખજૂર યા મધ ના ખાય તો સવાર સુધીમાં નસો ઢીલી પડીને હરકતમાં આવી જશે.'' આ પણ ફરમાવ્યું કે,

''હઝરત રસુલુલ્લાહ સ. જયારે મછલી ખાતા તો આ મુજબ કહેતા હતા,''



https://downloadshiabooks.com/

**‘અલ્લાહુમ્મા બારીક લના ફીહે વ અબ્દે લના ખયરમ મીન્હો.’**

(યા અલ્લાહ અમને આ મછલીમાં બરકત આપ અને તેના બદલામાં અમને તેનાથી વિશેષ અતા ફરમા.)

હઝરત ઈમામ મુસા ઈબ્ને જાફર અ.થી નકલ છે કે,

‘‘તમારે મછલી ખાવી જોઈએ. તેને રોટલી વિના ખાવામાં આવે તો પણ પૂરતી છે. અગર રોટલીની સાથે ખાવામાં આવે તો પસંદ કરવાલાયક છે.’’

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

‘‘મછલી દરરોજ ના ખાઓ. તેનાથી તે શરીરને ઘટાડે છે.’’

એક રિવાયતમાં છે કે,

‘‘તાજી મછલી આંખોની ચરબીને ઓગાળી દે છે.’’

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

‘‘મુરઘીના ઈંડાની ઝરદી ફાયદાકારક છે. તે ખાધા બાદ ગોશ્ત ખાવાની ઈચ્છા થતી નથી. ગોશ્તમાં જે કંઈ ખરાબીઓ છે તે આમાં નથી.’’

એક માણસે ઈમામ અલી રઝા અ.ની સેવામાં ઓલાદની કમીની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું કે

‘‘ઈસ્તિગ્ફાર કરો. અને મુરઘીના ઈંડાને ડુંગળી સાથે પકાવીને ખાઓ.’’

હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.થી નકલ છે કે,

‘‘કોઈ પયગમ્બરે અલ્લાહતઆલાને ઓલાદની કમીની ફરિયાદ કરી. વહીએ ઈલાહી થઈ કે, મુરઘીના ઈંડા ગોશ્તમાં પકાવીને ખાઓ.’’

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''મુરઘીની સફેદી પચવામાં ભારે છે અને ઝરદી હલકી છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''ઈંડા વધારે ખાવાથી ઓલાદ પણ વધારે થાય છે.''

''સીરકો એ પયગમ્બરોનો ખોરાક છે. અઈમ્માએ માસુમીન અ. પણ તેને ખાતા હતા.''

હઝરત રસુલેખુદા સ.ની દ્રષ્ટિએ જેની જેની સાથે રોટલી ખાઈ શકાય છે તે સૌમાં સૌથી શ્રેષ્ઠ સીરકો છે.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સીરકાથી પેટના કીડા મૃત્યું પામે છે. દાંતોના મૂળ મજબૂત બને છે. દિમાગની શક્તિમાં વધારો થાય છે. સ્ત્રીઓની કામોત્તજના (શહેવત) ઘટી જાય છે.'' આ પણ ફરમાવ્યું કે,

''બની ઈસરાઈલ જમતાં પહેલાં અને પછી સીરકો ખાતા હતા. પરંતુ અમે જમતાં પહેલાં નમક ખાઈએ છીએ અને જમવાના અંતે સીરકો.''

ઝયતુનનું તેલ ખાવા માટે તથા માલીશ કરવા માટે ઘણી હદીસોમાં જણાવેલ છે. પયગમ્બરો અને પૂર્વજો ઝયતુનના તેલની સાથે રોટલી ખાતા હતા. ઝયતુનના ફળના ફાયદા પણ ખૂબ જ વર્ણવેલા છે. તે શરીરની ઝેરી હવાને દૂર કરે છે.

હદીસમાં છે કે,

''હઝરત ઈમામ મુસા કાઝીમ અ. સૂતી વખતે મીઠી વસ્તું ખાતા હતા. સાકર દરેક પ્રકારે ફાયદાકારક છે અને કફને નાશ કરનાર છે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''ગાયનું ઘી જે શીફા આપનાર છે. વૃધ્ધોને ખાસ કરીને ૫૦ વરસથી મોટી ઉમરના લોકોને ઘી ખાવાની મનાઈ કરવામાં આવે છે. પરંતું ગાયનું ઘી તેઓ માટે ફાયદાકારક છે.''

''દૂધ એ પયગમ્બરોનો ખોરાક છે.'' એક માણસ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ કહ્યું,

''મેં દૂધ પીધું તેનાથી મને તકલીફ થઈ.'' હઝરતે ફરમાવ્યું,

''દૂધથી કોઈ નુકશાન નથી થતું પરંતું તું દૂધની સાથે બીજી કોઈ વસ્તું ખાધી હશે તેનાથી તકલીફ થઈ છે.''

એક માણસે ઈમામ જાફરે સાદિક અ.ને શરીરની કમજોરીની ફરિયાદ કરી. તો આપે ફરમાવ્યું,

''દૂધ પી કે તેનાથી ગોશ્ત પેદા થાય છે અને હાડકા મજબૂત થાય છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

''અગર કોઈને વિર્યપાત થઈ જતું હોય અને ઓલાદ ના થતી હોય તો દૂધમાં મધ મીલાવીને પીવે.''

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''તમારે ગાયનું દૂધ પીવું જોઈએ. કેમ કે તે દરેક પ્રકારનું ઘાસ ખાય છે. તેના દૂધમાં દરેક ઘાસની ખાસીયત મૌજુદ છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''ગાયનું દૂધ દવા છે. પેટની ખરાબી પર ફાયદાકારક છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે છે કે,

''(કેટલીક બીમારીઓમાં) ઊંટનો પેશાબ તેના દૂધ કરતાં વધારે ફાયદાકારક છે. અલ્લાહ તઆલા ઊંટના દૂધમાં પણ શીફા આપેલી છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''ગરમીમાં અખરોટ ખાવાથી શરીરની અંદરની ગરમીમાં વધારો થાય છે. ફોલ્લા-ફોલ્લી બહાર નીકળે છે. શિયાળામાં અખરોટ ખાવાથી ગુરદા ગરમ રહે છે. શરદી ઓછી માલુમ પડે છે.''

## પ્રકરણ-૩૨
## શાકભાજી તથા ફળફળાદીની ફઝીલત

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''ચાવલ ઉમદા ખોરાક છે. મસાની તકલીફને દૂર કરે છે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં આવ્યો અને પેટની તકલીફની ફરિયાદ કરી. ઈમામે ફરમાવ્યું કે,

''ચાવલને ધોઈને છાંયડામાં સૂકાવી લો. તેમાંથી થોડા ચાવલ બાફીને તેને ધીમેથી ખાંડી લો. દરરોજ સવારે એક મૂઠી આ ચાવલ ખાઈ લો.''

''હઝરત ઈમામ અલી રઝા અ. બાફેલા ચણા જમવાના પહેલાં અને જમ્યા બાદ ખાતા હતા.''

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''૭૦ પયગમ્બરોએ ચણાની બરકત માટે દુઆ માંગી હતી.''

હદીસમાં છે કે,

''મસૂરનું ખાણું દિલને નરમ કરે છે અને તેનાથી આંસુ વધારે આવે છે.''

સુલેમાન ઈબ્ને જાફરથી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''હું ઈમામ અલી રઝા અ.ની સેવામાં હાજર થયો કે હઝરતની સામે તાજી તાજી ખજૂરો રાખેલી હતી. હઝરત ખાસ પોતાની ખુશીથી તે આરોગતા હતા.'' મને હુકમ કર્યો કે,

''અય સુલેમાન! મારી પાસે આવો અને તમે પણ ખજૂર ખાઓ.'' હું અરજ કરી કે,

''હું આપ પર કુરબાન થાઉં. આપ તો ઘણા શોખથી ખજૂરો ખાઈ રહ્યા છો.'' હઝરતે ફરમાવ્યું,

''હા મને તે ખૂબ જ ભાવે છે. કેમ કે હઝરત રસુલુલ્લાહ સ., હઝરત અમીરૂલ મોઅમેનીન અ., હઝરત ઈમામ હસન અ., હઝરત ઈમામ હુસૈન અ., હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ., હઝરત ઈમામ મોહંમદ બાકિર અ., હઝરત ઈમામ જાફરે સાદિક અ. અને મારા મોહતરમ માતા-પિતાને ખજૂર ખૂબ જ ભાવતી હતી. મને પણ ખૂબ જ ભાવે છે. જે લોકો અમારા પર ઈમાન લાવ્યા છે તેઓને પણ ખૂબ જ ભાવે છે. કેમ કે, તેઓ અમારા લોહીથી પેદા થયા છે. અમારા દુશ્મનોને શરાબ પસંદ છે. એટલા માટે કે તેઓ આગથી પેદા થયા છે.''

ઈમામ અ.થી નકલ છે કે,

**પાંચ ફળો જન્નતમાંથી આવ્યા છે.**

(૧) બીજ વગરના દાડમ

(૨) બેહી

(૩) શામી સફરજન

(૪) સફેદ દ્રાક્ષ

(૫) તાજી ખજૂર

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''કોઈ ફળની છાલ ઉતારવી મકરૂહ છે. ફળો પર એક પ્રકારનું ઝેર લાગેલું હોય છે. માટે ફળને ખાતા પહેલાં તેને ધોઈ લો પછી ખાઓ.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''બે ફળો એવા છે જેને બે હાથો વડે ખાવા જોઈએ તે છે,

(૧) દ્રાક્ષ અને (૨) દાડમ.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.થી નકલ છે કે,

**ત્રણ વસ્તુંઓ કોઈ જ નુકશાન નથી કરતી.**

(૧) સફેદ દ્રાક્ષ, (૨) શેરડી (૩) સફરજન.

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જ્યારે હઝરત નૂહ અ. કશ્તીમાંથી ઉતર્યા તો માણસોના શરીર પર હાડકાં જોયા તો આપને ઘણો આઘાત લાગ્યો. અલ્લાહતઆલાએ વહી ફરમાવી કે, કાળી દ્રાક્ષ ખાઓ. તમારી ઉદાસી દૂર થઈ જશે.''

''કોઈ પયગમ્બરે ગમગીનીની ફરિયાદ કરી હતી. તો તેમને વહી થઈ કે દ્રાક્ષ ખાઓ.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''એકવીસ લાલ દ્રાક્ષનો નાશતો કરો. એ મોત સિવાય તમામ બીમારીઓને ખતમ કરે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ફળ એકસો વીસ પ્રકારના હોય છે. તે બધામાં દાડમ સૌથી શ્રેષ્ઠ છે.'' પછી ફરમાવ્યું કે,

''તમે લોકોએ દાડમ ખાવા જોઈએ. તે ભૂખ્યાને સંતુષ્ટ કરે છે. અને પેટ ભરેલું હોય તેના ખોરાકનું પાચન કરે છે. હઝરત રસુલેખુદા સ.ને દાડમથી વધારે કોઈ ફળ પસંદ ન હતું. તથા



https://downloadshiabooks.com/

રસુલ સ. ઈચ્છતા ન હતા કે દાડમ ખાતી વખતે તેમની સાથે કોઈ શરીક થાય.''

મોટાભાગની હદીસોમાં આવેલ છે કે,

''દરેક દાડમમાં એક દાણો જન્નતનો હોય છે. અગર તેને કોઈ કાફિર ખાય તો એક ફરિશ્તો આવીને તે દાણાને લઈ જાય છે કે તે ન ખાઈ શકે. તેથી મુસ્તહબ છે કે, જયારે પણ દાડમ ખાય તો એકલા ખાય.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''જે મોમીન એક દાડમ આખું ખાઈ લે તો ખુદા તઆલા શયતાનને તેના દિલની રોશનીથી ચાલીસ દિવસ સુધી દૂર કરી દે છે. તથા જે મોમીન ત્રણ દાડમ પૂરા ખાઈ લે તો ખુદાતઆલા શયતાનને તેના દિલની રોશનીથી એક વરસ માટે દૂર કરી દે છે. શયતાન જે માણસથી એક વરસ માટે દૂર રહેશે તે ગુનાહોમાં નહિ સપડાય. જે ગુનાહોમાં ના સપડાય તે જન્નતમાં દાખલ થશે.''

તે ઈમામ અ.થી નકલ છે કે,

''મીઠા દાડમ ખાવા જોઈએ. કેમ કે તેનો જે ભાગ મોમીનના પેટમાં જાય છે તે જ કોઈને કોઈ દરદને દૂર કરે છે. તથા શયતાનના વસવસાને પણ દૂર કરે છે.''

અન્ય એક હદીસમાં છે કે,

''દાડમના દાણાને બીજ સહિત ખાવા જોઈએ. આ રીતે ખાવાથી પેટને સાફ કરે છે. તથા વાળ વધારે છે. આ પણ કહ્યું કે, ખાટા મીઠા બંને પ્રકારના દાડમ પેટના માટે ફાયદાકારક છે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''ખજૂરના ઝાડની ડાળીનો ધૂમાડો વરસાદી કીડા-જીવજંતું અને ઝેરીલા જાનવરોને સુસ્ત બનાવી દે છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક એથી નકલ છે કે,

''સફરજન જઠરને સાફ કરે છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ.મે ફરમાવ્યું કે,

''સફરજન ખાવાથી દરેક પ્રકારના ઝેર, જાદુ, મંત્ર-તંત્ર, જીન્નાત અને કફ માટે ફાયદાકારક છે. કોઈ વસ્તું ફાયદાકારક હોય તે વધારે પ્રમાણમાં નુકશાન નથી પહોંચાડતું.''

હદીસમાં છે કે,

''અગર લોકોને સફરજનના ફાયદા સમજમાં આવી જાય તો પોતાના બીમારોને સફરજન સિવાય કોઈ દવા ના કરે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''સફરજન ખાઓ કે તે જઠરને સાફ કરે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''બેહી (ફળ) ખાવાથી કમજોર દિલમાં શક્તિશાળી બને છે. પેટ સાફ થઈ જાય છે. મગજશક્તિ વધે છે. ડરપોક માણસ સાહસિક બની જાય છે.''

ઈમામ જાફરે સાદિકથી નકલ છે કે,

''બેહી ખાવાથી ઓલાદ ખૂબસુરત પેદા થાય છે.''

બીજી એક હદિસમાં છે કે,

''જે માણસ નરણા કોઠે એક બેહી ખાય તો તેનું વીર્ય સાફ આવે છે. ઓલાદ ખૂરસુરત પેદા થાય છે.''

અન્ય એક હદીસમાં છે કે,

''જે કોઈ એક બેહી નરણા કોઠે ખાય તો અલ્લાહતઆલા ચાલીસ દિવસ સુધી તેની જીભ પર હિકમત જારી કરે છે.''



https://downloadshiabooks.com/

આ પણ ફરમાવ્યું કે,

''બેહી ખાવાથી ગમવાળાનો ગમ એવી રીતે દૂર કરે છે, જેવી રીતે હાથથી કપાળ પરનો પસીનો સાફ કરી દે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન નકલ છે કે,

''જામફળ ખાવાથી જઠર સાફ થાય છે અને શક્તિ પેદા કરે છે. જામફળ નરણા કોઠે ખાવા કરતાં ભરપેટે ખાવું બેહતર છે.''

ઈમામ રઝા અ.થી નકલ છે કે,

''અંજીર મોંઢાની બદબૂ દૂર કરે છે. હાડકાઓને મજબૂત કરે છે. વાળ વધારે છે. વિવિધ પ્રકારના દરદોને દૂર કરે છે. અંજીર ખાધા પછી કોઈ દવાની જરૂરત પડતી નથી. અંજીર જન્નતના મેવાઓમાંથી સૌથી વધુ મળતાવડું છે.''

બીજી હદીસમાં છે કે,

''અંજીર મોટા આંતરડાના દરદો માટે ફાયદાકારક છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

''અંજીર ખાવાથી ખરાબ ગાંઠ નરમ થઈ જાય છે. હવા છૂટ અને મોટા આંતરડાને ફાયદો પહોંચાડે છે. આ પણ ફરમાવ્યું કે દિવસે ખાઓ તો વધારે ખાઓ રાત્રે ખાઓ તો ઓછા ખાઓ.''

ઝિયાદકુન્દીથી નકલ છે કે,

''હું હઝરત ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં ગયો. મેં જોયું કે, હઝરતની પાસે પાણી ભરેલું એક વાસણ છે જેમાં આલુબુખારા (ખટ્ટ-મીઠ ફળ) રાખેલ છે.'' ફરમાવ્યું કે,

''મને તાવની બળાગમ આવેલી છે. તાજા આલુબુખારા તાવની હરારતને ઓછી કરે છે અને પિત્તને નાશ કરે છે. સૂકા આલુબુખારા લોહીને નાશ કરે છે અને દરેક પ્રકારના દરદોને શરીરમાંથી કાઢી દે છે.''



https://downloadshiabooks.com/

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''તડબુચ ખાઓ તેના ઘણા ફાયદા છે. તેમાં કોઈ પણ જાતની ખરાબી કે બીમારી નથી. તે ખાવની વસ્તું પણ છે અને પીવાની પણ. ફળ નું ફળ છે. સુગંધની સુગંધ. મોંને પણ સાફ કરે છે. રોટી સાથે ખાવાની ચીજ પણ છે. સંભોગ શક્તિમાં વધારો કરે છે. પેશાબની થેલી સાફ કરે છે. પેશાબ વધારે છે. પેશાબમાં રેતીના કણોને દૂર કરે છે.''

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

''નરણા કોઠે તડબૂચ ખાવાથી લકવો થાય છે. હઝરત રસુલેખુદા સ. તડબૂચની સાથે તાજી ખજૂર પસંદ કરતા હતા. ક્યારેક કયારેક ખાંડની સાથે પણ ખાતા હતા.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હઝરત રસુલેખુદા સ. નવા ફળ જોતા ત્યારે તેને બોસો (ચૂંબન) આપી બંને આંખો પર લગાવતા હતા. (અલ્લાહની નેઅમતની કદર કરતા હતા.) પછી આ મુજબ પઢતા હતા,''

**'અલ્લાહુમ્મા કમા અરયતના અવ્વલહા ફી આફેયતીન ફારેના આખેરહા ફી આફીયહ.'**

(યા અલ્લાહ, જેવી રીતે તું તેની શરૂઆત અમારી તંદુરસ્તીના સમયે કરી છે. તેવી જ રીતે તેનો આખર વખત પણ અમારી તંદુરસ્તીના સમયે દેખાડ.)

હઝરત રસુલેખુદા સ.થી નકલ છે કે,

''અગર કોઈ વ્યક્તિ ફળ ખાય અને તેના ખાતા પહેલા **'બિસ્મિલ્લાહ'** પઢે તો તે તેને નુકશાન પહોંચાડશે નહિ.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

''હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ની સામે એવો કોઈ થાળ નથી આવ્યો જેમાં સબ્જી ના હોય.'' હઝરતે એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''મોમીનોના દિલો તરોતાઝા હોય છે અને સબ્જી તરફ ઢળે છે.'' આ પણ કહ્યું કે,

''જે માણસ રાત્રે એવી હાલતમાં સૂએ કે, કાચી સબ્જ કાસની (પાંદડાવાળી લીલી શાકભાજી છે.)ના સાત પત્તા તેના પેટમાં પહોંચી ગયા હોય તો તે રાત્રે લકવાથી મહેફૂઝ રહેશે. જે માણસ એમ ઈચ્છતો હોય કે તેના માલ અને ઓલાદ વધારે હોય તો સબ્જ કાસની વધારે ખાય.''

હઝરત ઈમામ રઝા અ.મે ફરમાવ્યું કે,

''કાસની ખાવાથી તમામ દર્દોને આરામ પહોંચે છે. એટલે કે ઔલાદે આદમના શરીરમાં એક પણ એવી બીમારી નથી જેને કાસની દૂર ના કરી શકે. એક માણસને તાવ અને માથાનો દુઃખાવો થયો.'' હઝરતે ફરમાવ્યું કે,

''કાસનીને પીસીને એક કાગળ પર ફેલાવી દો. તેના પર બનફશાનું તેલ છાંટીને કપાળ પર લગાવી દો. તેનાથી તાવ અને માથાનો દુઃખાવો બંને મટી જશે.''

હ.ઈમામ મુસા કાઝીમ અ.મે ફરમાવ્યું છે કે,

''ચુકન્દર (બીટ, ઉર્દૂમાં શલજમ અંગ્રજીમાં BEET ROOT કહે છે.)ઉમદા શાકભાજી છે.

હઝરત ઈમામ રઝા અ.મે ફરમાવ્યું છે કે,

''બીમાર લોકોને ચુકન્દર (બીટ)ના પાંદડા ખવરાવો. તેમાં શીફા જ શીફા છે.''

ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

હ.રસુલેખુદા સ. ફરમાવેલ છે કે, ''મશરૂમનો સમાવેશ મન્ન અને સલવામાં થાય છે. (મન્ન અને સલવા બની ઈસરાઈલ



https://downloadshiabooks.com/

પર ઉતારવામાં આવ્યા હતા.) મારા માટે જન્નતમાંથી આવ્યા હતા. તેનું પતણી આંખ માટે શીફા છે.''

હદીસમાં છે કે,

''હઝરત રસુલેખુદા સ.ને કદુ (દૂધીની જાત) ખૂબ જ પસંદ હતું. આપ પોતાની મોહતરમ પત્નીઓને કહેતા કે, ભોજનમાં કદુને વધારે પ્રમાણમાં નાખવામાં આવે. આપ સ.મે હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ને વસીયત કરી કે, અય અલી, કદુ જરૂર ખાઓ તેનાથી બુધ્ધિ તેજ બને છે. અક્કલમાં વધારો થાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**મૂળાના ત્રણ ફાયદા છે.**

(૧) તેના પાન શરીરમાંથી ઝેરી હવા બહાર કાઢે છે.

(૨) તેના બીજ ખાણાને હજમ કરે છે.

(૩) કફને બહાર કાઢે છે.

હ.ઈમામ જાફરે સાદિક અ. તથા ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''ગાજર ખાવાથી મર્દાનગીમાં વધારો થાય છે, આંતરડાના દર્દની તકલીફથી રાહત પહોંચે છે. મસા મટી જાય છે.''

''હઝરત રસુલુલ્લાહ સ. કાકડી નમકની સાથે ખાતા હતા.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કાકડીને મૂળીયા તરફથી ખાઓ તેમાં બરકત થશે.''

ઈમામ અ.નું ફરમાન છે કે,

''રીંગણ ખાઓ. તેમાં કોઈ બીમારી નથી. તેના ફાયદા માટે ઘણી હદીસો આવેલી છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ડૂંગળી મોંઢાની બદબૂને દૂર કરે છે, કફનો નાશ કરે છે, થાક ઉતારે છે, નસો અને પીઠને મજબૂત કરે છે, દાંતોના મૂળિયાને મજબૂત કરે છે, મર્દાનગીમાં વધારો થાય છે, નસલને વધારે છે, તાવ દૂર કરે છે, શરીર ખુશહાલ રહે છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમે કોઈ શહેરમાં પહોંચો તો સૌથી પહેલાં ત્યાંની ડૂંગળી ખાઓ. તેનાથી શહેરની બીમારીઓ તમારાથી દૂર રહેશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''હઝરત રસુલેખુદા સ.મે ફરમાવ્યું કે, જેઓ લસણ ખાય તેઓ દૂર્ગંધના લીધે મસ્જીદમાં ના જાય. મસ્જીદમાં ના હોય યા મસ્જીદમાં ન જવાનું હોય તે સમયે લસણ ખાઈ લે.''

હદીસમાં છે કે,

''ફૂદીના જઠરને શક્તિ આપે છે. અગર સવારના નરણા કોઠે તેનો પાવડર લેવામાં આવે તો જઠરની ગરમીને દૂર કરે છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અલ્લાહ તઆલાએ હઝરત આદમ અ.ને માટીથી પેદા કર્યા છે. તેથી હઝરત આદમ એમે પોતાની ઓલાદને માટી ખાવી હરામ કરી છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ માટી ખાઈને મૃત્યું પામે તે જાણે આપઘાત કર્યો.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

**ચાર કામ શયતાનના વસવસાના કારણે થાય છે.**

(૧) માટી ખાવી,



https://downloadshiabooks.com/

(૨) માટીને હાથથી ભાગવાની આદત પાડવી,

(૩) દાંતથી નખ કાપવા,

(૪) દાઢી ચાવવી.

હદીસમાં છે કે,

"માટી ખાવી હરામ છે સિવાય કે, હઝરત ઈમામ હુસૈન અ.ની કબર મુબારકની માટી જેને ખાકે શીફા કહે છે. એક ચણાભાર માટી દરેક બીમારીઓની શીફા છે. તથા દરેક ડર અને ખતરા માટે અમનો અમાન છે."

## પ્રકરણ-૩૩
## મહેમાનનવાઝી (પરોણાગત)ની ફઝીલત

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જયારે કોઈ મોમીનભાઈ તમારા ઘરે આવે તો તેને ખાવા ખવરાવો. અગર તે ખાવા ના ખાય તો કોઈ પીવાની વસ્તું આપો. અગર પાણી પણ કબૂલ ન કરે તો કમસે કમ તેના હાથ પાણીથી અથવા ખુશ્બુદાર અરકથી ધોવરાવો."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"મોમીન પોતાના મોમીનભાઈની ઈજજત અને સરભરા માટે જે વર્તન કરવું જરૂરી છે તેમાંનું એક વર્તન એ પણ છે કે, તેની ભેટ કબૂલ કરે. પોતાની પાસે જે કંઈ હોય તેને ભેટરૂપે આપે. અગર ભેટ આપવા માટે કોઈ વસ્તું ના હોય તો તેના માટે તકલીફ ન કરે."

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

"જયારે કોઈ મોમીનભાઈ ખુદથી તમારી પાસે આવે તો ઘરમાં જે કંઈ હાજર હોય તે મહેમાન માટે લાવો. અગર તમે તેને આમંત્રણ આપી બોલાવ્યા હોય તો ખૂબ જ સરભરા કરો."

હસન બીન હશ્શામથી નકલ છે કે,

"હું ઈબ્ને અબી યાઅફૂરની સાથે હ.ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં ગયો. હઝરતે બપોરનું ખાણું પીરસ્યું." હશ્શામે વિનંતી કરી,

"હું તો ઓછું ખાઈશ." હઝરતે ફરમાવ્યું કે,

"તું એ નથી જાણતો કે, મોમીનને પોતાના મોમીનભાઈથી જેટલી મોહબ્બત હોય છે તેનો અંદાજો તેના જમવા પરથી થાય છે કે તે કેટલું જમ્યો? જેટલી વધારે દોસ્તી હશે તેટલું વધારે જમશે."

હઝરત ઈમામ રઝા અ. ફરમાવ્યું કે,

"જે માણસ મર્દ (બહાદૂર) હોય છે તે જ લોકોને ત્યાં ખાવા ખાય છે કે લોકો પણ તેને ત્યાં ખાવા ખાય. જે કંજૂસ હોય છે તે લોકોને ત્યાં એ ડરથી નથી ખાતો કે લોકો પણ તેને ત્યાં ખાશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

**"વલીમો અને મહેમાની પાંચ મૌકા પર સુન્નત છે.**

(૧) શાદી

(૨) અકીકા

(૩) ખત્ના

(૪) નવું મકાન ખરીદવું યા બનાવવું.

(૫) સફરમાંથી ઘરે પાછા ફરે ત્યારે."

"હઝરત રસુલેખુદા સ. એ વલીમામાં હાજરી આપવા માટે મનાઈ ફરમાવી છે જે ખાસ અમીરો માટે આયોજન કરવામાં આવેલ હોય. એટલે કે જયાં ગરીબોને ન બોલાવવામાં આવે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''મહેમાનીની મર્યાદા ત્રણ દિવસની છે. ત્રણ દિવસ માટે મહેમાન ખાતર જે સરભરા કરવામાં આવે તે સદકો છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

''પોતાના મોમીનભાઈ પાસે એટલી મુદ્દત સુધી ના રોકાઓ કે મેજબાનને ફિકર થાય અને તમારા ખર્ચ માટે તેની પાસે કંઈ ના બચે.''

ઈબ્ને અબી યાઅફૂરથી રિવાયત છે કે,

''ઈમામ જાફરે સાદિક અ.ના ઘેર હું એક મહેમાનને કોઈ કામ માટે ઊભો થતો જોયો. હઝરતે તેને રોકી દીધો અને પોતે ઊઠીને મહેમાનના કામને અંજામ આપ્યું.'' પછી ફરમાવ્યું કે,

''આકાએ નામદાર રસુલેખુદા સ. મહેમાનથી કોઈ કામ લેવાની મનાઈ કરી છે.''

એક રિવાયતમાં છે કે,

''હઝરત ઈમામ અલી રઝા અ.ની સેવામાં એક મહેમાન હતો. તેણે દીવો ઠીક કરવા માટે હાથ લંબાવ્યો,'' હઝરતે તેને રોકી દીધો. ઈમામ પોતે દીવો ઠીક કર્યો. પછી કહ્યું,

''અમો અહલેબૈત અ. મહેમાનોથી કામ નથી લેતા.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''કોઈ તમારી સાથે સદ્‌વર્તન કરે અને તમે તેનો બદલો ન આપો તો એ તમારી કમજોરી અને સુસ્તી છે.મહેમાનથી કોઈ કામ લેવું એ સભ્યતા(શિષ્ટાચાર) વિરૂધ્ધ છે. જયારે કોઈ મહેમાન તમારે ઘેર આવે ત્યારે તમે તેને ઉતરવામાં મદદ કરો. અને જયારે જવા ચાહે ત્યારે તમે તેને મદદ ન કરો તો તે નીચતાની દલીલ છે. મહેમાન જાય ત્યારે ઉમદા અને ખુશ્બુદાર ખાવા પકાવો. રસ્તાના ભાથા માટે તેને આપો. આ જવાંમર્દીની દલીલ છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''મહેમાનના હકોમાં એક હક એ પણ છે કે, મહેમાન જાય ત્યારે મેજબાન કમસે કમ ઘરના દરવાજા સુધી તેની સાથે જાય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

''આઠ માણસો એવા છે કે જેમને ધૂત્કારી અપમાન કરવામાં આવે તો તેમણે પોતાની જાતને ઠપકો આપવો જોઈએ.

(૧) એ માણસ જે આમંત્રણ વગર કોઈની દાવતમાં જાય.

(૨) તે મહેમાન જે મહેજબાન પર હુકમ ચલાવે.

(૩) એ માણસ જે પોતાના દુશ્મનોથી નેકીની આશા રાખે.

(૪) કંજુસ અને લોભી માણસ પાસે બક્ષીસ અને એહસાનની ઉમ્મીદ રાખનાર માણસ.

(૫) બે વ્યક્તિઓના રાજ અને વાતચીતમાં પરવાનગી વિના દખલગીરી કરનાર માણસ.

(૬) એ માણસ જે બાદશાહો અને જમાનાના હાકિમનું સન્માન ના જાળવે.

(૭) એ માણસ જે એવી બેઠકો (મીટીંગો)માં બેસે જેમાં બેસવાની તેની લાયકાત ના હોય.

(૮) એ માણસ જે અ.વા માણસ સાથે વાતચીત કરે જે તેની વાત પર ધ્યાન ના આપતો હોય.''

એક અન્ય હદીસમાં છે કે,

''પોતાના જમણમાં એવા લોકોને બોલાવો જેના લીધે અલ્લાહના માટે દોસ્તી થાય.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસ એક મોમીનભાઈને માત્ર અલ્લાહના ખાતર દોસ્ત રાખતો હોય તેને પેટ ભરીને ખાવા ખવરાવે તો મારી દ્રષ્ટિએ દસ ફકીરોને ખાવા ખવરાવવા કરતાં બહેતર છે.''

ઈમામ અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

''જયારે રસુલેખુદા સ. મહેમાનની સાથે ખાવા ખાતા તો ખુદ સૌથી પહેલાં જમવાની શરૂંઆત કરતા હતા અને સૌથી છેલ્લે હાથ રોકતા હતા. (જેથી કરીને મહેમાન ભૂખ્યો ના રહી જાય.)''

હઝરત રસુલેખુદા સ.નું ફરમાન છે કે,

''અગર કોઈ માણસ કોઈ સમૂહને પાણી પીવરાવે તો ઈચ્છિત એ છે કે, પોતે સૌથી છેલ્લે પાણી પીએ.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જયારે કોઈ મોમીનભાઈ તમારા ઘરે આવે તો તેને એ ના પૂછો કે તમે કંઈ ખાધું છે કે નહિ? પરંતું ઘરમાં જે કંઈ હાજર હોય તે તેની સામે લાવીને મૂકો. કેમ કે જવાંમર્દી એમાં છે કે, જે ચીજ હાજર હોય તેને હાજર કરવમાં આવે.''

''અગર કોઈ એક હજાર દિરહમ ખાવા માટે ખર્ચ કરે, અગર એક મોમીન તેમાંથી ખાઈ તો તે ઈસરાફ (દુર્વ્યય) નથી.''

ઘણી હદીસોમાં છે કે,

''જયારે કોઈ મહેમાન આવે છે તો તેની રોજી લઈને આવે છે. (આ અલ્લાહનો ફઝલ છે.) જયારે મહેમાન ખાવા ખાઈ લે તો મેજબાનની બક્ષિસ થઈ જાય છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવ્યું છે કે,

''જે મોમીન પોતાના મહેમાનનો અવાજ સાંભળીને ખુશ થાય તેના તમામ ગુનાહો બક્ષી દેવામાં આવશે.''

હ.રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

''જે ઘરમાં મહેમાન નહિ આવે તે ઘરમાં ફરિશ્તાઓ પણ આવશે નહિ.''

સાદિકે આલે મોહંમદ સ. ફરમાવે છે કે,

''મોમીનભાઈના હકો મોમીનભાઈ પર વાજીબ છે. તેમાંથી એક હક એ પણ છે કે, જે તે દાવત આપે કબૂલ કરવામાં આવે.''



https://downloadshiabooks.com/

પયગમ્બરે ઈસ્લામ સ. ફરમાવે છે કે,

"હું તમામ હાજરજનો અને હાજર ન હોય તેવા તમામને વસિયત કરૂં છું કે, મુસલમાનની દાવત રદ ના કરો. ચાહે પાંચ માઈલનો રસ્તો કાપીને જવું પડે. કેમ કે મોમીનભાઈની દાવત કબૂલ કરવી દીનના જરૂરી અહેકામોમાંથી છે. એ પણ ફરમાવ્યું કે, સૌથી બદતર વંચિત એ છે કે કોઈ માણસ પોતાના મોમીનભાઈની દાવત કરે અને તે તેને કબૂલ ન કરે."

## પ્રકરણ-૩૪
## ખિલાલ (દાંત સાફ) કરવાની ફઝીલત અને આદાબ

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"હઝરતે જીબ્રઈલ જનાબે રસુલેખુદા સ.ના માટે ખિલાલ(દાંત સાફ કરવા માટે) લાવ્યા અને કહ્યું કે, ખિલાલ કરવાથી દાંતોના મૂળ મજબૂત થાય છે. તથા દાંતોની સાચવણી થાય છે અને રોજીમાં વધારો થાય છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવ્યું કે,

"ઝાડું (સાવરણી)ની સળીથી દાંત ખોતરવાથી ગરીબી તથા ગાંડપણ આવે છે."

હઝરતે રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

"મહેમાનના હકોમાંથી એક હક એ પણ છે કે મહેમાન માટે ખિલાલ(દાંત સાફ કરવાની સળી)ની વ્યવસ્થા કરવામાં આવે."

એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''ખિલાલ કરો. કેમ કે ફરિશ્તા કોઈના મોંમાં ખોરાકના કણો જૂએ છે તો તેનાથી વધારે બીજા કોઈને દુશ્મન નથી સમજતા.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

''ખોરાકના જે કણો દાંતોના મૂળમાં (પેઢાં પર) હોય તેને ખાઓ. પરંતું જે કણો બે દાંતોની વચ્ચે ફસાએલા હોય તેને ખોતરીને ફેંકી દો.''

સાદિકે આલે મોહંમદ સ. ફરમાવે છે કે,

''દાંત ખોતરવાથી જે ખોરાકના કણો નીકળે તેને ખાઓ નહિ. તેના લીધે શરીરની અંદર જખમ પેદા થાય છે.''

## પ્રકરણ-૩૫
## પાણીની ફઝીલત અને તેના પ્રકાર

હદીસોમાં છે કે,

''દુનિયા અને આખેરતમાં સૌથી બહેતર પીવાની કોઈ વસ્તું હોય તો તે છે પાણી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ દુનિયાના પાણીથી આનંદ મેળવશે તેને અલ્લાહ તઆલા જન્નતમાં સંતૃપ્ત કરશે.''

કોઈએ ઈમામ અ.ને પૂછયું કે,

''પાણીની મજા શું છે?'' આપે ફરમાવ્યું,

''જીંદગી માણવાની.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''કુરઆનની આ આયત



https://downloadshiabooks.com/

**‘સુમ્મ લતુસ્અલુન્ન યવ્મએઝીન અનીન નઈમ.’**

(કયામતના દિવસે તમને દુનિયાની નેઅમતો વિષે સવાલ કરવામાં આવશે.)

આ આયતમાં નેઅમતથી મતલબ તાજી ખજૂરો અને ઠંડું પાણી છે.

હદીસમાં છે કે,

‘‘જમીન પરના તમામ પાણીમાં ઝમઝમનું પાણી શ્રેષ્ઠ છે. તથા આબે બરસુત જે યમનમાં છે તે જમીન પરના તમામ પાણીથી ખરાબમાંથી ખરાબ પાણી છે. કેમ કે કાફિરોની રૂહો ત્યાં જાય છે. તેમને દિવસ-રાત પીડા આપવામાં આવે છે.’’

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

‘‘આબે ઝમઝમ બીમારી માટે શીફા છે.’’

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

‘‘વરસાદનું પાણી પીઓ. કેમ કે તે શરીને પાક-સાફ કરે છે. બીમારીઓને, દુઃખાવાને શરીરમાંથી બહાર કાઢે છે.’’

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

‘‘અગર હું નજીક રહેતો હોત તો દરોરજ સવાર-સાંજ દરિયાએ ફૂરાત પર જવાનું પસંદ કરતો.’’

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

‘‘અગર કૂફાવાસીઓ પોતાના બાળકોના ગળાને ફૂરાતના પાણીથી સંતૃપ્ત કર્યા હોત તો એમાં કોઈ શક નથી તે સૌ મોમીન હોત.’’

હઝરત રસુલે ખુદા સ. ફરમાવે છે કે,

‘‘એ ગરમ પાણીથી શીફા ના રાખો, જે પહાડોમાં હોય છે અને જેમાંથી ગંધકની વાસ આવે છે.’’



https://downloadshiabooks.com/

એ પણ ફરમાવ્યું કે,

''તેની ગરમી જહન્નમની ગરમીમાંથી છે.''

હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન અ. ફરમાવે છે કે,

''અમારી વિલાયત અને દોસ્તી તમામ પાણી સામે રજૂ કરવામાં આવી. જે પાણી તેને કબૂલ કરી તે પાણી મીઠું અને પીવા લાયક બન્યું. જેઓ કબૂલ ન કરી તે પાણી ખારૂં અને કડવું બની ગયું.''

''હ.ઈમામ મોહંમદ બાકિર અ. એ વાતને બિલકુલ પસંદ કરતા ન હતા કે કોઈ માણસ કડવા પાણી યા ગંધકની વાસ વાળા પાણીથી શીફાની આશા રાખે.''

આ પણ ફરમાવ્યું કે,

''હઝરત નૂહ અ. તૂફાન વખતે બધા જ પાણીને પોતાની પાસે બોલાવ્યા. સૌએ હઝરતનું કહ્યું માન્યું. સિવાય કડવું પાણી અને ગંધકવાળા પાણીએ. આપ અ. એ બંને પર લાનત કરી છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ઠંડું પાણી તરસ બુઝાવે છે, પિત્ત ઓછું કરે છે, ખોરાકને જઠરમાં ઘોળી દે છે, વરમી દૂર કરે છે. એ પણ ફરમાવ્યું કે, ઉકાળેલું પાણી દરેક બીમારી માટે સારૂં છે. કોઈ પણ રીતે નુકશાન પહોંચાડતું નથી.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''ઠંડું પાણી પીવા માટે સૌથી વધારે ફાયદાકારક છે.''

ઈબ્ને અબી તાઅફૂરથી નકલ છે કે,

હું ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં હાજર થયો. વધારે પાણી પીવા વિષે પૂછ્યું. તો આપ અ. જવાબ આપ્યો કે,



https://downloadshiabooks.com/

''પાણી પીવું એ કોઈ રીતે નુકશાનકારક નથી. જો કે આ ખોરાકને જઠરમાં હજમ કરે છે, ગુસ્સાને કમ કરે છે, અક્કલને વધારે છે, પિત્તને ઘટાડે છે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. તે વખતે ઈમામ અ. ખજૂર ખાઈ રહ્યા હતા. તેની સાથે સાથે પાણી પણ પીતા હતા. તેણે વિનંતી કરી કે,

''મૌલા આપ ખજૂરની સાથે પાણી ન પીઓ તો સારૂં.'' આપ અ.મે ફરમાવ્યું કે,

''ખજૂર એટલા માટે ખાવી જોઈએ કે પાણીનો સ્વાદ સારો લાગે.''

## પ્રકરણ-૩૬
## પાણી પીવાના આદાબ

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ પાણી પીને હઝરત ઈમામ હુસૈન અ.અને તેમના અહલેબૈત અ.ને યાદ કરી તેમના કાતિલો પર લાનત કરે તો અલ્લાહ તઆલા એક લાખ નેકીઓ તેના નામએ આમાલમાં લખશે, એક લાખ ગુનાહ મીટાવશે, એક લાખ દરજજા બુલંદ કરશે. અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને ખુશ થઈ ઉઠાવી લેશે.''

પાણી પીને આ મુજબ કહેવામાં આવે.



https://downloadshiabooks.com/

**‘સલવાતુલ્લાહે અલલ હુસૈને વ અહલેબૈતેહી વ અસ્હાબેહી વ લાઅનતુલ્લાહે અલા કતલતિલ હુસૈને વ આદાએહી.’**

(હઝરત ઈમામ હુસૈન અ. અને તેમના અહલેબૈત અ. તથા તેમના સહાબીઓ પર અલ્લાહના દુરૂદ હો. ઈમામ હુસૈન અ.ના કાતિલો અને દુશ્મનો પર અલ્લાહની લાનત થાય.)

હદીસમાં છે કે,

‘‘અગર કોઈ માણસ પાણી પીતાં પહેલાં **‘બિસ્મિલ્લાહ...’** કહીને એક ઘૂંટ પાણી પીને ઠહેરી જાય. પછી ફરી **‘બિસ્મિલ્લાહ...’** કહીને એક ઘૂંટ પાણી પીધા બાદ **‘અલ્હમ્દો લિલ્લાહ’** કહે તો જયાં સુધી આ પાણી પેટમાં હશે અલ્લાહ તઆલાની તસ્બીહ કરતું રહેશે. તેનો સવાબ પાણી પીવાવાળાના માટે લખવામાં આવશે.’’

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

‘‘પાણી વધારે ના પીઓ કે તે દરેક પ્રકારના દર્દ પેદા કરે છે. જયાં સુધી આ દર્દની તકલીફ ચાલું હોય કોઈ દવા ન પીઓ.’’

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

‘‘જમ્યા બાદ પાણી પીવાથી એટલું નુકશાન નથી થતું જેટલું ખાલી પેટે પાણી પીવાથી થાય છે. પેટ ખાલી હોય ત્યારે વધારે પાણી ના પીઓ.’’

એ પણ ફરમાવ્યું કે,

‘‘બે ચમચી ખાવા ખાય ત્યાર બાદ પાણી ન પીએ તો મને નવાઈ લાગે છે કે તેનું જઠર કેમ ફાટી નથી જતું.’’

ઘણી હદીસોમાં છે કે,

‘‘દિવસે ઊભા ઊભા પાણી પીવું શ્રેષ્ઠ છે. બહેતર એ છે કે ત્રણ ઘૂંટમાં પાણી પીવામાં આવે. રાત્રે બેસીને પાણી પીએ.’’



https://downloadshiabooks.com/

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''દિવસે ઊભા ઊભા પાણી પીવાથી ખોરાકને હજમ કરે છે. રાતના ઊભા ઊભા પાણી પીવાથી પિત્તમાં વધારો થાય છે.''

એક અન્ય હદીસમાં છે કે,

''ઊભા ઊભા પાણી પીવાથી શરીરમાં શરીરની તાકાત અને તંદુરસ્તીનું કારણ છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''રાત્રે ઊભા ઊભા પાણી મત પીઓ. નહિ તો તેનાથી જે દર્દ પેદા થશે જેનો કોઈ ઈલાજ નથી. સિવાય અલ્લાહ તેને આરામ કરી દે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ઊભા ઊભા પાણી ન પીઓ, કોઈ કબરની આસપાસ ન ફરો, સ્થિર પાણીમાં પેશાબ ના કરો. જે એવું કરશે તેના પર કોઈ બલા આવે તો તેણે પોતાની જાતને દોષ આપવો જોઈએ.''

એક હદીસમાં છે કે,

''ઈમામ મોહંમદ બાકિર અ. માટીના ગ્લાસમાં પાણી પીતા હતા.''

રસુલેખુદા સ. એવા લોકો પાસેથી પસાર થયા જેઓ જાનવરની જેમ પાણીમાં મોંઢું રાખીને પાણી પીતા હતા. આપ સ. ફરમાવ્યું કે,

''(જયારે કોઈ વાસણ ન હોય ત્યારે) પાણી પોતાના હાથથી પીઓ કે તેનાથી બહેતર કોઈ વાસણ નથી.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવ્યું કે,

''પાણી પીવાના આદાબમાં ખાસ ધયાન રાખવા જેવો આદાબ એ છે કે શરૂંઆતમાં **'બિસ્મિલ્લાહ'** કહો, અંતમાં



https://downloadshiabooks.com/

**'અલ્હમ્દો લિલ્લાહ'** કહો. પ્યાલાને પકડવા માટે હાથો હોય તો પ્યાલાને હાથાથી પકડીને પીઓ. અગર કોઈ જગ્યાએથી તૂટલો હોય યા કાણું પડેલું હોય તો તે બાજુંથી પાણી ના પીઓ. બંને શયતાનના રહેવાની જગ્યાઓ છે.''

''હઝરત રસુલેખુદા સ. પાણી પીતી વખતે ફૂંક મારવાની મનાઈ કરેલી છે.''

હદીસમાં છે કે,

''રસુલુલ્લાહ સ. કયારેક કાચના પ્યાલામાં પાણી પીતા હતા. જે શામ (સિરીયા)થી આપ સ.ને તોહફામાં આપવામાં આવતા હતા. કયારેક લાકડાના વાસણમાં, તો કયારેક ચામડાના વાસણમાં પાણી પીતા હતા. જયારે કોઈ વાસણ ન હોય ત્યારે ખોબાથી પાણી પીતા હતા.''


**બચ્ચોંકી તાલીમ સીરીઝ-૪**

*વઝુ-નમાઝ અને*

*તયમ્મુમ-ગુસ્લના આદાબ.*

**વઝુ-નમાઝના અરકાનો ૭૫ થી વધુ રંગીન ચિત્રો/ફોટાઓ સાથે**

**તયમ્મુમ-ગુસ્લ વિષે સચોટ માહિતી**

**નાના મોટા દરેકને સમજમાં આવી જાય તેવી તદ્દન સરળ ભાષા**

**વઝુ-નમાઝ અને તયમ્મુમ-ગુસ્લના અહેકામને પ્રેક્ટીકલ સમજૂતિ**

**આપતું આ પુસ્તક ઘરે ઘરમાં ઉપયોગી થશે.**

**સંપર્ક:**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા-ગુજરાત**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**




https://downloadshiabooks.com/

# વિભાગ-૪: લગ્ન જીવન

૩૭. શાદી કરવાની ફઝીલત અને તેના આદાબ
૩૮. સ્ત્રીઓના પ્રકાર
૩૯. નિકાહના આદાબ
૪૦. પતિ-પત્નીના હક્કો
૪૧. સંતાન પ્રાપ્તિની દુઆઓ અને ફઝીલત
૪૨. સગર્ભા દરમિયાન રાખવાની કાળજી
૪૩. અકીકા અને માથાનું મૂંડન કરવાના આદાબ
૪૪. ખત્ના અને કાન વીંધવાના આદાબ
૪૫. બાળકને દૂધ પીવડાવવાના અને પાલનપોષણના આદાબ
૪૬. ઓલાદ પર મા-બાપના હક્ક
૪૭. સમાગમના આદાબ
૪૮. શાદીની પહેલી રાત

**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૪ લગ્ન જીવન

## પ્રકરણ-૩૭

## શાદી કરવાની ફઝીલત

ઈમામ જાફરે સાદિક (અ.) જણાવે છે કે,

"પોતાની પત્ની/પત્નીઓ સાથે વધારે આત્મિયતા (મોહબ્બત) રાખવી એ પયગમ્બરોના સંસ્કારમાં હતું. મારી દ્રષ્ટિએ કોઈ મોમીન પુરૂષ જયાં સુધી પોતાની પત્ની સાથે મોહબ્બત ન રાખે ત્યાં સુધી તેના ઈમાનમાં વધારો થતો નથી."

એ પણ ફરમાવ્યું કે,

"જેને પોતાની પત્નીઓ સાથે વધારે આત્મિયતા હોય છે તેના ઈમાનમાં પ્રગતિ થાય છે."

હ.ઈમામ અલી રઝા (અ.)થી નકલ છે કે,

**ત્રણ વસ્તુંઓ પયગમ્બરોની સુન્નતમાંથી છે.**

(૧) ખુશ્બુ સુંઘવી,

(૨) શરીર પરના બીન જરૂરી વાળ દૂર કરવા.

(૩) સ્ત્રીઓ સાથે નરમાશથી તથા હળીમળીને રહેવું. તેમના હકો અદા કરવા.

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

સીક્કીન નખઈ નામના એક યુવકે પત્ની, ખુશ્બુ અને સ્વાદિષ્ટ ભોજનને છોડી ઈબાદતને અપનાવી લીધી હતી. એના સંદર્ભમાં તેણે ઈમામ જાફરે સાદિક અ.ને જાણ કરતો એક પત્ર લખ્યો. હઝરત જવાબમાં લખ્યું કે,



https://downloadshiabooks.com/

''સ્ત્રી બાબતે આપ પૂછાવ્યું છે તો શું આપ નથી જાણતા કે, રસુલ સ.ને કેટલી પત્નીઓ હતી? સ્વાદિષ્ટ ભોજન બાબતે જાણવા માગો છો તો જાણી લો કે, રસુલેખુદા સ. ગોશ્ત અને મધ સુધ્ધાં આહારમાં લેતા હતા. રસુલ સ. ફરમાવતા હતા કે, જેણે એક સ્ત્રી સાથે શાદી કરી તેણે પોતાનો અર્ધો દીન બચાવી લીધો. બાકીના અર્ધા દીન માટે તકવાની જરૂરત રહે છે. પયગમ્બર સ. એ પણ કહ્યું કે, તમારામાં સૌથી ખરાબ અપરિણિત છે.''

એ પણ ફરમાવ્યું કે,

''મોમીનને કઈ વસ્તું લગ્ન કરવાથી રોકે છે? શક્ય છે કે, ખુદાતઆલા તેને એવો પુત્ર આપે કે, જે આ પૃથ્વીને **'લાએલાહ ઈલ્લલ્લાહ'**થી શોભાવી દે. જે માણસ મારી સુન્નતને દોસ્ત રાખે છે તેણે લગ્ન કરવા જોઈએ. જેઓ મારી સુન્નત પર અમલ કરવા ચાહે છે તેઓ એ જાણી લે કે, સ્ત્રીની ઉમ્મીદ કરવી એ મારી સુન્નતમાંથી છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''અગર કોઈ ગરીબી અને મુશ્કેલીઓના ડરથી લગ્ન ન કરે તો તે ખુદાથી બદ ગુમાન (શંકાશીલ) છે તેમાં કોઈ શક નથી.'' કેમ કે ખુદા તઆલા ફરમાવે છે કે,

''જો તે કંગાળ હશે તો ખુદા પોતાની મહેરબાનીથી માલદાર કરી દેશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''ઉસ્માન ઈબ્ને મત્ઉનની પત્ની હ.રસુલેખુદા સ. પાસે આવીને વિનંતી કરી કે, અય અલ્લાહના રસુલ! ઉસ્માન આખો દિવસ રોઝા રાખે છે, આખી રાત નમાઝમાં વીતાવે છે, પરંતું



https://downloadshiabooks.com/

મારી પાસે નથી આવતો.'' આં હઝરત સ. ગુસ્સે થઈને ઉસ્માન પાસે આવ્યા અને કહ્યું,

''અય ઉસ્માન! ખુદા મને સુફી સંત માટે નબી બનાવીને નથી મોકલ્યો. પરંતું સરળ અને સીધા ધર્મ માટે નબી બનાવીને મોકલ્યો છે. હું રોઝા પણ રાખું છું. નમાઝ પણ પઢું છું અને મારી પત્નીઓના હકો પણ અદા કરૂં છું. જે કોઈ મારા દીનને ચાહતો હોય તેણે મારી સુન્નત પર અમલ કરવો જોઈએ. સ્ત્રી સાથે લગ્ન કરે અને તેમના હકો અદા કરવામાં આવે તે પણ મારી સુન્નત છે.''

એક રિવાયતમાં છે કે,

ત્રણ સ્ત્રીઓ હ.રસુલેખુદા સ. પાસે આવી. એકે કહ્યું,

''મારો પતિ ગોશ્ત નથી ખાતો.'' બીજીએ કહ્યું,

''મારો ધણી ખુશ્બું નથી સૂંઘતો.'' ત્રીજીએ કહ્યું,

''મારો પતિ પત્નીના હકો આદ નથી કરતો.''

હ.રસુલેખુદા સ. પોતાના ઘરેથી બહાર નીકળ્યા. ચહેરા પર ગુસ્સાનો અણસાર હતો. ખભા પરની ચાદર જમીન પર ઘસડાતી હતી. તે જ હાલતમાં મીમ્બર પર ગયા. ખુદાતઆલા વખાણ પછી કહ્યું,

''શું કારણ છે કે, મારા સાથીઓમાંથી કેટલાક ગોશ્ત ખાવું, ખુશ્બું સૂંઘવી અને પત્નીના હકો અદા કરવાનું છોડી દીધું છે? હું પોતે ગોશ્ત ખાઉં છું, સુગંધ લઉં છું અને પત્નીઓના હકો પણ અદા કરૂં છું. જે માણસ માણસ મારી સુન્નતની વિરૂધ્ધમાં છે તે મારી ઉમ્મતમાંથી નથી.''

બીજી એક રિવાયતમાં છે કે,



https://downloadshiabooks.com/

એક સ્ત્રી રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈને ફરિયાદ કરી કે,

''મારો પતિ મારી પાસે નથી આવતો.'' હઝરતે કહ્યું,

''તું તારી જાતને સુગંધિત કરી હતી?'' તેણીએ કહ્યું,

''હા, હું દરેક ખુશ્બુથી સુગંધિત કરીને જોઈ લીધું. પણ તે હર હાલતમાં મારાથી દૂર રહે છે.'' રસુલેખુદા સ.મે ફરમાવ્યું,

''અગર તે પત્નીના હકો અદા કરવાનો સવાબ જાણતો હોત તો તે કયારેય તારાથી દૂર ન રહેત. જો તે તે તારા તરફ ધ્યાન આપશે તો ફરિશ્તા તેને ઘેરી લેશે અને એટલો સવાબ મળશે કે, જાણે તલવારથી અલ્લાહની રાહમાં જેહાદ કર્યો હોય. જે સમયે તારો શરઈ હક્ક અદા કરશે તે સમયે તેના ગુનાહ એવી રીતે ખંખેરાઈ જશે, જેવી રીતે પાનખરમાં પાન ખંખેરાઈ જાય છે. જ્યારે ગુસલ (સ્નાન) કરશે ત્યારે કોઈ જ ગુનાહ તેને જીમ્મે રહેશે નહિ.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''બાલબચ્ચાવાળાઓની બે રકાત નમાઝ અપરિણિતની સીત્તેર રકાત નમાઝથી શ્રેષ્ઠ છે.''

## પ્રકરણ-૩૮
## સ્ત્રીઓના પ્રકાર

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''સ્ત્રી ગળાના હાર સમાન છે. તમને કેવો હાર પસંદ છે તે જોવું તમારૂં કામ છે. ચારિત્રશીલ સ્ત્રી અને બદચલન સ્ત્રી કોઈ રીતે એક સમાન થઈ શકતી નથી.'' પછી ફરમાવ્યું કે,

''પાક દામન(ચારિત્રશીલ) સ્ત્રી અને બદચલન સ્ત્રી કયારેય બરાબર નથી હોઈ શકતી. ચારિત્રશીલ સ્ત્રીની કિંમત સોના રૂપાથી વધારે છે. સોનું રૂપું તેની સામે કંઈ જ નથી. બદચલન સ્ત્રી ધૂળ બરાબર પણ નથી. જો કે ધૂળ તેનાથી ઘણી વધારે કિંમતી છે. મારા દાદા હ.રસુલેખુદા સ. જણાવે છે કે, પોતાની દીકરીને તમારા જેવા ખાનદાન કુટુંબમાં આપો. પોતાના જેવા ખાનદાનવાળા કુટુંબ પાસેથી દીકરીઓ લો. અગર કોઈ માણસ પોતાની શાદી કરવા ઈચ્છતો હોય તો એવી સ્ત્રી સાથે શાદી કરે જે પોતાના માટે કાબિલ (યોગ્ય) હોય. જેથી પસંદગીનું સંતાન જન્મે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''જે માણસ માલ અને સૌંદર્ય માટે લગ્ન કરશે, તે બંનેથી દૂર રહેશે. જે માણસ સદાચારી અને દીનદારી માટે લગ્ન કરશે, તેને માલ પણ મળશે અને સૌંદર્ય પણ મળશે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''જે ઓલાદ બચપણમાં મૃત્યું પામે છે, તે અર્શે ઈલાહી નીચે પોતાના મા-બાપની બક્ષિસની દુઆ કરે છે. કસ્તુરી, અંબર અને કેસરના પહાડ પર હઝરત સારા તેઓના પાલન-પોષણમાં તલ્લીન રહે છે. હ.ઈબ્રાહીમ અ. તેમની દેખરેખ રાખે છે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. જણાવે છે કે,

''લગ્ન માટે જે સ્ત્રી પસંદ કરવામાં આવે તેમાં કેટલાક ગુણો હોવા જોઈએ. જેમ કે, ગૌવર્ણ, કપાળ પહોળું, કાળી આંખો,



https://downloadshiabooks.com/

મધ્યમ કદ, ભારે સ્તન. જો કોઈને આવા ગુણોવાળી સ્ત્રી મળી શકે તેમ હોય તો તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખે.''

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''ખૂબસુરત સ્ત્રી એ પુરૂષની ખુશનસીબીની દલીલ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''તમે કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવા ઈચ્છા ધરાવતા હોવ તો તેના વાળોની પૂછપરછ કરો. કારણ કે, ખૂબસુરત વાળ એ અડધી તંદુરસ્તી છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમારી પત્નીઓમાં સૌથી વધારે શ્રેષ્ઠ એ છે કે, જેનાથી વધારે સંતાનો જન્મે. પતિ માટે ભલાઈ ચાહે, ચારિત્રશીય હોય, કુટુંબ કબીલામાં ઈજ્જત ધરાવતી હોય, પોતાના પતિ માટે શૃંગાર સજતી હોય, પતિ સાથે ખુશી જાહેર કરતી હોય, પરાયાઓ સાથે શરમ રાખતી હોય. પોતાની પાકદામનીનો ખ્યાલ રાખતી હોય, પતિની વાત સાંભળે. તથા તેના હુકમનું પાલન કરતી હોય, પતિની ઈચ્છાઓને તૃપ્ત કરનારી હોય, પરંતું સહશયન માટે મજબૂર ન કરનારી હોય.'' ત્યાર પછી કહ્યું કે,

''તમારી પત્નીઓમાં સૌથી વધારે ખરાબ તે સ્ત્રીઓ છે જે પોતાના કુટુંબ કબીલામાં બદનામ હોય, પોતાના ધણી પર કાબૂ ધરાવતી હોય, બચ્ચા જણવાની શક્તિ ન હોય, અદેખાઈ રાખતી હોય, બદકારીની પરવા ન કરતી હોય, પતિ હાજર ન હોય ત્યારે અન્યને દેખાડવા શૃંગાર સજતી હોય, પરંતું પોતાના પતિની હાજરીમાં પરદો કરે, પતિના હુકમનું ઉલ્લંઘન કરતી હોય, પતિની ઈચ્છાઓને નફફટાઈથી ઠુકરાવતી હોય, પતિની



https://downloadshiabooks.com/

મજબૂરીને ધ્યાનમાં ન રાખતી હોય, પતિની ભૂલોને માફ ન કરતી હોય.''

એક માણસ હ.રસુલેખુદા સ.ને અરજ કરી કે,

''હું જ્યારે ઘેર જાઉં છું તો મારી પત્ની મને પ્રેમથી આવકારે છે. બહાર નીકળું છું ત્યારે બહાર સુધી વિદાય કરવા આવે છે. જ્યારે મને ઉદાસ જૂએ તો મારી ઉદાસીનતાની પૃછા કરતાં કહે છે કે, જો ધંધાની ફિકર હોય તો ખુદા પાક તમારી અને તમામ બંદાઓની રોજીનો જીમ્મેદાર છે. કયામતની ચિંતા હોય તો ખુદા પાક એ ફિકરમાં વધારો કરે. હઝરતે કહ્યું, જેટલો સવાબ કોઈ શહીદને મળે તેનાથી અડધો સવાબ તેને મળશે.''

રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''મારી ઉમ્મતમાં શ્રેષ્ઠ સ્ત્રી એ છે જે સૌથી વધારે ખૂબસુરત હોય પરંતું મહેર સૌથી ઓછી હોય.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમારી સ્ત્રીઓમાંથી સૌથી શ્રેષ્ઠ કુરૈશની સ્ત્રીઓ છે. તેઓ પોતાના પતિ માટે બધા કબિલાઓની સ્ત્રીઓ કરતાં વધારે મહેરબાન, પોતાની ઓલાદ પર વધારે રહેમ રાખનારી છે. પોતાના પતિની વાતનું દરેક રીતે પાલન કરે છે. કુરેશની સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓ કરતાં વધારે પતિવૃત હોય છે. (આ જમાનામાં કુરૈશની સ્ત્રીઓથી મતલબ સયદાનીઓ છે.)''

હ.ઈમામ મોહંમદ બાકિર અ. જણાવે છે કે,

''બની ઈસરાઈલમાં એક માણસ બહુ જ બુધ્ધિશાળી અને માલદાર હતો. તેનો એક દિકરો તેની ચારિત્રશીલ પત્નીથી હતો. આ દિકરો ચહેરે મોહરે તેના બાપથી મળતો આવતો હતો. તેના બે દિકરા દુરાચારી પત્નીથી હતા. તે માણસના મૃત્યુંનો સમય



https://downloadshiabooks.com/

નજીક આવી ગયો. તેણે પોતાના ત્રણેય દિકરાઓને કહ્યું, મારો બધો જ માલ તમારામાંથી કોઈ એક નો જ છે. તેના મૃત્યું બાદ ત્રણેય દિકરાઓ તે માલ માટે દાવો કર્યો. આ કેસ કાઝી પાસે ગયો. કાઝીએ કહ્યું, આ ફેસલો થાય તે પહેલાં તમે એવા ત્રણ ભાઈઓ પાસે જાઓ જેઓ બુધ્ધિશાળી તરીકે પ્રખ્યાત હોય.''

હુકમ મુજબ ત્રણેય ભાઈઓ તે બુધ્ધિશાળીઓમાંથી એક અતિશય ઘરડા લાગતા ભાઈ પાસે ગયા. તે વૃધ્ધે કહ્યું કે, મારા ફલાણા ભાઈ પાસે જાઓ, તે મારાથી પણ મોટા છે. જ્યારે તેમની પાસે ગયા તો તે ભાઈ આધેડ ઉંમરના લાગતા હતા. તેમણે કહ્યું કે, મારાથી પણ મોટા ભાઈ છે. તમે તેમની પાસે જાઓ. જ્યારે તેઓ ત્રીજા ભાઈ પાસે ગયા તો તે જવાન લાગતા હતા. ત્રણેય ભાઈઓ પોતાનો હાલ બયાન કરવા પહેલાં તેમને સવાલ કર્યો કે, તમારા બંને ભાઈ ક્યા કારણોસર ઘરડા થઈ ગયા? તમે સૌથી મોટા છો છતાં જવાન શા કારણે દેખાવ છો? તે ભાઈએ જવાબ આપ્યો કે,

''મારા નાના ભાઈની પત્ની અતિશય બદચલન છે. તે તેની ખરાબીઓ પર સબ્ર કરે છે. એટલા માટે કે, તે કોઈ એવી બીજી મુસીબતોમાં ન સપડાય જેનાથી સબ્ર ન થઈ શકે. આ કારણે તે સૌથી ઘરડો દેખાય છે.બીજા ભાઈની સ્ત્રી ક્યારેક મારા ભાઈને ખુશ રાખે છે. તો ક્યારેક દુઃખી રાખે છે. તે કારણથી તે આધેડ છે. મારી પત્ની મને હંમેશા ખુશ રાખે છે. ક્યારેય તકલીફ નથી આપતી. એ જ કારણથી હું જવાન છું. ત્રણેય ભાઈઓએ આ વાત સાંભળીને પોતાનો કિસ્સો બયાન કર્યો. તેણે કહ્યું કે,

પહેલાં તમે પોતાના બાપના હાડકાં કબરમાંથી કાઢીને સળગાવી દો. પછી મારી પાસે આવજો. હું તમારો ફેંસલો



https://downloadshiabooks.com/

કરીશ. જ્યારે તેઓ ચાલ્યા તો બંને મોટા ભાઈઓએ કોદાળી ઉપાડી. નાના ભાઈએ તલવાર ઉપાડી. બાપની કબર પર પહોંચીને મોટા ભાઈએ કોદાળી મારવી શરૂં કરી કે કબરને ખોદી નાખીએ. તરત જ નાના ભાઈએ તલવાર ખેંચી કે હું મારા બાપની કબરને નહીં ખોદવા દઉં. હું મારો દાવો છોડી દઉં છું. જાઓ બધો માલ તમે લઈ લો.

પછી ત્રણેય ભાઈઓ કાઝી પાસે આવી બધી વિગતો જણાવી. કાઝીએ તેમને સાંભળીને બધો માલ નાના ભાઈને અપાવી દીધો. બંને મોટા ભાઈઓને કહી દીધું કે,

''જો તમે પણ મરનારની ઔલાદ હોત તો જે રીતે નાના ભાઈએ બાપની મોહબ્બતના કારણે હાડકા નીકાળી સળગાવવાની મનાઈ કરી તેવી જ રીતે તમે પણ મનાઈ કરતા.''

## પ્રકરણ-૩૯
## નિકાહના આદાબ

હદીસોમાં છે કે,

''રાતના નિકાહ કરવા સુન્નત છે.''

ઈમામ મોહંમદ બાકીર અ.ને સમાચાર મળ્યા કે,

એક માણસ દિવસે એવા સમયે નિકાહ કર્યા છે કે હવા ગરમ ચાલતી હતી. ઈમામે ફરમાવ્યું,

''મને લાગતું નથી કે બંનેમાં એક બીજાથી મોહબ્બત થાય.'' થોડોક સમય બાદ તેમનામાં જુદાઈ થઈ ગઈ.

હ.ઈમામ જાફરે સાદિક અ.થી બયાન છે કે,



https://downloadshiabooks.com/

"જે માણસ વીંછુડામાં નિકાહ કરે અથવા શાદી કરે (રૂખ્સતી કરે) તેનું પરિણામ સારૂં નહિ હોય."

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"શુક્રવાર (જુમ્આ) સગાઈ કરવા તથા નિકાહ માટે સારો છે. એ યાદ રાખવું જોઈએ કે, નિકાહમાં મોમીનોને બોલાવવા, તેઓને જમાડવા અને નિકાહના પહેલાં ખુત્બો પઢવો સુન્નત છે."

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"નિકાહના સમયે જમણ આપવું એ પયગમ્બરોની સુન્નત છે."

હ.રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

"વલીમો (શાદીનું જમણ) પહેલા દિવસે જરૂરી છે. બીજા દિવસે કરવામાં કંઈ વાંધો નથી. પરંતું ત્રીજા દિવસે રીયાકારી (આડંબર) છે."

હ.ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જયારે તમને નિકાહની મહેફિલમાં આમંત્રણ આપવામાં આવે તો જવામાં મોડું કરો. કારણ કે તે તમને યાદ અપાવશે."

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

**કાગડા પાસેથી ત્રણ આદતો શીખો.**

(૧) છૂપી રીતે સમાગમ કરવું.

(૨) વહેલી સવારે રોઝીની તલાશ કરવી.

(૩) દુશ્મનોથી સાવચેત રહેવું.



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૪૦
# પતિ પત્નીના હક્કો

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''સ્ત્રીઓ જે એક બીજાથી ઈર્ષા કરે છે તેનું કારણ ફક્ત એ હોય છે કે, તેણી તેના પતિથી વધારે મોહબ્બત કરે છે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''પુરૂષ પોતાની પત્નીને બોલેલા હમદર્દભર્યા બોલ કયારેય ભૂલતો નથી.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ. જણાવે છે કે,

એક સ્ત્રી હ.રસુલેખુદા સ. પાસે આવીને કહ્યું,

''યા રસુલુલ્લાહ! પતિનો હક્ક પત્ની પર શું છે?''

હઝરતે જવાબમાં ફરમાવ્યું,

''જરૂરી છે કે તેણી તેના પતિના હુકમનું પાલન કરે, કોઈ પણ સમયે અને કોઈ પણ હાલતમાં તેની નાફરમાની ન કરે, તેના ઘરમાંથી અને તેના માલમાંથી પતિની રજા વગર સદકો પણ ન આપે, તેની રજા વગર સુન્નતી રોઝો પણ ન રાખે, જ્યારે તે સમાગમનો ઈરાદો કરે તો તેણી ઈન્કાર ન કરે, પતિના ઘરમાંથી તેની રજા વગર બહાર ન નીકળે, જો વગર રજાએ બહાર નીકળી જાય તો જ્યાં સુધી પાછી નહિ આવે ત્યાં સુધી તમામ આસમાન અને જમીનના ફરિશ્તા તથા ગઝબો રહેમતના ફરિશ્તા તેણી પર ફિટકાર કરતા રહેશે.''

આ સાંભળી તેણી વિનંતી કરી,



https://downloadshiabooks.com/

"યા રસુલુલ્લાહ! પુરૂષો પર સૌથી વધારે કોનો હક છે?" જવાબ મળ્યો,

"બાપનો." તેણીએ ફરી અરજ કરી,

"સ્ત્રી પર સૌથી વધુ હક કોનો છે?" હઝરતે ફરમાવ્યું,

"પતિનો."

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

"જે સ્ત્રી એક રાત એવી રીતે વીતાવે કે તેનો પતિ તેનાથી નારાજ હોય, તો જ્યાં સુધી તેનો પતિ તેનાથી રાજી નહિ થાય ત્યાં સુધી તેની કોઈ નમાઝ કબૂલ નહિ થાય. જે સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય માટે ખુશ્બુ લગાવશે તો જ્યાં સુધી તેણી ખુશ્બુને દૂર નહિ કરે તેની કોઈ નમાઝ કબૂલ નહિ થાય."

હઝરતે ફરમાવ્યું,

**"બે માણસોના આમાલ આસમાન પર પહોંચતા નથી.**

(૧) તે સ્ત્રીના આમાલ જેનો પતિ તેનાથી નારાજ હોય.

(૨) તે માણસના આમાલ જે ઘમંડ માટે પોશાક પહેર્યો હોય."

હદીસમાં છે કે,

"પુરૂષો માટે જેહાદ એ છે કે, પોતાનો માલ અને જાન ખુદાની રાહમાં આપે. સ્ત્રીઓનો જેહાદ એ છે કે, પતિના સતાવવા પર અને પતિ દ્વારા બીજી પત્ની કરવા પર સબ્ર કરે."

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

"જો માણસને ખુદાના સિવાય બીજા માટે સજદો કરવાનો હુકમ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે તેણીઓ પોતાના પતિનો સજદો કરે." એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"સ્ત્રીઓ નમાઝને એ નિયતથી લાંબી ન પઢે કે, પતિને તેની ખ્વાહિશથી દૂર રાખે. જે સ્ત્રીને તેનો પતિ સમાગમ માટે બોલાવે અને તેણી એટલું મોડું કરે કે, તેનો પતિ ઊંઘી જાય, તો જ્યાં સુધી તેનો પતિ જાગશે નહિ ત્યાં સુધી ફરિશ્તા તેના પર લાનત(ફિટકાર) કરતા રહેશે."

હદીસમાં છે કે,

"સ્ત્રી હજ, ઝકાત, મા-બાપ સાથે નેક વર્તાવ, પરેશાન અને મોહતાજ તથા નજીકના સગાવહાલાઓની મદદ સિવાય પોતાનો માલ ખર્ચ કરી શકતી નથી."

હ.ઈમામ જાફરે સાદિક જણાવે છે કે,

"જો કોઈ સ્ત્રી પોતાના પતિને એમ કહે કે, હું તારામાં ભલાઈ જોતી નથી. તો તેણીના બધા જ આમાલનો સવાબ ખતમ થઈ જાય છે."

"સ્ત્રીઓનો હક પુરૂષો પર એ છે કે તેને પેટ ભરીને ખોરાક આપે, જરૂરત પ્રમાણે કપડા આપે, જો તેનાથી કોઈ ભૂલ થઈ જાય તો તેણીને માફ કરે."

બીજી હદીસમાં છે કે,

"તેણીથી સખ્તાઈથી વર્તન ન કરે, દરરોજ જરૂરત પ્રમાણે ખાધા-ખોરાકી આપે, ત્રણ દિવસે એક વાર તેણી માટે ગોશ્ત લાવી આપે, મહેંદી અથવા ખિઝાબ યા જેની આદત હોય, છ મહિનામાં એક વખત જરૂર લાવે, દર વરસે કમસે કમ ચાર જોડી કપડા સીવડાવે, (બે જોડ ઠંડીના અને બે જોડ ગરમીના) એ પણ જરૂરી છે કે, તેણીનું ઘર માથામાં નાખવાના તેલથી અને સુરકો તથા ઝયતુનના તેલથી ખાલી ન રહે, દરરોજ પેટ ભરીને



https://downloadshiabooks.com/

ખોરાક આપે, મોસમના ફળ ખવરાવે, ઈદના દિવસે અને તહેવારોમાં દરરોજ કરતાં સારૂં ખાવા ખવરાવે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

**બે કમજોરોના હકમાં અલ્લાહથી ડરે.**

(૧) અનાથ બાળકો,

(૨) સ્ત્રીઓ.

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''તમારામાં સૌથી સારો માણસ એ છે જે પોતાની પત્ની સાથે સારો વર્તાવ કરે.''

પછી ફરમાવ્યું,

''દરેક માણસના માટે તેના ઘરના સભ્યો કેદી જેવા છે. ખુદા સૌથી વધારે તે બંદાને દોસ્ત રાખે છે જે પોતાના કેદીઓની સાથે સારો વર્તાવ કરે છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''જે શહેરમાં કોઈ માણસની પત્ની હાજર હોય અને તે માણસ તે જ શહેરમાં રાત્રે બીજા કોઈના મકાનમાં સૂએ અને પોતાની પત્ની પાસે ન આવે તો આ કામ મેજબાન માટે હલાકત (મૌત, ભયંકર નુકશાન)નું કારણ બની શકે છે.''

હ.અમીરૂલ મોઅમેનીન હ.ઈમામ હસન અ.ને વસીયત કરી કે,

''સ્ત્રીઓથી ક્યારેય મશ્વેરો ન કરશો. કેમ કે સ્ત્રીઓની સલાહ કમજોર, ઈરાદો સુસ્ત હોય છે. તેઓને હંમેશા પરદામાં રાખજો, બહાર ન મોકલશો. બને ત્યાં સુધી એવી વ્યવસ્થા કરજો કે તમારા સિવાય કોઈ પરાયા પુરૂષોથી પરિચયમાં ન આવે. સ્ત્રીઓ પાસે તેમના જાતિ કામ સિવાય અન્ય કોઈ કામ ન લેવાય



https://downloadshiabooks.com/

તે વધારે સારૂં છે, તેનાથી વધારે ખુશી પ્રાપ્ત થશે, તેમની ખૂબસુરતીને બાકી રાખવા માટે પણ આ વાત સારી છે, કેમ કે સ્ત્રી ફૂલ છે. તે નોકરાણી નથી. તેને ફૂલની જેમ રાખજો. પરંતું જો તેણી તમને બીજા કોઈની વાત કરે તો તેને કબૂલ ન કરશો. પોતાની જાતને સ્ત્રીને હવાલે ન કરશો.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''સ્ત્રીઓને ઘરના ધાબા કે અગાશી યા બારીઓ પર બેસવા ન દો. તેમને મિશ્ર શાળામાં (છોકરા-છોકરીઓ સાથે ભણતા હોય તેવી શાળામાં) શિક્ષણ ન આપો. તેઓને કોઈ ગૃહ ઉદ્યોગ શીખવાડો. (જે ઘરમાં બેઠા બેઠા કરી શકે.) સુરએ નૂરની તાલીમ આપો.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ. જણાવે છે કે,

''પોતાના ભેદ-રહસ્યની વાતો સ્ત્રીઓને ન કહો. તમારા સગાવહાલાઓ વિષે જે કંઈ પણ વાતો કહે તેની એક વાત પણ ન સાંભળો.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. જણાવે છે કે,

''જે માણસના તમામ કામોમાં સલાહ મશ્વેરો આપનાર સ્ત્રી હોય તે મલઉન છે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''જે માણસ પોતાની પત્નીની તાબેદારી કરશે, ખુદા તેને ઊંધા માથે જહન્નમમાં નાખશે.''

લોકોએ અરજ કરી,

''યા રસુલુલ્લાહ! આ કઈ તાબેદારીની વાત છે?'' હઝરત સ.મે જવાબમાં ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"સ્ત્રી ઘર બહાર નહાવાની રજા માંગે, શાદીઓમાં અને ઈદગાહોમાં જવાની રજા માંગે, યા જંગમાં ભાગ લેવાની રજા માંગે, ઘરની બહાર ફરવા જવા માટે કપડાં મંગાવે અને પતિ તેને લાવી આપે. વગેરે..."

હદીસમાં છે કે,

"સ્ત્રીઓનો પાંસળીઓના હાડકા જેવી છે. જો તેને તેના હાલ પર રહેવા દો તો ફાયદો પહોંચાડશે. જો સીધી કરવા પ્રયત્ન કરશો તો શક્ય છે કે તૂટી જાય. (મતલબ કે સ્ત્રીની નાની નાની નારાજગી કે ફરિયાદ પર ધ્યાન ન આપે પરંતું સબ્ર કરે)"

"યાદ રાખો! સ્ત્રીઓના જે હકો પુરૂષો પર છે તેમાંનો એક હક એ પણ છે કે, જો પુરૂષ ઘરમાં હાજર હોય અને શરીઅતી કોઈ કારણ ન હોય તો ચાર મહિનામાં એક વખત જરૂર સમાગમ કરે. જો એકથી વધારે પત્નીઓ ધરાવતો હોય તો દરેકની સાથે ન્યાયી રીતે સમય આપે."

## પ્રકરણ-૪૧
## સંતાન પ્રાપ્તિની દુઆઓ અને ફઝીલત

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

"નેક સ્ત્રી જન્નતના ફૂલોમાંનું એક ફૂલ છે, નેક ઓલાદ ઈન્સાનની ખુશનસીબી હોવાની દલીલ છે. એ પણ ફરમાવ્યું કે, તમે વધારે સંતાન માટે કોશીશ કરો. હું કયામતના દિવસે તેના પર ગર્વ કરીશ."



https://downloadshiabooks.com/

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સંતાનોને બીમારી આવે છે તે તેની માતા માટે ગુનાહોનો કફ્ફારો છે.''

હદીસમાં છે કે,

એક દિવસ હઝરત જીબ્રઈલે હ.રસુલેખુદા સ. અને અમીરૂલ મોઅમેનીન અ.ને રડતા જોયા. તો રડવાનું કારણ પૂછ્યું. હઝરતે ફરમાવ્યું,

''અમારા બંને બાળકો બીમાર છે. તેમના રોવાથી અમને આઘાત પહોંચ્યો છે.''

જીબ્રઈલે અરજ કરી કે,

''યા રસુલુલ્લાહ! તમારા આ બાળકોના લીધે અમુક મોમીનો એવા પેદા થશે કે, જ્યારે તેઓના બાળકો રડશે તો તેઓનું રોવું સાત વર્ષ સુધી **લાએલાહ ઈલ્લલ્લાહ** સમજવામાં આવશે. સાત વર્ષ પુરા થઈ જશે ત્યારબાદ તેઓનું રોવું એ તેમના મા-બાપ માટે ગુનાહોની માફી સમજવામાં આવશે. જ્યારે તેમના બાળકો પુખ્ત વયના(બાલીગ) થશે તો તેઓના બધા નેક અમલ અને સવાબના કામોમાં મા-બાપની ભાગેદારી સમજવામાં આવશે. પરંતું ખરાબ કામોમાં નહિ.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''જે દિવસે સ્ત્રીને ગર્ભ રહે ત્યારથી લઈને બાળકના જન્મ આપવા સુધી તથા જન્મથી લઈને બાળકના દૂધ છૂટવા સુધી તેણીને એ માણસનો સવાબ મળે છે જે કાફિરની સરહદ પર છાવણી નાખીને મુસલમાનોને કાફિરોથી બચાવતા રહેતા હોય. અગર તે મુદ્દત દરમિયાન તેણી મુત્યું પામે તો તેને શહીદોનો સવાબ મળે છે.''



https://downloadshiabooks.com/

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

એક વખત હ.ઈસા અ. એક કબર પાસેથી પસાર થયા તો કબરવાળાઓને અઝાબમાં જોયા. બીજા વર્ષે તે જ કબર પાસેથી પસાર થયા તો તે કબરવાળાને અઝાબ થતો ન હતો. તેનું કારણ અલ્લાહ તઆલાને પૂછ્યું,

''અલ્લાહ તરફથી વહી આવી કે, આ વર્ષે આ માણસનો એક નેક પુત્ર બાલીગ (પુખ્ત)થયો. તેણે એક રસ્તાને મરામત(ઠીક) કર્યો, એક અનાથ બાળકને રહેવાની વ્યવસ્થા કરી આપી. આ નેક કામના લીધે તેના મરહુમ બાપના ગુનાહ માફ કરી દીધા.''

ત્યાર પછી હ.રસુલેખુદા સ. ફરમાવ્યું કે,

''જે વારસો બંદો અલ્લાહના માટે છોડીને જાય છે તે અલ્લાહનો એવો બંદો છે જે તેના પછી ખુદાની ઈબાદતમાં મશગુલ રહે.''

હદીસમાં છે કે,

''જે માણસ ઓલાદ વગર મરી જાય છે તે એવો છે જાણે ક્યારેય દુનિયામાં આવ્યો જ ન હતો. જે ઓલાદ છોડી જાય છે તે એવો છે જાણે મૃત્યુ પામ્યા જ નથી.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''અલ્લાહ તઆલા પુત્રની સરખામણીમાં પુત્રીઓ પર વધારે મહેરબાન છે. જો કોઈ પુરૂષ પોતાના સગાવહાલાઓમાંથી કોઈ મહેરમ સ્ત્રીને જાએઝ રીતથી ખુશ કરશે તો અલ્લાહ તઆલા તેને કયામતના દિવસે ખુશ કરશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,



https://downloadshiabooks.com/

''દીકરીઓ તમારી નેકીઓ છે અને દિકરાઓ તમારી નેઅમત છે. ખુદા દરેક નેકી પર તમને સવાબ આપશે. તથા દરેક નેઅમત વિષે સવાલ કરશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. પોતાના એક સાથીને કહ્યું,

''હું સાંભળ્યું છે કે, તારે ત્યાં એક દીકરીનો જન્મ થયો છે. તું તેનાથી ખુશ નથી. શું તે તને કોઈ નુકશાન પહોંચાડે છે? તે એક ફૂલ છે. જે તને ખુશ્બુ માટે આપવામાં આવ્યું છે. તેની રોજી ખુદાના જીમ્મે છે. શું તું અલ્લાહતઆલાના આ કામથી ખુશ નથી? હ.રસુલેખુદા સ.નો વંશવેલો દીકરીઓથી જ આગળ વધ્યો છે.''

એક હદીસમાં છે કે,

''હ.ઈબ્રાહીમ અ. અલ્લાહ તઆલાને પોતાની દીકરી વિષે સવાલ કર્યો કે તેણી મારા મૃત્યું બાદ મારા પર રડે.''

એ પણ કહ્યું કે,

''જે માણસ પોતાની દીકરીઓની મરવાની ઈચ્છા રાખે અને જો તેઓ મરી જાય તો તેને કોઈ સવાબ મળશે નહિ. પરંતું ખુદા પાસે કયામતના દિવસે ગુનેગાર થશે.''

એક માણસ હ.રસુલેખુદા સ. પાસે બેઠો હતો. તે સમયે તેને સમાચાર મળ્યા કે, તેના ઘેર એક દીકરી જન્મી છે. આ સમાચાર સાંભળતાં જ તેના ચહેરાનો રંગ ઊડી ગયો. હઝરત સ.મે તેને કહ્યું,

''ધરતી તેનો બોજ ઉઠાવવા, આસમાન તેને છાયો કરવા તથા ખુદા તેની રોજી માટે હાજર છે. આ બધું હોવા છતાં તે તારા માટે એક ફૂલ છે. (તો તું શા માટે નારજ થાય છે?)''

પછી સાથીઓ તરફ નજર કરી કહ્યું,



https://downloadshiabooks.com/

"જેને એક દીકરી હોય તેનો બોજ ઉઠાવવા તે સક્ષમ છે. જેને બે દીકરીઓ હોય ખુદાની કસમ! તમે તેની ફરિયાદ સાંભળો. જેને ત્રણ દીકરીઓ હોય તેને જેહાદ અને દરેક પ્રકારની તકલીફોથી દૂર રાખો. જેને ચાર દીકરીઓ હોય તો અય ખુદાના બંદાઓ! હું હુકમ આપું છું કે, તમે તેન કરજ આપો અને તેના પર દયા કરો."

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે, છે કે,

"જે માણસ ત્રણ બહેનો અથવા ત્રણ દીકરીઓના ભરણપોષણનો જીમ્મેદાર હોય, તેના પર જન્નત વાજીબ થશે."

તે પછી ફરમાવ્યું,

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

સંતાન પ્રાપ્તિ માટે સજદામાં જઈ આ મુજબ દુઆ કરે,

હે પરવરદિગાર! તું તારી પાસેથી મને પાક ઓલાદ આપ, તેમાં કોઈ શક નથી કે તું દુઆનો સાંભળનાર છે. હે પરવરદિગાર! તું મને એકલો ન છોડ, જ્યારે પાછળ રહી જવાવાળાઓમાં તારાથી શ્રેષ્ઠ કોઈ નથી."

અબરશે કલ્બી નામના એક માણસે હ.ઈમામ મોહંમદ બાકિર અ.ની સેવામાં અરજ કરી કે,

"મારા ત્યાં કોઈ ઓલાદ થતી નથી. હઝરતે ફરમાવ્યું કે,

"દરરોજ અથવા દરેક રાત્રે ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર (પ્રાયશ્ચિત) કર. ઈસ્તિગ્ફારની સૌથી શ્રેષ્ઠ રીત આ મુજબ છે,"

**'અસ્તગ્ફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલૈહ.'**

હ.ઈમામ મોહંમદ બાકિર એ જણાવે છે કે,

"સવાર-સાંજ સીત્તેર સીત્તેર વખત **'સુબ્હાનલ્લાહ'** પઢે. પછી દસ દસ વખત **'અસ્તગ્ફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો**



https://downloadshiabooks.com/

**એલૈહ'** કહે.'' આ હદીસને બયાન કરનાર રાવી કહે છે કે, આ પ્રમાણે ઘણા લોકોએ અમલ કર્યો. દરેકને ઓલાદ થઈ.

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સંતાન પ્રાપ્તિ માટે દરરોજ સવારે ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર પઢો. અગર કોઈ દિવસ ભૂલી જાઓ તો બીજા સમયે તેની કઝા અદા કરો.''

એક માણસે ઈમામ અ.ને સંતાન ન થવા બાબતે ફરિયાદ કરી, તેના જવાબમાં ઈમામ અ.મે ફરમાવ્યું,

''તું સમાગમ વખતે આ મુજબ નિયત કર.''

''હે ખુદા તું મને પુત્ર આપીશ તો હું તેનું નામ **'મોહંમદ'** રાખીશ.

એક માણસ હ.ઈમામ અલી રઝા અ.ની સેવામાં ફરિયાદ કરી કે,

''હું હંમેશા બીમાર રહું છું. મારે કોઈ ઓલાદ થતી નથી.'' હઝરતે ફરમાવ્યું,

''તું તારા ઘરમાં મોટા અવાજથી અઝાન કર્યા કર.'' આ મુજબ અમલ કરવાથી તે તંદુરસ્ત થયો ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેને ઘણા સંતાનોથી નવાજયો.

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જેના ત્યાં ઓલાદ ન થતી હોય તો આ મુજબ નિયત કરે કે, જો મારા ત્યાં પુત્ર થશે તો હું તેનું નામ **'અલી'** રાખીશ. અગર **'હુસૈન'** નામ રાખવાની નિયત કરશે તો તો પણ ખુદાએ તઆલા તેને દિકરો અતા કરશે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''અગર કોઈ સ્ત્રી એ નિયત કરે કે, હું મારા દિકરાનું નામ **'મોહંમદ'** યા **'અલી'** રાખીશ તો અલ્લાહ તઆલા તેને દિકરો અતા કરશે.''

બીજી એક હદીસમાં છે કે,

''જો જન્મનાર બાળકનું નામ **'અલી'** રાખશે તો તેની ઉમ્ર લાંબી હશે.''

હ.ઈમામ હસન અ. જણાવે છે કે,

''જે માણસને વધારે ઓલાદની ઈચ્છા હોય તે વધારે ઇસ્તિગ્ફાર કરે.''

## પ્રકરણ-૪૨
## સગર્ભા અવસ્થા દરમિયાન રાખવાની કાળજી

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ગર્ભવતી સ્ત્રીને બેહી (ફળ)ખાવું જોઈએ. જેથી તેના બાળકના રંગ-રૂપ સુંદર હોય અને તેમાંથી ઉમદા સુગંધ આવ્યા કરે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સુવાવડી સ્ત્રીને ખજૂર ખવરાવો. જેથી સંતાન બુધ્ધિશાળી અને સહનશીલ બને.''

''જ્યારે પોતાની કોઈ પત્નીને બાળકને જન્મ આપવાનો સમય નજીક આવી પહોંચતો ત્યારે ઈમામ ઝયનુલ આબેદીન



https://downloadshiabooks.com/

અ. અન્યોને ઓરડામાંથી બહાર નીકળી જવાનો હુકમ આપતા જેથી તેઓની નજર બાળક પર ન પડે.''

''જ્યારે બાળકના જનમવાની ખુશખબરી સંભળાવવામાં આવતી તો હઝરત અલી ઈબ્નુલ હુસૈન અ. એ પૂછતા ન હતા કે દીકરી છે કે દિકરો? પણ એમ પૂછતા કે, તે બધી રીતે સંપૂર્ણ છે? જવાબ 'હા' માં મળતો અને કહેવામાં આવતું કે તેમાં કોઈ કમી નથી. તો હઝરત ફરમાવતા કે સઘળા વખાણ અલ્લાહના માટે છે. જે મારા નુત્ફાથી ખામીરહિત ઓલાદ પેદા કરી.''

બીજી એક હદીસમાં ફરમાવ્યું છે કે,

''દાયણને અથવા કોઈ બીજાને કહી દે કે બાળકના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહે. તેનાથી બાળકમાં ન ગાંડપણ આવશે, ન તો તેને પાગલપણાથી નુકશાન પહોંચશે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''બાળકનો જન્મ થાય કે તરત જ જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કરવામાં આવે તો તે શયતાનની બૂરાઈઓથી સુરક્ષિત રહેશે.''

ઈમામ હુસૈન અ.ની વિલાદતથી એ જાહેર છે કે,

''બાળકના જન્મ વખતે પીળા કપડામાં લપેટવું મકરૂહ છે. સફેદ કપડામાં લપેટવું મુસ્તહબ છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''બાળકનું ગળું ઈમામ હુસૈન અ.ની કબરની માટીથી ઉઠાવો તેનાથી બાળક ઘણી બીમારીઓ, બલાઓ અને તકલીફોથી મહેફૂઝ રહેશે.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી બયાન છે કે,



https://downloadshiabooks.com/

''નામોમાં સૌથી વધારે સારા નામ તે છે જેનાથી ખુદાની બંદગી સમજાય. દા.ત. **'અબ્દુલ્લાહ.'** પયગમ્બરોના નામ પણ સારા છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસને ચાર બાળકો પેદા થાય અને તેમાંથી એકનું પણ નામ મારા નામ પર ન રાખે તો તે મારા પર ઝૂલ્મ કર્યો.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરકાવે છે કે,

''જે ઘરમાં નીચે જણાવેલ નામામાંથી કોઈ નામ હશે તો તેના ઘરમાં ફકીરી, ગરીબી આવશે નહિ. તે નામ આ મુજબ છે.

**મોહંમદ, એહમદ, અલી, હસન, હુસૈન, જાઅફર, તાલીબ અથવા અબ્દુલ્લાહ અથવા ફાતેમા.**''

એક માણસ હ.રસુલેખુદા સ.ની સેવામાં એક માણસ આવીને પૂછપરછ કરી કે,

''મારે ત્યાં દિકરો પેદા થયો છે. તેનું નામ શું રાખુ?'' આપ સ. જવાબમાં કહ્યું,

''મારી દ્રષ્ટિએ હમ્ઝા સારૂં નામ છે. તે રાખો.''

જનાબે જાબીરથી બયાન છે કે,

હું હ.ઈમામ મોહંમદ બાકિર અ.ની સાથે એક માણસના ઘરે ગયો. તે મકાનમાંથી એક બાળક નીકળ્યું. હઝરતે તેને પૂછ્યું કે,

''તારૂં શું નામ છે?'' તેણે કહ્યું,

''મોહંમદ.'' પછી આપે ફરમાવ્યું કે,

''તારી કુન્નિયત શું છે?'' અરજ કરી,

''બુ અલી.'' ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''તું પોતાને શયતાનની બુરાઈથી બચાવી લીધો. જ્યારે શયતાન કોઈને યા મોહંમદ, યા અલી કહેતાં સાંભળે છે તો તે એવો પાણી જેવો થઈ જાય છે કે, જે રીતે કલાઈ આગમાં. જ્યારે શયતાન અમારા દુશ્મનોના નામ સાંભળે છે તો ખુશ થાય છે અને ગર્વ કરે છે.''

એક માણસ હ.ઈમામ જાફરે સાદિક અ.થી અરજ કરી કે,

''ખુદાએ મને દિકરો આપ્યો છે.'' ફરમાવ્યું,

''મુબારક થાય, તું તેનું નામ શું રાખ્યું છે?'' અરજ કરી,

''મોહંમદ.'' હઝરતે જમીન તરફ માથું ઝુકાવી લીધું. વારંવાર મોહંમદ, મોહંમદ કહેતા જતા હતા અને માથું ઝુકાવે જતા હતા. એટલે સુધી કે તૈયારી હતી કે જમીન નજીક પહોંચી જાય. આ સમયે ફરમાવ્યું કે,

''મારી જાન, મારા બાલબચ્ચા, મા-બાપ અને ધરતી પરના તમામ લોકો રસુલેખુદા સ. પર ફીદા થાય. જ્યારે તું મુબારક નામ રાખ્યું છે તો ન તેન ક્યારેય ગાળો આપજે, ન તેને મારજે, ન તેને તકલીફ પહોંચાડજે. આ યાદ રાખ કે, જે ઘરમાં **મોહંમદ** નામથી કોઈ માણસ હોય તો ફરિશ્તા દરરોજ તેના ઘરને પાક કરે છે.''

ઘણી હદીસોમાં છે કે,

''રસુલેખુદા સ.મે હકમ, હકીમ, ખાલીદ અને માલીક જેવા નામ રાખવાની મનાઈ કરી છે.''

એ પણ ફરમાવ્યું છે કે,

''ખુદાની નજીક સૌથી ખરાબ નામ હારીસ, માલીક, ખાલીદ અને ચાર કુન્નિયતો રાખવાની મનાઈ ફરમાવેલી છે. તે ચાર કુન્નિયતો અબુ ઈસા, અબુલ હકમ, અબુ માલિક, અબુલ



https://downloadshiabooks.com/

કાસિમ. ચોથી કુન્નિયત એ સમયે મનાઈ ફરમાવેલ છે કે નામ અને કુન્નિયત બંને હ.રસુલેખુદા સ.ના નામ અને કુન્નિયત મુજબ થઈ જાય તો. એટલે કે જેનું નામ મોહંમદ હોય તેની કુન્નિયત અબુલ કાસિમ ન હોવી જોઈએ.''

હદીસમાં છે કે,

''યાસીન નામ ન રાખવું જોઈએ કે આ નામ નબી સ. માટે ખાસ હતું.''

હ.રસુલેખુદા સ.થી બયાન છે કે,

''જ્યારે કોઈ મશ્વેરા માટે ભેગા થાય, જો તેમાં કોઈ મોહંમદ, એહમદ, હામીદ યા મહેમુદ નામનો હોય તો તેનો મશ્વેરો બહેતર સાબિત થશે. પછી ફરમાવ્યું કે, જે છોકરાનું નામ મોહંમદ રાખો, તેની ઈજજત વધારે કરો. તેના માટે મહેફિલમાં જગા છોડી દો, તેનાથી દુર્વ્યવહાર ન કરો.''

ફિકહુર રઝા અલયહિસ્સલામમાં નકલ છે કે,

''બાળકના જનમના સાતમા દિવસે નામ રાખવામાં આવે. જન્મ સમયના જે આમાલ છે તેમાં બચ્ચાને ગુસ્લ આપવું સુન્નતે મોઅક્કેદા છે.'' એહતિયાત (સારૂં) એ છે કે, ગુસ્લની નિયત આ પ્રમાણે કરે કે, ''અલ્લાહની ખુશી માટે ગુસ્લ આપું છું. પહેલાં તેનું માથું ધૂએ ત્યારબાદ જમણો ભાગ પછી ડાબો ભાગ ધૂએ.''

**''તમારામાં સૌથી સારો માણસ એ છે જે પોતાની પત્ની સાથે સારો વર્તાવ કરે.''**
**(હ.રસુલેખુદા સ.)**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૪૩
# અકીકા અને મૂંડન કરવાના આદાબ

હેસિયતમંદ માણસ માટે બચ્ચાનો અકીકો કરવો સુન્નતે મોઅકકેદા છે. અમુક આલીમો તેને વાજીબ સમજે છે. બહેતર એ છે કે સાતમા દિવસે અકીકો કરવામાં આવે. અગર કોઈ સાતમા દિવસો અકીકો ન કરી શકે તો બાળક બાલિગ થાય ત્યાં સુધીમાં અકીકાની સુન્નતની અદાયગી તેના બાપ પર જરૂરી છે. બાલીગથી લઈને હયાતિના અંત સુધીમાં પોતાના પર સુન્નત છે.

હદીસોમાં છે કે,

''અગર બાળકનો અકીકો ન કરવામાં આવે તો મૌત અને જાતજાતની બલા-મુસીબતોના ખતરામાં બાળક ઘેરાએલું રહે છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અકીકો ધનવાન અને ગરીબ બંને પર જરૂરી છે. પરંતું ગરીબ માણસ જ્યારે શક્તિમાન હોય ત્યારે કરે. અગર ન કરી શકે તેમ હોય તો તેના જીમ્મે નથી. જો કુરબાની સુધીમાં બાળકનો અકીકો ન કરવામાં આવેલ હોય તો પહેલી કુરબાની જે તેના નામથી કરવામાં આવે તેને અકીકાની બદલીમાં સમજવામાં આવશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જન્મના સાતમા દિવસે બાળકનું નામ રાખો, અકીકો કરો, બચ્ચાના માથે મૂંડન કરો, વાળના બરાબર ચાંદી તોળીને સદકામાં આપો. અકીકાની એક રાન તે દાઈને આપે જે



https://downloadshiabooks.com/

બાળકના જન્મ વખતે મદદ કરી હોય. બાકીનું ગોશ્ત લોકોને ખવડાવે અને સદકો કરે.''

હદીસમાં છે કે,

''ઘેટાનો ચોથો ભાગ દાયાને આપો. અગર દાયા વિના જન્મ થયો હોય તો તેની માતાને આપો. તેણીને પોતાની ઈચ્છા મુજબ જેને ચાહે આપી શકે છે. બાકીનો ગોશ્ત ઓછામાં ઓછા દસ મુસલમાનોને ખવરાવો. જેટલા વધારે હોય તેટલું સારૂં છે. પોતે અકીકાનો ગોશ્તને ન ખાય. દાયા યહુદણ(યા ગેર મુસ્લીમ) હોય તો ઘેટાના ચોથા ભાગની કિંમત આપી દે.''

ઓલમાઓમાં આ વાત મશહુર છે કે,

''અકીકો ઊંટ યા ઘેટા યા બકરાનો હોવો જોઈએ. અગર ઊંટ હોય તો પાંચ વર્ષ પૂરા કરી છઠ્ઠા વરસમાં પ્રવેશ કરેલ હોય યા તેનાથી વધારે હોય. બકરો હોય તો એક વર્ષ પૂરૂં કરી બીજા વરસમાં દાખલ થએલો હોવો જોઈએ યા તેનાથી વધારે. અગર અકીકાનું જાનવર ઘેટું હોય તો છ મહિના પૂરા કરી સાતમા મહિનામાં પ્રવેશ કરેલ હોય. અગર સાત મહિના પૂરા કરેલ હોય તો વધારે સારૂં છે.''

''અકીકાના જાનવર માટે એ જરૂરી છે કે ખસી કરાવેલ ન હોય, કાન કપાએલો ન હોય, દુબળું પાતળું ન હોય, શીંગડું તૂટેલું ન હોય, આંધળું ન હોય, લંગડું પણ એટલું ન હોય તેને રસ્તે ચાલવામાં તકલીફ પડતી હોય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અકીકો એ કુરબાની નથી. તેથી જે પ્રકારનું જાનવર મળે તો સારૂં છે. પરંતું ખામી રહિત હોય તે જાનવર પસંદ કરવાને લાયક છે.''



https://downloadshiabooks.com/

હ.અલી ઈબ્ને મુસા રઝા અ.થી બયાન છે કે,

હ.રસુલેખુદા સ. ઈમામ હુસૈન અ.ના જન્મ વખતે કાનમાં અઝાન કહી. જનાબે ફાતેમા સ. સાતમા દિવસે તેમનો અકીકો કર્યો. દાયાને ઘેટાની એક રાન આપી. અથવા એક અશરફી(દીનાર) આપી.

આલિમોમાં મશહુર છે કે,

"દિકરા માટે નર જાનવરનો અકીકો કરવો સુન્નત છે. દીકરી માટે માદા જાનવર. બંને માટે નર જાનવર હોય તો બહેતર છે."

સુન્નત છે કે, "મા-બાપ અકીકાનો ગોશ્ત ન ખાય." બહેતર એ છે કે "જેની સાથે ગોશ્ત રાંધવામાં આવે તે પણ ન ખાય." દા.ત. ચાવલની સાથે ગોશ્ત રાંધવામાં આવે તો ચાવલ પણ ન ખાય.

સુન્નત છે કે, "અકીકાના હાડકાઓને ન તોડે. પરંતું ગોશ્તને સાંધાઓમાંથી અલગ કરવામાં આવે."

સુન્નત છે કે, "અકીકાના ગોશ્તને ચાહે તો રાંધે યા રાંધ્યા વગર જ વહેંચવામાં આવે. રાંધવામાં સૌથી નીચો દરજ્જો એ છે કે, ફક્ત પાણી અને નમક નાખીને પકાવે. સારૂં એ છે કે ગોશ્તને રાંધવામાં આવે. કાચા ગોશ્તનો સદકો કરવામાં પણ કંઈ વાંધો નથી.જો અકીકાનું જાનવર ન મળે તો તેની કિંમત સદકા રૂપે આપવામાં કોઈ ફાયદો નથી. જાનવર મળે ત્યાં સુધી ધીરજ ધરવી જોઈએ. એ કોઈ શરત નથી કે અકીકાનું ગોશ્ત ખાવા માટે ગરીબો જ હોય. કોઈ ધનિક મળી જાય તો પણ ઠીક છે."



https://downloadshiabooks.com/

મશહુર છે કે, ''પહેલાં માથાનું મૂંડન કરાવવું સુન્નત છે. પછી અકીકાના જાનવરને ઝબ્હ કરવું.''

એક હદીસમાં છે કે,

''માથાનું મૂંડન, અકીકો કરવો, માથાના વાળ બરાબર સોના-ચાંદી તોળવું, સોના-ચાંદીને ખેરાત કરવું, એક સમયે અને એક જ જગ્યાએ થવું જોઈએ. માથાના મૂંડન માટે સુન્નત છે કે, આખા માથાનું મૂંડન કરવું જોઈએ, ઝૂલ્ફો (લટ) યા ચોટી રાખવી ન જોઈએ.''

એક રિવાયતમાં છે કે,

''માથાના મૂંડન પછી માથા પર કેસરની માલીશ કરવી સુન્નત છે.''

## પ્રકરણ-૪૪
## ખત્ના અને કાન વીંધવાના આદાબ

''છોકરાના ખત્ના સાતમા દિવસે કરવા સુન્નત છે. જો આઠમા દિવસે કરવામાં આવે તો પણ સુન્નત છે. પછી આઠમા દિવસથી લઈ બાળક બાલિગ થાય ત્યાં સુધી પણ સુન્નત છે. બાલિગની નજીક છોકરાના વાલી પર ખત્ના વાજીબ છે. અગર બાળકનો વાલી ખત્ના ન કરાવે તો બાલીગ બાદ તેના પર વાજીબ થશે.''

''છોકરાઓના જમણા કાનની બુટમાં તથા ડાબા કાનના ઉપરના ભાગમાં કાણું પડાવવું સુન્નત છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''છોકરાઓના ખત્ના કરવા માટે સાતમો દિવસ નક્કી કરે. જેથી શરીર ખૂબસુરત અને બાળક તંદુરસ્ત થાય છે. જેના ખત્ના ન થયા હોય જમીન તેના પેશાબથી નફરત કરે છે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ મુસલમાન હોય તેના ખત્ના કરી દો ચાહે તે ૮૦ વરસનો હોય.''

હુસૈન ઈબ્ને ખાલીદથી નકલ છે કે,

કોઈએ ઈમામ રઝા અ.ને સવાલ કર્યો કે, ''બચ્ચાના જનમની મુબારકબાદી ક્યા દિવસે આપવી જોઈએ?'' ફરમાવ્યું કે,

''જ્યારે ઈમામ હસન અ. પેદા થયા હતા ત્યારે જીબ્રઈલ સાતમા દિવસે રસુલ સ. પાસે મુબારકબાદ આપવા માટે આવ્યા હતા. આ હુકમ લાવ્યા હતા કે, નામ રાખો, મૂંડન કરાવો, અકીકો કરો અને બંને કાન વીંધો. એ જ પ્રમાણે ઈમામ હુસૈન અ.ના જનમ વખતે જીબ્રઈલ આવ્યા હતા અને આ જ હુકમ લાવ્યા હતા.''

હ.સાહેબુલ અસ્ર અ.નું બયાન છે કે,

''અગર કોઈ બાળકના ખત્ના સહીહ રીતે ન થયા હોય તો બીજીવાર ખત્ના કરવા જરૂરી છે. કેમ કે, જમીન તે માણસના પેશાબ કરવાથી ખુદાની સામે ચાલીસ દિવસ ફરિયાદ કરે છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી બયાન છે કે,

''કોઈ માણસના ખત્ના કોઈ ખાસ તકલીફ ના હોય છતાં ન કરવામાં આવે તો, ન તે માણસ લોકોને નમાઝ પઢાવી શકે છે, (પેશ નમાઝી કરી શકતો નથી) ન તેની સાક્ષી કબૂલ છે. ન તેના જનાઝાની નમાઝ જાએઝ છે. કેમ કે, પયગમ્બરોની ઉમદા સુન્નતને



https://downloadshiabooks.com/

તેણે છોડી દીધી છે. ખાસ તકલીફ આના સિવાય કોઈ નથી હોઈ શકતી કે ખત્ના કરવાથી મરવાનો ડર હોય.''

## પ્રકરણ-૪૫
## બાળકને દૂધ પીવડાવવાના તથા પાલનપોષણના આદાબ

યાદ રાખવું જોઈએ કે,

''બાળકને માતાનું દૂધ પીવડાવવાની મુદ્દત વધારેમાં વધારે બે વરસ છે. કારણ વગર બે વરસથી વધારે દૂધ પીવડાવવું જાએઝ નથી. સિવાય કે બાળક બીમાર રહેતું હોય અથવા બેચેન રહેતું હોય તો જાએઝ છે. એકવીસ મહિનાથી ઓછી મુદ્દત પણ ન હોવી જોઈએ સિવાય કે કોઈ મજબૂરી હોય. મતલબ કે દૂધ પાનારી દાયા ન મળી શકે, યા તેનું મહેનતાણું ચૂકવવા શક્તિમાન ન હોય, યા માતા જો દૂધ પીવરાવતી હોય તો માતાનું દૂધ સૂકાઈ ગયું હોય, યા માતા કોઈ બીમારીમાં ઘેરાઈ ગઈ હોય વગેરે. ઓલમાઓની દ્રષ્ટિમાં વાજીબ છે કે, જ્યારે પણ માતાની છાતીમાં દૂધ ઉતરી આવે તે જ દૂધ બચ્ચાને પીવરાવે. અગર માતા પોતાના બાળકને દૂધ નહિ પીવરાવે તો બાળક બચશે નહિ યા બચી જશે તો તાકતવર નહિ હોય.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''બાળક માટે સૌથી વધારે ફાયદાકારક અને મુબારક દૂધ તેની માતાનું દૂધ છે.''



https://downloadshiabooks.com/

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

''એક  જ છાતીમાંથી દૂધ ન પીવરાવો પરંતું બંને છાતીમાંથી પીવરાવો. કેમ કે, એક ખોરાકની ગરજ સારે છે અને પાણીની. એ પણ ફરમાવ્યું કે, જેઓ એકવીસ મહિનાથી ઓછા દિવસ માટે પોતાના બાળકને દૂધ પી તે બાળક પર ઝૂલ્મ કરે છે.''

''હ.રસુલેખુદા સ. તે સ્ત્રીના દૂધની પણ મનાઈ કરેલ છે જે પાગલ હોય. યા જેની આંખમાં કોઈ ખામી હોય. કેમ કે, દૂધ બાળક પર અસર કરે છે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.થી બયાન છે કે,

''દાયા એવી હોવી જોઈએ કે જે સુરત અને સીરતમાં શ્રેષ્ઠ હોય. કેમ કે દૂધ બાળક પર અસર કરે છે. જેથી બાળક સુરત અને સીરત બંન્નેમાં દાયાનું સ્વરૂપ થાય છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી બયાન છે કે,

''પોતાના બાળક ને સાત વર્ષ સુધી રમવા દો. પછીના સાત વર્ષ સુધી તેની અને તરબિયત માટે કોશીશ કરો. જો આ સાત વર્ષમાં નેક રહ્યો તો અને સુધરી ગયો તો  કોશીશ ચાલું રાખો. નહિતર સમજી લો કે તેનાથી નેકીની કોઈ ઉમ્મીદ નથી.''

બીજી હદીસમાં ફરમાવ્યું કે,

''સાત વર્ષ બાળકને રમવા દો. બીજા સાત વર્ષમાં લખવા-વાંચવાનું શીખવાડો. ત્યાર પછીના સાત વરસમાં હલાલ-હરામની (ઈલ્મે શરીઅત)ની તાલીમ આપો.''

હ.અમીરૂલ મોઅમેનીન અ.ફરમાવે છે કે,

''પહેલા સાત વર્ષ બાળકના શારીરિક તંદુરસ્તી માટે કોશીશ કરવી જોઈએ. પછીના સાત વર્ષમાં અખ્લાક (સંસ્કાર)



https://downloadshiabooks.com/

અને આદાબ શીખવવા જોઈએ. પછીના સાત વર્ષમાં કામની જીમ્મેદારી સાંપવી જોઈએ. તેના વર્તન પર દેખરેખ રાખવી જોઈએ. આ પણ ફરમાવ્યું કે, ત્રેવીસ વરસ સુધી બાળકની ઊંચાઈ વધે છે. પચ્ચીસ વરસ સુધી અક્કલ વધે છે.''

રિવાયતમાં છે કે,

''જે બાળકો છ વર્ષના થઈ જાય તેમને એક જ ધાબળા (ચાદર)માં ન સુવડાવવામાં આવે.''

એક રિવાયતમાં છે કે,

''જે દિકરા અને દીકરીઓ દસ દસ વરસના થઈ જાય તો તેઓની પથારી અલગ અલગ કરી દો.''

હ.ઈમામ જાફરે સાદિક અ.ફરમાવે છે કે,

''જેટલું બની શકે તેટલી વહેલી તકે બાળકોને હદીસોનું જ્ઞાન આપવું જોઈએ. જેથી (દીનના) વિરોધીઓ તેઓને ગુમરાહ ન કરી શકે.''

હદીસમાં છે કે,

''પોતાના બાળકને હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ની મોહબ્બતની તાલીમ આપો. જો તે કબૂલ ન કરે તો તેની માતાના બારામાં ચકાસણી કરો. કારણ કે હ.અલી અ.ની મોહબ્બતને કબૂલ ન કરવી વ્યભિચારથી પેદા થવાની નિશાની છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જેઓ અમો અહલેબૈત અ.ની મોહબ્બતને પોતાના દિલમાં જૂએ તો તેના માટે જરૂરી છે કે, પોતાની માતાના હકમાં ખૂબ જ દુઆ કરે. કેમ કે તે અમાનતદાર છે અને પોતાના બાપના હકમાં ખયાનત નથી કરી.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ઓલાદનો હક બાપ પર એ છે કે, તેનું શ્રેષ્ઠ નામ રાખે, તાલીમ આપે, અદબ-અખ્લાક સારી રીતે શીખવે. જ્યાં સુધી બની શકે ઊચ્ચ અને ઈજજતવાળા ધંધામાં તેને લગાવે.''

હ.ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''બચપણમાં જો બાળક મસ્તીખોર તથા બદ મીજાજ હોય તો તેનાથી એ સમજી લેવું કે મોટો થઈને હોંશિયાર અને સહનશીલ બનશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ.થી બયાન છે કે,

હ.રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

''જે માણસ પોતાની ઓલાદની નેકીમાં મદદ કરે છે, તેના પર ખુદાની રહેમત થાય છે. રાવીએ અરજ કરી કે અમો કેવી રીતે મદદ કરી શકીએ? ફરમાવ્યું કે, તેને આસાન કામ બતાવો જે તે કરી શકે. જે કામ તે કરે તેના માટે તેને શાબાશી આપો. જેથી નેકીના કામમાં તેનો હોંસલો બુલંદ થાય. મુશ્કિલ કામ તેની પાસેથી ન લે. બને ત્યાં સુધી તેને તકલીફમાં ન નાખે. ગુસ્સા અને નાદાની જેવો તેની સાથે વર્તાવ ન કરે.''

એક માણસ ઈમામ જાફરે સાદિકની સેવામાં એક માણસ હાજર થઈ વિનંતી કરી કે,

''હું કોની સાથે નેકી કરૂં?'' જવાબ મળ્યો,

''પોતાના મા-બાપની સાથે.'' અરજ કરી,

''તેઓ તો અવસાન પામ્યા છે.'' ફરમાવ્યું,

''પોતાની ઓલાદ સાથે નેકી કરો.''

હ.ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''સ્ત્રીઓ અને બાળકો પર ઝૂલ્મ કરનાર પર ખુદા જેટલો ગઝબનાક (ગુસ્સે) થાય છે તેટલો કોઈ વસ્તું પર ગઝબનાક થતો નથી.''

પયગમ્બરે અકરમ સ. ફરમાવે છે કે,

''પોતાની ઓલાદને પ્યાર કરો, તેમના પર રહેમ કરો, તેમની સાથે જે વાયદો કરો તે પૂરો કરો. કેમ કે તેઓ તમને પોતાની રોજી દેનાર જાણે છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ પોતાના બાળકોને ચૂંબન કરે છે, ખુદાવંદે આલમ એક નેકી તેના આમાલનામામાં લખે છે. જે માણસ પોતાના બાળકોને ખુશ કરે છે તથા તેઓને કુરઆનમજીદ પઢાવે છે, કયામતના દિવસે તે માણસ તથા તે બાળકોની માતા બંનેને બોલાવવામાં આવશે અને બે જોડ પોશાક તેમને એવો પહેરાવવામાં આવશે કે, તેના નૂરથી જન્નતવાસીઓના ચહેરા પણ નૂરાની થઈ જશે.''

એક માણસ હ.રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

''હું ક્યારેય પણ મારી ઓલાદને ચૂંબન  નથી આપ્યું. જ્યારે તે ચાલ્યો ગયો તો હઝરતે ફરમાવ્યું, મારી દ્રષ્ટિએ આ માણસ જહન્નમી છે.''

હદીસમાં છે કે,

''જેઓને બાળકો હોય તેઓએ તેમની સાથે બાળકોની જેમ રમવું જોઈએ.''

હ.ઈમામ જાફરે સાદિક અ.મે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"ખુદા એ માણસ પર રહેમ કરે છે જે પોતાની ઓલાદ માટે વધારે ફિકરમંદ હોય."

હદીસમાં છે કે,

હ.રસુલેખુદા સ.મે એક માણસને જોયો. તેને ત્યાં બે દિકરા હતા. તે એકને ચૂંબન આપતો હતો. બીજાને ચૂંબન આપતો ન હોતો. હઝરતે ફરમાવ્યું કે,

"તું બંને સાથે પ્યાર કેમ નથી કરતો?" આ પરથી એ યાદ રાખવું જોઈએ કે, ઓલાદને એક બીજા પર ફઝીલત ન આપવી જોઈએ. સિવાય એના કે, કોઈ તેમાંથી વધારે જ્ઞાની(આલીમ) હોય યા વધારે નેક હોય. કેમ કે ઈલ્મ અને નેકીના કારણે ફઝીલત આપી શકાય છે.

ઈમામ જાફરે સાદિક અ.ફરમાવે છે કે,

"જ્યારે બાળક ત્રણ વરસનો થઈ જાય તો **સાત વખત તેને લાએલાહ ઈલ્લલ્લાહ** કહેવરાવો. જ્યારે ત્રણ વરસ સાત મહિના અને વીસ દિવસનો થાય ત્યારે તેને **સાત વખત મોહંમદુર રસુલુલ્લાહ** કહેવરાવો. પૂરા ચાર વરસનો થઈ જાય ત્યારે **સાત વખત સ્વલલ્લાહો અલા મોહંમદીંવ વ આલે મોહંમદ.** કહેવરાવો. પૂરા પાંચ વરસનો થાય ત્યારે ખુદાને સજદો કરવાનું શીખવાડો. જ્યારે છ વરસનો થઈ જાય ત્યારે તેને વઝુ અને નમાઝ યાદ કરાવો. બાળક સાત વરસનો થઈ જાય ત્યારે તેને પૂરી નમાઝ આવડવી જોઈએ. તથા વઝુ અને નમાઝ છોડી દે તો તેને સજા પણ થવી જોઈએ. જ્યારે વઝુ અને નમાઝ બાળકને યાદ થઈ જશે તો ખુદા તેના મા-બાપને બક્ષી દેશે."



https://downloadshiabooks.com/

''હ.અમીરૂલ મોઅમેનીન અ.બાળકને હથીયાર આપવાની મનાઈ કરી છે. તે એટલા માટે કે તેનાથી તેમને કોઈ નુકશાન ના પહોંચે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સૂતા પહેલાં બાળકોના હાથ-પગ અને મોં પરની ચીકાશ, મેલ વગેરે ધોવરાવીને સાફ કરવા જોઈએ. કેમ કે, શયતાન આવીને તેઓને સુંઘે છે અને તેઓ તે શયતાનથી ડરે છે. હિફાઝત કરનારા ફરિશ્તાઓને પણ બાળકની ગંદકીથી તકલીફ પહોંચે છે.''

હ.રસુલેખુદા સ.ફરમાવે છે કે,

''જે માણસ બજારમાં જાય અને પોતાના બાલ-બચ્ચાઓની પસંદગીની વસ્તુંઓ ખરીદીને લાવે તેને એટલો સવાબ મળે છે કે જેટલો એક ફકીરના ટોળાને ઘણી બધી વસ્તુંઓ જાતે ખેરાત કરી હોય. સારૂં એ છે કે, જે કંઈ વસ્તું લાવે તેમાંથી દિકરાઓથી પહેલાં દીકરીઓને આપે. કેમ કે જે માણસ દીકરીઓને ખુશ કરે તેને હ.ઈસ્માઈલ અ.ની ઓલાદમાંથી એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે. જે માણસ દિકરાને ખુશ કરે છે તેને અલ્લાહના ડરથી રડવાનો સવાબ મળે છે. જે માણસ અલ્લાહના ડરથી રડ્યો હશે તેને જન્નતમાં દાખલ કરવામાં આવશે.''

બીજી હદીસમાં ફરમાવ્યું કે,

''તેઓને દાડમ ખવરાવો કે તે શક્તિવર્ધક છે તથા પુષ્ન અને જવાન બનાવી દે છે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

“દીકરી પૂરા છ વર્ષની થઈ જાય તો તેની માતા તેને વગર પોષાકે (નગ્ન) પોતાની પાસે ન સૂવડાવે. કેમ કે તેણી સ્ત્રીનો હુકમ રાખે છે.”

હદીસમાં છે કે,

“તે માણસ મલઉન છે જે હેસિયતમંદ હોવા છતાં પોતાના બાલ-બચ્ચાઓને ખર્ચો ન આપે (ભરણ-પોષણ ન કરે). ત્યાં સુધી તે વેડફાઈ જાય.”

હ.ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

“બાલ બચ્ચા પોતાના કેદી છે. જે માણસને ખુદાએ તઆલા નેઅમત આપે તેના માટે જરૂરી પોતાના કેદીઓના ખાના-પીણામાં વધારો કરે. નહિતર થોડાક દિવસોમાં તે નેઅમત ખલાસ થઈ જશે.”

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

“જે માણસના જીમ્મે બે દીકરીઓ અથવા બે બહેનો અથવા બે ફઈઓ યા બે માસીઓનો ખર્ચ હોય, તો આ ખર્ચ તેને જહન્નમની આગથી બચવા માટે પૂરતો છે.”

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

“જન્નતમાં એક ખાસ દરજ્જો છે. તે દરજ્જા સુધી ત્રણ માણસો સિવાય કોઈ પહોંચી શકશે નહિ.”

(૧) આદિલ ઈમામ,

(૨) જે પોતાના સગાવહાલાઓ સાથે નેક વર્તન કરે,

(૩) તે માણસ જે પોતાના બાલ-બચ્ચાઓ પર ખર્ચ કરે અને તેઓ જ તેને તકલીફ પહોંચાડે અને તે તકલીફોને તે સબ્ર કરી બરદાશ્ત કરે .

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,



https://downloadshiabooks.com/

**પાંચ માણસોનું ભરણ પોષણ વાજીબ છે.**

(૧) ઓલાદ

(૨) બાપ

(૩) માં

(૪) ગુલામ

(૫) પત્ની.

"ઓલાદમાં ઓલાદની ઓલાદનો પણ સમાવેશ થાય છે. તથા મા-બાપમાં દાદા-દાાદી વગેરે સામીલ છે."

## પ્રકરણ-૪૬

## ઓલાદ પર મા-બાપના હક્ક

એ યાદ રાખવું જોઈએ કે,

"મા-બાપની ઈજ્જત કરવી એ દીનની જરૂરિયાતમાંથી છે. મા-બાપને ખુશ કરવા એ ઉચ્ચ પ્રકારની ઈબાદત છે. મા-બાપને પોતાના તરફ મજબૂર કરવા યા તેમનાથી આક થઈ જવું એ ગુનાહે કબીરા છે."

અલ્લાહ તઆલાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે,

"અગર તમારા મા-બાપ કાફીર પણ હોય અને તમને કાફિર થઈ જવાનો હુકમ આપે તો તેના પર અમલ કરવાની મનાઈ છે. આમ છતાં દુનિયામાં તેમની સાથે ભલાઈ કરતા રહો."

કોઈએ હ.રસુલેખુદા સ.ને સવાલ કર્યો કે,



https://downloadshiabooks.com/

''બેટા પર બાપનો શું હક છે?'' ફરમાવ્યું,

''બાપનું નામ ન લે. રસ્તે ચાલવામાં તેમની આગળ ન ચાલે. કોઈ જગાએ બાપના બેસવાના પહેલાં ન બેસે. એવું કામ ન કરે કે જેના કારણે લોકો તેના બાપને ગાળો આપે. યા બૂરૂં ભલું કહે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

''તમે તમારા મા-બાપ (ચાહે જીવતા હો યા મુરદા) સાથે નેકી કેમ નથી કરતા? મૃત્યું બાદ તેમના માટે નમાઝો પઢો, રોઝા રાખો, નયાબતમાં હજ કરો. આ આમાલનો સવાબ તેમને પણ મળશે અને તમને પણ મળશે. કેમ કે આ નેકી મા-બાપના હકમાં છે. ખુદા તમને તેનો ખૂબ જ સવાબ આપશે.''

એક માણસ હ.રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

''યા રસુલુલ્લાહ સ.! હું કોની સાથે નેકી કરૂં?'' આપે ફરમાવ્યું,

''પોતાની જાન સાથે. ત્રણ વખત આ જ સવાલ કરવામાં આવ્યો. ત્રણેય વખત એ જ જવાબ મળ્યો. જ્યારે ચોથી વખત સવાલ કર્યો તો આપ સ.મે ફરમાવ્યું, પોતાના બાપ સાથે.''

બીજી એક હદીસમાં ફરમાવ્યું છે કે,

''ક્યારેક એવું પણ બને છે કે, કોઈ માણસ મા-બાપની હયાતિમાં તો તેમની સાથે નેકી કરતો રહે છે. પરંતું તેઓના મૃત્યું બાદ ન તેમનું કર્ઝ અદા કરે છે, ન તેમના માટે મગ્ફેરતની દુઆ કરે છે. આના કારણે ખુદા તઆલા તેના મા-બાપ તરફથી તેને આક(તિરસ્કૃત) કરી દે છે. તેનાથી ઉલ્ટું, ક્યારેક એવું પણ બેને છે કે, હયાતિમાં માણસ મા-બાપના તરફથી આક થાય છે.



https://downloadshiabooks.com/

પરંતું મૃત્યું બાદ તે મા-બાપનું કર્ઝ અદા કરે છે, તથા તેમના માટે ઈસ્તિગ્ફાર કરે છે. આના કારણે ખુદા તેને તેના મા-બાપની સાથે નેકી કરવાવાળાઓમાં લખી દે છે.''

એક હદીસમાં ફરમાવ્યું કે,

''ત્રણ કામ એવા છે કે, ખુદા તઆલા  તેના વિરૂધ્ધ આચરણ કરવાની ક્યારેય પરવાનગી આપતો નથી.''

(૧) અમાનત અદા કરવી ચાહે તે અમાનત નેક ઈન્સાનની હોય યા બદ ઈન્સાનની,

(૨) વાયદો નિભાવવો ચાહે તે નેક ઈન્સાનની સાથે હોય બદ ઈન્સાન સાથે,

(૩) મા-બાપની ફરમા-બરદારી કરવી ચાહે મા-બાપ નેક હોય યા બદ.

અન્ય એક હદીસમાં ફરમાવ્યું કે,

''મા-બાપના નાફરમાન(તિરસ્કૃત)નો સામાન્ય દાખલો એ છે કે, તેમની સામે ઉ...ફ શબ્દોનું ઉચ્ચારણ કરવું.''

પછી ફરમાવ્યું કે,

''બેહિશ્ત(જન્નત)ના પરદાઓમાંથી એક પરદો ખસેડવામાં આવશે. બેહિશ્તની ખુશ્બુ જેને તેના મા-બાપે તિરસ્કૃત (આક) કરેલ હોય તે માણસ સિવાય પાંચસો વરસના રસ્તા સુધી દરેક માણસને પહોંચી જશે.''

એક હદીસમાં ફરમાવ્યું કે,

''જે માણસના મા-બાપ તેના પર ઝૂલ્મ કરતા હોય અને ઝૂલ્મની હાલતમાં પણ મા-બાપની તરફ ગુસ્સાથી જોશે તો ખુદા તે માણસની કોઈ નમાઝ કબૂલ કરશે નહિ.''

એક હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''મા-બાપની સામે તેજ નજર કરવી એ પણ મા-બાપની નાફરમાની છે.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ.મે ફરમાવ્યું કે,

''મારા માનનીય પિતાએ એક માણસને રસ્તામાં પસાર થતાં જોયો. તેનો દિકરો પણ તેની સાથે હતો અને બાપના ખભા પર હાથ રાખી તેમની સાથે ચાલતો હતો. મારા માનનીય પિતા જીવતાં દમ સુધી તેની સાથે ક્યારેય કોઈ વાતચીત ન કરી.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''ચાર ગુણો જે મોમીનમાં એકઠા થઈ જાય તો ખુદા તઆલા જન્નતમાં તેને ઊંચામાં ઊંચો દરજ્જો નસીબ કરશે. તેને એવી ઈજ્જત મળશે જેના લીધે ઊંચામાં ઊંચા મકાનમાં જગા મળશે.''

(૧) યતીમ(અનાથ)ને આશરો આપે. તેની સાર સંભાળ રાખે. એટલે કે તેના બાપની ખોટ ન સાલવા દે,

(૨) કોઈ લાચાર, મજબૂર પર રહેમ કરે. તેને મદદરૂપ બને. તેના કામોની જીમ્મેદારી લે,

(૩) મા-બાપનો ખર્ચ ઉઠાવે. તેમની સાથે નેકી અને નમ્રતાની સાથે પેશ આવે. તેઓને ક્યારેય નારાજ ન કરે,

(૪) પોતાના ગુલામને મદદરૂપ બને. તેની સાથે સખ્તી ન કરે. જે કામ તેને હવાલે કરે તેમાં યોગ્ય લાગે તે રીતે સહાય આપે. જે કામ તેની શક્તિ બહારનું હોય તેનો હુકમ ન કરે.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ત્રણ દુઆઓ અને ત્રણ બદ્ દુઆઓ જરૂર કબૂલ થાય છે.

ત્રણ દુઆઓ તથા બદ્ દુઆઓ આ મુજબ છે.''



https://downloadshiabooks.com/

(૧) નેક ઓલાદના હકમાં મા-બાપની દુઆ. નાફરમાન ઓલાદના હકમાં તેમની બદ્ દુઆ,

(૨) ઝાલીમના હકમાં મઝલુમની બદ્ દુઆ. તથા એ માણસના હકમાં જે ઝાલીમથી મઝલુમનો બદલો લે, મઝલુમની દુઆ,

(૩) એ મોમીનના હકમાં જો અમો અહલેબૈત અ.ની ભલામણથી કોઈ મોમીનને પોતાના માલમાં ભાગીદાર બનાવે. તે મોમીનની દુઆ. તે મોમીનના હકમાં જેની પાસે તેનો મોમીન ભાઈ કોઈ હાજત લઈને આવે અને તે હેસિયતમંદ હોવા છતાં મદદ ન કરે તે ગરીબ મોમીનની બદ્ દુઆ.

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"જે નેક ઓલાદ મોહબ્બત અને મહેરબાનીથી પોતાના મા-બાપની તરફ જૂએ છે, તેની હર એક નજરના બદલામાં એક મકબૂલ હજનો સવાબ તેના નામાએ આમાલમાં લખવામાં આવે છે."

લોકોએ સવાલ કર્યો,

"યા રસુલુલ્લાહ! તે દિવસમાં ૧૦૦ વખત જૂએ તો પણ?" હઝરતે ફરમાવ્યું,

"ખુદાની અઝમત અને કરમ તેનાથી પણ વધુ છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે,

**ચાર માણસોના ચહેરા તરફ જોવું ઈબાદત છે.**

(૧) આદિલ ઈમામની તરફ જોવું,

(૨) આલિમની તરફ જોવું,

(૩) મા-બાપની તરફ મોહબ્બત અને મહેરબાનીની નજરથી જોવું,



https://downloadshiabooks.com/

(૪) જે મોમીનભાઈને ખુદાના ખાતિર દોસ્ત બનાવેલ હોય તેની તરફ જોવું.

આપ સ.મે આ પણ ફરમાવ્યું કે,

''ત્રણ ગુનાહોની સજા બહુ જ જલદીથી આ દુનિયામાં મળી જાય છે.''

(૧) મા-બાપની નાફરમાની,

(૨) ખુદાના બંદાઓ ઉપર ઝૂલ્મ કરવાની,

(૩) ખુદા અને ખુદાની મખ્લુકની નાશુક્રી.

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''બની ઈસરાઈલમાં એક જરીહ નામનો આબીદ હતો. તે ઈબાદતખાનામાં સતત ઈબાદતમાં મશગુલ રહેતો હતો. એકવાર તેની મા તેની પાસે આવી અને તેને બૂમ પાડી. તે નમાઝમાં મશગુલ હતો. તેણે કોઈ જવાબ ન આપ્યો. ફરી બીજી વખત આવી અને બૂમ પાડી. હજુ સુધી તે નમાઝમાં મશગુલ હતો. તેણે કોઈ જવાબ ન આપ્યો. પછી તેણી ત્રીજીવાર આવી અને ફરી બૂમ પાડી. આ વખતે પણ તે નમાઝમાં મશગુલ હતો. તેણે કોઈ જવાબ ન આપ્યો.'' તેની માએ કહ્યું,

''હું બની ઈસરાઈલના ખુદાને વિનંતી કરૂં છું કે, ખુદા તારા આ ગુનાહનો બદલો લે. બીજા દિવસે બની ઈસરાઈલના ટોળામાંથી એક વ્યભિભારી સ્ત્રી તેના ઈબાદતગાહની પાસે આવીને બેસી ગઈ અને બચ્ચાને જનમ આપ્યો. પછી બૂમા બૂમ કરી મુકી કે, આ બાળક જરીહનું છે. તેણે મારી સાથે વ્યભિચાર કર્યો છે. તેના કારણે આ બાળક જન્મ્યું છે. તમામ બની ઈસરાઈલના કબીલાઓમાં આ જાહેરાત થઈ ગઈ કે ખુદ તો લોકોને વ્યભિચારનો વિરોધ કરે છે. આ તો ખુદ વ્યભિચારી



https://downloadshiabooks.com/

નીકળ્યો. બાદશાહે હુકમ આપ્યો કે, તેને ફાંસી આપી દો. તેની મા તેનું મોં અને માથું પીટતી આવી. જરીહે કહ્યું, હવે ચૂપ થઈ જા. શું થાય છે તે જોતી રહે. આ બલા તારી બદ્ દુઆથી જ મારા પર આવી છે. લોકોએ આ વાત સાંભળી તો આખાએ પ્રસંગને જાણવા કોશીશ કરી. આબીદે સમગ્ર પ્રસંગથી લોકોને માહિતગાર કર્યા. લોકોએ કહ્યું, આ તારા બોલની સચ્ચાઈ કેવી રીતે થઈ શકે છે? આબીદે કહ્યું, તે બાળકને લાવી તેની પાસેથી જાણકારી મેળવી લો.'' જ્યારે લોકોએ નાનકડા બાળકને પૂછ્યું કે, તું કોનાથી છે? તે બાળક ખુદાના હુકમથી સાફ સાફ જવાબ આપ્યો કે,

''હું ફલાણા ભરવાડના વીર્યથી પેદા થયો છું. જે ફલાણાની બકરીઓ ચરાવે છે. આ સાક્ષીના કારણે તે આબીદને ફાંસીની સજામાંથી મુક્તિ મળી. તેણે કસમ ખાધી કે હું જીંદગીભર માની સેવા કરતો રહીશ.''

મા-બાપના હક વિષે એટલી બધી હદીસો છે કે તે બધી જ હદીસો અહીં આપવી અશક્ય છે.

## પ્રકરણ-૪૭
## સમાગમના આદાબ

''વીંછુંડાના દિવસોમાં તથા ચંદ્ર મહિનાના આખરી ત્રણ દિવસમાં સ્ત્રી સમાગમ મકરૂહ છે. હયઝ અને નિફાસની હાલતમાં પણ સ્ત્રી સમાગમ હરામ છે. સ્ત્રી હયઝ-નિફાસની



https://downloadshiabooks.com/

હાલતમાં હોય ત્યારે ડૂંટીથી સાથળ વચ્ચેના કોઈ પણ ભાગમાં સ્પર્શ કરવો મકરૂહ છે. હયઝ-નિફાસથી પાક થયા બાદ પરંતું ગુસ્લ કરવા પહેલાં પણ સ્ત્રી સમાગમ કરવું યોગ્ય નથી. સાવચેતી રાખવી જરૂરી છે. હયઝ-નિફાસથી પાક થયા બાદ સ્ત્રી જો ગુસ્લ કરી લે તો સમાગમ કરી શકે છે. પાછલા માર્ગે સમાગમ કરવું હરામ છે. પત્ની સાથે સમાગમ વખતે બહેતર છે કે, વિર્ય યોનિ માર્ગથી બહાર ન  પાડવામાં આવે. કેટલાક ઓલમાઓની નજરમાં પત્નીની રજા વગર યોનિની બહાર વિર્ય કાઢવું હરામ છે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

''બુધવારની રાત્રે (મંગળવારનો દિવસ પુરો થાય ત્યાર પછીની રાતે) સમાગમ કરવું સારૂં નથી.''

હ.ઈમામ મુસા કાઝીમ અ. જણાવે છે કે,

''જે માણસ પોતાની પત્ની સાથે તહતુશ્શુઆઅ (ચંદ્ર મહિનાના છેલ્લા ત્રણ દિવસ)માં સમાગમ કરે તો તેણે જાણી લેવું જોઈએ કે, ઈન્સાની શકલ બનવા પહેલાં ગર્ભ પડી જશે.''

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું છે કે,

''મહિનાની પહેલી, વચ્ચેની તથા છેલ્લી તારીખે સમાગમ ન કરો. કારણે આ સમયમાં સમાગમ કરવાથી ગર્ભ ટકતો નથી. અગર ઓલાદ થાય તો તે પાગલ જન્મે છે યા વાઈની બીમારીમાં સપડાયેલી હશે. શું તમે નથી જોતા કે જેઓ વાયની બીમારીમાં સપડાય છે તેઓને ખાસ કરીને મહિનાની શરૂંમાં યા વચ્ચે યા મહિનાની અંતમાં વાઈની તકલીફ થાય છે.''

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જે માણસ પોતાની પત્નીથી હૈઝની હાલતમાં સમાગમ કરે અને તેનાથી ઓલાદ પેદા થાય તો તેને બલખુરા (વાળ પડી જવા)ની બીમારીમાં સપડાય છે. અથવા તો સફેદ દાગ યા કોઢની બીમારી થાય છે."

હ.રસુલેખુદા સ.થી નકલ છે કે,

"જે માણસ પોતાની પત્ની સાથે સમાગમ કરે તો મુરઘાની માફક તેની પાસે ન જાય. પરંતું પહેલાં સ્પર્શ કરે, હસી મજાક કરે ત્યાર પછી સમાગમ કરે."

હ.ઈમામ જાફરે સાદિક અ.થી નકલ છે કે,

"અગર સમાગમના સમયે વાતચીત કરે તો એ શક્ય છે કે બાળક મુંગું પેદા થાય. અગર સમાગમની હાલતમાં પુરૂષ સ્ત્રીની શરમગાહ પર નજર કરે તો ડર છે કે બાળક આંધળું પેદા થાય."

હ.ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

"જે ઘરની અંદર બાળકની હાજરી હોય તેની સામે પુરૂષ પોતાની પત્ની સાથે સમાગમ ન કરવું જોઈએ. કારણ કે તેનાથી બાળક વ્યભિચારી થશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ખુદાની કસમ! જે કુદરતના કબ્જામાં મારી જાન છે, અગર કોઈ માણસ પોતાની પત્ની સાથે એવા મકાનમાં સમાગમ કરે જેમાં કોઈ જાગતું હોય અને તેઓને જોઈ રહ્યું હોય યા તેમની વાત યા શ્વાસનો અવાજ સાંભળતું હોય તો તે સમાગમથી જે ઓલાદ પેદા થશે તે નાજી(મોક્ષ પામનાર) નહિ હોય બલકે વ્યભિચારી હશે."

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,



https://downloadshiabooks.com/

“શું પુરૂષ નગ્ન થઈને સમાગમ કરી શકે છે?” જવાબ મળ્યો,

“નહિ, ના તે કિબ્લા સામે સમાગમ કરી શકે છે, ના કિબ્લા તરફ પીઠ રાખી, ન હોડી-જહાજમાં સમાગમ કરી શકે છે.”

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

“જે માણસને સ્વપ્નદોષ થઈ ગયો હોય તે ગુસ્લ કર્યા પહેલાં સમાગમ ન કરે. પછી ફરમાવ્યું અગર કોઈ આ વાત પર અમલ ન કરવાથી તેને ત્યાં પાગલ બાળક પેદા થાય તો પોતાની જાતને જ દોષ આપે.”

હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

“સૂર્યોદયના સમયે  યા સૂરજ ઊગ્યા બાદ પૂરે પુરો પ્રકાશ ન ફેલાયો હોય પરંતું માત્ર લાલાશ હોય, એવી જ રીતે સૂર્યાસ્તના સમય પહેલાં હજુ આકાશમાં પ્રકાશ ઓછો થઈ ગયો હોય માત્ર લાલાશ હોય ત્યારથી સૂરજ સંપૂર્ણ ડૂબી જાય તે સમય દરમિયાન સમાગમ કરવું મકરૂહ છે.”

અબુ સઈદ ખદરી જણાવે છે કે, હ.રસુલેખુદા સ. હ.અમીરૂલ મોઅમેનીન અ.ને વસીયત કરી કે,

“જ્યારે દુલ્હન તમારા ઘરમાં આવે તો તેના પગરખાં ઉતરાવી દો કે જેથી તે બસે. ત્યાર પછી તેના પગ ધોઈને તેના પાણીના દરવાજાથી લઈને છેલ્લી દિવાલ સુધી ચોફેર છંટકાવી દો. આમ કરવાથી સીત્તેર હજાર આફતો તમારા ઘરમાંથી દૂર થઈ જશે. સીત્તેર હજાર જાતની બરકતો ઘરમાં દાખલ થશે. સીત્તેર હજાર જાતની રહેમતો તમારા પર અને દુલ્હન પર ઉતરશે. તે રહેમતની બરકત ઘરના ખૂણે ખૂણામાં પહોંચશે.



https://downloadshiabooks.com/

જયાં સુધી દુલ્હન આ ઘરમાં રહેશે ત્યાં સુધી પાગલપણું, વાળ ખરવાની બીમારી તથા કોઢની બીમારીથી સલામત રહેશે.''

''દુલ્હનને દસ દિવસ સુધી દૂધ, સીરકો, ધાણા અને ખાટા સફરજન ન ખાવા દેજો. તે વસ્તુંઓ ખાવાથી ગર્ભાશય ઠંડું પડી જાય છે અને તેણી વાંઝણી બની જાય છે. તેથી તેને કોઈ સંતાન થતાં નથી.''

''પોતાની પત્નીથી મહિનાની શરૂંઆતમાં વચના દિવસમાં તથા છેલ્લા દિવસોમાં સમાગમ ન કરો. તેનાથી તેને અને તેના સંતાનોને પાગલપણાની, વાળ ખરી પડવાની, કોઢની તથા મગજ ફરી જવાની બીમારી થાવાનો ભય રહેલો છે.''

''ઝોહરની નમાઝ પછી સમાગમ ન કરો. કેમ કે તેનાથી જે બાળક પેદા થશે તે મુશ્કેલીઓમાં ફસાશે.''

''સમાગમના સમયે વાતો ન કરો. તેનાથી સંતાન મુંગું જન્મે છે.''

''સમાગમ વખતે પોતાની પત્નીની શરમગાહ (યોનિ) તરફ ન જૂઓ પરંતું આંખો બંધ રાખો. કારણ કે તે સમયે યોનિ પર નજર કરવાથી અંધ સંતાન પેદા થઈ શકે છે.''

''પરાઈ સ્ત્રીને જોઈ વાસના પેદા થાય તો તે સમયે પોતાની પત્ની સાથે સમાગમ ના કરશો. કારણ કે તેનાથી સંતાન પેદા થશે તે પાગલ યા હીજડો હશે.''

''જે માણસ જનાબતની હાલતમાં પોતાની પત્ની સાથે પથારીમાં હોય તો કુરઆનમજીદની તિલાવત ના કરે. કેમ કે મને ડર છે કે આસમાન પરથી આગ વરસે અને બંનેને ભસ્મ કરી દે.''



https://downloadshiabooks.com/

''સમાગમ કરતાં પહેલાં એક રૂમાલ (કપડાનો ટૂકડો) પોતાના માટે અને એક પોતાની પત્ની માટે તૈયાર રાખશો. એવું ન બને કે ગંદકી સાફ કરવા માટે બંનં માટે એક જ રૂમાલનો ઉપયોગ કરો. તેનાથી પહેલાં દુશ્મની થશે પછી તે દુશ્મની છૂટાછેડામાં પરિણમશે.''

''પોતાની પત્નીથી ઊભા ઊભા સમાગમ ન કરો. આ રીત ગધેડાઓની છે. જો સંતાન પેદા થશે તો ગધેડાની જેમ પથારીમાં પેશાબ કરનારૂં થશે.''

''ઈદુલ ફિત્ર (રમઝાન ઈદ)ની રાત્રે સમાગમ ન કરો. તેનાથી જે સંતાન થશે તેમાં ઘણી ખરાબીઓ હશે.''

''ઈદે કુરબાન (બકરી ઈદ)ની રાત્રે સમાગમ ન કરો. તેનાથી જે સંતાન થશે તેના હાથે છ અથવા ચાર આંગળીઓ હશે.''

''ફળદાર ઝાડ નીચે સમાગમ ન કરો. તેનાથી જે સંતાન થશે તે કાતીલ અથવા જલ્લાદ અથવા ઝાલીમોની ગેંગનો સરદાર થશે.''

''પડદો રાખ્યા વગર સૂર્યની સામે સમાગમ ન કરો. કેમ કે જે સંતાન થશે તે મરતાં દમ સુધી બદ હાલતમાં હેરાન પરેશાન રહેશે.''

''અઝાન અને એકામહની વચ્ચે સમાગમ ન કરો. જો સંતાન થશે તો ખૂના મરકી કરનાર હશે.''

''તમારી પત્ની સગર્ભ હોય તો વઝુ વગર સમાગમ ન કરો. નહિતર સંતાન પેદા થશે તે પાસાણ હૃદય યા કંજૂસ હશે.''



https://downloadshiabooks.com/

"શાબાનની પંદર તારીખે સમાગમ ન કરો. કારણ કે તેનાથી સંતાન બદકિસ્મતી જન્મશે અને તેના મોંઢા પર કાળો દાગ હશે."

"શાબાન મહિનાની છેલ્લી તારીખોમાં સમાગમ ન કરો. તેનાથી જે સંતાન થશે તે લૂંટારો અને અત્યાચારી હશે. તેના હાથથી ઘણા માણસો માર્યા જશે."

"અગાશી પર સમાગમ ન કરો. તેનાથી જે સંતાન થશે તે મુનાફિક (કપટી), રીયાકારી (આડંબર) અને બીદઅતી (ખોટી રસમો ચાલું કરનાર) હશે."

"સફરે જવાના હો તેની આગલી રાત્રે સમાગમ ન કરશો. તેનાથી જે સંતાન જન્મ લેશે તે ફુઝુલ(વ્યર્થ) ખર્ચ કરનાર હશે. ફુઝુલ ખર્ચ કરનાર શયતાનનો ભાઈ છે. જો એવી સફરમાં જાય જ્યાં ત્રણ દિવસ સફરનો રસ્તો હોય તો સમાગમ ન કરશો. તેનાથી જે સંતાન થશે તે ઝૂલ્મને દોસ્ત રાખનારૂં હશે."

"સોમવારની રાત્રે સમાગમ કરજો. તેનાથી જે સંતાન થશે તે હાફિઝે કુરઆન અને અલ્લાહની નેઅમતો પર રાજી રહેશે. અલ્લાહ તઆલાનો આભાર માનનારો હશે."

"તમે જો મંગળવારની રાત્રે સમાગમ કરશો તો તેનાથી જે સંતાન પેદા થશે તેને ઈસ્લામની ખુશી પ્રાપ્ત થશે, શહાદતનો દરજ્જો પણ મળશે, તેના મોંઢામાંથી ખુશ્બુ આવતી હશે, તેનું દિલ દયાથી ભરપૂર હશે, સખી હશે, તેની જીભ નિંદા અને તોહમતથી પાક હશે."

"તમે જો ગુરૂવારની રાત્રે સમાગમ કરશો તો જે સંતાન જન્મશે તે શરીઅતનો હાકિમ અથવા આલિમ થશે. જો ગુરૂવારે બપોરે સમાગમ કરશે તો તેનાથી પેદા થનાર બાળક પાસે



https://downloadshiabooks.com/

જીંદગીભર શયતાન ફરકશે નહિ. દીન-દુનિયાના કામમાં પણ સલામત રહેશે.''

''તમે જો શુક્રવારની રાત્રે સમાગમ કરશો તો તેનાથી પેદા થનાર સંતાનમાં વાક્ચાતૂર્ય હશે. બોલવામાં મીઠાશ હશે. કોઈ વક્તા તેની બરોબરી કરી શકશે નહિ. શુક્રવારે અસરની નમાઝ બાદ સમાગમ કરશે તો જે બાળક પેદા થશે તે જમાનાનો બુધ્ધિશાળી હશે. અગર શુક્રવારે રાત્રે ઈશાની નમાઝ બાદ સમાગમ કરશે તો ઉમ્મીદ છે કે, જે બાળક પેદા થશે તે અબ્દાલ (અલ્લાહના માનવંત બંદાઓમાંનો એક બંદો)માં શમાવેશ થાય.''

''રાતના પહેલા પહોરમાં સમાગમ ન કરશો. તેનાથી જે બાળક થશે તે જાદુગર હશે અને દુનિયાને આખેરતથી વધારે મહત્ત્વ આપશે.''

નોંધઃ આ હદીસમાં જાહેરમાં હ.અલી અ.ને કહેવામાં આવ્યું છે પરંતું અસલી મકસદ લોકોને ઉપદેશ આપવાનો છે. જેમ કુરઆન મજીદમાં પણ અલ્લાહ તઆલા જાહેરમાં હ.રસુલેખુદા સ.ને ઉદેશીને કહેલ છે. પરંતું તેનો હેતું લોકોને હિદાયત આપવાનો છે.)

હદીસમાં છે કે,

''રાત્રે નિકાહ અને દિવસે વલીમો કરવો સુન્નત છે.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,

''નિકાહની મહેફિલ માટે આમંત્રણ મળે તો જવામાં ઢીલ(મોડું) કરો. કારણ કે, આ મહેફિલ તમને દુનિયાની યાદ અપાવશે. અગર તમને કોઈની મય્યતમાં સામેલ થવાનું



https://downloadshiabooks.com/

કહેવામાં આવે તો તે માટે ઉતાવળ કરો. કારણ કે, તે તમને આખેરતની યાદ અપાવશે.''

''હ.રસુલેખુદા સ. ખુલ્લા આસમાનની નીચે અને રસ્તા પર સમાગમ કરવાની મનાઈ કરી છે. જો કોઈ એવું કરશે તો ખુદા, ફરિશ્તા અને લોકો તેના પર ફિટકાર કરશે. લાનત મોકલશે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,

''કાગડા પાસેથી તેની ત્રણ આદતો શીખો.''

(૧) છૂપી રીતે સંભોગ કરવો.

(૨) વહેલી સવારે રોજી માટે નીકળવું.

(૩) દુશ્મનોથી બચીને ચાલવું.

હ.અમીરૂલ મોઅમેનીન અ. જણાવે છે કે,

''જે કોઈ પોતાની પત્ની સાથે સમાગમ કરવાનો ઈરાદો કરે તો સમાગમ માટે ઉતાવળ ન કરે.''

''અગર કોઈ પરાઈ સ્ત્રી પર નજર પડે અને તેણી પસંદ પડી જાય તો દિલમાં કોઈ ખરાબ ઈરાદો ન કરે. પરંતું તે સમયે પોતાની પત્ની પાસે આવી તેણી સાથે સમાગમ કરે. કેમ કે જે વસ્તું તેમાં છે તે જ તમારી પત્નીમાં પણ છે. શયતાનને પોતાના મન (નફસ) પર હાકિમ ન થવા દે. અગર પત્ની ન હોય તો બે રકાત નમાઝ પઢી ખુદા તઆલાના વખાણ કરી મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર દુરૂદ મોકલે. ખુદાતઆલાથી નેક સ્ત્રી માટે આજીજી કરે. તેની આ દુઆ જરૂર કબૂલ થશે અને તેને હરામથી બચાવશે.''

હ.રસુલેખુદા સ. જણાવે છે કે,



https://downloadshiabooks.com/

''જ્યારે પુરૂષો પોતાની પત્ની સાથે સમાયોગ કરે તો ગધેડાની જેમ નગ્ન ન થઈ જાય. કેમ કે નગ્ન થઈ જવાથી ફિરિશ્તાઓ તેનાથી દૂર થઈ જશે.''

હ.ઈમામ મોહંમદ બાકિર અ. જણાવે છે કે,

''જેની પત્નીની ઉંમર નવ વર્ષ પુરા ન થયા હોય તો તેની સાથે સમાગમ જાએઝ નથી. જો કોઈ તેની સાથે સમાગમ કરે અને તેણીને કોઈ નુકશાન પહોંચશે તો તેનો જીમ્મેદાર સમાગમ કરનાર પોતે થશે.''

કિતાબ ફિકહુર્રઝામાં લખ્યું છે કે,

''માણસ કોઈ મય્યતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લે મસે મય્યત કરવા પહેલાં સમાગમ કરવા ચાહે તો તેને માટે જરૂરી છે કે વઝુ કરીને સમાગમ કરે.''

હ.અમીરૂલ મોઅમેનીન અ. જણાવે છે કે,

''જે કોઈ માણસના શરીરમાં કોઈ તકલીફ કે બેચેની થાય અથવા તેના મગજમાં ગરમી ચડી જાય તો પોતાની પત્નીથી સમાગમ કરે. આરામ થઈ જશે.''

રિવાયતમાં છે કે,

'' કોઈની પાસે એવી વીંટી હોય જેના પર કોઈ નામ કે નક્શ હોય તો તે વીંટી ઉતારીને સમાગમ કરે.''

નોંધઃ આ પ્રકરણમાં જ્યાં સોમવારની રાતનો ઉલ્લેખ છે તેનો મતલબ રવીવારનો દિવસ પુરો થાય ત્યાર પછી જે રાત આવે તે રાત સોમવારની રાત ગણવામાં આવે. એ જ રીતે અન્ય વારોની રાતો માટે પણ સમજવું.



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૪૮
# શાદીની પહેલી રાત

હ.ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જયારે દુલ્હનને તમારી પાસે લાવવામાં આવે તો તેને વઝુ કરી બે રકાત નમાઝ પઢવાનું કહો. અને તમે પોતે પણ વઝુ કરી બે રકાત નમાઝ પઢો. પછી અલ્લાહ તઆલાના વખાણ (હમ્દ) કરી મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર દુરૂદ મોકલો. પછી નીચેની દુઆ માંગો. જે સ્ત્રીઓ યા સખીઓ દુલ્હન સાથે આવી હોય તેમને કહો કે આમીન કહે.''

**''હે ખુદા! આ મારી પત્નીથી મોહબ્બત, દોસ્તી અને ખુશી આપ,મને તેનાથી રાજી રાખ, મારા અને તેના વચ્ચે પ્રેમ અને મોહબ્બત કાયમ રાખ, કેમ કે, તું હલાલને પસંદ કરે છે અને હરામને પસંદ નથી કરતો.''**

ત્યાર પછી ઈમામ અ. ફરમાવ્યું,

''પ્રેમ અને મોહબ્બત ખુદાના તરફથી છે. દુશ્મની શયતાન તરફથી છે. શયતાન એવું ઈચ્છે છે કે, અલ્લાહ જેને હલાલ કરેલ છે તેનાથી લોકોને કોઈને કોઈ રીતે બહેકાવે. જેથી તેઓ તેનાથી ફરી જાય.''

''માણસના વિર્ય બિંદુમાં શયતાનને ભાગીદાર થવાની વાતથી લોકો નવાઈ પામે છે. શયતાનને રોકવા માટે, જયારે સમાગમનો ઈરાદો કરે ત્યારે આ દુઆ પઢે.''

**''હું અલ્લાહના નામથી શરૂં કરૂં છું જે મોટો દયાળું અને મહેરબાન છે. તે સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. આસમાન અને જમીનનો સર્જનહાર છે. હે ખુદા! જો તું આ**



https://downloadshiabooks.com/

**રાતમાં મારા વારસદારને મારા વિર્ય બિંદુથી પેદા કરવાનું નક્કી કર્યું હોય તો તેમાં શયતાનનો કોઈ ભાગ ન હોય. તેને નિખાલસ મોમીન બનાવ, જે શયતાન અને બીજી બુરાઈઓથી પવિત્ર હોય, તારા ગુણગાન અતિશય છે. (અમારી શક્તિની બહાર છે.)"**

હ.અમીરૂલ મોઅમેનીન અ. જણાવે છે કે,

પહેલી રાત્રે આ દુઆ પઢે.

**"હું અલ્લાહના નામથી અને અલ્લાહની મદદથી શરૂં કરૂં છું. હે ખુદા! તું મને શયતાનથી બચાવ, મને જે ઓલાદ આપે તેને પણ શયતાનથી બચાવજે."**

હવે જો ઓલાદ થશે તે શયતાન તેને ક્યારેય નુકશાન પહોંચાડી નહિ શકે.

"શયતાન ભાગીદાર ન બને તે માટે **'અઉઝોબિલ્લાહે મિનશ્ શયતાનિર રજીમ.'** અને **'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.'** પઢવાનો હુકમ છે."

હ.ઈમામ મોહંમદ બાકિર અ. જણાવે છે કે,

"સમાગમનો ઈરાદો કરે તો આ દુઆ પઢે."

**"હે ખુદા! મને એવો પવિત્ર પુત્ર આપ જે પાક અને પવિત્ર હોય. જેના જન્મમાં ન કોઈ વધારે હોય ન કોઈ ઘટાડો હોય. તેની આખેરત સારી હોય."**

નોંધઃ તેહઝીબે આલે મોહંમદ સ.માં પ્રકરણ-૪૭ તથા ૪૮નો સમાવેશ નથી. જે તેહઝીબુલ ઈસ્લામ કિતાબને આધારે અહીં આપવામાં આવેલ છે.



https://downloadshiabooks.com/

# વિભાગ-૫: શારીરિક સ્વચ્છતા

૪૯. દાતણ કરવાની ફઝીલત

૫૦. માથા અને નાકના વાળ કપાવવાની તથા મૂંછો કતરાવવાની ફઝીલત અને આદાબ

૫૧. માથાના વાળ રાખવાના આદાબ

૫૨. દાઢી વધારવાની ફઝીલત

૫૩. સફેદ વાળની ફઝીલત

૫૪. નખ કાપવાની ફઝીલત અને આદાબ

૫૫. વાળ ઓળવાની ફઝીલત અને આદાબ

*–: પ્રકાશક :–*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**

**વિભાગ-૫ શારીરિક સ્વચ્છતા**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૪૯
## દાતણ કરવાની ફઝીલત

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''દાતણ કરવું એ પયગમ્બરોની સુન્નત છે.''

હઝરત રસુલે ખુદા સ. ફરમાવે છે કે,

''જીબ્રઈલે મને દાતણ કરવા માટે એટલો આગ્રહ કર્યો કે મને અંદેશો થયો કે મારી ઉમ્મત માટે દાતણ કરવું વાજીબ થઈ જશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''દાતણ કરવાના ૧૨ (બાર) ફાયદા છે.''

(૧) પયગમ્બરોની સુન્નત છે.

(૨) મોં સાફ થાય છે.

(૩) આંખોનું તેજ વધે છે.

(૪) ખુદા ખુશ થાય છે.

(૫) કફ દૂર થાય છે.

(૬) યાદશક્તિમાં વધારો થાય છે.

(૭) દાંત સફેદ થાય છે.

(૮) નેક અમલનો સવાબ વધી જાય છે.

(૯) દાંતમાં સડો પેદા થતો નથી. દાંત પડી જતા નથી.

(૧૦) દાંતોના મૂળ મજબૂત થાય છે.

(૧૧) ભૂખ વધારે લાગે છે.

(૧૨) ફરિશ્તા દાતણ કરવાવાળાથી વધારે ખુશ થાય છે.

હઝરત રસુલે ખુદા સ. કેટલાક લોકોને જણાવ્યું,



https://downloadshiabooks.com/

"મને તમારા દાંતોના મૂળમાં પીળાશ દેખાય છે. તમે લોકો દાતણ કેમ કરતા નથી?"

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"હઝરત રસુલેખુદા સ. દરેક નમાઝના સમયે દાતણ કરવાની નસીહત કરી છે."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. અને હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

"હઝરત ઈબ્રાહીમ અ.ની સુન્નતોમાંથી પાંચ માથાથી અને પાંચ શરીર(ધડ)થી સંબંધ ધરાવે છે."

જે કામો માથાથી સંબંધિત છે તે આ મુજબ છે.

(૧) દાતણ કરવું,

(૨) મૂંછો કપાવવી,

(૩) માથામાં વચ્ચે માંગ પાડવી જેથી મસહની જગ્યા ખૂલ્લી રહે,

(૪) કોગળા કરવા,

(૫) નાકમાં પાણી નાખવું.

જે કામો શરીર(ધડ)થી સંબંધિત છે તે આ મુજબ છે.

(૧) ખત્ના કરવા,

(૨) ટૂંટી નીચેના વાળ સાફ કરવા,

(૩) બગલોના વાળ સાફ કરવા,

(૪) નખ કપાવવા,

(૫) ઈસ્તિન્જા કરવું. (પેશાબ કર્યા પછી પાણીથી પેશાબની જગ્યા પાક કરવી).

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જ્યારે નમાઝે શબ પઢવા ઉઠો તો દાતણ કરો. કારણ કે એક ફરિશ્તો આવે છે જે તમારા મોં પર મોં રાખે છે. તમે જે કુરઆન, દુઆઓ અને દુરૂદો પઢો છો તેને આસમાન પર લઈ જાય છે. એટલા માટે જરૂરી છે કે, તમારા મોંઢામાંથી સુગંધ આવે."

ચાર કામ પયગમ્બરોની સુન્નત છે.

(૧) ખુશ્બુ સુંઘવી,

(૨) પત્ની સાથે કાયમી સંબંધ રાખવો,

(૩) દાતણ કરવું,

(૪) મહેંદીનો કલપ કરવો.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,
"અગર કોઈ માણસ વઝુની સાથે દાતણ કરશે તો જયારે નમાઝ પઢવા ઊભો થશે ત્યારે એક ફરિશ્તો આવી તેના મોં પર મોં રાખી દેશે. તથા જે કંઈ તેના મોંમાંથી નીકળશે તેને મહેફૂઝ કરી લેશે. અગર કોઈ દાતણ નહિ કર્યું હોય તો અલગ ઊભો રહી તેની કિરઅત સાંભળશે."

## પ્રકરણ-૫૦

## માથા, નાકના વાળ કપાવવાની તથા મૂંછો કતરવાની ફઝીલત અને આદાબ

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"માથાના વાળ સંપૂર્ણ કપાવી દેવા જોઈએ. જેથી કરીને વાળના મૂળમાં મેલ અને જૂ ના પેદા થાય. માથાનું મૂંડન કરાવવાથી ગરદન જાડી થાય છે, આંખોની રોશની વધે છે, શરીરને આરામ મળે છે. એ પણ ફરમાવ્યું કે, હું દર જુમ્આના માથાનું મૂંડન કરાવું છું."

એક અન્ય હદીસમાં ફરમાવ્યું કે,

"માથાના પાછળના ભાગના વાળ કપાવવાથી ગમ દૂર થાય છે."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"જયારે માથાના વાળ વધે છે તો આંખો કમજોર થઈ જાય છે, તેજ ઘટી જાય છે. જયારે માથાના વાળ કપાવી દેવામાં આવે તો આંખોની રોશની વધી જાય છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"દરેક માણસે મૂંછો અને નાકના વાળ કતરાવવા જોઈએ. પોતાના શરીરની સુંદરતા તરફ ધ્યાન આપવું જોઈએ. તેનાથી શરીરની ખૂબસુરતી અને સૌંદર્યમાં વધારો થાય છે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"વાળ કપાવવાથી ચહેરો ખૂબસુરત બને છે."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવ્યું કે,

**આ ચાર કામો શયતાનનો વસવસો છે.**

(૧) માટી ખાવી,

(૨) નવરાશના સમયે માટી યા તણખા તોડતા રહેવું,

(૩) દાંતો વડે નખ કાપવા,

(૪) દાઢી ચાવવી.

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''દાઢી પર હાથ ના ફેરવો, આ એક પ્રકારની ખોડ છે. તેનાથી દાઢી બદસુરત બને છે.''

''મૂંછો કતરાવવી સુન્નતે મોઅક્કેદા છે. જેટલી વધારે કતરાવવામાં એ તે બહેતર છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પોતાની મૂંછો ન વધવા દે. નહિતર શયતાનને રહેવાની વધારે તક મળશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મૂંછો કતરાવવાથી ગમ અને વસવસો દૂર થાય છે અને હ.રસુલેખુદા સ.ની સુન્નત પણ અદા થાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''મૂંછો ઉપરના હોઠથી ઊંચી રહે તે રીતે કપાવવી સુન્નત છે.''

એક માણસે હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે,

''મને કોઈ એવી દુઆ શીખવાડો કે જેનાથી રોઝીમાં વધારો થાય.'' આપે ફરમાવ્યું,

''શુક્રવારે મૂંછ અને નખ કપાવ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ દર બુધવારે યા ગુરૂવારે મૂંછો અને નખ કપાવે તો તે દાંત અને આંખોની બીમારીથી બચશે.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૫૧
## માથાના વાળ રાખવાના આદાબ

''સ્ત્રીઓએ જરૂરત વગર યા ખાસ મજબૂરી વગર વાળ કપાવવા (મૂંડન કરાવવા) હરામ છે. પુરૂષો માટે બંને રીતે સુન્નત છે. ચાહે બધા જ વાળ કપાવે (મૂંડન કરાવે), ચાહે બધા જ વાળ રાખે. જો બધા જ વાળ રાખે તો તેની સાચવણી કરે. એટલે કે વાળ ધૂએ, કાંસકો ફેરવે, તેલની માલીશ કરે, આગળના ભાગમાં વચ્ચે પોંથી (માંગ) રાખે. માથે મૂંડન કરાવવું શ્રેષ્ઠ છે. કેમ કે ઈસ્લામની શરૂંઆતમાં અરબવાસીઓમાં માથાનું મૂંડનને ખોડ સમજવામાં આવતી હતી. પયગમ્બર યા ઈમામ એવું કોઈ કામ કરતા ન હતા જે લોકોની નજરમાં ખોડ હોય. તેથી રસુલેખુદા સ. પોતાના માથે ચાર ચાર આંગળ વાળ (ઝૂલ્ફો)રાખતા હતા. જે હજ અને ઉમરાહ વખતે મૂંડાવી દેતા હતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે કોઈ પુરૂષ માથાના વાળ મોટા રાખવા ચાહે તો તેના માટે જરૂરી છે કે તેની ખૂબ જ સાચવણી રાખે. નહિતર વાળ કપાવી દે.''

લોકોએ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,

''શું રસુલેખુદા સ. વારંવાર માથાના વાળને બે ભાગમાં કરી વચ્ચે માંગ (પોંથી) પાડતા હતા?'' આપે અ.મે જવાબમાં ફરમાવ્યું કે,

''હઝરત રસુલેખુદા સ.ના વાળના છેડા કાનની બુટ્ટી સુધી આવતા હતા. રસુલેખુદા સ. સીવાય કોઈ પણ પયગમ્બરે માથાના વાળ રાખ્યા નથી.''



https://downloadshiabooks.com/

જે સ્ત્રી બાલીગ (પુખ્ત વયની, નવ વર્ષ પૂરા કર્યા હોય) તેના માટે ફરમાવે છે કે,

"સ્ત્રી માટે પુરૂષોની જેમ માથાના વાળ એકઠા કરીને આગળની તરફ યા વચ્ચે યા લમણા તરફ એકઠા કરીને રાખવાની મનાઈ છે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કરવામાં આવ્યો કે,

"તે સ્ત્રી માટે શું હુકમ છે જે શોભા માટે પોતાના કપાળ પરના વાળ કપાવી દે યા ઉખાડી દે યા પોતાના ચહેરાના વાળ સાફ કરાવે યા પોતાની ચોટીમાં અલગથી વાળની ચોટી લગાવે?" આપે જવાબમાં ફરમાવ્યું કે,

"કોઈ વાંધો નથી."

બીજી એક હદીસમાં ફરમાવ્યું કે,

"ઊનનો યા જાનવરોના વાળનો યા પોતાના વાળનો અલગથી ચોટલો બનાવવામાં કોઈ વાંધો નથી. પરંતું અન્ય સ્ત્રીઓના વાળ પોતાના વાળ સાથે મેળવવા ના જોઈએ. એ પણ ખ્યાલ રાખે કે અગર ચોટલો જાનવરોના વાળનો બનેલો હોય તો નમાઝ પઢતી વખતે તેને શરીરથી અલગ કરીને નમાઝ પઢે. કેમ કે તેની સાથે નમાઝ જાએઝ નથી. હા, અગર હલાલ જાનવરોના વાળનો ચોટલો બનાવેલો હોય તો કોઈ વાંધો નથી."

## પ્રકરણ-પર
## દાઢી વધારવાની ફઝીલત



https://downloadshiabooks.com/

''દાઢી મધ્યમ માપની રાખવી સુન્નત છે. એટલે કે ન વધારે લાંબી હોય, ન ઘણી ટૂંકી હોય. એક મુઠ્ઠીથી વધારે મોટી દાઢી રાખવી મકરૂહ છે. એટલું જ નહિ હરામ હોવાનો શક પણ છે. ઓલમાઓ આ વાત પર એક મત છે કે ગાલ અને નીચેના હોઠની બંને બાજુની દાઢી સિવાયની દાઢી મૂંડાવવી હરામ છે. બેહતર એ છે કે દાઢી એવી રીતે કપાવવામાં આવે કે મૂંડેલી ના દેખાય.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''એક મુઠ્ઠીથી જેટલી દાઢી વધારે છે તે જહન્નમની આગમાં છે.''

એક અન્ય હદીસમાં છે કે,

''દાઢી પર હાથ રાખો અને જેટલી દાઢી મુઠ્ઠીથી વધારે હોય તેને કપાવી દો.''

હઝરત ઈમામ સાદિક અ.થી નકલ છે કે,

''હઝરત રસુલેખુદા સ. એક એવી વ્યક્તિ પાસેથી પસાર થયા જેની દાઢી લાંબી હતી.'' હઝરત સ.મે ફરમાવ્યું કે,

''આ માણસ પોતાની દાઢી ઠીક કરી દે(ચહેરો બનાવી દે) તો કેવું સારૂં!'' તે માણસને આ વાતની ખબર પડી તો તેણે પોતાની દાઢી મધ્યમસરની કરાવી દીધી. પછી તે માણસ હઝરત રસુલેખુદા સ.ની સેવામાં હાજર થયો. હઝરતે ફરમાવ્યું કે,

''તમે સૌ આવી દાઢી રાખો.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જુના જમાનામાં અમુક લોકો દાઢી મૂંડાવતા હતા અને મૂંછોને વળ દેતા હતા. પરિણામ એ આવ્યું કે ખુદા તઆલા



https://downloadshiabooks.com/

તેઓને મસ્ખ(વિકૃત) કરી દીધા. (જાનવરોની શકલમાં બનાવી દીધા.)''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અ.ની તૌબા કબૂલ કરી તો તેમણે આભાર માનવા શુક્રનો સજદો કર્યો. સજદામાંથી માથું ઉઠાવીને લાંબા સમય બાદ આકાશ તરફ જોયું અને વિનંતી કરી કે, હે પરવરદિગાર! મારા સૌંદર્ય અને ખૂબસુરતીમાં વધારો કર. પળવારમાં તેમના મુબારક ચહેરા પર ઘટ્ટ દાઢી દેખાઈ આવી. કેમ કે તે પહેલાં તેમને દાઢી ન હતી. હઝરત આદમ અ. વિનંતી કરી, હે પરવરદિગાર! આ શું છે? અલ્લાહ તરફથી વહી આવી કે, કયામત સુધી આ તમારી અને તમારી પુરૂષ ઓલાદની શોભા છે.''

## પ્રકરણ-૫૩
## સફેદ વાળની ફઝીલત

હઝરત મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''હઝરત ઈબ્રાહીમ અ.ના જમાના પહેલાં માથાના કે દાઢીના વાળ સફેદ થતા ન હતા. કોઈ અજાણ્યો માણસ કોઈ એવા જલસામાં જતો જયાં બાપ અને બેટો હાજર હોય. તો તે બાપ-બેટામાં કોઈ જ ફરક જોઈ શકતો ન હતો. તેને પૂછવું પડતું કે તમારામાંથી કોણ બાપ છે?'' હઝરત ઈબ્રાહીમ અ.મે દુઆ કરી કે,



https://downloadshiabooks.com/

ખુદાવંદ! મારા વાળ સફેદ કરી દે કે જેથી કરીને મારામાં અને મારા બેટામાં ફરક દેખાય. હઝરતની દાઢી અને મુબારક મસ્તકના વાળ સફેદ થઈ ગયા.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સૌથી પહેલાં હઝરત ઈબ્રાહીમ અ.ની દાઢીમાં સફેદ વાળ દેખાયા હતા. જયારે હઝરત ઈબ્રાહીમ અ. પોતાની દાઢીમાં સફેદ વાળ જોયા તો વિનંતી કરી કે, હે પરવરદિગાર! આ શું છે? વહી થઈ કે, આ પુરૂષની ઈજ્જત(પ્રતિષ્ઠા) છે. હઝરતે વિનંતી કરી, હે પરવરદિગાર! મારી ઈજ્જતમાં ઔર વધારો કર.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જયારે હઝરત ઈબ્રાહીમ અ. પોતાની મુબારક દાઢીમાં સફેદ વાળ જોયા તો ફરમાવ્યું કે, એ ખુદા શુકને લાયક છે જેણે મને આ વય સુધી પહોંચાડ્યો. તથા એવી તૌફિક આપી કે એક પળવાર પણ તેની નાફરમાની નથી કરી.''

હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ. ફરમાવ્યું કે,

''સફેદ વાળ ઉખાડશો નહિ, તે ઈસ્લામનું નૂર છે. જે મુસલમાનની દાઢીમાં એક સફેદ વાળ હશે કયામતના દિવસે તેના માટે નૂર હશે.''

હઝરત જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,

''સફેદ વાળ કપાવવામાં યા ઉખાડવામાં કોઈ વાંધો નથી. પરંતું ઉખાડવા કરતાં કાપવાને હું વધારે પસંદ કરૂં છું.''

હઝરત ઈમામ અલી રઝા અ.થી નકલ છે કે,

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''કપાળથી ઉપરના ભાગમાં સફેદ વાળ બરકતનું કારઊ છે. ગાળ પરના સફેદ વાળ સખાવત અને જવાંમર્દીની નિશાની છે. ઝૂલ્ફોમાં



https://downloadshiabooks.com/

સફેદ વાળ રહાદૂરી અને જવાંમર્દીની નિશાની છે. ગરદનના વચલા ભાગમાં સફેદ વાળ નહુસત (ખરાબી)નું કારણ છે. સફેદ વાળની શરૂંઆત કયાંથી થઈ છે તે પરથી તે નિશાનીઓ અને ચિન્હો નક્કી કરી શકાય છે.''

## પ્રકરણ-૫૪
## નખ કાપવાની ફઝીલત અને આદાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''નખ કાપવાથી ઘણી મોટી મોટી બીમારીઓ નાબૂદ થાય છે અને રોઝીમાં વધારો જાય છે.''

હઝરત મોહંમદ બાકિર અ. ફરમાવ્યું કે,

''નખ કાપવાનો હુકમ એટલા માટે છે કે નખ જયારે વધી જાય છે ત્યારે શયતાનને ગંદકી ફેલાવવાની તક મળે છે અને ભૂલકણો સ્વભાવ બને છે.''

કેટલાક સમય સુધી રસુલેખુદા સ. પર વહી ન આવી. તો લોકોએ તેનું કારણ પૂછયું. હઝરત સ.મે તેમને જણાવ્યું કે,

''વહી કયાંથી આવે તમે લોકો નખ કપાવતા નથી તથા આંગળીઓનો મેલ દૂર નથી કરતા.''

''હઝરત રસુલેખુદા સ. દાંતોથી નખ કાપવાની સખત મનાઈ કરી છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''શુક્રવારે નખ કાપવાથી રક્તપિત્ત, કોઢ, રતાંધળાપણું અને વાળ ખરવાની બીમારીથી રક્ષણ મળે છે.''

''જે માણસ દર શુક્રવારે મૂંછ અને નખ કપાવશે તે એક અઠવાડિયા સુધી પાક રહેશે.''

હદીસમાં છે કે,

''દર શુક્રવારે મૂંછો અને નખ કપાવવાથી માથાને ખત્મી (ગુલ ખયર)થી ધોશે તો ગરીબી દૂર થાય છે તથા રોઝીમાં વધારો થાય છે.''

એક અન્ય હદીસમાં છે કે,

લોકોએ ઈમામ અ.ને વિનંતી કરી કે,

અમે સાંભળ્યું છે કે રોઝી વધારવા માટે સુબ્હની નમાઝ બાદથી લઈને સૂર્યોદય સુધી તાઅકિબાત પઢવી એ રોઝીના વધારવા માટે શહેર શહેર ફરવું તેના કરતાં બહેતર છે.'' આપ અ.મે ફરમાવ્યું કે,

''અગર આપ એમ ઈચ્છતા હોવ કે હું તમને એવી વસ્તું બતાવું  જે આના કરતાં પણ વધારે ફાયદો પહોચાડે?'' લોકોએ વિનંતી કરી કે,

''અય ફરઝંદે રસુલ! બતાવો. ફરમાવ્યું કે, દર શુક્રવારે નખ અને મૂંછો કપાવો.''

હઝરત ઈમામ અલી રઝા અ.મે એક એવા માણસને જોયો જેની આંખો દુઃખતી હતી. હઝરતે તેને પૂછ્યું,

''શું તું ચાહે છે કે હું તને એવો નુસ્ખો બતાવું કે જેનાથી તને કયારેય આંખો ના દુઃખે?'' તેણે કહ્યું,

''યબ્ન રસુલુલ્લાહ! જરૂર કહો.'' આપે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''દર જુમેરાત(ગુરૂવાર)ના નખ કપાવો. તે માણસે ઈમામ અ.ના આ ફરમાન પર અમલ કર્યો તો તેની આંખો કયારેય દુઃખવા ન આવી.

''જે માણસ પોતાના નખ જુમેરાતના કપાવે અને એક નખ જુમ્આના દિવસ માટે બાકી રાખે તો ખુદા તેની તકલીફોને દૂર કરશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પોતાના નખ જુમ્આના દિવસે કપાવો. અલ્લાહ તઆલા આ અમલના કારણે આંગળીઓના જોડમાંથી દર્દ દૂર કરી દે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જુમ્આના દિવસે નખ કપાવવાથી દરેક પ્રકારની બીમારી દૂર થાય છે. જુમેરાતના નખ કપાવવાથી રોઝીમાં વધારો થાય છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ જુમ્આના દિવસે નખ કપાવશે તેની આંગળીઓમાં કયારે તકલીફ નહિ થાય.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસ દર જુમેરાતના નખ કપાવશે તેની ઓલાદની આંખો કયારેય દુઃખશે નહિ. અગર કોઈ એમ ચાહે જુમેરાત અને જુમ્આ બંને દિવસના ફાયદો મેળવે તો જુમેરાતના દિવસે બધા નખ કાપે તથા જુમ્આના માટે એક નખ બાકી રાખે. યા એમ કરે કે જુમેરાતના  બધા જ નખ કપાવે અને નખ કપાવતી વખતે આ દુઆ પઢે,''



https://downloadshiabooks.com/

**‘બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ અલા સુન્નતે મોહંમદીંવ વ આલે મોહંમદ.’**

(અલ્લાહના નામથી શરૂં કરૂં છું. અલ્લાહ પર ભરોસાથી અને મોહંમદ વ આલે મોહંમદ સ.ના રસ્તા પર કાયમ થઈ જાઉં.)

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**અલમ યજ્અલીલ અર્ઝ કેફાતન અહ્યાઅંવ વ અમ્વાતા.**

(શું અમે જમીનને જીંદા-મુર્દા કરીને મુજતમઅ વ પન્હા થવાનું સ્થાન નથી બનાવ્યું?)

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,

‘‘હઝરત રસુલેખુદા સ.મે આપણને ચાર વસ્તુઓને માટીમાં છૂપાવવાનો હુકમ આપ્યો છે.’’

(૧) વાળ (૨) દાંત (૩) નખ (૪) લોહી

## પ્રકરણ-૫૫
## વાળ ઓળવાની ફઝીલત અને આદાબ

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

‘‘કિંમતી કપડાં પહેરવાથી દુશ્મનો અપમાનિત થાય છે. શરીર પર માલીશ કરવાથી નિરાશા અને પરેશાની દૂર થાય છે. માથામાં કાંસકો ફેરવવાથી દાંત મજબૂત થાય છે.’’

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

‘‘માથામાં અને દાઢીમાં કાંસકો ફેરવવાથી રોઝીમાં બરકત થાય છે, તાવ જતો રહે છે.’’



https://downloadshiabooks.com/

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"માથામાં કાંસકો ફેરવવાથી વીસ પ્રકારની બીમારીઓ અને ઘણાં દર્દો મટી જાય છે, રોઝીમાં વધારો થાય છે, હાજતો પૂરી થાય છે, પીઠ મજબૂત બને છે અને કફ દૂર થાય છે."

એક અન્ય હદીસમાં છે કે,

"ગાલો પર કાંસકો ફેરવવાથી (દાઢીના વાળ ઓળવાથી) દાંત મજબૂત થાય છે, દાઢીના નીચેના ભાગના વાળ ઓળવાથી પ્લેગ દૂર થાય છે, માથાના વાળ ઓળવાથી શયતાની વસવસો દૂર થાય છે અને કફ દૂર થાય છે."

"હઝરત ઈમામ જાફરે સાદિક અ.ના મુસલ્લામાં એક કાંસકો રાખવામાં આવતો હતો. ઈમામ અ. જ્યારે નમાઝ પૂરી કરી લેતા તો તેનાથી વાળ ઓળતા હતા."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"કુરઆનમજીદની આ આયત ખોઝુ ઝીનતકુમ ઈન્દ કુલ્લે મસ્જીદ.(નમાઝથી પહેલાં પોતાને શણગારો.)માં શણગારથી મતલબ દરેક નમાઝથી પહેલાં વાળમાં કાંસકો ફેરવો."

હદીસમાં છે કે,

"દરેક નમાઝ બાદ ચાહે સુન્નત નમાઝ હોય યા વાજીબ, વાળમાં કાંસકો ફેરવવો જોઈએ. માથામાં અને દાઢીમાં કાંસકો ફેરવ્યા બાદ તેને છાતી પર પણ ફેરવો. તેનાથી ઉદાસી દૂર થાય છે તથા બીમારીઓ મટી જાય છે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જો કોઈ ગણતરી કરીને સીત્તેર વખત પોતાની દાઢીના વાળ ઓળે તો ચાલીસ દિવસ સુધી શયતાન તેની પાસે ફરકશે નહિ."



https://downloadshiabooks.com/

એક અન્ય હદીસમાં છે કે,

"બાથરૂમમાં વાળ ના ઓળો, તેનાથી વાળ કમજોર થઈ જાય છે."

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

"જે કોઈ સાત વખત માથાના, દાઢીના અને છાતીના વાળ ઓળે તો કોઈ દર્દ તેની પાસે આવશે નહિ."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"ઊભા ઊભા વાળ ના ઓળો, તેનાથી દિલ કમજોર થઈ જાય છે. બેીને વાળ ઓળવાથી દિલ મજબૂત થાય છે."

"હઝરત રસુલેખુદા સ. પાણીમાં કાંસકો ભીનો કરીને વાળ ઓળતા હતા."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે,

"જે કોઈ ઊભા ઊભા વાળ ઓળશે તે દેવાદાર બનશે.

"હઝરત રસુલેખુદા સ. પોતાની દાઢીના વાળ નીચેથી ઉપરની તરફ ૪૦ વખત અને ઉપરથી નીચેની તરફ ૭ વખત ઓળતા હતા." તથા આ મુજબ ફરમાવતા હતા કે,

"આ રીતે કરવાથી રોઝીમાં વધારો થાય છે અને કફ મટી જાય છે."

**હ.ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું કે,**
**"સત્તું ૭૦ બીમારીઓને નાબૂદ કરે છે. જે માણસ ચાલીસ દિવસ સુધી સવારના સત્તુ ખાય તો તેના બંને ખભાઓ (બાવડા) મજબૂત થઈ જશે."**



https://downloadshiabooks.com/

# વિભાગ-૬: ખુશ્બુ

૫૬. ધરતી પર ખુશ્બુની ઉત્પત્તિ

૫૭. ખુશ્બુની ફઝીલત અને આદાબ

૫૮. કસ્તૂરી, અંબર અને કેસરની ફઝીલત

૫૯. શરીર પર તેલની માલીશ કરવાની ફઝીલત અને ફાયદા

૬૦. ધૂપની ફઝીલત અને ફાયદા

૬૧. ફૂલોની ફઝીલત અને આદાબ

—: પ્રકાશક :—

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૬ ખુશ્બુ

## પ્રકરણ-૫૬

## ધરતી પર ખુશ્બુની ઉત્પત્તિ

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"હઝરત આદમ અ. અને જનાબે હવ્વા ધરતી પર આવ્યા. ત્યારે હઝરત આદમ અ. સફાના પહાડ અને જનાબે અને જનાબે હવ્વા મરવા પહાડ પર ઉતર્યા. જનાબે હવ્વા પોતાના વાળોમાં જન્નતની ખુશ્બુ લગાવીને કાંસકો ફેરવી વાળોને ગૂંથી લીધા હતા. ધરતી પર આવ્યા પછી વિચાર આવ્યો કે જયારે મારો ખુદા મારાથી નારાજ છે તો આ વાળોને ગૂંથેલા રાખવાથી શું ફાયદો? આમ વિચારી પોતાના ગૂંથેલા વાળ ખોલી દીધા. આ સમયે જે ખુશ્બુ અને મહેંક તેમના પવિત્ર વાળોમાંથી નીકળી તેને હવાએ પૂર્વ અને પશ્ચિમમાં ફેલાવી દીધી. તેમાંથી સૌથી વધારે ખુશ્બુ હિન્દુસ્તાનની ધરતી પર આવી. આ કારણે ભારતમાં ખુશ્બુ વધારે પ્રમાણમાં જોવા મળે છે."

બીજી એક હદીસમાં જણાવે છે કે,

"અલ્લાહ તઆલાએ મનાઈ કરેલા ઝાડ પરથી હઝરત આદમ અ. કંઈક ખાઈ લીધું ત્યારે શરીર પરથી જન્નતના કપડા, ઘરેણા બધું જ ઉતરી ગયું. તે સમયે જન્નતના પાંદડાઓથી એક પાંદડું લઈ શરીરનો આગળ-પાછળનો ભાગ ઢાંકી દીધો. જયારે ધરતી પર ઉતર્યા ત્યારે પશ્ચિમની હવા તે પંદડાઓની ખુશ્બુ હિન્દુસ્તાન તરફ લઈ ગઈ. ત્યાં ઘણા પ્રકારના ઘાસ અને કેટલાક વૃક્ષોમાં ખુશ્બુ પેદા કરી. આ કારણે ભારતમાં મોટા ભાગના ઘાસ



https://downloadshiabooks.com/

ખાવાની સાથે જ તેની મહેંક (ખુશ્બુ) નસે નસમાં પ્રસરી ગઈ. છેલ્લે હરણની ડૂંટીમાં ભેગી થઈ કસ્તૂરી બની.''

## પ્રકરણ-૫૭

## ખુશ્બુની ફઝીલત અને આદાબ

હદીસમાં છે કે,

''અત્તર લગાડવું અને ખુશ્બુ સૂંઘવી એ પયગમ્બરોની સારી આદતોમાંથી છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખુશ્બુ દિલને તાકાતવાન બનાવે છે. જાતિય શક્તિમાં વધારો થાય છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''પુરૂષે ખુશ્બુને છોડવી ન જોઈએ. સારૂં તો એ છે કે તેણે દરરોજ ખુશ્બુ લગાવવી જોઈએ. જો દરરોજ ખુશ્બુ લગાડવા શક્તિમાન ન હોય તો એકાંતરે લગાવવી જોઈએ. આ પણ શક્ય ન હોય તો શુક્રવારે તો જરૂર ખુશ્બુ લગાવે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''મૂંછો પર ખુશ્બુ લગાવવી એ નબીઓની આદતોમાંથી છે. આમાલ લખનાર ફરિશ્તાઓ ખુશ્બુને ખૂબ જ પસંદ કરે છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ સવારથી જ ખુશ્બુ લગાવે રાત સુધી તેના દિમાગમાં ખરાબ વિચારો આવતા નથી.'' એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"જે કોઈ ખુશ્બુ લગાવીને નમાઝ પઢે તેની નમાઝ વગર ખુશ્બુવાળાની સીત્તેર નમાઝો કરતાં શ્રેષ્ઠ છે."

એક અન્ય હદીસમાં છે કે,

"દરેક બાલિગ અને બુધ્ધિશાળી માટે જરૂરી છે કે, જુમ્આના મૂંછો અને નખને કપાવે અને કંઈક ખુશ્બુ પણ લગાવે."

હઝરત રસુલેખુદા સ.ની એ આદત હતી કે,

"જુમ્આના દિવસે આપ સ.ના ખિસ્સામાં ખુશ્બુ ન મળતી તો ઉમ્મહાતુલ મોઅમેનીનમાંથી કોઈકનો ખુશ્બુદાર રૂમાલ મંગાવી દેતા હતા. તેને ભીનો કરી ચહેરા મુબારક પર ફેરવતા હતા."

"હઝરત ઈમામ જાફરે સાદિક અ. જે જગ્યાએ સજદો કરતા હતા તે જગ્યા ખુશ્બુદાર થઈ જતી હતી. તે ખુશ્બુના લીધે લોકો સજદાની જગા ઓળખી લેતા હતા."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

જીબ્રઈલે મને કહ્યું કે,

"એકાંતરે ખુશ્બુ લગાવો. શુક્રવારે જરૂર લગાવો. તે દિવસે ક્યારેય ખુશ્બુ લગાડવાનું ચૂકશો નહિ."

એક દિવસે ઉસ્માન બિન મઝઉન હ.રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

"યા રસુલુલ્લાહ! હું ચાહું છું કે ખુશ્બુ અને મોજશોખની વસ્તુંઓને ત્યાગ કરું." આપ સ.મે ફરમાવ્યું કે,

"ખુશ્બુનો ત્યાગ ન કર. કેમ કે ફરિશ્તા મોમીનની ખુશ્બુને સૂંઘે છે. જુમ્આના દિવસે તો કયારેય ખુશ્બુનો ત્યાગ ન કરજે.



https://downloadshiabooks.com/

ખુશ્બુ માટે જે રકમ ખર્ચ કરવામાં આવે છે તે વ્યર્થ (ફૂઝુલ ખર્ચ) નથી.''

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''ચાર વસ્તુંઓ ગમને દૂર કરવાવાળી અને દિલને ખુશ કરવાવાળી છે.''

(૧) ખુશ્બુ સૂંઘવી,

(૨) મધ ખાવું,

(૩) સવારી કરવી,

(૪) હરિયાળી (લીલોતરી) જોવી.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''મુસલમાન સ્ત્રી માટે જરૂરી છે કે, પોતાના પતિ માટે હંમેશા પોતાને સુગંધિત રાખે.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''હઝરત રસુલેખુદા સ.માં ત્રણ ખાસિયતો એવી હતી જે બીજા કોઈમાં ન હતી.''

(૧) મુબારક શરીરનો પડછાયો પડતો ન હતો.

(૨) જે રસ્તાથી પસાર થતા તે રસ્તો બે-ત્રણ દિવસ સુધી એટલો સુગંધિત રહેતો કે ત્યાંથી પસાર થનારા લોકોને ખ્યાલ આવી જતો કે હઝરત રસુલેખુદા સ. અહીંથી પસાર થયા છે.

(૩) જે પત્થર અને ઝાડ પાસેથી પસાર થતા તે આપ સ.ને સજદો કરતા હતા.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે સ્ત્રી ખુશ્બુ લગાવીને ઘરેથી નીકળે, તે જયાં સુધી ઘેર પાછી નહિ ફરે ત્યાં સુધી ફરિશ્તાઓ તેના પર સતત લાનત કરતા રહે છે.''



https://downloadshiabooks.com/

લોકોએ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,

''લોકો કોઈના માટે ખુશ્બુ લાવે અને તે કબૂલ ન કરે યા પાછી મોકલે, શું આ ઠીક છે?'' આપ અ.મે ફરમાવ્યું,

''અલ્લાહની કરામત ને રોકી દેવી એ સારૂં નથી.''

એક અન્ય હદીસમાં છે કે,

''હઝરત અમીરૂલ મોઅમેનીન અ. માટે લોકો સુગંધિત તેલ લાવ્યા. હઝરતે તેનો સ્વીકાર કર્યો અને પોતાના શરીર પર તેની માલીશ કરી. તે છતાં કે તે દિવસે હઝરતે માલીશ કરી હતી.'' માલીશ કર્યા પછી આપે ફરમાવ્યું કે,

''અમે કયારેય ખુશ્બુંને પાછી ફેરવતા નથી.''

''હઝરત રસુલેખુદા સ.ને કોઈ ખુશ્બુ અને મીઠાઈ આપતું તો તેને કયારેય અસ્વીકાર કરતા ન હતા. (હંમેશા લઈ લેતા હતા.)''

હસન ઈબ્ને જવીનથી નકલ છે કે,

હું એક દિવસ ઈમામ રઝા અ. પાસે ગયો. હઝરત મારા માટે એક વાસણમાં કસ્તૂરી લાવ્યા અને કહ્યું,

''આમાંથી થોડીક કસ્તુરી લઈને માલીશ કરી લો. હું થોડીક માલીશ કરી. પછી ફરમાવ્યું, ફરી લો અને ગરદન તથા ગળામાં લગાવો. હું હઝરતના કહેવા પર અમલ કર્યો. વાસણમાં થોડીક કસ્તૂરી બચી હતી.'' હઝરતે કહ્યું,

''તેને પણ ત્યાં જ લગાવ. હું ફરી તે જ મુજબ ત્યાં જ મસળી દીધી.'' પછી હઝરતે ફરમાવ્યું,

''હઝરત અમીરૂલ મોઅમેનીન અ. કહેતા કે, આ અલ્લાહની નેઅમતને મૂર્ખ સિવાય કોઈ પાછી ફેરવતું નથી.'' મેં પૂછ્યું,



https://downloadshiabooks.com/

“આ નેઅમતમાં કઈ કઈ વસ્તુઓ સામેલ છે?” આપે જવાબમાં ફરમાવ્યું કે,

“બધી જ પ્રકારની ખુશ્બુઓ, ગાદલુ અને તકિયા જે બેસવા અને ટેક દેવા માટે મોહબ્બતથી આપવામાં આવે. તથા તે તમામ વસ્તુંઓ જે નિખાલસ પ્રેમ ભાવે આપવામાં આવે.”

## પ્રકરણ-૫૮

## કસ્તૂરી, અંબર અને કેસરની ફઝીલત

હદીસમાં છે કે,

“હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ. મુસલ્લામાં કસ્તૂરીની એક શીશી રાખતા હતા. નમાઝ માટે ઊભા થતા ત્યારે તેમાંથી થોડીક લગાવતા હતા.”

“હઝરત રસુલેખુદા સ. એટલી કસ્તૂરી લગાવતા હતા કે તેઓના મુબારક ભાલ (કપાલ) પર તેનો રંગ જણાઈ આવતો હતો.”

“હઝરત રસુલેખુદા સ. પાસે એક મુશ્કદાની રહેતી. જયારે વઝુ કરતા હતા ત્યારે ભીના હાથે જ તેમાંથી કસ્તૂરી લઈ બદન પર લગાવતા હતા. જયારે બહાર ફરવા નીકળતા ત્યારે લોકો તેમની ખુશ્બુથી સમજી લેતા કે હઝરત સ. આ તરફ આવી રહ્યા છે.”



https://downloadshiabooks.com/

''હઝરત ઈમામ અલી રઝા અ. પાસે લાકડાની એક પેટી હતી. જેમાં ઘણા ખાના હતા. દરેક ખાનામાં એક એક ખુશ્બુ રાખતા. તેમાંથી એક ખાનામાં કસ્તૂરી પણ હતી.''

''હઝરત રસુલેખુદા સ. પોતાના બદન મુબારકને કસ્તૂરીથી સુગંધિત કરતા હતા.''

હઝરત ઈમામ રઝા અ.થી નકલ છે કે,

''લોકો ઈમામ અ.ના માટે કસ્તૂરી અને અંબર મેળવી તેલ બનાવતા. એક કાગળ પર **આયતુલ કુરસી, સુરએ ફલક, સુરએ નાસ** અને સલામતી માટેની આયતોમાંથી થોડીક આયતો લખીને એક શીશીમાં તે તેલ અને આયતો રાખતા. હઝરત હંમેશા તે તેલને મુબારક બદન પર લગાવતા હતા.''

રિવાયતમાં છે કે,

''હઝરત ઈમામ અલી રઝા અ. માટે સાતસો દિરહમમાં તેલ તૈયાર કરવામાં આવ્યું. મામુન ખલીફાનો વઝીર ફઝલ ઈબ્ને સોહેલ હઝરતને લખ્યું કે, લોકો ફુઝુલ ખર્ચ માટે વાંધો ઉઠાવે છે.'' હઝરતે જવાબમાં કહ્યું કે,

''શું તને ખબર નથી કે જનાબે યુસુફ અ. પયગમ્બર હતા. આમ છતાં કિમતી વસ્ત્રો પહેરતા હતા. સોનાના ઢોળવાળી ખુરશીઓ પર બેસતા હતા. તેમ છતાં તેમની નબુવ્વતમાં કોઈ ફરક ના પડ્યો. તે પછી હઝરતે બીજો હુકમ આપીને ચાર હજાર દિરહમનો ગાલીચો તૈયાર કરાવ્યો.''

**હ.અમીરૂલ મોઅમેનીન અ.થી નકલ છે કે,**

**''હ.રસુલેખુદા સ. જમણા હાથે વીંટી પહેરતા હતા.''**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૫૯

# શરીર પર તેલની માલીશ કરવાની ફઝીલત અને ફાયદા

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ફરમાવે છે કે,

"ચહેરા પર તેલની માલીશ કરવાથી ચહેરો સુંદર બને છે, મગજને તાકાત મળે છે, બુધ્ધિમાં વધારો થાય છે, ચામડીના છિદ્રો ખૂલી જાય છે, ચામડી નરમ અને મુલાયમ બને છે, ચહેરો નૂરાની (પ્રકાશિત) બને છે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"રાત્રે તેલની માલીશ કરવાથી લોહી નસેનસમાં ઝડપથી ફરે છે, ચહેરાને ખૂબસુરત બનાવે છે."

રિવાયતોમાં છે કે,

"મહિનામાં એક વખત યા અઠવાડિયામાં એક યા બે વખત તેલની માલીશ કરવી જોઈએ. સ્ત્રીઓ દરરોજ તેલની માલીશ કરી શકે છે."

"બનફશા(પહાડો પર થતી એક જડી બુટ્ટી)નું તેલ બધા જ તેલોમાં શ્રેષ્ઠ છે. બહેતર છે કે તેનો ખૂબ જ ઉપયોગ કરે. આ તેલની માલીશથી માથા અને આંખોના દર્દો માટે ખૂબ જ ફાયદાકારક છે."

એક માણસ ઘોડા પરથી પડી ગયો. હઝરત ઈમામ જાફરે સાદિક અ. મે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''નાકમાં બનફશા અને બદામના તેલના ટીપાં પાડો.'' તે મુજબ કરવાથી તરત જ આરામ થઈ ગયો. ત્યાર પછી હઝરતે ફરમાવ્યું કે,

''હે અકબા! બનફશાનું ત.લ ગરમીમાં ઠંડું અને ઠંડીમાં ગરમ છે. અમારા ચાહવાવાળાઓ માટે ફાયદાકારક છે.''

હઝરત અલી અ. ફરમાવ્યું કે,

''બનફશાના તેલના ટીપાં નાકમાં નાખો. કેમ કે હઝરત રસુલેખુદા સ. ફરમાવેલ છે કે, અગર લોકોને આ તેલના ફાયદાની ખબર હોત તો ખાવામાં માત્ર આ તેલનો જ ઉપયોગ કરત.''

એક રિવાયતમાં છે કે,

''તાવની ગરમીને બનફશાના તેલથી દૂર કરો. આ તેલથી માથાનો દુ:ખાવો દૂર થાય છે અને મગજને આરામ મળે છે.''

હઝરત ઈમામ જાયરે સાદિક અ. ફરમાવે છે કે,

''બકાઈન(એક ઝાડ જેના પાંદડા લીમડાના ઝાડના પાંદડા જેવા હોય છે.)નું તેલ ઘણું સારૂં છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને એક માણસે હાથ-પગની ચામડી ફાટવાની ફરિયાદ કરી. આપે ફરમાવ્યું,

''બકાઈનના તેલમાં રૂ નાખી રૂને ડૂંટી પર રાખી લે, અથવા ડૂંટીમાં બકાઈનના ટીપાં પાડી દે.'' તેણે એક જ વખત આ મુજબ કર્યું. તો હાથ-પગ ફાટવાનું બંધ થઈ ગયું.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ શરીરના કોઈ પણ ભાગમાં બકાઈનના તેલની માલીશ કરી ઊંઘશે તો ખુદાની કુદરતથી શયતાન તેને કોઈ નુકશાન પહોંચાડી શકશે નહિ.''



https://downloadshiabooks.com/

હઝરત અમીરૂલ મોઅમેનીન ફરમાવે છે કે,

"બકાઈનના તેલની માલીશ કરો કે તે પયગમ્બરોના વપરાશની વસ્તું છે. તે બધા દર્દોથી બચાવે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"શરીર માટે ચમેલીના તેલથી વધારે સારૂં કોઈ તેલ નથી. ચમેલીના તેલથી ૭૦ બીમારીઓને ફાયદો પહોંચે છે."

હઝરત રસુલેખુદા સ.મે હઝરત અલી અ.ને ફરમાવ્યું,

"હે અલી! જેતૂનના તેલને ખાઓ. યા બદન પર તેની માલીશ કરો. ચાલીસ દિવસ સુધી શયતાન તેની પાસે ફરકશે નહિ."

## પ્રકરણ-૬૦

## ધૂપની ફઝીલત અને આદાબ

"ધૂપથી મતલબ કોઈ સુગંધિત વસ્તુંને સળગાવવાથી જે ધૂમાડો આવે તે છે. જેમ કે, અગરબત્તીનો ધૂમાડો, લોબાનનો ધૂમાડો વગેરે ધૂપમાં ગણતરી થાય છે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"શક્ય હોય ત્યાં સુધી તમારા કપડાઓને ધૂપથી ખુશબુદાર બનાવો."

"જે લોકો હઝરત ઈમામ અલી રઝા અ. પાસે જતા હતા તેઓને ધૂપની વધારે મહેંક આવતી હતી."

મરાઝીમ જણાવે છે કે,



https://downloadshiabooks.com/

હું હઝરત ઈમામ અલી રઝા અ.ની સાથે હમામ(સ્નાના ગૃહ) ગયો. જયારે સ્નાન કરી કપડાં પહેરવાનો વખત આવ્યો ત્યારે હઝરતે લોબાનનું વાસણ મંગાવીને પોતાના શરીરને ધૂપથી સુગંધિત કર્યું. પછી હુકમ આપ્યો કે મરાઝીમને પણ આનાથી સુગંધિત કરો.

''હઝરત ઈમામ મુસા કાઝીમ અ.ની માનનીય પત્નીઓ પોતાના કપડાઓને સુગંધિત કરવા ઈચ્છતી તો ખારેકના ઠળીયાને ત્યાર પછી તેની છાલને આગ પર સળગાવતી. તે ધીમે ધીમે સળગતી ત્યાર બાદ તેના ઉપર સુગંધિત વસ્તુંઓ નાખતી હતી.પછી કપડાોઅને સુગંધિત કરતી અને કહેતી કે આ મુજબ કરવાથી ખુશ્બુ વધારે આવે છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''શુધ્ધ લોબાનની ખુશ્બુ શરીરમાં ચાલીસ સુધી રહે છે. જે લોબાનમાં બીજી કોઈ વસ્તું મેળવેલી હોય તો વીસ દિવસ સુધી તેની ખુશ્બુ રહે છે.''

''હઝરત ઈમામ અલી રઝા અ. લોબાનનો ધૂપ લેતા હતા. ત્યાર બાદ ગુલાબ અને કસ્તૂરી શરીર પર લગાવતા હતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવતા હતા કે,

''લોબાનનો ધૂપ લેવો જોઈએ. તેમાં આઠ પ્રકારની શીફા છે.''

## પ્રકરણ-૬૧

# ફૂલોની ફઝીલત અને આદાબ



https://downloadshiabooks.com/

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ગુલાબજળથી ચહેરો ધોવામાં આવે તો ચહેરાની રોનક વધે છે અને પરેશાની દૂર થાય છે."

"જે માણસ સવારે ગુલાબજળથી ચહેરો ધૂએ તો આખો દિવસ પરેશાનીઓથી સલામત રહે છે. સારૂં એ છે કે જયારે ગુલાબજળથી ચહેરો ધૂએ ત્યારે અલ્લાહના વખાણ કરે અને મોહંમદ સ. તથા તેમની ઓલાદ પર દુરૂદ મોકલે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જયારે મને આસમાન પર લઈ ગયા ત્યારે મારા પરસેવાના અમુક ટીપાં જમીન પર પડ્યા. તેનાથી લાલ ગુલાબ ઊગ્યું. પછી તેનું ફૂલ દરિયામાં પડ્યું. માછલીઓએ તે ફૂલ લેવાનો ઈરાદો કર્યો. ગુમુસ (એક દરિયાઈ જાનવર જેનું માથું પહોળું, પૂંછડી પાતળી અને લાંબી હોય છે.) પણ તે ફૂલને લેવાનો ઈરાદો કર્યો. બંનેમાં ઝઘડો થયો. ખુદાતઆલાએ આનો ન્યાય કરવા માટે એક ફરિશ્તાને મોકલ્યો. ફરિશ્તાએ અડધું ફૂલ માછલીને અને અડધું ફૂલ ગુમુસને આપ્યું. આ જ કારણે દરેક ફૂલના મૂળમાં પાંચ લીલી પાદડીઓ હોય છે. જેમાંથી બે માછલીની પૂંછડી જેવી હોય છે. તેમાં પાંખો જેવા ખાંચા જોવા મળે છે. બે પાંદડીઓ ગુમુસની જેવી પાતળી હોય છે. તેમાં પાંખો જેવા ખાંચા હોતા નથી. એક પાંદડી એવી હોય છે જેમાં એક તરફ પાંખની જેમ ખાંચા હોય છે. જયારે બીજી તરફ ખાંચા હોતા નથી. ટૂંકમાં અડધી પાંદડી માછલીના પૂંછડીની જેમ તથા અડધી પાદડી ગુમુસની પૂંછડીની જેમ હોય છે."

"જયારે હઝરત રસુલેખુદા સ.ને મેઅરાજમાં લઈ જવામાં આવ્યા ત્યારે જમીનને હઝરત સ.ના જવાનો ગમ થયો અને



https://downloadshiabooks.com/

જયારે પરત ફર્યા તો જમીનને ખુશી થઈ આવી. તેના લીધે જમીન પર ગુલાબ ઊગી આવ્યું. જેથી હઝરત રસુલેખુદા સ.ની ખુશ્બુ સૂંઘવી હોય તો લાલ ગુલાબને સૂંઘી લો.''

''નરગીસના ફૂલને સૂંઘવું અને તેની માલીશ કરવી ફાયદાકારક છે. જયારે કાફિરોએ હઝરત ઈબ્રાહીમ અ.ને આગમાં નાખ્યા તો આગ ઠંડી થઈ ગઈ અને હઝરત ઈબ્રાહીમ અ. સલામત રહ્યા ત્યારે ખુદા તઆલા તેમના માટે નરગીસને પેદા કર્યું. તે દિવસથી નરગીસ દુનિયામાં આવ્યું.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

'જયારે તમને કોઈ ફૂલ આપે તો તમે તેને સૂંઘો અને આંખોથી લગાવો. કારણ કે તે જન્નતથી આવ્યું છે.''

માલીકે જવીનીથી નકલ છે કે,

હું હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને એક ફૂલ આપ્યું. હઝરતે તેને સૂંઘ્યું અને આંખોથી લગાવીને ફરમાવ્યું કે,

''જે માણસ ફૂલને સૂંઘે, આંખોથી લગાવે અને દુરૂદ પઢે તો ફૂલને જમીન પર મૂકે તે પહેલાં તેના ગુનાહ માફ થઈ જશે.''

**હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે, ''અગર કોઈ માણસ વઝુની સાથે દાતણ કરશે તો જયારે નમાઝ પઢવા ઊભો થશે ત્યારે એક ફરિશ્તો આવી તેના મોં પર મોં રાખી દેશે. તથા જે કંઈ તેના મોંમાંથી નીકળશે તેને મહેફૂઝ કરી લેશે. અગર કોઈ દાતણ નહિ કર્યું હોય તો અલગ ઊભો રહી તેની કિરઅત સાંભળશે.''**



https://downloadshiabooks.com/

# વિભાગ-૭: ગુસ્લ(સ્નાન)

૬૨. સ્નાનની ફઝીલત અને આદાબ

૬૩. સ્નાનગૃહમાં જવાના આદાબ

૬૪. સુન્નત તથા વાજીબ ગુસ્લ


**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**




https://downloadshiabooks.com/

# વિભાગ-૭ સ્નાન

## પ્રકરણ-૬૨

## સ્નાનની ફઝીલત અને આદાબ

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સ્નાનગૃહ (હમામ) બહુ સારી જગ્યા છે. જહન્નમની યાદ અપાવે છે, શરીર પરનો મેલ દૂર કરે છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''એકોતરે સ્નાન કરવાથી શરીર જાડું થાય છે. દરરોજ સ્નાન કરવાથી ગુરદાની ચરબી પીગળી જાય છે અને શરીર દૂબળું પડી જાય છે.''

હદીસમાં છે કે,

''જેને જાડા થવાની ઈચ્છા હોય તો એકોતરે સ્નાન કરે. અગર પાતળા થવાની ઈચ્છા હોય તો દરરોજ સ્નાન કરે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ શર્મગાહ છૂપાવીને (લુંગી યા જાંગીયો પહેરીને) સ્નાનગૃહ(હમામ)માં જાય તો ખુદા પાક તેના ગુનાહોને ઢાંકી દે છે.''

''જે માણસ સ્નાનગૃહ(હમામ)માં જાય અને અન્યની નગ્નતા તરફ ધ્યાન ન આપ. તો ખુદાતઆલા તેને જહન્નમની આગથી બચાવશે.''

''હઝરત રસુલુલ્લાહ સ. ખુલ્લા આકાશ નીચે, નદીઓ, નહેરોમાં નગ્ન હાલતમાં સ્નાન કરવાની કે દાખલ થવાની મનાઈ



https://downloadshiabooks.com/

કરી છે. તથા ફરમાવ્યું છે કે, નહેરોમાં પાણીના ફરિશ્તા રહે છે તેથી નગ્ન હાલતમાં ન જવું જોઈએ.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કંઈ પણ ખાધા વિના સ્નાનગૃહમાં ન જાઓ. કેમ કે અગર કોઈ વસ્તું જઠરમાં હશે, તો શરીરની શક્તિ વધારશે અને જઠરની ગરમી ઓછી હશે. પરંતું જઠર જયારે પૂરૂં ભરેલું હોય ત્યારે સ્નાનગૃહ ન જાઓ. (ભર પેટે સ્નાનગૃહમાં ન જાઓ.)''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જયારે સ્નાન કરી બહાર નીકળો ત્યારે કોઈ મોમીન ભાઈ તમને કહે કે તમે સ્નાનથી પવિત્ર થયા તે બદલ અભિનંદન. તમે જવાબમાં કહો, ખુદા પાક તમારા દિલને પણ તાજગી અર્પે.''

એક રિવાયતમાં છે કે,

''જો કોઈ સ્નાન કરીને આવે તો તેને આ મુજબ મુબારકબાદી આપો. ખુદા પાક તમારા સ્નાનથી આંતરિક પવિત્રતા કરે, (નફસને પાક કરે). જવાબમાં આ પ્રમાણે કહો, ખુદા તમને પણ ગુનાહોથી પાક સાફ રાખે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સ્નાનગૃહમાંથી બહાર નીકળી માથે અમામો(પાઘડી) બાંધી લો. તેનાથી માથાના દર્દમાં રાહત થાય છે.''

હદીસમાં છે કે,

''જયારે કોઈ માણસ સ્નાનગૃહમાં જાય અને શરીરની ગરમી વધી જાય તો માથા પર ઠંડું પાણી રેડે. ગરમી દૂર થઈ જશે.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૬૩

## સ્નાનગૃહમાં જવાના આદાબ

(નોંધઃ ઈરાન તથા અરબ દેશોમાં સ્નાન માટે સાર્વજનિક સ્નાનગૃહો હોય છે. આ સ્નાનગૃહોમાં સ્નાન માટે ઉપયોગમાં આવતી તમામ ચીજ-વસ્તુઓ તથા શરીર પર માલિશ કરવા અને સ્નાન કરાવવા માટે નોકરોની વ્યવસ્થા પણ હોય છે. લોકો ઘરના બદલે સાર્વજનિક સ્નાનગૃહમાં સ્નાન કરવાનું પસંદ કરે છે. આ હકિકતને ધ્યાનમાં રાખી આ પ્રકરણમાં કેટલીક વાતો અઈમ્મએ માસુમીન અ.નું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સ્નાનગૃહમાં ઉંધા ન સૂઓ. તેનાથી ગુરદાની ચરબી પીગળી જાય છે. ઠીકરૂં તથા ઈંટ પગ પર ના ઘસો. તેનાથી વાળ ઉખડી જવાની બીમારી અને કોઢ થાય છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઈ પુરૂષ પોતાના દિકરા સાથે સ્નાનગૃહમાં ન જાય. એવું ન થાય કે પુત્ર તેના બાપને ઉઘાડા શરીરમાં જૂએ. મા-બાપે પોતાની ઓલાદને તથા ઓલાદ પોતાના મા-બાપને ઉઘાડા શરીરે જોવું જાએઝ નથી.''

''હઝરત રસુલેખુદા સ.મે તે માણસને ધિક્કાર્યો છે જે સ્નાનગૃહમાં કોઈની નગ્નતા પર નજર કરે. તેને પણ ધિક્કાર્યો છે જે શરમગાહને ઢાંકયા વગર (નગ્ન હાલતમાં) સ્નાનગૃહમાં જાય કે લોકો તેને નગ્ન હાલતમાં જૂએ.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''સ્નાનગૃહમાં પડખાભેર ન સૂઓ. તેનાથી ગુરદાની ચરબી પીગળી જાય છે, માણસ દુબળો થઈ જાય છે, સ્નાનગૃહમાં વાળ ના ઓળો. તેનાથી વાળ કમજોર થઈ જાય છે. માટીથી માથું ન ધૂઓ. તેનાથી ઈજ્જત ખતમ થઈ જાય છે.''

મુલ્લા મોહંમદ તકી (અ.ર.) તરજુમાએ ફિકહમાં જણાવે છે કે,

''શરીર કે પગ પર ઠીકરૂં ન ઘસો. તેનાથી કોઢની બીમારી થાય છે. સ્નાન વખતે પહેરેલા કપડા ચહેરા પર ન ફેરવો. તેનાથી ચહેરાની રોનક જતી રહે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સ્નાનગૃહમાં પેશાબ કરવાથી ગરીબાઈ અને મુશ્કેલીઓ પેદા થાય છે.''

એક અન્ય રિવાયતમાં છે કે,

''જયારે આપ સ્નાનગૃહમાં શરમગાહને છૂપાવી ન હોય ત્યારે કોઈને સલામ ન કરો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''શરીરને સ્વચ્છ અને સુવાસિત કરવા માટે પાણી પૂરતું છે. જે માણસ કપડા પહેરે, તેના માટે જરૂરી છે કે પાક-સાફ થઈને પહેરે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''માથું ધોવાથી મેલ અને આંખની તકલીફ દૂર થાય છે, કપડાં ધોવાથી રંજ અને ગમ દૂર થાય છે, નમાઝ માટે પાકીઝગી પ્રાપ્ત થાય છે. જે માણસની બદબૂથી લોકોને તકલીફ પહોંચે છે તેણે પોતાના શરીરને પાણીથી હંમેશા પાક-સાફ રાખવું જોઈએ. તેમાં ઢીલ ન કરવી જોઈએ. યાદ રાખો! દુર્ગંધ મારતા બંદાની



https://downloadshiabooks.com/

પાસે બેસવાથી કોઈને તકલીફ પડતી હોય તો ખુદા તેવા બંદાને નાપસંદ કરે છે. એ પણ કહ્યું કે, પાણીને પોતાની ખુશ્બુ સમજો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''નખ કપાવવાથી તથા માથાને ખતમી(ગુલખૈરૂ એક વાદળી રંગનું ફૂલ)થી ધોવાથી ગરીબી દૂર થાય છે, રોજીમાં વધારો થાય છે, એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે, દિલ ખુશ થાય છે અને ગમગીની દૂર થાય છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''બોરડીના પાનથી માથું ધોવાથી રોજીમાં વધારો થાય છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખત્મીથી માથું ધોવાથી બધા દર્દોથી રાહત પહોંચે છે, પરેશાની દૂર થાય છે અને જૂ નાશ પામે છે.''

હઝરત રસુલેખુદા સ. પોતાનું મુબારક મસ્તક બોરડીના પાનથી ધોતા હતા અને ફરમાવતા હતા કે,

''તમે પણ તમારૂં માથું બોરડીના પાનથી ધૂઓ, કેમ કે માનવંત ફરિશ્તાઓ અને કોઈ ઉલુલ અઝમ પયગમ્બરો એવા નથી કે જેમણે બોરડીના પાનની ખૂબીના વખાણ ન કર્યા હોય. જે તેનાથી માથું ધૂએ, ખુદા તઆલા તેને સીત્તેર દિવસ માટે શયતાનના વસવસાથી દૂર રાખે છે. જેના માટે સીત્તેર દિવસ સુધી શયતાની વસવસો દૂર હોય તે ખુદાતઆલાની નાફરમાની કરશે નહિ તથા જન્નતમાં દાખલ થશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''બગલના વાળ તથા ડૂંટી નીચેના વાળ વધારશો નહિ. તે શયતાનની હુમલો કરવાની જગ્યા છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"બગલના વાળ સાફ કરવાથી બગલની ગંદકી દૂર થાય છે, બગલ સ્વચ્છ રહે છે અને હઝરત સ.ના હુકમનું પાલન થાય છે."

## પ્રકરણ-૬૪
## સુન્નત તથા વાજીબ ગુસ્લ

આયતુલ્લાહીલ ઉજમા આકાએ હાજ સૈયદઅલી સીસ્તાની (દા.ઝી.)ના જણાવ્યા અનુસાર વાજીબ ગુસ્લ ૭ છે.

(૧) ગુસ્લે જનાબત,
(૨) ગુસ્લે હૈઝ,
(૩) ગુસ્લે ઈસ્તિહાઝા,
(૪) ગુસ્લે નિફાસ,
(૫) ગુસ્લે મસે મય્યત,
(૬) ગુસ્લે મય્યત,
(૭) મન્નત યા કસમનું ગુસ્લ.

"સુન્નત ગુસ્લની સંખ્યા ૬૨ છે. તેમાં ગુસ્લે જુમ્આ સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે. કેટલાક ઓલમાઓ તેને વાજીબ જાણે છે. શક્ય હોય ત્યાં સુધી તેને છોડી ન દે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"ગુસ્લે જુમ્આ એક શુક્રવારથી બીજા શુક્રવાર સુધીના ગુનાહોનો કફ્ફારો છે. જાહેર અને આંતરિક રીતે નિર્મળ બનાવે છે."



https://downloadshiabooks.com/

''ગુસ્લે જુમ્આનો સમય સુબ્હ સાદિકથી લઈને ઝવાલ સુધીનો છે. સારૂં એ છે કે, જુમ્આના સમયથી નજીકના સમયે ગુસ્લ કરે.''

''માહે રમઝાન મુબારકની એકી રોમાં ગુસ્લ કરવું સુન્નત છે. ખાસ કરીને પહેલી, પંદરમી અને સત્તરમી રાતના. ૧૭ મી રાત્રે મોમીનો અને કાફિરો બદરમાં ભેગા થયા છે. એ દિવસે ઈસ્લામનો વિજય થયો છે. ૧૯મી રાતના વર્ષભરની થનારી ઘટનાઓ લખવામાં આવે છે, ૨૧મી રાત્રે પયગમ્બરોના વસીઓ શહીદ થયા છે, હઝરત ઈસા અ. આસમાન પર પધાર્યા છે, હઝરત મુસા અ. આ દુનિયામાંથી વિદાય થયા છે.''

''૨૩મી રાત શબેકદ્ર હોવાની શક્યતા વધારે છે. મોટાભાગના ઓલમાઓનોમત છે કે આ રાત્રે બે ગુસ્લ કરે. એક સૂયાસ્ત પહેલાં પહેલાં અને બીજું ગુસ્લ રાતની છેલ્લી ઘડીમાં (સુબ્હ સાદિક પહેલાં) કરે.''

''ઈદુલ ફિત્રની રાત્રે તેમજ દિવસે તથા ઈદુલ અઝહાના દિવસે ગુસ્લ સુન્નત છે. ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહાનું ગુસ્લ દિવસ દરમિયાન ગમે ત્યારે કરી શકે છે. પરંતું ઈદની નમાઝ પહેલાં ગુસ્લ કરવું બેહતર છે.''

''આઠમી અને નવમી ઝિલ્હજના દિવસે ઝવાલ પહેલાં તથા રજબ મહિનાની ૧૫ મી તારીખના રાતના ગુસ્લ કરવું સુન્નત છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ માહે રજબની પહેલી, પંદરમી અને છેલ્લી તારીખે ગુસ્લ કરે તે ગુનાહોથી એવો પાક સાફ થઈ જાય છે કે જાણે માના પેટમાંથી પેદા થયો હોય.''



https://downloadshiabooks.com/

''૨૭મી ૨જબના હઝરત રસુલેખુદા સ.ને જાહેરી નબુવ્વત મળી તે દિવસે ગુસ્લ સુન્નત છે.''

''ઈમામે ઝમાન એની વિલાદતના દિવસે ૧૫ મી ઝીલ્હજ, ઈદેગદીર ૧૮ ઝીલ્હજ, ઈદે મુબાહેલા ૨૪ મી ઝીલ્હજ, ઈદ દહવુલ અર્ઝ ૨૫ મી ઝિલ્કાદના ગુસ્લ સુન્નત છે. કેટલાક ઓલમાઓના મત મુજબ ઈદે નવરોઝના પણ ગુસ્લ કરવું સુન્નત છે. હજ અને ઉમરાહનો એહરામ બાંધવા માટે ગુસ્લ કરવું સુન્નત છે.''

''હઝરત રસુલેખુદા સ. તથા હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ની ઝિયારતનું ગુસ્લ સુન્નત છે. ચાહે ઝિયારત નજીકથી પઢવામાં આવે યા દૂરથી.''

''ઈસ્તેખારા માટે ગુસ્લ સુન્નત છે. ખાસ કરીને ઈસ્તેખારા માટે નમાઝો અને હાજતો માટે દુઆ કરવામાં આવે ત્યારે ગુસ્લ કરવાનું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.''

''ગુનાહોની તૌબા કરવા તથા સૂર્યગ્રહણની રઝા નમાઝો પઢવા માટે ગુસ્લ સુન્નત છે. (અગર જાણી જોઈને છોડી દીધી હોય અને આખા સૂરજને ગ્રહણ લાગેલ હોય તો)કેટલાક ઓલમાઓના મત મુજબ આ ગુસ્લ વાજીબ છે. પૂરા સૂરજને ગ્રહણ લાગ્યું હોય તોનમાઝ અદા કરવા માટે ગુસ્લ કરે.''

''હરમે મોહતરમ મક્કાએ મોઅઝઝમા અને ખાનએ કાબામાં દાખલ થવા માટે ગુસ્લ સુન્નત છે. હરમએ મદીનએ મનવ્વરા, શહરે મદીના તથા મસ્જીદે નબવીમાં દાખલ થવા તેમજ કુરબાની કરવા માટે અલગ અલગ ગુસ્લ કરવું સુન્નત છે.''



https://downloadshiabooks.com/

"નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માગવા માટેની નમાઝ) માટે ગુસ્લ સુન્નત છે. ગરોળી માર્યા પછી તથા ફાંસી આપવામાં આવી હોય તેવા માણસને જાણી જોઈને જોવા ગયો હોય તો તેને જોયા પછી ગુસ્લ સુન્નત છે.કેટલાક ઓલમાઓના મત મુજબ કોઈ ખાસ કારણ જેમ કે તકય્યા અથવા કોઈ જખમના કારણે પટ્ટી બાંધેલી હોય અને કોઈ ગુસ્લ છૂટી ગયું હોય તો અડચણ દૂર થયા પછી ગુસ્લ કરવું સુન્નત છે."

"મય્યતને કફન આપવા માટે ગુસ્લ કરવું સુન્નત છે. એ જ રીતે મય્યતને ગુસ્લ આપ્યા પછી કોઈ મય્યતને સ્પર્શ કરે તો પણ ગુસ્લ કરવું સુન્નત છે."

વધુ વિગત માટે ફિકહી મસાઈલની કિતાબ જોવા ભલામણ છે.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**

**ત્રણ કાર્યોમાં દુનિયા અને આખેરતની ભલાઈ છે.**

**(૧) જે તમારા પર ઝૂલ્મ કરે તેને માફ કરો,**

**(૨) જે તમારી સાથે મોહબ્બતનો છેડો ફાડવા ચાહે તેની સાથે હળી મળીને રહો,**

**(૩) જે કોઈ તમારી સાથે ગુસ્સો યા બિભત્સ વર્તન કરે, તમે તેની સાથે નમ્રતાઈથી વર્તો."**



https://downloadshiabooks.com/

# વિભાગ-૮: સૂવાના આદાબ

૬૫. સૂવાના આદાબ

૬૬. સૂવાની જગ્યા અને સૂતાં પહેલાના આદાબ

૬૭. સૂતી વખતે પઢવાની દુઆઓ.

૬૮. ઊંઘમાં ડર લાગો અને સ્વપ્નો જોવા.

૬૯. રાતના છેલ્લા પહોરમાં જાગવા વિષે.

૭૦. સૂવાની હાલતમાં દુઆઓ.

૭૧. સ્વપ્નની તાબીર (સ્વપ્ન ફળ)

૭૨. ઊંઘવા જાગવાના આદાબ

૭૩. કુદરતી હાજત (શૌચ)

**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૮ સૂવાના આદાબ

## પ્રકરણ-૬૫

## સૂવાનો સમય

''સુબ્હ સાદિકથી સૂર્યોદય સુધી, સૂર્યાસ્તથી લઈને ઈશાની નમાઝ વચ્ચે તથા અસરની નમાઝ બાદ સૂવું મકરૂહ છે. ઉનાળામાં ઝોહરની નમાઝ પહેલાં અને અન્ય દિવસોમાં ઝોહર અને અસરની વચ્ચે થોડીક ઊંઘ લેવી સુન્નત છે.''

ઈમામ ઝયનુલ આબેદીન અ.મે અબુ હમ્ઝા સીમાલીને કહ્યું,

''સૂરજ ઊગવા પહેલાં સૂઓ નહિ. કારણ કે ખુદા તઆલા તેના બંદાઓને રોજીની વહેંચણી કરે છે. જે કોઈ આ સમયે સૂઈ રહે તે રોજીથી બાકાત રહે છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ત્રણ કાર્યોથી જમીન ખુદા પાસે ફરિયાદ કરે છે.''

(૧) ગેરકાયદેસર લોહીથી, જે જમીન પર વહેવડાવવામાં આવે,

(૨) વ્યભિચાર પછીના સ્નાનના પાણીથી,

(૩) સૂર્યોદય પહેલાં જે માણસ સૂઈ રહે તેનાથી.

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સવારે સૂવું મન્હુસ(ખરાબ) છે. તેનાથી રોજીમાં ઘટાડો થાય છે, શરીરનો રંગ ફિક્કો પડી જાય છે. ચહેરો બેડોળ અને વિપરીત થઈ જાય છે. સવારે સૂવું એટલા માટે ખરાબ છે કે ખુદા તઆલા સુબ્હ સાદિકથી સૂર્યોદય સુધીમાં રદજીની વહેંચણી કરે



https://downloadshiabooks.com/

છે. ખબરદાર! આ સમયે સૂવું નહિ. એ પણ કહ્યું કે બની ઈસરાઈલના માટે શેકેલી મુરઘીઓ અને સ્વાદિષ્ટ ખાણું આ સમયે આપવામાં આવતી હતી. જે આ સમયે સૂઈ જતા હતા તેમને ભાગ મળતો ન હતો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ સુબ્હ સાદિકથી સૂરજ ઊગવા સુધીમાં પોતાના મુસલ્લા પર બેસી રહે તો ખુદા તઆલા તેને જહન્નમની આગથી બચાવશે.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''દિવસના પહેલા ભાગમાં સૂવું એ ગાંડપણ છે, વચ્ચે સૂવું એટલે કે બપોરે થોડોક આરામ કરવો બક્ષીસ છે. અસ્રના સમયે સૂવું કમ અક્કલ છે. મગરીબ ઈશાની વચ્ચે સૂવાથી રોજીથી બાકાત રહે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''સૂર્યોદય પહેલાં અને ઈશાની નમાઝ પહેલાં સૂવાથી ગરીબાઈમાં વધારો થાય છે.''

એક માણસ હઝરત રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

''પહેલાં મારી યાદ શક્તિ સારી હતી. પરંતું હવે યાદ શક્તિ મંદ પડી ગઈ છે.'' હઝરતે ફરમાવ્યું કે,

''શું તું પહેલાં બપોરે થોડોક આરામ કરતો હતો.? હવે તું આરામ નથી કરતો?'' તેણે કહ્યું,

''હા, રસુલુલ્લાહ સ.! (પહેલાં હું બપોરે થોડીક ઊંઘ લઈ લેતો હતો. હાલમાં નથી લેતો.)'' હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''ફરી બપોરે થોડોક આરામ લેવાનું ચાલું કરી દે.'' તેણે તે મુજબ આરામ શરૂં કર્યો. તો તેની યાદ શક્તિ વધી ગઈ.

હદીસમાં છે કે,

''બપોરે જમ્યા પછી થોડોક આરામ કરો. કેમ કે શયતાન બપોરે આરામ કરતો નથી. બપોરનો થોડોક આરામ રાતના જાગવામાં અને અલ્લાહની ઈબાદત કરવામાં મદદરૂપ થાય છે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ વઝુ કરીને સૂએ તેની પથારી મસ્જીદનો હુકમ રાખે છે. અગર સૂઈ ગયા પછી યાદ આવે કે વઝુ કર્યું નથી, તો પથારી પર જ તયમ્મુમ કરી લે. કેમ કે વઝુ યા તયમ્મુમની સાથે અલ્લાહને યાદ કરતાં કરતાં સૂઈ જાય તો તેનું સૂવું નમાઝ પઢવા બરાબર સમજવામાં આવશે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''મુસલમાન માટે જનાબતની હાલતમાં યા વઝુ કર્યા વગર સૂવું યોગ્ય નથી. અગર ગુસ્લ યા વઝુ માટે પાણી ન મળી શકે તો પાક માટી પર તયમ્મુમ કરી. લે. કેમ કે સૂતેલી હાલતમાં મોમીનની રૂહને આસમાન પર લઈ જવામાં આવે છે. ખુદા તઆલા તરફથી તેને ઊચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે. તથા રહેમત અને બરકત ઉતરે છે. અગર મોત આવી જાય તો રહેમતના છાયામાં જગ્યા મળી જાય છે. નહિતર અલ્લાહતઆલા પોતાના માનવંત ફરિશ્તાઓ દ્વારા તેની રૂહને પાછી મોકલી દે છે.''

એક દિવસ હઝરત રસુલેખુદા સ.મે પોતાના સહાબીઓને ઉદ્દેશીઓને ફરમાવ્યું,

''તમારામાંથી એવો કોણ છે જે લગાતાર એક વર્ષના રોઝા રાખતો હોય? એવું કોણ છે જે રાભર જાગે અને ઈબાદત કરે?



https://downloadshiabooks.com/

એવું કોણ છે જે દરરોજ આખા કુરઆનની તિલાવત કરે?''બધા સહાબીઓ ચૂપ રહ્યા. પરંતું જનાબે સલમાન કહ્યું,

''યા રસુલુલ્લાહ! હું લગાતાર એક વર્ષના રોઝા રાખુ છું, રાતભર જાગીને ઈબાદત કરૂં છું, દરરોજ આખા કુરઆનની તિલાવત કરૂં છું.'' આ સાંભળી હઝરત ઉમર ખત્તાબને ગુસ્સો આવ્યો. તેમણે તેમના દોસ્તોને કહ્યું કે,

''આ ફારસી આપણા કુરૈશીઓ પર ચઢિયાતો થઈ ગર્વ લેવા માટે જૂઠું બોલે છે. મેં ઘણી વખત જોયું છે કે તેઓ રોઝો રાખેલો નથી હોતો. એવી ઘણી રાતો ઊંઘવામાં પસાર કરી છે. તથા એવા ઘણા દિવસો મેં જોયા છે કે તેઓ કુરઆનની તિલાવત કરતા નથી જણાયા.'' આ સાંભળી હઝરત રસુલેખુદાએ ફરમાવ્યું,

''સલમાન ફારસીનો દાખલો હઝરત લુકમાન પયગમ્બર જેવો છે. જેને શક હોય તેમને પૂછી લે. તેઓ તેમને જવાબ આપી દેશે.''

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ તરત જ સવાલ કર્યો. સલમાન ફારસીએ તેમને જાવબ આપ્યો કે,

''હું દર મહિને ત્રણ રોઝા રાખું છું, ખુદા તઆલાનો હુકમ નેકીનો દસ ગણો સવાબ આપવાનો છે. જેથી મારા ત્રણ રોઝા ત્રીસ રોઝાના બરાબર છે. હું તેથીય વધારે રોઝા રાખું છું. કેમ કે પુરા શાબાન મહિનાના રોઝા રાખી તેને રમઝાન મુબારકના રોઝાઓ સાથે મેળવી દઉ છું. હું રાત્રે સૂતી વખતે વઝુ કરી લઉ છું. હઝરત રસુલેખુદા સ.થી સાંભળેલું છે કે જે માણસ રાત્રે વઝુ કરીને સૂઈ જશે તેને રાતભર જાગવાનો અને ઈબાદત કરવાનો સવાબ મળે છે. હું દરરોજ ત્રણ વખત સુરએ તૌહિદ પઢી લઉં છું. હઝરત રસુલેખુદા સ.થી સાંભળ્યું છે કે, અમીરૂલ



https://downloadshiabooks.com/

મોઅમેનીન હઝરત અલી અ.ને કહેતા હતા કે તમારો દાખલો મારી ઉમ્મતમાં એવો છે કે જેમ કુલ્હોવલ્લાહનો સુરો કુરઆન મજીદમાં. એટલે કે જે કોઈ કુલ્હોવલ્લાહનો સુરો એક વખત પઢે તો ૧/૩ કુરઆન મજીદની તિલાવત કરવાનો સવાબ મળે છે. જો બે વખત પઢે તો ૨/૩ કુરઆનમજીદનો અને ત્રણ વખત પઢે તો આખા કુરઆન મજીદની તિલાવતનો સવાબ મળે છે. આવી જ રીતે તમારો જાહેરી દોસ્ત હોય તો તેનું ઈમાન ૧/૩ ભાગનું છે. યા અલી, જો કોઈ તમારો ઝબાની દોસ્ત પણ હોય અને દિલથી પણ દોસ્ત રાખતો હોય તો તેનું ઈમાન ૨/૩ ભાગનું છે. તથા જે તમારો જાની દોસ્ત હોય, દિલથી દોસ્ત રાખતો હોય અને હાથથી તમારી મદદ કરતો હોય તેનું ઈમાન સંપૂર્ણ છે. યા અલી! જેણે મને સચ્ચાઈની સાથે માર્ગદર્શક તરીકે મોકલ્યો છે, હું તેના હકની કસમ ખાઈને કહું છું કે અગર પૃથ્વીવાસીઓ આસમાનવાળાઓ જેવા દોસ્ત હોત તો ખુદા પાક કયારેય પૃથ્વીવાસીઓને મુસીબતમાં નાખત નહિ.''

જનાબે સલમાનનો આ જવાબ સાંભળી હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ એવા ચૂપ થઈ ગયા કે ફરી કંઈ જ બોલ્યા જ નહિ.

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**
**જે માણસ વઝુ કરીને સૂએ તેની પથારી મસ્જીદનો હુકમ રાખે છે. અગર સૂઈ ગયા પછી યાદ આવે કે વઝુ કર્યું નથી, તો પથારી પર જ તયમ્મુમ કરી લે. કેમ કે વઝુ યા તયમ્મુમની સાથે અલ્લાહને યાદ કરતાં કરતાં સૂઈ જાય તો તેનું સૂવું નમાઝ પઢવા બરાબર સમજવામાં આવશે.**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૬૬
# સૂવાની જગ્યા અને સૂતા પહેલાના આદાબ

''મસ્જીદમાં સૂવું મકરૂહ છે. પરંતું ઓલમાઓનું કહેવું છે કે, હદીસોથી જાણવા મળે છે કે, આ હુકમ મસ્જીદુલ હરામ અને મસ્જીદે નબવી માટે છે.''

હઝરત રસુલેખુદા સ. ત્રણ પ્રકારના લોકો પર લાનત (ધૃણા) કરી છે.

(૧) જે એકલો જમવા બેસે,

(૨) જે એકલો મુસાફરી કરે,

(૩) જે ઘરમાં એકલો સૂએ.

એમ પણ કહ્યું કે,

''જે માણસ ઘરમાં એકલો સૂએ તેના માટે ડર છે કે કયાંક તે પાગલ ન થઈ જાય.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસને મેદાનમાં યા ઘરમાં એકલા સૂવું પડે તો જરૂરી છે કે આ દુઆ પઢે.''

''હે અલ્લાહ! ભયના સમયે મને સાથ આપ, એકલપણામાં મારી મદદ કર.''

''હઝરત રસુલેખુદા સ. એવા ધાબા પર સૂવાની મનાઈ કરેલી છે જે મકાનના ધાબા પર કઠેડા ન હોય. જે માણસ કઠેડા વિનાના ધાબા પર સૂએ તો ખુદા તેનું રક્ષણ કરતો નથી.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''સૂતી વખતે હાથ એંઠા (જમ્યા બાદ હાથ ધોયા વગરના) ન હોય. તથા ચીકાશવાળા પણ ન હોય. નહિતર શયતાન માણસ પર કાબૂ મેળવી લેશે. અગર માણસ પાગલ થઈ જાય તો પોતાની જાત પર નફરત કરવી જોઈએ.''

આ પણ ફરમાવ્યું કે,

''સૂતી વખતે પોતાની બાળકોના હાથ અને મોં ધોવરાવી દો. નહિતર શયતાન તેમના હાથ મોં સૂંઘશે તો બાળકો ડરી જશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સૂતી વખતે પોતાની પથારી ખંખેરી નાખો. અગર તેમાં કોઈ જીવ જંતું હશે તો નીકળી જશે અને તમે તકલીફથી બચી જશો.''

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. ફરમાવે છે કે,

''સૂતાં પહેલાં જાજરૂ જઈ આવો. ત્યાર પછી જ સૂઓ.''

સુન્નત છે કે,

''જમણા પડખે કિબ્લાની તરફ મોં રાખી સૂએ, જમણો હાથ ગાલની નીચે રાખે. ડાબા પડખે સૂવું મકરૂહ છે.''

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. ફરમાવે છે કે,

''સૂવાના ચાર પ્રકાર છે.''

(૧) પયગમ્બરો ચત્તા સૂએ છે. તેમની આંખો બંધ થતી નથી. પરંતું પરવરદિગાર તરફથી વહીએ ઈલાહી માટે રાહ જૂએ છે,

(૨) મોમીનો કિબ્લા તરફ મોં રાખી જમણા પડખે સૂએ છે,

(૩) દુન્યવી બાદશાહો અને રાજ કુંવરો ડાબે પડખે સૂએ છે,

(૪) શયતાન અને તેના ચેલાઓ ઊંધા સૂએ છે.



https://downloadshiabooks.com/

હદીસમાં છે કે,

"કોઈ માણસ ઊંધો ના સૂએ. તથા જે કોઈને ઊંધો સૂતેલો જૂએ તેને જગાડી દે. તેને તે મુજબ ઊંધો બિલકુલ સૂવા ના દે."

એ પણ ફરમાવ્યું કે,

"સૂવાનો ઈરાદો કરે તો જમણો હાથ જમણા ગાલની નીચે રાખે. કેમ કે તેને ખબર નથી કે તે જીવતો ઊઠશે કે નહિ. ઘણી હદીસોમાં જમણા પડખે સૂવાના ફાયદા અને ડાબા પડખે સૂવાની મનાઈ ફરમાવેલ છે."

## પ્રકરણ-૬૭
## સૂતી વખતે પઢવાની દુઆઓ

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"સૂતી વખતે આ દુઆ જરૂર પઢે. તેને તર્ક ના કરે."

**'ઓઈઝો નફ્સી, વ ઝુર્રીયતી, વ અહલેબય્તી, વ માલી બેકલેમાતે મીન કુલ્લે શયતાનીંવ વ હામ્મતીંવ વ મીન કુલ્લે અયનીલ લામ્મહ.'**

(હું મારી જાન, મારા બાલ-બચ્ચા અને માલને ખુદાના કુરઆનના વાસ્તાથી દરેક શયતાન તથા ઝેરી જીવ-જંતુ અને બદ નજરથી બચાવું છું.)

હઝરત રસુલેખુદા સ. હઝરત ઈમામ હસન અ. માટે આ દુઆનું તાવીઝ બનાવતા હતા.

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"સૂતાં પહેલાં **'સુરએ કાફેરૂન'** અને **'સુરએ કુલ્હોવલ્લાહ'** પઢો. કારણ કે **'સુરએ કાફેરૂન'** શીર્કથી



https://downloadshiabooks.com/

નારાજગી દેખાડે છે અને **'સુરએ કુલ્હોવલ્લાહ'** અલ્લાહની એકતાની જાહેરાત કરે છે.''

હઝરત ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

''જે માણસ સૂતી વખતે **'આયતુલ કુરસી'** પઢે તો લકવાથી સલામત રહેશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સૂતાં પહેલાં જે માણસ **'સુરએ યાસીન'** પઢે તો ખુદા તઆલા એક હજાર ફરિશ્તા નક્કી કરશે કે તેઓ શયતાનની બદીથી તેમજ બલાઓથી સલામત રાખશે.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસ દરરોજ રાત્રે સૂતાં પહેલાં **'સુરએ વાકેઆ'** પઢે તો કયામતના દિવસે તેનો ચહેરો પુનમના ચાંદની જેમ ચમકશે.''

''જયારે પથારી પર સૂઈ જાઓ ત્યારે **'તસ્બીહે ફાતેમા સ., આયતુલ કુરસી, કુલ અઉઝો બે રબ્બિલ ફલક, કુલ અઉઝો બે રબ્બિન્નાસનો સુરો તથા સુરએ વસ્સાફ્ફાત'**ની શરૂંઆતની તથા છેલ્લી ૧૦-૧૦ આયતો પઢે.''

હદીસમાં છે કે,

''જે માણસ સૂતાં પહેલાં એકસો (૧૦૦) વખત **'સુરએ કુલ્હો વલ્લાહ'** પઢે તો તેના પચી વર્ષના ગુનાહ બક્ષાઈ જશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ સૂતાં પહેલાં ૧૦૦ વખત **'લાઈલાહ ઈલ્લલ્લાહ'** પઢશે તો ખુદાપાક જન્નતમાં તેના માટે એક મકાન બનાવશે. જે માણસ ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર (ગુનાહોની માફી)



https://downloadshiabooks.com/

કરશે તો તેના ગુનાહ એવી રીતે ખંખેરાઈ જશે જેવી રીતે ઝાડ પરથી પાંદડા ખરી જાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ સૂતી વખતે **'સુરએ અલ્હાકોમુત્ તકાસુર'** પઢશે તે કબરના અઝાબથી સલામત રહેશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છ કે,

''જે માણસ સૂતી વખતે ૧૧ વખત **'સુરએ કુલ્હોવલ્લાહો અહદ'** પઢશે, તેના ગુનાહ બક્ષી દેવામાં આવશે. તેના પાડોશી ઘણી બલાઓથી હિફાઝતમાં રહેશે. અગર ૧૦૦ વખત પઢે તો આવનારા ૫૦ વર્ષના પણ બક્ષી દેવામાં આવશે.''

ઈમામ અ.નું એક અન્ય ફરમાન છે કે,

''જે માણસ સૂતી વખતે ૧૧ વખત **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો અલ્લાહ તઆલા તેના પર ૧૧ ફરિશ્તા નક્કી કરશે. તેઓ સવાર-સાંજ તેને શયતાનની તકલીફોથી દૂર રાખશે.''

''જે માણસ પથારી પર જતી વખતે **'સુરાએ તબારકલ્લઝી'** પઢીને ચાર વખત આ મુજબ કહે.''

**'અલ્લાહુમ્મ રબ્બલ્ હિલ્લે વલ હરામે વલ બલદિલ હરામે બલ્લિગ રૂહો મોહંમદીં વ અન્નીલ તહિય્યત વસ્સલામ.'**

(યા અલ્લાહ! હલાલો-હરામ કે માલિક! અય પવત્ર શહરના પરવરદિગાર! મોહંમદ સ.ની રૂહ મારી તરફથી દુઆ અને સલામ પહોંચાડી દે.)

''અલ્લાહ તઆલા તેના પર બે ફરિશ્તા નિયુક્ત કરશે જે તેના સલામ મારા સુધી પહોંચાડી દે. હું જવાબમાં એમ કહીશ કે,



https://downloadshiabooks.com/

તેના પર મારા તરફથી સલામતી, બરકત અને રહેમત નાઝીલ થાય.''

## પ્રકરણ-૬૮
## ઊંઘમાં ડર લાગવો અને સ્વપ્નો જોવા

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે લોકો સૂવાની હાલતમાં ડરતા હોય તો સૂતી વખતે ૧૦ વખત આ મુજબ પઢે,''

**'લા ઈલાહ ઈલ્લલ્લાહો વહદહુ લા શરીક લહ, યુહ્યી વ યોમીત, વ યોમીતો વ યુહ્યી, વ હોવ હય્યો લા યોમીત.'**

(અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી. તે એવો એકલો છે કે તેનો કોઈ ભાગીદાર નથી. મખ્લુકની સૃષ્ટિની મોત અને હયાત તેના હાથમાં છે. પોતે એવો જીવતો છે કે તેના માટે મોત નથી.)

ત્યાર બાદ **તસ્બીહે ફાતીમા ઝહરા સ.** પઢે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. ફરમાવે છે કે,

''જે માણસ સૂવાની હાલતમાં ડરે યા ઊંઘ ન આવવાથી પરેશાની થતી હોય તો આ આયત પઢે.''

**ફ ઝરબના અલા આઝાનેહીમ ફીલ કહફે સેનીન અદદા. સુમ્મ બઅસ્નાહુમ લે નઅલમ અય્યુલ હિઝબયને અહસા લેમા લબેસુ અમદા.** (સુરએ કહફ આયત-૧૧,૧૨)

(જેથી અમોએ ગુફામાં વર્ષો સુધી તેમને ગાઢ નિંદ્રામાં સૂવાડી રાખ્યા, પછી અમોએ તેઓને જાગૃત કર્યા. જેથી અમો જાણી લઈએ કે તે બે પક્ષોમાંથી એ મુદ્દતને કે જેમાં તેઓ ત્યાં સૂઈ રહ્યા છે કોણે વધારે યાદ રાખી છે.)



https://downloadshiabooks.com/

''અગર બચ્ચાઓ વધારે રોતા હોય ત્યારે પણ આ આયતો પઢવી જોઈએ.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે લોકો સૂવાની હાલતમાં ડરતા હોય તો સૂતી વખતે **મઉઝતૈન (સુરએ નાસ અને ફલક)** તથા **'આયતુલ કુરસી'** પઢે.

હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને કોઈ માણસે ફરિયાદ કરી,

''મારી દીકરી ઊંઘમાં ડરે છે. કયારેક તો એવી હાલત થઈ જાય છે કે તેનું શરીર સુસ્ત અને ઢીલુ પડી જાય છે. લોકોનું કહેવું છે કે તેના પર એક જીન્નાત કાબૂ ધરાવે છે.'' ઈમામ અ. જવાબમાં ફરમાવ્યું કે,

''તેને પોછના લગાવો (નસમાં છેદ કરી લોહી કઢાવો) તથા સવાના પાણીમાં મધ મેળવી તેના ઉકાળીને ત્રણ દિવસ સુધી પીવરાવો.'' તેણે ઈમામ અ.ના બતાવ્યા પ્રમાણે કર્યું તો દીકરી સાજી થઈ ગઈ.

હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને એક માણસે ફરિયાદ કરી,

''એક સ્ત્રી મને સ્વપ્નમાં આવી ડરાવે છે.'' હઝરતે ફરમાવ્યું,

''શાયદ તું ઝકાત અદા નથી કરતો.'' તેણે કહ્યું,

''મૌલા હું તો હંમેશા ઝકાત અદા કરૂં છું.'' હઝરતે ફરમાવ્યું,

''તે મુસ્તહક સુધી પહોંચતી નહિ હોય.'' આ સાંભળીને તેણે હઝરતને ઝકાતની રકમ મોકલાવી દીધી કે તેઓ મુસ્તહક



https://downloadshiabooks.com/

સુધી પહોંચાડે. ત્યાર બાદ તે ડરાવરાના સ્વપ્ન આવતા બંધ થઈ ગયા.

## પ્રકરણ-૬૯
## રાતના છેલ્લા પહોરમાં જાગવા વિષે

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"અગર કોઈ માણસ એવો ઈરાદો કરે કે રાતના કોઈ ભાગમાં ઉઠીને અલ્લાહ તઆલાની ઈબાદત કરશે, તો જો તેનો ઈરાદો સાચો હોય તો અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને મોકલશે. રાત્રે જે સમયે તે માણસ ઉઠવા ચાહશે તે જ સમયે જગાડશે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસને ઊંઘ ન આવતી હોય તો આ દુઆ પઢે."

**'સુબ્હાનલ્લાહે ઝીશ્શાને દાએમીલ સુલ્તાને કુલ્લ યવ્મ હોવ ફીશ્શાન.'**

(શાનો શૌકતવાળો ખુદા પાકો પાકીઝા છે, જેની સલ્તનત હંમેશાથી છે અને હંમેશા રહેશે.)

## પ્રકરણ-૭૦
## સૂવાની હાલતમાં દુઆઓ

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ હ.રસુલેખુદા સ.ને સ્વપ્નમાં જોવા ચાહે તો ઈશાની નમાઝ બાદ ગુસ્લ કરી ચાર રકાત નમાઝ પઢે. દરેક રકાતમાં **'સુરએ અલ્હમ્દ'** પછી **'૧૦૦ વખત આયતુલ કુરસી'** પઢે. નમાઝ બાદ ૧૦૦૦ વખત હ.મોહંમદ સ. અને તેમની ઓલાદ પર દુરૂદ મોકલે. પછી તદ્દન નવા અને પાક સાફ કપડા (ચાદર) પર સૂએ. જમણો હાથ જમણા ગાલની નીચે રાખીને ૧૦૦ વખત આ મુજબ કહે,''

**'સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વ લા એલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર, વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.'**

(પાક છે અલ્લાહ, સઘળા વખાણ અલ્લાહના માટે છે, અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી, અલ્લાહ સૌથી મહાન છે. કોઈ તેની સીફત બયાન કર્યા વગર, વસીલા અને મદદ વિના કોઈ પણ પ્રકારની શક્તિ નથી.)

ત્યાર બાદ ૧૦૦ વખત **'માશાઅલ્લાહ'** કહે. આ રીતે અમલ બજાવનારને સ્વપ્નમાં હ.રસુલેખુદા સ.ની ઝિયારત થશે. (ઈન્શાઅલ્લાહ).

હઝરત રસુલેખુદા સ. પથારી પર સૂતી વખતે કહેતા કે,

**'બે ઈસ્મેક અલ્લાહુમ્મા અહ્યા વ બિસ્મેક અલ્લાહુમ્મ અમુન.'**

(હે અલ્લાહ! મારી મૌત અને જીંદગી તારા નામની સાથે છે.)

આપ સ. જાગતા ત્યારે આ મુજબ દુઆ પઢતા.

**'અલ્હમ્દોલિલ્લાહિલ લઝી અહ્યા ફી બઅદ મા અમાતની વ ઈલેહિન્ નોશુર.'**

(તમામ તાઅરીફ એ અલ્લાહ માટે જેણે મૌત પછી મને જીંદગી આપી, મૃત્યું બાદ જીંદગી આપવી તેનું જ કામ છે.)



https://downloadshiabooks.com/

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે સમયે કરવટ બદલે ત્યારે **'અલ્હમ્દો લિલ્લાહે વલ્લાહો અકબર'** કહે. જયારે કોઈ સૂઈને જાગે ત્યારે આ મુજબ પઢે.''

**અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી રદ્દ અલય્ય રૂહી અહમદહ વ આઅબોદહ.**

(તમામ તારીફ એ અલ્લાહના માટે જેણે મારી રૂહ વાપસ કરી કે હું તેની તાઅરીફ કરી શકું અને ઈબાદત કરૂં.)

## પ્રકરણ-૭૧
## સ્વપ્નની તાબીર (સ્વપ્નફળ)

લોકોએ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

''એનું શું કારણ છે કે મોમીન કયારેક સ્વપ્ન જૂએ છે તો તે મુજબ જ થાય છે. (સ્વપ્ન સાચા પડે છે.) કયારેક સ્વપ્નની કોઈ અસર થતી નથી. (સ્વપ્ન ખોટા પડે છે.)''

હઝરતે ફરમાવ્યું કે,

''જયારે મોમીન ઊંઘી જાય છે ત્યારે તેની રૂહ આસમાન તરફ જાય છે. તેના તકદીરમાં જે કંઈ છે તે સ્વપ્નમાં જૂએ છે અને સ્વપ્નમાં જોએલી વસ્તું વાસ્તવિક ઘટના બનીને રહે છે. જમીન અને હવામાં જે જૂએ છે તે ખરાબ સ્વપ્ન છે.''

રાવીએ પૂછ્યું,

''મોમીનની રૂહ આસમાનમાં જાય છે તો શરીરમાં રહેતી નથી?'' હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

"જો એમ હોય તો મરી ન જાય? પરંતું તેનો દાખલો સૂરજના જેવો છે. સૂરજ આકાશમાં છે અને તેના કિરણો તથા પ્રકાશ જમીન પર પહોંચે છે. એવી જ રીતે રૂહ શરીરમાં રહે છે અને તેનો પડછાયો આસમાન તરફ જાય છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન જણાવે છે કે,

"જે મોમીન ઊંઘે છે તેની રૂહને પરવરદિગારના અર્ષની પાસે લઈ જવામાં આવે છે. ત્યાં જે કંઈ જૂએ છે તે સત્ય છે. તથા પાછા ફરતી વખતે જે કંઈ જૂએ છે તે ભયાનક સ્વપ્ન છે."

"હઝરત રસુલેખુદા સ. પછી વહી આવતી બંધ થઈ ગઈ, પરંતુ ખુદા તરફથી ખુશખબરી આપવા માટે સ્વપ્ન બાકી છે."

હઝરત ઈમામ જાફરી સાદિક અ. જણાવે છે કે,

"અંતિમ જમાનામાં મોમીનની સલાહ અને સાચું સ્વપ્ન એ પયગમ્બરના નૂરનો સીત્તેરમો ભાગ હશે."

હઝરત ઈમામ અલી રઝા અ. જણાવે છે કે,

"જયારે સવાર થતી ત્યારે હ.રસુલેખુદા સ. પોતાના સાથીઓને પૂછતા કે તમારામાંથી કોઈએ ખુશખબરી આપે તેવું સ્વપ્ન જોયું છે?"

હઝરત ઈમામ જાફરે સાદિક અ. જણાવે છે કે,

સ્વપ્નના ત્રણ પ્રકાર છે.

(૧) મોમીન માટે ખુદા તરફથી ખુશ ખબરી,

(૨) શયતાનનું ડરાવવું,

(૩) ડરામણું સ્વપ્ન.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જૂઠા સ્વપ્ન જેની અસર થતી નથી. તે રાતના પહેલા પહોરમાં દેખાય છે. ઘણું કરીને શયતાન આ સમયે જ હુમલો કરે



https://downloadshiabooks.com/

છે અને પોતાના વિચારોને વાસ્તવિક રૂપે રજૂ કરવાનો નિરર્થક પ્રયાસ કરે છે. સાચા સ્વપ્ન મર્યાદિત હોય છે. જે રાતના છેલ્લા પહોરમાં પરોઢિયાના પહેલાં દેખાય છે. ફરિશ્તાઓને ઉતરવાનો આ સમય હોય છે. આ સ્વપ્ન વાસ્તવિક બનીને રહે છે. મોમીન જનાબતની હાલતમાં હોય, યા વઝુ વગર સૂઈ ગયો હોય, યા સૂતાં પહેલાં ખુદાનો ઝીક્ર ન કર્યો હોય. આવી હાલતમાં સ્વપ્ન સાચું હોતું નથી. અથવા તેની અસર બહુ જ મોડેથી થાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''અંતિમ જમાનામાં મોમીનનું સ્વપ્ન ખોટું નહિ હોય. પરંતું પોતે જેટલો સાચો હશે તેટલું જ સ્વપ્ન સાચું હશે. આ કથનની વાસ્તવિકતા એ છે કે, અલ્લાહ તઆલા મોમીનની રૂહને બીજી પાક દુનિયામાં પેદા કરેલ છે અને તેને પયગમ્બરો અને અવલિયાઓની રૂહથી સંબંધ રાખેલ છે. રૂહોની દુનિયામાં તેમની સાથે રાખેલ છે.'' જેમ કે ઘણી હદિસોમાં છે કે,

''રૂહોના ટોળે ટોળા, લશ્કરોના લશ્કર રૂહોની દુનિયામાં એકઠા હતા. જે રૂહો તે દુનિયામાં એક બીજાથી ઓળખાણ રાખે છે તે આ દુનિયામાં પણ પરિચિત છે. તેને જે દુનિયામાં નફરત હતી તે આ દુનિયામાં પણ તેનાથી નફરત કરે છે. કેટલાક રહસ્યોના કારણે તે પાક રૂહોને શરીરના નાપાક અને અંધારાવાળી જેલમાં કેદ કરેલ છે. તથા જાત જાતના શારીરિક સંબંધ, નફસની ખ્વાહિશો અને શયતાની વિચારોમાં ફસાઈ ગએલી છે. પરંતું જુદા જુદા લોકોની આ બાબતમાં હાલત હાલત જુદી જુદી છે. એક ટોળું અલ્લાહની તદ્દન નજીક છે. તેમની રૂહોના સંબંધ હંમેશા પાક દુનિયાથી છે. શારીરિક સંબંધ કોઈ પણ રીતે પાક દુનિયાથી અલગ કરી નહિ શકે. પરંતું તેમની એ



https://downloadshiabooks.com/

હાલત છે કે તેમનું શરીર માણસો સાથે/પાસે છે અને તેમની રૂહો ફરિશ્તાઓની સાથે વાત ચીતમાં મગ્ન છે અને જીબ્રઈલની સાથે ભેદની વાતો કરે છે. હર પળ ખુદાની મહેરબાની તેમની પર હોય છે.''

''બીજું ટોળું એવા બદબખ્ત (અભાગી)લોકોનું છે જેઓ મોજશોખ અને છેલ્લી કક્ષાની લિજજતો સિવાય કંઈ જ દેખતા નથી. નાશવંત દુનિયામાં ડૂબી ગયા છે. એટલે સુધી કે ગુમરાહીને લીધે એક ટોળાની એવી હાલત છે કે તેઓ દુન્યવી મોજશોખ સિવાય તેનાથી વધીને કોઈ કલ્પના પણ કરતા નથી. તેઓ પયગમ્બરોને પણ જૂઠલાવે છે. તેમની આંખ, કાન અને દિલો પર જાણે તાળા લાગી ગયા છે. નેકીના દરવાજા તેમના માટે બંધ થઈ ગયા છે.''

ત્રીજું ટોળું એ છે જે દુનિયાના સંબંધને કારણે દુનિયાને પામવા કોશીશ કરે છે. આ નફસે લવ્વામા (નફસનો એક પ્રકાર છે જે બદકામ કર્યા પછી પ્રશ્ચાતાપ કરે છે.)ની પછવાડે રહે છે. કયારેક તેનું ધ્યાન શયતાન તરફ હોય છે, કયારેક ફરિશ્તાઓની નસીહત સાંભળે છે. એક વખતે ધર્મના ઉપદેશકો અને અવલિયાઓ પાસેથી નેકીની વાતો સાંભળવામાં તલ્લીન હોય છે, બીજી વખતે શયતાનની રીતભાત અપનાવી ધર્મ અને ઈમાનના લૂંટારાઓના ટોળામાં બદકારીના કામો કરવામાં રચ્યો પચ્યો રહે છે, કયારેક પોતાને ગુનાહોથી નજીસ કરે છે. કયારેક તોબા અને રોક કકળાટ કરીને પોતાને પવિત્ર કરે છે. આ ટોળાની રૂહો કયારેક દુન્યવી પ્રવૃત્તિઓના કારણે કયારેક તેમની ભૂલો અને ગુનાહોના કારણે ખુદા, પયગમ્બરો અને અઈમ્મએ માસુમીન અ. તથા ફરિશ્તાઓની દુનિયાથી દૂર થઈગએલ છે. આ કારણે



https://downloadshiabooks.com/

સૂતી વખતે તેમના નફસ ખરાબ કામોથી થોડીક નવરાશ અનુંભવે છે. ખરાબ વિચારો દાખલ થવાના દરવાજા બંધ થાય છે. તે રૂહો જુના દોસ્તોને યાદ કરે છે. તેમનાથી મોહબ્બત કરવાનો વિચાર આવે છે. તેથી તે આસમાન તરફ જઈ ફરિશ્તાઓથી વાતો કરે છે. જેમ કે રાતના પહેલા પહોરમાં જાગૃત અવસ્થામાં કેટલાક વિચારો પોતાના દિલમાં હાજર હોય છે. આ કારણે તે સમયના વિચારો દુન્યવી હોય છે અને તે દુનિયાથી સંબંધ ધરાવે છે. તે ખોટા સ્વપ્નો હોય છે. તેને કારણે શયતાન તેની ઉપર કાબૂ ધરાવે છે. ખોટા વિચારો અને ખોટા સંબંધોને જુદી જુદી સુરતમાં દેખાડે છે. રાતનો પહેલો પહોર જેમ જેમ પસાર થાય છે, તેમ તેમ નફસ જાગૃત દુનિયાના વિચારોથી દૂર થતો જાય છે અને રાતના છેલ્લા પહોરમાં પવિત્ર દુનિયાથી સંબંધ ધરાવે છે. એટલે કે જમીન અને આસમાનની ખ્વાહિશો અને સુશોભિત વિચારોથી નીકળીને અર્ષે ઈલાહી પર પહોંચી જાય છે. શયતાનની પકડ આ વખતે છૂટી જાય છે. ખુદાની મહેરબાનીથી આસમાનના ફરિશ્તાઓ ગાફિલોને હોંશિયાર કરે છે. સૂતેલાઓને જગાડે છે.  શયતાન અને જીન્નાતોના લશ્કરોને દૂર ભગાડે છે. તે સમયે મોમીનની રૂહોના સ્વપ્ન ઈલાહી સ્વપ્ન હોય છે અને તેનો લાભ તેને પહોંચે છે. આ અલ્લાહ તઆલાની મહેરબાનીથી ફરિશ્તા આવીને જગાડે છે. કારણ કે બેપરવાના કારણે જે કામો દિવસે કર્યા છે તેની માફી માટે નમાઝ પઢી અલ્લાહના દરબારમાં કરગરીને, તૌબા કરીને માફ કરાવી દે. આ જ કારણે નમાઝે શબનો આ સમય નક્કી કરવામાં આવ્યો છે. તેની શાનમાં આ આયત ઃતરી છે જેનો ભાવાર્થ એ છે કે,



https://downloadshiabooks.com/

જે ઈબાદત રાતના કરવામાં આવે છે તેમાં દિલ એ જીભ કરતાં વધારે ખુદાની નજીક હોય છે. તેથી દિલની વાત સાચી અને વધારે નેક હોય છે. ભાગ્યશાળી એ લોકો છે જે તે સમયનો ભરપૂર ફાયદો ઉઠાવે છે અને તે સમયની કદર કરે છે. ખુદાની ઘણી નેઅમતો તે સમયે ઉતરે છે. સદંભાગી લોકો શયતાનના વસવસાથી દૂર રહેવા અને નાશ કરવા ફરિશ્તાને પોતાનો મદદગાર બનાવી લે છે. પોતાની પાક રૂહોને દુનિયાની નાપાકીઓથી પાક કરીને અલ્લાહની નજદીકી અને ખુશી પ્રાપ્ત કરે છે. જરૂરી છે કે માણસ પોતાને ઓળખે અને પોતાની અસલિયતને યાદ કરે. કિંમતી ઝવેરાત સમાન દેહને મફતના ભાવમાં વેચી ના દે. ફરિશ્તાઓને દુનિયાઓના પાંજરામાં કેદ ના કરે.

''અલ્લાહતઆલા આપણને અને સર્વ મોમીનોને નેક રસ્તા પર ચાલવાની અને ગાલિોની ઊંઘથી જાગૃત થવાની શક્તિ અર્પે. આમીન.''

''જેમ જાગૃત દુનિયામાં કોઈ વસ્તુંને સમજવા દાખલા દલિલોની જરૂરત રહે છે તેવી રીતે સ્વપ્નની દુનિયામાં સ્વપ્નને સમજવા તેની તાબીર(ખુલાસા)ની જરૂરત રહે છે. સ્વપ્નની તાબીર કરનારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, સ્વપ્નમાં આવતા ચહેરાઓ પરથી તેના અર્થ તરફ અને વિચારો પરથી ઘટનાઓ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે. દાખલા તરીકે, કોઈ માણસે સ્વપ્નમાં જોયું કે તે નજાસત(ગંદકી)માં પડેલો છે. અથવા તેના હાથ જાજરૂથી ખરડાએલા છે. સ્વપ્નનો ખુલાસો કરનાર તરત જ સમજી જશે કે આ ઘટના દુનિયાની છે. બુધ્ધિશાળીઓની નજરમાં જાજરૂં એ મરેલા જાનવરથી પણ વધારે નાપાક છે.



https://downloadshiabooks.com/

તેનાથી એ પરિણામ કાઢશે કે સ્વપ્ન જોવાવાળાને કંઈક માલ હાથ આવશે.''

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''હું ઘણા સ્વપ્ન જોઉં છું અને તેની તાબીર જાતે જ કરી લઉં છું. જે વાત તાબીરમાં વિચારું છું તે વાત બનીને જ રહે છે.''

હઝરત રસુલેખુદા સ.ના જમાનામાં એક સ્ત્રીનો પતિ મુસાફરીમાં ગયો હતો. તેણીએ સ્વપ્નમાં જોયું કે તેના ઘરનો એક થાંભલો(પીલર) પડી ગયો છે. તેણી હઝરત રસુલેખુદા સ. પાસે ગઈ અને પોતાના સ્વપ્નની વાત કરી. હઝરતે ફરમાવ્યું,

''તારો પતિ મુસાફરીએથી સહી સલામત પાછો ફરશે.'' તેમજ થયું. બીજી વખત તેણીનો પતિ મુસાફરીએ ગયો. તેણીએ અગાઉની જેમ સ્વપ્ન જોયું. હઝરતે અગાઉની જેમ સ્વપ્નનો ખુલાસો કર્યો અને તેણીનો પતિ ફરી પાછો ફર્યો. ત્રીજી વખત તેણીનો પતિ મુસાફરીએ ગયો. તેણીએ ફરી તે જ સ્વપ્ન જોયું. આ વખતે તેણીને એક પુરૂષ સામે મળ્યો. તેણીએ તે પુરૂષની સામે સ્વપ્નનું વર્ણન કર્યું. તેણે કહ્યું,

''તારો પતિ મરી જશે.'' ને તેમજ થયું. આ સમાચાર હઝરત રસુલેખુદા સ. પાસે પહોંચ્યા. આપે તે પુરૂષને કહ્યું,

''તું તેણીના સ્વપ્નની નેક તાબીર કેમ ના આપી?''

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે હઝરત રસુલેખુદા સ. કહેતા કે,

''મોમીનનું સ્વપ્ન આસમાન અને જમીનની વચ્ચે તેના માથા પર લટકેલું રહે છે. જયાં સુધી ખુદ યા અન્ય તેની તાબીર ન આપે. પછી જેવી તાબીર આપે તેવો જ ઘટના ઘટે છે. એટલા માટે બુધ્ધિશાળી સિવાય કોઈની સામે સ્વપ્ન રજૂ ન કરો.''



https://downloadshiabooks.com/

''પોતાનું સ્વપ્ન એવા મોમીન સામે રજૂ કરો જેનું દિલ ઈર્ષા અને અદાવતથી ખાલી હોય. નફસની તાબેદારી ન કરતો હોય.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં એક માણસ આવી અરજ કરી કે,

''હું સૂર્યને માથા પર ચમકતો જોયો. પરંતું શરીર ઉપર તેનો પ્રકાશ પડ્યો નહિ.'' હઝરતે ફરમાવ્યું,

''નૂરે ઈમાન તારી રહેબરી કરશે. દીને હકને તું પાળીશ. પરંતું તે અધૂરો રહેશે. અગર તેનો પ્રકાશ તારા શરીરને ઢાંકી દીધો હોત તો તું સંપૂર્ણ ઈમાનવાળો થઈ જાત. તેણે કહ્યું બીજા લોકો તો બાદશાહીનો અર્થ કાઢે છે.'' હઝરતે ફરમાવ્યું,

''તારા બાપદાદાઓથી કેટલા બાદશાહ થઈ ગયા કે તને બાદશાહીનો વિચાર આવ્યો. એ તો બતાવ જેના દ્વારા તું જન્નતમાં જઈશ એ દીનેહકથી વધીને કઈ બાદશાહી શ્રેષ્ઠ છે?''

એક માણસ હઝરત ઈમામ જાફરે સાદિક અ. પાસે આવી વિનંતી કરી કે,

''હું સ્વપ્નમાં જોયું કે મારો એક મરહુમ જમાઈ મારી ગરદન પકડી છે. મને ડર લાગ્યો કે કયાંક હું મરી ન જાઉં.'' હઝરતે ફરમાવ્યું,

''મોતથી ન ડર. પરંતું સવાર-સાંજ મોતની રાહ જો. મુરદાએ ગરદન પકડવી એ લાંબી ઉમરની નિશાની છે. હા, એ બતાવ કે તારા જમાઈનું શું નામ હતું?'' તેણે કહ્યું,

''હુસૈન.'' હઝરતે ફરમાવ્યું કે,

''તને હઝરત ઈમામ હુસૈન અ.ની ઝિયારત નસીબ થશે. કેમ કે જે માણસથી ઈમામ હુસૈન અ.ના નામવાળો માણસ ગળે



https://downloadshiabooks.com/

મળે છે તેને હઝરત ઈમામ હુસૈન અ.ની ઝિયારત નસીબ થાય છે.''

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''હું ગઈ કાલે રાત્રે અલી બીન યક્તિનના ગુલામને એ રીતે જોયો કે તેની બંને આંખોની વચ્ચે સફેદી છે. તેનો ખુલાસો એ કે દીને હક કબૂલ કરશે.''

એક માણસે હઝરત ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

''કુફા શહેરની બહાર યલાણી જગ્યાએ હું ગયો. ત્યાં હું એક લાકડાનો માણસ જોયો કે તે લાકડાના ઘોડા પર સવાર છે અને હાથમાં તલવાર હલાવતો જાય છે. હું તેને જોઈને ડરૂં છું.'' હઝરતે ફરમાવ્યું,

''તારૂં સ્વપ્ન એ વાતની દલીલ છે કે તું કોઈને દગો આપીને પોતાનું કામ કઢાવવા પ્રયત્નો કરતો હોઈશ. ખુદાથી ડર અને મૌતને યાદ કર અને આ કામથી દૂર રહે.'' તે માણસે કહ્યું,

''હું સાક્ષી આપું છું કે, ખુદાએ આપ હઝરતને ખૂ જ ઈલ્મ આપ્યું છે. આપે ઈલ્મને ઈલ્મની ખાણમાંથી પ્રાપ્ત કર્યું છે. મારા પાડોશીઓમાંથી એક માણસ મારી પાસે આવ્યો હતો. તેણે ઈચ્છા કરી હતી કે તે તેનું અનાજ મને વેચવા ચાહે છે. મેં જોયું કે તેના અનાજને મારા સિવાય બીજો કોઈ ખરીદનાર નથી. તેથી મારા દિલમાં વિચાર આવ્યો અને મેં બદ ઈરાદો પણ કરી લીધો કે જરૂર હું તેની કિંમત ઘટાડીને બને ત્યાં સુધી સસ્તું ખરીદીશ.''



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૭૨
# ઊંઘવા-જાગવાના આદાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

**"ત્રણ કામો સિવાય રાતના જાગવું ઠીક નથી."**

(૧) નમાઝે શબ,

(૨) કુરઆનખાની અને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે,

(૩) એ દુલ્હનના માટે જે લગ્ન કરી પહેલીવાર પોતાના પતિના ઘેર આવી હોય.

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**પાંચ માણસોને ઊંઘ નથી આવતી.**

(૧) કોઈને કતલ કરવાનો ઈરાદો રાખતો હોય,

(૨) જેની પાસે માલ વધારે હોય. માલ લૂંટાઈ જવાનો ભય હોય યા અન્ય કોઈના પર ભરોસો ન હોય,

(૩) જેણે લોકોને જૂઠી વાતો કરી હોય અને જૂઠા આરોપો લગાવ્યા હોય,

(૪) જેના લેણદાર વધારે હોય અને ચૂકવવા માટે કોઈ રકમ ન હોય,

(૫) જે માણસ કોઈના પ્રેમમાં ડૂબેલો હોય અને એ વાતનો ડર હોય કે કયાંક મારાથી જૂદો ન થઈ જાય.

મારા પિતા જેમની પર ખુદાની રહેમત થાય ફરમાવતા હતા કે,

"આ હદીસ વધુ પડતા બેદરકાર હોય તેમને ચેતવણી રૂપે કહેવામાં આવી હોય. કેમ કે દરેક માણસ માટે જરૂરી છે કે



https://downloadshiabooks.com/

પોતાના નફસની ખ્વાહિશોને નાબૂદ કરવા ચિંતિત રહે. આ પાંચ જાગવાના કારણો સામે હોય પછી ઊંઘ કેવી રીતે આવે?''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મને તે માણસથી નવાઈ લાગે છે કે ખુદાની મોહબ્બતનો દાવો કરે છે અને રાત્રે નિરાંતે ઊંઘે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ ખુદાના અઝાબથી ડરતો હોય તેના માટે યોગ્ય નથી કે સૂએ. ચાર વસ્તુઓ એવી છે કે જે થોડી હોય તો પણ ઘણી છે.''

(૧) આગ,

(૨) ઊંઘ,

(૩) બીમારી,

(૪) દુશ્મની.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''હઝરત સુલેમાન પયગમ્બરની માનવંત માતા તેઓને વારંવાર કહેતી કે રાત્રે વધુ પડતા ન સૂઓ. કેમ કે રાત્રે વધુ સૂવાવાળો માણસ કયામતના દિવસે ફકીર હશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**ખુદા ત્રણ કાર્યોને દુશ્મન ગણે છે.**

(૧) જરૂરત વિના ઊંઘવુ,

(૨) કારણ વગર હસવું,

(૩) ભર પેટે કંઈક ખાવું.

ઈમામ અ. ફરમાવે છે કે,

**લોકોએ ખુદાની પહેલી જે નાફરમાનીઓ કરી તે આ છ બાબતો છે.**



https://downloadshiabooks.com/

(૧) દુનિયાથી મોહબ્બત,
(૨) સત્તાની લાલસા,
(૩) સ્ત્રીઓથી મોહબ્બત,
(૪) પકવાન સાથે લગાવ,
(૫) અતિશય ઊંઘથી મોહબ્બત,
(૬) વૈભવ (અય્યાશી).

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

**નશો ચાર પ્રકારનો હોય છે.**

(૧) દારૂનો નશો,
(૨) દોલતનો નશો,
(૩) ઊંઘનો નશો,
(૪) સત્તાનો નશો.

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

હઝરત મુસા અ. ખુદાને સવાલ કર્યો કે,

"હે પરવરદિગાર! તું તારા બંદાઓમાંથી કોને સૌથી વધારે દુશ્મન સમજે છે? જવાબ મળ્યો કે, જે માણસ સાંજથી સવાર સુધી મુરદાની જેમ પડ્યો રહે અને આખો દિવસ ગપાટા મારવામાં પસાર કરે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"ખુદાને બે કાર્યો સૌથી વધારે નાપસંદ છે."

(૧) અતિશય ઊંઘ,
(૨) વધારે પડતું બેકાર રહેવું.

"વધારે સૂવાથી દુનિયા અને આખેરતનો લાભ પહોંચતો નથી. યાદ રાખો કે, જે રાતોમાં જાગવાથી ઈબાદતનો સવાબ



https://downloadshiabooks.com/

મળે છે તે રાતો સિવાય અન્ય રાતોમાં આખી રાત જાગવું મકરૂહ છે.''

હજરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ તડકામાં બેઠો હોય તેણે સૂર્યની તરફ પીઠ કરવી જોઈએ. કારણ કે સૂર્યની તરફ મોંઢુ કરીને બેસવાથી ઘણી આંતરિક બીમારીઓ થાય છે.''

એક અન્ય હદીસમાં છે કે,

''સૂર્યની તરફ મોં ન કરો. તેનાથી તાવ આવે છે, ચહેરાનો રંગ બદલાઈ જાય છે, કપડાં જૂના થઈ જાય છે અને આંતરિક બીમારીઓ પેદા થાય છે.''

## પ્રકરણ-૭૩
## કુદરતી હાજત (શૌચ)

''કુદરતી હાજત (જાજરૂ) જતી વેળાએ માથું ઢાંકી દેવું જોઈએ. અગર અમામા (પાઘડી) યા ટોપી પહેરી હોય તો તેના પર કપડું લપેટી દે તો વધારે સારૂં.''

સુન્નત છે કે,

''પેશાબ-પાયખાના બાદ તહારત (સફાઈ) ઠંડા પાણીથી કરે. કેમ કે તેનાથી મસા દૂર થાય છે. સંડાસમાં વધારે સમય બેસવું મકરૂહ છે.''

હઝરત લુકમાન અ. પોતાના બેટાને જણાવી દીધું હતું કે,



https://downloadshiabooks.com/

''સંડાસના દરવાજા પર લખી દો કે સંડાસમાં વધુ સમય બેસવાથી મસાની બીમારી થાય છે.''

''હાડકા અને છાણાથી પેશાબ-પાયખાનાની જગ્યાને સાફ કરવી મકરૂહ છે. કેમ કે જીન્નતોએ હઝરત રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ પોતાના અને પોતાના જાનવરો માટે ખોરાકની માગણી કરી હતી. હઝરત સ. મે હાડકા તેમના માટે અને ગોબર તેમના જાનવરો માટે નક્કી કરવામાં આવ્યું. આ જ કારણે હાડકાઓને ચૂસવી સારૂં નથી. આ જ રીતે ખાવાની દરેક વસ્તુંથી નાપાકીને સાફ કરવી સખત મકરૂહ છે. જમણા હાથ વડે નાપાકીને સાફ કરવી મકરૂહ છે. સંડાસમાં દાતણ કરવાની મનાઈ છે. તેનાથી મોંઢામાં દુર્ગંધ પેદા થાય છે.''

''જાજરૂં કરતી વેળાએ સંડાસમાં જરૂરત વિના બોલવું મકરૂહ છે. અગર કોઈ બોલશે તો તેની હાજત પૂરી થશે નહિ. કુદરતી હાજત કરતી વેળાએ ખાવું-પીવું મકરૂહ છે. તથા ગંધાતા પાણીથી પાકી કરવી જેમાં કોઈ નજાસત મળેલી ન હોવા છતાં દુર્ગંધ મારતું હોય મકરૂહ છે. અગર તેના સિવાય કોઈ પાણી ન મળી શકે તેમ હોય તો મજબૂરીની હાલતમાં જાએઝ છે.''

વાજીબ છે કે,

''કુદરતી હાજત વેળાએ પોતાના શરીરને તમામ લોકોથી છૂપાવે. પોતાના પતિ યા પત્નીથી છૂપાવવું જરૂર નથી. એ જરૂરી છે કે ચાહે કોઈ મકાનમાં હોય યા ગલીમાં પોતાના સંપૂર્ણ શરીરને અન્યોથી છૂપાવે. અગર રણ, જંગલ, ખેતર યા ખૂલ્લા મેદાનમાં કુદરતી હાજતે જવાનું થાય તો એટલો દૂર જાય કે કોઈ તેના શરીરને જોઈ ન શકે. ચાહે જંગલમાં હોય યા ઘરમાં પેશાબ-પાયખાનાની હાલતમાં કિબ્લા તરફ મોંઢું કરવું હરામ છે.''



https://downloadshiabooks.com/

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''ભૂલથી કિબ્લાની તરફ મોં કરી પેશાબ કરવાનું ચાલું કરી દે તો યાદ આવતાની સાથે જ કિબ્લાના મરતબાને ધ્યાનમાં લઈ તરત જ બીજી દિશામાં મોં ફેરવી લે તો ત્યાંથી ઊભો થાય તે પહેલાં ખુદાતઆલા તેને બક્ષી દેશે.''

સુન્નત છે કે,

''પેશાબ કરવા માટે કોઈ ઊંચી જગા યા નરમ માટી વાળી જગ્યા પસંદ કરે. જેથી પેશાબના છાંટા ઉડવાનો ભય ન રહે.''

ઘણી હદીસોમાં છે કે,

''કબરમાં સૌથી વધારે તકલીફ એ લોકોને પહોંચશે જે પેશાબ વિષે બેધ્યાન રહે અને તેમનો વર્તાવ સારો ન હોય.''

''પાણીમાં પેશાબ કરવો મકરૂહ છે. શાંત યા બંધિયાર પાણીમાં પેશાબ કરવો એ બહુ જ ખરાબ વર્તન છે. શાંત પાણીમાં પેશાબ કરવાથી જીન્નાત અને શયતાન કબજો કરે છે. પાગલપણું અને ભૂલકણો સ્વભાવ બને છે.''

બહેતર એ છે કે,

''પાણીમાં જાજરૂં ન કરે. ઊભા ઊભા પેશાબ-પાયખાનું કરવું મકરૂહ છે. ન કરવું જોઈએ.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ઊભા ઊભા પેશાબ કરવાથી પાગલ થવાનો ભય રહે છે. ઘણી ઊંચી જગ્યાએથી નીચેની તરફ પેશાબ કરવો, જાનવરોના દરમાં પેશાબ કરવો, પાણી વહેવાની જગ્યામાં પેશાબ-પાયખાનું કરવું, રસ્તામાં યા રસ્તાના કિનારે, મસ્જીદોમાંયા તેની દિવાલો પર યા એવી જગ્યા પર જયાં લોકોનો ગાળો દેવાનો ડર હોય ત્યાં પેશાબ કરવો મકરૂહ છે.''



https://downloadshiabooks.com/

"ફળવાળા ઝાડની નીચે પેશાબ-પાયખાનું કરવું એટલા માટે મકરૂહ છે કે ફળોની ઋતુંમાં ફળોને જાનવરોના નુકશાનથી સલામત રાખવા માટે યરિશતા નક્કી કરેલા હોય છે."

"આ જ રીતે જયાં લોકોની અવર જવર હોય, લોકોનો ઉતારો હોય, યા જયાં લોકોને પેશાબની વાસથી તકલીફ પડતી હોય, ત્યાં પેશાબ-પાયખાનું ન કરવું જોઈએ."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસ કાફલાના ઉતરવાની જગ્યાએ જાજરૂં કરતો હોય તેના પર ખુદા લાનત કરે છે. જે માણસ સાર્વજનિક કૂવાઓ, વારિગૃહો યા પરબો પરથી કોઈને પાણી ભરતાં રોકે યા કોઈની માલીકીની પાણીની ટાંકીઓ/નળ પરથી લોકો વારાફરતી ભરતા હોય અને કોઈનો વારો આવે, અગર તેને પાણી ભરતાં કોઈ રોકે તો રોકનાર પર ખુદા લાનત મોકલે છે. આ જ રીતે જાહેર રસ્તા પર કોઈ દિવાલ ઊભી કરીને રસ્તો બંધ કરી દે તેના પર ખુદા લાનત કરે છે."

**"જે માણસ**
**બદલો લેવાની શક્તિ ધરાવતો હોવા છતાં**
**પોતાના ગુસ્સાને પી જાય તો**
**ખુદા તઆલા કયામતના દિવસે તેના દિલને**
**ઈમાનથી ભરી દેશે, મહેશરના ડરથી મુક્તિ આપશે**
**અને આખેરતમાં ઈજ્જત વધારશે."**
**ઈમામ જાફરે સાદિક અ.**



https://downloadshiabooks.com/

# વિભાગ-૯: આરોગ્ય

૭૪. બીમારીમાં સબ્ર કરવાનો સવાબ
૭૫. નશ્તર લગાવવાના આદાબ
૭૬. ઈલાજના પ્રકાર
૭૭. તાવના પ્રકાર અને તેના ઈલાજ
૭૮.દુઆઓ અને ફાયદાકારક દવાઓ
૭૯. માથાનો દુ:ખાવો, શરદી, વગેરેનો ઈલાજ
૮૦. આંખ અને ગળાની બીમારીનો ઈલાજ
૮૧. હાથ-પગ ફાટવા તથા ગડ-ગુમડનો ઈલાજ
૮૨. પેટની બીમારીઓ, ખાંસીનો ઈલાજ
૮૩. લકવો, મસા અને પેશાબની બીમારીનો ઈલાજ
૮૪. જાદુ-ટોણા, બલાઓથી બચવાની દુઆઓ
૮૫. ખાકેશીફાના ફાયદા

*–: પ્રકાશક :–*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૯ આરોગ્ય

## પ્રકરણ-૭૪

## બીમારીમાં સબ્ર કરવાનો સવાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જયારે મોમીન ઘડપણના લીધે કમજોર થઈ જાય છે તો અલ્લાહ તઆલા હુકમ આપે છે કે, જે આમાલ જવાનીમાં અને તંદુરસ્તીની હાલતમાં કરવામાં આવેલ તેને લખતા રહો. એક ફરિશ્તાને નિયુક્ત કરવામાં આવે છે જે બીમાર મોમીનના માટે તે નેકીઓ લખે જે તંદુરસ્તીની હાલતમાં કરતો હતો. તથા બીમાર કાફીરના માટે તે બુરાઈઓ લખે જે તંદુરસ્તીની હાલતમાં કરતો હતો."

હઝરત ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જે માણસ બીમારીની તકલીફ સહન નથી કરતો તે નાફરમાન થઈ જાય છે અને તેમાં ભલાઈ નથી રહેતી."

"એક રાતનો તાવ એક વર્ષની ઈબાદતના બરાબર છે. બે રાતનો તાવ એ બે વર્ષની ઈબાદતના બરાબર છે. ત્રણ રાતનો તાવ સીત્તેર વર્ષની ઈબાદતના બરાબર છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે બંદએ મોમીન ત્રણ રાત બીમાર રહે અને તેના ખબર-અંતર લેવા આવનારને કોઈ જાતની ફરિયાદ ન કરે તો હું તેના ગોશતના બદલામાં બહેતર ગોશત અને લોહીના બદલામાં બેહતર લોહી આપીશ. પછી અગર તંદુરસ્તી આપીશ તો ગુનાહોથી પાક



https://downloadshiabooks.com/

કરીશ. અગર મોત આપીશ તો જવારે રહેમતમાં તેને જગા આપીશ.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''તાવ એ મોતનો ટપાલી છે. જમીન પર અલ્લાહની જેલ છે. તેની ગરમી એ જહન્નમની ગરમીમાંથી છે. મોમીનના ભાગમાં જહન્નમની ગરમી ફક્ત આટલી જ છે.''

ઈમામ સજજાદ અ. ફરમાવે છે કે,

''તાવ એ બહુ જ સારી બીમારી છે. એટલા માટે કે તેનાથી શરીરના દરેક અવયવોને તકલીફ પહોંચે છે. જે કદી પણ કોઈ બીમારીનો ભોગ ન બને તેનામાં કોઈ નેકી બાકી રહેતી નથી.''

હદીસમાં છે કે,

''અગર મોમીનને એક રાત તાવ આવી જાય તો તેના ગુનાહ એવી રીતે ખરી જાય છે જેવી રીતે ઝાડના પાંદડા. અગર તે તાવના લીધે પથારીમાં સૂઈ જાય તો તેની આહની સાથે સુબ્હાનલ્લાહનો સવાબ મળે છે. તેની વેદનાની સાથે લાએલાહ ઈલ્લલ્લાહનો અને બેચેનીથી કરવટો બદલવામાં રાહે ખુદામાં જેહાદ કરવા જેટલો સવાબ મળે છે.''

હઝરત ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

''મોમીનની બીમારી ગુનાહોને પાક કરવાવાળી હોય છે. તેના માટે અલ્લાહની રહેમત હોય છે. જયારે કાફીરની બીમારી તેના માટે રઝાબ અને લાઅનત હોય છે. એ પણ ફરમાવ્યું કે, એક રાત માથાનો દુઃખાવો તમામ સગીરા ગુનાહોને નાશ કરી દે છે.''

હઝરત ઈમામ જાઅફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"મોટો સવાબ મોટી મુસીબતોની સાથે મળતો હોય છે. ખુદા જેને દોસ્ત રાખે છે, તેઓને બલામાં જરૂર નાખે છે."

એ પણ ફરમાવ્યું કે,

"કેટલાક ખુદાના બંદા એવા છે કે આસમાનમાંથી જે નેઅમતો તેમના માટે મોકલવામાં આવે છે તે બીજાઓને આપી દેવામાં આવે છે. તથા જે મુસીબતો બીજાઓ માટે હોય છે તે મોમીન બંદાને મળી જાય છે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મોમીન પર ચાલીસ રાતો એવી પસાર નથી થતી જેમાં તેને રંજો ગમ ના પહોંચે. તેને તકલીફ થવાથી નસીહત પ્રાપ્ત થાય છે અને ખુદા યાદ આવે છે."

એ પણ ફરમાવ્યું કે,

"જન્નતમાં એક સ્થાન એવું છે જે સ્થાન પર બીમારીમાં સપડાયા વિના કોઈ પણ બંદો પહોંચી શકતો નથી. અગર મોમીનને જાણ થઈ જાય કે તેની મુસીબતોના બદલામાં તેને કેવો કેવો સવાબ આપવામાં આવે છે, તો તે એવી મુસીબતો માટે તમન્ના કરે કે ભલે તેનું શરીર કાતરથી કાપી ટૂકડે ટૂકડા કરી દેવામાં આવે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"ખુદાવંદે આલમ મોમીનો માટે મુસીબતોની ભેટ એવી રીતે મોકલે છે જેવી રીતે સફરમાંથી કોઈ બંદો તેના સગાવહાલાઓ માટે ભેટ મોકલે છે. તથા તેને દુનિયાથી એવી રીતે પરહેઝ કરવાનો હુકમ આપે છે કે જેવી રીતે બીમાર માણસને ખાવા-પીવાની ચીજ વસ્તુંઓની પરહેઝ કરવા માટે તાકીદ કરવામાં આવે છે જેનાથી તેને નુકશાન ન થાય."



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"એક માણસે હઝરત રસુલેખુદા સ.ને દાવત આપીને પોતાના ઘેર બોલાવ્યા. હઝરત રસુલેખુદા સ. તેના ઘેર પહોંચ્યા તો જોયું કે, તેની મુરઘીએ દિવાલ પર બેસીને ઈંડું મુક્યું. ત્યાંથી ઈંડું સરકીને દિવાલમાં લાગેલી એક ખૂંટી પર અટકી ગયું. ન તો નીચે પડ્યું, ન તો ફૂટ્યું." આપ સ.મે નવાઈ પામ્યા. તો તેણે કહ્યું કે,

"આપ તેનાથી શું નવાઈ પામો છો? હું એ ખુદાની કસમ ખાઈને કહું છું જેણે આપને હક પર નબી બનાવીને મોકલ્યો કે આજ દિન સુધી મારૂં કોઈ નુકશાન થયું નથી." આ સાંભળી હઝરત સ. ઊભા થઈ ગયા અને તેનું ખાણું પણ ન ખાધું તથા ફરમાવ્યું કે,

"જેનું કોઈ નુકશાન નથી થયું તેનાથી નેક નેકીની કોઈ ઉમ્મીદ નથી."

ઈમામ અ. ફરમાવ્યું કે,

"ખુદા મોમીનને દરેક બલાઓમાં સપડાવે છે અને દરેક પ્રકારની મોતથી તેને મારે છે. પરંતું તેની અક્કલ કદી નષ્ટ નથી કરતો. શું તમને ખબર નથી કે હઝરત અય્યુબ અ.નો માલ અને કુટુંબ કબીલાવાળાઓને શયતાને નુકશાન પહોંચાડ્યું પરંતું તેમની અક્કલો પર કાબૂ ન મેળવ્યો. આ માત્ર એટલા માટે થાય છે કે, મોમીન બંદો તેની અક્કલના મારફતે ખુદાની વહદાનિયતની માઅરેફત પ્રાપ્ત કરે."

અલ્લાહતઆલા ફરમાવે છે કે,

"અગર તકલીફના લીધે મોમીનના દિલમાં જરાપણ ફરિયાદ ન હોતી તો કાફિરોનું તો કયારેય માથું પણ ના દુઃખતું."



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૭૫
## નશ્તર લગાવવાના આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

રવીવારના દિવસે નશ્તર મરાવવું દરેક બીમારી માટે ફાયદાકારક છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''નશ્તર લગાવવાથી શરીર તંદુરસ્ત રહે છે. અક્કલ મજબૂત બને છે. અગર બુધના દિવસે નશ્તર ન લગાવો. તે દિવસ બદ છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''વધારે તંદુરસ્તી બે વસ્તુંઓમાં છે. નશ્તર લગાવવામાં અને મધ ખાવામાં છે. નશ્તર લગાવવાની આદત બહુ જ સારી આદત છે. આંખોની રોશની વધે છે અને બીમારી દૂર થઈ જાય છે.''

એ પણ ફરમાવ્યું કે,

''માથામાં નશ્તર લગાવવું મૌતના સિવાય તમામ બીમારીઓનો ઈલાજ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જયારે નશ્તર લગાવવા ચાહે તો **'આયતુલ કુરસી'** પઢી લે. માથામાં નશ્તર લગાવવાથી પાગલપણું, સફેદ કોઢ, રક્તપિત્ત અને દાંતોના માટે ફાયદાકારક છે. આંખોમાં ઝાંખપ,



https://downloadshiabooks.com/

માથાના દુઃખાવો અને અતિશય ઊંઘના માટે પણ ફાયદામંદ છે.''

એ પણ ફરમાવ્યું કે,

''જયારે બાળક એક મહિનાનું થઈ જાય તો દર મહિને તેની ગુદ્દી (ગરદનના પાછળના ભાગ)માં નશ્તર લગાવો. તેનાથી વધારાનું પ્રવાહી સૂકાઈ જાય છે અને માથા અને શરીરમાંની વધારાની ગરમી નીકળી જાય છે.''

એક માણસે ઈમામ જાફરે સાદિક અ.ને કાળજા(યકૃત)ની ફરિયાદ કરી. આપે અ. મે ફરમાવ્યું,

''પગની શીરા ખોલાવી દો. (શિરાવધ કરાવી દો.)''

એક માણસે ખુજલીની શિકાયત કરી. આપે ફરમાવ્યું,

''ત્રણ વખત બંને પગોમાં પગની પાની અને પગની ઘુંટી વચ્ચે નશ્તર લગાવો.''

## પ્રકરણ-૭૬
## ઈલાજના પ્રકાર

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જેટલા પ્રકારના ઈલાજ કરવામાં આવે છે તેમાં સૌથી સારા આ ચાર ઈલાજ છે.''

(૧) એનીમા લેવો,

(૨) નાકમાં દવા નાખવી,

(૩) નશ્તર કરાવવું,



https://downloadshiabooks.com/

(૪) હમામમાં જવું. (અરબ દેશોમાં ખાસ પ્રકારના હમામ હોય છે તેમાં શરીરની માલીશ વગેરે કરવામાં આવે છે.)

ફિકહુર રિઝામાં છે કે,

"ફાકા (ભૂખ્યા રહેવું) તમામ ઈલાજોનો નીચોડ છે. હોજરી તમામ બીમારીઓનું ઘર છે. શરીરને એ વસ્તુંઓ આપો જેનું તેને આદી કરી દેવામાં આવ્યું હોય. એ પણ ફરમાવ્યું કે, જયાં સુધી શરીર બીમારીને સહન કરી શકે ત્યાં સુધી દવાથી બચો."

વધુંમાં ફરમાવ્યું,

"જયારે ભૂખ લાગે, ખાવા ખાઈ લો. જયારે તરસ લાગે, પાણી પી લો. જયારે પેશાબ લાગે, પેશાબ કરી લો. જરૂર ન હોય ત્યાં સુધી સહશયન(સમાગમ) ન કરો. જયારે ઊંઘ લાગે, ઊંઘી જાઓ. જયાં સુધી આ નસીહતો પર અમલ કરતા રહેશો, તંદુરસ્તી સારી રહેશે."

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

"અલ્લાહ તઆલા જયાં સુધી બીમારીનો નક્કી સમય પૂરો થતો નથી ત્યાં સુધી દવાની અસર કરવાથી રોકી દે છે. જયારે સમય પૂરો થઈ જાય છે, દવાને અસર કરવાની પરવાનગી મળી જાય છે. તે જ દવાથી તેને આરામ મળી જાય છે કે આ નક્કી કરેલ સમયમાં દુઆ, ખેરાત અને નેક કામોના લીધે અલ્લાહ તઆલા બીમારીમાં કમી કરી દે છે. દવાને અસર કરવા માટે પરવાનગી આપવામાં આવે છે."

ફરમાવ્યું કે,

"મધમાં દરેક બીમારી માટે શિફા(રોગ નિવારણ) છે. જે માણસ દરરોજ નરણા કોઠે એક આંગળી ભરીને મધ ચાટી લે તો કફ પણ દૂર થઈ જાય છે, પાગલપણું જતું રહે છે, દિમાગ પણ



https://downloadshiabooks.com/

સાફ થઈ જશે અને યાદદાશ્ત પણ વધી જશે. અગર કુન્દુર (સાલેડી નામના ઝાડનો ગુંદર જે ખાસ દવાના કામમાં વપરાય છે.) સાથે મધ ખાઈને ઠંડું પાણી પીવામાં આવે તો ગરમીમાં આરામ મળે છે, પિત્તનું શમન થાય છે, ખાવા હજમ થવા લાગશે.''

ફરમાવ્યું કે,

''શરીરને તંદુરસ્ત બનાવવાના ઉપાય આ મુજબ છે.''

(૧) માલીશ કરવી,

(૨) મુલાયમ કપડા પહેરવા,

(૩) ખુશ્બુ લગાવવી,

(૪) હમામ જવું (ગુસ્લ કરવું).

''આમાં માલીશ એવી વસ્તું છે કે અગર મુરદાર પણ જીવતો થઈ જાય તો એમાં કોઈ નવાઈ નથી.''

''સદકો આસમાની બલાઓને દૂર કરે છે. જેવી રીતે બીમારીને દુઆ પાછી ફેરવી દે છે તે રીતે સદકો મૃત્યુંને પાછું ધકેલી દે છે.''

''પરહેઝ અને ફાકાની મર્યાદા ૧૪ દિવસની છે. પરહેઝનો મતલબ એવો નથી કે કંઈ પણ ન ખાવામાં આવે. પરહેઝનો મતલબ છે થોડું થોડું ખાવામાં આવે.''

''બીમારી અને તંદુરસ્તી માણસના શરીરમાં એવી રીતે છે જેવી રીતે બે દુશ્મનો એક બીજાના કતલ માટે તૈયાર હોય છે. તંદુરસ્તી પ્રભુત્વ મેળવે છે તો બીમારી હોશમાં આવી જાય છે. તેના લીધે ભૂખ લાગે છે, તેથી બહેતર છે કે બીમાર માણસ ખાવા માગે તો આપી દો. કદાચ તેના માટે તેમાં શીફા હોય.''



https://downloadshiabooks.com/

''કુરઆનમજીદમાં દરેક બીમારી માટે શીફા છે. બહેતશ છે બીમારોનો ઈલાજ સદકાથી કરો અને શીફા માટે કુરઆનમજીદ પઢો. કેમ કે જે માણસને કુરઆનમજીદથી શીફા ન થઈ તેને બીજી કોઈ વસ્તુંથી શીફા થઈ શકતી નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મોટા ભાગે દુઃખાવો અને બીમારીઓ પિત્તના વધવાથી, ખૂનના બળી જવાથી અને કફ વધી જવાથી થાય છે. માણસ માટે જરૂરી છે કે પોતાની તંદુરસ્તી અને સલામતી માટે કોશીશ કરે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પોતાના બીમારોનો ઈલાજ સદકાથી કરો કે સદકો મોટી મોટી બલાઓને ટાળી દે છે. વધારે સદકો આપનાર ઝિલ્લત (અપમાનિત), રૂસ્વાઈ અને ખરાબ મોતથી નથી મરતો.''

એક માણસ ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં વિનંતી કરી કે,

''મારા બાલ-બચ્ચાઓ સાથે અમે ૧૦ જણ છીએ અને બધે બધા જ બીમાર છીએ.'' આપે ફરમાવ્યું,

''સૌથી શ્રેષ્ઠ ઈલાજ સદકો છે. કેમ કે સદકાથી બહેતર કોઈ વસ્તું જલદી ફાયદો નથી કરતી.''

એક વૃધ્ધે ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ વિનંતિ કરી કે,

''મને એક બીમારી છે અને ડોકટરો, વૈદ્યો તેના માટે શરાબ (દારૂ)ની ભલામણ કરી છે. હું પીવું પણ છું.'' હઝરતે ફરમાવ્યું,

''તું શરાબના બદલે પાણીનો ઉપયોગ કેમ નથી કરતો?'' જેના વિષે અલ્લાહ તઆલાએ ફરમાવે છે કે,

''અમે દરેક વસ્તુંને પાણીથી જીવતા કર્યા.'' તેણે કહ્યું,



https://downloadshiabooks.com/

''મને માફક નથી આવતું. હઝરતે ફરમાવ્યું,

''મધ કેમ નથી ખાતો? જેમાં ખુદાએ તમામ લોકો માટે શીફા આપેલ છે. વૃધ્ધે કહ્યું,

''ઉપ્લબ્ધ નથી.'' હઝરતે ફરમાવ્યું,

''દૂધ કેમ નથી પીતો? જેમાં તારા ગોશ્ત પોસ્ત (દરેક અવયવો) મજબૂત થાય છે.'' તેણે કહ્યું,

''મારી તબીયતને માફક નથી આવતું. હઝરતે ફરમાવ્યું,

''તું એ ઈચ્છે છે કે હું તને શરાબ પીવાની રજા આપી દઉં? ખુદાની કસમ એવું કયારેય નહિ બને.''

આપ સ.મે ફરમાવ્યું,

''બીમાર માણસે હરવું ફરવું ન જોઈએ. કે તેનાથી બીમારી વધારાની સાથે પાછી આવે છે.''

કોઈ માણસે ઈમામ જાફરે સાદિક અ.ને વિનંતી કરી કે,

''ઈલાજ કરવાવાળા અમારા દર્દીઓને પરહેઝ કરવાનું કહે છે.'' હઝરતે ફરમાવ્યું,

''અમો અહલેબૈત અ. ખજૂર સિવાય કોઈ વસ્તુંનો પરહેઝ નથી કરતા.''

એ પણ ફરમાવ્યું કે,

''અમો પોતાનો ઈલાજ સફરજન અને ઠંડા પાણીથી કરીએ છીએ.''

ફરી વિનંતી કરી કે,

''ખજૂરથી પરહેઝ કેમ કરવામાં આવે છે?'' હઝરતે ફરમાવ્યું,

''હઝરત રસુલેખુદા સ.મે જનાબ અમીર અ.ને બીમારીની હાલતમાં ખજૂરથી પરહેઝ કરવાનો હુકમ આપ્યો હતો.''



https://downloadshiabooks.com/

લોકોએ ઈમામ અ.ને પૂછ્યું,

"બીમાર માણસે કેટલા દિવસ પરહેઝ કરવી જરૂરી છે?" હઝરતે જવાબમાં ફરમાવ્યું,

"દસ દિવસ. બીજી એક રિવાયતમાં ૧૧ દિવસ છે. એક અન્ય હદીસમાં છે કે ૭ દિવસ વધારે પરહેઝીથી કોઈ ફાયદો નથી."

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"પરહેઝ એને નથી કહેવામાં આવતું કે તે વસ્તું બિલકુલ ન ખાઓ, પરંતું ખાઓ પણ ઓછું ખાઓ."

હઝરત મુસા ઈબ્ને ઈમરાન અ. બારગાહે ખુદાવંદીમાં વિનંતી કરી કે,

"પરવરદિગાર! બીમારી અને તંદુરસ્તી કોના હાથમાં છે? વહી થઈ કે મારા હાથમાં છે." ફરી વિનંતી કરી,

"તો પછી હકીમો શું કરે છે?" ફરમાવ્યું,

"લોકોના દિલ ખુશ કરી દે છે."

ઈમામ મુસા કાઝીમ અ.ને એક માણસે પૂછ્યું કે,

"મારી બીમારીનો ઈલાજ હું એક ઈસાઈ તબીબ પાસે કરાવું છું. તેને સલામ પણ કરવી પડે છે અને દુઓઅ પણ આપવી પડે છે." હઝરતે ફરમાવ્યું,

"કોઈ ફરક નથી પડતો. તારી દુઆ અને સલામ તેને કોઈ ફાયદો નહી પહોંચાડી શકે."

એ પણ ફરમાવ્યું કે,

"જયાં સુધી શક્ય હોય દાકતરો અને હકિમો પાસે ઈલાજ માટે ન જાઓ. કેમ કે ઈલાજની આદત એ ઈમારતના બોંધકામ જેવી છે. તે થોડી થોડી કરીને ઘણી થઈ જાય છે."



https://downloadshiabooks.com/

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જયાં સુધી બીમારી તંદુરસ્તી પર કાબૂ ન મેળવે, કોઈ મુસલમાનના માટે દવા કરવી યોગ્ય નથી.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ. ને પૂછ્યું,

''શું યહુદી અને ઈસાઈ દાકતરો પાસે ઈલાજ કરાવી શકાય છે?'' ફરમાવ્યું,

''તેમાં કોઈ હરજ નથી. શીફા તો ખુદાના હાથમાં છે.''

એક અન્ય સવાલ કર્યો કે,

''માણસ દવા પીવે છે તો કયારેક તે મરી જાય છે અને કયારેક તેને ઠીક થઈ જાય છે. તેનું શું કારણ?'' ફરમાવ્યું,

''અલ્લાહ તઆલાએ દવા બનાવી છે અને શીફા પણ તેના હાથમાં છે. એવી કોઈ બીમારી તેણે પેદા નથી કરી જેની કોઈ દવા ન હોય. બહેતર છે કે દવા પીતી વખતે અલ્લાહનું નામ લેવામાં આવે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''પયગમ્બરોમાંથી એક પયગમ્બર બીમાર થઈ ગયા. તેમણે કહ્યું, હું દવા કરાવીશ નહિ. જેણે મને બીમાર કર્યો છે તે મને તંદુરસ્ત પણ કરશે. અલ્લાહતઆલાએ વહી મોકલી કે જયાં સુધી તમે ઈલાજ નહિ કરાવો, હું શીફા નહિ આપું.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''કોઈ દવા એવી નથી કે જે શરીરમાં કોઈ ને કોઈ બીમારી પેદા ન કરી દે. તેથી જયાં સુધી મજબૂરી ન હોય ત્યાં સુધી શરીરની વ્યવસ્થામાં કોઈ દખલગીરી ન કરે તે વધારે ફાયદાકારક છે.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૭૭
# તાવના પ્રકાર અને તેના ઈલાજ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"તાવ એ જહન્નમનો તાવ છે. તેની ગરમીને ઠંડા પાણીથી ઠંડી કરો. એ પણ ફરમાવ્યું કે, તાવથી બચવા માટે દુઆ અને ઠંડા પાણીથી વધારે કોઈ વસ્તું ફાયદાકારક નથી."

મુફઝઝલ બયાન કરે છે કે,

"ગરમીની મોસમમાં હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. મેં જોયું, હઝરતને તાવ છે અને તેમની સામે સફરજનની એક ટોકરી ભરીને પડેલી હતી." મેં વિનંતી કરી કે,

"મૌલા! લોકો સફરજનને તાવ માટે સારા નથી સમજતા." આપે ફરમાવ્યું,

"ના, આ તો તાવને દૂર કરે છે અને ગરમીને ઓછી કરે છે."

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"શરીરમાં ખુજલી આવવી, ઊંઘ વધારે આવવી, માથું દુઃખવું, ગડ-ગુમડ થવા એ વધારે લોહીની નિશાની છે."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"તાવની ગરમીને બનફશાથી અને ગરમીની ઋતુંમાં ઠંડું પાણી શરીર પર રેડીને ખતમ કરો. એ પણ ફરમાવ્યું કે, અમો અહલેબૈત અ.નો ઝીક્ર એ તાવ અને દરેક પ્રકારની બીમારીની શીફા તથા શયતાની વસવસાથી છૂટકારાનું કારણ છે. વરસાદનું



https://downloadshiabooks.com/

પાણી પીઓ તે પેટને સાફ કરી દે છે અને દરેક બીમારીને દૂર કરી દે છે.''

ઈમામ જાફરે સાદિક અ.મે કોઈ માણસને પૂછ્યું કે,

''તમે પોતાની બીમારીઓનો ઈલાજ કઈ કઈ વસ્તુંઓથી કરો છો?'' તેણે કહ્યું કે,

''કડવી કડવી દવાઓ પીવરાવીએ છીએ. હઝરતે ફરમાવ્યું,

''જયારે કોઈ બીમાર પડે તો ચીની(ખાંડ) પાણીમાં ઓગાળીને પીવરાવો. જે ખુદા કડવી દવામાં શીફા આપે છે તે મીઠી વસ્તુંથીયે શીફા આપી દે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''તાવનો ઈલાજ ત્રણ વસ્તુંઓથી કરવો જોઈએ.''

(૧) ઉલટી,

(૨) પરસેવો,

(૩) જુલાબ.

ઈબ્રાહીમ જઅફીથી નકલ છે કે,

હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ ચોથીયા તાવની શિકાયત કરી. હઝરતે ફરમાવ્યું,

''મીસરી યા ચીની (સાકર યા ખાંડ) પસીને પાણીમાં ઓગાળી લો. નરણા કોઠે જયારે તરસ લાગે તેમાંથી પીતા રહો. મેં ઈમામના બતાવ્યા મુજબ કર્યું તો બહુ જ જલદી આરામ થઈ ગયો.''

ઈમામ મુસા કાઝીમ અ. ત્રણ દિવસ જુના તાવ માટે ઈલાજ બતાવતાં કહ્યું,

''કલુંજીને મધમાં મેળવીને ત્રણ આંગળીથી ચાટી લો. કેમ કે આ બંને વસ્તું ફાયદાકારક છે. મધ માટે અલ્લાહતઆલા



https://downloadshiabooks.com/

ફરમાવે છે કે, મધ લોકો માટે શીફા છે. કલુંજી માટે પયગમ્બરે ઈસ્લામ સ. ફરમાવે છે કે, તેમાં મોત સિવાય દરેક બીમારી માટે શીફા છે.''

કેટલીયે ભરોસાપાત્ર હદીસોમાં ઘણીવાર આવેલ છે કે,

''કોઈ બીમાર યા દર્દી એવો નથી જેના પર **'૭૦ વખત સુરએ અલ્હમ્દ'** પઢવામાં આવે અને તેને આરામ ન પહોંચે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે,

''મને એક મહિનાથી તાવ છે. દાકતરો અને હકિમોએ જે જે ઈલાજ બતાવો તે મેં કર્યો. પરંતું તાવથી આરામ નથી મળ્યો.'' હઝરતે ફરમાવ્યું,

''પહેરણના બટન ખોલી માથું પહેરણમાં નાખી **'અઝાન-એકામહ'** કહીને સાત વખત **'સુરએ અલ્હમ્દ'** પઢો. તે માણસ બયાન કરે છે કે મેં આ અમલ કરવાના સાથે જ તાવ એવો જતો રહ્યો કે જેવી રીતે કે હું કેદમાંથી છૂટ્યો.''

ઈમામ જાફરે સાદિક અ.નો પોતાનો એક બેટો બીમાર થઈ ગયો. આપ અ.મે હુકમ આપ્યો કે,

''દસ વખત **'યા અલ્લાહો યા અલ્લાહ'** કહો. કેમ કે કોઈ મોમીન બંદો એવો નથી કે તે દસ વખત અલ્લાહને પૂકારે અને અલ્લાહ લબ્બૈક કહીને તેને જવાબ ન આપે. તેનો મતલબ એ છે કે અય બંદા! હું તારી દુઆ સાંભળવા તૈયાર છું. તે વખતે પોતાની હાજત માંગો.''

ઈમામ અ.નું એક અન્ય ફરમાન છે કે,

''અગર કોઈ માણસને કોઈ બીમારી હોય તો સાત વખત **'સુરએ અલ્હમ્દ'** પઢે તો અરામ થઈ જશે. અગર આરામ ન



https://downloadshiabooks.com/

થાય તો સીત્તેર વખત **'સુરએ અલ્હમ્દ'** પઢે. હું જામીન છું કે આ વખતે તેને જરૂર આરામ થઈ જશે.''

એક માણસ ઈમામ અ.ને ફરિયાદ કરી કે,

''મને ઘણા દિવસથી તાવ આવે છે.કોઈ રીતે આરામ થતો નથી.'' હઝરતે ફરમાવ્યું,

''એક વાસણમાં **'આયતુલ કુરસી'** લખીને તેને ધોઈને પી જા.

ઈમામ જાફરે સાદિક અ.નો કોઈ એક બેટો બીમાર થઈ ગયો. હઝરતે ફરમાવ્યું આ દુઆ પઢો,

**'અલ્લાહુમ્મશ્ ફેની બે શીફાએક દવા દીની બે દવાએક વ આફેની મીન લ લાએક ફ ઈન્ની અબ્દોક વબન અબ્દેક.'**

(યા અલ્લાહ! તું મને પોતાની શીફાથી આરામ અને પોતાની દવાથી મારો ઈલાજ કર તથા મુસીબતથી મને નજાત અતા કરી દે. હું તારો બંદો અને તારા બંદાનો બેટો છું.)

ચોથીયા તાવના માટે ફરમાવેલ છે કે,

''આ આયતને લખીને તેના બાવડા યા ગળામાં બાંધો.

**'યા નારો કુની બરદંવ વ સલામન્ અલા ઈબ્રાહીમ.'**

(આગ! ઈબ્રાહીમ અ. માટે ઠંડી થઈ જા, તે બધી જ રીતે સહી સલામત રહે.)

## પ્રકરણ-૭૮

# દુઆઓ અને ફાયદાકારક દવાઓ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''અગર કોઈ માણસને કોઈ પણ પ્રકારનો દુ:ખાવો હોય તો તેણે દર્દની જગ્યાએ પોતાનો જમણો હાથ રાખીને ત્રણ વખત આ દુઆ પઢે.''

**'અલ્લાહો અલ્લાહો રબ્બી હક્કન્ લા ઉશ્રેક બેહી શયઅન્ અલ્લાહુમ્મ અન્ત લહા વ લે કુલ્લે અઝમતીન્ ફ ફર્રીજહા અન્ની.'**

(અલ્લાહ, મારો પરવરદિગાર બરહક છે, તેનો ભાગીદાર હું કોઈ વસ્તુંને બનાવતો નથી. યા અલ્લાહ! દરેક પ્રકારની બુઝુર્ગી તારા માટે છે. આ ભાગને આરામ આપવો તારૂં જ કામ છે. આ તકલીફ મારાથી દૂર કર.)

ઈમામ અ. ફરમાવે છે કે,

''દરેક બીમારી માટે આ દુઆ પઢે.''

**'યા મુઝ્ઝેલશ્ શિફાએ વ મઝહેબદ્ દાએ અઝ્ઝીલ્ અલા માબી મીન દાએ શીફાઅ.'**

(અય શીફા કરવાવાળા! બીમારીને દૂર કરવાવાળા! મારા શરીરમાં જે બીમારી છે તેને શીફા અતા કર.)

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ દુ:ખાવો હોય તો તેણે દર્દની જગ્યાએ હાથ રાખીને ખુલુસ નિયતથી આ આયત પઢે. ચાહે કેવી પણ બીમારી હશે, ખુદાપાક તેને શીફા આપશે.''

**'વ તોનઝ્ઝેલો મેનલ્ કુરઆને મા હોવ શીફાઉંવ વરહમતન્ લીલ્ મોઅમેનીન વ લા યઝીદુઝ્ ઝાલેમીન ઈલ્લા ખસારા.'**

(અમો કુરઆનમાં એવી કેટલીક વસ્તુંઓ નાઝીલ કરેલી છે, જે મોમીનના માટે રહેમત અને ચોક્કસ શીફા છે. પરંતું ઝાલીમોની તરક્કી ફક્ત નુકશાનમાં જ કરે છે.)



https://downloadshiabooks.com/

ઈમામ અ. મે ફરમાવ્યું,

"એક દવા જનાબે જીબ્રઈલ અ. હઝરત રસુલેખુદા સ. માટે લાવ્યા હતા. તેની રીત એ છે કે, બે શેર ફોલેલું લસણ તપેલીમાં લો. બે શેર ગાયનું તાજું દૂધ તેમાં નાખો. તેને હલકી આંચમાં એટલું ગરમ કરો કે માત્ર લસણ જ રહે. પછી તેમાં બે શેર ગાયનું ઘી નાખીને એટલી વાર સુધી ગરમ કરે કે બધું જ તેમાં ઓગળી જાય. પછી સાત માશા બાબુના (એક વનસ્પતિ જેનું તેલ સાંધોના દુઃખાવામાં કામ આવે છે.) નાખીને ચમચાથી ખૂબ હલાવે. પછી તેને એક માટીના વાસણમાં કાઢી દે. તેનું મોં સજજડ બાંધી લે. પછી તેને જવના ઢગલામાં યા માટીના ઢગલામાં દાટી દે. ઉનાળામાં દાટવામાં આવે અને શિયાળામાં કાઢી દેવામાં આવે. આ દવા સવારના સમયે એક અખરોટ જેટલી ખાવાથી દરેક બીમારીમાં ફાયદો કરે છે."

ઈસ્માઈલ ઈબ્ને ફઝલ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ પેટની ખરાબી અને ખાવા હજમ ન થવાની શિકાયત કરી. હઝરતે ફરમાવ્યું,

"તું એ શરબત કેમ નથી પીતો જે અમે પીએ છીએ. તેનાથી ખાવા પણ હજમ થઈ જાય છે. પછી તેની રીત આ મુજબ બતાવી."

"સવા ત્રણ શેર મુનક્કા (મોટી સૂકાએલી દ્રાક્ષ)ને બરાબર ધોઈને એક વાસણમાં લે. તેમાં એટલું પાણી ભરે કે મુનક્કા ડૂબી જાય. અગર શિયાળો હોય તો ત્રણ રાત અને ત્રણ દિવસ અને ઉનાળો હોય તો એક રા અને એક દિવસ પાણીમાં પલાળીને રાખે. ત્યાર પછી તેને મસળીને સાફ કરી એક તપેલીમાં સ્વચ્છ પાણી લઈ તેમાં નાખી દે. પછી તેને એટલું ગરમ કરે કે બે



https://downloadshiabooks.com/

તૃતિયાંશ (ત્રણમાંથી બે ભાગ) ઓછું થઈ જાય. એટલે કે ત્રીજા ભાગનું બાકી રહે. પછી પાશેર ચોખ્ખું મધ નાખી ગરમ કરે. ત્રીજા ભાગનું રહે ત્યાં સુધી તેને ગરમ કરે. પછી ત્રણ ત્રણ માશા સૂંઠ, તજ, કેસર, લવીંગ, પાન, મુસ્તકી (પિસ્તાના ઝાડનો ગુંદ) લઈ તેને મીકક્ષરમાં પાવડર બનાવીને તેમાં નાખે. પછી કેટલીકવાર જોશ આવવા દે. પછી તપેલીને નીચે ઉતારી લે. ઠંડું થયા પછી તેને કોઈ સ્વચ્છ વાસણમાં લઈ લે. સવાર-સાંજ તેમાંથી થોડું થોડું પીએ. રાવી કહે છે, હું આ મુજબ કર્યું તો મારી બીમારી જતી રહી.''

## પ્રકરણ-૭૯
## માથાનો દુઃખાવો, શરદી વગેરેનો ઈલાજ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસનું માથું દુઃખતું હોય યા પેશાબ બંધ થઈ ગયો હોય તો દર્દની જગા પર હાથ રાખીને આ મુજબ પઢે.''

**'અસ્કન્ સકન્નતોક બિલ્ લઝી સકન લહુ મા ફિલ્ લયલે વન્ નહારે વ હો વસ્ સમીઉલ અલીમ.'**

(થોભી જા. હું રોકી લીધો તને એના નામથી જેના લીધે રાત-દિવસ અને બધી વસ્તુંઓ કાયમ છે. તે સઘળી વાતોને સાંભળનાર અને બધાની હાલતને જણવાવાળો છે.)

ફરમાવ્યું કે,

''માથાના દુઃખાવો મટે તે માટે હાથ માથા પર રાખી સાત વખત આ મુજબ પઢે.''



https://downloadshiabooks.com/

**‘અઉઝો બીલ્લાહિલ્ લઝી સકન્ લહુ માફી બર્રે વ બહ્રે વ મા ફિસ્ સમાવાતે વલ્ અર્ઝે વ હોવસ્ સમીઉલ અલીમ.’**

(હું એ અલ્લાહની પનાહ માંગુ છું જેના લીધે સૂકી અને ભીની તથા આસમાન અને જમીનની તમામ વસ્તુંઓ અસ્તિત્ત્વમાં છે. તે દરેક વાતને સાંભળે છે અને જાણે છે.)

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

‘‘મારે અવાર નવાર સફરમાં જવાનું થાય છે. મોટા ભાગે ભયંકર જગાઓ પરથી પસાર થવાનું થાય છે. મને એવી વસ્તું શીખવાડો કે મને કોઈ જ ડર ન લાગે.’’ હઝરતે ફરમાવ્યું,

‘‘જયારે તમારે એવી જગાએથી પસાર થવાનું થાય તો માથા પર હાથ રાખીને મોટા અવાજે આ મુજબ પઢો.’’

**‘અફગય્ર દીનીલ્લાહે યબ્ગુન વલહુ અસ્લમ મન ફીસ્ સમાવાતે વલ્ અર્ઝે તૌઅન્ વ કરહંવ વ ઈલૈહે તુર્જઉન.’**

(શું તમે દીને ખુદા સિવાય અન્ય કોઈ દીનને ઈચ્છો છો? જો કે આસમાન અને જમીનની તમામ વસ્તુંઓ ખુશીની સાથે યા જબરદસ્તી તેની ખુદાઈનો સ્વીકાર કરી લીધો છે અને તમારે પણ ખુદાની તરફ જ પાછું ફરવાનું છે.)

તે માણસ બયાન કરે છે કે,

‘‘હું એક વખત એવા જંગલમાં પહોંચ્યો જેમાં લોકો કહે છે જિન્નાતો બહુ જ રહે છે. મેં પણ સાંભળ્યું કે એક માણસ કહેતો હતો કે આને પકડી લો. હું ડરના લીધે ઉપરની આયત પઢવાનું શરૂં કર્યું. એટલામાં સાંભળ્યું કે, એક બીજો માણસ કહે છે આને હું કેવી રીતે પકડું? તમે સાંભળતા નથી? આ તો તે આયાતે કરીમ પઢી રહ્યો છે.’’

ઈમામ અ.ને કોઈ માણસે શિકાયત કરી કે,



https://downloadshiabooks.com/

''મારો એક જ દિકરો છે. તેને કયારેક તો જીન સતાવે છે, કયારેક ઉમ્મુસ્સુબિયાન સતાવે છે. પરિસ્થિતિ એ છે કે બધા જ ઘરવાળા તેની આવી હાલતના લીધે હતાશ છે.'' હઝરતે ફરમાવ્યું કે,

''કોઈ વાસણ પર મુશ્ક યા કેસરથી સાત વખત સુરએ અલ્હમ્દ લખો. તેને પાણીથી ધોઈ તે પાણી એક મહિના સુધી તે બાળકને પીવરાવો.'' રાવી કહે છે કે,

''પહેલીવાર પીવરાવવાથી જ તે તકલીફ જતી રહી.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસને જીન્નાતે કબ્જો કર્યો હોય, તેના પર દસ દસ વખત **'સુરએ અલ્હમ્દ, સુરએ નાસ, સુરએ ફલક'** પઢે. તથા આ ત્રણેય સુરા એક વાસણમાં મુશ્ક અને કેસરથી લખીને તેનું પાણી પીવરાવે. તથા મોમીનોના વઝુ અને ગુસ્લના પાણીથી તેને નવરાવે.''

''ઈમામ રઝા અ.મે વાઈ આવેલા એક માણસને જોયો. આપે પાણીનો એક પ્યાલો મંગાવ્યો. તેના પર **'સુરએ હમ્દ, સુરએ નાસ, સુરએ ફલક'** પઢીને તે પાણી તેના મોં અને માથા પર છાંટ્યું. તે માણસ હોશમાં આવી ગયો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસના ઘરમાં જીન્નાત પત્થર ફેંકતા હોય તો તે પત્થર હાથમાં લઈ આ મુજબ પઢે.''

**'હસ્બેયલ્લાહો વ કફા સમેઅલ્લાહો લ મીન દઆ લયસ વરાઅલ્લાહ મુન્તહા.'**



https://downloadshiabooks.com/

(અલ્લાહ મારા માટે કાફી છે. અલ્લાહ દરેક માણસની દુઆ સાંભળનાર છે. અલ્લાહ સિવાય કોઈ વસ્તું એવી નથી જેને આખરી સમજવામાં આવે.)

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''માથાના દુઃખાવા માટે ધાણાનું તેલ નાકમાં ટપકાવો.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં માથું દુઃખવાની શિકાયત કરી, આપ હઝરતે ફરમાવ્યું કે,

''હમામમાં જાઓ. પરંતું પાણીમાં પડો તે પહેલાં સાત લોટા પાણી માથામાં નાખે. દરેક વખતે **'બિસમિલ્લાહ'** પઢતો જાય.''

એક માણસ ઈમામ અલી રઝા અ.ને શિકાયત કરી કે,

''મને માથામાં એટલી ઠંડકનો એહસાસ થાય છે કે, અગર હવા લાગી જાય તો એ વાતનો ડર રહે છે કે બેભાન થઈ જઈશ.'' હઝરતે ફરમાવ્યું,

''જમ્યા બાદ નાકમાં અંબરના અને ચમેલીના તેલના થોડાક ટીપા નાખો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''આદમ અ.ની ઓલાદમાંથી કોઈ પણ એવો માણસ નથી જેની અંદર બે નસો ન હોય. જેમાંની એક નસ માથામાં જાય છે. તેની હરકતથી કોઢ થાય છે. અને બીજી નસ શરીરમાં જાય છે. તેની હરકતથી સફેદ દાગ થાય છે. જયારે માથાની નસ હરકતમાં આવે છે તો ખુદાતઆલા તેને શરદીમાં મુબ્તેલા કરે છે. જેથી માથામાંથી ગંદુ પ્રવાહી છૂટું થઈ બહાર નીકળે. જયારે શરીરની નસ હરકતમાં આવે છે ત્યારે અલ્લાહ તઆલા તેનામાં ગડ-ગુમડ પેદા કરે છે. જેથી ખરાબી શરીરમાંથી બહાર નીકળી જાય. માટે



https://downloadshiabooks.com/

શરદી થઈ જાય યા ગડ-ગુમડ થાય તો અલ્લાહતઆલાનો શુક્ર અદા કરવો જોઈએ.''

એ પણ ફરમાવ્યું કે,

''શરદી-સળેખમ એ ખુદાના લશ્કરમાંનું એક લશ્કર છે. જે ગંદા પ્રવાહીને શરીરમાં અલગ અલગ જગ્યાએ મોકલી દે છે.''

## પ્રકરણ-૮૦
## આંખ અને ગળાની બીમારીનો ઈલાજ

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસની આંખો દુઃખતી હોય તેણે પૂરા ભરોસા સાથે આયતુલ કુરસી પઢવી જોઈએ. જરૂર આરામ થઈ જશે.''

એક માણસે ઈમામ મુસા કાઝીમ અ.ને આંખોની કમજોરીની શિકાયત કરતાં કહ્યું,

''મારી દ્રષ્ટિ એટલી કમજોર થઈ ગઈ છે કે, રાત્રે મને કંઈ જ દેખાતું નથી.'' હઝરતે ફરમાવ્યું,

''તમે **'સુરએ નૂરની આયત-૩૫'** પઢો.''

(તરજુમો- ખુદા તું પૂરા આસમાન અને જમીનનું નૂર છે. તેના નૂરની મીસાલ એવી છે જેવી રીતે એક ગોખલો (છાતી) છે. જેમાં એક રોશન ચિરાગ (ઈલ્મે શરીઅત) હોય અને આ ચિરાગ કાચની લાલટેન(દિલ)માં હોય, આ લાલટેન જગમગાતા સીતારાની જેમ હોય, જે ઝયતુનના પવિત્ર ઝાડ(ના તેલ)થી પ્રકાશિત કરવામાં આવે. જે ન પૂર્વ તરફ હોય ન પશ્ચિમ તરફ મેદાનમાં હોય. તેનું તેલ આપ મેળે સળગી ઉઠે ચાહે તેને આગનો સ્પર્શ પણ ન કર્યો હોય. આ નૂર અલા નૂર છે. અલ્લાહ પોતાના નૂર માટે



https://downloadshiabooks.com/

જેને ચાહે હિદાયત આપે છે. આ રીતે મીસાલો આપે છે. તે દરેક વસ્તુંનો જાણકાર છે.)

અબુ બસીરને ઈમામ મોહંમદ બાકિર અ.ની સેવામાં દાંતના દુઃખાવાની શિકાયત કરી અને એ પણ કહ્યું કે,

"રાત્રે આ દાંતના દુઃખાવાના લીધે ચેન નથી પડતું." હઝરતે ફરમાવ્યું,

"જયારે દુઃખાવો થાય ત્યારે દર્દની જગા પર હાથ રાખીને **'સુરએ અલ્હમ્દ અને સુરએ કુલ્હોવલ્લાહ'** પઢીને આ આયત પઢે.

**'વ તરલ્ જેબાલ તહ્સબોહા જામેદતંવ વ હેય તમુર્રો મર્સ્ સહાબ સુન્અલ્લાહુલ લઝી અતકન કુલ્લ શયઅન્ ઈન્નહુ ખબીરૂમ બેમા તફઅલુન.'**

(તું પહાડને અવી રીતે જોઈશ કે જાણે તે સ્થિર છે. પરંતું તે એ રીતે ચાલતો હશે જેવી રીતે વાદળો ચાલે છે. આ ખુદાની કારીગરી છે જેણે દરેક વસ્તુંને તેની જરૂરત મુજબ બનાવી છે. તથા તમારી તમામ કાર્યવાહીથી તે જાણકાર છે.)

દાઢના દર્દ માટે એક લોખંડના ખીલા લઈ **'સુરએ અલ્હમ્દ, સુરએ નાસ અને સુરએ ફલક'** દરેક સુરો ત્રણ ત્રણ વખત પઢીને આ મુજબ પઢે.

"જે ગળેલા, સડેલા હાડકાઓને જીવતા કરે છે. અય ફલાણા ઈબ્ને ફલાણાની દાઢ! તું ગરમ અને ઠંડું બંને ખાઈ લીધું. હવે એ બતાવ કે તને ગરમથી સંતોષ થાય છ? કે ઠંડાથી? જો કે રાત-દિવસમાં દરેક વસ્તુંને પરવરદિગારે આલમના હુકમથી સંતોષ થાય છે. તે દરેક વાતને સાંભળવાળો અનુ જાણવાવાળો છે. હું ફલાણા ઈબ્ને ફલાણાની દાઢનું દર્દ ખુદાએ બુઝુર્ગના નામથી બાંધી દીધું."



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''દાતણ કરવાથી આંખમાંથી પાણી નીકળતું બંધ થાય છે અને આંખોનું તેજ વધે છે.''

ઈમામ હુસૈન અ. પોતાના એક સહાબીને ફરમાવ્યું કે,

''પીળી હરડે મોટી એક નંગ તથા સાત દાણા કાળામરીના લઈ તેને બારીક પીસીને પકાવી લો. પછી આંખોમાં લગાવી લો.''

કોઈ માણસે ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં આંખની સફેદીની શિકાયત કરી. એ પણ કહ્યું કે,

''મારા સાંધે સાંધામાં દુઃખાવો રહે છે તથા દાંતોમાં પણ તકલીફ થાય છે.'' હઝરતે ફરમાવ્યું,

''તમે આ ત્રણ દવા લો.''

''પીપર તથા કાળા મરી સાત સાત માશા અને સાફ સફાઈવાળો નોશાદર(અમોનીયમ અને ક્લોરીનથી બનાવેલું મિશ્રણ) સાડા ત્રણ માશા લો. આ ત્રણેય વસ્તું ભેગી કરી મીક્ષરમાં બારીક પીસી દો. તેને રેશમી કપડામાં ચાળી લો. પછી સળીમાં લઈ બંને આંખોમાં ત્રણ ત્રણવાર લગાવો. એક કલાક સુધી સબ્ર કરો. આ દરમિયાન આંખોની સફેદી પણ દૂર થઈ જશે અને આંખોમાં જે ગોશ્ત વધી ગયો હશે તે પણ દૂર થઈ જશે. દુઃખાવામાં પણ રાહત પહોંચશે. ત્યાર બાદ આંખોને ઠંડા પાણીથી ધોઈ સાદો સુરમો લગાવી દો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જો આંખોને લગતી કોઈ બીમારી હોય તો મછલી ખાવાથી નુકશાન થાયછે. (મછલી ના ખાવી જોઈએ.) જમ્યા બાદ હાથ ધોઈને આંખો પર ફેરવવાથી આંખો દુઃખતી નથી. એવી જ રીતે



https://downloadshiabooks.com/

ગુરૂવાર યા શુક્રવારે નખ અને વાળ કપાવવાથી આંખો દુઃખતી નથી.''

ઈમામ અ. ફરમાવે છે કે,

''એક એક મુઠ્ઠી તલ અને રાઈ લઈ અલગ અલગ પીસી લો. પછી બંને ભેગા કરી તેનું તેલ નીકાળે. આ તેલને એક શીશીમાં ભરી તેનું મોંઢું ચૂસ્તીથી બાંધી લો. જરૂરત પડે ત્યારે બે ટીપાં કાનમાં નાખી રૂ રાખી દો. ત્રણ દિવસના સુધી ઉપયોગ કરવાથી કાનના દુઃખાવામાં આરામ થઈ જશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ગળાના દુઃખાવમાં દૂધ પીવાથી વધારે કોઈ વસ્તું ફાયદામંદ નથી.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

ઈસા અ. એક શહેરમાંથી પસાર થયા. ત્યાં લોકોના દાંત પડી ગએલા હતા અને મોંઢા સૂજેલા હતા. હઝરતે ફરમાવ્યું,

''તમે સૂતી વખતે મોંઢું ઢાંકીને ન સૂઓ. પરંતું ખૂલ્લુ રાખો. આ મુજબ અમલ કરવાથી તેમની બીમારી દૂર થઈ ગઈ.''

## પ્રકરણ-૮૧

## હાથ-પગ ફાટવા તથા ગડગુમડનો ઈલાજ

''મકારેમુલ અખ્લાકમાં અછબડાની બીમારી દૂર થવા માટે નીચેનો નકશો બતાવેલ છે. જયારે અછબડાની બીમારી ફેલાઈ જાય તો આ તાવીઝને લખીને બચ્ચાઓના ગળામાં બાંધી દેવું



https://downloadshiabooks.com/

જોઈએ. ઈન્શાઅલ્લાહ અછબડાથી સલામત રહેશે. અગર નીકળશે તો ઘણા ઓછા નીકળશે. લખવામાં ક્રમ અને સંખ્યાનો ખાસ ખ્યાલ રાખે.''

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ૦૨ | ૦૩ | ૧૬ |
| ૦૮ | ૧૧ | ૧૦ | ૦૫ |
| ૧૨ | ૦૭ | ૦૬ | ૦૯ |
| ૦૧ | ૧૪ | ૧૫ | ૦૪ |

''આ ફોડાઓ અને ગરમીના દિવસોમાં થતા ફોલ્લાઓ અકસર નીકળતા હોય છે. તેના માટે ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જયારે તે નીકળી આવે તો કલમાની (પહેલી) આંગળી ફોઠાની આજું બાજું ફેરવે અને સાત વખત આ મુજબ પઢે.''

**'લાએલાહ ઇલ્લલ્લાહુલ હલીમુન કરીમ.'**

(અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી અલ્લાહ સહનશીલ અને મહેરબાન છે.)

છ વખત પઢે ત્યાં સુધી આંગળી ફોલ્લીની આજું બાજું ફેરવે. સાતમી વખત પઢે ત્યારે ફોલ્લીની ઉપર રાખી જોરથી દબાવી દે.''

એ પણ ફરમાવ્યું કે,

''ફોલ્લા અને ગરમી દાણા લોહીની ખરાબીના કારણે નીકળે છે. જયારે ખરાબ લોહીનું દબાણ થાય છે ત્યારે શરીરમાંથી નીકળવા માટે ચામડીમાંથી રસ્તો કરી દે છે. એટલા માટે જે



https://downloadshiabooks.com/

માણસને ફોલ્લા નીકળ્યા હોય તેણે પથારીમાં સૂતા પહેલાં આ દુઆ પઢે તો ફોલ્લાની તકલીફ અને બધી જ બીમારીઓથી આરામ પહોંચશે.''

**'અઉઝો બે વજ્ હિલ્લાહે લ અઝીમે વ કલેમાતેહીત્ વ તામ્માતિલ્ લતી લા યોહાવિઝ હુન્ન બિર્રુન વ લા ફાજેરૂન મીન શર્રે કુલ્લે ઝી શર્ર.'**

(હું અલ્લાહ તઆલાના ચૌદ પસંદીદા બંદાઓની અને તેમના સંપૂર્ણ કલમાઓ જેનાથી કોઈ નેક યા બદની સીમા ઓળંગી શકતું નથી, શરીરની તમામ ખરાબીઓથી પનાહ માંગું છું.)

ઈમામ અ.મે ફરમાવ્યું,

''**સુરએ અન્આમ**ને મધથી કોઈ વાસણ પર લખીને પાક પાણીથી ધોઈને પીએ તો સફેદ દાગ જતા રહેશે. સુરએ યાસીનને પણ મધથી લખીને પાણી પીવાથી તે જ ફાયદો થાય છે.''

મોતવક્કીલ અબ્બાસીને શરીર પર એવો ફોડો થયો હતો જેનાથી મરી જવાનો અંદેશો હતો. તબીબો ડરના લીધે તેને ચીરો મારવાની હિંમત કરતા ન હતા. મુતવક્કીલના વઝીર ફતહ ઈબ્ને ખાકાને કોઈ માણસને ઈમામ અલી નકી અ.ની સેવામાં મોકલીને મુતવક્કીલની બીમારીની જાણ કરી. હઝરતે ફરમાવ્યું કે,

બકરીઓની લીંડીઓ જે તેમના પગ નીચે ચગદાઈ હોય તેને ગુલાબ જળમાં મેળવી તે ફોડા પર મસળો.'' તબીબોને ઈમામ અ.ના ઈલાજની ખબર પડી તો તેઓ ખૂબ જ હસવા લાગ્યા કે શું આનાથી ફાયદો થશે? વઝીરે કહ્યું કે,

''ઈમામ અ. ખુદાની મખ્લુકમાં સૌથી વધું બુધ્ધિશાળી છે. તેથી તેમના ફરમાન ઉપર અમલ કરવો જોઈએ. આમ, ઈમામ



https://downloadshiabooks.com/

અ.ના ફરમાન ઉપર અમલ કરવામાં આવ્યો. બીમારને હજું ઊંઘ પણ ન આવી હતી કે થોડી વારમાં જ આપો આપ ફોડો ફૂટી ગયો અને ઘણો જ ગારો નીકળ્યો. તથા આરામ પણ થઈ ગયો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ચુકંદર (બીટ) ગાયના ગોશ્તમાં પકાવીને ખાવાથી સફેદ દાગ જતા રહે છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''ગાયનો ગોશ્ત સફેદ દાગ અને કોઢને નાબૂદ કરે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સફેદ દાગ માટે ઈમામ હુસૈન અ.ની તુરબતની માટી (ખાકે શીફા) થી વધીને કોઈ વસ્તું ફાયદો નથી કરતી. ખાકે શીફાને વરસાદના પાણીમાં મેળવીને પીએ અને દાગ પર પણ માલીશ કરે. એ પણ ફરમાવ્યું કે, નાકના વાળ કાપવા યા કપાવવા એ કોઢની બીમારીથી બચાવે છે. રક્તપિત્ત અને કોઢવાળા માણસથી દૂર રહો. તેની સામે વારંવાર ન જૂઓ. તેની સાથે બિલકુલ ન રહો. કેમ કે આ ચેપી રોગ છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''દરેક માણસના શરીરમાં કોઢની એક નસ હોય છે. શલજમ(બીટ) ખાવાથી આ નસ પીંગળી જાય છે.''

કોઈ માણસે આ ઈમામ અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે,

''મારા શરીરમાં મરકી(પ્લેગ)ની શરૂંઆત થઈ ચૂકી છે.'' હઝરતે ફરમાવ્યું,

''સફરજન ખાઓ. જેથી તેણે સફરજન ખાધા તો આરામ થઈ ગયું.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૮૨
## પેટની બીમારી અને ખાંસીનો ઈલાજ

કોઈ માણસે ઈમામ અ.ની સેવામાં છાતીના દુઃખાવાની ફરિયાદ કરી. ઈમામ અ. ફરમાવ્યું,

"તમે કુરઆનમજીદથી શીફા માંગો." કારણ કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

**'ફીહે શીફાઉન લિમા ફિસ્સોદુર.'**

(જે કંઈ તમારી છાતીમાં છે કુરઆનમજીદમાં તેના માટે શીફા મૌજૂદ છે.)

સાદિકે આલે મોહંમદ સ.થી નકલ છે કે,

કોઈ માણસ હઝરત રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે,

"મારા ભાઈના પેટમાં દર્દ થાય છે." હુઝુર સ.મે ફરમાવ્યું કે,

"તેને કહી દે કે થોડું મધ પી લે. તેણે કીધું,

"પીધું હતું પણ તેને કોઈ ફાયદો ન થયો." ફરમાવ્યું,

"જાઓ, ફરી વધારે મધ પીવરાવો અને તેની પાસે બેસી સાત વખત **'સુરએ અલ્હમ્દ'** પણ પઢો." જયારે તે જતો રહ્યો તો હઝરતે કહ્યું,

"તેનો ભાઈ મુનાફિક છે. આ કારણે મધ તેને ફાયદો ન કર્યો."

એક માણસ અમીરૂલ મોઅમેનીન અ.ને પેટના દુઃખાવાની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''ગરમ પાણી પી. અને આ દુઆ પઢ.''

**'યા અલ્લાહો, યા અલ્લાહો, યા અલ્લાહ. યા રહમાનો યા રહીમ. યા રબ્બલ અરબાબ. યા ઈલાહલ આલેહહ. યા મલેકલ મોલુક. યા સય્યેદસ્ સાદાત. ઈશ્ફેની શફાએક મીન કુલ્લે દાઈંવ વ સોકમીન ફ ઈન્ની અબ્દેક. વબ્નો અબદેક. વન્કલેબ ફી કબ્ઝતેક.'**

(યા અલ્લાહ! અય સૌથી વધારે રહેમ કરનાર! અય ગુનાહોથી દરગુજર કરનાર! અય ભૌતિક પાલન પોષણ કરવાવાળાના હકીકી પરવરદિગાર! અય બાતિલ માઅબુદોના હકીકી માઅબુદ! અય બાદશાહોના બાદશાહ! અય સરદારોના સરદાર! મને દરેક બીમારી અને તકલીફોથી સંપૂર્ણ તંદુરસ્તી અતા કર. કેમ કે હું તારો બંદો અને તારા બંદાનો બેટો છું. હું હર પઈ તારા અખત્યારમાં છું.)

કોઈએ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં નાફના દુઃખાવાની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,

''નાફ પર હાથ રાખીને આ દુઆ પઢ.''

**'વ ઈન્નહુ લે કિતાબુન અઝીઝુલ્ લા યાતીહીલ બાતેલો મીમ બય્ને યદયહે વ લા મીન ખલ્ફેહી તન્ઝીલમ મીન હકીમીન હમીદ.'**

(બેશક! આ કિતાબ એવી ઝબરદસ્ત છે કે ન તેના પહેલાની કોઈ વસ્તું તેને રદ કરનારી છે અને તેના પછી કોઈ રદ કરનારી કોઈ વસ્તું આવનાર છે. આ તે સાહેબ હિકમતે ઉતારી છે જે દરેક રીતે વખાણને પાત્ર છે.)

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જેની કમરમાં દર્દ હોય તે ત્રણ વાર આ દુઆ પઢે.''

**'બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ મોહંમદુર રસુલુલ્લાહ સ્વલલ્લાહો અલય્હે વ આલેહ. વ લા હવ્લ વ લા કુવ્વત**



https://downloadshiabooks.com/

**ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યીલ્ અઝીમ્. અલ્લાહુમ્મ મસહ અન્ની મા અજેદો ફી ખાસેરતી.'**

(ખુદાના નામથી અને ખુદાની જાત પર ભરોસો કરીને શરૂંઆત કરૂં છું મોહંમદ મુસ્તુફા સ. અલ્લાહના રસુલ છે, તેમના પર અને તેમની આલ પર ખુદા રહેમત નાઝીલ ફરમાવે. સિવાય ખુદાએ બુઝુર્ગ અને શ્રેષ્ઠની મદદ સિવાય કોઈનામાં શક્તિ નથી. યા જે કંઈ મને કમરમાં દુઃખાવાનો એહસાસ થાય છે તેને દૂર કરી દે.)

''દર વખત હાથ નીચેની તરફ એ રીતે લઈ જાય કે બધી જ જગ્યાએ હાથ ફરે.''

જનાબ કુલૈની રહ. રિવાયત છે કે,

કોઈ માણસે ઈમામ જાફરે સાદિક અ.ને દમની શિકાયત કરી તથા એ પણ કહ્યું કે,

''થોકુંક ચાલવાથી શ્વાસ ફૂલી જાય છે અને મને બેસીને દમ લેવાની જરૂરત પડે છે.'' હઝરતે ફરમાવ્યું,

''ઊંટનો પેશાબ પી લો. શ્વાસ રોકાઈ જશે.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને જણાવ્યું કે,

''શું હઝરત ઈસા અ.ને પણ એ બીમારીઓ થતી હતી જે અવલાદે આદમ અ.ને થાય છે?'' હઝરતે ફરમાવ્યું,

''હા, જવાનીમાં તેમને ઘડપણથી જોડાએલી બીમારીઓ થઈ અને બચપણમાં બુઢાપાની. જેમ કે કમરનો દુઃખાવો મોટા ભાગે વૃધ્ધોને થાય છે. તે તેમને કયારેક કયારેક બચપણમાં થતો હતો. તેઓ પોતાની માતાને કહેતા કે મધ, કાળા મરી અને ઝયતુનનું તેલ મીલાવીને આપો. જયારે તેમની માતા તૈયાર કરીને લાવતી તો ખાવામાં ગભરાતા હતા. તેમની માતા હઝરત મરીયમ અ. કહેતાં હતાં કે જયારે તમે જ મંગાવી છે તો ખાવામાં કેમ ગભરાવો છો? હઝરત ઈસા અ. જવાબમાં કહેતા કે, મેં



https://downloadshiabooks.com/

મારા પયગમ્બરીના ઈલ્મથી મંગાવી છે. પરંતું ખાવાથી એટલા માટે ગભરાવું છું કે બચપનીના લીધે કયાંક દવાની બદહજમી ના થઈ જાય? ત્યાર પછી તેઓ ખાઈ લેતા હતા.''

હદીસમાં છે કે,

''દસ્તરખાન પર જે ટૂકડા પડે છે તેને એકઠા કરી ખાવાથી કમરના દુઃખાવામાં આરામ પહોંચે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જમરૂખ ખાવાથી દિલની ચામડી વધે છે. અને અંદરની બીમારીને આરામ પહોંચે છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''મુઠ્ઠીના દુઃખાવામાં ત્રણ દિવસ સુધી સરગવો ખાવાથી આરામ થઈ જશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ સૂતી વખતે સાત ખજૂરો ખાઈ લે તો, અગર તેના પેટમાં કીડા હશે તો મરી જશે.''

કોઈ માણસે ઈમામ મોહંમદ બાકિર અ.ને મરડાના દુઃખાવાની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,

''ગીલ અરમની (કાળાશ પડતી લાલ રંગની માટી)હલકી આંચ પર શેકીને પાવડર બનાવી ખાઈ લો.''

કોઈ માણસે ઈમામ રઝા અ.ને મરડાના દર્દની શિકાયત કરી,

હઝરતે ફરમાવ્યું,

''અખરોટને આગમાં શેકી લો. છાલ ઉતારી ખાઈ લો.''



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૮૩
# લકવા, મસા અને પેશાબની બીમારીનો ઈલાજ

સાલમ ઈબ્ને મોહંમદ ઈમામ જાફરે સાદિક અ.ને પીંડી અને ઘૂંટીના દુ:ખાવાની ફરિયાદ કરતાં કહ્યું,

''આ તકલીફે મને બેકાર કરી દીધો છે.'' હઝરતે ફરમાવ્યું,

''તમે દર્દની જગ્યા પર હાથ રાખીને સાત વખત આ આયત પઢી લો.''

**'વ અત્લો મા ઉહેય ઈલય્ક મિન્ કિતાબે રબ્બેક લા મોબદ્દેલ લે કલેમાતેહી વ લન્ તજેદો મિન્ દુનેહી મુલ્તજદા.'**

(આ કિતાબથી તમને જે વહી કરવામાં આવી છે તેને પઢો. ખુદાના કલેમાતને કોઈ બદલવાવાળો નથી અને ખુદા સિવાય કોઈનોય આશરો મળશે નહિ.)

કોઈએ ઈમામ અલી નકી અ.ની સેવામાં શિકાયત લખી,

''તમારા માનવાવાળાઓમાંથી એકનો પેશાબ બંધ થઈ ગયો છે.'' હઝરતે જવાબમાં લખ્યું,

''તેના પર કુરઆનમજીદની ઘણી તિલાવત કરો આરામ પહોંચશે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''દરેક પ્રકારના સોજા માટે સુરએ હશ્રની છેલ્લી ચાર આયતો ત્રણ વાર પઢો અને દરેક વખતે સોજાની જગ્યાએ થૂંક લગાવો.''



https://downloadshiabooks.com/

કોઈએ ઈમામ અલી રઝા અ.ને મસાની શિકાયત કરી, ઈમામે ફરમાવ્યું,

''**સુરએ યાસીન** મધથી લખીને ધોઈને પી જાઓ.''

ઈમામ અ.મે ફરમાવ્યું,

હઝરત રસુલેખુદા સ.ને કયારેક થાક લાગતો યા બીમાર પડતા તો હઝરત સ. હાથ ફેલાવીને **'સુરએ હમ્દ, સુરએ કુલ્હોવલ્લાહ, સુરએ નાસ અને સુરએ ફલક'** પઢતા હતા. પછી ચહેરા મુબારક પર હાથ ફેરવતા હતા.

કોઈ માણસે ઈમામ જાફરે સાદિક અ.ને અરજ કરી કે,

''મને વા માથાથી પગ સુધી જકડી લીધો છે.'' હઝરતે ફરમાવ્યું,

''અંબરને ચમેલીના તેલમાં મેળવીને નરણા કોઠે દિમાગમાં ટપકાવી લો.''

કોઈ માણસે ઈમામ મોહંમદ બાકિર અ.ને આ વાતની શિકાયત કરી કે,

''મારો પેશાબ રોકાતો નથી. ટીપું ટીપું પડતો જ રહે છે.'' હઝરતે ફરમાવ્યું,

''થોડી હરમલ(ઈસ્પંદ) લઈ છ વખત ઠંડા પાણીથી અને એક વખત ગરમ પાણીથી ધોઈ લે. પછી તેને છાંયડામાં સૂકવે. ત્યાર બાદ ગુલાબના પાણીથી મસળો. પછી તેનો પાવડર બનાવી ફાકો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''નરણા કોઠે(ખાલી પેટે) સ્નાન કરવાથી કફ દૂર થાય છે અને જમ્યા બાદ સ્નાન કરવાથી કફ અને પીત્ત બંને થાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''વારંવાર કાંસકો કરવાથી પણ કફ દૂર થાય છે.''

## પ્રકરણ-૮૪
## જાદુ-ટોણા-બલાઓથી બચવાની દુઆઓ

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જાદુને દફે કરવા માટે આ તાવીઝ હરણની બારીક ચામડી પર લખીને પોતાની પાસે રાખે.''

**'બિસ્મિલ્લાહે વ બિલ્લાહે બિસ્મિલ્લાહે માશઅલ્લાહો બિસ્મિલ્લાહે વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ. કાલ મુસા મા જેઅતુમ બેહિસ્ સહેરો ઈન્નલ્લાહ સયુબ્તેલોહુ ઈન્નલ્લાહ લા યુસ્લેહો અમલલ્ મુફ્સેદીન ફ વકહલ્ હક્કો વ બતલ મા કાનુ યાઅમલુન ફ ગોલેબુ હોનાલેક વન્ કલબુ સાગેરીન.'**

(અલ્લાહના નામથી શરૂં કરૂં છું અને અલ્લાહ પર ભરોસો છે, અલ્લાહના નામથી શરૂં કરૂં છું હવે પછી જે અલ્લાહ ચાહે, અલ્લાહના નામથી શરૂં કરૂં છું અલ્લાહ સિવાય કોઈની મજાલ નથી. મુસા અ.મે ફરમાવ્યું, તમે જે કંઈ રજૂ કરો છો તે જાદું છે. અલ્લાહ તઆલા તેને નજીકના સમયમાં જ તેને બાતિલ કરી દેશે. અલ્લાહતઆલા ફસાદ કરવાવાળોની ઈસ્લાહ નથી કરતો. જેથી જે હક હતું તે થયું અને જે તે લોકો કરતા હતા તે બાતિલ થઈ ગયું. તથા જાદુગરો ત્યાંના ત્યાં જ હાર કબૂલ કરી તાબેઅ થઈ ગયા.)

હઝરત જીબ્રઈલ પયગમ્બરે ઈસ્લામ સ.ને જાણ કરી કે,

''લબીદ ઈબ્ને આઅસમ યહુદીએ આપ પર જાદુ કર્યું છે.''

જેથી હઝરત સ.મે હઝરત અલી અ.ને બોલાવી હુકમ કર્યો કે,



https://downloadshiabooks.com/

''ફલાણા કૂવા પર જઈ જાદુ નીકાળીને લઈ આવો.'' હુકમ મુજબ અલીયે મુરતુઝા અ. કૂવા પાસે ગયા. કૂવામાં ઉતરીને તળીયામાંથી ડબો કાઢી હઝરત સ.ની સેવામાં હાજર કર્યો. આ ડબામાં એક કમાનનો ચિલ્લહ હતો જેને ૧૧ ગાંઠો હતી. એ જ વખતે હઝરત જીબ્રઈલે અલ્લાહ તઆલા તરફથી **'સુરએ નાસ અને સુરએ ફલક'** લાવ્યા. હઝરત રસુલ સ.મે હઝરત અલી અ.ને હુકમ કર્યો કે,

''અય અલી અ.! આ સુરાઓને આ ગાંઠો પર પઢો. હઝરત અલી અ.મે હુકમ મુજબ પઢવાનું શરૂં કર્યું. જેમ જેમ એક એક આયત પઢતા જતા હતા એક એક ગાંઠ ખૂલતી જતી હતી. બંને સુરા પઢાઈ રહ્યા અગ્યારેય ગાંઠો ખૂલી ગઈ અને જાદુનો અસર જતો રહ્યો.''

ઘણી હદીસમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે,

''આ બંને સુરા જાદુને દૂર કરવા માટે નવાઈ પમાડે તેવી અસર રાખે છે.''

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

''બદ નજરની પણ અસર રાખે છે. મોટા ભાગે બદ નજર માણસને કબરમાં અને ઊંટને દેગમાં પહોંચાડી દે છે. એટલે બહેતર છે કે, જયારે કોઈને કોઈ વસ્તું પસંદ આવે તો **'અલ્લાહો અકબર'** કહે.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જયારે કોઈ માણસને એવો ડર હોય કે મારી નજર કોઈ વસ્તું પર અસર કરશે તો તેણે ત્રણ વખત આ મુજબ પઢવું જોઈએ.''



https://downloadshiabooks.com/

**'માશાઅલ્લાહો વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યીલ્ અઝીમ.'**

ફરમાવ્યું છે કે,

''જે માણસને નજર લાગી ગઈ હોય તો બંને હાથોને ચહેરા સામે રાખી **સુરએ હમ્દ, સુરએ કુલ્હો વલ્લાહ, મઉઝતૈન (સુરએ નાસ અને સુરએ ફલક)** પઢી માથાના અલગ અલગ ભાગોમાં ફેરવી મોંઢા પર ફેરવી લે.''

એક માણસે ઈમામ જાફરે સાદિક અ.ને શિકાયત કરી કે,

''મારા દિલમાં કાળાશ વધારે પેદા થાય છે અને વસવસા ખૂબ જ આવે છે.'' હઝરતે ફરમાવ્યું,

''તમે પોતાની છાતી પર હાથ ફેરવીને આ મુજબ પઢો.''

**'બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ મોહંમદુર્ રસુલુલ્લાહે સ્વલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ, લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યિલ અઝીમ. મસહ અન્ની મા અજેદ.'**

ત્યાર પછી પેટ પર હાથ ફેરવી ત્રણ વખત આ દુઆ પઢો. આ માણસે આ મુજબ અમલ કર્યો તો અસર જાતી રહી.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસ પોતાના યા પોતાના પાલતું જાનવરો માટે ફાડીખાનાર જાનવરોનો ડર હોય તો પોતાના અને જાનવરોની ફરતે લીટી દોરી દે અને આ મુજબ પઢે.''

**'અલ્લાહુમ્મ રબ્બ દાનિયાલ વલ જબ્બે વ રબ્બ કુલ્લે અસદિન્ મુસ્તાઅસેદીન્ એહફઝની વ અહફઝ ગનમી.'**

(અય અલ્લાહ! અય દાનિયાલ અને કૂવાના ખુદા તથા દિલેર શેરના માલિક મારી અને મારા જાનવરોની હિફાઝત કર.)



https://downloadshiabooks.com/

"અગર કોઈ માણસ ઘરમાં પોતાના બાલ-બચ્ચોની હિફાઝતના માટે દુઆ પઢે તો **'ગનમી'**ના બદલે **'વ અયાલી'** કહે.

ફરમાવ્યું કે,

"જે માણસ વિંછીથી ડરતો હોય તેણે આ આયત પઢવી જોઈએ."

**'સલામુન્ અલા નૂહે ફિલ્ આલમીન ઈન્ના કઝાલેક નજઝીલ્ મોહસેનીન ઈન્નહુ મિન્ એબાદેનલ્ મોઅમેનીન.'**

(તમામ ખુદાની મખ્લુકમાં યાદગાર હઝરત નુહ અ., એ સલામ છે જે તેમને કરવામાં આવે છે. બેશક! અમે નેકી કરવાવાળાઓને એવો જ બદલો આપીએ છીએ અને નુહ અ. અમારા ખુલુસ ઈમાનવાળા બંદાઓમાંથી હતા.)

ઈમામ જાફરે સાદિક અ.મે એક માણસને કહ્યું,

"તમે જયારે સિંહને જૂઓ તો તેની સામે **'આયતુલ કુરસી'** પઢીને આ દુઆ કરો."

**'તું અમારા રસ્તેથી હટી ગયો અને અમને તકલીફ નહિ પહોંચાડી. કેમ કે અમે ખુદ તને તકલીફ પહોંચાડતા નથી. તારા પર ખુદાએ તઆલા, હઝરત મોહંમદે મુસ્તુફા સ., સુલેમાન ઈબ્ને દાઉદ, અમીરૂલ મોઅમેનીન અ. અને જે તેમના બાદ થયા છે તેમના બધાના નામથી ફસુન(જાદુ) પઢી દઈશ.'**

રાવી કહે છે કે સંજોગવસાત એક વખત એક સિંહથી મારે ભેટાડો થઈ ગયો. મેં ઉપર મુજબ અમલ કર્યો તો સિંહ માથું ઝૂકાવીને ચાલ્યો ગયો.

કોઈ માણસે ઈમામ મુસા કાઝીમ અ.ને વિનંતી કરી કે,



https://downloadshiabooks.com/

''હું ફાડીખાનાર જાનવરોનો શિકાર કરૂં છું. તેથી મોટા ભાગે રાતો ખંડેરો અને ખતરનાક જગ્યાઓએ પસાર કરવી પડે છે.'' હઝરતે ફરમાવ્યું,

''જયારે તમે ખંડેર યા ખતરનાક જગ્યાએથી પસાર થવા ઈચ્છો તો **'બિસ્મિલ્લાહ'** કહીને પહેલાં ડાબો પગ આગળ કરો. આ અમલથી તમે દરેક બલાઓથી મહેફૂઝ રહેશો.''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''જયારે સિંહ તમારી સામે આવી જાય તો ત્રણ વખત **'અલ્લાહો અકબર'** કહીને આ દુઆ પઢો.''

**'અલ્લાહો અઅઝ્ઝુ અકબર વ અજલ્લો મિન ક્લ્લે શયઈન વ અઉઝો બિલ્લાહે મીમ્મા અખાફુન્ વ અહ્ઝરો.'**

(અલ્લાહ તઆલા દરેક વસ્તું પર કાબૂ ધરાવે છે. બુઝુર્ગ અને મોટો છે. હું જેના જેનાથી ડરૂં છું તેનાથી અલ્લાહ પાસે પનાહ(આશરો) માંગું છું.)

''અગર કૂતરો તમારી સામે ભોંકે યા હુમલો કરે તો આ દુઆ પઢો.''

**'યા માઅશરલ્ જીન્ને વલ્ ઈન્સે એનીસ્ તતાઅતુમ અન્ તન્ફોઝુ મિન્ અકતારિસ્ સમાવાતે વલ્ અર્ઝે ફન્ફોઝુ લા તન્ફોઝુન ઈલ્લા બેસુલ્તાન.'**

(અય જીન્નાત અને ઈન્સાનના ટોળા, અગર તમારામાં એ તાકાત છે કે તમે આસમાન અને જમીનના કિનારેથી નીકળી જાઓ. પરંતું કાબૂ મેળવ્યા વગર નીકળી શકતા નથી.)

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અગર કોઈને વધારે ગુસ્સો આવે તો, તે અગર ઊભો હોય તો બેસી જવું જોઈએ. જેથી ગુસ્સો ઓછો થઈ જાય. અગર



https://downloadshiabooks.com/

પોતાના કોઈ દોસ્ત પર ગુસ્સે થયો હોય તો પોતાનું શરીર તેનાથી સ્પર્શ કરે તો ગુસ્સો ઓછો થઈ જશે.''

એક માણસે ઈમામ મોહંમદ બાકિર અ.ની સેવામાં લખ્યું કે,

''મારા પર કર્ઝ વધી ગયું છે.'' આપે જવાબમાં લખ્યું,

''ઈસ્તિગ્ફાર (ગુનાહોની માફી) વધારે કર. તથા **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** વધારે પઢ.'' પછી ફરમાવ્યું કે,

''પરેશાની દૂર થવા માટે **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** દરરોજ પઢો.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''ચિંતા અને પરેશાની દૂર કરવા માટે નમાઝે સુબ્હ બાદ આ દુઆ પઢે.''

**'સુબ્હાનલ્લાહિલ્ અઝીમે વ બે હમ્દેહી અસ્તગ્ફેરૂલ્લાહ વ અસ્અલોહુ મીન ફઝલેહ.'**

(ખુદાએ બુઝુર્ગ પાક છે અને હું તેની જ તારીફથી શરૂંઆત કરૂં છું. હું અલ્લાહથી મગ્ફેરતનો તલબગાર અને ફઝલનો ખ્વાહિશ રાખું છું.)

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ ગરીબાઈમાં સપડાયો હોય તે **'વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યીલ્ અઝીમ.'** ખૂબ જ પઢે. કેમ કે આ શબ્દો જન્નતના ખજાનાઓમાંથી એક ખજાનો છે. તેમાં ઘણી બીમારીઓનો ઈલાજ પણ છે. તેમાં સૌથી નાની બીમારી રંજોગમ છે.''

હદીસમાં છે કે,

''જે માણસ હજાર વખત માશાઅલ્લાહ એક જ બેઠકમાં પઢે તેને આ વર્ષે હજ નસીબ થશે. અગર આ વર્ષે હજ નસીબ ન થાય તો હજ અદા કર્યા વિના તે મરશે નહિ.''



https://downloadshiabooks.com/

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

"અગર અમારી પાસે તાવીઝ હોય અને અમે નાપાક થઈ જઈએ તો અમારે શું કરવું જોઈએ?" હઝરતે ફરમાવ્યું,

"કોઈ હરજ નથી. પરંતું કોઈ સ્ત્રી હયઝની હાલતમાં હોય તો તેણીએ તે તાવીઝને ચામડાની અંદર રાખવું જોઈએ."

એ પણ ફરમાવ્યું કે,

"દુઆઓ, કુરઆનમજીદ જે કોઈ મુશ્કિલ હલ યા બીમારીની શીફા માટે પઢવા ચાહો તો જરૂર પઢો. પણ કેટલાક જાદુ યા તેનો મતલબ તમે ન જાણતા હોવ તો તે ના પઢો."

## પ્રકરણ-૮૫
## ખાકેશીફાના ફાયદા

ઘણી ભરોસાપાત્ર હદીસોમાં છે કે,

"હઝરત ઈમામ હુસૈન અ.ની કબર મુબારકની પાક માટી દરેક બીમારીના માટે શીફા અને સૌથી અકસીર દવા છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસને કોઈ બીમારી આવી પડે તો પાક માટીથી ઈલાજ કરે તો જરૂર શીફા મળશે. સિવાય તે બીમારી તેના મૌતનું કારણ ન હોય."

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

"હું કોઈ સામાન કોઈ જગ્યાએ મોકલતો તેમાં થોડીક પાક માટી રાખી દેતો હતો."



https://downloadshiabooks.com/

ઈબ્ને યાઅફૂર ઈમામ જાફરે સાદિક અ.ને પૂછાવ્યું કે,

''કેટલાક માણસોને ઈમામ હુસૈન અ.ની તુરબતની માટીથી ફાયદો ગાય છે. તો કેટલાક લોકોને ફાયદો થતો નથી.'' હઝરતે ફરમાવ્યું,

''ખુદાની કસમ! જે માણસને તેના ફાયદા માટેનો અકીદો સહીહ હોય છે તેને જરૂર ફાયદો થશે.''

કોઈ માણસે ઈમામ જાફરે સાદિક અ.ને અરજ કરી કે,

''એક સ્ત્રીએ મને કેટલાક દોરા આપ્યા છે કે કાબાના ગીલાફની સીલાઈના માટે ખાનએ કાબાના ખાદિમોને આપું.'' હઝરતે ફરમાવ્યું,

''જેવી રીતે તેણે કહ્યું છે તેમ જ કરો. તથા અમારી તરફથી તેમાં એટલું કરો કે થોડી ખાકેશીફા લેતા જાઓ. તેને વરસાદના પાણીમાં મેળવીને તેમાં થોડુંક મધ અને જાઅફરાન (કેસર) ખરીદી તેમાં મેળવી દો. અમારા માનવાવાળોને તે આપો અને કહો કે તેમના બીમાર લોકોનો ઈલાજ કરે.''

''ઈમામ હુસૈન અ.ની કબર મુબારકની પાક માટી ઘણી ખરી બીમારીઓ માટે શીફા છે. ચાહે તે કબર મુબારકથી એક માઈલના ફાસલાથી લેવામાં આવે.''

એ પણ ફરમાવ્યું કે,

''ખાકેશીફા એ છે જે પવિત્ર કબર મુબારકથી ચાર ચાર માઈલની અંદરથી લેવામાં આવે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જયારે મય્યતને દફન કરે તો તેના મોંઢાની સામે કરબલાની માટીની એક સજદાગાહ રાખી દો.''

ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''મોમીન પાસે આ પાંચ વસ્તુંઓ જરૂર રહેવી જોઈએ.''

(૧) દાતણ,

(૨) કાંસકો,

(૩) જાએ નમાઝ (સજદાગાહ),

(૪) ખાકેશીફાની ૩૪ પારાની તસ્બીહ,

(૫) અકીકની વીંટી.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ ખાકેશીફાની તસ્બીહ હાથમાં રાખે તો તેના પર એક ઈસ્તિગ્ફારથી લઈને સીત્તેર ઈસ્તિગ્ફારનો સખવામાં આવશે. અગર ખાલી તસ્બીહ હાથમાં ફેરવતો રહે તો પણ એક પારા પર સાત ઈસ્તિગ્ફારનો સવાબ મળશે.''

ઓલમાએ કિરામ કહે છે કે,

''ખાકેશીફા એક ચણા જેટલી ખાઈ શકો છો. પરંતું કેટલીક રિવાયતોમાં મસુરનો ઉલ્લેખ છે. એટલે બહેતર છે કે મસુરના દાણાથી વભારે ન ખાય.''

અબુલ હસીબ કહે છે કે,

''મારી આંખોમાં સફેદી પડી ગઈ હતી. મને રાતમાં કંઈ દેખાતું ન હતું. મેં એક રાતના જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ને સ્વપ્નમાં જોયા.'' આપે ફરમાવ્યું,

''બોરને પીસીને પાવડર આંખોમાં લગાવો. હું જાગ્યો તો બીરને ઠળીયા સહિત વાટીને મારી આંખોમાં લગાવ્યો. મારી આંખોમાં તેજ આવી ગયું અને સારી પણ થઈ ગઈ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કલુંજી દરેક બીમારી માટે શીફા છે. સિવાય કે એ બીમારી કે જે મૌત માટે જ હોય.''



https://downloadshiabooks.com/

ઈમામ અ.ને કોઈએ ફરિયાદ કરી કે,

"મને પેશાબ વધારે આવવાથી તકલીફ થાય છે. હઝરતે ફરમાવ્યું, તમે પાછલી રાતના (સુબ્હ સાદિક પહેલાં) કલુંજી ખાઓ."

ઈમામ અ.મે ફરમાવ્યું,

"જે ઘરમાં હરમલ(જડીબુટ્ટી) હોય છે તેનાથી શયતાન સીત્તેર ઘર દૂર ભાગે છે. હરમલ સીત્તેર બીમારીઓની દવા છે."

કોઈ પયગમ્બરે ખુદાને પોતાની ઉમ્મતની ડરપોકપણાની શિકાયત કરી હતી. વહી નાઝીલ થઈ કે,

"તમે તમારી ઉમ્મતને અસ્પન્દ (હરમલ)ખાવાની હિદાયત કરો કે તેના ખાવાથી હિંમતમાં વધારો થાય છે."

ઈમામ હુસૈન અ. ફરમાવે છે કે,

"અગર લોકો પીળી હરડેના ફાયદા જાણતા હોત તો તેને સોનાથી તોળીને ખરીદી કરત."

"હઝરત પયગમ્બરે અકરમ સ. અજમો, કલુંજી અને અબશમ આ ત્રણેયનો ચૂર્ણ બનાવી લેતા હતા. પછી જે ખાણા પછી નુકશાન થવાનો ભય હોય ત્યારે આ પાવડર લેતા હતા. કયારેક કયારેક તેમાં નમક પીસીને તે ચૂર્ણમાં મેળવી જમ્યા પહેલાં પણ ખાઈ લેતા હતા અને ફરમાવતા હતા કે અગર હું આ ચૂર્ણ સવારે નરણા કોઠે ખાઈ લઉં તો બીજી કોઈ વસ્તુંની ખાવાની જરૂરત ના રહે. કેમ કે આ જઠરને શક્તિ આપે છે. કફને દૂર કરે છે અને લકવાથી બચાવે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

“અલ્લાહ તઆલાએ મધમાં એક ખાસ પ્રકારની બરકત આપેલી છે. એટલે કે તેમાં તમામ બીમારીઓ માટે શીફા છે. સીત્તેર પયગમ્બરોએ તેને બરકતની દુઆ આપી હતી.”

કેટલીક હદીસોમાં છે કે,

“નમકથી વીંછી અને ઝેરીલા જાનવરોનું ઝેર દૂર થઈ જાય છે.”


# તહારતુન્નિસા

**(હયઝ-ઈસ્તેહાઝા-નિફાસ)**

**આ પુસ્તકમાં સ્ત્રીઓના લોહીના વિવિધ પ્રકારો જેવા કે હયઝ (માસિક ઋતુસ્ત્રાવ), ઈસ્તિહાઝા (બીમારીનું લોહી) તથા નિફાસ (પ્રસવનું લોહી)ની વિસ્તૃત માહિતી દરેકને સમજમાં આવી જાય તેવી તદ્દન સરળ ગુજરાતી ભાષામાં જરૂરી રંગીન ચિત્રો, ફોટાઓ અને કોઠાઓની સાથે આપેલ છે.**

**ઘરે ઘરમાં ઉપયોગી**

**આ પુસ્તક પુખ્ત વયની દરેક મહિલાઓને જરૂર ગમશે.**

**રંગીન આર્ટ પેપરમાં ૭૨ પાનામાં તૈયાર છે.**

**સંપર્કઃ**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા-ગુજરાત**




https://downloadshiabooks.com/

## વિભાગ-૧૦: ભાઈચારો

૮૬. સગાવહાલા અને નોકરો સાથે વર્તન
૮૭. પાડોશી, કુટુંબીજનો અને યતિમોના હકકો
૮૮. મિત્રો અને મોમીન બંધુઓના હકકો
૮૯. મોમીનોના પરસ્પર હકકો
૯૦. મોમીનોને મદદ કરવી
૯૧. બીમાર મોમીનોની મુલાકાત
૯૨. લાચાર મોમીનોની મદદ
૯૩. નિરાધાર લોકો સાથે વર્તન
૯૪. મોમીનોના હકકોનું ધ્યાન રાખવું
૯૫. ઝૂલ્મ કરનારાઓ સાથે વર્તન
૯૬. કાફિર અને વિરોધીઓ સાથે વર્તન
૯૭. જીવતાઓ પર મુર્દાઓના હકકો

*—: પ્રકાશક :—*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 9898369089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૦ ભાઈચારો

## પ્રકરણ-૮૬

## સગાવહાલા અને નોકરો સાથે વર્તન

ભરોસાપાત્ર હદીસોમાં છે કે,

દયા કયામતના દિવસે અર્શે ઈલાહીને પકડીને કહેશે કે,

"હે ખુદા! જેણે દુનિયામાં સગાવહાલાઓ સાથે રહેમ (દયા) કરી છે, આજે તું તેના પર કૃપા વરસાવ. જેણે દુનિયામાં તેમના સગાવહાલાઓ સાથે ખરાબ વર્તન કરેલ છે, તેમને તારી કૃપાથી દૂર કરી દે."

હદીસોમાં છે કે,

"સગાવહાલાઓ સાથે સદ્‌વર્તન કરવાથી આમાલ કબૂલ થાય છે, માલમાં વધારો થાય છે. મુસીબતો, બલાઓ દૂર થાય છે. ઉમ્રમાં વધારો થાય છે. કયામતના દિવસે હિસાબમાં આસાની થશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"પુલે સીરાતના બે છેડાઓમાંથી એક છેડો અમાનત છે અને બીજો સગવહાલાઓ સાથે સદ્‌વર્તન છે. જેણે અમાનતમાં ખયાનત નહિ કરી હોય, અને રીશતેદારો સાથે ભલાઈ કરી હશે તો તે પુલે સીરાત પરથી આસાનીથી પસાર થઈ જશે. જેઓ અમાનતમાં ખયાનત કરી હોય અને રીશતેદારો સાથે ખરાબ વર્તન કર્યું હશે તેઓને તેમના અમલો કોઈ ફાયદો પહોંચાડશે નહિ. એટલું જ નહિ પુલે સીરાત તેવા લોકોને જહન્નમમાં ધકેલી દેશે."



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે લોકો સગાવહાલાઓ સાથે ભલાઈ કરે છે અને પોતાના પાડોશીઓ સાથે નેકી કરે છે તેઓના ઘરની આબાદી અને રોનક વધે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"સગાવહાલાઓ સાથે નેકી કરવાનો બદલો જેટલો જલદી મળે છે, તેટલો ઝડપી બદલો અન્ય કોઈ અમલથી નથી મળતો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"અમોને એવી કોઈ બાબતની જાણ નથી કે જે સગાવહાલાઓ સાથે ભલાઈની જેમ ઉમ્રમાં વધારો કરે. કયારેક એવું પણ બને છે કે, એક માણસની જીંદગી ત્રણ વર્ષ બાકી હોય પણ સગાવહાલાઓ સાથે નેકી કરવાના કારણે ત્રણના તેત્રીસ વરસ થઈ જાય છે. આનાથી વિરૂધ્ધ, કયારેક કોઈની જીંદગી તેત્રીસ વર્ષ બાકી હોય છે પરંતું સગાવહાલાઓ સાથે ખરાબ વર્તનના કારણે તેત્રીસના બદલે ત્રણ જ વર્ષ બાકી રહે છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"સગાવહાલા આપસમાં એક બીજાની બૂરાઈ કરે તો, તેમનો માલ બદકારોના હાથમાં ચાલ્યો જાય છે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર એ ફરમાવે છે કે,

"ત્રણ કાર્યો એવા છે કે તેના પર અમલ કરનાર મરતાં પહેલા તેની સજા ભોગવી લે છે."

(૧) ઝૂલ્મ,

(૨) સગાવહાલાઓ સાથે ખરાબ વર્તન,

(૩) જૂઠી કસમ.



https://downloadshiabooks.com/

''કયારેક એવું પણ બને છે કે, જો બદકાર લોકો તેમના સગાસ્નેહીઓ સાથે સદ્ વર્તન કરે તો તેમના માલ અને ઓલાદમાં વધારો થાય છે. પરંતું જૂઠી કસમ ખાનાર અને સગાવહાલાઓ સાથે ખરાબ વર્તન કરનારનું ઘર વેરાન થઈ જાય છે. પેઢીઓની પેઢીઓ બરબાદ થઈ જાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ પોતાના સગાવહાલાઓને મળવા માટે અથવા તેઓને કોઈ વસ્તું આપવા માટે ચાલીને જાય તો ખુદા તઆલા તેને એકસો શહીદોનો સવાબ આપે છે, જેટલા કદમ ચાલે છે તેના દરેક કદમ પર જન્નતમાં ચાલીસ ચાલીસ હજાર દરજજાને બૂલંદ કરે છે. એવું સમજવામાં આવે છે કે, એકસો વરસ સુધી તેને ખુદાની ઈબાદત નિખાલસતાથી કરી હોય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ત્રણ માણસો કયારેય જન્નતમાં દાખલ થઈ શકશે નહિ.''

(૧) જેણે દારૂ પીધો હોય,

(૨) જેણે હંમેશા જાદુ કર્યું હોય,

(૩) જેણે હંમેશા સગાવહાલાઓ સાથે ખરાબ વર્તન કર્યું હોય.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''હું મેઅરાજની રાત્રે એક માણસને અર્શ સાથે ચોંટેલો જોયો. તે પોતાના સગાવઆલાઓની ફરિયાદ કરી રહ્યો હતો. હું પાલનહારથી સવાલ કર્યો કે આનો અને તેના સગાઓની વચ્ચે કેટલી પેઢીઓનું અંતર છે? જવાબ મળ્યો કે ચાલીસ પેઢીઓ જેટલું અંતર છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જેઓ પોતાના સગાવહાલાઓ સાથે નેકી કરે છે, હું તે વાતનો જામીન થાઉં છું કે ખુદા તેને દોસ્ત રાખશે, તેની રોઝીમાં વધારો કરશે, તેની ઉંમરમાં વધારો કરશે અને તેને જન્નત આપશે. પછી ફરમાવ્યું કે, જન્નતની ખુશ્બુ હજાર વર્ષના અંતર સુધી પહોંચશે. પણ ત્રણ પ્રકારના લોકોને જન્નતની સુગંધ મળશે નહિ.''

(૧) સગાવહાલાઓ સાથે ખરાબ વર્તન કરનારને,

(૨) વૃધ્ધ વ્યભિચારીને,

(૩) નાફરમાનીના કારણે નારાજ થઈ મા-બાપ તરફથી ઘરમાંથી કાઢી લીધેલ પુત્ર.

હઝરત ઈમામ અલી નકી અ.ને એક માણસે પૂછયું કે,

''કોઈ નોકર પોતાના માલીકનો હુકમ નથી માનતો તો શું તેને મારવું યોગ્ય છે?'' આપે જવાબ આપ્યો.

''ના, અગર તમને પસંદ ન હોય તો તેને વેચી દો યા મુક્ત કરો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમે જે ખાણું ખાતા હોવ તેવું જ તમારા નોકરને આપો. તમે જેવા કપડાં પહેરતા હોવ તેવા કપડા તેઓને પહેરાવો.'' એ પણ કહ્યું કે,

''ત્રણ માણસો સૌથી ખરાબ છે.''

(૧) એકલો મુસાફરસ કરતો હોય,

(૨) કુદરતી નેઅમતોથી લોકોને દૂર રાખતો હોય,

(૩) પોતાના નોકરને મારતો હોય.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સૌથી પહેલાં જન્નતમાં નીચેના માણસો પ્રવેશ કરશે.''



https://downloadshiabooks.com/

(૧) શહીદ,

(૨) ખુદાની ઈબાદત કરનાર અને માલીકનું ભલું ચાહનાર,

(૩) હરામ કાર્યોથી દૂર રહેનાર બાલ-બચ્ચાવાળો માણસ.

## પ્રકરણ-૮૭

## પાડોશી, કુટુંબીજનો અને યતિમોના હક્કો

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે છે કે,

''જીબ્રઈલ મને પાડોશીઓ માટે એટલી બધી નસીહત કરતા કે મને એમ થતું કે તેમને વારસામાં સમાવેશ કરી દેશે.''

આપ સ.મે ફરમાવ્યું કે,

''જે માણસ પોતાના પાડોશીઓને તકલીફ આપશે તો ખુદા તઆલા તેના પર જન્નતની ખુશ્બુ હરામ કરી દેશે. તથા તેનું ઠેકાણું જહન્નમ હશે.''

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ પડોશીઓને તકલીફ નહિ આપે, ખુદા કયામતના દિવસે તેના ગુનાહ માટે દરગુજર કરશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે છે કે,

''ત્રણ માણસો ઘણી મોટી આફત સમાન છે.''

(૧) એ બાદશાહ યા હાકિમ જેની સાથે તમે ઉપકાર કરો તો તમારો આભાર ન માને, અગર કોઈ અપકૃત્ય કરો તો તેને માફ ન કરે,



https://downloadshiabooks.com/

(૨) એ પાડોશી જે જાહેરમાં તમને જોઈ ખુશ થાય, પણ પીઠ પાછળ તમારી સાથે દુશ્મની રાખે. અગર તમારી કોઈ નેકી જૂએ તો તેને છૂપાવે અને તેની કોઈને જાણ પણ ન કરે. અગર તમારામાં કોઈ ખામી જૂએ તો તેને જાહરે કરે અને ઢંઢેરો પીટતો ફરે,

(૩) એ પત્ની કે જયારે તમે હાજર હોવ તો તમને કદી ખુશ ન કરે. અને તમે તેનાથી દૂર હોવ તો તેની પર તમને ભરોસો ન હોય.

પછી ફરમાવ્યું,

"જો કોઈ માણસ પોતાના પડોશીનું ઘર હડપ કરવા તેને તકલીફ પહોંચાડશે તો ખેદા પાક તેનું ઘર બીજા કોઈ પાડોશીને આપી દેશે."

હઝરત ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"પોતાના ઘરની ચારે બાજુ ચાલીસ ચાલીસ ઘર સુધી પાડોશીનો હુકમ લાગે છે."

આપ અ.મે ફરમાવ્યું કે,

"આટો, રોટી, આગ(દિવાસળી-માચીસ) ઉછીની આપવામાં ઈન્કાર ન કરો, આ કામો સદ્‌ચારિત્રમાં ગણાય છે અને રોજીમાં વધારો કરે છે."

કેટલાક કાફિર કેદીઓને હઝરત રસુલેખુદા સ.ની સામે લાવવામાં આવ્યા. તેમાંથી એકની ગરદન ઉડાવી દેવાનો હુકમ આપ્યો. તે જ વખતે જીબ્રઈલ આવ્યા અને કહ્યું,

"અય મોહંમદ સ., તમે જે કેદીની ગરદન ઉડાવી દેવા માગો છો તે કેદી લોકોને ખાણું આપતો, મહેમાનદારી પણ ઘણી



https://downloadshiabooks.com/

કરતો, કુટુંબનું ભરણ પોષણ કરતો, તેમજ સગાવહાલાઓનો ઘણો ખર્ચ પોતે જ ઉપાડી લેતો.'' આપ સ.મે તે કેદીને કહ્યું કે,

''અલ્લાહ તઆલાએ વહી દ્વારા તારા માટે ખબર મોકલાવી છે. જેથી તારી આ સારી આદતોના કારણે કતલમાંથી છૂટકારો આપું છું.'' તે કેદીએ કહ્યું,

''શું તમારો ખુદા આ આદતોને પસંદ કરે છે?'' આપ સ.મે કહ્યું,

''હા,'' તો કેદીએ કહ્યું,

''હું ખુદાના એક હોવા પર અને તમે ખુદાના પયગમ્બર છો તેની સાક્ષી આપું છું. ખુદાની કસમ! આપને હક વાત ફેલાવવા માટે મોકલ્યા છે. હું મારા માલથી કોઈને નાઉમ્મીદ મોકલ્યો નથી.''

ભરોસાપાત્ર હદીસોમાં છે કે,

''વગર હકનો યતિમ(અનાથ)નો માલ ખાવો એ ગુનાહે કબીરામાંથી છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

''જે માણસ યતિમને પોતાના બાલબચ્ચાઓની સાથે રાખી પાલનપોષણ કરે અને તેનો ખર્ચ એ રીતે ઉપાડી લે કે યતિમ બીજા કોઈનો ઓશિયાળો ન રહે, તો ખુદા તેના માટે જન્નત વાજીબ કરશે. જેવી રીતે અનાથનો માલ ખાનાર પર જહન્નમ વાજીબ કરી છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''કોઈ મોમીન યા મોમેના યતિમના માથા પર પ્રેમથી હાથ ફેરવે તો યતિમના એક એક વાળના બદલામાં એક એક નેકી તેના આમાલનામામાં લખશે.''



https://downloadshiabooks.com/

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

"જયારે યતિમ રડે છે ત્યારે, અર્શે ઈલાહી કંપે છે. તે સમયે પરવરદિગાર કહે છે કે આ યતિમને કોણ રડાવે છે? હું મારી ઈજજત અને જલાલની કસમ ખાઉ છું કે જે કોઈ આ યતિમને શાંતવન આપશે, ચૂપ કરી દેશે તેના માટે જન્નત વાજીબ કરી દઈશ."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવ્યું છે કે,

"ખુદા તઆલા કયામતના દિવસે એક ટોળાને કબરોમાંથી ઉઠાડશે કે તેમના મોંઢામાંથી સળગતા અંગારા નીકળતા હશે. આ લોકો યતિમોનો માલ નાહક ખાધો હશે." જેમ કે કુરઆનમજીદમાં **સુરતુન્નીસા આયત-૧૦**માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

"ખરેખર જે લોકો યતિમોનો માલ નાહક ખાઈ જાય છે, તેઓ પોતાના પેટમાં જહન્નમની આગ ભરી રહ્યા છે. તેઓ ટૂંક સમયમાં જહન્નમમાં દાખલ થશે."

## પ્રકરણ-૮૮
## મિત્રો અને મોમીનબંધુઓના હક્કો

હઝરત અલી અ. પોતાના અંતિમ સમયે દિકરા ઈમામ હસન અ.ને વસિયત કરી કે,

"તમે પોતાના ઈમાની ભાઈઓ સાથે ખુદાની ખુશી માટે ભાઈચારો રાખજો અને નેકીઓના લીધે તેમની દોસ્તી રાખો."



https://downloadshiabooks.com/

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

"જે કોઈ ખુદાની ખુશી માટે મોમીનભાઈ સાથે દોસ્તી કરશે તેને જન્નતમાં એક ઘર મળશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"આદિલ (ઈન્સાફ કરનાર)ના ચહેરા તરફ નજર કરવી, આલિમનો ચહેરો જોવો, બાપની તરફ મહેરબાનીથી નજર કરવી, અલ્લાહની ખુશી માટે જે મોમીન સાથે દોસ્તી હોય તે ઈબાદત છે."

હદીસોમાં છે કે,

"મોમીનો સાથે ભાઈચારો અને ઓળખાણ તો આલમે અરવાહમાં જ થઈ ચૂકેલી હોય છે. આ દુનિયામાં જયારે એક બીજાને જોઈએ છીએ તો યાદ આવી જાય છે."

"મોમીન મોમીનનો ભાઈ છે, મોમીનની આંખ છે, મોમીનનો માર્ગદર્શક છે. મોમીન મોમીન પર અત્યાચાર નથી કરતો, મોમીન જૂઠું નથી બોલતો, મોમીન મોમીન સાથે વિશ્વાસઘાત નથી કરતો, બેઈમાની નથી કરતો, ધોકો નથી આપતો, વચન ભંગ નથી કરતો, નીંદા નથી કરતો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવ્યું છે કે,

"કોઈ મોમીન તમારા પર ત્રણ વખત ગુસ્સે થાય. પરંતું એક પણ વખત તમારા માટે કોઈ ખરાબ વાત ન કરે તો તે દોસ્તી તેમજ ભરોસો કરવાને પાત્ર છે."

વધુંમાં ફરમાવ્યું કે,

"તમારા ભાઈ યા દોસ્ત પર અતિશય ભરોસો ન કરો કે તમારા બધા જ ભેદ તેને કહી દો. કેમ કે અગર તે કયારેક



https://downloadshiabooks.com/

તમારાથી વિમુખ થઈ જાય તો તમારા કાબૂમાં કોઈ વાત રહેશે નહિ.''

ઈમામ રઝા અ. ફરમાવ્યું છે કે,

''૨૦ વર્ષની મોહબ્બત સગાઓ બરાબર છે. તેનાથી સંબંધો એવા ઘાટ બને છે જે સંબંધો પોતાના ભાઈ સાથે હોય છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''પોતાના મિત્રો સાથે બરાબરની દોસ્તી રાખો. પોતાની જાતને સંપૂર્ણ સંપૂર્ણ તેના હવાલે ન કરો. એવું પણ બને કે તે કયારેક તમારો દુશ્મન થઈ જાય. એ જ રીતે પોતાના દુશ્મન સાથે અતિશય દુશ્મની પણ ન રાખો શક્ય છે કે કયારેક તમારો દોસ્ત થઈ જાય.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''દુનિયામાં સૌથી સારી બે વસ્તુંઓ છે.''

(૧) મોટું ઘર (૨) વધારે મિત્રો.

હઝરત લુકમાન પોતાના દિકરાને નસીહત કરતાં ફરમાવ્યું કે,

''દોસ્તી ૧૦૦ માણસોથી કરજો. પરંતું દુશ્મની એકથી પણ ન કરજો. નેક લોકોના ગુલામ બની જજો પણ ખરાબ લોકોના બેટા બનવાનું કબૂલ ન કરજો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસને આ પાંચ ચીજો પ્રાપ્ત નથી થઈ તેની જીંદગી કષ્ટદાયક છે.''

(૧) શરીરની તંદુરસ્તી,

(૨) આરામ,

(૩) ધન,



https://downloadshiabooks.com/

(૪) સંતોષ,

(૫) સાચો મિત્ર.

હઝરત અલી અ. ફરમાવે છે કે,

"જે માણસ વિવાદાસ્પદ (તોહમતવાળી) જગ્યાએ જાણી જોઈને જાય અને કોઈ માણસ તેના વિષે બદગુમાન કરે તો તેણે પોતાની જાતને ધિક્કારવી જોઈએ. જે માણસ પોતાના ભેદોને છૂપા રાખે છે તે તેના કાબૂમાં છે. જે વાત બે માણસોથી પસાર થાય છે તે વાત જાહેર થઈ જાય છે. તમારે કોઈની સાથે દોસ્તી થઈ જાય તો તેના કાર્યની કદર કરજો. એટલે સુધી કે તેના માટે સદ્ વિચારની કોઈ તક ચૂકશો નહિ. તેના કોઈ શબ્દો પર બદગુમાન ન કરો. ભલા લોકો સાથે દોસ્તી કરો. જયારે મુસીબતનો સમય આવશે ત્યારે આ લોકો દુશ્મનોને દૂર કરવા માટે તમારી ઢાલ બની જશે. ખુદાથી ડરવાવાળા લોકો સાથે સલાહ મશ્વેરો કરો. મોમીન ભાઈઓથી તેમની પરહેઝગારી મુજબ દોસ્તી કરો. બદચલન સ્ત્રીઓથી બચો. નેક સ્ત્રીઓથી પણ સાવચેત રહો."

હઝરત અલી અ. ફરમાવે છે કે,

"અગર તમે ચાહતા હોવ કે તમને મોભાનું સ્થાન પ્રાપ્ત થાય, તમારી શૌર્ય શક્તિ વધે અને તમારા કાર્યોમાં સુધારો થાય તો નોકરો અને નીચ લોકોને પોતાના કામમાં દખલ ન થવા દો. કેમ કે તેમના પર તમે ભરોસો કરશો તો વિશ્વાસઘાત કરશે, તમારી સાથે વાતચીતમાં જૂઠ્ઠુ બોલશે, તમારી મુસીબતના સમયે મદદરૂપ નહિ થાય. હંમેશા અક્કલમંદને સાથી બનાવો. ભલે તેનો સ્વભાવ સખાવતનો ન પણ હોય. કેમ કે તેની અક્કલથી ફાયદો ઉઠાવો અને તેના ચારિત્રમાં જે બદી છે તેનાથી બચો. સખીની સાથે રહો. ભલે



https://downloadshiabooks.com/

તે અક્કલમંદ ન પણ હોય. કેમ કે તમે તમારી અક્કલથી તેની સખાવતનો ફાયદો ઉઠાવશો. મૂર્ખ અને કંજૂસથી દૂર રહો.''

## પ્રકરણ-૮૯
## મોમીનોના પરસ્પર હક્કો અને માનવ સમુદાય સાથે સદ્‌વર્તન

મોઅલ્લા ઈબ્ને ખનીસ હઝરત ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

''મુસલમાનનો અન્ય મુસલમાન પર શું હક છે?'' ઈમામે જવાબમાં કહ્યું,

''સાત હક્કો છે. તે બધા જ વાજીબ છે. તેમાંથી એકની પણ અવગણના કરનાર ખુદાનો દોસ્ત બની શકતો નથી.'' મોઅલ્લાએ વિનંતી કરી કે,

''તે હક્કો કયા છે?'' ઈમામે કહ્યું,

''મને ડર છે કે તું જાણીને તેની પર અમલ કરીશ નહિ અને તેનો આદર પણ કરીશ નહિ.'' પછી તેના અતિશય આગ્રહના કારણે ઈમામે જણાવ્યું કે, સાત હક્કો આ મુજબ છે.

(૧) તમારા માટે જે તમે પસ્દ કરો, તે દરેક મુસલમાન માટે પણ પસંદ કરો. જે વસ્તું તમને પસંદ ન હોય તે અન્ય માટે પણ પસંદ ન કરો.

(૨) મેસલમાનના ગુસ્સાથી બચો, તેને ખુશ રાખો, તે જે હુકમ કરે તે માનો.



https://downloadshiabooks.com/

(૩) જાન, માલ, જીભ, હાથ-પગથી મુસલમાનની મદદ કરો.

(૪) મુસલમાન માટે આંખ, સરદાર અને અરીસા જેવા બની રહો.

(૫) અગર મુસલમાન ભૂખ્યો હોય તો તેના વિના તમે પણ ખાવા ન ખાઓ. અગર તે તરસ્યો હોય તો તેને બાકાત રાખી તમે પાણી ન પીઓ. અગર મુસલમાન વસ્ત્ર વગરનો હોય તો પહેલાં તેને કપડાંની મદદ કરો.

(૬) અગર તમારી પાસે નોકર હોય અને મુસલમાન પાસે ન હોય તો તમારા નોકરને તેની મદદ માટે મોકલો.

(૭) અગર કોઈ મુસલમાન તમને કોઈ કામ કરવા માટે કસમ આપે તો તે કામ બજાવી લાવો. અગર તમને જમવાનું આમંત્રણ આપે તો સ્વીકારો. અગર તે બીમાર થઈ જાય તો તેના ખબર અંતર પૂછવા જાઓ. અગર તે મરી જાય તો તેના જનાઝામાં જાઓ. તેની કોઈ તમન્ના હોય તો તેને પૂરી કરવાની કોશીશ કરો.

આ મુજબ કરવાથી તેની સાથે મોહબ્બત થઈ જશે.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ ખુદા અને કયામત પર ઈમાન રાખતો હોય તેણે વાયદાઓનું પાલન કરવું જોઈએ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું છે કે,

''મોમીનના મોમીન પર સાત હક્કો વાજીબ છે.''

(૧) મોમીનની હાજરીમાં તનો આદર કરે,

(૨) મોમીન માટે પોતાના દિલમાં મોહબ્બત રાખે,

(૩) પોતાનો માલ મોમીન માટે ખર્ચ કરે,



https://downloadshiabooks.com/

(૪) મોમીનની નિંદા કરવી હરામ સમજે,

(૫) મોમીન બીમાર હોય તો ખબર અંતર પૂછવા જાય,

(૬) મોમીન મુત્યું પામે તો તેના જનાઝામાં જાય,

(૭) મોમીનના મુત્યું બાદ તેની નેકીઓ જ જાહેર કરે.

મૌલાએ કાએનાત હઝરત અલી અ. ફરમાવ્યું કે,

"મુસલમાનના મુસલમાન પર ૬ હક્કો છે."

(૧) જયારે તેની પાસે પહોંચે તો તેને સલામ કરે,

(૨) જયારે તે બીમાર થઈ જાય તો તેના ખબર-અંતર પૂછે,

(૩) જયારે તે છીંકે તો તેના માટે દુઆ કરે,

(૪) જો તે મૃત્યું પામે તો તેના જનાઝામાં હાજર થાઓ,

(૫) જો કોઈ દાવત આપે તો કબૂલ કરો,

(૬) જે ચીજ તમારા માટે પસંદ કરો, તે તેના માટે પણ પસંદ કરો. જે વસ્તું પોતાના માટે પસંદ ન હોય તે તેના માટે પણ પસંદ ન કરો.

હ.રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"સવાર થતાં જો કોઈ મુસલમાન માટે કામ કરવાની ફિકર ન થાય તો તે મુસલમાન નથી. અગર કોઈ મુસલમાન ફરિયાદ કરે કે અય મુસલમાનો મારી ફરિયાદ સાંભળો. અને કોઈ તેની મદદ ન કરે તો તે પણ મુસલમાન નથી." વધુમાં જણાવ્યું કે,

"મને તે માણસથી મોહબ્બત છે જેનાથી લોકોને વધારે ફાયદો પહોંચતો હોય. અગર કોઈ મુસલમાન મુસલમાનને આગ યા પાણીથી થતા નુકશાનને દૂર કરે તેના પર જન્નત વાજીબ થાય છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''મોમીનનો મોમીન પર હક એ છે કે, તેને દિલથી દોસ્ત રાખે, પોતાના માલ કરતાં મોમીનને વધારે ચાહે, તે સફર જાય તો મોમીનના બાલબચ્ચાઓની દેખરેખ રાખે, અગર કોઈ મોમીન પર ઝૂલ્મ કરે તો તેની મદદ કરે, અગર મુસલમાનોનો માલ વેચાતો હોય અને મોમીન ત્યાં હાજર ન હોય તો તેના માટે તેનો હિસ્સો લઈને રાખી દે, મોમીન મૃત્યું પામે તો તેની કબરની ઝિયારત કરતો રહે, તેની પર કોઈ ઝૂલ્મ ન કરે, તેને ધોકો ન આપે, તેની અમાનત હડપ ના કરે, તેને કોઈ ધોકો ન આપે, તેની અમાનત હડપ ન કરે, તેને પસંદ ન હોય તેવી કોઈ વાત ન કરે, અગર તેની સાથે બેહુદી વાતો કરશે તો દોસ્તી તૂટી જશે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. આપે તેને પૂછ્યું,

''તું તારા ભાઈઓને કેવી હાલતમાં છોડ્યા છે?'' તેણે કહ્યું,

''સારી હાલતમાં.'' હઝરતે ફરી પૂછ્યું,

''ધનવાનો ગરીબ તરફ નજર કરે છે? તેમની મુલાકાત કરે છે?'' તેણે કહ્યું,

''ઘણી ઓછી નજર કરે છે અને જવલ્લે જ મુલાકાત કરે છે.'' ઈમામ અ. વધુ પૂછપરછ કરતાં સવાલ કર્યો કે,

''ધનવાનો ગરીબો સાથે કેટલો વ્યવહાર કરે છે?'' તેણે કહ્યું,

''નહિવત વ્યવહાર કરે છે.'' આ સાંભળી હઝરતે કહ્યું કે,

''તેઓ અમારા શીઆ હોવાનો કેવી રીતે દાવો કરે છે?''

હઝરતે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''નેક લોકો સાથે દોસ્તી કરો. ખુદાની ખુશી માટે દોસ્તી કરો. આપસમાં મુલાકાત કરો યા કોઈ મજલીસ (સમૂહ)માં બેઠા હોવ તો અમારા દીનની અને હદીસોની ચર્ચા કરો.''

## પ્રકરણ-૯૦
## મોમીનોની મદદ કરવી

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જેણે એક મોમીનને ખુશ કર્યો, તેણે મને ખુશ કર્યો. જે મને ખુશ કર્યો, તેણે ખુદાને ખુશ કર્યો.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''મોમીનો સાથે હસમુખ ચહેરે મુલાકાત કરવી અને તેના શરીર પરથી ધૂળ ખંખેરવી નેકી છે. મોમીનને ખુશ કરવાથી વધીને બીજી કોઈ ઈબાદત ખુદાને પસંદ નથી.''

ઈમામે વધુમાં ફરમાવ્યું કે,

ખુદાતઆલાએ આપણા નબી હ.ઈસા અ.ને કહ્યું કે,

''મુસા! મારા કેલાક બંદાઓ એવા છે કે તેમને હું ફક્ત જન્નત નહિ આપું પરંતું તેઓને જન્નતના સરદાર પણ બનાવીશ.'' હઝરત મુસા અ. વિનંતી કરી,

''અય પરવરદિગાર તે લોકો કોણ છે?'' જવાબ મળ્યો,

''તે મોમીનો છે જે અન્ય મોમીનોને ખુશ કરે છે.''

વધુમાં ઈમામ અ. ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

હઝરત મુસા અ. એક ઝાલીમ બાદશાહના રાજ્યમાં રહેતા હતા. તે બાદશાહ હઝરત મુસા અ.ને તકલીફ આપવા માટે તલપાપડ રહેતો. હઝરત મુસા અ. ત્યાંથી કાફીર બાદશાહના રાજયમાં ચાલ્યા ગયા. તેમણે કાફિરોને ત્યાં આશરો લીધો. તે કાફિર તેમને રહેવા માટે ઘર આપ્યું અને જમવાનો બંદોબસ્ત કર્યો. તથા તેમની સાથે ખૂબ જ મહેરબાનીની સાથે પેશ આવ્યો. કાફીરને આ મહેમાનદારી કરવાનો એ બદલો મળ્યો કે જયારે કાફીરને મરવાનો સમય નજીક આવ્યો તો ખુદા તરફથી અવાજ આવ્યો કે, મારી ઈજજતો જલાલની કસમ ખાઉં છું કે જન્નતમાં તારા માટે કોઈ જગ્યા હોત તો જરૂર તને જન્નતમાં જગા આપી દેત. પરંતું કાફીરોને જન્નતમાં જગા મળી શકે નહિ. તેથી જહન્નમની આગને હુકમ કરૂં છું કે તને ન સળગાવે, ન ડરાવે અને ફરિશ્તા સવાર સાંજ તને ખાવાનું પહોંચાડે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ મોમીનને ખુશ કરે તો તેણે માત્ર તે મોમીનને જ નહિ પરંતું હુઝુર સ.ને ખુશ કર્યો છે.''

એક હદીસમાં આપે ફરમાવ્યું કે,

''જે માણસ કોઈ એક મોમીનને ખુશ કરે છે, અલ્લાહ તઆલા હજારો નેકીઓ તેના આમાલનામામાં લખે છે.''

એક અન્ય હદીસમાં આપ અ.મે ફરમાવે છે કે,

''જે માણસ મોમીનભાઈની એક હાજત પૂરી કરશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની એક લાખ હાજતો પૂરી કરશે. જેમાંથી એક તો જન્નત છે. બીજું એ કે તે પોતાના સગાવહાલાઓ અને દોસ્તોને પણ જન્નતમાં લઈ જશે. શરત એ કે તે નાસબી ન હોય.''



https://downloadshiabooks.com/

એ પણ ફરમાવ્યું કે,

"મોમીનની એક હાજત પૂરી કરવી ૨૦ હજથી બહેતર છે. જેમાં દરેક હજમાં એક લાખ દીરહમ ખર્ચ હોય."

"જયારે કોઈ માણસ મોમીનની હાજત પૂરી કરવા સામે ચાલીને જાય છે તો અલ્લાહ તઆલા તેની જમણી અને ડાબી બાજુ બે ફરિશ્તા નિયુક્ત કરે છે. જેઓ તેના માટે ઈસ્તિગ્ફાર કરે અને તેના માટે દુઆઓ માંગે કે તેની હાજતો પૂરી થાય."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"અગર કોઈ મોમીન પોતાના કોઈ મોમીન ભાઈ પાસે કોઈ હાજત લઈને આવે અને તે મોમીન તેની હાજત પૂરી કરવા શક્તિમાન ન હોય તેના જેથી તેનું દિલ ગમગીન થાય તો ખુદા તઆલા તેના ગમગીન થવાના કારણે તેની પર જન્નત વાજીબ કરશે."

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

"ખુદાના એવા પણ બંદા છે જે લોકોની હાજત પૂરી કરવા તત્પર રહે છે. તેઓ કયામતના દિવસે નિશ્ચિંત અને નિર્ભય હશે. જે મોમીનના દિલને ખુશ કરે છે ખુદા તેના દિલને ખુશ કરે છે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જે માણસ મોમીનભાઈની હાજત પૂરી કરવા ચાલીને જાય તો ખુદા તઆલા ૭૫૦૦૦ (પંચોતેર હજાર) ફરિશ્તા તેની સાથે મોકલે છે કે તેના દરેક કદમ પર એક નેકી લખે અને એક ગુનો માફ કરે અને એક દરજજો વધારે. જયારે તેની હાજત પૂરી કરી દે ત્યારે એક હજ અને એક ઉમરહનો સવાબ તેના નામેઆમાલમાં લખે."

ઈમામ જાફરે સાદિક અ.મે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"જે માણસ મોમીન ભાઈના ગમને દૂર કરશે, ખુદા કયામતના દિવસે તેના બધા જ ગમને દૂર કરશે. જયારે તે કબરમાંથી બહાર આવશે ત્યારે તેનું દિલ ખુશ અને સંતોષી હશે. કોઈ બિરાદરે મોમીનને જમાડે તો ખુદા તેને જન્નતના મેવા ખવડાવશે. કોઈને પાણી પીવડાવે તો ખુદા તેને જન્નતનું મધુર પીણું પીવડાવશે."

હઝરત ઈમામ સજજાદ અ. ફરમાવે છે કે,

"જે માણસ મોમીનભાઈની એક હાજત પૂરી કરશે તો ખુદા તેની ૧૦૦ હાજતો પૂરી કરશે તો ખુદા તેની (એક સો) હાજતો પૂરી કરશે. તેમાં એક જન્નત હશે."

આપે ફરમાવ્યું કે,

"કોઈ માણસ ઝાલિમના વિરૂધ્ધ કોઈ મોમીનની મદદ કરશે તો ખુદા પૂલે સિરાત પરથી પસાર થવામાં તેને એ સમયે મદદ કરશે જયારે લોકોના પગ ધ્રૂજતા હશે."

"અગર કોઈ મોમીન મોમીનના મૃત્યું બાદ તેને કફન પહેરાવે તો, ખુદા પાક તેને એટલો સવાબ આપશે કે જાણે તે જન્મથી મરણ સુધી તેને કપડાં પહેરાવ્યા હોય."

"કોઈ મોમીન પોતાના મોમીનભાઈને એવી સ્ત્રી સાથે રિશતો કરાવી આપે જે તેનાથી મોહબ્બત કરતો હોય તો, ખુદા પાક એક ફરિશતાને તેની કબરમાં મદદ કરવા માટે મોકલશે. મદદ કરનાર માણસ પોતાના કુટુંબમાં સૌથી વધું જેને ચાહતો હશે તેની જ સુરતમાં ફરિશતો આવશે અને તેની પાસે રહેશે."

"અગર કોઈ મોમીન બીમાર મોમીનના ખબર અંતર પૂછવા જાય તો ફરિશ્તા ચારે બાજુંથી તેને ઘેરી લે છે અને કહે છે



https://downloadshiabooks.com/

તને જન્નત મુબારક થાય.'' પછી થોડુંક અટકીને ઈમામ અ.મે કહ્યું,

''ખુદાની કસમ! મોમીનની એક હાજત પૂરી કરવી ખુદાની નજરમાં પવિત્ર મહિના (રજબ, ઝીલ્કાદ, ઝીલ્હજ, મોહર્રમ)માંથી બે મહિના સળંગ રોઝા રાખવા અને એઅતેકાફ રાખવાથી શ્રેષ્ઠ છે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''કયામતના દિવસે ખુદાએ એક છાંયડાને નિશ્ચિત કરેલ છે. જેના નીચે નબીઓ, વસીઓ યા તે મોમીનો હશે, જે કોઈ મોમીન બંદાને આઝાદ કર્યો હશે, યા કોઈ મોમીન બંદાનું દેવું ચૂકતે કર્યું હશેપ યા કોઈ મોમીન બંદાની શાદી કરાવી હશે.''

ઈમામ ઝયનુલ આબેદીન અ. ફરમાવે છે કે,

''તમે બધા જ મુસલમાનોને પોતાના દોસ્ત અને સગાવહાલા માનો. જેટલા ઘરડા છે, વડિલો છે તેમને બાપની જેમ જાણો. જેટલા બાળકો છે તેમને પોતાની ઓલાદની જેમ માનો. જેટલા સરખી ઉંમરના છેતેઓને પોતાના ભાઈ સમજો. હવે તમે જ બતાવો કે તમે કોના પર ઝૂલ્મ કરવાનું પસંદ કરશો? બૂરૂં ભલું કોને કહેશો? કોના અવગુણો જાહેર કરશો? અગર શયતાન તમને ધોકો આપવા ચાહે કે તમે પોતે બીજાઓ કરતાં મહાન છો. તો આ અભિમાનને દૂર કરવાનો ઉપાય એ છે કે, જે માણસને તમે ઉમ્રમાં મોટો જૂઓ તો તેના માટે એમ વિચારો કે તે ઈમાન અમલમાં મારાથી નેક છે અને મારાથી પહેલાં છે. તેથી મારાથી શ્રેષ્ઠ છે. થેઓ તમારાથી ઉમ્રમાં નાના છે તેના માટે એવું વિચારો કે, મારા ગુનાહ તેનાથી વધારે છે. તેથી તે મારાથી શ્રેષ્ઠ છે. અગર તે તમારી ઉંમરનો હોય તો એવો વિચાર કરો કે, મને



https://downloadshiabooks.com/

માર૨ા ગુનાહોનું યકિન છે અને તેના ગુનાહો માટે શક છે અને શકને યકિન પર પ્રભૂત્વ આપવામાં નથી આવતું. તેથી તે પણ મારાથી શ્રેષ્ઠ છે.''

''અગર લોકો તારી ઈજજત કરે તો એમ વિચાર કે, આ તેમની પોતાની નેકી અને સદ્કાર્ય છે. એટલે તેમના સ્સ્કારને લીધે મારી ઈજજત કરે છે. અગર તે લોકો તારી ઈજજત ન કરે તો એમ વિચાર કે આ મારા બદ ચારિત્રના લીધે છે.''

''આ મુજબ વિચારવાથી જીંદગી જીવવાનું આસાન થઈ જશે, દોસ્ત વધશે, દુશ્મનો ઓછા થશે, લોકોની નેકીથી તમે ખુશ થશો અને ખરાબ લોકોથી તમને ગમગીની થશે નહિ. યાદ રાખો! લોકોની નજરમાં સૌથી વધારે ઈજજત તે માણસની છે જે પોતાના માટે ઘર બેઠાં ખુશ ખબરો સાંભળે તેમ છતાં તે વાતની પરવા ન કરે, અભિમાન ન કરે. પછી તે માણસનો નંબર છે જે મોહતાજ હોય પણ કોઈની સામે સવાલ ન કરે. કારણ કે દુનિયાવાળા બધા જ માલને ચાહે છે. જે માણસ માલની બાબતમાં કોઈની તકલીફ ન આપે તે સૌથી વધું પસંદ કરવા લાયક છે. જો માગવાના બદલે પોતાના માલમાંથી તેઓને આપી દે તેની મહાનતાની કોઈ હદ નથી. તે અતિ મહાન છે.''

એક હદીસમાં ઈમામ અ. ફરમાવેલ છે કે,

''કોઈ માણસ મોમીન ભાઈની હાજત પોતે યા બીજા થકી પૂરી કરવા શક્તિમાન હોય છતાં તેને રોકી લે અને તેની હાજત પૂરી ન કરેતો, ખુદા તઆલા કયામતના દિવસે તેની એવી હાલત કરશે કે તેનો ચહેરો કાળો હશે, આંખો વાદળી, હાથ ગળા પર બાંધેલા અને ગળામાં કોટાળો હાર હશે. પછી કહેશે કે આ તારી



https://downloadshiabooks.com/

બેઈમાનીની સજા છે જે તું ખુદા અને રસુલ સ.ના હાથે કરી. પછી હુકમ થશે આ માણસને જહન્નમમાં ધકેલી દો.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''કયામતના દિવસે ત્રણ માણસો અર્શના છાંયડામાં હશે. તે દિવસે તેના સિવાય બીજે કયાંય છાંયડો નહિ હોય.''

(૧) જે કોઈ મુસલમાનભાઈની શાદી કરાવે,

(૨) જરૂરતના સમયે મુસલમાનભાઈને પોતાનો નોકર આપે,

(૩) મોમીનભાઈનો ભેદ છૂપાવે.

## પ્રકરણ-૯૧
## બીમાર મોમીનોની મુલાકાત

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઈ માણસ ખુદાની ખુશી માટે મોમીનભાઈની મુલાકાત માટે જાય તો ખુદા તઆલા તેના માટે ૭૦૦૦૦ હજાર ફરિશ્તા મોકલે છે કે તે પોતાના ઘર પાછો ફરીને આવે ત્યાં સુધી અવાજ આપે છે કે તું બહુ જ ખુશ નસીબ છે. જન્નત તને મુબારક થાય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''કોઈ માણસ મોમીનભાઈની મુલાકાત માટે તેના ઘરે જાય તો ખુદાતઆલા કહે છે કે તું મારો મહમાન છે અને મારી જ મુલાકાત લેવા આવ્યો છે. તારી મહેમાનદારી મારીની જીમ્મેદારી



https://downloadshiabooks.com/

મારી છે. કેમ કે તું મારા મોમીનભાઈને દોસ્ત રાખે છે. તેને લીધે હું પણ તારા ઉપર જન્નતને વાજીબ કરી દીધી.''

ઈમામ જાફરે સાદિક અ. દાઉદ ઈબ્ને સરહાનને કહ્યું કે,

''મારા શીઆઓને મારા સલામ પહોંચાડશો અને કહેશો કે જે લોકો આપસમાં બેસી અમારી હદીસોની ચર્ચા કરે છે ખુદા તે બંદાઓ પર રહેમત ઉતારે છે. તેમની પાસે એક ફરિશતો હોય છે જે તેઓના ગુનાહોની માફી ચાહે છે અને તમે લોકો આપસમાં ભેગા મળી અમારી હદીસની ચર્ચા કરો છો તેનાથી અમારો ધર્મ તમારા માટે જીવંત બની જાય છે. અમારા પછી સૌથી વધારે નેક માણસ એ છે જે અમારી હદીસોની ચર્ચા કરે અને અમોને યાદ કરે.''

એક અન્ય હદીસમાં ઈમામ અ. ફરમાવે છે કે,

''જે લોકો અમારા પર એહસાન ન કરી શકે તેઓ અમારા શીઆઓમાંથી જે નેક લોકો છે તેમની સાથે ભલાઈ કરે. તેના આમાલનામામાં તે જ સવાબ લખવામાં આવશે જે અમારી સાથે ભલાઈ કરવાથી લખવામાં આવે છે. જે અમારી મુલાકાત કરવાની શક્તિ ન ધરાવતો હોય તે માણસ નેક શીઆઓની મુલાકાત માટે જાય. અમારી મુલાકાતના સવાબ જેટલો જ સવાબ લખવામાં આવશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ ખુદાની ખુશી માટે કોઈ બીમારના ખબર અંતર પૂછવા જાય તો ખુદા વંદ એક ફરિશ્તાને નક્કી કરી છે કે કબરમાં તેના ખબર અંતર પૂછવા આવે અને કયામત સુધી તેના માટે નજાતની દુઆ કરે.''

હઝરત ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''બીમાર માણસ પોતાની તબિયત અંગે પૂછપરછ કરવા આવતા મોમીનોને મુલાકાત માટે રજા આપે. કેમ કે જે લોકો આવશે તેઓની એક એક દુઆ કબૂલ થશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ મોમીનભાઈના ખબર અંતર પૂછવા જાય તો બીમારને પોતાના માટે દુઆ કરવાનું કહે. કેમ કે બીમાર મોમીનની દુઆ ફરિશ્તાની દુઆની હેસિયત રાખે છે.''

ઈમામ અ.મે ફરમાવેલ છે કે,

''આંખ દુ:ખવા આવે તો દર્દીની મુલાકાત ન કરવામાં આવે. અન્ય બીમારીઓમાં શરૂંઆતના ત્રણ દિવસ સતત ખબર પૂછવા જોઈએ. ત્યાર બાદ એકાંતરે મુલાકાત લેવી જોઈએ. અગર બીમારી લંબાઈ જાય તો બીમારને તેના બાલ-બચ્ચાઓ સાથે રાખવામાં આવે. તેના અવાર નવાર સમાચાર લેવામાં આવે.''

એ પણ ફરમાવ્યું કે,

''બીમારને જોવા યા ખબર અંતર પૂછવા જાઓ તો બીમાર માટે સફરજન, બેહી(ફળ) યા ખુશ્બુ, ઔદ વગેરે પોતાની સાથે લઈ જાય. તેનાથી બીમારને આરામ મળે છે.''

ફરમાવ્યું કે,

''બીમારની મુલાકાત ત્યારે જ પરિપૂર્ણ થાય છે કે બીમારના બાવડા પર પોતાનો હાથ રાખી બીમારની તંદુરસ્તી માટે દુઆ કરે અને ત્યાંથી જલદી પાછા ફરે. કારણ કે કેટલીકવાર અતિશય મુલાકાતીઓ દર્દીને પોતાની બીમારી કરતાં વધારે તકલીફ પહોંચાડે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''બીમારના ખબર અંતર પૂછનારાઓમાં સૌથી વધુ સવાબ એને મળે છે જે સમાચાર પૂછી તરત જ દૂર ખસી જાય. સિવાય કે દર્દી પોતે જ તેને પોતાની પાસે બેસવાનું પસંદ કરે અને બેસવા માટે વિનંતી કરે.''

## પ્રકરણ-૯૨
## લાચાર મોમીનોની મદદ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઈ માણસ મોમીનને પેટ ભરીને જમાડે તો તેના માટે જન્નત વાજીબ થઈ જાય છે. અગર કાફિરને જમાડે તો ખુદા તેના પેટને જહન્નમના કાંટાથી ભરી દેશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયાં પાણી ઉપ્લબ્ધ હોય તેવી જગ્યાએ કોઈ મુસલમાનની તરસ છીપાવે તો ખુદા તેના બદલામાં ૭૦૦૦૦ (સીત્તેર હજાર) નેકીઓ આપશે. જયાં પાણી ઉપ્લબ્ધ ન હોય યા ઓછું હોય તેવી જગ્યાએ પાણી પીવરાવે તો હ.ઈસ્માઈલ અ.ની ઓલાદમાંથી ૧૦ ગુલામોને આઝાદ કરવા જેટલો સવાબ મળે છે.''

''કોઈ મોમીન ભાઈને ખુદાની ખુશી માટ જમાડ તો એક લાખ ગેરમોમીનોને જમાડવા જેટલો સવાબ મળે છે.''

અન્ય એક હદીસમાં છે કે,

''નીચેના ચાર કામમાંથી કોઈ પણ એક કામ કરશે તો જન્નત મળશે.''

(૧) તરસ્યાને પાણી પીવરાવવાથી,



https://downloadshiabooks.com/

(૨) ભૂખ્યાને પેટ ભરી જમાડવાથી,

(૩) નવસ્રાને કપડાં પહેરાવવાથી,

(૪) મુસીબતમાં હોય તે ગુલામને આઝાદ કરાવવાથી.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ખુદાની નજરમાં ત્રણ કામો સૌથી શ્રેષ્ઠ છે."

(૧) ભૂખ્યા મુસલમાનને પેટ ભરીને જમાડો,

(૨) મુસલમાનભાઈનું દેવું ચૂકતે કરવું,

(૩) મુસલમાનભાઈના ગમ-દુઃખને દૂર કરવું. પછી કહ્યું કે,

"જે ઘરમાં ભૂખ્યાઓને ખાવાનું આપવામાં આવતું નથી તે ઘરમાંથી બરકત એના કરતાં ઝડપથી ચાલી જાય છે જેટલી ઝડપથી ઊંટની પીઠમાં છૂરી ઉતરી જાય છે."

ઈમામ ઝયનુલ આબેદીન અ. ફરમાવે છે કે,

"જેની પાસે વધારે કપડાં હોય અને તે જાણતો હોય કે કોઈ મોમીન ભાઈને તેની જરૂરત છે, અગર જો તે તેને ન આપે તો ખુદા તઆલા તેને ઊંધા માથે જહન્નમમાં ધકેલી દેશે."

જે માણસ પેટ ભરીને જમે અને તેનો મોમીન પાડોશી ભૂખ્યો રહે તો ખુદા ફરિશ્તાઓને કહે છે કે,

"હું તમને સાક્ષી રાખું છું કે, આ બંદો મારા હુકમનો અનાદર કર્યો છે અને અન્યનું અનુંસરણ કર્યું છે. તેને તેના અમલ પર છોડી દીધો. હું તેને કયારેય બક્ષીશ નહિ."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"કોઈ માણસ પેટ ભરીને સૂએ અને તેનો મુસલમાનભાઈ ભૂખ્યો રહે તો તે મારા પર ઈમાન નથી લાવ્યો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"કોઈની પાસે મકાન હોય અને કોઈ મોમીનને તે મકાનમાં રહેવાની જરૂરત પડે પણ મકાન માલિક રાજી ન થતો હોય તો ખુદા ફરિશ્તાઓને કહે છે કે, મારા આ બંદાએ જરૂરતમંદ બંદાને દુનિયાનું મકાન આપવામાં કંજૂસાઈ કરી. હું મારી ઈજજતની કસમ ખાઉં છું કે તેને કયારેય જન્નતમાં નહિ જવા દઉં."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"અગર કોઈ મુસલમાનોના રસ્તામાંથી એવી વસ્તું હટાવી દે જે તેઓને તેનાથી તકલીફ પહોંચતી હોય તો ખુદા વંદે આલમ કુરઆનની ચારસો (૪૦૦) આયતો પઢવાનો સવાબ તેના આમાલનામામાં લખે છે. જેના દરેક અક્ષરના બદલામાં દસ નેકીઓ મળશે."

એક રિવાયતમાં ફરમાવેલ છે કે,

"એક માણસ એટલા માટે જન્નતમાં દાખલ થશે કે તેણે મુસલમાનોના રસ્તામાંથી એક કાંટો ખસેડ્યો હતો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કોઈ માણસ પોતાની હાજત જણાવે તે પહેલાં તેના માટે તોહફો મોકલવો એ સારી વાત છે." આ પણ ફરમાવ્યું કે,

"આપસમાં ભેટ-સોગાતોની આપ-લે કરો કે તેનાથી દિલમાંથી કપટ દૂર થાય છે. જે વાસણમાં ભેટ સોગાત આવી હોય તેને તરત જ પરત કરો. જેથી ફરી તે વાસણમાં ભેટ મોકલવામાં આવે."

**"જે કોઈ ખુદાની ખુશી માટે મોમીનભાઈ સાથે દોસ્તી કરશે, તેને જન્નતમાં એક ઘર મળશે."**

**(ઈમામ રઝા અ.)**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૯૩
# નિરાધાર લોકો સાથે વર્તન

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"ગરીબ મોમીન માલદાર મોમીન કરતાં ૪૦ વર્ષ પહેલાં જન્નતમાં જશે. તેનું ઉદાહરણ જકાતનાકા પાસેથી પસાર થતા બે જહાજ જેવું છે. જે જહાજ ખાલી હશે તેને જલદીથી મુક્ત કરવામાં આવશે અને જે જહાજ માલથી ભરેલું હશે તેનું કસ્ટમ થશે, માલની તપાસ થશે અને ઝકાત લેવા માટે રોકી રાખવામાં આવશે."

બીજી હદીસમાં છે કે,

"જેમ જેમ બંદાનું ઈમાન વધતું જાય છે તેમ તેમ રોજી ઓછી થતી જાય છે. અગર મોમીન રોજી માટે આજીજીપૂર્વક દુઆ ન કરતો હોય તો હજું પણ હાલત વધારે તંગ થઈ જાત."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"અલ્લાહ તઆલાનો દીન ગરીબ મોમીનો પર વધારે મહેરબાની કરશે. ખુદા કયામતના દિવસે ગરીબ મોમીનોને કહેશે કે હું તમને દુનિયામાં એટલા માટે ગરીબ બનાવ્યો ન હતો કે તમે મારી નજરમાં તુચ્છ હતા. આજે તમે જોશો કે હું તમારી સાથે કેવું વર્તન કરૂં છું. દુનિયામાં જે જે લોકો તમારી સાથે ભલાઈ કરી હોય તેના હાથ પકડી લો અને તેઓને શરમ સંકોચ વગર જન્નતમાં લઈ જાઓ." ટોળામાંથી એક ગરીબ કહેશે કે,

"હે ખુદા! દુનિયામાં આ લોકો પાસે ખૂબસુરત સ્ત્રીઓ હતી, સારા સારા વસ્ત્રો હતા, સ્વાદિષ્ટ ભોજન લેતા હતા, મોટા મોટમ



https://downloadshiabooks.com/

મહેલોમાં રહેતા હતા, જાત જાતના ઘોડાઓ (વાહનો) પર સવાર થતા હતા. આજે અમને પણ એવી જ બક્ષીસોથી નવાજ.'' જવાબમાં ખુદા કહેશે કે,

''જે જે નેઅમતો તેમને દુનિયાની શરૂંઆતથી લઈને અંત સુધીમાં તેમને આપી હતી તેનાથી સીત્તેર ઘણી નેઅમતો દરેકને આપી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''હઝરત રસુલેખુદા સ.ની પાસે ઉમદા વસ્ત્રો પહેરીને એક ધનવાન આવ્યો અને આપની સામે બેસી ગયો. ત્યાર પછી કંગાલ હાલતમાં મેલા ઘેલા કપડાં પહેરેલો એક ગરીબ માણસ આવી તે ધનવાન પાસે બેઠો. તે ધનવાને પોતાના કપડાં ગરીબ પાસેથી સંકેલી લીધા.'' રસુલેખુદા સ. તે ધનવાનને ઠપકો આપ્યો કે,

''શું તું ડરી ગયો કે તેની ગરીબાઈ તારા કપડોમાં ચોંટી જશે?'' ધનવાને કહ્યું,

''ના.'' રસુલ સ.મે કહ્યું,

''તો શું તને એ વાતનો ડર હતો કે તારી અમુક દોલત તેની પાસે ચાલી જશે?'' તેણે કહ્યું,

''ના.''

શું તને એમ હતું કે તારા કપડાં મેલા થઈ જશે? તેણે કહ્યું,

''ના.''

''તો પછી તું આવું પગલું કેમ ભર્યું?'' ધનવાને કહ્યું,

''યા રસુલુલ્લાહ! મારો એક સાથી (નફસ) કે જે શયતાનનથી પણ વધારે ખરાબ છે. તે દરેક ખરાબીને મારી નજરમાં ખૂબસુરત શણગારીને લાવે છે અને દરેક ભલાઈને



https://downloadshiabooks.com/

ખરાબ ચીતરીને મારી સામે લાવે છે. ગરીબ સાથેના વર્તનમાં મારી ભૂલ થઈ છે. તેના બદલામાં મારી અડધી દોલત આ ગરીબને આપું છું.''

હઝરતે ગરીબને કહ્યું,

''શું તું આ કબૂલ કરે છે?'' તેણે કહ્યું,

''ના.'' ધનવાને કહ્યું,

''કેમ નહિ?'' ગરીબે જવાબ આપ્યો,

''મને ડર છે કે હું પણ તમારા જેવો ઘમંડી બની જાઉં.''

ઈમામ જાફરે સાદિક અ. એક તંગદસ્ત માણસને સવાલ કર્યો કે,

''તું કયારેક બજારમાં પણ જાય છે? અને એવી વસ્તુંઓ પણ જૂએ છે કે તું ખરીદવાની શક્તિ ધરાવતો ન હોય?'' તેણે કહ્યું,

''હા.'' હઝરતે કહ્યું,

''તું એવી વસ્તું જૂએ જે વસ્તું ખરીદવા પર શક્તિમાન ન હોય તો તારા આમાલનામામાં એક નેકી લખવામાં આવે છે.''

ઈમામ મુસીએ કાઝીમ અ. ફરમાવે છે કે,

''ખુદા તઆલા કહે છે હું ધનવાનોને એટલા માટે દોલત નથી આપી કે તેઓ મારી નજરમાં કોઈ ઈજજત ધરાવે છે? તથા ગરીબો ગરીબોને એ માટે ગરીબ નથી બનાવ્યા કે તેઓ મારી નજરમાં હલકા છે? પરંતું હું ગરીબો થકી ધનવાનોની પરીક્ષા લીધી છે. જો ગરીબો ન હોત તો, ધનવાનોને જન્નતનું રૂપ પણ જોવું નસીબ ન થાત.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જો કોઈ માણસ મોમીનને તેની ગરીબીના લીધે તુચ્છ સમજે તો ખુદા તઆલા કયામતના દિવસે તમામ દુનિયાના લોકો સામે તેને અપમાનિત કરશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સૌથી વધું બેઈજજત તે માણસ છે જે બીજાની બેઈજજતી કરે છે.''

ઈમામ અલી ઈબ્ને અબુતાલીબ અ. ફરમાવે છે કે,

''પોતાના ગરીબ મોમીનને તુચ્છ ન સમજો. કેમ કે જે માણસ મોમીન ભાઈને હલકો સમજશે તો ખુદા તૌબા સિવાય બીજી કોઈ પણ રીતે તે મોમીનની સાથે જન્નતમાં દાખલ કરશે નહિ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ લોકોની મજાક ઉડાવે છે, જાણે તેને મોહબ્બતની કોઈ પરવા જ નથી. ગરીબ મોમીનને તુચ્છ ના સમજો. જે માણસ કોઈ ગરીબ મોમીનને તુચ્છ જાણે છે, ખુદા તેને તુચ્છ સમજે છે અને જયાં સુધી તૌબા નથી કરતો, ત્યાં સુધી નારાજ રહે છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''કોઈમુસલમાન માટે બીજા મુસલમાનને ડરાવવું અને ધમકાવવું ઉચિત નથી.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''કોઈ માણસ માન મર્યાદા જાળવી અદબથી વાતચીત કરીને મોમીનભાઈની ઈજજત વધારે યા તેની હાજત પૂરી કરે યા તેનો કોઈ ગમ, દુઃખ દૂર કરે તો જેટલો સમય તે કામમાં રોકાએલો હશે ખુદા પાકની રહેમત અને સાયો તેના માથા પર રહેશે.''



https://downloadshiabooks.com/

અ પણ ફરમાવ્યું કે,

"મોમીનને ગાળ આપવી ગુનાહે કબીરા છે. મોમીનથી લડવું કુફ્ર છે. તેની નીંદા કરવી ખુદાની નાફરમાની છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કોઈ માણસ મોમીનને હુકુમત દ્વારા નુકશાન પહોંચાડવાની માત્ર ધમકી આપે અને કોઈ નુકશાન ન પણ પહોંચાડે તો પણ તે જહન્નમમાં જશે. અગર કોઈ માણસ મોમીનને ધમકી આપે અને નુકશાન પણ પહોંચાડે તો તે જહન્નમમાં ફિરઔન અને તેની ઓલાદની સાથે હશે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"કોઈ માણસના મોંમાંથી લાનત (ફિટકાર)ના શબ્દો નીકળે તો તે અહીં તહીં ફરે છે જે તેને લાયક હોય તેના પર પડે છે. નહિતર લાનત મોકલનાર તરફ પાછી ફરે છે."

બીજી એક હદીસમાં ફરમાવ્યું કે,

"કોઈ માણસ મોમીનભાઈને હંમેશા ઠપકો આપતો ફરે તો તેનું મોત અતિ ખરાબ હશે. તેની આખેરત પણ બગડશે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે મોમીનને ત્યાં એવી રૂકાવટ હોય કે બીજો મોમીન તેની પાસે પહોંચી ન શકે તો ખુદા તઆલા કયામતના દિવસે જન્નત અને તેની વચ્ચે ૭૦ હજાર દિવાલો રાખશે કે દરેક દિવાલની પહોળાઈ હજાર-હજાર વરસના રસ્તા બરાબર હશે અને દરેક દિવાલથી બીજી દિવાલ સુધી ૭૦ હજાર વરસનો રસ્તો જુદો હશે."

એક અન્ય હદીસમાં ફરમાવેલ છે કે,



https://downloadshiabooks.com/

''કોઈ માણસ મોમીનભાઈની મદદ કરવા શક્તિમાન હોય તેમ છતાં મદદ ન કરે તો ખુદાવંદ દુનિયા અને આખેરતમાં તેની મદદ કરશે નહિ.''

ઈમામ હસન અસ્કરી અ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસ કમજોર મોમીનભાઈને રસ્તામાં સવારી પરથી જમીન પર પડેલો જૂએ, તેની કોઈ ફરિયાદ સાંભળનાર ન હોય તેવા સમયે તની ફરિયાદ સાંભળે અને પોતાની સવારી પર મોમીનને બેસાડી તેનો બધો જ સામાન પણ સવારી પર રાખે તો, ખુદા તઆલા કહે છે કે, અય બંદા! મોમીનભાઈની મદદમાં તું તારી જાતને ખૂબ જ તકલીફ આપી, તારી શક્તિથી વધારે તકલીફ લીધી. હું તારી મદદ માટે એટલા ફરિશ્તા મોકલું છું કે જેમની ગણતરી આ દુનિયાના આરંભથી અંત સુધી પેદા થએલા અને થનાર માણસોથી વધારે છે. દરેક ફરિશ્તાની તાકાત એટલી છે કે બધા જ આસમાન અને બધી જ જમીનોને ઉપાડી લેવું તેમના માટે આસાન છે. તારા માટે જન્નતમાં મહેલો બનાવે, તારા દરજજામાં વધારો કરતા રહે, તું જે સમયે જન્નતમાં પહોંચે ત્યારે તારી ગણતરી જન્નતના બાદશાહોમાં થવા લાગે.''

''જાન-માલને નુકશાન પહોંચાડનાર કોઈ ઝાલીમના સકંજામાંથી કોઈ લાચાર, કમજોર મોમીનને બચાવે તો ખુદા તઆલા તેની વાતચીતના શબ્દો જેટલા, તેના બધા જ કામોના બરાબર અને મોમીનને બચાવવામાં જેટલો સમય લાગ્યો હોયતેટલી સંખ્યાના લાખ ગણા ફરિશ્તા પેદા કરશે કે માણસોને ગુમરાહ કરતા શયતાનને દૂર કરતા રહે. જેણે મોમીનની નાની નાની તકલીફો દૂર કરી હશે તે દરેકના બદલામાં જન્નતમાં એક



https://downloadshiabooks.com/

લાખ ગીલમાન અને એક લાખ હુરો મળશે. તેઓ તેની ઈજજત અને સેવા કરશે અને કહેશે કે, તું મોમીન ભાઈની જાન-માલની હિફાઝત કરી હતી, તેમની તરલીફો દૂર કરી હતી. અમે તેનો બદલો આપીએ છીએ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ ઘરડા માણસની તેના ઘડપણના કારણે ઈજજત કરે અને માન મર્યાદા જાળવે તો ખુદા તઆલા કયામતના ડરથી તેને નિર્ભય કરશે. સફેદ દાઢીવાળા મોમીનનો આદર સત્કાર એ ખુદાનો આદર સત્કાર છે.''

એ પણ ફરમાવ્યું કે,

''જે લોકો નાના માણસો પર રહેમ ન કરે અને વડિલોનો આદર ન કરે તે અમારામાંથી નથી.''

અન્ય એક હદીસમાં ફરમાવ્યું કે,

''કોઈ અંધ માણસની દુન્યવી હાજતમાંથી કોઈ એક હાજત પૂરી કરે અથવા હાજત પૂરી કરવા થોડુંક ચાલે યા એવી કોશીશ કરે કે તે અંધની ખુદા હાજત પૂરી કરે તો ખુદા તઆલા તે માણસને દુનિયામાં દ્વેષ-કપટથી અને આખેરતમાં જહન્નમની આગથી બચાવે છે. સીત્તેર દુન્યવી હાજતો પૂરી કરે છે. જયાં સુધી આંધળાના કામમાં મશગુલ રહે છે ત્યાં સુધી અલ્લાહનો રહેમો કરમ તેની સાથે રહે છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''કોઈ દુઃખી અને કોઢવાળા લોકો સામે વારંવાર ન જૂઓ. તેનાથી તેમને દુઃખ પહોંચે છે.''

એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''કોઢની બીમારીવાળા માણસોથી એવી રીતે ભાગો જેમ સિંહથી ફરીને ભાગો છો. તેનાથી વાત કરો તો વચ્ચે એક વાર જેટલું અંતર રાખો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઢના દર્દીઓને જૂઓ તો ખુદા પાસે તેનાથી બચવા માટેની દુઆ કરો. તે બીમારીથી બેફિકર ન રો. કેમ કે શકય છે કે આ ચેપી રોગ તમને પણ લાગી જાય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પાંચ પ્રકારના લોકોથી સાવચેતી જરૂરી છે.''

(૧) કોઢવાળા દર્દીથી,

(૨) સફેદ દાઘવાળાથી,

(૩) પાગલોથી,

(૪) હરામીથી,

(૫) બદ્દુ અરબથી.

એક અન્ય હદીસમાં ફરમાવેલ છે કે,

''જે લોકો ચેપી રોગોમાં ગળાડૂબ ફસાએલા છે તેમની તરફ ન જૂઓ, તેમની પાસે ન જાઓ, કદાચ તેમની નજીકથી પસાર થવું પડે તો ઝડપથી પસાર થઈ જાઓ. એવું ન બને કે તે બીમારી તમને લાગી જાય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયારે તમો બલાઓમાં સપડાએલા લોકોને જૂઓ તો તેઓ સાંભળે નહિ તે રીતે ધીમા અવાજે **'અલ્હમ્દો લિલ્લાહ'** કહો. કારણ કે તે સાંભળી જશે તો દુઃખી થશે અને તેને તકલીફ પહોંચશે.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૯૪
# મોમીનના હકોનું ધ્યાન રાખવું

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''કોઈ મુસલમાનની ગીબત(નિંદા) કરે તો તેના રોઝા અને વઝુનો સવાબ ખતમ થઈ જાય છે. કયામતના દિવસે તેના શરીરમાંથી મડદાથી વધારે ગંધ આવશે. જેનાથી બધા મહેશરવાળાઓને તકલીફ પહોંચશે. અગર તૌબા કર્યા વગર મૃત્યું પામશે તો તેનો સમાવેશ તે લોકોમાં થશે, જેણે અલ્લાહની હરામ કરેલી વસ્તુંઓને હલાલ જાણતો હશે.''

''જે માણસ ખુદા અને રસુલ સ. પર ઈમાન રાખે છે તેને એવી જગ્યાએ ન બેસવું જોઈએ જયાં ઈમામ અ.ને ગાળો આપવામાં આવતી હોય અને કોઈ મુસલમાનની નિંદા થતી હોય.''

''જે માણસ મોમીન ભાઈ પર ઉપકાર કરે એટલે કે જે બેઠકમાં તેની નિંદા થતી હોય તેને રોકી દે તો ખુદા તઆલા દુનિયા અને આખેરતની હજારો બૂરાઈઓથી છૂટકારો આપશે અને શક્તિમાન હોવા છતાં ન રોકે તો નિંદા કરવાવાળાના ગુનાહથી સીત્તેર ઘણી બૂરાઈ તેના હિસાબમાં લખવામાં આવશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખુદા પાક મોમીનના જે અયબોને છૂપાવે છે તેને કોઈ મોમીન જાહેર કરે તો તે નિંદા(ગીબત) છે અને કોઈ અયબ તેનામાં ન હોય છતાં દોષ લગાવે તો તે તોહમત છે.''



https://downloadshiabooks.com/

હદીસમાં છે કે, જે માણસ

(૧) વાત કરવામાં જૂઠું ન બોલતો હોય,

(૨) વેપાર-વ્યવહારમાં ઝૂલ્મ ન કરતો હોય અને

(૩) વાયદાનું પાલન કરતો હોય,

તો લોકો માટે જરૂરી છે કે,

(૧) તેને આદીલ માને,

(૨) તેના ચારિત્રના વખાણ કરે,

(૩) તેની નિંદા કરવાને હરામ સમજે,

(૪) તેની સાથેના ભાઈચારાને વાજીબ સમજે.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ગીબત કરવી એ વ્યભિચારીથી પણ વધારે ખરાબ છે. કારણ કે વ્યભિચારી ગુનાહની તૌબા કરે છે તો ખુદા તેની તૌબા કબૂલ કરે છે. પરંતું ગીબત કરનારની તૌબા જયાં સુધી જેની ગીબત કરવામાં આવી છે તે માફ ન કરે ત્યાં સુધી કબૂલ થતી નથી."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"તમારા ભાઈની ગેરહાજરીમાં તેને વધારે નેકી સાથે યાદ કરો. જેવી રીતે તમે ચાહો છો કે તમારી ગેર હાજરીમાં તે તમને યાદ કરે."

એ પણ ફરમાવ્યું કે,

"જે માણસ ખૂલ્લં ખૂલ્લા ગુનાહ કરે છે અને કોઈ વાતની પરવા નથી કરતો, તેની કોઈ ઈજજત નથી. તેની ગીબત કરવી હરામ નથી."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"ત્રણ પ્રકારના લોકોની ઈજજત ન કરવી જોઈએ."



https://downloadshiabooks.com/

(૧) બીદઅતીની,

(૨) ઝાલીમ હાકિમ યા સરદાર/આગેવાનની,

(૩) ખૂલ્લં ખૂલ્લા ગુનાહ કરનારની.

એક અન્ય હદીસમાં એ પણ ફરમાવ્યું છે કે,

"જો કોઈની સામે તેના મોમીનભાઈની ગીબત કરવામાં આવે અને ગીબત કરવામાં તે સાથ આપે તો ખુદા તઆલા દુનિયા અને આખેરતમાં તેને સાથ આપશે નહિ. જો તે માણસ નિંદા કરવાથી રોકવા સમર્થ હોય છતાં ન રોકે અને મોમીન ભાઈને સાથ પણ ન આપે તો ખુદા તઆલા તેને દુનિયા અને આખેરતમાં અપમાનિત કરશે."

મોહંમદ ઈબ્ને ફઝલ ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં અરજ કરી કે,

"મોમીનભાઈઓમાંથી એક મોમીન વિષે એવી વાત સાંભળવા મળે છે જે મને ઠીક લાગતી નથી. જયારે તેને તે વિષે સવાલ કરૂં છું તો તે વાતનો ઈન્કાર કરે છે. તે વાતો જૂઠી હોવાનું જણાવે છે. જો કે તેના વિષેની વાતો ઘણા ભરોસા પાત્ર માણસો દ્વારા સાંભળવા મળે છે." ઈમામે કહ્યું,

"મોમીન ભાઈ માટે જોવા અને સાંભળવાને ખોટું સમજ. ચાહે પચાસ માણસો કસમ ખાઈને સાક્ષી પૂરી તે મોમીનના વિરૂધ્ધ બોલે. તેમ છતાં મોમીનની વાત સાચી માન અને તે સૌની વાતોને જૂઠી માન. મોમીનની એવી વાત જાહેર ન કર જેનાથી તેને નુકશાન થતું હોય યા ખોટનું કારણ બને."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે કોઈ માણસ કોઈનો ગુનો જાહેર કરી તેની બેઈજજતી કરશે તો તેને એટલી સખ્ત સજા થશે જાણે કે તે ગુનો પોતે કર્યો છે.



https://downloadshiabooks.com/

કોઈ મોમીનભાઈને કોઈ કામ માટે મહેણું મારશે તો જયાં સુધી તે કામ પોતે ન કરે ત્યાં સુધી દુનિયાથી ઉઠશે નહિ. (મોત આવશે નહિ.)''

ઈમામ સજજાદ અ. ફરમાવે છે કે,

''જો કોઈ પોતાને મુસલમાન ભાઈની ઈજજત આબરૂ વિરૂધ્ધ ખરાબ વાતો ઘડવાથી રોકે તો કયામતના દિવસે ખુદા તઆલા તેના બધા જ ગુનાહ માફ કરી દેશે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''અન્ય કોઈના વિષે એવી વાત કરો જેને લોકો જાણતા હોય તો તે ગીબત નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઈ મોમીન ભાઈ પર મુસીબત પડે તો ખુશી જાહેર ન કરો. તેને તકલીફ ન પહોંચાડો. શકય છે કે ખુદા તઆલા તેની પર રહેમ કરે અને તેનાથી તે મુસીબત દૂર કરી તમારી તરફ મોકલી દે.''

એ પણ ફરમાવ્યું કે,

''જે માણસ પોતાના મોમીનભાઈની કોઈ મુસીબત પર ખુશ થશે તો જયાં સુધી તે મુસીબતમાં નહિ સપડાય ત્યાં સુધી દુનિયાથી ઉઠશે નહિ.''

''જે માણસ કોઈ મોમીનને મહેણું મારશે તો ખુદા તેને આખેરતમાં ઝલીલ કરશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સૌથી બદતર જૂઠ એ છે કે લોકો માટે બદગુમાન કરવામાં આવે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ મોમીનભાઈ પર તોહમત લગાવે તો જેમ નમક પાણીમાં ઓગળી જાય છે તેવી રીતે તેના દિલમાંથી ઈમાન ઓગળી જાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''શું તમે ચાહો છો કે તમારામાં સૌથી બદતર માણસ કોણ છે તે બતાવું?'' લોકોએ કહ્યું,

''હા.''

હઝરતે ફરમાવ્યું કે,

''સૌથી ખરાબ તે છે જે અન્યની ચાડી ખાય છે. દોસ્તોમાં જૂદાઈ કરે છે. નિર્દોષ લોકો પર દોષનો ટોપલો ઓઢાડે છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''ચાડી ખાનાર પર જન્નત હરામ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''બે માણસો નારાજ થઈ વિખૂટા પડે છે તેમાંથી એક પર ખુદા નારાજ થાય છે અને ફિટકાર કરે છે. કયારેક બંને પર લાનત કરે છે.''

લોકોએ કહ્યું,

''તેમાંથી એક માણસ મઝલુમ હોય તો તે કેવી રીતે લાનતનો હકદાર બને છે?'' હઝરતે ફરમાવ્યું,

''તેનું કારણ એ છે કે તે તે ઝાલીમની પાસે કેમ નથી જતો કે તે ઝાલીમની ભૂલોને માફ કરે અને તેની સામે ભાઈચારા તથા અહેસાનની સાથે રજૂ થાય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''બે મોમીનો વચ્ચે નારાજી અને જૂદાઈ ત્રણ દિવસથી વધારે ન હોવી જોઈએ.''



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જયાં સુધી બે મુસલમાનો આપસમાં નારાજ અને એક બીજાથી જૂદા રહે છે ત્યારે શયતાન ઘણો ખુશ થાય છે. જયારે બંનેમાં ભાઈચારો અને મોહબ્બત થઈ જાય છે ત્યારે શયતાન અપંગ બની જાય છે અને ચીસો પાડે છે કે મારા પર કેવી મુસીબત પડી?"

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે બે માણસો એક બીજાથી ગમગીન બનીને જૂદા થઈ અને ત્રણ દિવસ પસાર થવા છતાં આપસમાં સુલેહ ન કરે તો બંને ઈસ્લામના વર્તુળમાંથી નીકળી જાય છે. બંને વચ્ચે ઈમાની મોહબ્બત ખતમ થઈ જાય છે અને તે બંનેમાંથી પહેલાં જે સમાધાન તરફ આગળ વધશે તે જન્નતમાં પહેલાં જશે."

## પ્રકરણ-૯૫
## ઝૂલ્મ કરનારાઓ સાથે વર્તન

ઈમામ મુસા કાઝીમ અ. પોતાને માનવાવાળાઓને ફરમાવ્યું કે,

"પોતાના બાદશાહની તાબેદારી છોડીને પોતાની બેઈજજતી ન કરો. અગર બાદશાહ ઈન્સાફી છે તો તે બાકી રહે તેવી દુઆ કરો. અગર બાદશાહ ઝાલીમ હોય તો તેની ઈસ્લાહ માટે દુઆ કરો. કેમ કે તમારી ભલાઈ એ બાદશાહની ભલાઈ છે. ઈન્સાફી બાદશાહ મહેરબાન બાપની જેમ છે. તેથી તેના માટે ખુદા પાસે



https://downloadshiabooks.com/

એવી દુઆ કરો જે તમે તમારા માટે ચાહો છો. તમે તે(બાદશાહ)ના માટે એવી દુઆ ન કરો જે તમારા માટે ઈચ્છતા નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જો કોઈ બાદશાહથી ટકરાઈને તકલીફ ઉઠાવે તેને ખુદા કોઈ સવાબ આપતો નથી. તેમજ તેને સબ્ર(સહનશીલતા)ની શક્તિ પણ નથી આપતો.''

અમીરૂલ મોઅમેનીન અ.મૃત્યું સમયે દિકરા ઈમામ હસન અ.ને વસીયત કરી કે,

''ભલા લોકો સાથે તેમની ભલાઈના કારથે મોહબ્બત કરશો. ખરાબ લોકો સાથે સારો દેખાવ કરશો પરંતું દિલમાં દુશ્મની રાખશો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જો કોઈ માણસ ઝાલીમોની હયાતી માટે તમન્ના કરે જાણે તે વાતને પસંદ કરી કે લોકો ખુદાની નાફરમાની કરે. આવો માણસ જહેરમાં ખૂલ્લં ખૂલ્લા ખુદાની દુશ્મની કરી.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ચાર કામો દિલને ખરાબ કરે છે અને નિફાકને એ રીતે વધારે છે જેવી રીતે પાણી ઝાડને.''

(૧) ગાયન ગાવું, વગાડવું, સાંચળવું,

(૨) ગાળ બોલવી,

(૩) બાદશાહને ત્યાં હાજરી આપવી,

(૪) શિકાર માટે જવું.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''કયામતના દિવસે ખુદા તરફથી એવી જાહેરાત કરવામાં આવશે કે ઝાલીમ અને તેના તમામ મદદગારોને લાવવામાં આવે. એટલે સુધી કે જેઓ ઝાલીમ માટે શાહી તૈયાર કરી છે યા પેનમાં શાહી ભરીને આપી છે યા તેઓની થેલીનું મોંઢું બાંધ્યુ છે તે સૌને ઝાલીમની સાથે લાવવામાં આવે.''

એ પણ ફરમાવ્યું કે,

''જે માણસ જેટલો બાદશાહથી નજીક થાય છે તેટલો ખુદાથી દૂર થતો જાય છે. જેટલો માલ વધારે થાય છે તેટલો હિસાબ સખ્ત થાય છે. જેની હુકુમત વધારે હોય છે તેટલા જ તેના દુશ્મન વધારે થાય છે.''

''બાદશાહ અને તેના દરબારીઓના સાથી બનવાથી બચો. કેમ કે જે બાદશાહથી વધારે નજીક છે તે ખુદાથી વધારે દૂર છે. જે ખુદાને છોડી બાદશાહને અપનાવે છે, ખુદા તઆલા તેના સંયમ (પરહેઝગારી)ને છીનવી લે છે અને તેને પરેશાનીમાં મૂકી દે છે.''

સુલેમાન જાફરીએ ઈમામ અલી રઝા અ. પાસે આવી અરજ કરી કે,

''બાદશાહો તરફથી સાંપવામાં આવતા કારોબાર અને વેપાર વિષે તમારો શું મત છે?'' હઝરતે ફરમાવ્યું,

''બાદશાહના કારોબારમાં ભાગીદાર થવું, તેઓની મદદ કરવીઅને તેઓના કારોબારનો બંદોબસ્ત કરવામાં પ્રયત્ન કરવો એ કુફ સમાન છે. જાણી જોઈને તેઓ તરફ નજર કરવી ગુનાહે કબીરા છે.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જે માણસ કોઈ ધનવાન સામે જઈ આજીજી કરે, તેનો બે તૃતિયાંશ (૨/૩) ધર્મ ખતમ થઈ જાય છે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જે માણસ કોઈ ઝાલીમ બાદશાહ પાસે જઈ તેને પરહેઝગારીનો હુકમ કરે અને નસીહત કરે તો તે માણસને તમામ જીન્નતો અને માણસો જેટલો સવાબ મળશે."

અલી ઈબ્ને હમ્ઝા જણાવે છે કે,

"મારો એક દોસ્ત બની ઉમૈયાને ત્યાં લુખક તરીકે સેવા આપતો હતો. તે મારી સાથે ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો અને અરજ કરી કે, હું બની ઉમૈયાને ત્યાં કામ કરતો હતો તે દરમિયાન ઘણો માલ કર્યો છે." હઝરતે ફરમાવ્યું,

"લોકો તારી જેમ લુખક તરીકે બની ઉમૈયાની મદદ ન કરી હોત, તેના માટે માલે ગનીમત એકઠો ન કર્યો હોત, તેના તરફથી લડાઈઓ ન લડી હોત, તેની સાથે ભેગા ન રહ્યા હોત તો તે કોઈ રીતે અમારો હક ગસબ કરી શકત નહિ." મારા દોસ્તે અરજ કરી કે,

"જે થવાનું હતું તે થઈ ગયું, હવે કોઈ ઉપાય છે?" હઝરતે ફરમાવ્યું,

"શું તું મારા કહેવા પ્રમાણે કામ કરીશ?" તેણે વિનંતી પૂર્વક કહ્યું,

"અય રસુલેખુદા સ.ના સુપુત્ર! તમારા કહેવા મુજબ કરીશ." હઝરતે ફરમાવ્યું,

"તું બની ઉમૈયાને ત્યાં રહીને જે માલ મેળવ્યો છે તેમાંથી તેના જે જે માલીકને ઓળખતો હોય તેને પાછો આપી દે અને જે માલના માલીકને ઓળખતો નથી તેને દાનમાં આપી દે. અગર તું



https://downloadshiabooks.com/

આ રીતે કરીશ તો હું તારા માટે જન્નતની જમાનત(જવાબદારી) લઉં છું.'' તે માણસ માથું નીચું કરી લગભગ એક કલાક સુધી વિચારતો રહ્યો. પછી માથું ઊંચું કરી અરજ કરી કે,

''હું આ જ રીતે કરીશ.''

અલી ઈબ્ને હમ્જા કહે છે કે,

''તે અમારા સાથે કૂફામાં આવ્યો અને સઘળો માલ જે રીતે કહ્યું હતું તે રીતે આપી દીધો. એટલે સુધી કે તેના શરીર પર જે કપડાં હતાં તે પણ આપી દીધા. અમે એક બીજા પાસેથી ફાળો ઉઘરાવીને તેના માટે કપડાં ખરીદ્યાં અને થોડીક રકમ તેના ખર્ચ માટે આપી. થોડાક મહિના પછી તે બીમાર થયો. હું તેના ખબર અંતર પૂછવા ગયો. તો તે વખત તેની જાન નીકળવાની તૈયારી હતી.'' તેણે આંખ ખોલીને એટલું જ કહ્યું કે,

''ઈમામ જાફરે સાદિક અ. પોતાની જવાબદારી પૂરી કરી.'' પછી તે મુત્યું પામ્યો. અમે તેને દફનાવીને આવ્યા.

બીજા વર્ષે હું હઝરતની સેવામાં હાજર થયો. જેવી હઝરતની નજર મારા પર પડી હઝરતે કહ્યું,

''ખુદાની કસમ! અમે તારા દોસ્તથી જે વાતની જીમ્મેદારી લીધી હતી તે પૂરી કરી.''

ઊંટ ચરાવનાર સફવાન હ.ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં હાજર થયો. હઝરતે તેને કહ્યું કે,

''તારા બધા કામ સારા છે. પરંતું એક કામ ખરાબ છે કે તું તારા ઊંટ ખલીફા હારૂનને ભાડેથી આપે છે.'' સફવાને અરજ કરી કે,

''ખુદાની કસમ! હું મારા ઊંટોને કયારેય હરામ કામો માટે અથવા શિકાર કરવા માટે અથવા ખેલકૂદ માટે ભાડેથી નથી



https://downloadshiabooks.com/

આપતો. પણ મક્કાએ મોઅઝઝમા જવા માટે ભાડેથી આપું છું. હું પોતે તેની સાથે નથી જતો. મારા નોકરને મોકલું છું.'' ઈમામે કહ્યું,

''શું તેમ ઈચ્છે છે કે તે એટલો સમય જીવતો રહે કે તારૂં ભાડું ચૂકવે? સફવાને કહ્યું, અલબત્ત.'' હઝરતે ફરમાવ્યું,

''જેઓ ઝાલીમ ખલીફાઓની જીંદગી ચાહે છે તેઓનો હિસાબ ઝાલીમો સાથે થશે. જેનો હિસાબ ઝાલીમો સાથે થશે તે જહન્નમી છે.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ ઝાલીમ બાદશાહની હુકૂમતથી રાજી થઈ જાય અને તેની મદદ કરે તો તે તેના જ સાથીઓમાં ગણાશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''મારી ઉમ્મતના બે ટોળા એવા છે કે તેઓ સારા હોય તો પૂરી ઉમ્મતની ભલાઈ છે. તેઓના ખરાબ હોવામાં પૂરી ઉમ્મતની ખરાબી છે. પ્રથમ મુજતહીદ, બીજા બાદશાહો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''આ ઉમ્મતમાંથી જે જે અમારી ઈમામતનો અકીદો રાખતા હશે તે બધાની નજાત માટે આશા છે. પરંતું ત્રણ પ્રકારના માણસોની નજાત નથી.''

(૧) હાકિમો જે જનતા પર ઝૂલ્મ કરતા હોય,

(૨) દીનમાં ફેરફાર કરનારા બીદઅતીઓ,

(૩) જાહેરમાં હરામ કામ કરનારાઓ.

પછી ફરમાવ્યું,

''નીચેના ત્રણ માણસોથી જેઓ ઝઘડો કરશે તે અપમાનિત થશે.''



https://downloadshiabooks.com/

(૧) પોતાના બાપની સાથે,

(૨) બાદશાહની સાથે,

(૩) લેણદારની સાથે.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસને હુકુમત નસીબ થાય અને તે ન્યાય કરવામાં મક્કમ રહે, પોતાના રહેવાના સ્થળને જનતા માટે હંમેશા ખૂલ્લું રાખે કે, તે બધાની ફરિયાદો સાંધળી શકે. તો ખુદા તઆલા માટે જરૂરી છે કે કયામતના ડરથી તેને નિર્ભય કરે, અને તેને જન્નતમાં દાખલ કરી દે."

બીજી હદીસમાં છે કે,

"ખુદા તઆલાને પ્રજાની ભલાઈ મંજૂર હોયછે ત્યારે તેમના પર મહેરબાન બાદશાહની પસંદગી કરે છે અને ન્યાય પ્રિય વજીર આપે છે."

આપ સ.મે એ પણ ફરમાવ્યું કે,

ખુદાતઆલાએ જયારે જન્નત બનાવી ત્યારે કહ્યું હતું કે,

"મારી ઈજજતની કસમ ખાઉં છું કે નીચેના લોકોને કદી પણ જન્નતમાં દાખલ કરીશ નહિ."

(૧) હંમેશા દારૂ પીનાર,

(૨) ચાડી ખાનાર,

(૩) બેશરમ પતિ જે પોતાની પત્નીને બીજા પાસે જવા દે,

(૪) ઝાલીમો દ્વારા લોકો પર અત્યાચાર કરાવનાર,

(૫) કબરને ખોદી નાશ કરનાર,

(૬) ધમકી આપી પૈસા વસુલ કરનારા,

(૭) કત્એ રહમ કરનારા(સગાવહાલાઓ સાથે અયોગ્ય વર્તન કરનારા),



https://downloadshiabooks.com/

(૮) જબ્રને માનવાવાળા (એટલે કે સારૂં-નરસું બધું જ કામ ખુદા કરાવે છે. માનવીના અખત્યારમાં કંઈ જ નથી.માણસ પોતે સારા નરસા કામોમાં આઝાદ નથી તેવી માન્યતા ધરાવવાળા).

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસ મુસલમાનોનો હાકિમ થઈ જાય પણ તેઓના માલ તરફ ધ્યાન ન આપે તો ખુદાતઆલા પણ પોતાની રહેમત તેનાથી છીનવી લેશે અને તેની પરવા કરશે નહિ."

આપ અ. મે ફરમાવ્યું કે,

"ઝાલીમ બાદશાહની હુકુમતમાં રહેતા એક પયગમ્બર પર ખુદા તઆલાએ વહી મોકલી કે તમે જઈને બાદશાહને કહી દો કે મેં તને એ માટે બાદશાહ નથી બનાવ્યો કે તું લોકોને કતલ કરે અને તેઓનો માલ છીનવી લે. પરંતું એટલા માટે બાદશાહ બનાવ્યો છે કે મઝલુમોને મારા સુધી ફરિયાદ કરવાનો મોકો ન મળે. કેમ કે હું મઝલુમોની ફરિયાદ સાંભળું છું. ચાહે તે કાફિર જ કેમ ન હોય?"

ઈમામ મોહંમદ બાકીર અ. ફરમાવે છે કે,

"જહન્નમમાં સોઅદા નામે એક પહાડ છે. પહાડ પર સકર નામે એક મેદાન અને હબ હબ નામે એક કૂવો છે. જયારે કૂવો ખોલી દેવામાં આવે છે ત્યારે બધા જ જહન્નમીઓ તેની ગરમીથી બૂમો પાડવા લાગે છે. આ કૂવો ખાસ ઝાલીમો માટે છે."

મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને બઝીઅ કહે છે કે,

હઝરત ઈમામ અલી રઝા અ. ફરમાવ્યું કે,

"બાદશાહોના દરબારોમાં ખુદા તરફથી એક સમૂહ હોય છે, જેને ખુદાતઆલા દીને હક આપે છે અને કેટલાક શહેરો તેમના હવાલે કરે છે કે તેમના દોસ્તોને નુકશાનોથી અને ઝૂલ્મથી



https://downloadshiabooks.com/

બચાવે, મુસલમાનોના કામ ધંધાઓને ઠીક કરી દે, ખરાબ હાલતમાં મોમીનોને સાથ આપે. ગરીબ શીઆઓ તેમને આશરો બનાવે. આ સમૂહને લીધે ખુદા પાક મોમીનોનો ભય દૂર કરી શાંતિ અર્પે છે. આ સમૂહ ઝાલીમ હુકુમતમાં સત્યના માર્ગે ચાલનારા, હક પર અડગ રહેનારા અને ધરતી પર ખુદાનો આશરો છે. જેવી રીતે તારલાઓ જમીન પર પ્રકાશ પાથરે છે. તેવી જ રીતે આ સમૂહના લીધે આકાશ પ્રકાશિત બને છે. કયામતના દિવસે તેમના તેજથી હશ્રનું મેદાન ઝળહળી ઉઠશે. આ લોકો જન્નત માટે પેદા થયા છે. અગર તમે પણ આ લોકો સાથે થવા ઈચ્છતા હોયવ તો અમારા નિખાલસ શીઆઓને ખુશ રાખો.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''એવા માણસની જે પોતાની હાજત કોઈ બાદશાહ યા હાકિમ સુધી પહોંચાડી શકતો ન હોય, કોઈ તેની હાજત બાહશાહ યા હાકિમ સુધી પહોંચાડે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના કદમ પૂલે સિરાત પરથી પસાર કરી દેશે.''

હમીરીએ ઈમામ સાહેબુલ અસ્રની સેવામાં અરજી લખી કે,

''એક માણસ વકફની ચીજ વસ્તુઓનો ટ્રસ્ટી છે. તે વકફની વસ્તુંઓ પોતાના માટે વાપરવી જાએઝ સમજે છે અને વકફની વસ્તુંઓને બેધડક અંગત રીતે વાપરે છે. મારે કયારેક તેના ગામમાં જવાનું થાય છે. હું ત્યાં ન જમું તો તે મારાથી દુશ્મની કરે છે. કયારેક મને ભેટ મોકલાવે છે. હઝરતે તેના જવાબમાં લખ્યું કે, અગર તેની પાસે વકફ માલ સિવાય બીજું કંઈ પણ ન હોય તો તેને ત્યાં ન જમો અને ભેટ પણ ન સ્વીકારો.''



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"ત્રણ માણસોની દુઆઓ ખુદા પાસે કયારેય રદ્દ થતી નથી."

(૧) નેક ઓલાદ માટે બાપની દુઆ અને બદઓલાદ માટે બાપની બદદુઆ.

(૨) ઝાલીમની વિરૂધ્ધ મઝલુમની બદદુઆ અને ઝાલીમ સાથે બદલો લેવાવાળાના હકમાં મઝલુમની દુઆ.

(૩) અમો અહલેબૈત અ. સાથે મોહબ્બતના કારણે કોઈ મોમીન પોતાના માલમાંથી મોહતાજ મોમીનની મદદ કરે તે માટે મોહતાજ મોમીનની તેના હકમાં દુઆ. શક્તિમાન હોવા છતાં મોઅમીનની મદદ કરવાનો ઈન્કાર કરનાર માણસ માટે મોહતાજ મોમીનની બદદુઆ.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

"બે પ્રકારના લોકો પર મારો ગુસ્સો ગજબનાક છે."

(૧) ઝૂલ્મ કરનાર પર,

(૨) મારા સિવાય અન્ય પાસે મદદ માગનાર પર.

અમીરૂલ મોઅમેનીન અલી અ. ફરમાવે છે કે,

"ઝાલીમ પોતે, ઝાલીમને મદદ કરનાર અને જે માણસ ઝૂલ્મથી રાજી હોય એ ત્રણેય ગુનાહના ભાગીદાર છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જો કોઈ માણસ કોઈની પર ઝૂલ્મ કરે તો ખુદા તઆલા કોઈ અન્યને તેના માટે મોકલે છે જે તેના પર યા તેની ઓલાદ પર તેવો જ ઝૂલ્મ કરે."

એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

''જે માણસ કોઈ મોમીનનો હક રોકી દેશે તો ખુદા તઆલા કયામતના દિવસે તેને પાંચસો વરસ સુધી એક જગા ઊભો રાખશે. એટલે સુધી કે તેના પરસેવાથી નદીઓ વહેશે. ખુદા તરફથી અવાજ આવશે કે આ તે ઝાલીમ છે જે ખુદાએ નક્કી કરેલો હક આપ્યો ન હતો. પછી ચાલીસ દિવસ સુધી તેના પર લાનત કરવામાં આવશે ત્યાર પછી હુકમ થશે કે હવે જહન્નમમાં લઈ જાઓ.''

હઝરત રસુલે ખુદા સ. ફરમાવે છે કે,

''સૌથી શ્રેષ્ઠ જેહાદ એ છે કે કોઈ માણસ ઊંઘમાંથી જાગે તો તેના દિલમાં કોઈની પર ઝૂલ્મ કરવાનો બિલકુલ વિચાર ન આવે.''

## પ્રકરણ-૯૬
## કાફિર અને વિરોધીઓ સાથે વર્તન

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મોમીનના માટે (પોતાના હમ વતન) કાફિરોની સાથે વેપારમાં ભાગીદારી કરવી, તેઓને અમાનત સાંપવી, યા વસ્તુંની લેવડ દેવડ કરવી, દોસ્તી કરવી ઠીક નથી.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''અગ્નિપૂજક સાથે એક થાળીમાં જમવું, યા તેમની સાથે એક પાથરણા પર બેસવું યા તેમની સાથે સોબત ન રાખવી જોઈએ. ઈસાઈ યા પારસી ડોકટર પાસે જવું પડે તો સલામ



https://downloadshiabooks.com/

કરવામાં કે દુઆના શબ્દો કહેવામાં વાંધો નથી. કેમ કે તમારા સલામ-દુઆ કરવાથી તેમને કોઈ ફાયદો થશે નહિ.''

હઝરત રસુલે ખુદા સ. ફરમાવે છે કે,

''અહલે કિતાબને પહેલાં સલામ ન કરો. તઓ સલામ કરે તો જવાબમાં અલયકુમ કહો. તેમની સાથે મુસાફેહો ન કરો. કુન્નિયત સાથે તેમનું નામ ન લો. મજબૂરીની હાલતમાં કોઈ વાંધો નથી.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ અરજ કરી કે,

''મારે કાફિરોના દેશમાં જવાનું થાય છે. લોકો કહે છે અગર તું ત્યાં મરી ગયો તો કયામતમાં તેમના જેવી તારી હાલત થશે.'' હઝરતે કહ્યું,

''આ ખોટું છે. કયામતના દિવસે તને એકલો જ ઉઠાડવામાં આવશે અને તારૂં નૂર તારા આગળ હશે.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,

''યહુદી અને ઈસાઈઓને કઈ રીતે દુઆ કરવી જોઈએ?'' હઝરતે ફરમાવ્યું કે,

''એમ કહો કે **'બારકલ્લાહો લક ફીદ્ દુનિયાક'**

(ખુદા તઆલા તને તારી દુનિયામાં બરકત આપે.)''

એ પણ ફરમાવ્યું કે,

''યહુદીઓ, નસરાનીઓ અને મજુસીઓ સાથે ભીના હાથે મુસાફેહો કરો તો હાથ પર કપડું લપેટી મુસાફેહો કરો. અગર તમારો હાથ તેમના હાથથી સ્પર્શ થઈ જાય તો હાથ ધોઈ નાખો. અગર કાફિરોથી મુસાફેહો કરો તો હાથ માટી યા દિવાલથી લૂછી



https://downloadshiabooks.com/

નાખો. અગર કોઈ અહલેબૈત અ.ના દુશ્મનથી મુસાફેહો કરો તો હાથ ધોઈ નાખો.''

ઓલમાઓ કહે છે કે,

''તમારો હાથ યા તેઓમાંથી કોઈનો હાથ ભીનો હોય તો માટી યા દિવાલથી હાથ લૂછવા જોઈએ. નહિતર હાથ ધોવા જરૂરી છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''તકય્યા એ ઈમાનની ઢાલ છે. જે માણસ તકય્યો નથી કરતો એ ઈમાન નથી રાખતો. એ પણ કહ્યું કે, દીનના દસ ભાગમાંથી નવ ભાગ તકય્યાના છે.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''વિરોધીઓના દેશમાં તકય્યો કરવો જરૂરી છે. કોઈ માણસ તકલીફ દૂર કરવાના મકસદથી તકય્યો રાખીને કસમ ખાય તો પણ તેના ઉપર કોઈ ગુનો કે કફ્ફારો નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''વિરોધીઓથી તકય્યો કરી પોતાના દીનને છૂપાવો અને દીનની હિફાઝત કરો. કેમ કે વિરોધીઓની વચ્ચે એવી રીતે છો જેવી રીતે પક્ષીઓની વચ્ચે મધમાખીઓ. અગર ખબર પડી જાય કે તેમના પેટમાં મધ છે તો એકને પણ જીવતી ન છોડે. અગર વિરોધીઓને ખબર પડી જાય કે અમારી મોહબ્બત તમારા દિલમાં છે તો વગર શંકાએ તમો બધાને મારી નાખે.''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''જે કોઈ ખાસ મૌકા પર તકય્યો નથી કરતો તે નમાઝને તરક કરનારાની જેમ છે. યાદ રાખો કે, વિરોધીઓના દેશમાં નુકશાનનો ડર હોય તો તકય્યો કરવો વાજીબ છે.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૯૭
# જીવતાઓ પર મુર્દાઓનો હક

યાદ રાખવું જોઈએ કે,

"જયારે પોતાના પર મોતના ચિહ્નો જણાઈ આવે તો પોતે પોતાની હાલત પર ધ્યાન આપવું જોઈએ. આખેરતની કાયમી મુસાફરીની તૈયારીઓ થઈ રહી છે. તો તે મુજબ મુસાફરીનો સામાન પણ તૈયાર રાખવો જોઈએ. તે માટે સૌથી પહેલા જરૂરી છે કે પોતાના ગુનાહોનો સ્વીકાર કરે. ભૂતકાળ પર અફસોસ કરે અને આવનારા દિવસોમાં તૌબા કરે. ખુદા પાક પાસે આંસુઓ વહાવી આજીજીપૂર્વક ભૂતકાળના ગુનાહોની માફી ચાહે કે ખુદા પાક તેના ગુનાહોને માફ કરે. ભવિષ્યમાં ભયાનક હાલત થવાની છે તેમાં પોતાની હાલત પર ન છોડે. ત્યાર પછી વસીયત કરે અને ખુદા અને ખુદાના બંદાઓના જે હકો પોતાની પર બાકી હોય તેને અદા કરે. આ કામ પાછળના લોકો પર ન છોડે. કેમ કે મર્યા પછી તેમની પર પોતાનો અધિકાર બાકી નથી રહેતો. પોતાના છોડેલા માલને અફસોસની નજરે જોવો પડે છે. જીન્નાતો, ઈન્સાનો અને વારસદારોના દિલોમાં શયતાન વસવસો નાખે છે. મય્યતના હકો અદા કરવા નથી દેતો. મરહુમની કોઈ યુક્તિ કામમાં નથી આવતી. મરહુમ કહે છે કે મને એક તક આપવામાં આવે કે જેથી હું મારા માલથી જે જે નેકીઓ કરવા ચાહું છું તે કરી લઉં. પણ તેનું કોઈ સાંભળતું નથી. તે સમયના અફસોસથી તેને કંઈ ફાયદો પહોંચતો નથી."

"ખુદા અને બંદાઓના હકો અદા કર્યા પછી પોતાના માલના ત્રીજા ભાગમાંથી પોતાના સગાવહાલાઓ માટે ખયરાત



https://downloadshiabooks.com/

અને જાએઝ સારા કામો માટે માલ ખર્ચ કરવા વસીયત કરે. પછી મોમીન ભાઈઓથી પોતાની ભૂલો માફ કરાવે. જેમ કે કોઈની ગીબત કરી હોય, કોઈને તકલીફ આપી હોય. આ લોકો હાજર હોય તો તેમની માફી માગે. તેઓ હાજર ન હોય તો બીજાઓને અરજ કરી ભૂલોને માફ કરાવે. ત્યાર પછી બાલ-બચ્ચાઓને ખુદા પર ભરોસો કરી કોઈ ઈમાનદારને હવાલે કરે. નાના બચ્ચાઓ માટે ખાસ વારસ (નાયબ) નક્કી કરે. તેના પછી પોતાનું કફન મંગાવે અને તેના ઉપર ઈમામ હુસૈન અ.ની કબરની માટી (ખાકે શીફા)થી કલમએ શહાદતૈન, દુઆઓ, ઝીકે ખુદા વગેરે લખાવે. જે પોતાના મોતથી બે પરવા હોય અને કફન તૈયાર ન રાખ્યું હોય તેણે છેલ્લી ઘડીએ આ તૈયાર રાખવું જોઈએ. જાગૃત મોમીનો તો હંમેશા કફનને તૈયાર રાખે છે.''

''કફન તૈયાર કર્યા પછી યા અગૌથી તૈયાર હોય તો પોતાની સામે મંગાવીને રાખે અને માલ તથા બાલબચ્ચાઓનો ખ્યાલ છોડીને ખુદાતઆલા પર ધ્યાન આપે. માત્ર તેને જ યાદ કરે. એમ સમજે કે આ નાશવંત વસ્તુઓ મારે કોઈ જ કામ આવવાવાળી નથી. દુનિયા અને આખેરતમાં ખુદા તઆલાની રહેમત અને દયા સિવાય બીજું કંઈ જ કામ આવવાનું નથી. મારો ભરોસો ખુદા પર છે તો કમજોર લોકોના કામો આપો આપ નષ્ટ થઈ જશે. હું જછવતો પણ રહું તો ખુદાની મરજી સિવાય ન તેઓને કંઈ ફાયદો પહોંચાડી શકું છું, ન કોઈ નુકશાન. એ જ હક છે કે ખુદા પાક તેઓના ખાલીક છે અને સૌથી વધારે મહેરબાન પણ. પછી ડર અને ઉમ્મીદ રાખે, ખુદાની રહેમત અને રસુલેખુદા સફ તથા અઈમ્મએ માસુમીન અ.ની શીયારીશ અને તે મહાન હસ્તિઓની આવવાની રાહ જૂએ. કારણ કે આ બુઝુર્ગો તે સમયે પધારે છે



https://downloadshiabooks.com/

અને પોતાના શીઆઓને ખુશ ખબરી આપે છે. તથા મલેકુલ મૌતને ભલામણ કરે છે.''

''મોમીનના મૃત્યું બાદ સગાવહાલાઓ મરનારને એકલો ન છોડે. તેની પાસે બેસી કુરઆન મજીદ, દુઆઓ, સેરએ યાસીન, સુરએ સાફફાત પઢે. ખુદા એક હોવા વિષે, હ.રસુલેખુદા સ.ની રિસાલત અઈમ્મએ માસુમીન અ.ની ઈમામત, બીજા અકીદાઓ જેવા કે, જન્નત, જહન્નમ હક હોવા વિષે, ખુદાના સઘળા ગુણો વગેરેને વારંવાર યાદ કરાવે. અગર પોતે ન પઢી ન શકે તો તેને પઢીને સંભળાવે, દુઆએ અદીલહ તેની સામે પઢે. તેનો અર્થ જાણતો ન હોય તો તે જે ભાષામાં સમજી શકે તે ભાષામાં સંભળાવો. તેના પગ કિબ્લા તરફ કરી દો, તે સમયે તેની પાસે કોઈ જનાબતની હાલતમાં યા હય્ઝની હાલતમાં હોય તો દૂર થઈ જાય. કારણ કે ફરિશ્તાઓ તેનાથી નફરત કરે છે. અગર બીજું કોઈ જ ન હોય તો મજબૂરીની હાલતમાં પાસે રહી શકે છે. પરંતું જીવ નીકળવાનો સમય એકદમ નજીક આવી જાય તો તેની પાસેથી ખસી જાય.''

''અગર કોઈનો જીવ જવામાં તકલીફ થતી હોય તો મરનાર જયાં હંમેશા નમાઝ પઢતો હોય ત્યાં લઈ જાય અથવા નમાઝ પઢવાની જગ્યા પર સુવાડી દે. જીવ આસાનીથી નીકળી જશે.''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''જીવ નીકળવાના સમયે મરનાર પર હાથ ન રાખો. અગર તે હાથ-પગ હલાવે તો તેને ન રોકો, તેની પાસે કુરઆન મજીદ પઢો, ખુદાનો ઝીક્ર, મોહંમદ સ. અને તેમની ઓલાદ પર દુરદ મોકલો.''



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ.નો એક બેટો જીવ નીકળવાની હાલતમાં હતો. ઈમામ મોહંમદ બાકિર અ. ઘરમાં એક બાજું બેઠા હતા. કોઈ માણસ મરનાર પાસે જતો તો આપ રોકતા અને કહેતા હતા કે,

"મરનાર પર હાથ રાખજો નહિ. કારણ કે તે આ હાલતમાં કમજોર છે. તેમના પર હાથ રાખવો એ તેમને કત્લ કરવા બરાબર છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"મરનારને **લા ઈલાહા ઈલ્લલ્લાહ** પઢાવો. કેમ કે જેના હોઠ પર છેલ્લા આ શબ્દો હશે તે જન્નતમાં દાખલ થશે. તેના માફ થઈ જાય છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જીવ નીકળવાના સમયે શયતાન તેના એક ટોળાને મરનારની પાસે નિયુક્ત કરે છે. દીનની બાબતે મરનારના દિલમાં શંકાઓ પેદા કરે છે. મરનાર પાકો મોમીન હોય તો તેના દિલમાં શક પેદા નથી કરી શકતા. પરંતું તે સિવાયના માટે મુશ્કેલી છે. તેથી જરૂરી છે કે જયાં સુધી મરનાર બોલી શકતો હોય ત્યાં સુધી તેને દુઆએ ફરજ, ખુદા અને રસુલ સ.ની ગવાહી, અઈમ્મએ માસુમીન અ.ની ઈમામતનો ઈકરાર કરાવતા રહો."

"જયારે કોઈ મોમીનનો ઈન્કાલ થઈ જાય તો સુન્નત છે કે, તેની આંખો અને મોં બંધ કરે, માથાથી હડપચી સુધી કપડાની પટ્ટી બાંધે. હાથ સીધા કરે, આખા શરીર પર કપડું ઓઢાડી દે, તેની પાસે કુરઆન મજીદ પઢે. મરનાર માટે કફન-દફનની જલદી વ્યવસ્થા કરે."



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મોમીન ભાઈઓઅને મૃત્યુની જાણ કરે. જેથી ઈલકલ આવે અને જનાઝાની નમાઝ પઢે. તેના માટે ઈસ્તિગ્ફાર કરે. તેનાથી મય્યતને અને પઢનારને સવાબ પણ મળે."

જયારે લોકો મોમીનને કબ્રમાં રાખે છે ત્યારે અવાજ આપવામાં આવે છે કે,

"સૌથી પહેલાં અમે તને જે ઈનામ આપીએ છીએ તે જન્નત છે. તારા જનાઝામાં આવવાવાળા માટે પહેલું ઈનામ ગુનાહોની માફી છે."

"જે માણસ મોમીનના જનાઝા સાથે દફન કરવા સુધી રહેશે, ખુદા તઆલા કયામતના દિવસે સીત્તેર હજાર ફરિશ્તા તેના માટે નિયુક્ત કરશે. કબ્રથી હિસાબ સુધી તેની સાથે રહીને ગુનાહોની માફી ચાહતા રહેશે." પછી કહ્યું કે,

"જે માણસ જનાઝાનો એક કાંધો આપે તેના પચ્ચીસ (૨૫) ગુનાહ માફ કરવામાં આવ છે. અગર ચારે બાજુું કાંધો આપે તો બધા જ ગુનાહ માફ કરવામાં આવે છે. કાંધો આપવાની સારી રીત એ છે કે પહેલા મય્યતની જમણી તરફ આગળનો ભાગ જે જનાઝાનો ડાબો ભાગ છે તેને જમણા ખભા ઉપર લે. પછી તેની પાછળના ભાગને કાંધો આપે. ત્યાર બાદ મય્યતની ડાબી તરફના પાછળના ભાગને ડાબા ખભા ઉપર લે. પછી મય્યતની ડાબી તરફના આગળના ભાગને કાંધો ડાબા ખભાથી આપે. આ રીતે કાંધો આપવાને તરબીઅ (ચારે ચાગે વહેંચવું) કહે છે. અગર વારંવાર કાંધો આપવા ચાહે તો જનાઝાની આગળથી પસાર ન થાય. પરંતું પાછળથી નીકળી ઉપર જણાવ્યા મુજબ ફરી કાંધો



https://downloadshiabooks.com/

આપે. સારું એ છે કે જનાઝાની પાછળ પાછળ યા સાથે ચાલે. પરંતું જનાઝાની આગળ વધીને ના ચાલે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ જનાઝાની સાથે ચાલશે તેના માટે હર એક કદમ પર લાખ લાખ નેકીઓ લખવામાં આવશે. અને તેના આમાલનામામાં લાખ લાખ ગુનાહ દૂર કરવામાં આવશે. જન્નતમાં લાખ લાખ દરજજા વધારવામાં આવશે. અગર કોઈ માણસ તેના જનાઝા પર નમાઝ પઢશે તો ખુદા તઆલા તેના મર્યા પછી એક લાખ ફરિશ્તાઓને તેના જનાઝા પર નમાઝ પઢવા માટે મોકલશે. જે દફા સુધી તેના માટે માફી ચાહતા રહેશે. અગર તે માણસ લફનના સમય સુધી રહ્યો તો લાખ ફરિશ્તા તેના કબ્રથી નીકળવાના સમયથી કયામત સુધી તેના માટે ઈસ્તિગ્યાર ચાહતા રહેશે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસ મય્યતને ગુસ્લ આપે અને મરનારના અયબ જાણતો હોવા છતાં જાહેર ન કરે તો તેના બધા જ ગુનાહ માફ થઈ જશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ મોમીનને ગુસ્લ આપે અને ગુસ્લ આપતી વખતે વારંવાર અફવક, અફવક (તારી માફીની ઉમ્મીદ છે.) કહે તો ખુદા બંનેને માફ કરી દે છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ મોમીનને કફન આપે તેને એટલો સવાબ મળશે કે જેણે કયામત સુધી તેના પોશાકની જીમ્મેદારી લીધી હતી. જે માણસ કોઈ મોમીનની કબ્ર ખોદે તેને એટલો સવાબ



https://downloadshiabooks.com/

મળશે કે જાણે તે મરનારને મયામત સુધી રહેવા માટે ખૂબસુરત ઘર આપ્યું હોય.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ મોમીનના જનાઝા પર નમાઝ પઢે છે તેના માટે જન્નત વાજીબ થઈ જાય છે. સિવાય કે તે મુનાફિક થઈ જાય. યા તેના મા-બાપ આક કરી દે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મય્યતને કબ્રમાં રાખતી વખતે જરૂરી છે કે તેની નજરમાં જે સૌથી બુઝુર્ગ હોય તે મરહુમના માથા નજીક બેસી ખુદાનું નામ લે, હ.મોહંમદ સ. અને તેમની ઓલાદ પર દુરૂદ મોકલે. શયતાનથી રક્ષણ માગે. **સુરએ હમ્દ, મઉઝતઅ્ન, સુરએ કુલ્હોવલ્લાહ અને આયતુલ કુરસી** પઢે. મય્યતને કબરમાં ઉતાર્યા પછી શકઢય હોય તો મય્યતનું મોંઢું ખોલીને તેનો ગાલ માટી પર રાખે તે સમયે શહાદતૈન, અને અઈમ્મએ માસુમીન અ.ની ઈમામતની કબૂલાત કરાવે અને બીજા બધા હક અકીદાઓ સંભળાવે. (તલકીન પઢે.)''

સુન્નતે મોઅકકેદા છે કે,

''મય્યતને દફન કર્યા પછી કબ્રની પાસે જ તેના સગાવહાલાઓને પુરસો (દિલાસો) આપે. દફન કર્યા પહેલાં પણ તેના સગાવહાલાઓને પુરસો આપવો સુન્નત છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ કોઈ ગમગીન માણસને દિલાસો આપે તો તેને કયામતના દિવસે ઉમદા જન્નતી પોશાક પહેરાવવામાં આવશે. તેને એટલો બધો સવાબ મળશે કે, જેટલો કોઈ મુસીબતવાળાની મુસીબત ઓછી કરવામાં મળે.''



https://downloadshiabooks.com/

ભરોસાપાત્ર હદીસોમાં છે કે,

"જે માણસ કોઈ મોમીન ભાઈની કબ્ર પાસે બેસી સાત વખત સુરએ ઈન્નાઅન્ઝલ્ના પઢે તો ખુદા તઆલા તેની કબર પર એક ફરિશ્તો નિયુક્ત કરશે કે ખુદાની ઈબાદત કર્યા કરે અને તે ઈબાદતનો સવાબ તેના નામાએ આમાલમાં લખવામાં આવશે. જયારે તેને કબ્રની બહાર કાઢવામાં આવશે તે સમયથી લઈ જન્નતમાં પહોંચવા સુધી ખુદા તઆલા તે ફરિશ્તાને લીધે કયામતના ડરથી સલામત અને રક્ષણમાં રાખશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસ કબ્રસ્તાન પાસેથી પસાર થાય તો અગ્યાર (૧૧) વખત સુરએ કુલ્હોવલ્લાહ પઢે અને તેનો સવાબ કબ્રસ્તાનના મુરદાઓને બક્ષી આપે તો જેટલા મુર્દાઓ ત્યાં દફન થયા હશે તેટલો સવાબ તેને પણ મળશે."

**હ.ઈમામ મોહંમદ બાકિર અ.થી નકલ છે કે,"કોઈ તમારી સાથે સદ્વર્તન કરે અને તમે તેનો બદલો ન આપો તો એ તમારી કમજોરી અને સુસ્તી છે.મહેમાનથી કોઈ કામ લેવું એ સભ્યતા(શિષ્ટાચાર) વિરૂધ્ધ છે. જયારે કોઈ મહેમાન તમારે ઘેર આવે ત્યારે તમે તેને ઉતરવામાં મદદ કરો. અને જયારે જવા ચાહે ત્યારે તમે તેને મદદ ન કરો તો તે નીચતાની દલીલ છે. મહેમાન જાય ત્યારે ઉમદા અને ખુશ્બુદાર ખાવા પકાવો. રસ્તાના ભાથા માટે તેને આપો. આ જવાંમર્દીની દલીલ છે."**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૧: શિષ્ટાચાર

૦૯૮. સલામનો મહિમા
૦૯૯. મુસાફેહા અને બગલગીરના આદાબ
૧૦૦. મજલીસ-મહેફિલમાં બેસવાના આદાબ
૧૦૧. મહેમાન ગતિ
૧૦૨. સોબત તેવી અસર
૧૦૩. છીંક આવે ત્યારે
૧૦૪. હસી-મજાકની મર્યાદા
૧૦૫. પડોશી અને સાથીદારો સાથે વર્તન
૧૦૬. મજલીસ-મહેફિલમાં અલ્લાહની યાદ
૧૦૭. ચૌદ માસુમીન અ.ની ફઝીલતનો ઝીક્ર
૧૦૮. મોમીનો સાથે મશ્વેરો કરવો
૧૦૯. પત્ર લખવાના આદાબ.

**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૧ શિષ્ટાચાર

## પ્રકરણ-૯૮

## સલામનો મહિમા

હઝરત રસુલેખુદા સ.મે પોતાના સાથીઓને સાત આદતો માટે ભાર મૂક્યો છે.

૧. બીમારોના સમાચાર લેવા જવું,

૨. પુરૂષોએ જનાઝાની સાથે જવું,

૩. કસમ ખાઈને કોઈ વાત કરે તો તેની વાત માનવી.

૪. કોઈ છીંકે તો તેને દુઆ આપવી,

૫. મઝલુમની તરફેણ અને મદદ કરવી,

૬. દરેકને સલામ કરવી,

૭. મોમીનની દાવત કબૂલ કરવી.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે કોઈ સામે મળે તેને સલામ કરવી એ નમ્રતા અને આવકારની રીત છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જો કોઈ સલામ કર્યા પહેલાં વાતચીત શરૂં કરી દે તો તેને જવાબ ન આપો. તથા આવનાર વ્યક્તિ જયાં સુધી સલામ ન કરે ત્યાં સુધી તેને જમવાનું પણ ન પૂછો."

એ પણ ફરમાવ્યું કે,

"સૌથી નમ્ર એ વ્યક્તિ છે જે દુઆ કરવામાં નમ્ર હોય અને સૌથી વધુ કંજૂસ એ છે જે સલામ કરવામાં કંજૂસાઈ કરે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''સલામ કરવી સુન્નત છે અને તેનો જવાબ આપવો વાજીબ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**ત્રણ માણસોને સલામ ન કરવી જોઈએ.**

(૧) જનાઝાની સાથે જઈ રહેલ હોય તેને,

(૨) નમાઝે જુમ્આ પઢવા માટે જઈ રહેલાને,

(૩) જે હમામ (બાથરૂમ)માં હોય અને એમ લાગે કે કપડાં પહેર્યા નહિ હોય તેને.

એક અન્ય હદીસમાં ફરમાવેલ છે કે,

''તમે મસ્જીદમાં જાઓ ત્યારે જો લોકો નમાઝ પઢી રહ્યા હોય તો તેમને પણ સલામ ન કરો. પરંતું હઝરત રસુલેખુદા સ.નું નામ લઈને સલામ કરો અને નમાઝની તૈયારી કરો. અગર તમે એવા કોઈ સ્થળે પહોંચી જાઓ જયાં લોકો વાતોમાં મશગુલ હોય તો તેમને સલામ કરવી જોઈએ.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''પોતાના ઘેર જાઓ તો ઘરવાળાઓને સલામ કરો. ઘરમાં કોઈ ન હોય તો **અસ્સલામો અલયના મીર રબ્બે** (અમારા પર અલ્લાહ પાકની સલામતી થાય) કહેવું જોઈએ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયારે તમે આપસમાં એક બીજાની મુલાકાત કરો તો સલામ અને મુસાફેહો કરો અને છૂટા પડો ત્યારે એક બીજા માટે મગ્ફેરત કરો.''

એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"જે માણસ પોતાના ઘેર પહોંચે અને ઘરવાળાઓને સલામ કરે તો ઘરમાં બરકત થશે અને ફરિશ્તાઓ તે ઘરથી મોહબ્બત કરશે."

હદીસમાં છે કે,

**"કેટલાક લોકો એવા છે જેઓને સલામ ન કરવી જોઈએ."**

(૧) યહુદીઓને,

(૨) અગ્નિપૂજકો (પારસીઓ)ને,

(૩) ઈસાઈ મૂર્તિપૂજકોને

(૪) જે માણસ સંડાસમાં હોય તેને,

(૫) દારૂ સાથે સંકળાએલાઓને,

(૬) જે નવપરિણિત સ્ત્રીઓને લગતી આશિકાના શાયરીઓ યા બિભત્સ શાયરીઓ કહેતા હોય તેમને,

(૭) એ લોકોને જેઓ એક બીજાને માની ગાળ આપતા હોય,

(૮) જેઓ શતરંજ રમતા હોય, બાજી પત્તા ખેલતા હોય યા એવા પ્રકારની રમતો રમતા હોય તેમને,

(૯) વાજીંત્રો વગાડનારાઓને,

(૧૦) વ્યભિચારીઓને,

(૧૧) જેઓ મુસલમાનો પાસે વ્યાજ વસુલ કરતા હોય તેઓને,

(૧૨) ખૂલ્લં ખૂલ્લા ગુનાહ કરતા હોય તેઓને,

(૧૩) જે માણસ નમાઝ પઢી રહ્યો હોય તેને.

"શતરંજ રમવાવાળા અને દારૂ પીનારાઓને સલામ કરવી એ ગુનાહે કબીરામાંથી છે."



https://downloadshiabooks.com/

''અગર કોઈ માણસ ટોળા યા મહેફિલમાંથી છૂટો પડે ત્યાર પછી જો મહેફિલના લોકો સારી વાતો કરે તો તેનો સવાબ સલામ કરનારને મળે છે. પરંતું જો મહેફિલના લોકો બિન જરૂરી અને ખોટી વાતો કરે તો તેના ગુનાહ મહેફિલના લોકોને જ થાય છે. સલામ કરનારને કોઈ જ ગુનાહ નહિ થાય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''નાનાઓએ મોટાઓને, રાહગીરે (રસ્તે ચાલનારાઓએ) રેઠેલાઓને અને નાના સમૂહે મોટા સમૂહને સલામ કરવી જોઈએ.''

એ પણ ફરમાવેલ છે કે,

''સમૂહમાંથી એક જણ બીજા સમૂહને સલામ કરે તો પૂરતું જ છે. તેવી જ રીતે તેનો જવાબ એક જણ આપે તો ય પૂરતું છે.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''યહુદીઓ, નસારાઓ અને મજુસીઓને પહેલાં સલામ ન કરો. અગર તેઓ તમને સલામ કરે તો જવાબમાં માત્ર **'અલયકુમ'** કહે.''

''કોઈના ઘેર જવાનું થાય તો સુન્નત છે કે, ત્રણ વાર બહારથી સલામ કરો. સલામનો જવાબ સાંભળ્યા પછી જ ઘરમાં જાઓ. જો જવાબ ન મળે તો બહારથી જ પાછા ફરો. આ સલામનો જવાબ આપવો કોઈના માટે વાજીબ નથી.''

**''જે કોઈ ખુદાની ખુશી માટે મોમીનભાઈ સાથે દોસ્તી કરશે, તેને જન્નતમાં એક ઘર મળશે.''**
**(ઈમામ રઝા અ.)**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૯૯
# મુસાફેહા અને બગલગીરના આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે લોકો એક જ સ્થળે હાજર હોય તેમનો સત્કાર મુસાફેહો કરીને કરે. પરંતું જેઓ સફર કરીને આવ્યા હોય તેમનો સત્કાર ગળે મળીને કરવું જોઈએ."

હઝરત અબુ ઓબૈદા જણાવે છે કે,

"હું ઈમામ મોહંમદ બાકિર અ.ની સાથે એક જ ઊંટ પર સવારી કરતો ત્યારે ઊંટ પર સવાર થતી વેળા પહેલાં હું બેસતો પછી હઝરત બેસતા હતા. અમે બંને બરાબર બેસી જતા તો હઝરત મને સલામ કરતા અને ઘણા સમય બાદ મળ્યા હોઈએ તે રીતે અરસ પરસ ખબર અંતર પૂછતા. જયારે ઉતરવાના સમયે હઝરત પહેલાં ઉતરી જતા." મેં હઝરતને કહ્યું,

"હે રસુલુલ્લાહ સ.ના બેટા! તમે જે રીતે વાતચીત કરો છો એ રીતે અમારે ત્યાંના લોકો વાતચીત કે ખબર અંતર નથી પૂછતા." હઝરતે ફરમાવ્યું,

"કદાચ તેઓ મુસાફેહાનો સવાબ નહિ જાણતા હોય. જેટલો સમય બે મોમીનો મુલાકાત અને મુસાફેહામાં રોકાએલા હોય તેટલા સમયમાં તેમના ગુનાહ ઝાડના પાંદડાની જેમ ખરી જાય છે. જયાં સુધી એક બીજાથી અલગ થતા નથી, ત્યાં સુધી ખુદા તઆલા તેમને રહેમતની દ્રષ્ટિથી જૂએ છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''હઝરત રસુલેખુદા સ. જયારે કોઈનાથી મુસાફેહો કરતા તો જયાં સુધી મુસાફેહો લેનાર પોતાનો હાથ પાછો ન ખેંચે ત્યાં સુધી હઝરત સ. પોતાનો મુબારક હાથ પાછો લેતા ન હતા.''

પછી ફરમાવ્યું કે,

''આપસમાં મુસાફેહો કરો. તેનાથી દિલમાંથી કપટ દૂર થઈ જાય છે.''

ઈસ્હાક સરાફ જણાવે છે કે,

''હું કૂફામાં રહેતો હતો. ઘણા કૂફાવાસી શીઆઓ મને મળવા આવતા હતા. મારી અતિશય ખ્યાતિ થાય તેનાથી મને ઠર લાગતો હતો. તેથી મેં મારા નોકરને કહી દીધું કે કોઈ મોમીન મારી પૂછપરછ કરતો આવે તો કહી દેવું કે હું અહીયાં નથી.''

જોગાનુજોગ મારે તે વર્ષે હજમાં જવાનું થયું. હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. મારી સાથે હઝરતનું વર્તન પહેલાં જેવું ન જોયું મેં વિનંતી કરી કે,

''વારી જાઉં! મારી સાથે આ ફેરફારનું શું કારણ છે?'' હઝરતે ફરમાવ્યું,

''મોમીનો સાથે તારી વર્તણૂંક બદલાઈ તે કારણે મારૂં વર્તન બદલાયું છે. મેં વિનંતી કરી કે, વારી જાઉં! હું પ્રખ્યાત થઈ જવાથી ડરતો હતો. નહિતર મને તેમનાથી એટલી મોહબ્બત છે કે જેને ખુદા બહેતર જાણે છે.'' હઝરતે ફરમાવ્યું,

''અય ઈસ્હાક! જયારે તારા ઈમાની ભાઈઓ તને વધુ પડતા મળવા આવે તો આ કાર્યથી તું દુઃખી ન થા. કોઈ માણસ મોમીન ભાઈની મુલાકાત કરી ખુશ થઈને આવકારે છે તો આવકાર આપનારને માટે કયામત સુધી મરહબા (ભલે પધારો) લખવામાં આવે છે. જયારે તેઓ એક બીજાને મળીને મુસાફેહો



https://downloadshiabooks.com/

કરે છે તો ખુદા તઆલા તેમની પર રહેમતો ઉતારે છે. જેમાંથી ૯૯ ભાગની રહેમત તેમના ફાળે જાય છે. જેઓ બીજાની સાથે ગાઢ મોહબ્બત રાખે છે અને તેમને કૃપા દ્રષ્ટિથી જૂએ છે તો અન્ય લોકો પણ તેમની સાથે મોહબ્બત અને કૃપા દ્રષ્ટિથી જૂએ છે. જયારે નિખાલસતાથી એક બીજાને મળે છે તો અલ્લાહની અપાર રહેમત તેમની ઉપર ઉતરે છે. દુન્યવી મકસદ વગર માત્ર ખુદાની ખુશી માટે આવકારવા ઊભો થાય તો અલ્લાહ પાક તેમને ઉદ્દેશીને કહે છે કે તમારા બધા જ ગુનાહ માફ કરી દેવામાં આવ્યા. હવે નવેસરથી અમલ કરો. જયારે તેઓ એકબીજાના સમાચાર લેવાનું ચાલું કરે છે તો ફરિશ્તા આપસમાં કહે છે કે દૂર થઈ જાઓ. શાયદ આ લોકો કંઈક રહસ્યની વાતો કરે. કેમ કે ખુદા ખુદ તેમના અવગુણોને છૂપાવનાર છે.''

ઈસ્હાક કહે છે કે, મેં વિનંતી કરી કે,

''અય રસુલુલ્લાહ સ.ના ફરઝંદ! આવા સમયે આપણે જે જે વાતો કરીએ તે લખવામાં નહિ આવતી હોય?'' આ સાંભળીને હઝરતે ઊંડો શ્વાસ લીધો અને એટલું રડયા કે, આપની મુબારક આંખમાથી આંસુઓ ટપકવા લાગ્યા. પછી મને કહ્યું કે,

''ખુદા તાઅલા મોમીનોના સન્માન માટે આ હુકમ કર્યો છે. જયારે બે મોમીનો આપસમાં મુલાકાત અને વાતો કરે તો તેમની પાસેથી દૂર ખસી જાઓ. આ સમયે ફરિશ્તા તે વાતો લખતા નથી. પરંતું ખુદા વંદે કરીમ તે સઘળી વાતોને જાણે છે.''

''અય ઈસ્હાક! ખુદાથી એવી રીતે ડર કે એ તને જોઈ રહ્યો છે. અગર તું એવું માનીશ કે ખુદા તને નથી જલઈ રહ્યો તો તું કાફિર છે. અગર તું એ જાણે છે કે એ તને જોઈ રહ્યો છે છતાં તું તારા ગુનાહોને લોકોથી છૂપાવે છે અને ખુદાની સામે તારા



https://downloadshiabooks.com/

ગુનાહોની જાહેરાત કરે છે તો તેનો મતલબ એ થયો કે તારામાં સામાન્ય લોકો જેટલી પણ જાણકારી નથી.''

આપ અ.મે ફરમાવ્યું કે,

''આપસમાં મુસાફેહો કરવાનો સવાબ રાહેખુદામાં જેહાદ કરવા બરાબર છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''શીઆઓના કપાળ પર એક પ્રકારનું તેજ હોય છે જેના કારણે લોકો તેમને ઓળખી લે છે. તમે આપસમાં એક બીજાની મુલાકાત કરો તો અરસ પરસ એક બીજાના કપાળમાં ચૂંબન આપો.''

## પ્રકરણ-૧૦૦
## મજલીસ-મહેફિલમાં બેસવાના આદાબ

હઝરત રસુલેખુદા સ. અમીરૂલ મોઅમેનીન અ.ને વસીયત કરી કે,

નીચે જણાવેલ આઠ માણસો અપમાનિત થાય તો પોતાની જાતને જ ધિક્કારવી જોઈએ.

(૧) આમંત્રણ વિના કોઈને ત્યાં પહોંચી જનાર,

(૨) મકાન માલિક પર જબરદસ્તી કરનાર,

(૩) પોતાની ભલાઈની આશા રાખનાર,

(૪) કંજૂસો અને દુષ્ટ લોકો પાસેથી દાન અને એહસાનની અપેક્ષા રાખનાર,



https://downloadshiabooks.com/

(૫) બે માણસોની વાતોમાં રજા વગર ટપકી પડનાર,

(૬) બાદશાહનો તિરસ્કાર કરનાર,

(૭) મજલીસ અને મહેફિલમાં પોતાને લાયક ન હોય તેવી જગ્યાએ બેસનાર,

(૮) પોતાની વાતો તરફ ધ્યાન આપતો ન હોય તેવા માણસની સાથે વાતચીત કરનાર.

હઝરત અલી અ. ફરમાવે છે કે,

"જે કોઈમાં નીચેની ત્રણેય યા ત્રણમાંથી ગમે તે લાયકાત ન હોય છતાં સભાના પ્રમુખ સ્થાને બિરાજે તે મૂર્ખ છે."

(૧) જે કંઈ પૂછવામાં આવે તેનો જવાબ આપી શકે,

(૨) અન્ય લોકો હક વાત રજૂ કરવા મજબૂર હોય તો પોતે પૂરેપૂરી હક વાત કહેવા શક્તિમાન હોય,

(૩) એવા વિચારો વ્યક્ત કરે કે જેની પર ચાલવાથી લોકોને ફાયદો જ ફાયદો થાય.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કોઈ મજલીસ યા મહેફિલમાં લોકો બેઠેલા હોય તો મોમીન સૌની પાછળ બેસવું જોઈએ. કારણ કે, કૂદકા મારતાં મારતાં બધાની વચ્ચે થઈને પસાર થવું એ મૂર્ખતા છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"નીચેની આદતો નમ્રતા અને પસંદ કરવા લાયક છે."

(૧) મજલીસ/મહેફિલમાં જે પદ/હોદ્દા માટે લાયક હોય તેનાથી એક પદ નીચેના સ્થાને બેસવું,

(૨) દરેકને સલામ કરવી,

(૩) લડાઈ ઝઘડાથી દૂર રહેવું ચાહે તે હક પર જ કેમ ન હોય,



https://downloadshiabooks.com/

(૪) પોતાના વખાણની અપેક્ષા ન રાખવી.

એ પણ ફરમાવ્યું કે,

"અગર કોઈના ઘેર જવાનું થાય તો ઘર માલિક જે જગ્યાએ બેસવાનું કહે ત્યાં બેસવું જોઈએ. કારણ કે ઘરનો માલિક પોતાના ઘરની સઘળી હકિકતથી માહિતગાર હોય છે."

હઝરત અલી અ. ફરમાવે છે કે,

"જાહેર રસ્તાઓ પર કયારેય ન બેસો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"હઝરત રસુલ સ. જયારે કોઈ મહેફિલમાં જતા તો દરવાજાની નજીક જયાં જગ્યા મળે ત્યાં બેસી જતા. ઘણું કરીને કિબ્લા તરફ મોં કરી બેસતા."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ગરમીની ઋતુંમાં જરૂરી છે કે, મજલીસ મહેફિલ માં એક બીજા વચ્ચે થોડુંક અંતર રાખી અલગ અલગ બેસવું જોઈએ. જેથી લોકોને ગરમીથી તકલીફ ન પહુંચે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે કોઈ સાંકડી જગ્યામાં પલોઠીવાળીને બેસે તો તેનામાં માણસાઈ નથી."

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**
**"જો કોઈ મોમીન પોતાના મોમીનભાઈને ખરાબ કામ કરતાં જૂએ અને તેને ખરાબ કામ કરતાં રોકી શકે તેમ હોય છતાં ન રોકે તો તેણે દોસ્તી અને ભાઈચારામાં વિશ્વાસઘાત કરેલો ગણાશે."**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૦૧
# મહેમાનગતિ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"કોઈ આપણા ઘરે આવે તો થોડેક સુધી ચાલી તેમને આવકારવા જોઈએ. તેવી જ રીતે વિદાય વેળાએ પણ તેમની સાથે થોડેક સુધી ચાલી વિદાય કરવી જોઈએ."

એ પણ ફરમાવ્યું કે,

"મહેમાન જયાં સુધી આપણા ઘેર રહે ત્યાં સુધી આપણા પર હાકિમ છે. આપણો માલિક છે. તે જે કંઈ હુકમ કરે તેનું પાલન કરવું જોઈએ."

એક સમયે અમીરૂલ મોઅમેનીન અ. પાસે બે માણસો આવ્યા. હઝરતે બંને માટે એક એક આસન પાથર્યું. બેમાંથી એક જણ તે આસન પર બેસી ગયો. પણ બીજાએ તેની પર બેસવાનો ઈન્કાર કર્યો. હઝરતે કહ્યું,

"બેસી જા. કારણ કે ઈજજત આપવામાં આવે છે તો ગધેડા સિવાય કોઈ ઈન્કાર કરતું નથી."

પછી ફરમાવ્યું કે,

"હઝરત રસુલેખુદા સ.નો હુકમ છે કે, તમારી પાસે કોઈ પણ કોમનો ઈજજતવાળો માણસ આવે તો તમે તેની ઈજજત કરો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મુનાફિક(કપટી) સિવાય બધા જ લોકો નીચે જણાવેલ લોકોના હક જાણે છે."



https://downloadshiabooks.com/

(૧) સફેદ દાઢીવાળા વૃધ્ધ મુસલમાનનો હક,

(૨) કુરઆન હાફિઝ યા કુરઆનને કુરઆનને સમજનારનો હક,

(૩) આદિલ ઈમામનો હક.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જેમની લોકો ઈજજત કરતા હોય તેઓએ ઈજજતને કબૂલ કરવી જોઈએ. તેનાથી ઈન્કાર કરવો કોઈ પણ પ્રકારે ઠીક નથી.''

ઈમામ હસન અસ્કરી અ. ફરમાવે છે કે,

''કોઈ માણસની એવી રીતે મહેમાનગતિ ન કરો કે જેથી તેના માટે તમારી મહેમાનગતિ કરવી મુશ્કેલ થઈ પડે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''તમારી પાસે કોઈ મોમીન ભાઈ આવે તો તેની ઈજજત કરો. કારણ કે તે ખુદાની ઈજજત કરવા બરાબર છે.''

## પ્રકરણ-૧૦૨
## સોબત તેવી અસર

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પહેલા તમે એ જાણો કે તમે કોની સાથે સોબત રાખો છો? કેમ કે દરેક માણસને મોતના સમયે તેમના સોબતીઓને બતાવવામાં આવશે. અગર સોબતીઓ નેક ચલન હોય તો તે ખુશી થાય છે. અગર જો તેઓ બદચલન હોય તો દુઃખી થાય છે.''



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"હું તે માણસની કદર કરું છું જે મારી ખામીઓને બતાવે.જૂના દોસ્તોની મોહબ્બતને જરૂરી સમજો અને નવા દોસ્તોની વાતથી ડરતા રહો. કેમ કે કેટલાક પોતાના વચનોને વફાદારીપૂર્વક પૂરા નથી કરતા. કોઈની પર તમારો ચાહે ગમે તેટલો ભરોસો હોય તેમ છતાં બદગુમાન જરૂર થાઓ."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસ ખરાબ સોબતીઓ સાથે બેઠક રાખે છે તે જૂઠા આરોપોનો વધારે ભોગ બને છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"જૂઠા આરોપવાળી જગ્યા પર કોઈ ઊભો રહે. પછી જો લોકો તેની તરફ બદગુમાની કરે તો આ માટે તેણે પોતાની જાતને દોષ દેવો જોઈએ."

આપે ફરમાવ્યું કે,

ઈસા પયગમ્બર સ. ફરમાવે છે કે, "ખરાબ સોબતીઓથી બચો. કારણ કે ખરાબ સોબતીઓ ચારિત્ર પર અસર કરે છે અને બદનામી અપાવે છે. તેથી તમે એ જાણી લો કે તમારી સાથે ઉઠવા બેસવાવાળા કેવા છે?"

ઈમામ ઝૈનુલ આબેદીન અ. ફરમાવે છે કે,

"પાંચ માણસો સાથે દોસ્તી ન કરવી જોઈએ."

(૧) જૂઠા માણસ સાથે, તેનું ઉદાહરણ મૃગવળ જેવું છે. જૂઠો માણસ પોતાના જૂઠથી ધોકો આપશે અને ઘણી વખત દૂરની વસ્તુંને નજીક અને નજીક વસ્તુંને દૂર બતાવશે,



https://downloadshiabooks.com/

(૨) વ્યચિચારી સાથે સોબત ન કરવી જોઈએ. કારણ કે તમને એક ટંક ભોજનના બદલામાં કે તેનાથી ઓછી કિંમતમાં બીજાને વેચી દેશે.''

(૩) કંજૂસ સાથે પણ સોબત કરવાની મનાઈ છે. કંજૂસ સખત મુસીબતના સમયે પણ તમને તેના માલથી મદદ નહિ કરે,

(૪) મૂખ સાથે દોસ્તી ન કરો. તે તમને ફાયદો પહોંચાડવા ચાહશે તો પણ ફાયદાને બદલે નુકશાન થશે,

(૫) નિર્દય સાથે સોબત ન કરવી જોઈએ. ખુદા તઆલા કુરઆનમજીદમાં નિર્દય લોકો માટે ત્રણ જગ્યાએ તિરસ્કાર કરેલો છે.

હઝરત ઈસા અ. ફરમાવે છે કે,

''કોઈ બદકાર, પાગલ યા જૂઠા માણસને પોતાનો ભાઈ યા દોસ્ત બનાવે તે મુસલમાન માટે શોભતું નથી.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ત્રણ પ્રકારના માણસો સાથે સોબત રાખવાથી દિલ મરી પરવારે છે.''

(૧) હલકટ અને નીચ લોકો સાથે,

(૨) સ્ત્રીઓ સાથે સોબત રાખવાથી,

(૩) માલદારો સાથે.

હઝરત લુકમાન અ. પોતાના બેટાને કહ્યું કે,

''દોસ્તોથી અતિશય સહવાસ ન રાખો. અતિશય સહવાસ કયારેક જૂદાઈનું કારણ બને છે. દોસ્તોથી વધું પડતા અલગ ન રહો તે કયારેક તિરસ્કારનું કારણ બને છે. જે નેકીને ચાહતો હોય તેની સાથે નેકી કરો. જેવી રીતે શિયાળ અને બકરીમાં દોસ્તી નથી થતી, તેવી રીતે નેક માણસોને બદ લોકો સાથે દોસ્તી થઈ



https://downloadshiabooks.com/

શકતી નથી. જે કોઈ ગુંદરને સ્પર્શ કરશે તે જરૂર તેને ચોંટી જશે. તેવી જ રીતે માણસ ખરાબ સોબતીઓ સાથે બેસશે તેની ખરાબીઓ-બૂરાઈઓ જરૂર શીખશે. જે માણસ લોકો સાથે ઝઘડો કરશે તે જરૂર ગાળો સાંભળશે. જે માણસ દુષ્ટ લોકો સાથે બેસશે તેને જરૂર બદનામી મળશે. તે કયારેય બૂરાઈઓથી સલામત રહી શકશે નહિ. જે માણસ જીભને કાબૂમાં નહિ રાખે તેને જરૂર પસ્તાવો થશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''બદકાર લોકોથી વાતચીત કરવાથી દૂર રહો. તે તમને પણ તેવા જ સમજશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''માણસ પોતાના દોસ્ત અને સાથીઓના ધર્મને અનુંસરે છે. પાગલો સાથે દોસ્તી ન કરો. જયારે તમે તેનાથી ખૂબ જ ખુશ થશો તો શક્ય છે કે પળવારમાં તમને ગમગીન કરી દે. જે જાહીલો (અજ્ઞાનીઓ)થી દૂર રહે તે હોંશિયાર છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જો કોઈ મોમીન પોતાના મોમીનભાઈને ખરાબ કામ કરતાં જૂએ અને તેને ખરાબ કામ કરતાં રોકી શકે તેમ હોય છતાં ન રોકે તો તેણે દોસ્તી અને ભાઈચારામાં વિશ્વાસઘાત કરેલો ગણાશે. જો કોઈ મૂર્ખ માણસની સોબત કરવાથી દૂર ન રહે તો બહુ જ જલદી મૂર્ખના અવગુણો તેનામાં આવી જશે.''

એ પણ ફરમાવેલ છે કે,

''જે માણસની સોબતમાં રહેવાથી દીની ફાયદો ન થાય તો તેની સાથે લગાવ ન રાખો. તેની સાથે વાતચીત કરવામાં ખુશી ન બતાવો.



https://downloadshiabooks.com/

ચાર કામો બિલકુલ બેકાર (વ્યર્થ) છે.

(૧) બેવફાથી મોહબ્બત કરવી,

(૨) જે ઉપકાર ન માને તેની સાથે નેકી કરવી,

(૩) જે રસ ન દાખવતો હોય તેવાને ઈલ્મ(જ્ઞાન) શીખવવું,

(૪) જે ભેદોને દિલમાં સાચવી ન શકે તેને ભેદથી વાકેફ કરવો.

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"આલીમની સાથે સાદી ચટાઈ પર બેસવું એ અજ્ઞાની (ભોઠ) માણસની સાથે મૂલ્યવાન શેતરંજી પર બેસવા કરતાં શ્રેષ્ઠ છે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જે માણસ પર મને ભરોસો હોય તેની સાથે એક વખત બેસવું એ મારી નજરમાં એક વર્ષની ઈબાદતથી શ્રેષ્ઠ છે. અમીરો પાસે ન બેસો. કારણ કે મોમીન પહેલાં એમ સમજે છે કે ખુદાએ મને ઘણી નેઅમતો આપી દીધી છે. પણ અમીરો પાસે જઈને આવે છે ત્યારે એમ સમજે છે કે ખુદાએ મને કંઈ જ નથી આપ્યું."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ચાર કામ એવા છે કે જેનાથી દિલ મરી પરવારે છે."

(૧) વારંવાર ગુનાહ કરવાથી,

(૨) સ્ત્રીઓ સાથે વધુ પડતા બેસવાથી,

(૩) મૂર્ખ લોકો સાથે ઝઘડવાથી,

(૪) ખુદાને ભૂલી ગએલા ધનવાનો પાસે બેસવાથી.

ઈમામ ઝયનુલ આબેદીન અ. પોતાના બેટાઓને ફરમાવતા હતા કે,



https://downloadshiabooks.com/

''ચારિત્રવાન અને ખુદાના નેક બંદાઓ સાથે બેસો. અગર આવા લોકો ન મળે તો અન્ય લોકો સાથે બેસવા કરતાં એકલા બેસવું વધારે યોગ્ય અને સલામતી ભર્યું છે. અગર મજબૂરીના કારણે આવા લોકો સાથે બેસવું પડે તો જેઓ વાત કરવામાં ગાળો બકતા નથી તેવા પરિચિત લોકો સાથે બેસો.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''પોતાના બાપના સંબંધીઓની ઈજજત અને રક્ષણ કરવું વાજીબ છે. કારણ કે તેમની સાથે નેકી કરવી એ પોતાના બાપ સાથે નેકી કરવા બરાબર છે.''

ઈમામ અલી અ. ફરમાવે છે કે,

''જે લોકો અલ્લાહ તઆલાને યાદ કરતા હોય તેમની પાસે જવું જરૂરી છે.''

એ પણ ફરમાવ્યું કે,

''જુના જમાનાના બુધ્ધિશાળી લોકો કહી ગયા છે કે પોતાના ઘેરથી બીજાના ઘેર જવા માટે નીચેનામાંથી કોઈ એક કારણ હોવું જરૂરી છે.''

(૧) હજ તથા ઉમરાહ અદા કરવા માટે અલ્લાહના ઘેર જવું,

(૨) દીની બાદશાહોના ઘેર જવું તેઓના હુકમોનું આજ્ઞાપાલન એ ખુદાની આજ્ઞાઓના પાલન કરવા સમાન છે. તેનાથી ફાયદો પહોંચશે. ચેમનો વિરોધ કરવાથી નુકશાન જ નુકશાન છે,

(૩) ધાર્મિક અને દુન્યવી શિક્ષણ મેળવવા આલિમો અને શિક્ષકોના ઘેર જવું,



https://downloadshiabooks.com/

(૪) ખુદાની ખુશી માટે અને આખેરતના સવાબ માટે સખાવત કરનાર ઉદાર દિલ લોકોના ઘેર જવું,

(૫) ઈજજત અને શાનો શોકત માટે સદ્‌ગૃહસ્થોના ઘેર જવું,

(૬) ધંધામાં સલાહ સૂચન લેવા અનુંભવી લોકોને ઘર જવું, જેમની પર લોકોને ભરોસો હોય અને તેમની સલાહથી ફાયદો પહોંચતો હોય,

(૭) દીની ભાઈઓનો હક્ક જરૂરી અને વાજીબ સમજી તેઓના ઘેર જવું,

(૮) દુશ્મનોના ઘેર એ ઈરાદાથી જવું કે તેઓની સાથેના સંબંધથી નુકશાનથી બચી શકાય અને ઘનિષ્ઠ સંબંધો દોસ્તીમાં ફેરવાય,

(૯) જેમની મુલાકાતથી નસીહતની વાતો જાણવા મળે, અખ્લાક(સંસ્કાર)માં સુધારો થાય અને મોહબ્બતમાં વધારો થાય તેવા લોકોના ઘેર જવું.

## પ્રકરણ-૧૦૩
## છીંક આવે ત્યારે...

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મુસલમાનનો હક મુસલમાન પર એ છે કે મુલાકાતના સમયે સલામ કરે, બીમાર થાય તો ખબર અંતર પૂછવા જાય,



https://downloadshiabooks.com/

પીઠ પાછળ તેની ભલાઈ ચાહે અને છીંક ખાય તો તેના હકમાં દુઆ કરે.''

છીક આવે ત્યારે છીંકનારે **'અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન લા શરીક લહ.'**

(સઘળા વખાણ દુનિયાઓના પાલનહાર માટે છે. જેનો કોઈ ભાગીદાર નથી.) કહેવું જોઈએ. મોમીનભાઈઓએ તેના હકમાં દુઆ કરતાં **'યરહમ કોમુલ્લાહ'** (ખુદા તમારી પર રહેમ કરે.) કહેવું જોઈએ. આ સાંભળીને છીંકનારે પણ તેના મોમીન ભાઈઓના હકમાં દુઆ કરતાં **'યહદી કોમુલ્લાહો વ યુસ્લેહો બાલકુમ'** (ખુદા તમારો માર્ગદર્શક બની રહે અને તમારી પ્રગતિ કરે.) કહેવું જોઈએ.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયારે કોઈ મોમીન છીંકે તો તમે તેના માટે દુઆ કરો. ચાહે તેના અને તમારા વચ્ચે એક દરિયા કે નદી જેટલું અંતર કેમ ન હોય? (ચાહે તમે ગમે તેટલા દૂર હો દુઆ કરો.)''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''તંદુરસ્તી અને સંતોષકારક હાલતમાં ખુદાના તરફથી બંદા પર ઘણી જ નેઅમતો ઉતરે છે. પરંતું બંદો તે નેઅમતોનો આભાર માનવાનું ભૂલી જાય છે. તેથી ખુદા તઆલા હવાને હુકમ કરે છે કે તે બંદાના શરીરમાંથી પસાર થઈ નાક દ્વારા નીકળી જાય. આ કારણે છીંક આવે તો **'અલ્હમ્દોલિલ્લાહ'** કહીને અલ્લાહ તઆલાના વખાણ કરવાનો હુકમ છે. આ રીતે ખુદાના વખાણ કરવા એ નેઅમતોનો આભાર અને ભૂલની માફી થઈ જાય છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''છીંક એ બહુ જ સારી વસ્તું છે. કારણ કે તેનાથી શરીરને ફાયદો પહોંચે છે અને ખુદાની યાદ અપાવે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''એક નાબાલિગ બાળક રસુલેખુદા સ. પાસે બેઠું હતું. તેને છીંક આવી તો કહ્યું, **'અલ્હમ્દો લિલ્લાહ'** તો હુઝુર સ.મે ફરમાવ્યું કે, **'બારકલ્લાહો ફીક.**''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ છીંક ખાધા પછી **'અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન અલા કુલ્લે હાલીન.'** કહે તો તેને કાન અને દાંતનો દુઃખાવો કયારેય થશે નહિ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ત્રણ છીંકો આવે ત્યાં સુધી શરીરને ફાયદો થાય છે. પરંતું ત્રણથી વધારે છીંકો આવે તો તે બીમારીને લાધે છે. જેને છીંક આવે તે માણસ સાત દિવસ સુધી મરવાથી બચી જાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''વધુ પડતી છીંકો પાંચ બીમારીઓ આવવાથી બચાવે છે.''

(૧) શરદી,

(૨) લકવો,

(૩) આંખોમાં પાણી ઉતરવું,

(૪) નાકની અંદરની જગા સૂકાઈને કડક થઈ જવી,

(૫) આંખોમાં વાળ થઈ જવા જેનાથી પાંપણો પડતી જાય છે.

''અગર ચાહે કે છીંકો ઓછી થઈ જાય તો છ રતી મરવાનું તેલ નાકમાં ટપકાવે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"અગર કોઈ સંડાસમાં હોય અને છીંક આવે તો તેણે દિલમાં જ **'અલ્હમ્દો લિલ્લાહ'** કહેવું જોઈએ."

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

"છીંકના સમયે હ.રસુલેખુદા સ. પર અને તેમની ઓલાદ પર દુરૂદ મોકલવું વાજીબ છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"અગર કોઈને ઓડકાર આવે તો આસમાન તરફ મોંઢું ઊંચું કરે. ઓડકાર પછી **'અલ્હમ્દો લિલ્લાહ'** કહેવું જોઈએ."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"કિબ્લા તરફ મોં કરીને ના થૂંકે. અગર ભૂલથી થૂંકાઈ ગયું હોય તો તૌબા કરે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"અગર કોઈને નમાઝમાં છીંક આવે તો **'અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન'** કહે. છીંકનો અવાજ સાંભળનારે **'અલ્હમ્દો લિલ્લાહે વ સલ્લલ્લાહો અલા મોહંમદીંવ વ આલે મોહંમદ'** કહે."

**"તમારી પાસે કોઈ મોમીન ભાઈ આવે તો તેની ઈજજત કરો. કારણ કે તે ખુદાની ઈજજત કરવા બરાબર છે."**
**(ઈમામ જાફરે સાદિક અ.)**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૦૪
# હસી મજાકની મર્યાદા

ઈમામ મોહંમદ બાકિર અ. અને ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"ત્રણ મિત્રો એક સાથે બેસી વાતો કરતા હોય તે સમયે તેમાંથી બે જણ એક બીજાના કાનમાં વાત ન કરે. આમ કરવાથી ત્રીજ મિત્રને દુઃખ થશે અને નારાજ થઈ જશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસ પોતાના મુસલમાનભાઈની વાત કાપી નાખે તો તે તેનું અપમાન કર્યા બરાબર છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કોઈ મોમીન એવો નથી જેને હસી મજાક કરવાની આદત ન હોય. હસી મજાક કરવી એ સારી વસ્તું છે. તે મોમીન ભાઈની ખુશીનું કારણ બને છે. હઝરત રસુલેખુદા સ. લોકોને ખુશ કરવા ચાહતા ત્યારે હસી મજાક કરતા."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જે માણસ લોકોને ખુશ કરે છે, જયાં સુધી ગંદી વાત નથી કરતો ત્યાં સુધી ખુદા ખુશ રહે છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મોમીનોનું હસવું એ મુશ્કુરાહટ હોવી જોઈએ. મોટેથી હસવું ન જોઈએ. વધું પડતું હસવાથી દિલ મરી જાય છે. વિના કારણે હસવું મૂર્ખાઈ છે. વધુ પડતી હસી કજાક ન કરો. તેનાથી ચહેરાની રોનક જતી રહે છે. જે માણસથી તમને મોહબ્બત હોય



https://downloadshiabooks.com/

તેનાથી મજાક કરો. પરંતું એક બીજા પર હાથ-પગ ઊછાળી મજાક ન કરો.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''લોકોની ઠઠ્ઠા મશ્કરી ન કરો. (અપમાન થાય તેવી મજાક ન કરો.) તેને પણ સામાન્ય ગાળ સમજવામાં આવે છે. તેનાથી મિત્રોમાં દુશ્મની પેદા થાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ઠઠ્ઠા મશ્કરી કરવાથી ઈજજત આબરૂમાં ઘટાડો થાય છે, લોકોના દિલમાં નફરત પેદા થાય છે અને માન ઘટી જાય છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જોરથી હસવાથી ઈમાનનું નૂર ગાયબ થઈ જાય છે. મર્દાનગી ઘટી જાય છે.''

હઝરત દાઉદ અ.મે હઝરત સુલેમાન અ.ને કહ્યું,

''બેટા, વધારે ન હસવું. કેમ કે વધારે હસનાર કયામતના દિવસે ગરીબ હશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''મને નવાઈ લાગે છે કે જેને જહન્નમના હોવા પર યકીન છે તેને હસવું કેમ આવે છે?''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ઘણા માણસો એવા છે જેઓ કારણ વગર અટ્ટ હાસ્ય કરીને સમયની બરબાદી કરે છે. તેઓને કયામતના દિવસે રડવું પડશે. કેટલાક લોકો પોતાના ગુનાહો માટે ખૂબ જ રડે છે, તૌબા કરે છે. તેઓ જન્નતમાં ખુશખુશાલ હશે તથા કયામતના દિવસે ખૂબ જ હસશે.''



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૦૫
# પડોશી અને સાથીદારો સાથે વર્તન

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમારી નજીકમાં અને પડોશમાં રહેવાવાળાઓ સાથે નેક વર્તન કરો અને તેમના તમામ હકો અદા કરો. જેથી કરીને તમારૂં ઈમાન પરિપૂર્ણ થાય. તમારી સાથે ઉઠવા બેસવાવાળાઓના હક અદા કરો. જેથી તમારો ઈસ્લામ સંપૂર્ણ થાય.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''માણસ જાતનો હોય છે. કાં તો મોમીન, કાં તો ભોઠ. મોમીનને તકલીફ ન આપવી જોઈએ અને ભોઠ સાથે બેફામ વર્તન ન કરવું જોઈએ. નહિતર તમે એવા જ થઈ જશો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ પોતાના સાથીઓ સાથે સાથીદાર હોવાનો અને દોસ્તો સાથે દોસ્તીનો હક અદા ન કરે, જેનું નમક ખાય તેની સાથે નમક હલાલી ન કરે અને ઉપકાર કરનારની સાથે મહેરબાનીથી વર્તાવ ન કરે, તે અમારો નથી અમે તેના નથી.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''મુનાફિક (કપટી) સાથે મીઠી વાતો કરો. પરંતું તમારી દિલી મોહબ્બત મોમીનો માટે જ હોવી જોઈએ. અગર તમારો સાથી યહુદી હોય તો તેની સાથે પણ સાથીદારનો હક અદા કરો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"લોકો સાથે મહેરબાનીથી વર્તો કે જેથી લોકોના દિલોમાં તમારૂં સ્થાન રહે. તમારી મોહબ્બત કાયમ રહે."

"ત્રણ વસ્તુંઓ અન્યના દિલોમાં મોહબ્બતમાં વધારો કરે છે."

(૧) મુલાકાતના સમયે ખુશી જાહેર કરવાથી,

(૨) આવનાર બેસવા ચાહે તો બેસવાની જગા કરવાથી,

(૩) જે નામ તેને પસંદ હોય તે નામથી બોલાવવાથી.

"લોકો સાથે દોસ્તી અને મોહબ્બત જાહેર કરવી એ અડધી હોંશિયારી છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"તમારે કોઈની સાથે દોસ્તી હોય તો તમે તેની સાથે ખુલુસતાથી દોસ્તી જાહેર કરો. આમ કરવાથી દોસ્તી વધારે મજબૂત બને છે. હઝરત રસુલેખુદા સ. પોતાના અસ્હાબોની બેઠકમાં દરેકની તરફ સરખું ધ્યાન આપતા. કોઈ એકની તરફ વધારે કે ઓછું ધ્યાન આપતા નોહતા. કયારેય સાથીઓની બેઠકમાં પગ ફેલાવીને બેસતા નહિ."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"અગર કોઈ માણસને કોઈની સાથે મોહબ્બત હોય તો સારૂં એ છે કે તેના ખાનદાનનું નામ, બાપનું નામ તેમજ સગાવહાલાઓના નામ જાણી લે. આ દોસ્તી અને ભાઈચારાના હકોમાંથી એક હક છે. જો આ હક અદા ન કરે તો તેની દોસ્તી એ મૂર્ખ લોકોની દોસ્તી સમજવામાં આવશે."

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''તમે તમારા મોમીનભાઈ સાથે બેશરમ બની વાતો ન કરો. એક બીજાની માન મર્યાદા જાળવી રાખો. જેથી શરમ ખતમ ન થઈ જાય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''પોતાના મોમીન ભાઈના ચહેરા પર ધૂળ યા ઘાસનું તણખલું લાગેલું હોય અને તેને સાફ કરે તો ખુદા તઆલા તેના સદ્ કાર્યમાં દસ નેકીઓ લખશે. અગર મોમીનધાઈની મુલાકાતથી ખુશ થાય તો પણ દસ નેકીઓ લખવામાં આવશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''હરામી માણસની કેટલીક નિશાનીઓ છે,''

(૧) અહલેબૈત અ.ના ખાનદાનનો દુશ્મન હોય,

(૨) હરામથી પેદા થએલ હોય તેવા લોકો તરફ લાગણી ધરાવતો હોય,

(૩) ખુદાના મઝહબને હલકો સમજતો હોય,

(૪) લોકોને તકલીફ પહોંચાડતો હોય.

''જે માણસ લોકોને તકલીફ પહોંચાડતો હોય તે જરૂરથી વ્યભિચારથી જન્મેલો હશે યા તેની મા માસિક સ્રાવના સમયમાં ગર્ભવતી થઈ હશે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

એક માણસ હઝરત રસુલેખુદા સ.ની પાસે આવી નસીહત કરવા વિનંતી કરી. રસુલે ઈસ્લામ સ. નસીહત કરતાં ફરમાવ્યું કે,

''મોમીનભાઈની મુલાકાત હસતાં હસતાં ખુશ ખુશાલ મુખે કરો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''લોકોને હસતા ચહેરે અને ખુશ ખુશાલ મુખે મુલાકાત કરવાથી કીનો (કપટ) દૂર થઈ જાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

ત્રણ કાર્યોમાં દુનિયા અને આખેરતની ભલાઈ છે.

(૧) જે તમારા પર ઝૂલ્મ કરે તેને માફ કરો,

(૨) જે તમારી સાથે મોહબ્બતનો છેડો ફાડવા ચાહે તેની સાથે હળી મળીને રહો,

(૩) જે કોઈ તમારી સાથે ગુસ્સો યા બિભત્સ વર્તન કરે, તમે તેની સાથે નમ્રતાઈથી વર્તો.''

''જે માણસ બદલો લેવાની શક્તિ ધરાવતો હોવા છતાં પોતાના ગુસ્સાને પી જાય તો ખુદા તઆલા કયામતના દિવસે તેના દિલને ઈમાનથી ભરી દેશે, મહેશરના ડરથી મુક્તિ આપશે અને આખેરતમાં ઈજજત વધારશે.''

## પ્રકરણ-૧૦૬
## મજલીસ અને મહેફિલોમાં અલ્લાહની યાદ

હઝરત રસુલેખુદા સ. કેટલાક લોકોને ઉદ્દેશીને ફરમાવ્યું કે,

''બને ત્યાં સુધી આપ સૌ જન્નતના બગીચાઓમાં પહોંચી જાઓ.'' લોકોએ પૂછ્યું કે,

''યા રસુલુલ્લાહ! જન્નતનો બગીચો કયાં છે?'' આપ સ. મે જવાબ આપ્યો કે,

''જયાં અલ્લાહને યાદ કરવામાં આવે છે.''



https://downloadshiabooks.com/

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''અલ્લાહને બધી જ જગ્યાએ યાદ કરો. કારણ કે તે બધી જ જગ્યાએ તમારી પાસે હાજર જ છે. હ.રસુલેખુદા સ. કોઈ જગ્યાએ થોડીકવાર બેઠા હોય તો પણ ૨૫ (પચ્ચીસ) વખત ઈસ્તિગ્ફાર પઢી લેતા હતા.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે મહેફિલ યા સભામાં કેટલાક લોકો એકઠા થયા હોય અને કોઈ પણ પ્રકારની અલ્લાહને યાદ કર્યા વગર યા પયગમ્બર સ. પર દુરૂદ પઢ્યા વગર ઊભા થઈ જાય તો કયામતના દિવસે આવી બેઠકો તેમના પસ્તાવાનું કારણ બનશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જે માણસ મારો ઝીક્ર મોમીનોની સામે કરે છે, હું તેમનો ઝીક્ર ફરિશ્તાઓની સામે કરૂં છું.''

## પ્રકરણ-૧૦૭

## ચૌદ માસુમીન અ.ની ફઝીલતનો ઝીક્ર

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''લોકો કોઈ એક ઠેકાણે એકઠા થાય, અગર તેમની બેઠકમાં ખુદા અને અમારી ચર્ચા ન કરવામાં આવે તો કયામતના દિવસે તેઓને અફસોસ કરવો પડશે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''અમારો ઝીક્ર એ અલ્લાહનો ઝીક્ર છે. અમારા દુશ્મનોનો ઝીક્ર શયતાનનો ઝીક્ર છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખુદાના કેટલાક ફરિશ્તાઓ જમીન પર ફરતા રહે છે. જયાં મોહંમદ સ. અને આલે મોહંમદ સ.નો ઝીક્ર થાય છે, ત્યાં રોકાઈ જાય છે અને તેમની સાથે ત્યાં બેસી જાય છે. જયારે આ લોકોમાંથી કોઈ બીમાર થઈ જાય તો ફરિશ્તા તેની ખબર અંતર પૂછવા જાય છે. અગર મરી જાય તો તેના જનાઝામાં હાજર થાય છે. અગર કોઈ ગૂમ થઈ જાય તો તેની શોધ કરે છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. મુબસ્સીરને પૂછ્યું કે,

''શું તમે લોકો કોઈ મૌકા પર એકઠા થઈ અમો અહલેબૈત અ.ના ઈલ્મ અને ફઝાએલની ચર્ચા કરો છો?'' મુબસ્સીરે હકારમાં જવાબ આપ્યો. હઝરતે કહ્યું,

''ખુદાની કસમ! મને પણ આ વાત પસંદ છે કે હું તમારી સાથે બેસું અને તમારી ખુશ્બું સૂંઘું. કેમ કે તમે ખુદા અને તેના ફરિશ્તાઓના દીન પર છો. હવે હરામ વસ્તુંથી દૂર રહીને, ખુદાની ઈબાદતમાં કોશીશ કરીને અમારી મદદ કરો કે અમે તમારી શફાઅત કરીએ.''

હદીસમાં છે કે,

''જયાં ત્રણ યા ત્રણથી વધારે મોમીનો એકઠા થાય છે, ત્યાં ફરિશ્તા આવી જાય છે. અગર આ મોમીનો ખુદા પાસે કોઈ વસ્તુંની ઈચ્છા કરે છે તો ફરિશ્તા આમીન કહે છે. અગર કોઈ બૂરાઈથી રક્ષણ મેળવવા ચાહે તો ફરિશ્તાઓ પણ બૂરાઈથી દૂઆ કરે છે.''



https://downloadshiabooks.com/

"અગર કોઈ જગ્યાએ ત્રણ કે ત્રણથી વધારે માણસો અહલેબૈત અ.ના ઈન્કાર કરવાવાળા એકઠા થાય ત્યાં તેનાથી દસ ગણા વધારે શયતાન આવી જાય છે. એકઠા થએલા લોકો હસે છે તો શયતાન પણ હસે છે. આ લોકો ખુદાના દોસ્તોની બૂરાઈ કરે છે તો શયતાન તેઓને સાથ આપે છે. અગર કોઈ મોમીન આવા શયતાની માણસોની વચ્ચે ફસાઈ જાય તો તેના માટે સારૂં એ છે કે ખુદાના દોસ્તોની બૂરાઈ શરૂં થાય એ જ સમયે ત્યાંથી ઊભો થઈ જતો રહે. કેમ કે ખુદાના ગઝબને કોઈ બરદાશ્ત કરી શકતું નથી. અગર ત્યાંથી ઊભો થઈને નીકળી જવામાં મજબૂરી હોય તો દિલથી તે બૂરાઈઓનો ઈન્કાર કરે અને થોડીવાર ઊભો થઈ જાય અને પાછો ચાલ્યો જાય. મતલબ નારાજી જાહેર કરે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"પોતાની બેઠકોમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ અ.ની ચર્ચા કરો. કેમ કે આ રીતે ચર્ચા કરવી એ પયગમ્બરોની આદતોમાંથી સીત્તેર આદતો છે. કોઈ મારા ભાઈ હ.અલી અ.ની ફઝીલતોમાંથી કોઈ એકની ચર્ચા કરે અને દિલથી તેનો ઈકરાર કરે તો તેના આગલા અને પાછલા બધા જ ગુનાહો માફ કરી દેવામાં આવશે. ચાહે ગમે તેટલા હોય."

"તેમની ફઝીલતોમાંથી એક ફઝીલત લખશે તો જયાં સુધી તે કિતાબ બાકી રહેશે ત્યાં સુધી ફરિશ્તાઓ થેના ગુનાહોની માફી ચાહતા રહેશે. જો કોઈ માણસ હઝરત અલી અ.ના ફઝાએલ સાંભળશે તો ખુદા તઆલા તેના થકી થએલા તમામ ગુનાહો માફ કરી દેશે. અગર કોઈ માણસ હ.અલી અ.ના ફઝાએલ પર નજર કરશે તો ખુદા તઆલા તેની આંખોના બધા જ ગુનાહો માફ કરી દેશે."



https://downloadshiabooks.com/

"જો કોઈ માણસ જ્ઞાન પ્રાપ્ત કરવાના રસ્તામાં આગળ વધે તો ખુદા તઆલા તેના માટે જન્નતના રસ્તા ખૂલ્લા કરી દે છે. ફરિશ્તા ખુશીથી પોતાની પાંખોને તાલીબે ઈલ્મ માટે પાથરી દે છે. પૃથ્વી અને આકાશ પરની બધી જ સૃષ્ટિ વિદ્યાર્થી માટે દુઆ કરે છે. એટલે સુધી કે દરિયાની માછલોઓ પણ દુઆ કરે છે. આબીદની સરખામણીમાં આલીમનું સ્થાન એવું છે જેમ ચાંદનીઓની સરખામણીમાં પુનમના ચાંદનો પ્રકાશ. તે માણસ પર સખત અફસોસ છે જે જુમ્આના દિવસે પણ દીની મસાઈલનું જ્ઞાન મેળવવા દુન્યવી કામમાંથી સમય ન કાઢે. ખુદા તઆલા ફરમાવે છે કે જ્ઞાનની ચર્ચા મારા બંદાઓના મુરદા દિલોને જીવંત કરે છે. કોઈની સાથે મુલાકાત કરો તો ઈલ્મની વાતો કરો અને હદીસો બયાન કરો. કેમ કે જે દિલો કાટ ખાઈ ગયા છે તે હદીસોથી ચકચકિત થાય છે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,
"આપસમાં ઈલ્મની ચર્ચા કરવી એ કબૂલ થએલી નમાઝનો સવાબ ધરાવે છે."

## પ્રકરણ-૧૦૮
## મોમીનો સાથે મશ્વેરો કરવો

હઝરત અમીરૂ મોઅમેનીન અ. ફરમાવે છે કે,
"જે માણસ પોતાના વિચારોને સંપૂર્ણ સમજે છે અને બીજાઓ સાથે મશ્વેરો નથી કરતો તે પોતાની જાતને જોખમમાં મૂકે છે."



https://downloadshiabooks.com/

"જેઓ ખુદાથી ડરતા હોય તેઓ સાથે મશ્વેરો કરો, પરહેઝગાર લોકોની ઈજજત કરો અને તેમની સાથે મોહબ્બત કરો. બદકાર સ્ત્રીઓથી ડરતા રહો. સ્ત્રીઓ પર પણ પૂરો ભરોસો ન કરો. અગર તે તમને કોઈ નેક કામ કરવા કહે તો તેનાથી વિરૂધ્ધ કરો. કારણ કે તેને એવો વિચાર ન આવે કે ખરાબ કામ કરવામાં પણ તમને તેના સાથી બનાવે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

હુઝુર સ.મે અમ્મારે સાબાતીને કહ્યું હતું કે,

"તારી ઈચ્છા છે કે ખુદાની નેઅમતથી તું ફાયદો મેળવે? રહેમ કરવામાં તું સૌથી આગળ હોય? તથા તારી જીંદગી આરામથી પસાર થાય? તો પોતાના ધંધામાં ગુલામો અને બદકાર લોકોથી મશ્વેરો ન કર."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ડરપોક લોકોથી મશ્વેરો ન કરો. તેઓ મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાને બદલે વધું મુશ્કેલીઓમાં નાખી દેશે. કંજૂસોથી પણ મશ્વેરો ન કરો. તેઓ તમારા હેતુ અને મહત્ત્વકાંક્ષા સુધી પહોંચવાથી રોકશે. દુનિયાના લાલચુઓથી પણ મશ્વેરો ન કરો. તેઓ એવી બાબતો બતાવશે જે ખરાબમાં ખરાબ હશે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે ખુદાથી મશ્વેરો(ઈસ્તેખારો) કરે છે તે પરેશાન થતો નથી. જે માણસ ધંધામાં મશ્વેરો કરે છે તે કદી પછતાતો નથી."

મૌલાએ કાએનાત હઝરત અલી અ. ફરમાવે છે કે,

"જે માણસ મશ્વેરો કરે છે તે બરબાદીથી બચી જાય છે."

રિવાયતમાં છે કે,



https://downloadshiabooks.com/

''મોટા ભાગે એવું થતું કે ઈમામ અલી રઝા અ. સંપૂર્ણ અકકલવાન હતા આમ છતાં પોતાના ગુલામોમાંથી એક હબ્શી ગુલામથી મશ્વેરો કરતા હતા. પછી ફરમાવતા હતા કે, કેટલીક વખત અલ્લાહ તઆલા જે અમારા હકમાં હોય છે તે તેમની જીભ પર લાવી દે છે.''

હદીસમાં છે કે,

''અકકલમંદ, પરહેઝગાર લોકોથી મશ્વેરો કરો. જયારે તેઓ કંઈ પણ વાત કરે તો તેનાથી ઊલટું ન કરો. કારણ કે તેમ કરવાથી દુનિયા અને આખેરતમાં બરબાદી થશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસથી કોઈ મોમીનભાઈ મશ્વેરો લેવા આવે અને તે માણસ તેની ભલાઈની વાત ન કરે તો ખુદા તેવા માણસની અકકલ અને મશ્વેરો છીનવી લે છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''મશ્વેરો કરવાના કેટલાક કાયદા છે. જે તેના પર અમલ ન કરે તેને ફાયદા કરતાં નુકશાન વધારે થાય છે.''

(૧) જેની સાથે મશ્વેરો કરવામાં આવે તે બુધ્ધિશાળી હોય,

(૨) દીનદાર અને પરહેઝગાર હોય,

(૩) જેનો મશ્વેરો લેવામાં આવે તે ઈમાની ભાઈ અને સાચો દોસ્ત હોય,

(૪) જે કામનો મશ્વેરો લેવાનો હોય તેની સંપૂર્ણ વિગતો જાહેર કરો. જેથી તે તમારા તમામ વિચારોથી વાકેફ થાય તથા તમને જે મશ્વેરો આપ્યો હોય તેને છૂપાવે.

''આ કાનૂનો પર અમલ કરવાથી એ ફાયદો થશે કે અગર મશ્વેરો આપનાર બુધ્ધિશાળી હશે તો તમે તેના મશ્વેરાથી ફાયદો



https://downloadshiabooks.com/

ઉઠાવશો. અગર મશ્વેરો આપનાર દીનદાર હશે તો તે હંમેશા તમારી ભલાઈની વાત કરશે. અગર મશ્વેરો આપનાર તમારો મોમીનભાઈ યા દોસ્ત હશે તો તે તમને જે મશ્વેરો આપેલ છે તે બીજાની સામે જાહેર કરશે નહિ.''

''યાદ રાખો! મશ્વેરાની ફઝીલતમાં ખુદાવંદે આલમ પોતાના પયગમ્બર સ.ને કુરઆનથી મશ્વેરો કરવાનો હુકમ આપ્યો છે.''

## પ્રકરણ-૧૦૯
## પત્ર લખવાના આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મોમીનભાઈની આપસની મોહબ્બત તેનાથી જાહેર થાય છે કે વતનમાં રહેતા હોય તો એક બીજાની મુલાકાતે જાય અને જો પરગામ રહેતા હોય તો એક બીજાની સાથે પત્ર વ્યવહાર કરે.''

એ પણ ફરમાવ્યું કે,

''જેવી રીતે સલામનો જવાબ આપવો વાજીબ છે તે જ રીતે પત્રનો જવાબ આપવો વાજીબ છે. બહુ જ સુંદર અક્ષરે **'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'** લખીને પત્રની શરૂંઆત કરો.'' લોકોએ હઝરતને સવાલ કર્યો કે,

''જેને પત્ર લખીએ છીએ તેનું નામ આપણા નામથી ઉપર લખવું કેવું છે?'' ઈમામે ફરમાવ્યું,

''કોઈ વાંધો નથી. આ તો એક ઈજજત છે જે તમે તેને આપી રહ્યા છો.''



https://downloadshiabooks.com/

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''જયારે પત્ર લખો તો તેના પર માટી છટકોરો. તેનાથી હાજત પૂરી થાય છે.''

ઈમામ અલી નકી અ. પત્રની શરૂઆતમાં આ મુજબ લખતા હતા.

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ ઉઝ્કુર ઈન્શાઅલ્લાહો તઆલા વલ અમ્રો બે ચદીલ્લાહ.'**

(ઈન્શાઅલ્લાહ કહી દો કારણ કે કામને પૂરૂં કરવું એ ખુદાના હાથમાં છે.)

''કારોબારમાં યા પત્રવ્યવહારમાં જો કોઈ **'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'** ને કહેવું યા લખવું છોડી દે તો તેવા માણસોની સરખામણી નમાઝ છોડી દેવાવાળાથી કરવી એ કંઈ વધારે પડતું નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''પત્રના લખાણ પરથી તેના લખનારની હોંશીયારીનો ખ્યાલ આવે છે. જયારે સંદેશાવાહકના સમાચાર આપવાની સમજદારીનો ખ્યાલ આવે છે.''

ઈમામ મુસા કાઝીમ અ.ને કોઈએ પૂછ્યું કે,

''અમારી પાસે ખૂબ જ પત્રો એકઠા થાય છે. અગર તેમાં ખુદાનું નામ ન હોય તો બાળી દઈએ?'' ઈમામે જવાબ આપ્યો.

''ના, પહેલાં તેને પાણીથી ધોઈ નાખો.''

ઈમામ જાફરે સાદિક અ.ને લોકોએ પૂછ્યું કે,

''ખુદાના નામને થૂંકથી મીટાવી શકાય?'' ઈમામે જવાબમાં કહ્યું,

''જે સૌથી વધારે પાક હોય તેનાથી મીટાવો.''



https://downloadshiabooks.com/

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"કુરઆનનું લખાણ યા ખુદાનું નામ કાઢવું હોય તો સૌથી વધું પાક વસ્તુંથી નાબૂદ કરો. કુરઆન મજીદને આગમાં સળગાવવાની અને પેનથી છેકીને નાબૂદ કરવાની મનાઈ કરેલી છે."


## બચ્ચોંકી તાલીમ સીરીઝ-૩

# જમવાના આદાબ

## કયારે જમવું? કેટલું જમવું?

## શા માટે જમવું?

***જમતાં પહેલાં અને પછી શું ધ્યાનમાં રાખવું?***

***કુરઆન અને હદીસની રોશનીમાં માર્ગદર્શન***

*તદ્દન સરળ ગુજરાતી ભાષામાં, ચિત્રો સાથે,*
*બાળકને સમજમાં આવી જાય તે રીતે,*
*રંગીન આર્ટ પેપરમાં દરેકને ઉપયોગી કિતાબ.*

**સંપર્ક**

**ઝયનબીયા ઈસ્લામી લાયબ્રેરી, મેતા.**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**




https://downloadshiabooks.com/

# વિભાગ-૧૨: ઘર

૧૧૦. મોકળાશવાળું ઘર,
૧૧૧. ઊંચી ઈમારતો નિંદાને પાત્ર,
૧૧૨. ઘરમાં ચિતરામણ અને નકશીકામની મનાઈ,
૧૧૩. ઘરમાં ગાલીચા પાથરવાના આદાબ,
૧૧૪. ઘરમાં ઈબાદત કરવાનો સવાબ,
૧૧૫. ઘર આંગણે જાનવરો પાળવા,
૧૧૬. ઘર આંગણે પશુંઓ પાળવા,
૧૧૭. જાનવરો સાથે વર્તન,
૧૧૮. કૂતરાને ઘરમાં રાખવાની મનાઈ,
૧૧૯. ઘરમાં રોશની કરવા વિષે,
૧૨૦. ઘરને લગતા કેટલાક અખ્લાક,
૧૨૧. ઘરેથી બહાર નીકળતી વખતના આદાબ.

**—: પ્રકાશક :—**

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૨ ઘર

## પ્રકરણ-૧૧૦

## મોકળાશવાળું ઘર

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"માણસની ખુશનસીબીમાંથી એક એ પણ છે કે તેનું ઘર મોકળાશવાળું અને ખૂલ્લું (હવા-ઉજાસવાળું) હોય."

ઈમામ મુસા કાઝીમ અ.મે એક ઘર ખરીદીને તેમના એક મિત્રને આપતાં કહ્યું,

"તમે આ ઘરમાં રહો. કેમ કે તમારૂં ઘર સાંકડું છે." તેમના મિત્રે કહ્યું,

"જે ઘર મારા પિતાએ બનાવ્યું છે તેને છોડીને બીજા ઘરમાં જવું એ ઠીક નથી." હઝરતે ફરમાવ્યું,

"શું એ જરૂરી છે કે તમારા પિતાએ ભૂલ કરી હોય તે ભૂલ તમે પણ કરો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"ત્રણ વસ્તુંઓથી મોમીનને રાહત પહોંચે છે."

(૧) હવા-ઉજાસવાળું મકાન જે પરદાવાળું હોય, જેથી ઘરના અયબ અને ભેદની વાતો લોકો સુધી ન પહોંચે,

(૨) નેક પત્ની જે આખેરત અને વ્યવહારમાં મદદરૂપ બની રહે,

(૩) કોઈ બહેન યા દીકરી જે પોતાના ઘરમાંથી નિકાહ પછી નીકળે યા મૃત્યું બાદ.

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જીંદગીની મજા મોકળાશવાળું ઘર અને વધારે નોકરોમાં છે."

એક હદીસમાં છે કે,

"દુનિયાની મજા મોકળાશવાળા ઘર અને વધારે દોસ્તોમાં છે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"નાનું મકાન જીંદગીની આફતોમાંથી એક આફત છે."

હઝરત રસુલેખુદા સ.ના અન્સારોમાંથી કોઈ એકે પોતાના નાના ઘર વિષે ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,

"તું આજીજી સાથે ખુદા પાસે વિશાળ ઘર માટે દુઆ માંગ. ખુદા પાક તને જરૂર એક મોટું ઘર આપશે."

આપ સ.મે ફરમાવ્યું કે,

**ચાર વસ્તુંઓ માણસની ખુશનસીબીમાં ગણાય છે.**

(૧) દિકરો ચહેરે મોહરે પોતાના જેવો હોય,

(૨) પત્ની ખૂબસુરત અને સંસ્કારી હોય,

(૩) સવારી માટે પોતાનું વાહન હોય,

(૪) ઘર મોકળાશવાળું મોટું હોય.

**ઘર સંબંધી નીચેની બાબતો અશુભમાં ગણાય છે.**

(૧) ઘરનું આંગણું નાનું હોય,

(૨) ઘર ખામીવાળું હોય,

(૩) ઘરના પાડોશી ખરાબ હોય.

**ચાર વસ્તુંઓ ભાગ્યશાળીની નિશાની છે.**

(૧) નેક પત્ની,

(૨) વિશાળ ઘર,

(૩) સારા પાડોશી,



https://downloadshiabooks.com/

(૪) શ્રેષ્ઠ સવારી.

**ચાર વસ્તુંઓ દુર્ભાગ્યની નિશાની છે.**

(૧) બદબખ્ત પત્ની,

(૨) સાંકડું ઘર,

(૩) નાલાયક પાડોશી,

(૪) ખરાબ સવારી.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જીંદગીની કડવાશ બે વાતોમાં છે.''

(૧) વારંવાર ઘર બદલવું,

(૨) રોટલી બજારમાંથી ખરીદવી. (બજારમાં જમવું.)

## પ્રકરણ-૧૧૧
## ઊંચી ઈમારતો નિંદાને પાત્ર

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ હરામ કામથી માલ ભેગો કરે છે, ખુદા તેને ઘણી અને ઊંચી ઈમારતો બનાવવાનો શોખ પેદા કરે છે. તે હરામ માલ ગારા-પાણીમાં બરબાદ થઈ જાય છે. જે ઈમારત જરૂરત કરતાં વધારે છે તે કયામતના દિવસે તેના માલિક માટે મુસીબત બનશે.''

એ પણ ફરમાવ્યું કે,

''રહેવા માટે જરૂરત હોય તેનાથી વધારે ઈમારતો જો કોઈ બનાવશે તો કયામતના દિવસે તેના જ ઉપર લાદવામાં આવશે.''



https://downloadshiabooks.com/

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. એક ઘર આગળથી પસાર થયા જેનો દરવાજો પાકી ઈંટો (આજના જમાનામાં આરસ પહાણ કે તેનાથી ઊંચી વસ્તું)થી બનાવેલો હતો. હઝરતે પૂછપરછ કરી, ''આ કોના મકાનનો દરવાજો છે?''

કોઈકે જવાબ આપ્યો કે ફલાણા લાપરવા અને ઘમંડી માણસનો છે. ત્યાર પછી થોડેક આગળ જતાં બીજા એક મકાનનો દરવાજો આવ્યો જે પાકી ઈંટોથી બનાવ્યો હતો. હઝરતે કહ્યું,

'' આ બીજા કોઈ લાપરવાહી અને ઘમંડી માણસનું મકાન હોય તેમ લાગે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખુદાતઆલા તરફથી ઈમારતો માટે એક ફરિશ્તો નકકી કરવામાં આવ્યો છે. જે માણસ પોતાના ઘરની દિવાલ આઠ હાથથી ઊંચી રાખે છે તેને કહે છે, હે ફાસિક! તું કયાં સુધી ચાલ્યો જઈશ?''

કોઈકે ઈમામ જાફરે સાદિક અ.ને ફરિયાદ કરી કે મારા બાલ-બચ્ચાઓને જીન્નાત સતાવે છે. હઝરતે કહ્યું,

''તારા ઘરની છત કેટલી ઊંચી છે?'' તેણે કહ્યું,

''દસ હાથ.'' હઝરતે કહ્યું,

''જમીનથી આઠ હાથ માપી લે. તેનાથી ઉપરના ભાગમાં ચારે દિવાલોમાં **'આયતુલ કુરસી'** લખી દે. કેમ કે જે મકાનની ઊંચાઈ આઠ હાથથી વધારે હોય તેમાં જીન્નાત આવીને રહે છે.''

એક માણસે ઈમામ મોહંમદ બાકિર અ.ને વિનંતી કરી કે,

''જીન્નાતોએ અમને ઘરમાંથી નીકાળી દીધા છે.'' હઝરતે કહ્યું,



https://downloadshiabooks.com/

''ઘરોની છત સાત હાથ સુધી ઊંચી રાખો અને તેની ફરતે અલગ અલગ જગ્યાએ કબૂતર પાળો.'' તે માણસે કહ્યું કે,

''અમે તે મુજબ કર્યું તો કયારેય કોઈ મુશ્કેલી ન આવી.''

અબુ હોઝયમા જણાવે છે કે,

''હું ઈમામ જાફરે સાદિક અ.ના દરવાજા પર **'આયતુલ કુરસી'** લખેલી જોઈ. જે જગ્યાએ હઝરતનો મુસલ્લો હતો ત્યાં પણ કિબ્લા તરફ **'આયતુલ કુરસી'** લખેલી હતી.''

## પ્રકરણ-૧૧૨
## ઘરમાં ચિતરામણ અને નકશીકામની મનાઈ

''ઓલમાઓની નજરમાં જેનો પડછાયો પડે તેવા ચિત્રો બનાવવા હરામ છે. દિવાલો અને કપડા પર ચિતરામણ (ફોટા) કરાવવા મકરૂહ છે. કેટલાક આલિમો તેને પણ હરામ સમજે છે. બહેતર એ છે કે ઈમારતમાં સોનાનું કામ બિલકુલ ન કરાવે. કોઈ પણ ચિત્રો-આકૃતિઓ ન દોરાવે. ત્યાં સુધી કે ઝાડ-પાન વગેરેના ચિત્રો પણ ન કોતરાવવામાં આવે તો સારૂં. ખાસ કરીને માણસનું ચિત્ર બિલકુલ ન દોરાવે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જીબ્રઈલે મને કહ્યું કે, 'હે મોહંમદ સ.! ખુદાતઆલા આપને સલામ કહ્યા છે અને મૂર્તિઓ બનાવવાની અને ઘરોમાં ચિત્રામણો કરવાની મનાઈ કરી છે.'''

હઝરત રસુલેખુદા સ. ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''જીબ્રઈલે જણાવ્યું છે કે, અમો ફરિશ્તાઓ તે ઘરમાં નથી જતા જે ઘરમાં કૂતરો હોય, યા મૂર્તિ હોય યા તેવા વાસણો હોય જેમાં લોકો પેશાબ કરતા હોય.''

ઈમામ મુસા કાઝિમ અ. ફરમાવે છે કે,

''જે ઘરમાં કોઈ ફોટો-ચિત્ર તમારી સામે હોય તેમાં નમાઝ ન પઢો. અગર કોઈ મજબૂરી હોય તો તે ચિત્રને કાપી દો યા ઉલટાવી દો પછી નમાઝ પઢો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કબર પર કોઈ ઈમારત ન બનાવો. ઘરની દિવાલો પર કોઈ ચિતરામણ ન કરાવો. કારણ કે હઝરત રસુલેખુદા સ. આ બંને બાબતોને ઘણી જ મકરૂહ જાણતા હતા.''

લોકોએ ઈમામ અ.ને ઝાડ, સૂરજ અને ચંદ્ર વગેરેના ચિત્રો બનાવવા બાબતે પૂછયું, હઝરતે કહ્યું,

''જેમાં જીવ નથી તેઓના ચિત્રો બનાવવામાં કોઈ વાંધો નથી.''

## પ્રકરણ-૧૧૩
## ગાલીચા અને પાથરણાના આદાબ

ઈમામ જાફરે સાદિક અ.ની પાસે કેટલાક લોકો આવ્યા અને હઝરતના ઘરમાં ઉમદા પ્રકારના જાજમ અને ગાલીચા જોઈને કહ્યું,

''અમે આપના ઘરમાં અવી વસ્તુંઓ જોઈ રહ્યા છીએ જે અમોને સારી નથી જણાતી. હઝરતે કહ્યું, અમો નિકાહ કરીએ



https://downloadshiabooks.com/

છીએ ત્યારે અમારી પત્નીઓને મહેર આપી દઈએ છીએ. તેઓ પોતાની ઈચ્છા મુજબ તેમાંથી ખરીદી કરે છે. આ અમારો માલ નથી.''

એક માણસ ઈમામ મોહંમદ બાકિર અ.ને અરજ કરી કે,

''એક માણસ એવા પાથરણાનો ઉઠવા-બેસવામાં ઉપયોગ કરે છે જેની પર ચિત્રો છે.'' હઝરતે કહ્યું,

''ઈતર કોમના લોકો આવા ગાલીચાઓને ઈજજતને પાત્ર ગણે છે. પણ અમો તેને પસંદ કરતા નથી.''

''ઈમામ અલી રઝા અ. ગરમીની ઋતુંમાં બોરીયા(શણના થેલા) પર બેસતા હતા. તથા ઠંડીમાં ધાબળા પર બેસતા હતા. ઘરમાં જાડા કપડાં પહેરતા અને બહાર નીકળતા ત્યારે લોકો માટે સુશોભિત થઈને નીકળતા.''

''હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ની શાદી જનાબે ફાતેમા ઝહરા સ. સાથે થઈ ત્યારે તેમની પાસે ઓઢવા માટે અબા હતી અને પાથરવા માટે ઘેટાનું ચામડું હતું. તકિયો પણ ચામડાનો હતો જેમાં ખજૂરની છાલ ભરી હતી.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું કે,

''કયારેક અમારે ત્યાં એવા પાથરણા પાથરવામાં આવે છે જેની પર ચિત્રો દોરેલા હોય છે.'' હઝરતે કહ્યું,

જે વસ્તુંને પાથરણા તરીકે વપરાય તેના પર ઉઠવા-બેસવા-ચાલવા-ફરવામાં આવે. એટલે કે ફોટાઓ પગ તળે કચડાતા રહે તો કાંઈ વાંધો નથી.''



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૧૪
# ઘરમાં ઈબાદત કરવાનો આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"હઝરત અમીરૂલ મોઅમેનીન અ. પોતાના ઘરમાં એક રૂમ બનાવ્યો હતો જેમાં એક ગાલીચો(ફર્શ), એક કુરઆનમજીદ અને એક તલવાર સિવાય કંઈ જ ન હતું. આ રૂમમાં આપ નમાઝ પઢતા હતા."

એક હદીસમાં છે કે,

"હઝરત અમીરૂલ મોઅમેનીન અ. પોતાના ઘરમાં એક મધ્યમસરનો રૂમ બનાવ્યો હતો. આપ રાત્રે પોતાનો મુસલ્લો તેમાં લઈ જતા અને નમાઝો પઢતા હતા."

ઈમામ અલી અ.મે મુસમ્માને લખ્યું કે,

"મને તમારા માટે એ વાત પસંદ છે કે પોતાના ઘરમાં તમે નમાઝ માટે એક જગ્યા નક્કી કરો. જાડા અને જુના કપડાં પહેરીને તે જગ્યા પર જાઓ અને ખુદાથી આજીજી કરો કે મને જહન્નમની આગથી છૂટકારો આપ, મને જન્નત નસીબ કર. કોઈ દુઆ શરીઅત વિરૂધ્ધ ન માંગો. તથા કોઈના માટે બદ્દુઆ ન કરો."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"પોતાના ઘરોને કુરઆને પાકની તિલાવતથી મુનવ્વર (પ્રકાશિત) કરો. તેઓને કબર ન બનાવો, જેવી રીતે યહુદી અને નસરાની ઘરોને છોડી પોતાના ધાર્મિક સ્થળોમાં જ ઈબાદત કરે છે. જે ઘરમાં કુરઆન પાકની તિલાવત વધારે થાય છે તે ઘરમાં



https://downloadshiabooks.com/

ભલાઈ અને બરકતમાં વધારો થાય છે. ઘરવાળાઓને આરામ અને રાહતમાં વધારો થાય છે. ઘરથી આકાશવાળાઓને એવી રીતે પ્રકાશ પહોંચે છે જેવી રીતે તારલાઓથી પૃથ્વીવાસીઓને પ્રકાશ પહોંચ છે.''

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. ફરમાવે છે કે,
''જે ઘરમાં કુરઆનમજીદ પઢવામાં આવે છે અથવા ખુદાને યાદ કરવામાં આવે છે તે ઘરની બરકતમાં વધારો થાય છે, ફરિશ્તા તેમાં રહે છે અને શયતાન તેમાંથી દૂર જાય છે. તે ઘરનો પ્રકાશ આસમાનવાસીઓને એવી રીતે પહોંચે છે, જેવી રીતે તારાઓનો પ્રકાશ ધરતીવાસીઓને પહોંચે છે. જે ઘરમાં કુરઆનમજીદ નથી પઢાતું યા ખુદાને યાદ કરવામાં નથી આવતો, તેની બરકતમાં ઘટાડો થાય છે, ફરિશ્તાઓ તેનાથી દૂર થાય છે અને ત્યાં શયતાન રહે છે.''

## પ્રકરણ-૧૧૫
## ઘર આંગણે જાનવરો પાળવા

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ઘરમાં જાનવરોને રાખો. જેથી શયતાન તેઓની સાથે ઓતપ્રોત બની જાય અને તમારા બાળકોને નુકશાન ન પહોંચાડે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ઘરમાં કબૂતર, મુરઘીઓ, બકરીઓ વગેરે રાખવી ફાયદાકરક છે. કેમ કે જીન્નાતોના બાળકો તે જાનવરો સાથે રમે અને તમારા બાળકો સાથે સંપર્કમાં ન રહે.''

કોઈકે હઝરત રસુલેખુદા સ.ને એકલવાયાની ફરિયાદ કરી. હઝરતે ફરમાવ્યું,

''કબૂતરની એક જોડ પાળી લે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કબૂતર એ પયગમ્બરોના પક્ષીઓમાંથી છે.''

''જે ઘરમા કબૂતર હશે, તે ઘરવાળાઓ જીન્નાતોની તકલીફથી સુરક્ષિત રહેશે. કારણ કે જીન્નાતોના બાળકો કબૂતરો સાથે રમે છે. જેથી માણસો તરફ ધ્યાન આપતા નથી.''

એ પણ ફરમાવ્યું કે,

''કબૂતરને ઘરમાં રાખો. કેમ કે હઝરત નૂહ અ. તે કામને પસંદ કરેલ છે અને દુઆ આપી છે. બીજા કોઈ પક્ષી પર એટલો પ્યાર નથી થતો જેટલો કબૂતર માટે થાય છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''કબૂતરનું એક પીંછું નીચે પડે છે તેનાથી શયતાન ગભરાય છે અને દૂર ભાગે છે.''

દાઉદ ઈબ્ને ફરકદ જણાવે છે કે,

હું ઈમામ જાફરે સાદિક અ.ના ઘરમાં રાઅબી (કબૂતરની એક જાત) કબૂતર જોયું જે વધારે પડતું બોલતુ હતું. હઝરતે કહ્યું,

''તું જાણે છે આ કબૂતર શું બોલે છે?'' હું કંઈ જવાબ ન આપ્યો તો હઝરતે કહ્યું,

''આ ઈમામ હુસૈન અ.ના કાતિલો પર લાનત કરે છે.તમે પણ આ જાતના કબૂતર પાળો.''



https://downloadshiabooks.com/

ઉપરોક્ત બયાન કરનાર જણાવે છે કે,

મેં મારી આંખોએ જોયું કે ઈમામ જાફરે સાદિક અ. પોતાના ઘરમાં કબૂતરો માટે રોટલીના ટૂકડા કરી રહ્યા છે.

જનાબ અબ્દુલ કરીમ જણાવે છે કે,

હું ઈમામ જાફરે સાદિક અ.ના ઘેર ગયો. મેં જોયું કે ત્રણ લીલા રંગના કબૂતર છે. મેં કહ્યું કે,

''આ તો ઘરને ગંદુ કરે છે.'' હઝરતે કહ્યું,

''આ કબૂતરોને ઘરમાં રાખવા સુન્નત છે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ના જમાનામાં એક કૂવો ખોદવામાં આવ્યો. લોકોએ હઝરત અલી અ.ને ખબર આપી કે જીન્નાત કૂવામાં પત્થર ફેંકે છે. હઝરત ત્યાં ગયા અને કૂવાના કિનારે ઊભા રહીને કહ્યું,

''આ ધૃષ્ટતા બંધ કરો. નહિતર અહીં કબૂતરોને વસાવીશ.'' પછી ફરમાવ્યું,

''કબૂતરોની પાંખોના અવાજથી શયતાન દૂર ભાગે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કબૂતરને ગયાં પણ મોકલવામાં આવે, નેવું (૯૦) માઈલ સુધી પોતાની અક્કલથી જઈને પાછા આવી શકે છે. પરંતું તેનાથી વધારે દૂરથી પાછા ફરવું એ તેની અક્કલથી નહિ પણ તેનું ભાગ્ય અને દાણા-પાણી પર આધાર છે.''

હદીસમાં છે કે,

''ઘરેલું કબૂતર ખુદાને ખૂબ જ યાદ કરે છે, અહલેબૈત અ.ને દોસ્ત રાખે છે, ઘરના માલિકને દુઆ આપે છે કે ખુદા પાક તમને બરકત આપે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જે ઘરમાં સફેદ રંગનો મોટા પીંછાવાળો મુરઘો હશે તે ઘર અને તેના આજુબાજુના સાત ઘર બલાઓથી દૂર રહેશે. પરંતું બે રંગવાળા (કાબરચીતરા) કબૂતરનું એક વખત ફડફડવું એ સાત સફેદ મુરઘાઓથી બહેતર છે."

એ પણ ફરમાવ્યું કે,

"સફેદ મુરઘો એ મારો અને મોમીનોનો દોસ્ત છે."

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"મુરઘામાં પયગમ્બરોની પાંચ આદતો છે."

(૧) સખાવત,

(૨) બહાદૂરી,

(૩) નમાઝના સમયને પારખવો,

(૪) સમાગમ,

(૫) આત્મ સન્માન (ખુદ્દારી).

હઝરત રસુલેખુદા ફરમાવે છે કે,

"મુરઘાને ગાળ મત આપો, તે લોકોને નમાઝ માટે જગાડે છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"મુરઘાનો અવાજ એ તેની નમાઝ છે. તેની પાંખોનો ફડફડાટ એ રૂકુઅ અને સજદા છે."

**"જે માણસ મોમીનભાઈની એક હાજત પૂરી કરશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની એક લાખ હાજતો પૂરી કરશે. જેમાંથી એક તો જન્નત છે. બીજું એ કે તે પોતાના સગાવહાલાઓ અને દોસ્તોને પણ જન્નતમાં લઈ જશે. શરત એ કે તે નાસબી ન હોય."**

**ઈમામ જાફરે સાદિક અ.**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૧૬
# ઘર આંગણે પશુંઓ પાળવા

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસ પોતાના ઘેર એક ઘેટું પાળશે ખુદા તઆલા તેઓને રોજી આપશે અને ઘર માલિકની રોજીમાં પણ વધારો થશે. ગરીબી દૂર થશે. અગર બે ઘેટા પાળશે તો ખુદા પાક તે બંનેની રોજી આપશે. તથા ઘર માલિકની રોજીમાં પણ વધારો કરશે. અગર કોઈ ત્રણ ઘેટા પાળશે તો ખુદા પાક તે તે ત્રણેયને રોજી આપશે. તથા ઘરના બધા જ માણસોની રોજીમાં વધારો કરશે. તેઓની ગરીબી અને મુશ્કેલીઓ દૂર કરશે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

" જે ઘરમાં દૂધ આપનાર એક ઘેટું યા બકરી હોય તો બે ફરિશ્તા દરરોજ તે ઘરવાસીઓને દુઆ આપે છે કે ખુદા તમોને બરકત આપે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે મોમીનના ઘરમાં દૂધ આપનારી એક બકરી હોય તો દરરોજ સવારે એક ફરિશ્તો તેને અને તેના બાલ-બચ્ચાઓને આ પ્રમાણે દુઆ આપે છે કે,

તમે પાક-સાફ રહો, ખુશહાલ રહો, તમે ફૂલો-ફાલો, ખુદા તમને બરકત આપે."

"અગર બે બકરીઓ દૂધ આપનારી હોય તો બે ફરિશ્તા આ જ દુઆ દરરોજ આપે છે." હઝરત રસુલેખુદા સ. પોતાની કાકીને કહ્યું,



https://downloadshiabooks.com/

''તમને શું તકલીફ કે તમે ઘરમાં બરકત નથી રાખતા? તેમણે કહ્યું,

''યા રસુલુલ્લાહ! કઈ વસ્તું બરકત છે?'' હઝરતે ફરમાવ્યું,

''દૂધ આપનારી ઘેટી.'' પછી ફરમાવ્યું,

''જે ઘરમાં દૂધ આપનાર ઘેટી યા બકરી યા ગાય હોય તે ઘરમાં બરકત થાય છે.''

ખુદા તઆલાએ ત્રણ વસ્તુંઓને બરકત બનાવીને મોકલી છે.

(૧) પાણી, (૨) આગ, (૩) ઘેટી.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે ઘરમાં સાંજે ત્રીસ ઘેટાં દાખલ થશે, ફરિશ્તા બીજા દિવસ સુધી તે ઘરનું રક્ષણ કરશે. એ પણ ફરમાવ્યું કે, ઘેટાં-બકરાં પાળો અને ઊંટ પણ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ઘેટાં-બકરાં પાળો તો તેના રહેવાની જગ્યા ખૂબસુરત બનાવો, તેને સાફ રાખો અને શરીર પરની માટી-ગંદકી સાફ કરતા રહો. (ભરપૂર ચાકરી કરો.)''

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**
**જે માણસ વઝુ કરીને સૂએ તેની પથારી મસ્જીદનો હુકમ રાખે છે. અગર સૂઈ ગયા પછી યાદ આવે કે વઝુ કર્યું નથી, તો પથારી પર જ તયમ્મુમ કરી લે. કેમ કે વઝુ યા તયમ્મુમની સાથે અલ્લાહને યાદ કરતાં કરતાં સૂઈ જાય તો તેનું સૂવું નમાઝ પઢવા બરાબર સમજવામાં આવશે.**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૧૭
# જાનવરો સાથે વર્તન

એક ફાખતા(હોલી) ઈમામ મોહંમદ બાકિર અ.ના ઘરમાં માળો બનાવ્યો હતો. એક દિવસે હઝરતે તેને બોલતા સાંભળ્યા. જે લોકો હાજર હતા તેઓને પૂછ્યું કે,

"તમે લોકો સમજો છો કે આ હોલી શું બોલે છે?" લોકોએ ઈન્કાર કર્યો. હઝરતે ફરમાવ્યું,

"એ કહે છે **ફક્તોકુમ ફક્તોકુમ.** (હું તમને દૂર કર્યો, હું તમને દૂર કર્યો.) પછી કહ્યું,

"એ તમને દૂર કરે તે પહેલાં હું તેને દૂર કરી દઉં છું. તેના પછી તેને મારી નાખવાનો હુકમ કર્યો."

એક દિવસ ઈમામ જાફરે સાદિક અ. પોતાના દિકરા જનાબ ઈસ્માઈલ અ.ના ઘેર ગયા. જોયું કે એક હોલી પાંજરામાં રાખેલી છે. તે કંઈક બોલે છે. હઝરતે કહ્યું,

"બેટા! તમે આ હોલીને કેમ પાળી છે? શું તમે નથી જાણતા કે આ મનહુસ પક્ષી છે. ઘરવાળાઓને બદદુઆ આપે છે. તેના શાપથી તમને બરબાદ કરે તે પહેલાં તેને ખત્મ કરી દો."

એક દિવસ ઈમામ જાફરે સાદિક અ. બેઠેલા હતા. ત્યાંથી એક માણસ પસાર થયો. તેના હાથમાં મરેલી અબાબીલ(નાની કાળી ચકલી) હતી. હઝરત ઊભા થઈ તેના હાથમાંથી અબાબીલ લઈને જમીન પર રાખી દીધી. પછી કહ્યું,

"શું કોઈ તમારો આલિમ આ પક્ષીને મારવાનો હુકમ આપ્યો છે? યા કોઈ સંતે?" ઈમામે ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"મારા માનનિય પિતા, મારા દાદા હઝરત રસુલેખુદા સ.થી વારસાગત સાંભળેલ છે કે હઝરત રસુલેખુદા સ. છ જીવોને મારવાની મનાઈ કરેલી છે."

(૧) મધમાખી, (૨) કીડી, (૩) દેડકું, (૪) લટોરા,

(૫) હુદ હુદ, (૬) અબાબીલ.

"મધમાખીને એટલા માટે મારવાની મનાઈ કરેલી છે કે, તે પાક, સાફ વસ્તું ખાય છે. શુધ્ધ મધને એકઠું કરે છે. તે ન જીન્નાતોમાંથી છે ન ઈન્સાનોમાંથી. ખુદા તઆલા તેના પર વહી મોકલેલ છે. જેમ કે કુરઆન મજીદમાં **સુરએ નહલની ૬૮મી** આયતમાં છે કે, **તારા પરવરદિગારે મધમાખી પર વહી મોકલી."**

"કીડીને મારવાની મનાઈ છે તેનું એ કારણ છે કે, હઝરત સુલેમાન પયગમ્બરના જમાનામાં દુષ્કાળ પડ્યો હતો. જનાબે સુલેમાન અ. પોતાના સાથીઓ સાથે વરસાદ માટે નીકળ્યા હતાઈ એકાએક જોયું કે એક કીડી આસમાન તરફ હાથ ખોલીને વિનંતી કરે છે કે, ખુદાવંદ અમે તારી સૃષ્ટિમાંથી છીએ અને બધી રીતે તારા મોહતાજ છીએ. તું અમને ગેબી ખજાનામાંથી રોજી આપ. હઝરત આદમ અ.ની ઓલાદમાંથી નાદાન લોકોએ જે ગુનાઓ કર્યા છે તેઓના કારણે અમોને સજા ન આપ. હઝરત સુલમાન અ. આ સાંભળીને પોતાના સાથીઓને કહ્યું કે પાછા વળો. ખુદા તઆલા બીજાઓની દુઆથી તમારા માટે વરસાદ વરસાવશે."

"દેડકાને મારવાની મનાઈનું કારણ એ છે કે, જયારે નમરૂદે જનાબ ઈબ્રાહીમ અ.ને સળગાવી દેવા માટે આગ પ્રગટાવી હતી ત્યારે પૃથ્વી પરના બધા જ જાનવરોએ ખુદા તઆલા પાસે આગ



https://downloadshiabooks.com/

પર પાણી નાખવાની રજા માગી હતી. ખુદા પાક દેડકા સિવાય કોઈને રજા આપી ન હતી. દેડકાએ આગ ઓલવવા એવું જીવનું જોખમ ખેડ્યું હતું કે તેનું બે ભાગનું શરીર આગથી સળગી ગયું. અત્યારે દેડકાનું જે શરીર છે તે ત્રીજા ભાગનું છે.''

''હુદ હુદને એટલા માટે મારવાની મનાઈ કરેલી છે કે, તે હઝરત સુલેમાન અ.ને બિલ્કીસના મુલ્ક વિષે સમાચાર આપ્યા હતા.''

''લટોરા (મોટા માથાવાળું પક્ષી જે પક્ષીઓનો શિકાર કરે છે.)ને મારવાની મનાઈ એ કારણે છે કે, તે એક મહિના સુધી જનાબે આદમ અ.ને ભોમિયા તરીકે મદદ કરીને શ્રીલંકાથી જદ્દા લઈ ગયું હતું.''

''અબાબીલને મારવાની મનાઈનું કારણ એ છે કે, તે અહલેબૈત અ.ની મઝલુમી પર દુઃખ અને અફસોસના કારણે હવામાં ઊડ્યા કરે છે. તે સુરએ અલ્હમ્દ પઢયા કરે છે. શું તું સાંભળ્યું નથી કે તે છેલ્લે **'વલઝ્ઝાલ્લીન'** સ્પષ્ટ કહે છે.''

લોકોએ ઈમામ મુસા કાઝીમ અ.ને કીડીને મારવા વિષે પૂછ્યું, હઝરતે કહ્યું,

''જયાં સુધી તે તમોને ન સતાવે તમે તેને ન સતાવો.''

પછી હુદ હુદને મારવા વિષે પૂછ્યું. જવાબ મળ્યો,

''તેને ન સતાવો, ન તેને મારો. તે ઘણું જ સુંદર પક્ષી છે.''

હઝરત રસુલેખુદા સ. પાંચ જાનવરોને મારવાનો હુકમ કર્યો છે.

(૧) કાગડો, (૨) ભેડીયા (વરૂ) (૩) સાપ, (૪) વીંછી
(૫) હડકાયું કૂતરૂં.

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જેણે સાપને માર્યો જાણે કાફિરનો નાશ કર્યો.''

લોકોએ સાપને મારવા વિષે ઈમામ મુસા કાઝીમ અ.ને સવાલ કર્યો. હઝરતે ફરમાવ્યું કે હઝરત રસુલેખુદા સ. ફરમાવેલ છે કે,

''કોઈ માણસ સાપને જાનવર સમજીને ન મારે કે તેને મારવું ગુનો છે. તો તે મારી ઉમ્મતથી નથી. હા અગર એમ સમજીને તેને જવા દે કે આપણું કોઈ નુકશાન નથી કરતો તો કોઈ હરજ નથી. જાનવરોને આગમાં સળગાવવાની મનાઈ કરેલી છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અલ્લાહ તઆલા એક સ્ત્રીને એટલા માટે સજા કરશે કે તેણી એક બિલાડીને બાંધી રાખી હતી અને તરસના કારણે તે મરી ગઈ.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''અબાબીલની ઈજ્જત કરો. કેમ કે તે બીજા પક્ષીઓ કરતાં માણસો સાથે જલદી ધળી જાય છે અને જયારે બોલે છે ત્યારે **'સુરએ અલ્હમ્દ'** પઢે છે.''

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

''હુદ હુદના દરેક પીંછા પર સુરીયાની ભાષામાં લખ્યું છે કે આલે મોહંમદ સ. સમગ્ર સૃષ્ટિથી શ્રેષ્ઠ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કુમ્બરા(એક મધુર અવાજવાળું પક્ષી)ને ન ખાઓ. તેને ગાળ ન આપો. બાળકોને તે રમવા પણ ન આપો. કેમ કે તે ખુદાને ખૂબ જ યાદ કરે છે અને સતત બોલ્યા કરે છે કે ખુદા આલે મોહંમદ સ.ના દુશ્મનો પર લાનત કરે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''પક્ષીઓના બચ્ચાઓને માળામાંથી ન પકડો. જ્યાં સુધી કે તે ઊડવા લાયક ન થઈ જાય તેઓને તેમની હાલત પર છોડી દો. ઊડવા લાગે પછી પકડવામાં કોઈ વાંધો નથી. રાત્રે શિકાર કે પકડવાના ઈરાદાથી પક્ષીઓના માળા પાસે ન જાઓ. કેમ કે રાતના સમયે તેઓ સુરક્ષિત છે.''

કેટલાક લોકો ઈમામ અલી રઝા અ.ની સેવામાં બેઠા હતા. તેઓ મોરની ખૂબસુરતીના વખાણ કરતા હતા. હઝરતે ફરમાવ્યું,

''કોઈ પણ જાનવરની સુંદરતા સફેદ કૂકડાથી વધીને નથી. કૂકડાનો અવાજ  મોરથી પણ મધુર છે. તેની બરકત પણ વધારે છે. લોકોને નમાઝના સમયની જાણ કરે છે. મોરને પોતાના ગુનાહના કારણે મસ્ખ (પરિવર્તિત) કરવામાં આવેલ છે. જેથી પોતાની જાત પર લાનત અને ધૃણા કરે છે.''

જનાબ તાઉસ યમાની ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. હઝરતે તેને સવાલ કર્યો કે,

''શું તું જ તાઉસ(મોર) છે?'' તેણે કહ્યું,

''હા, યબ્ન રસુલુલ્લાહ.'' આપે કહ્યું,

''તાઉસ (મોર) એક અપશુકનિયાળ જાનવર છે. જે ટોળામાં જાય છે તેને હેરાન કરી દે છે.''

સાલીમ નામનો માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. તેણે જોયું કે ઘણી બધી ચકલીઓ એક જગ્યાએ એકઠી થઈને ચીંચીંચીં કરીને ઘોંઘાટ કરે છે. હઝરતે કહ્યું,

''તું જાણે છે આ શું કહે છે?'' તેણે ના પાડી. હઝરતે કહ્યું,

''તેઓ કહે છે કે ખુદાવંદ અમે તારી સૃષ્ટીમાંના છીએ. તારી રોજી સિવાય અમે રહી શકતા નથી. તું અમારા દાણા-પાણીની ખબર લે.''



https://downloadshiabooks.com/

ઈમામ ઝયનુલ આબેદીન અ.મે પણ એવા જ એક પ્રસંગે કહ્યું હતું કે,

"આ ચકલીઓ પોતાના પરવરદિગારને યાદ કરે છે અને તેનાથી રોજી માગે છે."

ઈમામ રઝા અ. જણાવે છે કે,

"પહેલા જમાનામાં ઘુવડ લોકો સાથે ઘરોમાં રહેતો હતો. જમવાના સમયે હાજર થઈ જતો. તેને જે ખાવા નાખવામાં આવતું તે ખાઈ જતો. જયારથી દુશ્મનોએ ઈમામ હુસૈન અ.ને શહીદ કર્યા ત્યારથી આબાદીને છોડી વિરાન પહાડ અને જંગલોમાં રહેવા લાગ્યો. તેણે કહ્યું કે, તમે ખૂબ જ ખરાબ કોમ છો. તમે પોતાન પયગમ્બરના બેટાને મારી નાખ્યો. મને તમારાથી ડર છે કે કયારેક મને પણ મારી નાખો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જયારથી ઈમામ હુસૈન અ.ને શહીદ કર્યા છે ત્યારથી ઘુંવડ દિવસના કયારેય બહાર નીકળતું નથી. રાત્રે જ બહાર નીકળે છે. તે દિવસથી કસમ ખાધી છે કે આબાદીમાં રહીશ નહિ. આખો દિવસ રોઝો રાખે છે અને ગમગીન રહે છે. છેક રાત્રે ઈફતાર કરે છે. સવાર સુધી ઈમામ હુસૈન અ. પર આંસુઓ વહાવે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જયારે માખી કોઈ ખોરાકમાં યા પાણીમાં પડી જાય તો તેને ડૂબકી લગાવીને બહાર કાઢો. કારણ કે તેની એક પાંખમાં ઝેર હોય છે તો બીજી પાંખમાં શફા હોય છે. તે હંમેશા ઝેરવાળી પાંખને જ ખાવા-પીવાની વસ્તુંમાં ડૂબાડે છે. તમે તેની બીજી પાંખને પણ ડૂબાડી દો."



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૧૧૮
## કૂતરાને ઘરમાં રાખવાની મનાઈ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"મુસલમાનના ઘરમાં કૂતરાનું હોવું મકરૂહ છે. જે માણસ પોતાના ઘરમાં કૂતરાને રાખે છે તેના આમાલના સવાબમાંથી દરરોજ અમુક પ્રમાણમાં સવાબ ઓછો કરવામાં આવે છે."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"શિકારી કૂતરા અને ઘર-મોહલ્લાની સલામતી માટેના કૂતરાઓ સિવાય અન્ય કૂતરા રાખવા ઠીક નથી."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"શિકારી કૂતરાને તમારાથી અલગ મકાનમાં રાખો. કમ સે કમ તેના અને તમારા વચમાં એક એવો દરવાજો હોવો જોઈએ જે બંધ થઈ શકે. એ પણ ફરમાવ્યું કે, તદ્દન સફેદ, લાલ યા કાળું કૂતરૂં જીન્નતોમાંથી છે. કાબરચીતરા કૂતરા જીન્નાત અને માણસોમાંથી પરિવર્તિત (મસ્ખ) થએલા છે."

રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"કૂતરા કમજોર જીન્નાત છે. જયારે તમે જમવા બેસો અને કૂતરો હાજર હોય તેને ખાવાનું નાખો યા તેને કાઢી મૂકો. કેમ કે તે ખરાબ જાત છે."

જનાબ અબુહમ્ઝા ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

હું મક્કા અને મદીના વચ્ચે ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર હતો. એકાએક હઝરત ડાબી તરફ જોયું તો કાળા રંગનું કૂતરૂં હતું. હઝરતે તેને કહ્યું,

"તને શું થયું છે કે તું બહુ જ ઝડપથી આમ તેમ જઈ રહ્યું છે?" મેં જોયું કે એ જ પળે તે કૂતરૂં પક્ષી બનીને ઊડી ગયું. મેં પૂછ્યું,

"હે રસુલુલ્લાહ સ.ના બેટા! આ શું ચીજ હતી?" હઝરતે ફરમાવ્યું કે,

"આનું નામ અસમ છે અને જીન્નાતોનો ટપાલી છે. અત્યારે હશશામ મરી ગયો છે. તેના મરવાના સમાચાર આ બધા શહેરોમાં આપવા જાય છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"શિકાર માટે વધારે પડતા ન જાઓ. તેનાથી તમને નુકશાન થવાનો ભય છે. જયારે કૂતરા યા ગધેડાનો અવાજ સાંભળો તો ખુદા પાસે શયતાન મલઉનની બૂરાઈથી રક્ષણ માંગો. કેમ કે તે બંનેને અમુક એવી વસ્તું દેખાય છે જે તમોને નથી દેખાતી. જાનવોરને એક બીજાથી લડાવવું યોગ્ય નથી. આમ છતાં કૂતરાને જાનવરોનો શિકાર કરવા માટે છોડી શકાય છે."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"જે શિકાર ફક્ત કાળા રંગના કૂતરાએ કર્યો તે ન ખાઓ. કેમ કે હઝરત રસુલેખુદા સ. આવા કૂતરાને મારી નાખવાનો હુકમ આપ્યો છે. આલિમો આવા શિકારને મકરૂહ સમજે છે. આ જ રીતે યહુદી, ઈસાલ યા મજુસી દ્વારા તાલીમ પામેલ કૂતરાએ શિકાર કર્યો હોય તેને પણ ખાવાની મનાઈ છે. અગર શુક્રવારના



https://downloadshiabooks.com/

દિવસે નમાઝે જુમ્આ પહેલાં માછલીનો શિકાર કરવાની મનાઈ છે.'' માછલીના શિકારમાં શરત છે કે,

માછલીને પાણીમાંથી જીવતી બહાર કાઢવામાં આવે અને તે પાણીની બહાર મરે. અગર પાણીની અંદર મરી જાય તો તે હરામ છે. એ પણ જરૂરી છે કે માછલીને કોઈ મુસલમાન પાણીમાંથી બહાર કાઢે. અગર કાફિર નીકાળે અને મુસલમાન તેને લઈ લે અને મુસલમાનના હાથે મરે તો હલાલ છે. અગર કોઈ માછલી કિનારે આવી જાય અને મુસલમાન તેને જીવતી પકડે તો હલાલ છે. અગર માછલીને જીવતી જોઈ પણ હાથ પહોંચે તે પહેલાં મરી જાય તો તે ન ખાય તો બહેતર છે. તેનાથી પરહેઝ કરે.''

''તીડનો શિકાર કરવા મુસલમાન પોતે તેડને પકડે અથવા કોઈ શિકાર કરવાના ઓજારથી શિકાર કરે. જે તીડની પાંખો ફૂટી ન હોય તે હલાલ નથી.''

''યાદ રાખો! મોજ શોખ કે માત્ર ફરવા અને સમય પસાર કરવા ખાતર જાનવરોનો શિકાર કરે અને તેને ફેંકી દે એ જાએઝ નથી. અગર કોઈ આવા શિકાર માટે સફર કરેલ હોય તો નમાઝ પૂરી પઢવી જોઈએ. તથા રોઝા પણ રાખવા જોઈએ. અગર શિકાર બાલ-બચ્ચાઓની રોજી પહોંચાડવા અથવા વેપાર કરવા માટે હોય તો જાએઝ છે. આ કારણે સફર કરેલ હોય તો નમાઝ અને રોઝા કસ્ર કરવા જોઈએ.''

**''તમારામાં સૌથી સારો માણસ એ છે જે પોતાની પત્ની સાથે સારો વર્તાવ કરે.''**
**(હ.રસુલેખુદા સ.)**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૧૯
# ઘરમાં અજવાળું કરવા વિષે

મૌલાએ કાએનાત હઝરત અલી અ. ફરમાવે છે કે,

"પાંચ વસ્તુંઓ તદ્દન વ્યર્થ છે."

(૧) ધૂપમાં બત્તી ચાલું કરી અજવાળું કરવામાં આવે. તેનું તેલ યા વીજળી બેકાર જાય છે અને તેના પ્રકાશથી કોઈ ફાયદો નથી.

(૨) ખારી જમીન પર વરસાદનું વરસવું. આ પાણી વ્યર્થ જાય છે. તેનાથી જમીનને પણ કોઈ ફાયદો થતો નથી.

(૩) ભોજન એવા માણસ પાસે લઈ જવામાં આવે જે ભર પેટ હોય. જેનાથી કોઈ લિજ્જત ન મેળવી શકે.

(૪) તે સ્વરૂપવાન સ્ત્રી જેને દુલ્હન બનાવી નામર્દ પતિને સાંપવામાં આવે.

(૫) તે નેકી એ માણસ માટે કરવામાં આવે જે તેનો આભાર ન માને.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"સૂર્યાસ્ત પહેલાં બત્તી ચાલું કરવી જોઈએ. (અજવાળું કરવું જોઈએ.) તેનાથી મુસીબત દૂર થાય છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"અંધારા ઘરમાં જવું મકરૂહ છે. પહેલાં દીવા-બત્તી ચાલું કરવામાં આવે તો મકરૂહ નથી."

એ પણ ફરમાવ્યું કે,



https://downloadshiabooks.com/

"જે માણસ નવું ઘર બનાવે તો સુન્નત છે કે એક મોટું તંદુરસ્ત ઘેટું ઝબહ કરી ગોશ્ત ગરીબ-ફકીરને ખવરાવે અને નીચેની દુઆ પઢે."

**'હે અલ્લાહ! નાફરમાન જીન્નાતો, ઈન્સાનો અને શયતાનોને મારાથી દૂર રાખ. મારા આ ઘરમાં મને બરકત આપ.'**

"આ દુઆ પઢવાથી અલ્લાહ તઆલા નાફરમાન જીન્નાતો-ઈન્સાનો અને શયતાનોના નુકશાનથી બચાવશે. આ ઘર તેના માટે મુબારક બનશે."

## પ્રકરણ-૧૨૦
## ઘરને લગતા કેટલાક આદાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"ત્રણ માણસોને અલ્લાહ પાક મદદ અને હિફાઝત કરતો નથી."

(૧) જે માણસ જર્જરિત મકાનમાં ઉતરે અને તેમાં રહેવાનું પસંદ કરે,

(૨) જે માણસ જાહેર રસ્તા પર નમાઝ પઢે,

(૩) જે માણસ પોતાના પશુંઓ માટે વાડો ન બનાવે અને ખૂલ્લા છોડી દે તથા તેમની દેખરેખ માટે કોઈ વ્યવસ્થા ન કરે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ઘરનો કચરો રાત્રે ઘરમાં ન રાખો. દિવસે જ તેને સાફ કરી દો. કારણ કે શયતાન કચરા પર બેસે છે.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''ઘરમાં સફાઈ કરવાથી ગરીબી દૂર થાય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''તમારા ઘરોમાં કરોળિયા જ્યાં જાળા બનાવે છે ત્યાં શયતાન રહે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખાવા પીવાના વાસણો ઢાંકીને રાખો. શયતાન બંધ વાસણોને નથી ખોલતો.''

''હઝરત રસુલેખુદા સ. ગરમીના લીધે ઘરની બહાર સૂવાની શરૂંઆત ગુરૂવારના દિવસથી કરતા અને ઠંડીના કારણે ઘરમાં સૂવાની શરૂંઆત શુકવારથી કરતા હતા.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''જે માણસ કબર પર પેશાબ યા જાજરૂં કરે, યા ઊભા ઊભા પેશાબ કરે, યા શાંત પાણીમાં પેશાબ કરે, યા ઘરમાં એકલો સૂએ, યા એંઠા હાથ ધોયા વગર સૂઈ જાય તો શયતાન તેના પર કાબૂ જમાવી લે છે અને તેને પાગલ બનાવી દે છે. આ સિવાય શયતાન ઈન્સાન પર કાબૂ મેળવી શકતો નથી.''

જેમ કે હઝરત રસુલેખુદા સ. એક જંગલમાં પોતાના સાથીઓ સાથે જતા હતા. રસ્તામ એક ઘાટીમાંથી પસાર થયા જેમાં ઘણા જીન્નાત રહેતા હતા. રસુલ સ. પોતાના સાથીઓને ફરમાવ્યું,

''બે બે માણસો એક બીજાના હાથ પકડીને આ ઘાટીમાં દાખલ થાવ. એકલા કોઈ ન જાય.'' એક માણસ હુકમનો



https://downloadshiabooks.com/

અનાદર કરી એકલો ગયો તો તેને તરત જ વાઈ આવી ગઈ. લોકોએ હઝરત સ.ને ખબર આપી. હઝરત સ. તેના હાથનો અંગુઠો પકડીને જોરથી દબાવ્યો અને કહ્યું,

"અય દુષ્ટાત્મા! અલ્લાહના નામની બરકતથી ભાગી જા. હું અલ્લાહનો રસુલ છું." તરત જ તે માણસ વાઈમાંથી મુક્ત થઈ ઊભો થયો.

હઝરત રસુલેખુદા સ. એક માણસને પૂછ્યું,

"તું કઈ જગ્યાએ ઠહેર્યો છે?" તેણે જગ્યાનું નામ બતાવ્યું, હઝરતે કહ્યું,

"તે જગ્યાએ તારી સાથે બીજું કોઈ છે?" તેણે ના પાડી. હઝરતે ફરમાવ્યું,

"ઘરમાં એકલો ન રહે. ત્યાંથી બીજી જગ્યાએ ચાલ્યો જા. કેમ કે જયારે માણસ ઘરમાં એકલો હોય તે સમયે શયતાન તેની પર હુમલો કરે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે કપડામાં રોજ ગોશ્ત લાવો છો તે કપડાને ઘરમાં ન રાખો. તે શયતાન માટે સૂવાની જગ્યા છે. કચરો દરવાજા આગળ ભેગો ન કરો. તે શયતાનની રહેવાની જગ્યા છે. જયારે ઘરના દરવાજા પાસે આવો ત્યારે બિસ્મિલ્લાહ કહો. એનાથી શયતાન ચાલ્યો જાય છે. જયારે ઘરમાં પ્રવેશ કરો ત્યારે સલામ કરો. તેનાથી બરકત આવે છે અને યરિશતાઓને તે ઘરથી મોહબ્બત થઈ જાય છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"પોતાના ઘરોમાં કરોળિયાના જાળા ન રહેવા દો. તેના લીધે ગરીબી અને પરેશાનીઓ આવે છે."



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"વાસણો ધોએલા અને સાફ રાખવાથી તથા ઘરની અંદર તથા બહાર સફાઈ કરવાથી રોજીમાં વધારો થાય છે."

બીજી એક હદીસમાં ફરમાવેલ છે કે,

"તમારા વાસણોને ખૂલ્લા ન રાખો. કેમ કે શયતાન તેમાં થૂંકે છે અને તેમાં જે વસ્તું હોય છે તે જેટલી ચાહે તેટલી કાઢી દે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"તમારા બાલ-બચ્ચા, દોસ્ત બિરાદરો અને પશુંઓનું સૂર્યાસ્તના સમયે રક્ષણ કરો. કેમ કે આ જ સમયે શયતાન તેમના પર કાબૂ મેળવી શકે છે."

"હઝરત રસુલેખુદા સ. પાડોશીઓના ઘરમાં ડોકિયું કરવાની મનાઈ કરી છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"કેટલીક આદતો એવી છે જેને મારી ઉમ્મતના લોકો માટે તદ્દન નાપસંદ કરૂં છું."

(૧) નમાઝની હાલતમાં દાઢી યા કપડા સાથે હાથથી રમત કરવી,

(૨) રોઝા રાખીને ગાળો બોલવી,

(૩) કોઈને સદકો આપી ઉપકાર જતાવવો,

(૪) જનાબતની હાલતમાં મસ્જીદમાં જવું,

(૫) કબ્રસ્તાનમાં હસવું,

(૬) લોકોના ઘરમાં ડોકિયું કરવું.



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૨૧
# ઘરમાંથી બહાર જવાના આદાબ

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

''ઘેરથી બહાર નીકળતી વખતે આ દુઆ પઢો.''

**'બિસ્મિલ્લાહે આમન્તો બિલ્લાહે વ તવક્કલતો અલલ્લાહ, માશાઅલ્લાહ, લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.'**

(અલ્લાહના નામથી શરૂં કરૂં છું, અલ્લાહ પર ઈમાન લાવ્યો છું, અલ્લાહ પર ભરોસો છે, અલ્લાહની મરજી, અલ્લાહ સિવાય કોઈમાં પણ તાકત કે ખુદાઈ શક્તિ નથી.)

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ ઘેરથી નીકળતી વખતે **'બિસ્મિલ્લાહ'** કહે છે તો ફરિશ્તા તેના જવાબમાં કહે છે કે, તું સલામત રહેશે. તેના પછી **'લા એલાહ ઈલ્લલ્લાહ'** કહે છે તો ફરિશ્તા તેના જવાબમાં કહે છે કે, તારા બધા કામ થઈ જશે. પછી જયારે તે **'તવક્કલતો અલલ્લાહ'** કહે છે તો ફરિશ્તા કહે છે તું બલાઓથી રક્ષણમાં રહીશ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ ઘેરથી નીકળતી વખતે દસ વખત સુરએ કુલ્હો વલ્લાહ પઢશે તો જયાં સુધી ઘેર પરત નહિ ફરે ત્યાં સુધી ખુદાના રક્ષણમાં રહેશે.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ ઘેરથી નીકળતી વખતે પોતાની વીંટીના નંગને હથેળી તરફ ફેરવીને જૂએ અને **'સુરએ ઈન્ના અન્ઝલ્ના'** પઢીને કહે,''

**'આમન્તો બિલ્લાહે વહદહુ લા શરીકલહુ આમન્તો બે સિી આલે મોહંમદીંવ વ અલા નીયતેહીમ.'**

(હું અલ્લાહ પર ઈમાન લાવ્યો છું. જે એક અને માત્ર એક છે. તેનો કોઈ ભાગીદાર નથી. આલે મોહંમદ સ.ની જાહેર અને છૂપી વાતો પર ઈમાન લાવ્યો છું.)

તો તે દિવસે તેને કોઈ તકલીફ નહિ પડે.

આપે એ પણ ફરમાવ્યું કે,

''ઘેરથી બહાર જતી વખતે આ મુજબ કહે.''

**'બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ લા હવ્લ વ લા કેવ્વત ઈલ્લા બિલ્લાહ.'**

(અલ્લાહના નામથી શરું કરૂં છું, અલ્લાહ પર ભરોસો છે, અલ્લાહની મદદ વગર કોઈમાં તાકાત નથી. અલ્લાહ પર આત્મ વિશ્વાસ છે.)

પછી **સુરએ અલ્હમ્દ, સુરએ નાસ, સુરએ ફલક, સુરએ કુલ્લહો વલ્લાહ અને આયતુલ કુરસી** પઢે. આ તમામ સુરા એક એક વખત આગળ-પાછળ-ઉપર-નીચે-ડાબી-જમણી તરફ પઢે.

ઘરમાં દાખલ થતી વખતે આ મુજબ કહે.

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ અશ્હદો અલ લાએલાહ ઈલ્લલ્લાહો વહદહુલા શરીકલ વ અશ્હદો અન્ન મોહંમદન અબ્દોહુ વ રસુલોહ.**

ત્યાર બાદ ઘરવાળાઓને સલામ કરે. ઘરમાં કોઈ ન હોય તો આ મુજબ કહે.



https://downloadshiabooks.com/

**"સલામ થાય મોહંમદ મુસ્તુફા સ. પર, જે સૌથી છેલ્લા નબી છે. સલામ થાય ઈમામો પર જેઓ હિદાયત પામેલા છે અને બીજાઓને હિદાયત કરનાર છે. સલામ થાય અમારા પર અને ખુદાના નેક બંદાઓ પર."**

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"કોઈ જરૂરી કામ (હાજત) માટે જાય તો દિવસના નીકળે. કારણ કે રાત્રે હાજત પૂરી થતી નથી."


## બચ્ચોંકી તાલીમ સીરીઝ -૫

### ગુસ્લ-કફન-દફનના આદાબ

**આ પુસ્તકમાં શકરાતથી લઈને નમાઝે વહશત સુધીના અહેકામ ઉપરાંત કબરોની ઝિયારતના આદાબ, મરહુમીન માટે ઈસાલે સવાબ તથા નમાઝે વાલેદૈનની વિસ્તૃત માહિતી.**

**નાના મોટા દરેકને સમજમાં આવી જાય તેવી તદ્દન સરળ ગુજરાતી ભાષામાં જરૂરી રંગીન ચિત્રો, ફોટાઓ અને કોઠાઓની સાથે આપેલ છે.**

**ગુસ્લ-કફન-દફનના અહેકામને પ્રેક્ટીકલ સમજૂતિ આપતું આ પુસ્તક ઘરે ઘરમાં ઉપયોગી થશે.**

**દરેકને જરૂર ગમશે.**

**અતિઉપયોગી આ પુસ્તક રંગીન આર્ટ પેપરમાં ૧૦૦ પાનામાં તૈયાર છે.**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા-ગુજરાત**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**




https://downloadshiabooks.com/

# વિભાગ-૧૩: હલાલ રોજી

૧૨૨. સવારીના જાનવરની વિશિષ્ઠતાઓ
૧૨૩. ચોપગા જાનવરોના હક્કો
૧૨૪. ઝીન અને લગામના આદાબ
૧૨૫. સવારીના આદાબ અને દુઆઓ
૧૨૬. પગપાળા ચાલવાના આદાબ
૧૨૭. સૌથી સારો ધંધો પશું પાલન
૧૨૮. પશુંપાલનના આદાબ
૧૨૯. જાનવરોની ઈબાદત
૧૩૦. વેપાર અને હલાલ રોઝીની ફઝીલત
૧૩૧. વેપાર કરવાના આદાબ
૧૩૨. ખેતી કરવાની ફઝીલત
૧૩૩. ખેતી કરવાના આદાબ

—: પ્રકાશક :—
**Zainabiyah Islamic Library**
**Meta-385520, North Gujarat (India).**
**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**
**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૩: સવારીના જાનવર તથા હલાલ રોજી

## પ્રકરણ-૧૨૨

## સવારીના જાનવરની વિશિષ્ઠતાઓ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સવારી માટે ચોપગું જાનવર રાખવું એ ખુશ કિસ્મતી છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ચોપગું જાનવર રાખો. એ તમારી શોભા છે. તેનાથી ઘણા બધા કામ નીકળે છે.તેની રોજીની જવાબદારી ખુદાની છે.''

''એ માણસ સદ્‌ભાગી છે જેની પાસે ચોપગું જાનવર હોય અને તેનાથી મોમીન ભાઈઓનું કામ કરી આપે.''

ઈમામ જાફરે સાદિક અ. યુનુસ ઈબ્ને યાકુબને કહ્યું,

''તું એક ગધેડું પાળી લે. તે તારો બોજ ઉઠાવશે. તેની રોજીની જવાબદારી ખુદાની છે.'' યુનુસ ઈબ્ને યાકુબે કહ્યું,

''મેં એક ગધેડું ખરીદી લીધું. વર્ષના અંતે હિસાબ કર્યો તો ખર્ચમાં વધારો ન થયો.''

એક દિવસ ઈમામ મુસા કાઝીમ અ. ખચ્ચર પર સવાર થયા. વિરોધીઓમાંથી એક માણસે કહ્યું,

''આ કોઈ જાનવર છે જેના પર તમે સવાર થયા છો? ન તેને દુશ્મન પાછળ દોડાવી શકીએ છીએ, ન તેને જંગમાં ઉપયોગ કરી શકીએ છીએ.'' હઝરતે કહ્યું,

''આ જાનવરમાં ન ઘોડા જેવી બુલંદી છે ન ગધેડા જેવી હલકાઈ છે. સૌથી સારી હાલત વચલી જ હોય છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ઘોડાઓના કપાળથી ભલાઈ અને બરકત કયામત સુધી રહેલી છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જેની પાસે એવો ઘોડો હોય જેના કપાળ પર નાનું યા મોટું સફેદ ટપકું હોય તે સારો છે. જેના ઘરમાં આવો ઘોડો હશે તેના ઘરમાં ગરીબી અને મુસીબતો આવશે નહિ. જયાં સુધી તે ઘોડો રહેશે તેના માલિકના ઘરમાં ઝૂલ્મ ટકશે નહિ.''

અમીરૂલ મોઅમેનીન અ. યમન દેશથી ચાર ઘોડા હઝરત રસુલેખુદા સ.ને ભેટ આપવા માટે લાવ્યા. હુઝુર સ.મે પૂછ્યું,

''તેમાં કોઈ સફેદ રંગના નિશાનવાળો ઘોડો છે?'' અમીરૂલ મોઅમેનીન અ.મે હા પાડી. હઝરતે કહ્યું,

''તે ઘોડો મારા માટે રાખો.'' પછી ફરમાવ્યું,

''બે કાળાશ પડતા લાલ રંગના નિશાનવાળા છે?'' હઝરત અલી અ.મે હકારમાં જવાબ આપ્યો. હુઝુર સ. કહ્યું,

''તે ઘોડા હઝરત હસન અ. અને હઝરત હુસૈન અ. માટે રાખો.'' પછી કહ્યું,

''ચોથો ઘોડો કાળો છે?'' હઝરત અલી અ.મે હા પાડી. હઝરતે હુકમ કર્યો કે,

''તેને વેચી દો અને તેની રકમ બાલ-બચ્ચાઓ માટે ખર્ચ કરો. મુબારક ઘોડો એ છે જેને સફેદ નિશાન હોય.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''મારી નજરે ચોપગા જાનવરોમાં સારૂં જાનવર ગધેડું છે.''

ચોપગા જાનવરોના દલાલી તરખાનનું કહેવું છે કે,



https://downloadshiabooks.com/

“ઈમામ જાફરે સાદિક અ.મે મારી પાસે એક કાળા રંગના ખચ્ચરની માગણી કરતાં કહ્યું કે, તેનું મોં સફેદ હોય અને પીઠ તથા પગ વચ્ચેનો ભાગ પણ સફેદ હોવો જોઈએ.”

## પ્રકરણ-૧૨૩
## ચોપગા જાનવરોના હક્કો

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

“ચોપગા સવારીના જાનવરોના માલિક પર જાનવરોના છ હક્કો છે.”

(૧) જયારે સવારીના જાનવર પરથી ઉતરે તો ઘાસ-દાણો આપો,

(૨) રસ્તામાં જયાં પાણી મળે તેને પાણી પાસે લઈ જાઓ. અગર તરસ્યું હોય તો પાણી પીએ,

(૩) તેના મોં પર કોઈ વસ્તું ના મારો. કારણ કે તે પણ પોતાની ભાષામાં અલ્લાહની ઈબાદત કરે છે,

(૪) જયારે જાનવર પર સવાર હોય તો ઊભા ન રહો. સિવાય કે રાહે ખુદામાં જેહાદ કરતો હોય,

(૫) તેની તાકાતથી વધારે વજન ન લાદવામાં આવે,

(૬) તેની ચાલવાની તાકાત હોય તે મુજબ ચલાવે. તેનાથી વધારે તેજ ગતિથી ન ચલાવે. વધારે તકલીફ ન આપે.

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જો કોઈ જાનવરને સફરમાં લઈ જાઓ તો જરૂરી છે કે નિયત સ્થળે પહોંચીને તમારાથી પહેલાં જાનવર માટે ઘાસ-દાણાની વ્યવસ્થા કરે.''

હઝરત રસુલેખુદા સ.મે એક ઊંટને જોયો. તેના પર માલ લાદેલો છે અને તેના પગ બાંધેલા છે. હઝરતે ફરમાવ્યું,

''તેના માલિકને કહી દો કે કયામતના દિવસે તૈયાર રહે કે આ ઊંટ ખુદાની સામે તેની પર દાવો માંડશે.''

ઈમામ જાફરે સાદિક અ.ની સામેથી ઊંટોની એક કતાર પસાર થઈ. આપે જોયું કે સઘળો બોજો એક જ ઊંટ પર લાદેલો છે. આપે તેના માલિકને કહ્યું,

''આ ઊંટના હકમાં ન્યાયથી કામ લે ખુદા ન્યાયીને દોસ્ત રાખે છે.''

''ઈમામ ઝયનુલ આબેદીન અ. એક જ ઊંટ પર ૨૦(વીસ) વખત હજ માટે ગયા. પરંતું કદી પણ તેને એક ચાબૂક મારી ન હતી.''

એ પણ ફરમાવ્યું કે,

''જાનવરોના મોં પર કોઈ વસ્તું ના મારો. તે પોતાના પાલનહારની ઈબાદત કરે છે. દરેક વસ્તુંની એક ઈજ્જત હોય છે. જાનવરોની ઈજ્જત એ છે કે તેના મોં પર કંઈ ના મારો.''

જનાબ અબુઝર ગફફારી ફરમાવે છે કે,

જાનવરો કહે છે કે,

''હે પાલનહાર! અમારા માલિકને ભલાઈ આપ, કે તે અમારી સાથે સારી વર્તણૂક કરે, અમારા હકમાં નેકી કરે, અમારા ઘાસ-દાણા-પાણીની ખબર રાખે અને અમારા પર અત્યાચાર ન કરે.''



https://downloadshiabooks.com/

ઈબ્ને અબી યાકુબ જણાવે છે કે,

ઈમામ જાફરે સાદિક અ. મને રસ્તામાં ચાલતા જોઈને કહ્યું,

''તારી પાસે ઊંટ છે તો સવાર કેમ નથી થતો?''

''હું વિનંતી કરી કે મારો ઊંટ કમજોર છે. હું ચાહું છું કે તેનો બોજ હળવો થાય.'' હઝરતે કહ્યું,

''તું એ નથી જાણતો કે ઊંટ કમજોર હોય યા તાકતવર બંનેને ખુદાએ બોજ ઉપાડવાની તાકત સરખી આપી છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''દરેક ઊંટની ખૂંધ ઉપર એક શયતાન બેસી રહે છે. તેથી જરૂરી છે કે જયારે તેનાથી કામ લે તો નરમીથી લે અને તેના પર સવાર થતી વખતે અથવા બોજ લાદતી વખતે ખુદાને યાદ કરે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''માલ લાદેલો હોય તેવા ઊંટ પર કોઈ માણસ સવાર થાય અને ઉતરતી વખતે જોયા વગર એકાએક કૂદી પડે અને મરી જાય તો તે સવાર જહન્નમમાં જશે.''

ઈમામ ઝયનુલ આબેદીન અ. ફરમાવે છે કે,

''જાનવરો આ ચાર વસ્તુંઓથી અજાણ નથી હોતા.''

(૧) પોતાના ખુદાને ઓળખે છે,

(૨) પોતાની ચરવાની જગ્યાને જાણતા હોય છે,

(૩) પોતાના મોતની જાણકારી રાખે છે,

(૪) નર અને માદાને ઓળખી શકે છે.



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૧૨૪
# ઝીન અને લગામના આદાબ

ઈમામ જાફરે સાદિક અ.ને લોકોએ સવાલ કર્યો કે,

"શું સિંહ, ચિત્તા કે દીપડાની ખાલને ઝીન પર રાખવા માટે ઉપયોગમાં લઈ શકાય?" ઈમામે ફરમાવ્યું કે,

"ઝીન માટે લઈ શકાય. પરંતું નમાઝ માટે ઉપયોગમાં લઈ શકતા નથી."

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"દરેક પશુંના નાકમાં એક શયતાન હોય છે. તેથી સારૂં એ છે કે તેને લગામ લગાવવામાં આવે ત્યારે **'બિસ્મિલ્લાહ'** કહે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જો કોઈ જાનવર લગામ આપવાના સમયે તોફાને ચડતો હોય અથવા ભાગી જતો હોય તો તેનો કાન પકડીને અથવા એમ જ તેના પર આ આયત પઢે."

**'અફ્ગયર દીનીલ્લાહે યબ્ગુન વલહુ અસ્લમ મન ફિસ્સમાવાતો વલ અર્ઝે તવ્અંવ વ કરહંવ વ એલયહે તુર્જઉન."**

(શું તે લોકો ખુદાના દીન સિવાય બીજા કોઈ દીનને ચાહે છે? જયારે કે આસમાન અને જમીનની દરેક વસ્તુંઓ રાજીખુશીથી યા જબરદસ્તીથી ખુદાને માનેલા છે. દરેકે તેના તરફ પાછા ફરવાનું છે.)



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૨૫
# સવારીના આદાબ અને દુઆઓ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે જાનવર પર સવાર થતી વખતે **'બિસ્મિલ્લાહ'** પઢે તો એક ફરિશ્તો તેની પાછળ સવાર થાય છે. જયાં સુધી તેની પર સવાર હોય ત્યાં સુધી તેની રક્ષા કરે છે. અગર સવાર થતી વખતે **'બિસ્મિલ્લાહ'** ન પઢે તો તેની પાછળ એક શયતાન સવાર થાય છે અને તેને ખોટા વિચારોમાં સપડાવી નાખે છે."

પછી ફરમાવ્યું કે,

જે માણસ સવારી વખતે કહે કે,

**"અલ્લાહનું નામ લઈ સવાર થાઉં છું. સઘળી શક્તિ અલ્લાહમાં જ છે. અલ્લાહનો આભાર જે અમને સમજ શક્તિ આપી. જો તે અમને હિદાયત ન કરી હોત તો અમે હિદાયત મેળવી ન શકત. પાક છે તે પરવરદિગાર જેણે આ જાનવરોને અમારા તાબા હેઠળ રાખ્યા છે. જયારે કે અમારામાં તેઓને કાબૂ હેઠળ રાખવાની શક્તિ ન હતી. તો ઉતરવાના સમય સુધી તે અને તેનું જાનવર બધી રીતે સુરક્ષિત રહેશે."**

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જે માણસ સવાર થતી વખતે **'આયતુલ કુરસી'** પઢીને આ દુઆ પઢે."

**"હું એ અલ્લાહથી મગફેરત ચાહું છું જેના સિવાય કોઈ માઅબુદ નથી. જે હયાત અને કાયમ છે. હું તેની તરફ રજૂ થાઉ છું. યા અલ્લાહ! મારા ગુનાહ બક્ષી દે. કેમ કે તારા**



https://downloadshiabooks.com/

**સિવાય કોઈ પણ ગુનાહોને બક્ષતું નથી. તું ખુદાવંદે કરીમ ફરિશ્તોને ફરમાવે છે કે મારો બંદો એ જાણે છે કે તારા સિવાય મારા ગુનાહો કોઈ બક્ષી શકતું નથી. બસ! તું ગવાહ રહેજે કે હું તેના ગુનાહ તેની આ વાત પર બક્ષી દીધા.''**

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

એક વખતે હઝરત અલી અ. સવાર થઈને જતા હતા. લોકોનો એક સમૂહ ઈમામની સાથે સાથે પગપાળા ચાલવા લાગ્યો. ઈમામે તેઓને પૂછ્યું,

''શું તમારે કોઈ કામ છે?'' લોકોએ કહ્યું,

''ના, અમે ઈચ્છીએ છીએ કે તમારી સાથે થોડેક દૂર સુધી ચાલીને નેકી પ્રાપ્ત કરીએ.'' હઝરતે ફરમાવ્યું,

''આ રીતે પગપાળા સાથે આવવાની કોઈ જરૂરત નથી. તમે લોકો પાછા ચાલ્યા જાઓ. સવાર સાથે પગપાળા ચાલવું એ સવાર માટે ઘમંડનું કારણ બની શકે છે. તથા પગપાળા ચાલનારાઓની નાનમનું કારણ બની શકે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''શું તમોને શરમ નથી આવતી કે તમો પોતાના જાનવરો પર લાપરવાહીથી સવાર થાઓ છો અને તમારૂં જાનવર અલ્લાહની યાદમાં રહે છે.''

ઈમામ અલી અ. ફરમાવે છે કે,

''મારૂં જાનવર કયારેય ઠોકર ખાધી નથી. કારણ કે હું સવાર થઈને કોઈની ખેતીને નુકશાન પહોંચાડ્યું નથી.''



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૧૨૬

## પગપાળા ચાલવાના આદાબ

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"રસ્તામાં ઉતાવળા ચાલવાથી મોમીનની ખૂબસુરતી નાશ પામે છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"સ્ત્રીઓએ રસ્તાની એક બાજુંુ(કિનારે) ચાલવું જોઈએ. પુરૂષોએ રસ્તાની વચ્ચે ચાલવું જોઈએ."

"ઈમામ ઝયનુલ આબેદીન અ. એટલી સભ્યતાથી ચાલતા હતા કે જાણે એક પક્ષી તેમના માથા પર બેઠું છે અને તેમને ડર છે કે કયાંક ઊડી ન જાય? હઝરતનો જમણો હાથ ડાબા હાથથી કયારેય આગળ વધતો ન હતો."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જયારે કોઈ માણસ જમીન પર ઘમંડથી ચાલે છે તો ખુદ જમીન અને જેટલી ચીજો જમીનની ઉપર અને તેની નીચે છે તે સૌ તેને ધિક્કારે છે."

એ પણ ફરમાવ્યું કે,

"જે જમાનામાં મારી કૌમના લોકો રસ્તે ચાલવામાં છાતી ફૂલાવીને ઘમંડથી ચાલશે ત્યારે તેઓના આપસમાં એવા લડાઈ ઝઘડા શરૂં થશે કે તેઓ એક બીજા પર તલવાર ખેંચશે."

"લાકડી હાથમાં રાખવી એ પયગમ્બરોની સુન્નત છે. બની ઈસરાઈલના નાના મોટા, ઘરડા અને જવાન દરેક હાથમાં લાકડી રાખતા હતા. એટલા માટે કે ચાલમાં ઘમંડ ના આવી જાય. એ



https://downloadshiabooks.com/

પણ ફરમાવ્યું કે, લાકડી હાથમાં રાખવાથી ગરીબી અને મુસીબત દૂર થાય છે અને શયતાન તેમની પાસે ફરકતો નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અગર તમે અકકલમંદ હો તો જે તરફ જવા ઈચ્છતા હોવ તમારી નિયત ઠીક કરી દો. જવા માટે કોઈ સારો મકસદ નક્કી કરો. દીનના વિરૂધ્ધમાં જે પણ વાતો થતી હોય તેનાથી પોતાની જાતને બચાવો. એ પણ જરૂરી છે કે રસ્તે ચાલતી વખતે બરાબર ધ્યાન આપી ચાલો. દરેક પગલે કુદરતની કરામતથી નસીહત લો. ઘમંડ ન કરો. જે વસ્તુંઓ દીનમાં હરામ છે તેનાથી નજરને બચાવો. હર પળે ખુદાને યાદ કરો. કેમ કે જે જે જગ્યા પર ખુદાને યાદ કરવામાં આવશે તે જગ્યા તેના માટે મગ્ફેરત કરશે કે તે જન્નતમાં દાખલ થાય. રસ્તામાં લોકોથી વધારે પડતી વાતો ન કરો. આ સંસ્કાર વિરૂધ્ધ છે. ઘણા રસ્તાઓ પર શયતાન છૂપાએલો છે. તેના છળ કપટથી નચિંત ન બનો. ટૂંકમાં તમારૂં જવું અને આવવું ખુદાની તાબેદારી માટે જ હોયું જોઈએ. ખુદાની ખુશી માટે હોવું જોઈએ. હંમેશા યાદ રાખો કે તમારી દરેક હિલચાલ તમારા અમાલનામામાં લખાય છે.''

## પ્રકરણ-૧૨૭
## સૌથી સારો ધંધો પશું પાલન

લોકોએ હઝરત રસુલેખુદા સ.ને પૂછ્યું કે,
''સૌથી સારો ધંધો ક્યો છે?'' હઝરતે જવાબમાં કહ્યું,



https://downloadshiabooks.com/

''ખેતી. જે માણસ જાતે ખેડે, જાતે પાણી અને કાપણી કરે અને પાક તૈયાર થયા બાદ પોતાનો હક લઈ ખુદાનો હક અદા કરે.''

ફરી લોકોએ પૂછ્યું કે,

''ખેતી પછી ક્યો ધંધો સારો?'' હઝરતે ફરમાવ્યું,

''ઘેટાં-બકરાં પાળવાં. વગડામાં જયાં ચારો અને પાણી હોય ત્યાં ચરાવે, પોતાની નમાઝ પઢે અને માલમાંથી ઝકાત આપે.''

ફરી લોકોએ સવાલ કર્યો કે,

''ઘેટાં-બકરાંના ઉછેર બાદ કયો ધંધો સારો? દૂભાળી ગાયો, ભેંસો પાળવી જે સવાર-સાંજ દૂધ આપતી હોય.''

લોકોએ ફરી સવાલ કર્યો કે,

''ગાયો-ભેંસોના પાલન પછી ક્યો ધંધો સારો છે?'' હઝરતે જવાબમાં કહ્યું,

''એની રખેવાળી કરે જે દુષ્કાળમાં પણ ફળ(ખજૂર) આપે છે તે છે ખજૂરના ઝાડ ઉછેરવા. ખજૂરના ઝાડ એ ઉમદા અને કિંમતી માલ છે. જે તેને વેચી દે છે તે જાણે ધૂળની કિંમત મેળવી જે આંધીથી ઊડીને પહાડો પર ચોંટી હોય. (મતલબ કે કિંમતી માલ વેચીને ધૂળની કિંમત મેળવી.) આ એના માટે છે કે જે ખજૂરના ઝાડ વેચી રોકડી કરી લે. તથા ઝાડોની અદલા બદલી પણ ન કરે અથવા નવા ઝાડ પણ ન ઉછેરે.''

ફરી લોકોએ સવાલ કર્યો કે,

''ખજૂરના ઝાડના ઉછેર બાદ ક્યો ધંધો સારો?'' હઝરત રસુલેખુદા સ.મે કોઈ જવાબ ન આપ્યો.

કોઈએ હઝરત રસુલેખુદા સ.ને સવાલ કર્યો કે,

''ઊંટ પાળવા વિષે કેમ કંઈ ના બોલ્યા?'' હઝરતે કહ્યું,



https://downloadshiabooks.com/

“ઊંટ પાળવામાં મહેનત અને તકલીફ વધારે છે. મોટા ભાગે ઘરથી દૂર રહેવું પડે છે. સવાર-સાંજ ખર્ચ પણ વધારે આવે છે.”

એક અન્ય હદીસમાં ફરમાવ્યું કે,

“ઘેટાં-બકરાં જીવતાં અને તંદુરસ્ત હોય ત્યારે પણ ફાયદો આપે છે અને મરવા લાગે ત્યારે પણ ફાયદો આપે છે. જયારે તે મરવા થાય તો તેને ઝબહ કરી ખાઈ લો તો પણ નુકશાન નથી.”

“ગાય-ભેંસ જીવતી અને તંદુરસ્ત હોય ત્યાં સુધી ફાયદો આપે છે અને મર્યા પછી નુકશાન છે. હવે રહી ઊંટની વાત. તો ઊંટ શયતાનનો પડોશી છે. ઊંટ હોય તોય નુકશાન છે અને ન હોય તો પણ નુકશાન છે. એટલે કે તે તંદુરસ્ત હોય તો પણ તેના માલિક માટે નુકશાનકારક છે. કંઈ નફો નથી આપતો.”

લોકોએ વિનંતી કરી કે,

“યા રસુલુલ્લાહ સ.! આપે જે ઊંટ વિષે ફરમાવ્યું, જો આવું જ હોય તો ઊંટ કોણ પાળશે?” હુઝુર સ. મે ફરમાવ્યું કે,

“દરેક જમાનામાં એવા બદબખ્ત લોકો હશે જેઓ ઊંટ પાળતા રહેશે.”

ફરમાવ્યું,

“રોજીના દસ ભાગોમાંથી નવ ભાગ વેપારમાં છે અને એક ભાગ ઘેટાં-બકરાંના ઉછેરમાં છે. એ પણ ફરમાવ્યું કે, ઘેટાં-બકરાં જરૂર પાળો. તે તમને સવાર-સાંજ ફાયદો આપશે.”

ઈમામ જાફરે સાદિક અ. સફવાન ઊંટવાળાને કહ્યું કે,

“મારા માટે એક બદસુરત ઊંટ ખરીદ. કેમ કે બદસુરત ઊંટનું આયુષ્ય વધારે હોય છે.”

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''ઊંટના ટોળા વચ્ચેથી ન નીકળો. કેમ કે કોઈ પણ હાર એવી નથી હોતી જયાં બે ઊંટો વચ્ચે એક એક શયતાન ન હોય.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''અર્શનો ભાર ઉપાડવાવાળાઓમાં એક બળદની સુરત પણ છે. બળદ દરેક જાનવરોનો સરદાર અને સૌથી શ્રેષ્ઠ પણ છે. જયાં સુધી બની ઈસરાઈલની કોમ વાછરડાની પૂજા કરી ન હતી, ત્યાં સુધી બળદ બધા જાનવરોમાં સૌથી વધારે ખૂબસુરત અને સૌથી ઊંચો હતો. જયારે બની ઈસરાઈલની કોમ વાછરડાની પૂજા કરવાની ભૂલ કરી ત્યારથી બળદના ચહેરાવાળો ફરિશ્તો શરમથી પોતાનું માથું નમાવી લીધું. તે મુજબ દરેક બળદે પણ કર્યું. તે સમયથી કોઈ પણ બળદ શરમના લીધે આકાશ તરફ નજર કરીને નથી જોતો.''

## પ્રકરણ-૧૨૮
## પશુંપાલનના આદાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જાનવરોને દોહતી વખતે થોડુંક દૂધ તેમના આંચળોમાં રહેવા દો જેથી દૂધ જલદી ભેગું થાય. જો આંચળમાં બિલકુલ દૂધ રાખવામાં ન આવે તો આંચળમાં દૂધ વધારે મોંડું ઉતરે છે.''

હદીસમાં છે કે,



https://downloadshiabooks.com/

''ઘેટાં-બકરાંના વાડાને ખૂબ જ સાફ રાખો. તેમના નાકમાંથી ઝરતા પ્રવાહીને પાક સાફ કરતા રહો. તેમના વાડામાં નમાઝ પણ પઢો. કેમ કે ઘેટાં-બકરાં એ જન્નતી જાનવર છે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''ઘેટાં-બકરાંને વાડામાંથી ચરવા માટે લઈ જાઓ ત્યારે સીસોટી જેવો અવાજ કરો. તથા વગડામાંથી પાછા ફરતી વખતે ડચકારો.''

## પ્રકરણ-૧૨૯
## જાનવરોની ઈબાદત

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જેટલા પક્ષીઓ, જંગલી જાનવરો યા દરિયાઈ જાનવરો પોત પોતાની ભાષામાં ખુદાની ઈબાદત કરતા હતા, તેઓના શિકાર થતાંની સાથે જ તે ઈબાદત ખતમ થઈ જાય છે.''

ફરમાવ્યું કે,

''પહેલાં બધા જ જાનવરો, પક્ષીઓ, પ્રાણીઓ, પશુંઓ હળી મળીને રહેતા હતા. જયારે આદમ અ.નો દિકરો કાબીલ પોતાના ભાઈ હાબીલને કતલ કર્યો તે સમયથી તેઓ એક બીજાથી નફરત કરવા લાગ્યા અને એક બીજાથી અલગ થઈ ગયા. દરેક જાનવરો પોતાના જેવા જ જાનવરો સાથે મેળ-મિલાપ રાખવા લાગ્યા.''

ઈમામ હુસૈન અ. ફરમાવે છે કે,

ગીધ જયારે ચીસ પાડે છે ત્યારે કહે છે કે,



https://downloadshiabooks.com/

''હે આદમની ઓલાદ! તું મન ફાવે તેમ જીંદગી વિતાવ. પણ છેલ્લે મોત છે. પછી બીજી ચીસ વખતે કહે છે કે, હે છૂપી વાતોને જાણનાર! હે બલાઓને દૂર કરનાર.''

મોર અલ્લાહની બંદગી કરતાં કહે છે કે,

''હે ખુદા મેં મારી જાત પર ઝૂલમ કર્યો, મારા પોતાના રૂપ માટે ઘમંડ કર્યો. હવે તું મારા ગુનાહને માફ કર.''

તેતર કહે છે કે,

''ખુદાતઆલા દરેક શરીર પર કુદરત રાખે છે.''

જંગલી કૂકડો કહે છે,

''જે માણસ ખુદાને ઓળખે છે, તે તેની યાદથી કયારેય ગાફીલ નથી થઈ શકતો.''

પાલતું કૂકડો કહે છે કે,

''હે પાલનહાર! તું બરહક છે અને તારા બોલ હક છે.''

કુરકુરહ કહે છે કે,

''ખુદા પર ભરોસો કર કે તને રોજી આપે.''

ગરૂડ કહે છે કે,

''જે ખુદાની તાબેદારી કરે છે તે અભાગી થતો નથી.''

શાહીન કહે છે કે,

''સત્ય સનાતન ખુદાની જાત પાક છે.''

જંગલી કાગડો કહે છે,

''હે રોજી આપનાર! હલાલ રોજી આપ.''

હંસ કહે છે,

''ખુદાતઆલા! મને મારા દુશ્મનોની ઈજાથી રક્ષણમાં રાખ.''



https://downloadshiabooks.com/

બગલો કહે છે,

''જે લોકોથી અલગ રહેશે, તે તેઓની તકલીફોથી બચશે.''

બતક કહે છે,

''હે ખુદા! તારાથી માફી ચાહું છું.''

હુદ હુદ કહે છે,

''જે માણસ ખુદાની નાફરમાની કરે છે, તે ઘણો જ અભાગી છે.''

હોલો કહે છે,

''હે છૂપી વાતોને જાણનાર! અય પાલનહાર!''

ટોટરૂ કહે છે,

''હે ખુદા! તું જ માલીક છે.તારા સિવાય કોઈ માલિક નથી.''

ચકલી કહે છે,

''જેના કારણે ખુદા કોધિત થાય છે, તેની ખુદા પાસે માફી ચાહું છું.''

બુલબુલ કહે છે કે,

''હક વાત એ છે કે, અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી.''

ચકોર કહે છે,

''હક નજીક છે, હક નજીક છે.''

લાવરી કહે છે કે,

''હે આદમની ઓલાદ! તું મોતને કેટલું ભૂલી ગયો છે?''

હોલી કહે છે,

''યા વાહેદો, યા અહદો, યા સમદો, યા ફર્દો.''



https://downloadshiabooks.com/

સબ્ઝ કબા(લીલી અને લાલ પાંખોવાળું એક પક્ષી) કહે છે,

''હે મારા માલિક! મને જહન્નમની આગથી આઝાદ કર.''

કુમ્બરાહ કહે છે,

''હે મારા માલિક સઘળા ગુનેગારોની તૌબા કબૂલ કર.''

પાલતું કબૂતર કહે છે કે,

''જો તું મારા ગુનાહ માફ નહિ કરે તો હું હડધૂત અને અભાગી થઈ જઈશ.''

શાહમૃગ કહે છે,

''ખુદા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી.''

અબાબીલ **'અલ્હમ્દનો સુરો'** પઢે છે અને કહે છે,

''હે સઘળાઓની તૌબા કબૂલ કરનાર! હે ખુદા! તું જ ઈબાદતને લાયક છે.''

ઘેટાનું બચ્ચું કહે છે,

''નસીહત લેવા માટે મોત પૂરતું છે.''

બકરીનું બચ્ચું કહે છે,

''મારૂં મોત નજીકમાં જ આવી ગયું અને મારા બધા જ ગુનાહ ઘણા સખ્ત અને ખૂબ જ છે.''

સિંહ કહે છે,

''ખુદાની ઈબાદત કરવા માટે બધી જ વ્યવસ્થા કરવી જોઈએ.''

બળદ કહે છે,

''ગુનાહોથી દૂર રહે. કેમ કે તું એવા ખુદાની સામે છે જેને તું જોઈ શકતો નથી પણ તે તને જૂએ છે. તે જ તમામ સૃષ્ટિનો માલિક છે.''



https://downloadshiabooks.com/

હાથી કહે છે કે,

''કોઈ બળ કે કળ મોતને દૂર કરવામાં કામ આવતી નથી.''

ચિત્તો કહે છે,

''યા અઝીમો, ગા જબ્બારો, યા મોતકબ્બેરો, યા અલ્લાહ.''

ઊંટ કહે છે,

''ખુદા તઆલા ઝાલીમોને તિરસ્કૃત કરનાર અને પાક છે. હું તેની પવિત્રતાની જાહેરાત કરૂં છું.''

ઘોડો કહે છે,

''અમારો પાલનહાર પાક અને પવિત્ર છે.''

વરૂ કહે છે,

''ખુદા જેની રક્ષા કરે છે, તેનો કયારેય નાશ થતો નથી.''

શાળ કહે છે,

''જે વારંવાર ગુનાહ કરે છે, તેઓ માટે ઘણી સખ્ત અને કષ્ટદાયક સજા છે.''

કૂતરો કહે છે,

''ખુદાની નાફરમાની કરવાથી બેઈજજતી પ્રાપ્ત થાય છે.''

સસલું કહે છે,

''હુ ખુદા! સઘળા વખાણ તારા માટે જ છે. તું મને હલાકતમાં ન નાખ.''

શિયાળ કહે છે,

''જગત દગાનું ઘર છે.''

હરણ કહે છે,

''મને તકલીફોથી છૂટકારો આપ.''

ગેંડો કહે છે,



https://downloadshiabooks.com/

''મારી ફરિયાદને સાંભળ, નહિતર મારૂં મોત થઈ જશે.''

દીપડો કહે છે,

''ખુદા તઆલા જે પોતાની શક્તિ વડે દરેક પર કાબૂ ધરાવે છે અને પાક-પવિત્ર છે. હું પણ તેની પવિત્રતાની જાહેરાત કરૂં છું.''

સાપ કહે છે,

''હે દયવાન ખુદા! જે તારી નાફરમાની કરે છે તે તિરસ્કૃત અને અભાગી છે.''

વીંછી કહે છે,

''બૂરાઈ ભયાનક વસ્તું છે.''

ત્યાર બાદ હઝરતે કહ્યું કે,

''સૃષ્ટિમાં એક જીવ પણ એવો નથી જે ખુદાની ઈબાદત ન કરતો હોય. ખુદા તઆલા ફરમાવે છે કે, કોઈ ચીજ એવી નથી જે ખુદાની ઈબાદત ન કરતી હોય. પરંતું તમે તેની ઈબાદતને સમજતા નથી.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જે મસ્ખ(પરિવર્તિત) થયા છે તે બાર જાનવરો છે.''

(૧) હાથી- એક બાદશાહ હતો. જે વ્યભિચાર અને સજાતિય શય્યા સુખ ભોગવતો હતો. આ ગુનાહના કારણે હાથીમાં મસ્ખ થઈ ગયો.

(૨) રીંછ- જંગલમાં ભટકતો નિર્લજજ(બેશરમ) માણસ હતો.

(૩) સસલું- એક સ્ત્રી હતી જે પોતાના પતિ સાથે બેવફાઈ કરતી હતી અને ગુસ્લે હયઝ કરતી ન હતી.

(૪) સિંહ- ચોર હતો જે લોકોની ખજૂરો ચોરતો હતો.



https://downloadshiabooks.com/

(૫) દરિયાઈ ઘોડો- યમનમાં એક માણસ હતો જે જબરદસ્તીથી લોકોના માઈમાંથી દસમો ભાગ ટેક્ષ તરીકે લેતો હતો.

(૬) ઝોહરા(દરિયાઈ પ્રાણી)- એક સ્ત્રી હતી જેની પર હારૂત-મારૂત યરિશ્તાઓ આશિક થઈને ગુનાહમાં સપડાયા હતા. જેની તેમને સજા ભોગવવી પડી.

(૭) અને (૮) વાંદરો અને ભૂંડ- આ બંને ઈસરાઈલની કોમમાંથી હતા. જેઓ સખ્ત મનાઈ હોવા છતાં શનીવારે શિકાર કરતા હતા.

(૯) અને (૧૦) ઘો અને ગરોળી- આ પણ ઈસરાઈલની કોમમાંથી હતા. જેઓ ઈસા અ.ના જમાનામાં એ ખાણા પર ઈમાન ધરાવતા ન હતા જે ખુદા તઆલા તરફથી હઝરત ઈસા અ. પર મોકલવામાં આવ્યું હતું. તેઓનું એક ટોળું દરિયામાં ચાલ્યું ગયું અને એક ટોળું જમીન પર રહ્યું.

(૧૧) વીંછી- આ એક ઝઘડાખોર માણસ હતો. જે ચાડીઓ કરી લોકોમાં ફસાદ ફેલાવતો હતો.

(૧૨) પીળી માખી- એક કસાઈ હતો. જે ત્રાજવામાં દાંડી મારતો હતો. (વજનમાં ઓછું આપતો હતો.)

"કરોળીયો એક સ્ત્રી હતી. જે પોતાના પતિ માટે જાદુ કરતી હતી."

"ઉમુસ એક શયતાન સિફત આદમી હતો. જે દોસ્તોમાં વિખવાદ કરાવતો હતો."

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

"ઉંદર- એક યહુદીઓનું ટોળું છે. જેના પર ખુદાનો પ્રકોપ ઉતર્યો હતો."



https://downloadshiabooks.com/

''મચ્છર- એક એવો માણસ હતો જે પયગમ્બરો સાથે મજાક કરતો હતો.''

''જૂ- ઈર્ષ્યાના કારણે પરિવર્તિત થઈ.''

બની ઈસરાઈલના પયગમ્બરોમાંથી એક પયગમ્બર એક દિવસ નમાઝ પઢતા હતા. બની ઈસરાઈલના માણસોમાંથી એક ગમાર તેમની પાસે આવીને ઊભો થઈ ગયો અને પયગમ્બરની મશ્કરી કરવા લાગ્યો. ત્યારે જૂના સ્વરૂપમાં ફેરવાઈ ગયો.

''ગરોળી- બની ઈસરાઈલના અમુક લોકો જે નબીઓની ઓલાદને ગાળો આપતા હતા અને તેઓથી દુશ્મની રાખતા હતા.''

''કાચબો- એક બદચારિત્ર માણસ હતો.''

રિવાયતમાં છે કે,

''બની ઉમય્યામાંથી જે લોકો મુત્યું પામે છે તે ગરોળીના રૂપમાં ફેરવાઈ જાય છે. એ પણ છે કે ગરોળીને મારો તો ગુસ્લ કરી લો.''

''જે લોકો જાનવરોના રૂપમાં ફેરવાઈ ગયા હતા તેઓ ત્રણ દિવસથી વધુ જીવ્યા ન હતા. પરંતું ખુદા તઆલાએ તેઓના જેવા કેટલાક જાનવરો પેદા કર્યા અને તેઓનું ગોશ્ત હરામ કરી દીધું. જેથી બીજા લોકો તેઓને જોઈ નસીહત પ્રાપ્ત કરે અને તેઓના જેવા કામ ન કરે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ખુદા તઆલા સાતસો કોમોને એટલા માટે જાનવરોના સ્વરૂપમાં બદલી નાખી કે તે પોતાના નબીઓના પછી તેમના વસીઓની આજ્ઞાઓને ન અનુંસરી. તેમાંથી ૪૦૦ (ચારસો)



https://downloadshiabooks.com/

કોમો જમીન પર રહી અને ૩૦૦ (ત્રણસો) કોમો દરિયામાં ચાલી ગઈ.''

## પ્રકરણ-૧૩૦
## વેપાર અને હલાલ રોજીની ફઝીલત

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''અમીરાઈ એ ગુનાહોથી બચવા અને સંયમ કેળવવામાં સૌથી વધારે મદદરૂપ થાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''આખેરત મેળવવા દુનિયાની મદદ લો અને પોતાની જાતને બીજા પર બોજારૂપ ન બનાવો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે માણસ પોતાના બાલ-બચ્ચાઓનો બોજ બીજાઓ પર નાખે છે તે મલઉન (ધિક્કારને પાત્ર) છે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

''શું અમે દુનિયા મેળવવાની ઈચ્છા કરીએ? અમારી પાસે દુનિયાનો માલ એકઠો થાય?'' ઈમામ અ.મે સવાલ કર્યો કે,

''તમારે દુનિયાનો માલ કયા હેતુથી જોઈએ છે?'' તે માણસે જવાબમાં કહ્યું,

''મારા અને મારા બાલ-બચ્ચાઓના ખર્ચ માટે, સગાવહાલાઓ સાથે ભલાઈ કરવા માટે, દાન ખેરાત કરવા માટે, હજ-ઉમરાહ કરવા માટે.'' આ સાંભળી હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''આવા કામ માટે માલ એકઠો કરવો એ દુનિયાદારી નથી પણ આખેરત માટે છે. ઝૂલ્મથી દૂર રાખે તે અમીરાઈ એવી ગરીબાઈથી શ્રેષ્ઠ છે જે ગરીબાઈથી ગુનાહ કરવાની ઈચ્છા થાય.''

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

ખુદાતઆલા હઝરત દાઉદ અ.ને કહ્યું,

''જો તું તારા હાથો વડે મહેનત કરતો હોત અને બયતુલ માલ (સરકારી તિજોરી)માંથી માલ ન લેતો હોત તો તું ઘણો જ નેક બંદો હોત.'' હઝરત દાઉદ અ. આ સાંભળી ચાલીસ દિવસ સુધી રડતા રહ્યા. તો ખુદાતઆલાએ લોખંડને હુકમ કર્યો કે,

''તું મારા બંદા માટે નરમ થઈ જા. જેથી લોખંડ હઝરત દાઉદ અ.ના હાથમાં મીણની જેમ નરમ થઈ જતું હતું. તેનાથી તેઓ દરરોજ બખ્તર બનાવી એક હજાર દિરહમમાં વેચતા હતા. એટલે સુધી કે તેમની જીંદગીમાં ત્રણસો સાઈઠ બખ્તર બનાવ્યા અને બયતુલ માલના કયારેય મોહતાજ ન રહ્યા.''

ઈમામ જાફરે સાદિક અ. અમ્ર ઈબ્ને મુસ્લિમના ખબર અંતર પૂછ્યા. લોકોએ કહ્યું,

''તેણે વેપાર છોડી દીધો છે.'' હઝરતે ત્રણ વખત કહ્યું,

''આ તો શયતાનનું કામ છે. શું તે નથી જાણતો કે હઝરત રસુલેખુદા સ. વેપાર કરતા હતા. ખુદા તઆલા વેપાર કરનારાઓના વખાણ કર્યા છે. તથા કહ્યું છે કે, અમુક લોકો એવા પણ છે જેઓને વેપાર અને ખરીદ-વેચાણ ખુદાની યાદને ભૂલાવી દેતો નથી. વેપારીઓના એક સમૂહ માટે એવું પણ કહેવાય છે કે તેઓ વેપાર કરતા હતા. પરંતું નમાઝનો સમય થતો ત્યારે નમાઝ પઢવામાં તલ્લીન થઈ જતા હતા. એવા વેપારીઓ તે લોકોથી



https://downloadshiabooks.com/

સારા છે જેઓ વેપાર ન કરતા હોય પરંતું નમાઝ સમયસર અદા કરતા હોય.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં એક માણસ વિષે અરજ કરી કે તે કહે છે કે,

''હું ઘરમાં રહીશ, નમાઝો પઢીશ, રોઝા રાખીશ, ખુદાની ઈબાદત કરતો રહીશ. મારી રોજી કોઈને કોઈ રસ્તેથી મને મળી જશે.'' હઝરતે ફરમાવ્યું,

''ત્રણ માણસોની દુઆ કબૂલ થતી નથી. આ પણ તેમાંનો એક છે.''

એક માણસે તે જ હઝરતથી સવાલ કર્યો કે,

''હું ઈચ્છું છું કે ખુદા મને આરામ અને સરળતાથી રોજી આપે. હઝરતે ફરમાવ્યું, જયાં સુધી તું રોજી મેળવવા માટે ખુદાના હુકમ મુજબ કોશીશ નહિ કરે ત્યાં સુધી હું તારા માટે દુઆ કરીશ નહિ.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''કોઈ માણસ એ મકસદથી દુન્યવી કામ કરે કે તેને લોકો પાસે ભીખ ન માગવી પડે, પોતાના બાલ-બચ્ચાઓનું ગુજરાન ચલાવી શકે, પોતાના પડોશીઓ સાથે ભલાઈ કરી શકે તો કયામતના દિવસે તેનો ચહેરો ચૌદમીના ચાંદની જેમ ચમકતો હશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ઈબાદતના ૭૦(સીત્તેર) ભાગ છે. સૌથી શ્રેષ્ઠ હલાલ રોજી મેળવવી છે.''



https://downloadshiabooks.com/

"જયારે દુકાન ખોલી માલ સજાવીને બેઠા એટલે તમારી જીમ્મેદારી પૂરી થઈ. બાકીની જીમ્મેદારી ખુદાની છે. તેના પર ભરોસો કરો."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કોઈ માણસ દરમાં પણ ચાલ્યો જશે તો ખુદા પાક તેની રોજી ત્યાં સુધી પહોંચાડશે. તેથી રોજી માટે હદથી વધારે કોશીશ ન કરો. ખુદા તઆલા મોમીનની રોજી એવી જગ્યાએથી આપે છે જેની તને કલ્પના પણ ન કરી હોય. તેથી જેઓને ખ્યાલ નથી હોતો કે તેમને રોજી કયાંથી મળશે? તેઓ રોજી મેળવવા ખુદા તઆલા પાસે વધારે દુઆ કરે છે."

એક હદીસમાં ફરમાવ્યું કે,

"વેપાર કરવાથી અક્કલમાં વધારો થાય છે. વેપાર છોડી દેવાથી બુધ્ધિ ઘટી જાય છે."

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"સવાર થતાં જ એ તરફ નીકળી પડો જે તમારી ઈજજતનું કારણ છે. એટલે કે બજારમાં." પછી ફરમાવ્યું કે,
"સવારના પહોરમાં જ રોજી માટે નીકળી પડો."

**ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,**
**જે માણસ વઝુ કરીને સૂએ તેની પથારી મસ્જીદનો હુકમ રાખે છે. અગર સૂઈ ગયા પછી યાદ આવે કે વઝુ કર્યું નથી, તો પથારી પર જ તયમ્મુમ કરી લે. કેમ કે વઝુ યા તયમ્મુમની સાથે અલ્લાહને યાદ કરતાં કરતાં સૂઈ જાય તો તેનું સૂવું નમાઝ પઢવા બરાબર સમજવામાં આવશે.**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૩૧
# વેપાર કરવાના આદાબ

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"હે વેપારીઓ! પહેલાં વેપારના વિષયનું જ્ઞાન મેળવી લો. (વેપાર અંગેના મસાએલ જાણી લો.) પછી વેપાર કરો. કેમ કે લોકો માટે નફા અને વ્યાજમાં કઠણ પત્થર પર પડેલા કીડીના પગના નિશાનથી પણ વધારે બારીક તફાવત છે. જૂઠી કસમ ન ખાઓ. કેમ કે જેઓ ઈમાનદારીથી લેવડ-દેવડ કરે છે તે સિવાયના વેપારીઓ બડાઈખોર છે અને બડાઈખોરનું સ્થાન જહન્નમ છે."

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"જેઓ લેવડ-દેવડ કરે છે તેઓ પાંચ વસ્તુંઓથી દૂર રહેવું જોઈએ."

(૧) વ્યાજ ખાવાથી,

(૨) કસમ ખાવાથી,

(૩) માલની ખામીઓને છૂપાવવાથી,

(૪) પોતાની વેચવાની વસ્તુંના વખાણ કરવાથી,

(૫) જે વસ્તું ખરીદવાની હોય તેની ખામીઓ શોધવાથી.

અમીરૂલ મોઅમેનીન અ. સવારના પહોરમાં ખભા પર કોરડો રાખી કૂફાના બજારમાં ફરતા અને કહેતા,

"હે લોકો! જયારે તમે ખરીદ-વેચાણની શરૂંઆત કરો તો પહેલાં ખુદા તઆલાથી ખરીદ-વેચાણ અંગેની દુઆ માંગો. ખરીદ-વેચાણમાં આસાનીથી વર્તાવ કરો. દરેક કામને બરાબર



https://downloadshiabooks.com/

ધ્યાનથી કરો જેથી બરકત થાય. ગ્રાહકોથી ઓળખાણ વધારો, તેમની સાથે મહેરબાનીથી અને સદાચારથી વર્તો, સહિષ્ણુતા અને ધીરજને અપનાવો, કસમ ખાવાથી અને જૂઠ બોલવાથી દૂર રહો, લોકો પર ઝૂલમ ન કરો, મઝલુમોથી ઈન્સાફ કરો, વ્યાજને દૂર રાખો, માપ-તોલ પૂરેપૂરૂં આપો, વજનમાં દંડી ન મારો.''

એ પણ ફરમાવ્યું કે,

''જે માણસ ખરીદ-વેચાણના મસઅલાઓને જાણતો હોય તેના સિવાય કોઈ વેપાર માટે ન બેસે. કેમ કે ખરીદ-વેચાણના મસઅલાની જાણકારી વગર વેપાર કરશે તો તેનો વેપાર વ્યાજવાળો સમજવામાં આવશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''બજાર એ જમીનના સૌથી ખરાબ ભાગોમાંથી છે. શયતાનોનું મેદાન છે. જયાં દરરોજ સવારના પોતાનો ઝંડો ઊભો કરે છે અને ખુરશી લગાવીને બેસે છે. પોતાની ઓલાદને છૂટી મૂકી દે છે. કે કોઈને એમ ધોકો આપે કે તે વજનમાં દાંડી મારે, માપ-તોલ ઓછું આપે, કોઈને ભડકાવે કે ચોરી કરે, કોઈના દિલમાં અુવા ખરાબ વિચારો પેદા કરે કે સાચી કિંમત ન બતાવે. શયતાન પોતાની ઓલાદને હુકમ કરે છે કે માનવ વસ્તીનો બાપ (હઝરત આદમ એ) મૃત્યું પામ્યો છે. તે માનવોની બરાબર ખબર લઈ લો અને બહેકાવવામાં જરા પણ પાછા ન પડો. હું તેમનો બાપ જીવતો બેઠો છું. (હઝરત આદમ અ.ના કારણે હું અપમાનિત અને હડધૂત થયો છું તો તેનો પૂરે પૂરો બદલો લો.)''

''જે માણસ સૌથી પહેલાં બજારમાં આવે છે તેની સાથે શયતાન આવે છે. જે માણસ સૌથી છેલ્લે બજારમાંથી તેની સાથે શયતાન જાય છે. મસ્જીદો એ ખુદાની સૌથી સારી જમીન છે.



https://downloadshiabooks.com/

ખુદાને સૌથી વધારે પસંદ તે માણસ છે જે મસ્જીદમાં સૌથી પહેલાં જાય અને સૌથી પાછળ બહાર નીકળે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસનો કારોબાર બગડી ગયો હોય તેની પાસેથી કોઈ વસ્તું ન ખરીદો. કેમ કે તેનાથી લેવડ-દેવડમાં બરકત રહેતી નથી.''

એ પણ ફરમાવ્યું કે,

''ચેપી રોગ ધરાવતા લોકો સાથે લેવડ-દેવડ ન કરો.''

''જે નવો નવો અમીર થયો હોય તેની સાથે વેપાર ન કરો. પરંતું જેઓ શરૂંથી ધનવાન હોય અને સંપત્તિમાં જ મોટા થયા હોય તેઓની સાથે વેપાર કરો.''

''હલકટ-નીચ લોકો જેઓ ગાળો બલતા હોય, જીભને કાબૂમાં ન રાખતા હોય તેઓ પાસેથી કોઈ વસ્તું ન ખરીદો.''

''જે માણસ કોઈ મોમીનને ધોકો આપે તે અમારામાંથી નથી.''

''હઝરત રસુલેખુદા સ. દૂધમાં પાણી ભેળવવાની સખત મનાઈ કરેલી છે.''

ઈમામ જાફરે સાદિક અ.મે હશામને કહ્યું,

''તું છત નીચે ઓછા અજવાળામાં પોતાનો માલ ન વેચ. કેમ કે ઓછા અજવાળામાં માલની અસલીયતનો ખ્યાલ આવતો નથી. જેથી ગ્રાહકો ધોકો ખાય છે અને ધોકો આપવો એ ઠીક નથી.''

''જે માણસ ખરીદતી વખતે અને વેચતી વખતે પણ કસમો ખાય તો ખુદાતઆલા કયામતના દિવસે તેની તરફ રહેમતની નજરે જોશે નહિ.''



https://downloadshiabooks.com/

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"અગર કોઈ માણસ જેવું ખરીદ કરે તેવું વેચી દે તો તેને રોજી મળી જશે. પરંતું એ મકસદથી માલને રોકી રાખે કે જયારે મોંઘો થશે (ભાવ વધશે) ત્યારે વેચશું તો તે મલઉન છે."

એ પણ ફરમાવ્યું કે,

"અગર કોઈ વેપારી માલ લઈને શહેરમાં આવતો હોય તો તેને આવવા દો. શહેરની બહારથી સોદો ન કરો. શહેરી લોકો લેણ-દેણમાં ગામડીયાઓ માટે દલાલ ન બને. ખુદા તઆલા અમુક મુસલમાનો થકી અમુક લોકોને રોજી પહોંચાડે છે."

ઈમામ જાફરે સાદિક અ. ઈસ્હાક ઈબ્ને અમ્મારને કહ્યું કે,

(૧) તારા દીકરાને શરાફનો ધંધો ન કરવા દે. કેમ કે રૂપિયાની લેવડ-દેવડ કરનાર વ્યાજથી બચી શકતો નથી.

(૨) કફન વેચવાનો ધંધો પણ ન કરવા દે. કેમ કે કફન વેચનાર લોકોના મોતની તમન્ના કરે છે. જેટલા લોકો વધારે મરે છે તેટલો વધારે ખુશ થાય છે.

(૩) ઘઉં-જવ (અનાજ)નો વેપાર પણ ન કરવા દે. અનાજનો વેપાર કરનાર મોંઘા થવાની નિયતથી અનાજની સંગ્રહખોરીથી બચી શકતો નથી.

(૪) કસાલનો ધંધો ન કરવા દે. કસાલનો ધંધો કરનાર પત્થર દિલનો થઈ જાય છે અને પત્થર દિલનો માણસ અલ્લાહની રહેમતથી દૂર છે.

(૫) ગુલામની લે-વેચ ન કરવા દે. કેમ કે સૌથી ખરાબ તે માણસ છે જે માણસોને વેચે.

કોઈએ ઈમામ જાફરે સાદિક અ.ને બાળકોને મહેનતાણું લઈ તાલીમ (ટયુશન) આપવા વિષે સવાલ કર્યો કે,



https://downloadshiabooks.com/

''શું હું પોતાનું મહેનતાણું અગાઉથી નક્કી કરી લઉં?'' હઝરતે કહ્યું,

''હા. કંઈ વાંધો નથી. પરંતું શરત એ છે કે દરેક બાળકને એક સરખા સમજજે. એટલે કે કોઈની વધારે અને કોઈની ઓછી ફીના કારણે કોઈની પર ઓછું  અને કોઈની પર વધારે ધ્યાન ન આપજે.''

હદીસમાં છે કે,

''કુરઆન મજીદ વેચો તો કાગળ અને પૂંઠાને વેચવાની નિયત હોવી જોઈએ. લખાણને વેચવાની નિયત ન હોય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ પૈસા કમાવવાના હેતુથી આખી રાત જાગતો રહે અને પૂરતી ઊંઘ ન લે તો તે કમાણી તેના માટે હરામ છે.''

## પ્રકરણ-૧૩૨
## ખેતી કરવાની ફઝીલત

અલી ઈબ્ને હમ્ઝા જણાવે છે કે,

મેં ઈમામ મુસા કાઝીમ અ.ને પોતાની જમીન જાતે ખેડતા, વાવણી કરતા જોયા. હઝરતના પગ પરસેવાથી રેબઝેબ હતા. હું વિનંતી કરી,

''કુરબાન થાઉં! આપના નોકરો ક્યાં ગયા કે આ કામ આપ જાતે કરી રહ્યા છો?'' હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''હઝરત રસુલેખુદા સ. અને હઝરત અમીરૂલ મોઅમેનીન અ. તથા મારા બભ્ભા જ બાપ દાદાઓ જમીનને પોતાની જાતે ખેડતા. જાતે વાવેતર કરતા હતા. આ તો બધા પયગમ્બરો, તેમના વસીઓ અને તેમની ઉમ્મતના નેક લોકોનો ધંધો છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''ખુદાતઆલા પોતાના પયગમ્બરોની રોજી ખેતી અને દૂધાળા જાનવરોના આંચળમાં નક્કી કરી છે કે જે વરસાદ આકાશમાંથી વરસે તેના એક ટીપાને પણ તેઓ પસંદ કરે.''

હદીસમાં છે કે,

''ખેતીવાડી કરો અને બાગ લગાઓ. (ઝાડ ઊગાડો) ખુદાની કસમ, કોઈ પણ માણસ આનાથી વધારે હલાલ અને પાક ધંધો નથી કરી શકતો. ખુદાની કસમ, દજજાલના આવ્યા પછી પણ તમે લોકો આ ધંધો કરતા રહો.''

ઈમામ ઝયનુલ આબેદીન અ. ફરમાવે છે કે,

''ખેતી સૌથી સારો ધંધો છે. તેનાથી સારા નરસા દરેકને ફાયદો પહોંચે છે. ફર્ક માત્ર એટલો જ છે કે નેક લોકો જે કંઈ ખાય છે તેમનું ખાવું એ તેમના માટે ઈસ્તિગ્ફાર કરે છે. બદ લોકોના ખેરાક તેમના પર લાનત કરે છે. ઘણા જાનવરો અને પક્ષીઓ ખેતીથી રોજી મેળવે છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સૌથી આસાનીથી રોજી ખેતીથી મળે છે. ખેડૂતો બાકી બધા લોકોનો ખજાનો છે. તેઓ જમીન ખેડે છે, વાવણી કરે છે. ખુદા તઆલા તેઓને પાક અને પવિત્ર રોજી આપે છે. કયામતના દિવસે તેઓની જગ્યા અન્ય લોકો કરતાં સારી હશે. તેઓ ખુદાના



https://downloadshiabooks.com/

નજીક રહેવાવાળાઓમાં ગણાશે. તથા તેમને મુબારક નામોથી બોલાવવામાં આવશે.''

ઈમામ જાફરે સાદિક અ. એવા લોકો પાસેથી પસાર થયા જેઓ ખેતરમાં બીજ નાખતા હતા. હઝરતે ફરમાવ્યું,

''બીજ વેરતા રહો. ખુદા તઆલા હવા મારફતે પણ તે ઊગાડી શકે છે જે રીતે પાણીથી ઊગાડે છે.''

એક માણસ અમીરૂલ મોઅમેનીન અ.ની સેવામાં હાજર થયો. તેણે જોયું કે આપ અ. ૩૦ શેર (એક શેર = ૯૦૦ ગ્રામ આશરે)થી વધારે ખજૂરના ઠળીયા ઉપાડીને જઈ રહ્યા છે. તેણે વિનંતી કરી કે,

''આ શું છે?'' આપે ફરમાવ્યું,

''અગર ખુદાને મંજૂર હશે તો આ ખજૂરના એક લાખ ઝાડ છે. પછી આપ તેને પોતાના બાગમાં વાવી દીધા. તે બધા જ ઊગી ગયા. તેમાંથી એક પણ બેકાર ન થયો.''

અબી અમ્ર જણાવે છે કે,

''હું ઈમામ જાફરે સાદિક અ.ને એ હાલતમાં જોયા કે જાડા કપડાં પહેરેલા છે અને પાવડો હાથમાં લઈ પોતે કામ કરી રહ્યા છે. હઝરતની મુબારક પીઠ પરથી પરસેવાના રેલા ઉતરી રહ્યા છે. હું વિનંતી કરી કે, કુરબાન થાઉં! આ પાવડો મને આપો હું કામ કરૂં. હઝરતે ના પાડી અને કહ્યું, મને એ પસંદ છે કે માણસ પોતાની રોજી મેળવવા જાતે તડકાની તકલીફનો અનુંભવ કરે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''છ વસ્તુંઓ એવી છે જેનો ફાયદો મૃત્યું બાદ પણ મોમીનને પહોંચે છે.''

(૧) નેક ઓલાદ, જે તેના માટે ઈસ્તિગ્ફાર કરે,



https://downloadshiabooks.com/

(૨) કુરઆન મજીદ, જેનાથી લોકો તિલાવતનો ફાયદો ઉઠાવતા હોય,

(૩) પોતાની હયાતિમાં બનાવેલો કૂવો,

(૪) પોતે ઊગાડેલા ઝાડ,

(૫) ખોદાવેલી નહેર,

(૬) કોઈ સારો રિવાજ જે તેના મૃત્યું બાદ લોકો તેને અનુસરી ફાયદો ઉઠાવતા હોય.

## પ્રકરણ-૧૩૩
## ખેતી કરવાના આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જયારે હઝરત આદમ અ. ધરતી પર આવ્યા તો ખાવા-પીવાના મોહતાજ બની ગયા. તેમણે હઝરત જીબ્રઈલને ફરિયાદ કરી. તેઓ કહ્યું, ખેતી કરો. હઝરત આદમ અ. કહ્યું કે, મને કોઈ દુઆ શીખવાડો."

હઝરત જીબ્રઈલે તેમને આ દુઆ શીખવાડી.

**"હે અલ્લાહ! દુનિયાની મારી રોજીંદી જરૂરિયાતોથી મને છૂટકારો આપ, મને મકરૂહ વસ્તુંઓથી રક્ષણમાં રાખ કે જેથી દુન્યવી જીંદગી આસાન થાય."**

ઈમામ અ. મે ફરમાવેલ છે કે,

"છોડ ઊગાડતી વખતે કે બીજ નાખતી વખતે જે જે દાણા પર આ મુજબ પઢશે, મૃત્યું પછી જીવતો કરનાર! અને સૌના



https://downloadshiabooks.com/

પછી હયાત રહેનાર તું પાકો પાકિઝા છે. તો ઈન્શા અલ્લાહ એક પણ છોડ કે બીજ નાશ નહિ પામે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''અગર કોઈ ચાહે કે ખજૂરના ઝાડ ફળદ્રુપ થાય અને ખજૂર પણ સારી આવે, તો નાની નાની સૂકી માછલીઓને કૂટીને અધકચરી બનાવે. દરેક છોડના મૂળમાં થોડી થોડી નાખે. બાકીની એક પાક થેલીમાં ભરીને ખજૂરોના ઝાડોના વચ્ચે રાખી દે.''

''ખજૂરના ઝાડોને કાપો નહિ, એવું ન બને કે તમારા પર કોઈ કુદરતી આફત આવે.''

ઈમામ રઝા અ.ને લોકોએ પૂછ્યું કે,

''બોરડીના ઝાડને કાપી શકાય?'' ઈમામે જવાબમાં ફરમાવ્યું,

''મારા પિતાએ બોરડીના ઝાડને કાપી તેની જગ્યાએ દ્રાક્ષના વેલા લગાવ્યા હતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જનાબ ઈસા પયગમ્બર એક એવા શહેર પરથી પસાર થયા જ્યાં ફળ-ફળાદીમાં અતિશય કીડા પડતા હતા. શહેરના લોકો હઝરત ઈસા એને આ વાતની ફરિયાદ કરી.'' હઝરતે ફરમાવ્યું,

''જયારે તમે છોડ ઊગાડો છો તો તેના ખાડામાં પહેલાં માટી નાખો છો પછી પાણી આપો છો. તેના લીધે ફળોમાં કીડા પડે છે. હવેથી પહેલાં પાણી આપો. પછી માટી નાખો.'' લોકોએ આ મુજબ કર્યું, તો ફળોમાં કીડા પડવા બંધ થઈ ગયા.

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

"જે માણસ બોરના ઝાડને પાણી આપે તો એવું છે જાણે કોઈ તરસ્યા મોમીનને પાણી પાયું."

એ પણ ફરમાવ્યું કે,

"ખુદાતઆલા જેટલા ઝાડ ઊગાડ્યા હતા તે બધા જ ફળ આપતા હતા. દરેક ફળ ખાવા લાયક હતા. પરંતું જયારે લોકો ખુદાને ત્યાં પુત્ર અવતરવાની વાતને માનવા લાગ્યા ત્યારથી અડધા ઝાડોના ફળ જતા રહ્યા. કાંટાવાળા ઝાડ થવાનું કારણ એ છે કે, લોકોએ ખુદા સિવાય અન્યને ખુદા માનવા લાગ્યા. એટલે કે લોકોએ શીર્ક કરવાનું શરું કર્યું. (ખુદાને ભાગીદાર બનાવી દીધો) એટલે કે અસલ ખુદાને બાજુએ રાખી સૃષ્ટિની પૂજા કરવા લાગ્યા."


# નમાઝે શબ

**ફઝીલત અને ફાયદા**

**નમાઝે શબ કુરઆનની દ્રષ્ટિએ, નમાઝે શબ હદીસોની**
**રોશનીમાં નમાઝે શબ ઈતિહાસની નજરે,**
**અલ્લાહ તરફથી નમાઝે શબ પઢવાની તૌફિક,**
**નમાઝે શબ ન પઢવાથી થતી અસરો**
**નમાઝે શબની તૌફિક થાય તે માટે શું કરશો?**
**નમાઝે શબનો સમય, રીત**
**દુઆએ હઝીન**
**દુઆએ સન્મય કુરૈશ અને તેની ફઝીલત**
**ક્રાઉન સાઈઝ, પાના-૯૬, આકર્ષક ટાઈટલ પેજ,**
**દરેક ઘરમાં વસાવવા જેવી અમૂલ્ય કિતાબ**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા**

**મો.૯૮૯૮૩૬૯૦૮૯**




https://downloadshiabooks.com/

# વિભાગ-૧૪: સફરના આદાબ

૧૩૪. સફર માટે નેક-બદ દિવસો
૧૩૫. સફર માટે સદકો અને ખેરાત
૧૩૬. સફર સમયે ગુસ્લ, નમાઝ અને દુઆઓ
૧૩૭. સફરની રવાનગીના આદાબ
૧૩૮. સફરનું ભાથું
૧૩૯. સફરના સાથી
૧૪૦. સફરના અન્ય આદાબ
૧૪૧. પગપાળા સફરના આદાબ
૧૪૨. સફરમાં પઢવાની દુઆઓ
૧૪૩. સમુદ્રમાં સફર કરવાના આદાબ
૧૪૪. સફરથી પરત ફરનાર સાથે વર્તન
૧૪૫. કેટલીક જરૂરી નસીહતો

*—: પ્રકાશક :—*

**Zainabiyah Islamic Library**

**Meta-385520, North Gujarat (India).**

**Ph: 91-2739-286054 Cell: 91- 98983 69089**

**mohak_110@yahoo.co.in**



https://downloadshiabooks.com/

# વિભાગ-૧૪ સફરના આદાબ

## પ્રકરણ-૧૩૪

## સફર માટે નેક-બદ દિવસો

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"હિકમતે આલે દાઉદ અ.માં લખ્યું કે સફર ત્રણ કારણોસર કરવી જોઈએ."

(૧) આખેરતનું ભાથું મેળવવા,

(૨) ધંધાના કામમાં ઈસ્લાહ થાય તે માટે,

(૩) હરવા-ફરવા માટે જયારે કે તે હરામ ન હોય.

વધુંમાં કહ્યું કે,

"સફર કરો કે તમને તંદુરસ્તી મળે, જેહાદ કરો કે તમને દીન અને દુન્યાનો માલ મળે, હજ કરો જેથી ધનવાન થઈ જાઓ અને કોઈના મોહતાજ ન રહો."

હદીસમાં છે કે,

"સફર એક મુશ્કિલ કામ છે. તેથી જે કામ માટે ગયા હોય તે પૂરૂં થઈ જાય કે તરત જ પાછા ફરી પોતાના બાલબચ્ચાઓ પાસે આવી જાઓ."

એક માણસ ઈમામ મુસા કાઝીમ અ.ને વિનંતી કરી કે,

"હું સફરમાં જવા ઈચ્છું છું. મારા માટે દુઆ કરો." હઝરતે કહ્યું,

"તું કયા દિવસે જઈશ?" તેણે વિનંતી કરી કે હું સોમવારે જઈશ. કારણ કે આ પવિત્ર દિવસે હઝરત રસુલેખુદા સ.નો જન્મ થયો છે." હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

"જેઓ આ મુજબ કહે છે તે જૂઠા છે. હ.રસુલેખુદા સ.નો જન્મ શુક્રવારે થયો હતો. સોમવાર જેવો કોઈ ખરાબ નથી. સોમવારે હ.રસુલેખુદા સ.ની વફાત થઈ હતી, તે દિવસે અમો અહલેબૈત અ.ના ઘેર આસમાની વહી આવવાનું બંધ થયું હતું, તે જ દિવસે અમો અહલેબૈત અ.નો હક છીનવી લેવામાં આવ્યો. શું તું ચાહે છે કે તને મુશ્કેલીઓ આસાન થવાનો એવો દિવસ બતાવું જે દિવસે ખુદા તઆલાએ લોખંડને હઝરત દાઉદ અ. માટે નરમ કરી દીધું?" તેણે કહ્યું,

"હા ફરઝંદે રસુલ સ.!

હઝરતે કહ્યું, "તે દિવસ મંગળવાર છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસ સફરનો ઈરાદો રાખે તેણે શનિવારે સફરે જવું જોઈએ. કેમ કે અગર પહાડથી પત્થર પણ હટી જશે તો ખુદા તઆલા તેને જરૂરથી તે જગ્યાએ પાછો લાવી દેશે. કોઈ કામ મુશ્કેલ જણાતું હોય તો મંગળવારે સફર કરે. કેમ કે તે દિવસે હ.દાઉદ અ. માટે લોખંડને નરમ કરવામાં આવ્યું છે."

હદીસમાં છે કે,

"હઝરત રસુલેખુદા સ. ગુરૂવારે સફર કરતા હતા. ખુદાને, હઝરત રસુલેખુદા સ.ને તથા ફરિશ્તાઓને ગુરૂવારનો દિવસ પસંદ છે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"શુક્રવારે સવારે સફર માટે નીકળવું અને દુનિયાની હાજતો માટે કોશીશ કરવી એ મકરૂહ છે એટલા માટે કે નમાઝે જુમ્આ રહી ન જાય. પરંતું નમાઝે જુમ્આ બાદ બરકત માટે દરેક કામ કરવા સારા છે."



https://downloadshiabooks.com/

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

"વિંછુડાના દિવસોમાં સફર અથવા શાદી કરે તો પરિણામ સારૂં આવતું નથી."

## પ્રકરણ-૧૩૫
## સફર માટે સદકા અને ખેરાત

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"સદકો આપી દો, પછી જે સમયે ચાહો તે સમયે સફર કરો."

લોકોએ ઈમામને પૂછ્યું,

"બુધવાર જેવા અશુભ દિવસે સફર કરવી મકરૂહ છે?" હઝરતે ફરમાવ્યું,

"સફર શરૂં કરતી વખતે સદકો આપી દો. પછી જે સમયે ચાહો તે મયે સફર કરો."

ઈબ્ને અબી અમીર જણાવે છે કે,

"મને સિતારાઓનું જ્ઞાન હતું. સિતારાઓના ઉદય વિષે પણ હું જાણતો હતો. મારા દિલમાં એ વાત ખૂંચતી હતી કે ખાસ ખાસ સમયે ખાસ ખાસ કામો કરવા જોઈએ. અંતે આના ખુલાસા માટે હું ઈમામ મુસા કાઝીમ અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી." હઝરતે ફરમાવ્યું,

"જયારે તારા દિલમાં કોઈ કામ કરવાનો વિચાર આવે, તેના પછી જે પહેલો ગરીબ માણસ મળે તેને અમુક સદકો આપી દો.



https://downloadshiabooks.com/

પછી તે કામ માટે નીકળ. ખુદાતઆલા તને નુકશાનથી બચાવશે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ સવારે જે કંઈ સદકો આપે છે, ખુદાતઆલા તે દિવસની નહુસત તેનાથી દૂર કરી દે છે.''

''ઈમામ ઝયનુલ આબેદીન અ. જયારે પોતાની વાડીમાં જવાનો ઈરાદો કરતા તો સલામતી માટે રાહેખુદામાં કંઈક ખેરાત કરતા હતા. આ સદકો આપ અ. ઘોડા પર સવાર થવાની તૈયારી કરતા તે સમયે આપતા. જયારે હઝરત ખુદાની મહેરબાનીથી સલામત પાછા ફરતા ત્યારે ખુદાનો આભાર માનતા. તથા જે કંઈ હાજર હોય તે સદકામાં આપી દેતા હતા.''

જનાબ અબ્દુલ મલીક ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં અરજ કરી કે,

''હું જયોતિષમાં સપડાઈ ગયો છું. જયારે કોઈ કામ માટે જવા ચાહું છું ત્યારે ભાગ્ય રેખાઓ જોઉં છું. જો તેમાં કોઈ અશુભ દેખાય તો જવાનું માંડી વાળું છું. અગર તેમાં કોઈ ભલાઈ દેખાય તો નીકળી પડું છું.''હઝરતે પૂછયું,

''શું જયોતિષના જ્ઞાનથી તું એ નક્કી કરી લે છે કે તારૂં કામ થઈ જ જશે?'' તેણે કહ્યું,

''હા, યબ્ન રસુલીલ્લાહ! એવું જ થાય છે.'' હઝરતે કહ્યું,

''તારા જયોતિષનું પુસ્તક સળગાવી દે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''નીચેના સાત પ્રસંગો મુસાફરી શરૂં કરવાના સમયે બને તો મુસાફરી મનહુસ(અશુભ) ગણાય છે.''

(૧) કાગડાનું જમણી તરફ બોલવું,



https://downloadshiabooks.com/

(૨) પૂંછડી ઊંચી કરીને કૂતરાનું સામે મળવું,

(૩) પૂંછડી પર બેઠેલ વરૂં મુસાફરને જોઈને ભોંકે અને ત્રણવાર ઊંચું નીચું થાય,

(૪) હરણનું જમણી બાજુંથી ડાબી બાજું તરફ જવું,

(૫) ઘુંવડનું બોલવું,

(૬) સફેદ વાળવાળી ડોશીમાનું સામે મળવું,

(૭) કાન કપાએલા ગધેડાનું સામે મળવું.

''જયારે કોઈ મુસાફરની સામે ઉપરોક્ત બનાવોમાંથી કોઈ બનાવ બને અન તેના દિલમાં કોઈ ડર કે વહેમ પેદા થાય તો આ દુઆ પઢે.''

**'એઅતસીમ્તો બેક યા રબ્બે મીન શર્રે મા અજેદો ફી નફ્સી ફઅસીમ્ની ઝાલેક.'**

(હે પરવરદિગાર! જે ભય મારા દિલમાં છે તેની બૂરાઈથી ડરીને તારાથી રક્ષણ ચાહું છું. બસ, તું મને તેનાથી બચાવી લે.)

પછી તેને કોઈ તકલીફ પહોંચશે નહિ.

## પ્રકરણ-૧૩૬

## સફર સમયે ગુસ્લ, નમાઝ અને દુઆઓ

સૈયદ ઈબ્ને તાઉસ જણાવે છે કે,

''જયારે કોઈ માણસ સફરનો ઈરાદ કરે તો સુન્નત છે કે રવાના થતાં પહેલાં ગુસ્લ કરે. અલ્લાહ પાસે ભલાઈ માટે દુઆ કરે.''



https://downloadshiabooks.com/

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"માણસ સફરમાં જતી વેળાએ પોતાના બાલ-બચ્ચાઓની દેખભાળ કોઈને હવાલે કરતો હોય તો તેમાં સૌથી સારૂં એ છે કે રવાના થતી વખતે બે રકાત નમાઝ પઢીને આ દુઆ પઢે."

**'અલ્લાહુમ્મ ઈન્ની ઈસ્તવ્દેઓક નફ્સી વ અહલી વ માલી વ ઝુર્રીયતી વ દુન્યાય વ આખેરતી અમાનતી વ ખાતેમત અમલી.'**

(હે અલ્લાહ! હું પોતાની જાન, કુટુંબીજનો, માલ, ઓલાદ, દુન્યા, આખેરત, અમાનત અને કામકાજ તારા હવાલે કરૂં છું.)

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"જે માણસ સફર કરવાનો ઈરાદો હોય તે પોતાના ઘરના દરવાજા પર ઊભો રહે અને જે તરફ સફર કરવાની હોય તે તરફ મોં કરી સુરએ હમ્દ અને આયતુલ કુરસી પઢે. પોતાની ડાબી અને જમણી તરફ પણ તે મુજબ પઢે. ત્યાર પછી આ દુઆ પઢે,"

**'હે અલ્લાહ! મારી જાન-માલને હિફાઝતમાં રાખ, દરેકને સલામત રાખ અને ઘણી સારી રીતે પહોંચાડી દે.'**

આ મુજબ પઢનારને તથા તેની સાથેના બધા જ માણસોને અને માલ-સામાનને ખુદા સલામત રાખશે. સલામત રીતે મંઝિલ સુધી પહોંચાડશે.

**"જે કોઈ ખુદાની ખુશી માટે મોમીનભાઈ સાથે દોસ્તી કરશે, તેને જન્નતમાં એક ઘર મળશે."**
**(ઈમામ રઝા અ.)**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૩૭
# સફરની રવાનગીના આદાબ

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જે માણસ એમ ઈચ્છતો હોય કે સફરનો રસ્તો જલદી કપાય તો કડવી બદામનો જેડીયો હાથમાં રાખે.''

અન્ય એક હદીસમાં ફરમાવ્યું કે,

હઝરત આદમ અ. સખત બીમારીમાં સપડાયા અને ગભરાઈ ગયા. તેથી જનાબે જીબ્રઈલ અ. કહ્યું,

''તમે કડવી બદામની એક ડાળી તોડીને પોતાની છાતીથી લગાવો.'' તેઓ આ રીતે કર્યું તો તેઓનો ગભરાટ દૂર થઈ ગયો.

''સફરમાં જવા પહેલાં ઈમામ હુસૈન અ.ની કબરની માટી (ખાકેશીફા)ની તસ્બીહ અને સજદાગાહ સાથે રાખે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ પોતાના ઘેરથી અમામો બાંધીને નીકળશે તો હું એ વાતનો જામીન છું કે તે સહી સલામત પોતાના બાલ-બચાઓ પાસે પાછો ફરશે.''

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જે માણસ સફરનો ઈરાદો કરે તો નીકળવાના સમયે અમામો બાંધે અને અમામાનો એક છેડો હડપચીની નીચે લાવી બાંધી દે તો હું એ વાતનો જામીન છું કે તેને ચોરીનો, પાણીમાં ડૂબી જવાનો અને આગથી સળગવાનો કોઈ પણ ભય રહેશે નહિ.''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''જે માણસ શનિવારના દિવસે સફર કરે, સફેદ અમામો માથા પર હોય અને તહતુલહનક બાંધેલ હોય તો જો એક પહાડને ઉખેડીને ફેંકી દેવાની નિયતથી ગયો હોય તો પણ ઈરાદો જરૂર પૂરો થશે.''

હઝરત લુકમાન અ. પોતાના દિકરાને નસીહત કરી કે,

''હે બેટા! તું જયારે સફર માટે જાય તો તલવાર, કમાન, ઘોડો, મોજા, અમામો, દોરી, પાણીની મશક, સોય-દોરો, દવાઓ કે જે તને અને તારા સાથીઓને જરૂરત પડતી હોય તે બધી જ સાથે લઈ જજે.''

''હઝરત રસુલેખુદા સ. સફરમાં જતા ત્યારે તેલની શીશી, સુરમાદાની, કાતર, અરીસો, દાતણ, સોય-દોરો, દોરી, સોયો, બૂટની દોરી સાથે લઈ જતા હતા.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ સુરએ અબસને સફેદ કાગળ પર લખીને પોતાની સાથે રાખે તો જે રસ્તે સફર કરશે તે રસ્તામાં તેને ભલાઈ સિવાય કોઈ વસ્તું નહિ મળે. તથા રસ્તાની દરેક બૂરાઈઓથી રક્ષણમાં રહેશે.''

**''જે માણસ મોમીનભાઈની એક હાજત પૂરી કરશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની એક લાખ હાજતો પૂરી કરશે. જેમાંથી એક તો જન્નત છે. બીજું એ કે તે પોતાના સગાવહાલાઓ અને દોસ્તોને પણ જન્નતમાં લઈ જશે. શરત એ કે તે નાસબી ન હોય.''** **ઈમામ જાફરે સાદિક અ.**



https://downloadshiabooks.com/

# પ્રકરણ-૧૩૮
# સફરનું ભાથું

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સફરમાં જાઓ તો દસ્તરખાન પોતાની સાથે લો. તથા રસ્તા માટે ઉમદા પકવાનો સાથે ભાથું પણ તૈયાર કરાવી રાખી લો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''સફરમાં સાથે ભાથું લઈ જવામાં આવે તો માણસની ઈજ્જત વધે છે.''

''ઈમામ ઝયનુલ આબેદીન અ. જયારે હજ યા ઉમરા માટે જતા તો સાથે ઉમદા પકવાનો લઈ જતા હતા.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સફર માટે જે ભાથું લઈ જવામાં આવે તેમાં રોટલી જરૂર લેવામાં આવે. તેનાથી બરકતમાં વધારો થાય છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મેં સાંભળ્યું છે કે ઘણા લોકો એવા છે જેઓ ઈમામ હુસૈન અ.ની કબર મુબારકની ઝિયારતના માટે જાય છે તો ઉમદા પકવાન સાથે લઈ જાય છે. પરંતું પોતાના દોસ્તોની કબરો પર ફાતેહાખાની માટે જાય છે તો આવું નથી કરતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ખુદાની નજરમાં ખર્ચ કરવાનો સૌથી શ્રેષ્ઠ રસ્તો મધ્યમ પ્રમાણમાં ખર્ચ કરવું તે છે. એટલે કે ફુઝુલ ખર્ચને ખુદા પસંદ નથી કરતો. હજ-ઉમરાહ માટે ખર્ચ કરવામાં વાંધો નથી.''



https://downloadshiabooks.com/

સફવાન ઈમામ જાફરે સાદિક અ.ને પૂછ્યું,

''હું મારા બાલ-બચ્ચાઓને હજમાં સાથે લઈ જાઉં છું. તેઓનો ખર્ચ હું કરૂં છું.'' હઝરતે કહ્યું,

''સારૂં છે. મારા માતા-પિતા કહેતા કે મુસાફરની તાકાત તેમાં છે કે પોતાના ખર્ચને સાચવીને રાખે.''

## પ્રકરણ-૧૩૯
## સફરના સાથી

હઝરત રસુલેખુદા સ. હઝરત અમીરૂલ મોઅમેનીન અ.ને વસીયત કરી કે,

''હે અલી! સફરમાં એકલા કયારેય ન જાઓ. કેમ કે શયતાન એક માણસની સાથે જરૂર હોય છે. અગર બે માણસો સાથે સફર કરે તો શયતાન તેનાથી દૂર દૂર રહે છે. હે અલી! જે માણસ એકલો સફર કરે છે તે ગુમરાહ (રાહ ભટકેલો) છે. બે મળીને જાય તો બે ગુમરાહ છે. પરંતું ત્રણ સાથે મળીને જાય તો તે મુસાફર છે.''

એક માણસ ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થયો. હઝરતે તેને પૂછ્યું,

''રસ્તામાં તારી સાથે કોણ હતું?'' તેણે કહ્યું,

''હું એકલો હતો.'' હઝરતે ફરમાવ્યું,

''જો સફર પહેલાં તારી મુલાકાત મને થઈ હોત તો હું તને સફરના આદાબ શીખવાડત.'' પછી કહ્યું,



https://downloadshiabooks.com/

''એકલો સફર કરનાર શયતાન છે. બે મળીને સફર કરનાર બે શયતાન છે. ત્રણ સાથે મળીને જનાર સાથી છે. ચાર સાથે જનાર દોસ્ત છે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ખુદાની નજરમાં ચાર સાથીઓ હોવા શ્રેષ્ઠ છે. જે કાફલામાં સાતથી વધારે સાથીઓ હોય છે, તેમાં બૂમ બરાડા વધારે હશે.''

એ પણ ફરમાવ્યું કે,

''બેહતર એ છે કે સફરના સાથીઓ, દોસ્તો પોતાનો ખર્ચ પહેલાથી જ પોતાના પાસેથી કાઢી બીજાઓની સામે રાખી દે. તેનાથી આપસમાં મોહબ્બત વધે છે અને અખ્લાકીઓમાં તેની ગણતરી થાય છે.''

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''જેટલો આદર તમે તમારા હમસફરને આપતા હો તેટલો આદર તે તમને ન આપતો હોય તો તેવા માણસ સાથે સફર ન કરો.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સફર એવા માણસ સાથે કરો જેનાથી તમારી ઝીનત(મોભો) વધે. એવા માણસને સાથી ન બનાવો જેની તમે ઝીનતનું કારણ બનો.''

શહાબ જણાવે છે કે,

હું ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ મારી અમીરાઈ વિષે અને મોમીન ભાઈઓ સાથે કેવું વર્તન કરૂં છું તે બાબતે જણાવતાં કહ્યું કે,



https://downloadshiabooks.com/

''મોમીન ભાઈઓ જેઓ મક્કાની સફરના મારા સાથીઓ હોય છે તેઓ માટે હું ખૂબ જ ખર્ચ કરૂંછું. ઉદાર દિલથી તેમને ખવરાવું-પીવરાવું છું.''હઝરતે કહ્યું,

''શહાબ એવું ન કરો. જેવી રીતે તું દિલ ખોલીને ખર્ચ કરે છે એવું જ જો તેઓ કરે તો તેઓને નુકશાન થશે. ભવિષ્યમાં તેઓને ગરીબી અને મુસીબતોનો સામનો કરવો પડશે. જો તું જ ખર્ચ કર્યા કરે અને તેઓ ખર્ચ ન કરે તો આ તેઓની બેઈજજતીનું કારણ બની શકે. તેથી સફર એવા સાથે કરો જે પૈસે ટકે અને સમજદારી (હોંશિયારી)માં બરાબર હોય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મુસાફરનો તેના સાથીઓ પરનો હક એ છે કે જો તે રસ્તામાં બીમાર થઈ જાય તો ત્રણ દિવસ તેના માટે રોકાઈ જાય.''

લોકોએ ઈમામ મોહંમદ બાકિર અ.ને સવાલ કર્યો કે,

''ઘણા માણસો એક સાથે સફર કરતા હોય તેમાંથી એક ધનવાન હોય અને બીજા ગરીબ હોય હોય તો શું તે ધનિક ગરીબોનો ખર્ચ ઉપાડી શકે છે?'' હઝરતે ફરમાવ્યું,

''જો તે રાજી હોય તો વાંધો નથી.''

લોકોએ ઈમામ જાફરે સાદિક અ.ને સવાલ કર્યો કે,

''એક માણસ ધનિક લોકો સાથે સફર કરે છે. તેની હેસિયત તે ધનિક લોકો કરતાં ઓછી છે. તેઓ સૌ પોત પોતાનો ખર્ચ કરે છે. આ માણસ તેઓના જેટલો ખર્ચ નથી કરી શકતો. તો આ બાબતમાં તમારી શું સલાહ છે?'' હઝરતે ફરમાવ્યું,



https://downloadshiabooks.com/

''હું એ વાતને પસંદ નથી કરતો કે તે માણસ ધનિકો સાથે સફર કરીને પોતાને અપમાનિત કરે. તેણે પોતાનો જેવો જ સાથી શોધી લેવો જોઈએ.''

હદીસમાં છે કે,

''જે લોકો પોતાના સફરના સાથી સાથે સદ્ વર્તન અને દોસ્તો સાથે ભલાઈ ન કરે તો તેઓ તથા જે કોઈનું નમક ખાઈને તેના નમકનો હક અદા ન કરે તે ન અમારો છે અને ન તો અમે તેઓના છીએ.''

## પ્રકરણ-૧૪૦

## સફરના અન્ય આદાબ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

જનાબ લુકમાન અ. પોતાના દિકરાને નસીહત કરી કે,

''જયારે તું લોકોની સાથે સફરમાં જાય તો તારા કામકાજ માટે તેઓ સાથે સલાહ-મશવેરો કર, તેમની સાથે હળી મળીને રહે, હસતો-બોલતો રહે, આપસમાં ખર્ચ કરતી વખતે સખાવતથી કામ લે, તને જમવા માટે આમંત્રિત કરે તો તેને કબૂલ કર, જો તારાથી મદદ માગે તો તું મદદ કર.''

નીચેના ત્રણ કામમાં સૌથી આગળ રહેજે.

(૧) ચૂપકીદી ભારણ કરવામાં,

(૨) વધારે નમાઝ પઢવામાં,

(૩) તારી પાસે જે કંઈ છે તેની સખાવત કરવામાં.



https://downloadshiabooks.com/

''એટલે કે સવારી, માલ અથવા ખાવા-પીવાની ચીજ વસ્તુંઓ હોય તો તેની સખાવત કરવામાં તું આગળ રહેજે, સાચા કામમાં તારી સાક્ષી માગે તો તું સાક્ષી આપજે, જો તારી સલાહ માગે તો સૌથી શ્રેષ્ઠ સલાહ આપજે, સલાહ આપવામાં ઉતાવળ ના કરજે, તું બુધ્ધિપૂર્વક વિચારી ન લે ત્યાં સુધી સલાહ ન આપ, તારાથી જે બાબતે સલાહ માગી હોય તે બાબતે બેસીને વિચાર કર, કલામે પાકની તિલાવત કરીને વિચાર કર, નમાઝનો સમય હોય તો નમાઝ પઢીને વિચાર કર, ટૂંકમાં સલાહ આપવામાં ઉતાવળ ન કર. પરંતું પોતાની અક્કલ અને હોંશિયારીને કામે લગાડ. કેમ કે જો કોઈ માણસ સલાહ માગે અને ખુદાએ આપેલી અક્કલ અને હોંશિયારી મુજબ સારામાં સારી સલાહ ન આપવામાં આવે તો ખુદા પાક તેની અક્કલ અને હોંશિયારીને છીનવી લે છે. ખુદા પોતાની અમાનત પાછી લઈ લે છે.''

''જયારે તું જૂએ કે તારો સાથી પગપાળા ચાલે છે તો તું પણ પગપાળા ચાલવાનું શરૂં કર, જો કોઈને કામ કરતા જૂએ તો તું પણ તેમની સાથે કામમાં લાગી જા, જો તે લોકો ખયરાત કરે યા કરજ આપે તો તું પણ તેમાં ભાગ લે, જો તારાથી ઉંમરમાં મોટા હોય તો તેમની ઉચિત વાતોને માની લે, જો તારો સાથી કોઈ કામ બતાવે યા કોઈ વસ્તું માગે તો બને ત્યાં સુધી તેનો ઈન્કાર ન કર. કેમ કે આવા સમયે ઈન્કાર કરવો એ ઠીક નથી.''

''જયારે તમે રસ્તો ભૂલી જાઓ અને મુશ્કેલીમાં આવી પડો તો ત્યાં જ થોભી જાઓ, જો રસ્તામાં શક હોય તો એક બીજાથી સલાહ મશવેરો કરો અને સારા મશ્વેરા મુજબ વર્તો, જો કલઈ એકલ દોકલ માણસ સામે મળે તો તેને રસ્તો ન પૂછો, કારણ કે નિર્જન જગ્યાએ એકલ-દોકલ માણસનું હોવું એ શંકા ઉપજાવે



https://downloadshiabooks.com/

છે. એવું પણ બની શકે કે તેઓ લૂંટ-ફાટ ટોળકીના જાસુસ પણ હોઈ શકે, અથવા કોઈ તમને હેરાન કરવા ઈચ્છતો હોય, બે માણસો હોય તો તેનાથી પણ બચો, સિવાય કે તેમનામાં કોઈ સારા ચિહ્નો નજરમાં આવે. અક્કલમંદ માણસ પોતાની અનુંભવી આંખોથી જે કંઈ જૂએ છે તેને સાચું-ખોટું પારખી શકે છે.''

''હે બેટા! જયારે નમાઝનો સમય આવે તો નમાઝ પઢવામાં ઢીલ ન કર, તરત જ નમાઝ પઢી લે. કેમ કે નમાઝ એ વાજીબ છે. તું જેટલી જલદી બજાવી લાવીશ તેટલો હળવો થઈ જઈશ. નમાઝને જમાત સાથે પઢ. ચાહે ભાલાઓની વચ્ચે જ કેમ ન હોય.''

''નિયત સ્થળે પહોંચી જાઓ તો સવારી પરથી ઉતરી જા. પોતાના ખાવા-પીવાના બંદોબસ્ત પહેલાં જાનવરના ઘાસ-ચારાની વ્યવસ્થા કર, જે જગ્યાએ ઉતરવાનું હોય તે એવી જગ્યા હોય જે જોવાથી આંખોને ગમે. ત્યાંની માટી નરમ હોય, તેમાં ઘાસ વધારે ઊંગતું હોય. નિયત સ્થળે ઉતરીને આરામ કરતાં પહેલાં બે રકાત નમાઝ પઢી લો. કુદરતી હાજતે જવાનું થાય તો કાફલાથી બહુ દૂર જાઓ, આ જગ્યા છોડતી વખતે બે રકાત નમાઝ પઢી લો. ત્યાર પછી તે જમીનને વિદાય આપો. તે જમીનના રહેવાસીઓને સલામ કરો. કેમ કે જમીનનો કોઈ એવો ભાગ નથી જયાં ફરિશ્તાઓ રહેતા ન હોય. જો શક્ય હોય તો કોઈ વસ્તું ખાતાં પહેલાં તેમાંથી થોડોક સદકો આપો. જયાં સુધી જાનવર પર સવાર હો કુરઆન મજીદની તિલાવત કરતો રહે, કોઈ કામે લાગી જાય તો ખુદાને યાદ કર, જેટલો સમય ફૂરસદ મળે દુઆ માગ્યા કર, રાતના પહેલા ભાગમાં કયારેય ન ઊંઘ,



https://downloadshiabooks.com/

પરંતું આરામ માટે થોભી જા, પાછલી અડધી રાતમાં ચાલવામાં કોઈ વાંધો નથી. રસ્તામાં બૂમો ન પાડ.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''નીચેની વાતો સફરના આદાબમાં ગણાય છે.

(૧) રસ્તામાં ખર્ચ માટે વધું રકમ સાથે લેવી,

(૨) ઉમદા ભાથું સાથે લેવું, જે બધા સાથીઓ સાથે મળીને ખાવુ, દોસ્તોથી અલગ થયા પછી તેમના ભેદની વાતો તમે જે જાણતા હોવ તે છૂપાવવી, જે વાતો ખુદાની નારાજગીનું કારણ ન હોય તેમાં વધારે ખુશી જાહેર કરવી.''

એ પણ ફરમાવ્યું કે,

''સફરમાં કોઈનાથી ગેરવર્તણૂંક થઈ ગઈ હોય તો તેને બધાની આગળ કહેતા ફરવું એ માણસાઈ નથી.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જે કોઈ મોમીન મુસાફરની મદદ કરશે તો ખુદા તઆલા ગમ અને પરેશાનીથી છૂટકારા સિવાયની દુનિયાની સખતમાં સખત ૭૩ બલાઓ તેનાથી દૂર કરશે. એ પણ એવા સમયે કે કયામતના ડરથી લોકોના શ્વાસ અધ્ધર હશે. આખેરતની ૭૦ બલાઓ પણ તેનાથી દૂર થશે.''

**''જે માણસ કોઈ ધનવાન સામે જઈ આજીજી કરે, તેનો બે તૃતિયાંશ (૨/૩) દીન ખતમ થઈ જાય છે.''**

**(હ.અલી અ.)**



https://downloadshiabooks.com/

## પ્રકરણ-૧૪૧
## પગપાળા સફરના આદાબ

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''પગપાળા ચાલવાથી થાકી જાઓ તો ઝડપથી ચાલો. (ચાલવાની ઝડપ વધારો) તેનાથી થાક દૂર થઈ જાય છે. કમર અને પેટ બાંધી લો જેથી પગપાળા ચાલવામાં આસાની થાય.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''સફરમાં સવારે અને અસરના સમયે ચાલવું જોઈએ. પાછલી રાતમાં રસ્તો ઝડપથી કપાય છે. જાણે કે જમીન સંકોચાઈ ગઈ હોય. અમીરૂલ મોઅમેનીન અ. સફર માટે જતા તો રાતના છેલ્લા ભાગમાં રવાના થતા હતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''રાત્રે પડાવ નાખવો પડે તો ન રસ્તા પર પડાવ નાખો, ન કોઈ દરિયા કિનારે પડાવ નાખો કે ન નદીના વહેવાની જગ્યાએ પડાવ નાખો. કેમ કે આ જગ્યાઓ પ્રાણીઓ અને સાપોને હરવા-ફરવા માટેની છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''નદીઓની વહેવાની જગ્યાએ ન ઉતરો, કદાચ વાવાઝોડું આવે અને તમોને નુકશાન પહોંચે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''ખુદા તઆલા હમદર્દીને પસંદ કરે છે, હમદર્દને મદદ કરે છે. તેથી સવારીના જાનવર કમજોર હોય તો દરેક પડાવ પર ઉતરતા જાઓ, જો રસ્તામાં જંગલ હોય અને ઘાસ ન હોય તો



https://downloadshiabooks.com/

ત્યાંથી જલદી પસાર થાઓ. જયાં ઘાસ વધારે હોય ત્યાં થોડીક થોડીક વારમાં પડાવ નાખો.''

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

''અગર સૂકી જમીન (રણ પ્રદેશ)માં જયાં ઘાસ ન હોય અને સફર કરવી પડે તો તેજ ગતિથી સફર કરો. એવી જમીન હોય જયાં પાણી અને ઘાસચારો મોટા પ્રમાણમાં હોય તો ત્યાં સવારીના જાનવરોની સાથે હમદર્દીથી વર્તો અને ધીમે ચાલો.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''જયાં રસ્તો ભૂલી જાઓ ત્યાં જમણી તરફના રસ્તે ચાલો.''

અમીરૂલ મોઅમેનીન અલી અ. ફરમાવે છે કે,

''અગર કોઈ માણસ સફરમાં રસ્તો ભૂલી જાય તો યા સાલેહો અગીસ્ની અવાજથી કહેવું જોઈએ. કેમ કે જીન્નાતોમાંથી એકનું નામ સાલેહ છે. જે ખુદાની ખુશી ખાતર જંગલમાં અહીં તહીં ફરે છે. તે જયારે તમારો અવાજ સાંભળે છે તો તમને જવાબ આપે છે અને રસ્તો બતાવી દે છે.''

અમ્ર ઈબ્ને યઝીદ કે જેની ગણના અઈમ્મએ માસુમીન અ.ના ભરોસા પાત્ર સાથીઓમાં થાય છે જણાવે છે કે,

અમે એક વર્ષે મક્કાની સફરમાં રસ્તો ભૂલી ગયા ત્યારે ત્રણ દિવસ તે જ જગ્યાએ રહ્યા. ઘણી શોધખોળ કરી પણ રસ્તો ન મળ્યો. ત્રીજા દિવસે અમારી પાસે જે પાણી હતું તે ખલાસ થઈ ગયું. તે સમયે અમે એહરામના કપડા કફનના કપડાની જેમ પહેરી લીધા. હુનુંત પણ કરી લીધું. તે જ હાલતમાં અમારા દોસ્તોમાંથી એક દોસ્ત ઊભો થયો અને અવાજથી કહ્યું,

''યા સાલેહો, યા અબલ હસન. કોઈ દૂરથી જવાબ આપ્યો,'' હું પૂછ્યું,



https://downloadshiabooks.com/

''ખુદા તમારા પર રહેમ કરે, તમે કોણ છો?'' તે કહ્યું કે,

''હું જીન્નાતોના ટોળામાંથી છું જે હઝરત રસુલેખુદા સ. પર ઈમાન લાવ્યું હતું. હવે તેમાંથી મારા સિવાય કોઈ બાકી રહ્યું નથી. મારૂં કામ છે ભૂલેલા ભટકેલાઓને રસ્તો બતાવું.'' અમે તેના અવાજની દિશામાં ચાલવાનું શરૂં કર્યું. અમે સાચા રસ્તે પહોંચી ગયા.

## પ્રકરણ-૧૪૨
## સફરમાં પઢવાની દુઆઓ

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''હઝરત રસુલેખુદા સ. સફરના સમયે ઢાળ ઉતરતી વખતે **'સુબ્હાનલ્લાહ'** કહેતા અને ચઢાણવાળો રસ્તો પસાર કરતી વખતે **'અલ્લાહો અકબર'** કહેતા.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

''નદીના પટમાંથી પસાર થતી વખતે **'લાએલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર'** કહે તો ખુદા તઆલા નદીના પટની બધી જમીનને તેના માટે નેકીથી ભરી દેશે.''

''કોઈ માણસ ચઢાણ પર **'લાએલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર'** કહેશે તો જમીનના તળ સુધી જેટલી વસ્તુંઓ તેની નજરમાં છે તે દરેક જણ આ શબ્દો કહેશે.''

બે માણસો હઝરત રસુલેખુદા સ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે,



https://downloadshiabooks.com/

''અમે વેપાર માટે શામ(સીરીયા)માં જવા ઈચ્છીએ છીએ. અમોને એવી દુઆ શીખવાડો કે રસ્તામાં તેને પઢીએ તો સલામત રહીએ.'' હઝરતે ફરમાવ્યું,

''જયાં તમે રોકાઓ ત્યાં નમાઝે ઈશા પછી સૂવાના ઈરાદાથી બિસ્તર પર જાઓ તો સૌથી પહેલાં મારી દીકરી **'જનાબે ફાતીમા સ.ની તસ્બીહ'** પઢીને એક વખત **'આયતુલ કુરસી'** પઢો. આ અમલના બરકતથી સવાર સુધી દરેક બલા-આફતથી રક્ષણમાં રહેશો.''

જયારે તેઓ રવાના થયા તો ચોરોનું એક ટોળું પણ તેમનો પીછો કરવા લાગ્યું. તેઓ પડાવ નાખ્યો ત્યાં નમાઝે ઈશા પઢીને સૂતી વખતે જનાબે ફાતીમા સ.ની તસ્બીહ પઢીને એક વખત આયતુલ કુરસી પઢી લીધી. થોડી રાત પછી ચોરો જે થોડેક દૂર પડાવ નાખ્યો હતો તેઓ પોતાના નોકરને ખબર કાઢવા માટે મોકલ્યો. નોકર તેઓના પાસે આવી માત્ર એક દિવાલ જોઈ. મુસાફરોનું કોઈ નામો નિશાન જોવા ન મળ્યું. તે નોકર પાછો જઈ પોતે જે જોયું હતું તે તેના માલિકને જણાવી દીધું. ચોરોને નોકરની વાતો પર ભરોસો ન પડતાં પોતે આવીને ખાત્રી કરી. તેઓ પણ તે મુજબ જ જોયું. તે ચોરો તે મુસાફરોને સવારે ફરી મળ્યા અને પૂછ્યું,

''તમે લોકો રાત્રે કયાં હતા?'' મુસાફરોએ જવાબ આપ્યો,

''અમો અહીં જ હતા.'' ચોરોએ કહ્યું,

''અમે તો તમને રાત્રે શોધવા આવ્યા હતા. પણ ચાર દિવાલો સિવાય અમે કંઈ જ ન જોયું. શું તેનું ખાસ કોઈ કારણ છે? જો એવું કંઈ હોય તો અમને જણાવો.'' મુસાફરોએ કહ્યું,



https://downloadshiabooks.com/

''અમો સૂતી વખતે **'જનાબે ફાતીમા સ.ની તસ્બીહ'** અને **'આયતુલ કુરસી'** પઢી હતી. ચોરોએ કહ્યું,

''જાઓ તમારા પર કોઈ ચોર કાબૂ મેળવી નહિ શકે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''કોઈ એવી ભયવાળી જગ્યાએ જવાનું થાય તો આ આયત પઢી લેવી જોઈએ.''

**''હે અલ્લાહ! મારૂં જવું અને આવવું હક અને સાચું હોય તો મારી મદદ માટે પોતાના તરફથી કોઈ સંજોગ ઊભા કર.''**

''જેનાથી માણસને ડર હોય તે જ તેની સામે આવી જાય તો **'આયતુલ કુરસી'** પઢે.''

હઝરત રસુલેખુદા સ. હઝરત અલી અ.ને કહ્યું કે,

''હે અલી! જયારે તમારે કોઈ ગામ, શહેર યા કસ્બામાં જવાનું થાય તો આ મુજબ કહો.''

**''હે અલ્લાહ! આ વસ્તીની નેકીઓના હકમાં તારાથી આજીજી કરૂં છું અને તેઓની બૂરાઈથી રક્ષણ ચાહું છું. હે અલ્લાહ! ત્યાંની બીમારીઓથી મને રક્ષણમાં રાખ. અહીંના રહેવાસીઓના દિલમાં મારી મોહબ્બત અને મારા દિલમાં અહીંના લોકોની મોહબ્બત ભરી દે.''**

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

''જે માણસ સફરમાં ચોર અને પ્રાણીઓથી ડરતો હોય તો તેણે પોતાના ઘોડાની ગરદનમાં આ મુજબ લખી દેવું જોઈએ.''

**''ન પકડી જવાનો ડર છે ન તેના પરિણામનો ડર.''**

જેથી ખુદાના હુકમથી રક્ષણમાં રહે.

ઉપરોક્ત હદીસનો રાવી કહે છે કે,



https://downloadshiabooks.com/

"હું પોતે હજની સફરમાં હતો. અચાનક એક જંગલમાં અમને ડાકૂઓએ ઘેરી લીધા. કાફલાના માણસલને ખૂબ જ માર માર્યો. હું પણ તે કાફલામાં જ હતો. પરંતું હું આ આયત ઘોડાની ગરદનમાં લખી દીધી હતી. હું ખુદાની કસમ ખાઈને કહું છું જેણે હઝરત મોહંમદ રસુલુલ્લાહ સ.ને રિસાલત આપીને મોકલ્યા, જનાબે અમીરૂલ મોઅમેનીન અ.ને ઈમામત આપી. જાણે ખુદા તઆલાએ તે ચોરોને આંધળા કરી અને મને કોઈ જાતનું નુકશાન પહોંચાડી શક્યા નહિ."

## પ્રકરણ-૧૪૩
## સમુદ્રમાં સફર કરવાના આદબ

ઈમામ મોહંમદ બાકિર અ. અને ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"વેપારના મકસદથી દરિયાની સફર કરવી મકરૂહ છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"જેઓ વેપારના મકસદથી દરિયાઈ સફર કરે છે, તેઓ શ્રેષ્ઠ રોજી મેળવવાની કોશીશ કરી નથી."

ઈમામ રઝા અ. ફરમાવે છે કે,

"જયારે હોડી યા જહાજમાં સફર કરે ત્યારે આ દુઆ પઢે."

**"અલ્લાહનું નામ લઈ સવાર થાઉં છું. જેના લીધે હોડી યા જહાજ ચાલે છે. થોભે છે. તેમાં બિલકુલ શક નથી કે મારો પરવરદિગાર સૌથી વધારે માફ કરવાવાળો અને સૌથી વધારે રહેમ કરનાર છે."**



https://downloadshiabooks.com/

"જો દરિયાઈ તોફાન આવે તો ડાબા પડખે આડા પડીને જમણા હાથથી મોજાઓ તરફ ઈશારો કરી આ મુજબ પઢો."

**"અલ્લાહની કુદરતથી થોભી જા, શાંત થઈ જા. કેમ કે ખુદા સિવાય તેને શાંત કરવાની કોઈમાં શક્તિ નથી. ચાહે તે ગતિમાં હોય યા સ્થિર હોય."**

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"દરેક પુલ પર એક શયતાન રહે છે. તેથી તમે જયારે પુલ પરથી પસાર થાઓ તો **બિસ્મિલ્લાહ** પઢો. જેથી શયતાન દૂર થઈ જાય."

## પ્રકરણ-૧૪૪
## સફરથી પાછા ફરનાર સાથે વર્તન

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

"મુસાફર સફરથી પાછો ફરે તો સુન્નત છે કે પોતાના મોમીનભાઈઓને જમવાનું આમંત્રણ આપે."

ઈમામ મોહંમદ બાકિર અ. ફરમાવે છે કે,

"જયારે કોઈ માણસ સફરથી પાછો ફરે તો સારૂં એ છે કે, પોતાના બાલ-બચ્ચાઓ માટે કંઈક તોહફો લાવે. ભલે પછી નાની કે થોડીક વસ્તું જ કેમ ન હોય."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"જે માણસ મક્કાએ મોઅઝઝમા જઈને આવતો તેને હઝરત રસુલેખુદા સ. કહેતા કે ખુદાપાક તારી કોશીષ અને તારો નેક અમલ કબૂલ કરે, તારા ધંધામાં બરકત આપે, તારા ગુનાહ માફ કરી દે."



https://downloadshiabooks.com/

હદીસમાં છે કે,

''જે સમયે હાજી હજની સફરથી પાછો ફરે અને રસ્તાની ધૂળ તેના પર પડી હોય તે સમયે જે માણસ ગળે મળવાની નિયતથી તેની ગરદનમાં હાથ નાખશે, તેને હજરે અસ્વદને બોસા આપવાનો સવાબ મળશે.''

એક અન્ય હદીસમાં છે કે,

''જયારે કોઈ માણસ સફરથી પાછો આવી જાય ત્યારે તેના માટે સારૂં એ છે કે જયાં સુધી ગુસ્લ કરીને બે રકાત નમાઝ પઢી શુકના સજદામાં ૧૦૦ વખત શુકેખુદા ન કરે ત્યાં સુધી કોઈ કામમાં લાગે નહિ. જનાબે જાફરે તૈયાર (રઝી.) હબશ દેશથી પાછા ફર્યા તો હઝરત રસુલેખુદા સ. તેમને પોતાની છાતી સરસા લગાવી દીધા અને તેમની બંને ભ્રમરોની વચ્ચે ચુંબન આપ્યું. હઝરત સ.ના સાથીઓ જયારે એક બીજાને મળતા તો મુસાફેહો કરતા હતા. કોઈ સફરથી પાછું આવતું તો ગળે મળતા હતા.''

ભરોસાપાત્ર હદીસમાં છે કે,

''મોમીનને વિદાય વેળાએ થોડેક સુધી સાથે જાઓ અને પાછા ફરે ત્યારે થોડાક આગળ વધી તેમને આવકારો.''

## પ્રકરણ-૧૪૫

## કેટલીક જરૂરી નસીહતો

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''મોટા ભાગે એવું બને છે કે, અમારા માનવાવાળા કેટલાક કામોની શરૂંઆતમાં **'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'** કહેવાનું ભૂલી જાય છે. અલ્લાહ તઆલા તેની કોઈને કોઈ અજમાઈશ



https://downloadshiabooks.com/

કરે છે કે તે જાગૃત થઈ જાય અને અલ્લાહતઆલાની હમ્દો સના કરે. અલ્લાહતઆલા તેની અજમાઈશના કારણે તેની ભૂલને દરગુજર કરે છે. તેથી સારૂં એ છે કે દરેક કામની શરૂંઆતમાં **'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'** કહેવાનું રાખે.''

ઈમામ મુસા કાઝીમ અ.મે ફરમાવે છે કે,

''નીચે જણાવેલ કેટલાક કામો કરવાથી ભૂલકણો સ્વભાવ થઈ જાય છે.''

(૧) ખાટું સફરજન ખાવાથી,

(૨) ધાણા ખાવાથી,

(૩) પનીર ખાવાથી,

(૪) ઉંદરનું એઠું ખાવાથી,

(૫) સ્થિર પાણીમાં પેશાબ કરવાથી,

(૬) કબર પરનું લખાણ વાંચવાથી,

(૭) બે સ્ત્રીઓની વચ્ચે થઈને રસ્તો પસાર કરવાથી,

(૮) જૂ જીવતી છોડી દેવાથી,

(૯) ગાદીમાં નશ્તર લગાવવાથી,

હઝરત અલી અ. ફરમાવે છે કે,

**''ત્રણ વસ્તુંઓથી યાદદાશ્ત વધે છે.''**

(૧) દાતણ કરવાથી,

(૨) રોઝા રાખવાથી,

(૩) કુરઆન મજીદ પઢવાથી.

એક વખત હઝરત અલી અ. ગમગીન હતા. તેમણે ફરમાવ્યું કે,

''હું નથી જાણતો કે હું ગમગીન કેમ થયો? જો કે હું કદી ન ચોખટ (દરવાજાની વચ્ચે) પર બેઠો છું, ન કયારેય ઘેટા-



https://downloadshiabooks.com/

બકરાઓની વચ્ચે થઈને ચાલ્યો છું, ન કયારેય ઊભા ઊભા પાયજામો પહેર્યો છે, મેં પહેરેલા કપડાથી કયારેય મોં લૂછ્યું નથી.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

**''૧૦ વસ્તુંઓથી ગમગીની દૂર થાય છે.''**

(૧) ચાલવાથી,

(૨) સવારી કરવાથી,

(૩) પાણીમાં તરવાથી,

(૪) લીલું ઘાસ જોવાથી,

(૫) ખાવા-પીવાથી,

(૬) ઘરકામ કરવાથી,

(૭) દાતણ કરવાથી,

(૮) ખત્મીથી માથું ધોવાથી,

(૯) ખૂબસુરત પત્નીનો ચહેરો જોવાથી,

(૧૦) લોકોથી વાતચીત કરવાથી.

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

''કેટલીક ચીજો ગરીબાઈ લાવે છે અને કેટલીક ચીજો અમીરાઈ લાવે છે.''

**'ગરીબાઈ લાવવાવાળી ૧૬ ચીજો છે.'**

(૧) કરોળિયાના જાળા ઘરમાં રહેવાથી,

(૨) હમામ (બાથરૂમ)માં પેશાબ કરવાથી,

(૩) નાપાકીની હાલતમાં ખાવા પીવાથી,

(૪) સાવરણીની સળીથી દાંત ખોતરવાથી,

(૫) ઊભા ઊભા માથું ઓળવાથી

(૬) ઝાડું કાઢી કચરો રાખી મુંકવાથી,



https://downloadshiabooks.com/

(૭) જૂઠી કસમ ખાવાથી,
(૮) બદકારી કરવાથી,
(૯) અદેખાઈ અને લાલચ કરવાથી,
(૧૦) મગરીબ અને ઈશાની વચ્ચે સૂવાથી,
(૧૧) અતિશય જૂઠ બોલવાથી,
(૧૨) સુબ્હ સાદિક અને સૂર્યોદયની વચ્ચે સૂવાથી,
(૧૩) ગાયનો સાંભળવાથી,
(૧૪) રાતના સમયે માગણને ખાલી હાથે જવા દેવાથી,
(૧૫) અંદાજાથી અતિશય વધારે ખર્ચ કરવાથી,
(૧૬) સગાવહાલાઓ સાથે ગરેવર્તણૂંક કરવાથી,

**'બરકત કરનારી ૧૭ ચીજો છે.'**

(૧) ઝોહર અને અસરની નમાઝો એક સાથે પઢવાથી,
(૨) મગરીબ અને ઈશાની નમાઝો એક સાથે પઢવાથી,
(૩) નમાઝે સુબ્હ અને નમાઝે અસર બાદ તાઅકીબાત પઢવાથી,
(૪) સગાવહાલાઓ સાથે સારૂં વર્તન કરવાથી,
(૫) ઘરના આંગણાની સફાઈ કરવાથી,
(૬) પોતાનો માલ મોમીનભાઈઓને વહેંચવાથી,
(૭) વહેલી સવારે રોઝીની તલાશ માટે નીકળવાથી,
(૮) ખૂબ જ ઈસ્તિગ્ફાર કરવાથી, (ગુનાહોની માફી)
(૯) લોકોને માલમાં ખયાનત(છીનવી લેવો) ન કરવાથી,
(૧૦) હક અને સાચી વાત કહેવાથી,
(૧૧) મોઅઝ્ઝીનના શબ્દો (અઝાન) દોહરાવવાથી,
(૧૨) સંડાસમાં વાતો ન કરવાથી,



https://downloadshiabooks.com/

(૧૩) દુનિયા માટે કોઈ લાલચ ન કરવાથી,

(૧૪) કોઈના તરફથી નેઅમત મળે તો તેનો આભાર માનવાથી,

(૧૫) જમવા પહેલાં હાથ ધોવાથી,

(૧૬) દસ્તરખાન પડેલ વસ્તું ખાવાથી,

(૧૭) દરરોજ ત્રીસ વખત **'સુબ્હાનલ્લાહ'** કહેવાથી.

''જે માણસ આ વીર્દ કરશે, અલ્લાહ તઆલા તેનાથી ૭૦ પ્રકારની મુસીબતો દૂર કરી દેશે. જેમાં એક ગરીબી અને મુફલીસી પણ છે.''

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

''જે માણસ અમો અહલેબૈત અ.ની શાનમાં એક શેઅર લખશે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક મહેલ બનાવી દેશે.''

એ પણ ફરમાવ્યું કે,

''જે માણસ અમો અહલેબૈત અ.ની શાનમાં એક શેઅર કહેવા ચાહે છે તેને રૂહુલ કુદુસના ઝરીએ દાદ આપવામાં આવે છે.''

ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે,

''જે મોમીન અમો અહલેબૈત અ.ની શાનમાં એક શેઅર લખે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એટલું મોટું શહેર બનાવશે જે આ દુનિયાથી સાત ગણાથી વધારે લાંબુ પહોળુ હશે. જયારે તે એ શહેરમાં પહોંચશે ત્યારે તમામ માનવંત ફરિશ્તા તથા તમામ ઉલુલ અઝમ પયગમ્બર તેની મુલાકાત માટે આવશે.''

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,



https://downloadshiabooks.com/

''નાપાકીની હાલતમાં કંઈ પણ ન ખાઓ. તેનાથી ગરીબી આવે છે. દાંતથી નખ કાપવાની, હમામમાં દાતણ કરવાની, મસ્જીદમાં નાક સાફ કરવાની મનાઈ ફરમાવેલી છે.''

એ પણ ફરમાવ્યું કે,

''મસ્જીદોને રસ્તો ન બનાવો કે એક દરવાજેથી પ્રવેશીને બીજા દરવાજે નીકળી ગયા. અગર ક્યારેક એવી જરૂરત પડે તો બે રકાત નમાઝ પઢીને પસાર થવું જોઈએ.''

''જૂઠા સપનાઓ બનાવવાની મનાઈ કરેલી છે. એ પણ કહેલું છે કે જે માણસ જૂઠા સપના બનાવશે, અલ્લાહ તઆલા તેને હુકમ આપશે કે પાણીમાં ગાંઠ માર. પણ તે તેમ નહિ કરી શકે તો અઝાબ થશે.''

**એ વાતની સખત મનાઈ ફરમાવેલી છે કે,**

(૧) એક મોમીન કોઈ વસ્તું વેચતો હોય ત્યારે બીજો વેપારી વચ્ચે આવી દખલ કરે અને કહે કે મારી વસ્તું સારી છે મારી પાસેથી ખરીદો.

(૨) એક મોમીન કોઈ વસ્તું ખરીદતો હોય ત્યાં બીજો ગ્રાહક આવે ત્યારે તે જ વસ્તુંની વધારે કિંમત કરવાની મનાઈ છે.

''સ્ત્રીઓને તેના પતિની રજા વગર ઘરની બહાર નીકળવાની મનાઈ કરેલી છે. અગર કોઈ સ્ત્રી પતિની રજા વગર બહાર નીકળે તો તેના પર આસમાનના ફરિશ્તા, જિન્નાતો અને જે જે ઈન્સાનો પાસેથી તે પસાર થાય છે બધા જ જયાં સુધી તે પરત નહિ આવે ત્યાં સુધી લાનત કરે છે.''

''એ વાતની પણ મનાઈ ફરમાવેલી છે કે, સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા માટે ઝીનત કરે. (પોતાને સજાવે.) જો એવું કરશે તો તેને જહન્નમની આગમાં જલાવવાનું અલ્લાહ પર વાજીબ છે.



https://downloadshiabooks.com/

એ પણ મનાઈ ફરમાવેલ છે કે સ્ત્રી પોતાના શોહર અને મહેરમો સિવાય અન્યથી પાંચ જરૂરી વાક્યોથી વધારે વાત કરે.

"અગર કોઈ સ્ત્રી બિભત્સ બોલીને તેના પતિને દુઃખ પહોંચાડશે તો અલ્લાહતઆલા તેની કોઈ નેકી કબૂલ કરશે નહિ ચાહે તે દિવસે રોઝા રાખતી હોય અને આખી રાત ઈબાદત કરતી હોય. સિવાય કે તેણી તૌબા કરી લે અને તેના પતિને ખુશ કરી લે."

"તે લોકો પાસે જવાની મનાઈ કરેલી છે જેઓ ગૈબની વાતો કરે છે. જેવા કે જ્યોતિષો, કાહિનો (જીન્નાતોને કબ્જે કરી ગૈબની જાણકારી આપનાર), રમ્માલ (ભવિષ્ય વેત્તાઓ) તથા જૂઠા સૂફીઓ વગેરેની પાસે કોઈ જાય અને તેની વાતોને સાચી માનશે તે જાણે એવો છે જે હઝરત રસુલેખુદા સ. પર નાઝીલ થએલ છે તેનાથી ફરી ગયો."

"શતરંજ, જુગાર વગેરે રમવાની, તબલા, સારંગી, તંબુરા અને સિતાર વગેરે વગાડવાની મનાઈ ફરમાવેલી છે."

"ગીબત (નિંદા) કરવાની અને ચાડી કરવાની અને તે સાંભળવાની મનાઈ કરે છે. એ પણ ફરમાવેલ છે કે, ચાડી કરનાર જન્નતમાં પ્રવેશી શકશે નહિ. ફાસિકો (જૂઠાઓ)ની મહેફિલોમાં ન જવું જોઈએ."

"જૂઠી કસમ ન ખાઓ. જૂઠી કસમ ખાનાર ઘરથી બેઘર થઈ જાય છે. એ પણ ફરમાવ્યું કે, કોઈ જૂઠી કસમ એટલા માટે ખાય કે કોઈ મુસલમાનનો માલ હડપ કરી લે, તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેના પર ક્રોધિત થશે. સિવાય કે તૌબા કરી લે અને તે માણસનો માલ પાછો આપી દે."



https://downloadshiabooks.com/

“ખજૂરના ઝાડો પર ખજૂર લાલ કે પીળી થાય તે પહેલાં વેચવાની મનાઈ કરેલી છે.”

“શરાબ(દારૂ) ખરીદવાની અને પીવરાવવાની સખત મનાઈ ફરમાવેલી છે. અલ્લાહ તઆલાએ શરાબ પર લાનત કરી છે અને તેના પર લાનત કરી છે જે માણસ શરાબ બનાવવાની નિયતથી દ્રાક્ષના વૃક્ષો લગાવે, શરાબ બનાવવા માટે દ્રાક્ષને નીચોવે, શરાબ પીવા અને પીવરાવવા વાળા પર, શરાબ વેચવાવાળા પર, ખરીદવાવાળા પર, તેની કિંમત વસુલનાર પર, શરાબની હેરા ફેરી કરનાર પર તથા જેના માટે લઈ જાય તે સૌ પર લાનત કરવામાં આવેલી છે.”

ફરમાવ્યું કે,

“જે શરાબ પીશે તેની ૪૦ દિવસ સુધી નમાઝ કબૂલ થતી નથી. અગર એવી હાલતમાં મરી જાય કે તેના પેટમાં શરાબ પડેલી હોય તો ખુદા પર જરૂરી છે કે તે ગંદું પાણી જે વરસોથી જહન્નમની દેગોમાં જોશ આપવામાં આવેલું હોય તે તેને પીવરાવે. જે પીવાના લીધે તેના આંતરડા, પેટ અને ગોશ્ત બધું જ પીગળી જશે.”

“વ્યાજ ખાવાની, જૂઠી ગવાહી આપવાની અને વ્યાજનો સ્ટેમ્પ પેપર લખવાની મનાઈ ફરમાવેલી છે. ખુદા વ્યાજની લેન દેન કરવાળાઓ પર, લખાણ કરનાર પર તેના સાક્ષીઓ પર લાનત કરી છે.”

“કુરઆનમજીદના કોઈ પણ સુરાની કસમ ખાવાની મનાઈ ફરમાવેલી છે. જો કોઈ કુરઆનમજીદના સુરાની કસમ ખાશે તો તેના પર તે સુરાની દરેક આયતના બદલામાં એક કફ્ફારો આપવો પડશે. ચાહે કસમ સાચી હોય યા જૂઠી.”



https://downloadshiabooks.com/

''માણસે સંપૂર્ણ નગ્ન થવાની મનાઈ છે. ચાહે દિવસ હોય યા રાત.''

''જુમઆના દિવસે જયારે પેશનમાઝ ખુત્બો આપી રહ્યો હોય ત્યારે વાતો કરવી જોઈએ નહિ. અગર કોઈ વાતો કરશે તો તેને જુમ્આનો પૂરો સવાબ નહિ મળે.''

''જો કોઈ કુરઆનમજીદ હિફ્ઝ (મોંઢે કરવી) કર્યા બાદ બેપરવાહીના લીધે ભૂલાવી દે તો કયામતના દિવસે તેના હાથ ગરદનમાં બાંધવામાં આવશે અને અલ્લાહ તઆલા દરેક આયતના બદલામાં એક સાપ તના પર રાખશે. સિવાય કે કોઈ બીજા નેક કામોના લીધે તેની બક્ષીસ થઈ જાય.''

ફરમાવેલ છે કે,

''જો કોઈ ગરીબ મુસલમાનને તુચ્છ સમજે તો તેણે અલ્લાહ તઆલાનો એહતેરામ ન કર્યો. કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને તુચ્છ સમજશે. સિવાય કે તે તૌબા કરી લે.''

''અગર કોઈ ગરસબ મુસલમાનનો એહતેરામ કરશે તો કયામતના દિવસે અલ્લાહતઆલા તેના પર ખુશ થશે.''

''અગર કોઈને ગુનાહ કરવાની ઈચ્છા થઈ આવે અને જો તે અલ્લાહના ડરથી તે ગુનાહ ન કરે તો અલ્લાહ તઆલા તેને જહન્નમથી આઝાદ કરી દેશે અને કયામતના દિવસના ડરથી તેને સલામત રાખશે. તથા જે બે બેહિશ્તોનો વાયદો અલ્લાહ તઆલાએ કુરઆનમજીદમાં કર્યો છે તે તેને આપશે.''

''અગર કોઈ બદલો લેવા સક્ષમ હોય છતાં ગુસ્સાને કાબૂ કરે તો અલ્લાહ તઆલા તેને એક શહીદનો સવાબ આપશે.''

''અગર કોઈને અલ્લાહના ડરથી આંસુ આવી જાય તો તેના દરેક ટીપાના બદલે જન્નતમાં એક એવો મહેલ આપશે જે ઉમદા



https://downloadshiabooks.com/

ઝવેરાતોથી સજાવેલો હશે અને તેમાં એ વસ્તુંઓ હશે જે તેની આંખોએ કદી જોઈ કે સાંભળેલી નહિ હોય.''

''જે માણસ જમાઅત સાથે નમાઝ પઢવાની નિયતથી મસ્જીદ જાય તો તેના દરેક કદમ પર ૭૦-૭૦ નેકીઓ તેના આમાલનામામાં લખવામાં આવશે, ૭૦-૭૦ દરજજા બુલંદ કરવામાં આવશે, અગર તે હાલતમાં તેની મોત આવી જશે તો અલ્લાહ તઆલા તેના પર ૭૦ હજાર ફરિશ્તા નીમશે કે જેઓ તેની કબરમાં તેની સાથે રહેશે, જેથી તેને કબરમાં એકલવાયું ન લાગે તેમજ કયામતના દિવસ સુધી તેના માટે મગ્ફેરત કરતા રહેશે.''

''જે માણસ અલ્લાહની ખુશી માટે અઝાન આપશે તો અલ્લાહ તઆલા તેને ચાલીસ હજાર શહીદો અને ચાલીસ હજાર સીદ્દીકોનો સવાબ અતા કરશે. તેની શિફારીશ (ભલામણ)થી ચાલીસ હજાર ગુનેહગારોને જન્નતમાં દાખલ કરશે.''

''જે મોમીન અઝાન આપતી વખતે **'અશ્હદો અલ્લાએલાહ ઈલ્લલ્લાહ'** કહે છે ત્યારે તેના પર ૭૦ હજાર ફરિશ્તા દુરૂદ મોકલે છે અને તેના માટે ઈસ્તિગ્ફાર કરે છે. કયામતના દિવસે અર્શે ઈલાહીના છાયામાં રહેશે. જયાં સુધી કે અલ્લાહતઆલા મખ્લુકનો હિસાબ કિતાબથી મુક્ત ન થાય. **'અશ્હદો અન્ન મોહંમદર રસુલુલ્લાહ'** કહેવાનો સવાબ પણ એટલો છે કે ૪૦ હજાર ફરિશ્તા હશે.''

''નમાઝે જમાઅતની પહેલી સફમાં અને પહેલી તકબીરમાં સામેલ થવાનો હંમેશા ખ્યાલ રાખે અને કોઈ મોમીનનું દિલ ન દુઃખાવે તો અલ્લાહતઆલા તેને દુનિયા અને આખેરતમાં મોઅઝઝીનનો સવાબ અતા કરશે.''



https://downloadshiabooks.com/

ફરમાવ્યું કે,

"કોઈ બૂરાઈને હલકી ન સમજો જે તમારી નજરમાં મોટી હોય. કેમ કે ઈસ્તિગ્ફાર કરવાથી ગુનાહે કબીરા એ કબીરા નથી રહેતા. અને વારંવાર ગુનાહે સગીરા કરવાથી સગીરા ગુનાહ નથી રહેતા પરંતું ગુનાહે સગીરા વારંવાર કરે અને તૌબા ન કરે તો તે ગુનાહે કબીરા થઈ જશે."

ઈમામ જાફરે સાદિક અ. ફરમાવે છે કે,

"કયામતના દિવસે ત્રણ માણસો પર અલ્લાહતઆલા રહેમતની નજરે જોશે નહિ તથા આમાલ પણ કબૂલ કરશે નહિ અને તેમને દર્દનાક અઝાબમાં નાખશે."

(૧) એ માણસ પર જે તદ્દન બેશરમ હોય,

(૨) જે ગાળો બોલવામાં અને ગાળો ખાવાની કોઈ પરવા ન કરે તેના પર,

(૩) એ માણસ પર જેની પાસે કોઈ વસ્તું હોવા છતાં બીજા લોકો પાસે તેની માગણી કરે.

ફરમાવ્યું કે,

"જન્નતની ખુશ્બુ પાંચસો વરસના રસ્તાના ફરસલા સુધી પહોંચશે. પરંતું જેને મા યા બાપ આક કરેલ હશે તેને તથા દય્યુસ (બેશરમ)ને તેની સુગંધ સુંઘી શકશે નહિ." લોકોએ પૂછ્યું કે,

"દય્યુસ કોને કહે છે?" હઝરતે ફરમાવ્યું,

"જેની પત્ની બદકાર હોય અને તેજાણી જોઈને તેની પરવા ન કરે."

હઝરત રસુલેખુદા સ.મે ફરમાવ્યું,

**"ખુદાની કસમ! મારી ઉમ્મતના ૧૦ માણસો કાફિર છે."**



https://downloadshiabooks.com/

(૧) બેકસુર લોકોને મારી નાખનાર,

(૨) જાદુગર,

(૩) દય્યુસ,

(૪) કુદરત વિરૂધ્ધ કામ કરનાર,

(૫) જાનવરો સાથે ગુનાહ કરનાર,

(૬) તદ્દન નજીકના સંબંધો(મા-બહેન, ફઈ, માસી વગેરે)ને તોડી નાખનાર,

(૭) ફિત્ના ફસાદ કરવાની કોશીશ કરનાર,

(૮) કાફિરોને હથિયાર વેચનાર,

(૯) પોતાના માલની ઝકાત ન આપનાર,

(૧૦) માલી હેસિયત ધરાવતો હોવા છતાં વાજીબ હજ માટે ન જનાર.

ઈમામ મુસા કાઝીમ અ. ફરમાવે છે કે,

"જો શરાબના નશામાં મસ્ત હોય અને ચાલીસ દિવસની અંદર મરી જાય તો અલ્લાહતઆલાની નજીક તે બુતપરસ્ત છે."

અમીરૂલ મોઅમેનીન અ. ફરમાવે છે કે,

"કબૂતર પોતાના અવાજમાં તે લોકો પર નફરત કરે છે જેઓ મ્યુઝીકલ સાધનો વગાડે છે અને ગાનારીઓ રાખે છે."

"એક માણસે ઈમામ જાફરે સાદિક અ.ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે મને નસીહત ફરમાવો." હઝરતે આ વાતોની નસીહત કરી.

(૧) તને ખબર છે કે  અલ્લાહ રોઝી આપવા બંધાએલો છે છતાં રોઝી માટે ફિકરમંદ કેમ છે?

(૨) તને ખબર છે કે રોઝી અલ્લાહે નક્કી કરેલી છે તો પછી તેના માટે ઈર્ષા કેમ?



https://downloadshiabooks.com/

(૩) તને યકીન છે કે કયામતના દિવસે હિસાબ કિતાબ થશે તો પછી માલ કેમ એકઠો કરે છે?

(૪) તને ઉમ્મીદ છે કે અલ્લાહની રાહમાં આપવામાં આવે ખુદાતઆલા તેનો બદલો જરૂર આપશે તો કંજૂસાઈ શા માટે?

(૫) તને એનું ઈલ્મ છે કે અલ્લાહ તઆલાની નારજગીનું પરિણામ જહન્નમનો અઝાબ છે તો પછી અલ્લાહ તઆલાની નાફરમાની શા માટે?

(૬) મોત બરહક છે તો પછી ખુશી કેવી?

(૭) એ જાણવા છતાં કે ખુદાથી કોઈ વાત છૂપી નથી તો મકરો-ફરેબ (ધોકાબાજી)થી શું ફાયદો?

(૮) શયતાનને પોતાનો દુશ્મન માને છે તો તેનાથી બેપરવા રહેવાનો શો મતલબ?

(૯) એ ખબર છે કેદરેકને પુલેસેરાત પરથી પસાર થવાનું છે તો ખુદસતાઈ(જાતે જ પોતાના વખાણ કરવા)થી શું પ્રાપ્ત થશે?

(૧૦) અે જાણવા છતાં કે આખી જીંદગીને અલ્લાહની મરજી મુજબ નક્કી છે તો ગમગીની શા માટે?

"અગર આ સમજી ગયા હોવ કે આ દુનિયા નાશવંત છે તો તેની વળગણ શા માટે?"

હઝરત રસુલેખુદા સ. ફરમાવે છે કે,

"સૌથી વધારે આબીદ(ઈબાદત કરનાર) તે માણસ છે કે તેના જિમ્મે જે વાજીબ છે તેને બજાવી લાવે."

"સૌથી વધારે સખી એ છે જે પોતાના માલની ઝકાત આપી દે."



https://downloadshiabooks.com/

''સૌથી વધારે ઝાહીદ એ છે જે ખુદાએ જેને હરામ કરેલ છે તેને ત્યાગ કરી દે.''

''સૌથી વધારે પરહેઝગાર એ છે જે દરેક જગ્યાએ હક વાત કરે. ચાહે તેનાથી નફો થાય કે નુકશાન.''

''સૌથી વધારે આદિલ એ છે જે પોતાના માટે પસંદ કરે તે બીજા લોકો માટે પણ પસંદ કરે. તથા જેને પોતાના માટે પસંદ ન કરતો હોય તે બીજા માટે પણ પસંદ ન કરે.''

''સૌથી વધારે બુઝુર્ગ એ છે જે પોતાની મૌતને સૌથી વધારે યાદ રાખે.''

''સૌથી વધુ બુધ્ધિશાળી એ છે જે કબરમાં પહોંચ્યા બાદ અલ્લાહના અઝાબથી સંતોષ પામે અને સજા અને જઝાની ઉમ્મીદ રાખે.''

''સૌથી વધુ ગાફિલ એ માણસ છે જે દુનિયાના પરિવર્તન અને ઈન્કિલાબથી નસીહત ન પ્રાપ્ત કરે.''

''સૌથી વધારે કાબિલ એ માણસ છે જેની નજરમાં દુનિયા તુચ્છ હોય.''

''સૌથી વધારે અક્કલમંદ એ માણસ છે જે લોકોથી અને ઈલ્મ થકી પોતાના ઈલ્મનો ખજાનો વધારતો રહે.''

''સૌથી વધારે બહાદૂર એ માણસ છે જે પોતાના નફસની ઈચ્છાઓ પર કાબૂ મેળવે.''

''સૌથી વધારે વકાર(જ્વલંત, પ્રકાશિત) એ માણસ છે જેના નેક આમાલ વધારે હોય.''

''સૌથી વધારે બેઈજ્જત એ માણસ છે તેના નેક આમાલ ઓછા હોય.''



https://downloadshiabooks.com/

''સૌથી વધારે કમનસીબ એ માણસ છે જે લોકોની હાલત પર ઈર્ષા કરે.''

''સૌથી વધારે બેચેન માણસ કંજૂસ છે. સૌથી વધારે કંજૂસ એ છે જે એ વસ્તુંઓમાં પણ કંજુસાઈ કરે જેને અલ્લાહે તેના પર વાજીબ કરી છે.''

''મખ્લુક પર હુકુમત કરવાનો સૌથી વધારે હકદાર એ છે જે સૌથી વધારે હક પર અમલ કરતો હોય.''

''ફાસિક (દુરાચારી)સૌથી વધારે ધિક્કારને પાત્ર છે. સૌથી વધારે બેવફા અને સૌથી ઓછો શિષ્ટાચારી તથા સૌથી ઓછો અલ્લાહનો દોસ્ત બાદશાહ હોય છે.''

''લાલચું માણસ સૌથી વધારે મોહતાજ હોય છે. જે લાલચું ન હોય તે સૌથી વધુ તવંગર અને આઝાદ હોય છે.''

''જેના અખ્લાક સૌથી સારા હશે તેનું ઈમાન સૌથી વધારે ધનાઢ્ય અને ખુદમુખત્યાર હોય છે.''

''જેની પરહેઝગારી વધારે હશે તે એ વસ્તુંઓથી નહિ આકર્ષાય જેમાં તેનો ફાયદો ન હોય.''

''જૂઠ્ઠો માણસ સૌથી વધારે નિષ્ઠુર(માણસાઈ વગરનો) છે. બાદશાહો સૌથી વધારે બદબખ્ત છે. ઘમંડી ખુદા અને મખ્લુકની નજરમાં મોટો દુશ્મન છે.''

''જે માણસ ગુનાહોનો ત્યાગ કરેલો હશે તેને સૌથી વધારે અલ્લાહની ઈતાઅત કરનારાઓમાં સમજવામાં આવશે.''

''જે જાહિલોથી દૂર રહે અને તેનાથી બચતો રહે તે સૌથી વધારે બુધ્ધિશાળી છે.''

''જે નેક લોકોના સંપર્કમાં રહે, (નેક લોકો સાથે સંબંધો રાખે) તે સૌથી વધારે ખુશનસીબ છે.''



https://downloadshiabooks.com/

"જે લોકો ખાતર સૌથી વધારે નમ્રશીલ હોય તે સૌથી વધારે અક્કલમંદ છે."

"જે માણસ નાલાયક ટોળ સાથે બેસશે તેના વિષે લોકોને સૌથી વધારે તોહમતો લગાવવાનો મોકો મળશે."

"સૌથી વધારે અધમ એ માણસ છે એવા માણસને કતલ કરી નાખે જે તેને કતલ કરવાનો બિલકુલ ઈરાદો ન રાખતો હોય. યા એવા માણસને મારે જે તેના ઉપર હાથ ન ઉઠાવે."

"ગુનો માફ કરવાનો સૌથી વધારે હકદાર એ છે જેને સજા આપવાનો સૌથી વધારે ઈખ્તિયાર છે."

"સૌથી વધારે ગુનેહગાર તે માણસ છે જે લોકોની સામે કમઅક્કલ થઈ જાય પરંતું તેની પાછળ તેની મજાક ઉડાવે."

"સૌથી વધારે ઝલીલ એ માણસ છે જે બીજા લોકોને ઝલીલ કરે."

"સૌથી વધારે દુરંદેશી એ છે જે ગુસ્સા પર વધારે કાબૂ મેળવે."

"સૌથી વધારે સંસ્કારી એ માણસ છે જે લોકોની સાથે અખ્લાકથી પેશ આવે."

"સૌથી શ્રેષ્ઠ એ માણસ જે જેનાથી લોકોને વધારે ફાયદો પહોંચે."

# અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન

# ઈલ્તેમાસે દુઆ



https://downloadshiabooks.com/

# બચ્ચોંકી તાલીમ સીરીઝ-૪
# વઝુ-નમાઝ અને તયમ્મુમ-ગુસ્લના આદાબ

**આ પુસ્તકમાં વઝુ-નમાઝના અરકાનો,**
**વાજીબાતો, મુસ્તહબાતો, મકરૂહ અને હરામ બાબતો**
**તાઅકીબાત અને દુઆઓ (અરબીમાં)**
**ઉપરાંત તયમ્મુમ-ગુસ્લ વિષે સચોટ માહિતી**
**નાના મોટા દરેકને સમજમાં આવી જાય તેવી**
**તદ્દન સરળ ગુજરાતી ભાષામાં**

**૭૫ થી વધુ રંગીન ચિત્રો/ફોટાઓ.**

**રંગીન આર્ટ પેપર ૭૨ પાના**

**પ્રેક્ટીકલ સમજૂતિ આપતું આ પુસ્તક**
**ઘરે ઘરમાં ઉપયોગી થશે. ઈ.અ.**


**સંપર્કઃ**

**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા**

Mo: 9898369089, E-mail:
mohak_110@yahoo.co.in




https://downloadshiabooks.com/

# બચ્ચોંકી તાલીમ સીરીઝ -૫

## ગુસ્લ-કફન-દફનના આદાબ

**આ પુસ્તકમાં શકરાતથી લઈને નમાઝે વહશત સુધીના અહેકામ ઉપરાંત કબરોની ઝિયારતના આદાબ, મરહુમીન માટે ઈસાલે સવાબ તથા નમાઝે વાલેદૈનની વિસ્તૃત માહિતી.**

**નાના મોટા દરેકને સમજમાં આવી જાય તેવી તદ્દન સરળ ગુજરાતી ભાષામાં જરૂરી રંગીન ચિત્રો, ફોટાઓ અને કોઠાઓની સાથે આપેલ છે.**

**ગુસ્લ-કફન-દફનના અહેકામને પ્રેક્ટીકલ સમજૂતિ આપતું આ પુસ્તક ઘરે ઘરમાં ઉપયોગી થશે. દરેકને જરૂર ગમશે.**

**અતિઉપયોગી આ પુસ્તક રંગીન આર્ટ પેપરમાં ૧૦૦ પાનામાં તૈયાર છે.**


## ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા

**ફોન- (૨૭૩૯) ૨૮૬૦૫૪ મો.:૯૮૯૮૩૬૯૦૮૯**




https://downloadshiabooks.com/

૧૪૦૫ હિ.સ. કૌમની સેવામાં ૩૬ વર્ષ ૧૪૪૧ હિ.સ.

# ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા

## ઉપ્લબ્ધ કિતાબો

(૧) દાતણ કરવાના આદાબ (સચિત્ર)
(૨) જમવાના આદાબ (સચિત્ર)
(૩) વઝુ-નમાઝ અને તયમ્મુમ-ગુસ્લના આદાબ (સચિત્ર)
(૪) ગુસ્લ-કફન-દફનના આદાબ (સચિત્ર)
(૫) તહારતુન્નિસા (સચિત્ર)
(૬) ભાઈચારો (ઈસ્લામી સંસ્કાર)
(૭) સફાઈ (ઈસ્લામી સંસ્કાર)
(૮) ઘર (ઈસ્લામી સંસ્કાર)
(૯) તારીખુશ્ શીઆ (ઈતિહાસ)
(૧૦) મજાલિસે શમીમ (મજલીસે હુસૈન અ.)
(૧૧) નમાઝે શબ (ફઝીલત અને ફાયદા)
(૧૨) તેહઝીબે આલે મોહંમદ (સ.)
(૧૩) ચૌદ માસૂમીન અ.નું જીવન ઝરમર (ચાર્ટ)


પ્રાપ્તિ સ્થાન

ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી

મેતા-૩૮૫૫૨૦, જિ.-બનાસકાંઠા, ગુજરાત-ઈન્ડિયા.

ફોન- (૨૭૩૯) ૨૮૬૦૫૪ મો.:૯૮૯૮૩૬૯૦૮૯

**E-mail: mohak_110@yahoo.co.in**




https://downloadshiabooks.com/